પર્યુષણપર્વ વિશેષાંક – બાર ભાવના : ભાવજગત

RNI NO. MAHBIL/2013/50453

પ્રબુદ્ધ જીવન

YEAR : 4 • ISSUE : 5 • AUGUST, 2016 • PAGES 148 • PRICE 20/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૪ (કુલ વર્ષ ૬૪) અંક-૫ • ઑગષ્ટ, ૨૦૧૬ • પાના ૧૪૮ • કિંમત રૂા. ૨૦/-



જિન-વચન

ઉપશાંત નહિ થયેલા જીવ માટે સંયમરૂપી સાગર તરી જવો દુષ્કર છે

जहा भुयाहिं तरिउं दुक्करं रयणायरो ।
तहा अणुवसन्तेणं दुक्करं दमसागरो ।।

(ઉ. ૧૯-૪૨)

જેમ ભુજાઓથી સમુદ્ર તરી જવો દુષ્કર છે, તેમ ઉપશાંત નહિ થયેલા જીવ માટે સંયમરૂપી સાગર તરી જવો દુષ્કર છે.

Just as it is very difficult to cross the ocean swimming with arms, similarly, it is very difficult for one who is not pacified, to cross the ocean of self-control.

ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન' માંથી

'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુન: પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૬ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૪મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૪.
- કુલ ૬૪મું વર્ષ.
- ૨૦૦૮ ઓગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.
- 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ
ડૉ. ધનવંત તિલકરાય શાહ

આચમન

મોક્ષમાર્ગના દ્વારમાં પ્રવેશ કોને મળે ?

મોક્ષના દ્વારે મોટી ભીડ જામી હતી. મહામાનવ સમુદાયમાંના પ્રત્યેક માનવને મોક્ષમાં જવું હતું. દિગંતમાં જવું હતું. દિગંત એટલે જ્યાં દશે દિશાઓ વલય પામે તે સિદ્ધાલય, પરંતુ દિગંતના માર્ગે જવાનું દ્વાર ખુલતું ન હતું. દ્વારપાળ દ્વાર ખોલતો નહોતો. કેટલાક પંડિતોએ-વિદ્વાનોએ આગળ આવીને કહ્યું, 'અમે જ્ઞાની છીએ, અમે હજારો શાસ્ત્રો વાંચ્યા છે. લાખો લોકોને ધર્મોપદેશ આપ્યો છે, અમારે મોક્ષમાં જવું છે, દ્વાર ખોલી નાખો !'

દ્વારપાળે કહ્યું, 'અહીં શાસ્ત્રોનું મૂલ્ય નથી, અનુભવનું મૂલ્ય છે. સ્વાનુભૂતિનું મૂલ્ય છે. જનોપદેશની કિંમત નથી. ઉપદેશનું મૂલ્ય છે-તમને મોક્ષમાં પ્રવેશ નહીં મળે !'

ભીડમાંથી કૃશકાય, તપસ્વી, મુનિ, સંન્યાસીઓ આગળ આવ્યા અને તેઓએ કહ્યું કે, 'અમે ઘોર તપસ્યા કરી છે. કેટલાય ઉપવાસ કર્યા છે, કષ્ટદાયી વ્રત-નિયમોનું પાલન કર્યું છે. અમારે માટે મોક્ષનું દ્વાર ખોલો.'

દ્વારપાળે કહ્યું કે, 'આ વ્રત-નિયમોનું પાલન અને તપ-ત્યાગ તમે કઈ ભાવનાથી કર્યું હતું તે જાણવું પડશે...હા તમે તે યશ-પ્રતિષ્ઠા માટે માન-સન્માન પામવાની ઇચ્છાથી અને સ્વર્ગના સુખો પામવાની ઈચ્છાઓથી આ બધું કર્યું હતું. માત્ર તપ-ત્યાગ અને વ્રતનિયમોનું પાલન કરનારાઓ માટે મોક્ષદ્વારમાં પ્રવેશ નથી મળતો. બાહ્યતપ સાથે અંતરતપની જરૂર હતી. કામેચ્છારહિત તપની જરૂર હતી. તમે ધર્મક્રિયાઓ કરી હતી, પરંતુ ધર્મધ્યાન કર્યું ન હતું માટે અહીં પ્રવેશ ન મળે...અહીંથી પાછા જાઓ.'

ભીડ કંઈક ઓછી થઈ તો કેટલાક લોકો આગળ આવ્યા અને બોલ્યા, 'અમે સમગ્ર જીવન પરોપકારમાં વ્યતીત કર્યું છે, દાન કર્યું છે માટે અમને પ્રવેશ મળવો જોઈએ.' દ્વારપાળ કહે, 'તમારા દાન પાછળ પ્રચ્છન્ન અહંકાર અને પરોપકાર પાછળ પ્રતિષ્ઠા પામવાની ઈચ્છા છુપાયેલી હતી. શુદ્ધ ભાવના વગર કરેલા જીવોપકારની અહીં કશી જ કિંમત નથી !'

ભીડ ચાલી ગઈ, પરંતુ સૌથી પાછળ એક મનુષ્ય ઊભો હતો. દ્વારપાળે એને પૂછ્યું, 'ભાઈ તું હજુ કેમ ઊભો છે ? અહીં શા માટે આવ્યો છે ?' તેણે કહ્યું. 'કોણ મને અહીં લઈ આવ્યું છે તેની મને ખબર નથી. મારી પાસે શાસ્ત્રજ્ઞાન નથી. મેં ઘોર તપ કે વ્રતો કર્યા નથી કે કઠોર નિયમો પાળ્યા નથી. આમ મારી પાસે કશું નથી.'

'હા, કોઈ જીવ સાથે શત્રુતા ન હતી. કોઈને હું નડ્યો નથી. સૌને માટે મારા હૃદયમાં પ્રેમ છે. મૈત્રીભાવનું ગાન મારા હૃદયમાં સતત ગુંજન કરે છે. કોઈને દુ:ખી જોઈ મારા નયનો કરુણાજળથી છલકાઈ ઊઠતા. સંતો અને સજ્જનોને જોતાં મારું હૃદય પ્રમોદભાવથી પુલકિત થતું. મારા પ્રત્યે અયોગ્ય વર્તન કરનાર પરત્વે મને દ્વેષ ન આવતો પણ માધ્યસ્થ ભાવ વડે હું તેમની ઉપેક્ષા કરતો, પરંતુ આટલા માત્રથી મોક્ષ માર્ગે જવાની, પ્રવેશદ્વારમાં પ્રવેશની મારી યોગ્યતા પ્રાપ્ત થતી નથી, માટે હું પણ પાછો વળું છું.' પરંતુ તેના આશ્ચર્ય વચ્ચે દ્વારપાળે તેને માટે મોક્ષમાર્ગનું દ્વાર ખોલી નાખ્યું હતું.

આ એક ઉપનય કથા છે. વાસ્તવમાં મોક્ષદ્વારેથી આપણે કરોડો જોજન દૂર છીએ. આપણે સૌ એ માર્ગે જવા તત્પર છીએ એટલે આ દૃષ્ટાંતકથાનું ચિંતન કરતા જીવનમાં મોક્ષમાર્ગે જવાના ગુણોનું સ્પષ્ટીકરણ થશે.

માત્ર જ્ઞાની કે પંડિત થવાથી એ માર્ગે જઈ શકાશે નહીં. જ્ઞાન સાથે ભાવયુક્ત ક્રિયા ભળે તો મોક્ષદ્વારે જઈ શકાશે.

● ગુણવંત બરવાળિયા

આ અંકનું મુખપૃષ્ઠ



સત્તરમી સદીમાં લખાયેલી બાર ભાવનાની હસ્તપ્રતનું પ્રથમ પૃષ્ઠ છે. મંગલાચરણમાં કહે છે કે, પ્રથમ પાર્શ્વ પ્રભુને વંદન કરી, આચાર્ય ભગવંતોનો આધાર લઈ ભવીજનોના હિત માટે 'બાર ભાવના'નું વાંચન કરીશ. અને બાર ભાવનાના નામ નિર્દેશ કરી આ કૃતિની શુભ શરૂઆત કરી છે.

સૌજન્ય : શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર-આચાર્ય શ્રી કૈલાસ સાગરસૂરિ જ્ઞાનમંદિર-કોબા-ગાંધીનગર.

પ્રબુદ્ધ જીવન	બાર ભાવના વિશેષાંક	ઓગસ્ટ ૨૦૧૬

સર્જન સૂચિ

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
૦૧.	બાર ભાવના : પરમાત્માને આત્માની ટપાલ (તંત્રીસ્થાનેથી)	ડૉ. સેજલ શાહ	૫
૦૨.	આ વિશિષ્ટ અંકના પરિકલ્પનાકાર અને સંકલન કર્તા	ડૉ. સેજલ શાહ	૭
૦૩.	અમારી સંપાદન યાત્રા	ડૉ. પાર્વતીબેન ખીરાણી, ડૉ. રતનબેન છાડવા અને ડૉ. માલતીબેન શાહ	૮
૦૪.	ઉપોદ્‌ઘાત	સંપાદિકાઓ	૧૦
૦૫.	બાર ભાવના અને ચાર પરાભાવના	સંપાદિકાઓ	૧૧
૦૬.	જૈન-જૈનેતર સાહિત્યમાં ભાવનાનું સ્વરૂપ	સંપાદિકાઓ	૧૭
૦૭.	ઉપસંહાર	સંપાદિકાઓ	૨૭
૦૮.	સંદર્ભ સૂચિ	—	૨૮
૦૯.	અધ્યારોપથી અપવાદ સુધીની નિજ યાત્રામાં પ્રથમ પગથિયું: અનિત્ય ભાવના	ડૉ. દીક્ષા સાવલા	૨૯
૧૦.	અશરણ ભાવના	ડૉ. છાયા શાહ	૩૧
૧૧.	શાંત સુધારસના દ્વારે : લોભનો દાવાનળ વિષયોની મૃગતૃષ્ણા	પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ	૩૩
૧૨.	બાર ભાવના – એકત્વ ભાવના	પ્રજ્ઞા બિપિન સંઘવી	૩૯
૧૩.	અન્યત્વ ભાવના	ડૉ. રેખા વ્રજલાલ વોરા	૪૧
૧૪.	અશુચિ ભાવના કા સ્વરૂપ	શ્રીમતી નીતૂ વીરસાગર જૈન	૪૪
૧૫.	આશ્રવ ભાવના	ડૉ. ઉત્પલા કાંતલાલ મોદી	૪૬
૧૬.	બાર ભાવના અંતર્ગત સંવર ભાવનાનું સ્વરૂપ	પારુલ ભરતકુમાર ગાંધી	૪૯
૧૭.	નિર્જરા-ભાવના	કોકિલા મહેન્દ્ર શાહ	૫૩
૧૮.	ધર્મ ભાવના	ડૉ. ચિન્તનમુનિ મ. સા.	૫૭
૧૯.	માણસથી મોક્ષ સુધીની ભાવના એટલે લોકસ્વરૂપ ભાવના	પં. રાજહંસ વિજયજી મ. સા. (રાહંવિ)	૫૮
૨૦.	બોધિ દુર્લભ ભાવના	શ્વેતલ શાહ	૬૨
૨૧.	ભાવના-ભવનાશિની	મુનિશ્રી ત્રિલોક્યમંડન વિજયજી મ. સા.	૬૪
૨૨.	જેવા ભાવ એવું ભવિષ્ય	રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા	૬૭
૨૩.	પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવના	ડૉ. કેતકી યોગેશ શાહ	૭૦
૨૪.	ઉદારતાની પરાકાષ્ટાસમું ગીત	આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી મ. સા.	૭૫
૨૫.	મૈત્રી આદિ ચાર ભાવનાનું આજના વૈજ્ઞાનિક યુગમાં મહત્ત્વ	આચાર્ય શ્રી નંદિઘોષસૂરીજી મ. સા.	૭૭
૨૬.	અનુપ્રેક્ષા : શુભમાંથી શુદ્ધ તરફ જવાની યાત્રા	ગુણવંત બરવાળિયા	૮૦
૨૭.	ભાવના-વિચાર	ક્રાંતિકારી સંત પૂ. પારસમુનિ મ. સા.	૮૪
૨૮.	ભાવનાનું આધ્યાત્મિક વર્ગીકરણ	સુરેશ ગાલા	૮૫
૨૯.	બારહ ભાવનાઓં કા મૂલ સન્દેશ	પ્રો. ડૉ. વીરસાગર જૈન	૮૮
૩૦.	બાર ભાવના જીવન અને ધર્મને સમજાવવાની કલા	મહેન્દ્ર પુનાતર	૮૯

ક્રમ	કૃતિ	કર્તા	પૃષ્ઠ
૩૧.	ભાવનાયોગ એક આત્મસાધના	ભાણદેવજી	૯૨
૩૨.	પૂ. કાનજીસ્વામીના સાહિત્યમાં બાર ભાવના	પન્ના મહેશભાઈ મહેતા	૯૫
૩૩.	યશસ્તિલકચમ્પૂ (કાવ્ય)	પૂ. મુનિ મૃગેન્દ્રવિજયજી મ. સા.	૯૮
૩૪.	અધ્યાત્મયોગી પંન્યાસ શ્રી ભદ્રંકર વિજયજી મહારાજના સાહિત્યમાં મૈત્ર્યાદિ ભાવના વિશેનું ચિંતન	ડૉ. અભય દોશી	૧૦૦
૩૫.	મુનિશ્રી જયસોમ મહારાજકૃત બાર ભાવનાની સજ્ઝાયોનું પરિચયાત્મક રસદર્શન	કનુભાઈ શાહ	૧૦૫
૩૬.	બૌધ્ધદર્શન અને ભાવના	ભારતી શાહ	૧૦૮
૩૭.	હિંદુ ધર્મદર્શનમાં બાર ભાવનાઓ	ડૉ. નરેશ વેદ	૧૧૨
૩૮.	ભગવદ્ગીતા સંદર્ભે ભાવના	ડૉ. નિરંજન પંડ્યા	૧૧૭
૩૯.	જૈનદર્શન અને યોગદર્શનમાં ચાર ભાવના	ડૉ. રશ્મિ ભેદા	૧૨૦
૪૦.	બાર ભાવના અને ઈસ્લામ	ડૉ. રમજાન હસણિયા	૧૨૩
૪૧.	ખ્રિસ્તી ધર્મ અને બાર ભાવના	ડૉ. થોમસ પરમાર	૧૨૮
૪૨.	કવિકુલકિરીટ રચિત બાર ભાવનાની પૂજાનો રસાસ્વાદ	ડૉ. ફાલ્ગુની ઝવેરી	૧૩૦
૪૩.	સાત ચક્ર અને બાર ભાવના	ડૉ. ચિંતનમુનિ મ. સા.	૧૩૩

ENGLISH SECTION

1. Seeker's Diary : Vairagya – Bar Bhavna	Reshma Jain	135
2. Twelve Bhavna...A Route to an Enlightenment	Prachi Dhanvant Shah	138
3. Twelve Bhavna (Reflections or Anupreksas)	Dr. Kokila Hemchand Shah	140
4. Pramod Bhavna	Sangita Bipin Shah	142
5. The Story of Mallinatha	Dr. Renuka Porwal	146
6. The Story of Mallinatha (Colour Feature)	Dr. Renuka Porwal	147

ભાવનાયોગ

भावणाजोगसुद्धप्पा जले णावा व आहिया ।
णावा व तीरसंपण्णा, सव्व दुक्खा तिउट्टइ ।।

–શ્રી સૂયગડાંગસૂત્ર

ભાવાર્થ : *ભાવનાઓના યોગથી જેનો અંતરાત્મા શુદ્ધ થઈ ગયો છે, તેની સ્થિતિ પાણીમાં નૌકાની સમાન સંસાર સમુદ્રને પાર કરવામાં સમર્થ કહેવામાં આવી છે. કિનારા પર પહોંચેલી નૌકા વિશ્રામ પામે છે, તેવી જ રીતે ભાવનાયોગથી સંપન્ન સાધક પણ સંસાર સમુદ્રના તટ પર પહોંચીને સમસ્ત દુ:ખોથી મુક્ત થઈ જાય છે.*

ભાવનાયોગ

भावनाभिरविश्रान्तमिति भावित-मानसः ।
निर्ममः सर्वभावेषु, समत्वभवलन्बते ।।

–યોગશાસ્ત્ર

ભાવાર્થ : *આચાર્ય હેમચંદ્રે યોગ-શાસ્ત્રમાં ભાવનાઓનું વર્ણન કરતાં લખેલ છે : ભાવનાઓના ચિંતન–મનનથી જે સાધકનું ચિત્ત ભાવિત રહે છે, તે પ્રત્યેક પદાર્થ અને પ્રત્યેક પરિસ્થિતિમાં અનાસક્ત રહેતા સમભાવનું અવલંબન કરે છે. ભાવનાયોગની સાધના, વિચાર અને આચારની સમન્વિત સાધના છે.*

આ અંકનું સૌજન્ય રૂપિયા ૮૦.૦૦

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453 ISSN 2454–7697

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૪ (કુલ વર્ષ ૬૪) ● અંક : ૫ ● ઓગસ્ટ ૨૦૧૬ ● વિક્રમ સંવત ૨૦૭૨ ● વીર સંવત ૨૫૪૨ ● શ્રાવણ સુદ તિથિ-૧૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

પ્રબુદ્ધ જીવન

પર્યુષણ નિમિત્તે ખાસ બાર ભાવના વિશેષાંક

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ● ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

બાર ભાવના : પરમાત્માને આત્માની ટપાલ

जो भाव मोहते हे प्यारे, दृग – ज्ञान – व्रतादिक सारे
जो धर्म जबै जिय धारे, तब ही सुख अचल निहारे

સમ્યક્ જ્ઞાનએ ધર્મનું મૂળ છે. જેને સમ્યક્ દર્શન થયું નથી તેને માટે બાહ્ય ચરિત્રનું જ્ઞાન વ્યર્થ છે. જે સાધક જીવાત્મા સમ્યક્ દર્શનપૂર્વક જ્ઞાન-ચરિત્ર અને શીલની આરાધના કરે છે તેનેજ મોક્ષસુખ મળે છે. સાધકનો આત્મા મોહરહિત થાય અને તેજ ધર્મ છે અને તેજ મોક્ષનું કારણ છે. ધર્મસ્વરૂપનું ચિંતન કરીને ધર્મસાધનામાં સાધક ઉત્સાહનો અનુભવ કરે છે, શુદ્ધિમાં વૃદ્ધિ થાય છે.

આ અંકના સૌજન્યદાતા
શ્રી સી. કે. મહેતા પરિવાર
પુણ્ય સ્મૃતિ
પ. પૂ. પંન્યાસ ભદ્રંકર વિજયજી મ. સા.

સો સુણી બારહભાવના અંતરગતિ ઉલ્લાસ,
સો સમ્મદિઠ્ઠી જીવડા સમે સમે પર ભાસ.

કર્મથી વરેલો આત્મા મેઘધનુષ રૂપી વહાણમાં બેસીને અંતિમ પડાવ પર પહોંચવા આતુર છે. પરંતુ આ શાશ્વત સુખ આત્માની બહિર્ગામી ગતિને કારણે શક્ય નથી. વૈરાગ્યની ભાવના ભાવી, ધર્મભાવથી આરાધના કરી, શુદ્ધ ચિત્ત એજ માર્ગે લઈ જશે. મનુષ્ય જેવું ઇચ્છે છે એવું જ બને છે.આ વિચાર મુજબ બાર ભાવના સંસારની અનિત્યતાને ઓળંગીને યોગ્યતા પ્રાપ્ત કરે છે. જીવ પર અનાદિ કર્મોનો ભાર લદાયેલો છે. હવે આ કર્મબંધન બીજા કર્મ કરાવે છે. વિષચક્રમાં, વમળમાં વધુ ને વધુ ખુંપી જવાય છે. એમાંથી બહાર આવવા માટે સમજ, સંકલ્પ અને પછી આચરણનો માર્ગ અપનાવવાનો છે. તપ જેમ ઇચ્છાઓને નિયંત્રિત કરે છે, જ્ઞાનપૂર્વકના વૈરાગ્યનું એક માત્ર કારણ બાર ભાવના છે. આ વૈરાગ્ય જ્ઞાન વિનાનો હોય તો પોકળ બની રહે અને એ ઉંચાઈ પણ ક્ષણિક બની રહેવાની. આત્મહિત માટે કથાનુયોગમાં, શાસ્ત્રમાં તીર્થંકર, ચક્રવર્તી જેવા મહાપુરુષોના જીવન દ્વારા સંસારની અસારતા દર્શાવી છે. અનેક સજ્જાઈ, પદ્ય, દોહા વગેરેનું બાર ભાવના પર સર્જન કર્યું છે. મૂળભૂત સિદ્ધાંતોને આમાં સ્પષ્ટ કરાયા છે અને એમાં શાસ્ત્રોક્ત વાણી નહિ પરંતુ આચરવાની રીતો પણ સ્પષ્ટ કરી છે. ગૃહસ્થ હોય કે સાધુ બંનેને માટે બાર ભાવના માર્ગ છે, પથ છે આત્મહિતની પારમાર્થિક વિચારણાની. આજકાલ નિસર્ગોપચારની વિવિધ પદ્ધતિઓ દ્વારા સંસારી જીવો પોતાના રોગ નિવારણ માટે શરીર સંપૂર્ણ શુદ્ધ કરવાની વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. હૃદયની રક્ત પરિભ્રમણ કરતી નળીઓમાં કોલોસ્ટ્રોલના થર જામી ગયા છે અને બાયપાસ કે એન્જીઓપ્લાટી કરાવવી પડે તેમજ જીવનના અનુભવોએ

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. 0039201 000 20260.
● Website : www.mumbai_jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

શરીરમાં ઘૃણા, નફરત, તિરસ્કાર, દ્વેષ વગેરે ભરી દીધા છે તેનું પ્યુરીફીકેશન બાર ભાવનાથી થઈ શકે છે.

ચારે તરફ પોઝીટીવ વિચારણા, ચિંતામુક્ત બનો, જીવનને સફળ બનાવો, મેજિક ઑફ લાઈફ જેવી વિચારણા ધૂમ મચાવી રહી છે. Rohnda Byrne નું પુસ્તક 'ધ સિક્રેટ' જે બેસ્ટ સેલર બન્યું હતું, જેની મૂળ વિચારણા પણ એમજ કહે છે કે તમે જે વિચારો છો તે મુજબ જ બને છે. તમારા હકારાત્મક અભિગમથી તમે પરિસ્થિતિને વાળી શકો છો. આવી વિચારણા આજે ૨૧મી સદીમાં મનુષ્યને આધાર આપે છે કારણ એમાં અભિગમની વાત કરી છે. થોડું સંકુલતાથી વિચારીએ તો બાર ભાવના પણ એક એવો જ અભિગમ કેળવે છે, સૂક્ષ્મતાપૂર્વકનો.

બાર ભાવના એટલે બાર તત્ત્વ એવો અર્થ થાય. આ બાર ભાવનાનું ચિંતવન વસ્તુ સ્વરૂપની સાચી સમજણ આપે છે, અજ્ઞાનથી જે જીવ પીડાઈ રહ્યો છે, જે અભાવ એની અશાંતિનું કારણ છે, તેનાથી મુક્ત થવામાં મદદરૂપ બને છે. રસ શાસ્ત્રમાં નવ રસ છે એમાં અંતિમ રસ શાંત છે અને દરેક રસ અંતે શાંત રસમાં પરિણમી સાકારરૂપ પામે છે. કોઈ પણ ભાવ, રસ સતત એજ અનુભૂતિમાં ન રહી શકે. મનુષ્યે પોતાના માટે પણ એ તીવ્રતાથી ઉતરીને સ્થિર થવાનું છે, કારણ ઉછળતા મોજામાં જળ ડહોળાઈ જાય, જળ શાંત થયા પછી કચરો નીચે સ્થિર થાય અને નીતરેલું મન પોતાના યોગ્ય રૂપને પામે, એ માટેની સિધ્ધાંત ચર્ચા, સમજ, સમજણ એજ બાર ભાવના છે.

ઉપદેશ જ્યારે સમજણમાં રૂપાંતરિત થાય ત્યારેજ એ પ્રયોગ સાકાર કહેવાય. જ્ઞાન છે પરંતુ જો એ સૂઝ નથી આપતું તો એ શબ્દો કાળા અક્ષર કરતાં વધુ કંઈ જ નથી. જાણીને હૃદયગત કરવાની રીત અહીં શીખવાડે છે. જીવને જે સુખ મળે છે તેના આકર્ષણથી આત્મહિત જોખમાય છે. આની સામે ધૈર્ય અને નમ્રતાપૂર્વકનું જ્ઞાન બાર ભાવના આપે છે.

જબ હી જીય આતમ જાને,
તબહી જીય શિવસુખ ઠાને.

બાર ભાવનાનો સમાનાર્થી બાર અનુપ્રેક્ષા છે, જે ચિંતનનો માર્ગ ઉઘાડી આપે છે. જેમ પવનથી અગ્નિ ભડકી ઊઠે તેમ બાર ભાવનાથી સાધકનો આત્મા જાગૃત થાય. આ તણખો તેને સુખ પમાડી શકે છે.

વૈરાગ્યની ઉત્પત્તિ માટે અને રક્ષણ માટે બાર ભાવનાનું ચિંતન અને આચરણ આવશ્યક છે. આ ચિંતન અને સંસ્કાર જરૂરી છે. બંને માટે શ્રાવક અને સાધુ માટે. સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ દર્શન વગર બાર ભાવનાનું જ્ઞાન શક્ય નથી. પારમાર્થિક વિચારણાનાં આધારભૂત અનિત્યાદિ કુલ બાર બાબતો હોવાથી ભાવના પણ બારજ છે. એ સિવાયની સંસાર સંબંધી જે કોઈ વિચારણા કે ચિંતવન હોય તે ચિંતા છે, પણ ભાવના નથી. તાત્ત્વિક રીતે વૈરાગ્ય જન્માવે અને તેને સંપૂર્ણ રીતે પોતાનામાં સમાવે એ બાર ભાવનામાં આવશ્યક છે. બાર ભાવનાનો જો મુખ્યાર્થ જોઈએ તો,

– યુવાની, ઘર એ સર્વ અસ્થિર છે.
– સંસારમાં પ્રાણી માત્રનું મૃત્યુ નિશ્ચિત છે.
– સંસારની અટવીમાં સુખનો અભાવ અને દુઃખના ડુંગર છે.
– મનુષ્ય જે કંઈ કરે છે તેનું તે ફળ ભોગવે છે. કોઈના દુઃખમાં કોઈ ભાગીદાર કે સાથીદાર બનતું નથી.
– જેમ શરીરથી આત્મા દૂર થાય છે તેમજ સ્વજન અને સંપત્તિ પણ દૂર થાય છે.
– સ્વજનોને પોતાના માનવા એ મૂર્ખતા છે એજ રીતે નશ્વર દેહને પ્રેમ કરવો મૂર્ખતા છે.
– કોઈ પણ પ્રકારનો શુભાશુભ વિચાર પણ આસ્રવનું કારણ બને છે.
– સાધક કર્મ બંધનથી મુક્ત થઈ આત્મસ્વરૂપમાં લીન થાય છે તેજ નિર્જરા
– જેમ રત્નોને મેળવવા દુર્લભ છે તેમ આત્મસ્વરૂપને પામવો દુર્લભ છે.

જો બાર ભાવનાને ક્રમ આપવો હોય તો અર્થ મુજબ આ રીતે આપી શકાય.

૦૧. લક્ષ્મી વીજળીની જેમ ઝબકીને ચાલી જશે. મનુષ્ય હંમેશા સંસારની અસારતામાં લીન હોય છે અને સંસાર એ દુઃખનું મૂળ છે માટે એને 'અનિત્ય' ભાવના કહે છે. અનિત્ય સંયોગો દ્વારા નિત્ય અસંયોગી આત્માની ઓળખાણ થઈ શકે છે.

૦૨. અહો! અશરણ સંસારમાં જન્મની સાથે મરણ જોડાયેલું છે. અનિત્ય બાબતોનું જીવાત્મા શરણ લે તે માટે અશરણ ભાવના. મરણ પહેલાં હું ચેતી જાઉં, ઉધામાને બદલે ઉદ્યમ કરીએ.

૦૩. આ સંસાર કાંટાની વાડી, જેમાં મન અટવાયેલું રહે છે. કાગળની આ નૌકામાં હું તરવાનો કેવો મિથ્યા પ્રયત્ન કરું છું. આ છે સંસાર ભાવના.

૦૪. છું હું એકલો, કોઈ પણ મારામાં નથી લોકત્રયે... જીવનનાં બધાજ દુઃખ અને યાતના એકલા જ ભોગવવા પડે માટે એકત્વ ભાવના. એક સરળ પંક્તિ દ્વારા આ વાત...

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.
૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-
વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260.

અપના સુખ-દુ:ખ આપ હી ભુગતે, હોત કુટુંબ ન ભૈલા...
૦૫.જેમ સુવર્ણકાર અન્ય હલકી ધાતુને છૂટી પાડી સોનું મેળવી લે તેમ જ્ઞાની પણ સ્વ અને પરનો ભેદ સમજી લે...કોઈપણ સ્વજન કે અંગત દુ:ખના ભાગીદાર બનતું નથી માટે અન્યત્વ ભાવના.
૦૬.હાડ-માંસના બનેલા આ દેહ પરની પ્રીતિ કેમ જતી નથી?
'તપ વડે દેહ પર કરે વૈરાગ્ય રે મનવા,
આ તો જીર્ણ અવતાર રે મનવા...'
શરીર સર્વ વ્યાધિને કારણે સુખનું સ્થાન નથી, માટે અશુચિત્વ ભાવના.
૦૭.જાણો, સમજો, કરો ભેદ જીવ...કર્મે સમજો ભેદ જ્ઞાન, નહિ સમ્યક્ વિના મુક્તિ...
આસ્રવાસનું દુ:ખદ રૂપ જાણ્યા સિવાય સંસારમાંથી નિવૃત્ત થવાતું નથી.
૦૮.સંવર દશા જ સાચી કરે સહુ ભ્રમ મુક્ત...કોયલ ધ્વનિ લાગે પ્રિયકર...
સર્વ દુ:ખનું કારણ શોધવું, શુદ્ધાત્મા સ્વભાવનો ઉદ્ભવ અર્થાત સંવર ભાવના.
૦૯.તારા સ્વભાવ દ્વારા કર તું ચૈતન્ય પ્રાપ્ત, કર્મ પ્રદેશથી મુક્ત થઈ તું મોક્ષ પહોંચી જઈશ.
નિર્જરા પુરાના કર્મને ક્ષીણ કરી તેનો ક્ષય કરે છે.
૧૦.લોકોમાં રહીને પણ ભિન્નત્વની ભાવના નિર્માણ થવી અર્થાત લોકભાવના.
૧૧. આત્મા ધર્મની સાધના કરી શકે માટે બોધીદુર્લભ ભાવના. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્રની એકતારૂપ શુદ્ધ પરિણતિને બોધિ કહે છે.
૧૨. ધર્મ ભાવના વડે ધર્મની આરાધના કરવાથી કોઈ પણ પ્રકારની સંકલ્પના કે ચિંતવના વિના સહજે જ સઘળાં પ્રકારનું ફળ આપે છે. સર્વ સાર્થકતા એ ધર્મભાવનું કેન્દ્ર છે.

અરિહંત ભગવાન અને તેમના દ્વારા પ્રરૂપિત વીતરાગ જ્ઞાનને વંદન કરી આ બાર ભાવના 'પ્રબુદ્ધ જીવન'ના સહુ વાચક સુધી સંપાદક બહેનોને કારણે શક્ય બની છે. આ યાત્રામાં વધુ ને વધુ આત્મા તરબોળ થાય એજ અભ્યર્થના. શુભ અને અશુભની અગ્નિમાં બળી ઝળી ગયેલ હૃદયમાં શીતલ શાતા આ વાંચનથી પ્રગટશે. સહુ આ બાર ભાવનાના ભાવ જગતમાં પ્રવેશીએ.

☐ **સેજલ શાહ**
sejalshah702@gmail.com

આ વિશિષ્ટ અંકના પરિકલ્પનાકાર અને સંકલનકર્તા

સંપાદકોની ત્રિપદી : ડૉ. માલતીબેન શાહ, ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવા

શ્રી ધનવંતભાઈએ મૂકેલા અમૂલ્ય વારસાની એક પછી એક ખડકી ખોલતાં અમૂલ્ય રતનો પ્રાપ્ત થઈ રહ્યા છે. તે પૈકી એક રતન એટલે ધનવંતભાઈએ મૂકેલો અમૂલ્ય વિચાર, 'બાર ભાવના વિશેષાંક.'

૨૩મા જૈન સાહિત્ય સમારોહ ૨૦૧૬નો એક વિષય હતો,'બાર ભાવના અને ચાર પરાભાવના'. જે સત્રના સંચાલક હતા ડૉ. માલતીબેન શાહ. સાહિત્ય સમારોહ પૂરો થયા બાદ શ્રી ધનવંતભાઈએ ભાવનગરથી ડૉ. માલતીબેન શાહ અને મુંબઈથી ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવાને 'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ વિશેષાંક બાર ભાવના પર કરવાનું કહ્યું. વિષાદની બાબત એ છે કે એમના સૂચનને આજે શબ્દરૂપ આપી સાકાર કરી રહ્યા છીએ પરંતુ એને વધાવનાર ડૉ. ધનવંતભાઈ ક્યાંય નથી. નથી ફોન પર, નથી માથે હાથ મૂકી શાતા આપવામાં. આજે એમની મહેચ્છા સાકારરૂપ પામી રહી છે ત્યારે ધનવંતભાઈ હું તમને અનુભવું છું. મારી માંહ્યલી શક્તિમાં. સ્વીકારો આ અર્પણ.

આ વિશેષાંકના સંપાદકની ત્રિપુટીએ સૌથી પહેલાં જે રીતે ભૌગોલિક સીમાને ઓળંગી શક્ય બનાવ્યું તે માટે અભિનંદન. પરિશ્રમથી આખો અંક તૈયાર કરી એમણે જ્ઞાન અને સંશોધનની સૂઝનો પરિચય આપ્યો છે. એમની નિષ્ઠાને વંદન કરવા પડે કારણ અમદાવાદ, કોબા સુધી તેઓ આ નિમિત્તે જઈ આવ્યા. ગ્રંથાલયો, વિદ્વાનો જ્યાંથી જે કાંઈ મળ્યું તે મેળવીને અંકને વધુ ને વધુ સમૃદ્ધ કરવાનો પ્રયત્ન કર્યો છે. પાર્વતીબેન અને રતનબેન નણંદભોજાઈની જોડી. સાહિત્ય સમારોહ, જ્ઞાનસત્રો, સેમીનારમાં તેમની હાજરી તો હોય જ અને સાથે હોય તેમનું વિદ્વતાભર્યું પેપર. ડૉ. માલતીબેન શાહ આમ તો ભાવનગર નિવાસી પરંતુ આજના ટેકનોલોજીના સાધનોને કારણે આ અંતરને સાવ નગણ્ય કરી આ અંકમાં ત્રણેય બેનો સમન્વય સાધી બાર ભાવના અંગે આપણને વિદ્વતાપૂર્ણ લેખો આપી શક્યા.

એમનો ટૂંકમાં પરિચય.

ડો. પાર્વતીબેન ખીરાણીએ જીવવિચાર રાસ પર શોધ પ્રબંધ લખી પુસ્તકાકારે પ્રગટ કર્યો છે. છેલ્લા બે વર્ષથી વરસીતપ કરતા બેન સતત પોતાના અધ્યયનમાં વ્યસ્ત હોય. આરાધના અને જ્ઞાનમાર્ગને સુવાસિત કરતાં એમણે વધુ ને વધુ કાર્ય કરવાની નેમ રાખી છે. માતા મણિબેન અને પિતા મણશીભાઈ પાસેથી મળેલા ધાર્મિક સંસ્કારોને ખરા અર્થમાં એમણે ઉજાળ્યા છે. સંસ્કૃતમાં એમ. એ. કરી એમણે જૈનોલોજીમાં પીએચ.ડી. કર્યું છે. વાગડ સમાજ દ્વારા પ્રકાશિત 'વાગડ સંદેશ'માં તેઓ પ્રકાશન

સમિતિમાં છે. આ સામયિકમાં તેઓ 'સોનોગ્રાફી' અને 'જ્ઞાનગંગા' આ બે શીર્ષક હેઠળ નિયમિત રૂપે લખે છે. જૈન વિશ્વકોશ સાથે પણ તેઓ જોડાયેલા છે. ઉપરાંત ચિંચપોકલી જૈનોલોજીકોર્સમાં શીખવાડે છે અને સાધુ-સાધ્વીઓને પણ અધ્યયન કરાવે છે. તેમણે શાસ્ત્રોક્ત જ્ઞાન નાનપણથી જ લીધું છે. તિલોકરત્ન જૈન ધાર્મિક બોર્ડની પરીક્ષા આપી છે. 'જૈન સિધ્ધાંત વિશારદ', 'પ્રભાકર', 'શાસ્ત્રી', 'આચાર્ય'ની પદવીઓ પ્રાપ્ત કરી છે. ૨૦૧૪ના 'કર્મવાદ' પર્યુષણ વિશેષાંક દ્વારા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવાનો પરિચય તો મળ્યો છે.

ડૉ. રતનબેન છાડવા: કચ્છના નાના ગામડામાં જન્મેલા, લગ્ન પછી માત્ર ગ્રેજ્યુએશનની પદવી નહીં પરંતુ પીએચ.ડી. સુધીનો અભ્યાસ એમણે કર્યો. સંસ્કૃતમાં એમ.એ. અને જૈનોલોજી વિષયમાં સંશોધન તેમણે કર્યું અને તેમના શોધ પ્રબંધનો વિષય 'વ્રત વિચાર રાસ' છે. કચ્છના નાનકડા ગામમાં જન્મેલા રતનબેનના લગ્ન ખીમજીભાઈ છાડવા સાથે ૧૯૭૦માં થયા હતા. તેમણે તિલોકરત્ન જૈન ધાર્મિક બોર્ડની પરીક્ષા આપી છે અને વિશારદની ઉપાધિ પ્રાપ્ત કરી છે. તેઓ ૧૦૨ વર્ષ જૂના 'જૈન પ્રકાશ' અને 'જીવદયા' સામયિકના તંત્રી છે. આ ઉપરાંત મહાસંઘ સંચાલિત ચાવડા ધાર્મિક શિક્ષણ બોર્ડ સાથે પણ જોડાયેલા છે. સાહિત્ય સમારોહ અને જ્ઞાનસત્રમાં તેમની હાજરી સંશોધન પત્ર સાથે નિયમિત હોય છે. જે માટે તેમના પતિ શ્રી ખીમજીભાઈ સતત પ્રોત્સાહન આપે છે.

બંને બહેનો પ્રાચીન હસ્તપ્રત ઉકેલવામાં પારંગત છે. બંને બેનોની જોડી જ્ઞાનના માર્ગ પર ખૂબ જ નિષ્ઠાપૂર્વક સતત કાર્યરત છે. 'કર્મવાદ' અંક ચારે તરફ લોકો દ્વારા વખણાયો છે જેમાં એમનું ઊંડું ચિંતન, અભ્યાસ અને મનન જોવા મળે છે.

ડૉ. માલતીબેન શાહ : શ્રી રતિલાલ દીપચંદ દેસાઈ જૈન ધર્મ અને જૈન સાહિત્યનું મોખરાનું નામ અને તેમની પરંપરાને આગળ ધપાવતા માલતીબેન પણ જૈન સાહિત્યના આગવા અભ્યાસી, સંશોધક અને યુવા અભ્યાસીઓ માટે નિષ્ણાત માર્ગદર્શક છે. બી. એ. અને એમ.એ.ની પદવી સુવર્ણ ચંદ્રક સાથે અને ત્યારબાદ પીએચ.ડી.નો અભ્યાસ ઉપાધ્યાય યશોવિજયજીના ગ્રંથ 'જ્ઞાનસાર' પર કર્યો. આ ઉપરાંત બી.એડ્.ની પદવી સાથે શિક્ષણજગતનો અનુભવ પણ એમની પાસે છે. માલતીબેન લિખિત પુસ્તકોમાં 'જ્ઞાનસારનું તત્ત્વદર્શન', 'નગરશેઠ શાંતિદાસ ઝવેરી', 'જ્ઞાનસાર' (૧૧ હસ્તપ્રતો લઈને પ. પૂ. આચાર્યશ્રી વિજયપ્રદ્યુમ્નસુરીજી સાથે સંપાદન) પ્રેરણાની પાવન મૂર્તિ (ડૉ. કુમારપાળ દેસાઈ સાથે) વગેરે છે. આ ઉપરાંત હાલમાં જ 'જૈન સાહિત્યના અક્ષર આરાધકો' નામના પુસ્તકનું સંપાદન તેમણે કર્યું છે. જેને અભ્યાસીઓએ ખૂબ વખાણ્યું છે. માલતીબેન સાહિત્ય સમારોહમાં, જ્ઞાનસત્રમાં સત્ર અધ્યક્ષ તરીકે સેવા આપે છે. વિવિધ વિષયો પર લેખ લખી જ્ઞાનમાર્ગમાં સતત કાર્યરત રહે છે.

ત્રણેય વિદુષી બેનોએ અથાગ પરિશ્રમ કરી દળદાર અંક તૈયાર કર્યો છે. જૈન શ્રુત આરાધકો અને વાચકોને આ ગમશે એમાં કોઈ શંકા નથી. બાર ભાવના અંગેના વિવિધ પાસાઓને આવરી એના પર વિદ્વાનોના અભ્યાસુ લેખો પસંદ કરી, તારવી, સાથે મૂક્યા છે. જ્યાં ક્યાંય પુનરાવર્તન કે અતિ લંબાણનું જોખમ હતું તેને સંપાદિત કરીને પણ મૂકી આપ્યું છે. આ ત્રણેય બેનોનો વિશેષ આભાર માનવો જ રહ્યો પરંતુ એ સાથે એમના પરિવારજનોનો પણ કારણ એમના સાથ વગર આ પરિણામ કંઈ પહોંચી શકાત? જવાહરભાઈ અને પુષ્પાબેન હવે દરેક અંકના આપણા આધાર છે. બેન પાર્વતી સાથે કલાકો સુધી બેસી જવાહરભાઈએ મુદ્રણકાર્ય કરી અંકના પાનાં, ડિઝાઈન તૈયાર કર્યા અને અંકને સુશોભિત કર્યો. બેન પુષ્પાએ મુદ્રણદોષો નિવાર્યા. આભાર શબ્દ નાનો પડે એવા સહુને વંદન.

આ અંકમાં જે લેખો સમાવી નથી શકાયા તેને હવે પછી પ્રકાશિત કરવામાં આવશે.

આ અંક વાંચી આપણે સૌ સત ભાવના ભાવીએ, સત વિચારમાં રમમાણ રહીએ. અને વાચકો આ ભાવના ભાવી પરમાત્માને પામવાના માર્ગે આગળ વધે એવી શુભેચ્છાઓ.

❑ **સેજલ શાહ**

તા. ૧/૮/૨૦૧૬

અમારી સંપાદનયાત્રા...

અનેક સાહિત્યકારોને પ્રેમાગ્રહપૂર્વક જ્ઞાનયજ્ઞમાં જોડનાર, હવે સ્મરણશેષ ડૉ. ધનવંતભાઈ શાહ સ્વપ્નસેવી પુરુષ હતા, તેમજ જાગૃત અવસ્થામાં સેવેલ એ અવનવા સ્વપ્નાઓને સાકાર કરવા માટે સતત પ્રયત્નશીલ હતા. 'પ્રબુદ્ધ જીવન'ના વિશિષ્ટ અંકો, એમની પોતાની સાહિત્ય રચનાઓ વગેરેમાં તેમની આ કસબી કલા પ્રતિબિંબિત થાય છે. કવિ ન્હાનાલાલ, કલાપી, આનંદઘન જેવા અનેક આર્ષ કવિઓના, સાહિત્યકારોના પોતે અભ્યાસી તો હતા જ જેથી આવા ઉચ્ચ ભાવોમાં જ સતત રત રહેતા. વળી અન્ય કેટલાય વિદ્વાનોને પોતાનો અભ્યાસ રજૂ કરવા માટેનો મંચ પૂરો પાડવામાં પણ સહજતાપૂર્વક નિમિત્ત બનતા. પોતે આખેઆખો વિશેષાંક સર્જી શકે એવા સક્ષમ હોવા છતાં અમારા જેવાની શક્તિને બહાર કાઢવા તથા અમને જશ અપાવવા માટે અંકના સંપાદનનું કાર્ય સોંપીને કૃતકૃતાર્થ કરી દેતા. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વિવિધ ક્ષેત્રના અનેક વિદ્વાન વક્તાઓને આમંત્રિત કરીને સહિષ્ણુતા અને સ્યાદ્વાદનું ઉદાહરણ પૂરું પાડતા. તો વળી પદ્મશ્રી કુમારપાળભાઈ જેવા મોટા ગજાના,

સિદ્ધહસ્ત, વિદ્વાન પાસેથી સમાજને વિવિધ કથાઓનું રસદર્શન–રસાસ્વાદ કરાવતા જેમકે ઋષભકથા, ગૌતમકથા, નેમરાજુલકથા, શ્રીમદ્ રાજચંદ્ર કથા વગેરે દ્વારા જનસામાન્યમાં રુચિ જગાડવાનું કાર્ય કરતા. જૈન સાહિત્ય સમારોહના માધ્યમથી જૈન સાહિત્યના ખેડાયેલા કે વણખેડાયેલા અવનવા વિષયો ઉપર અનેક સાહિત્યપ્રેમી અભ્યાસુઓને સંશોધન કરવાની તક આપીને તે મંચ ઉપરથી રજૂ કરવાનો મોકો આપતા. તેમજ તે દરેકના વક્તવ્યને શાંતિપૂર્વક સાંભળતા પણ ખરા. તે જ્ઞાનસત્રોના સંચાલકોને પણ વિષયપસંદગી માટે તક આપતા. એ મુજબ ૨૩મા સાહિત્ય સમારોહની ચોથી બેઠકના સંચાલનની જવાબદારી અમારામાંના એક માલતીબેનને આપવામાં આવી હતી. બાર ભાવનાઓ જેવા વિષય ઉપર અભ્યાસુઓ કામ કરી શકે એવું વિચારબીજ એમને જૈન સાહિત્યના તજજ્ઞ, વિદ્વાન ડૉ. પદ્મશ્રી કુમારપાળ દેસાઈ પાસેથી પ્રાપ્ત થયેલ. ત્યારબાદ આ વિષય ઉપર બીજા વિદ્વાન સાધુભગવંતો અને વિદ્વાનોએ સ્વીકૃતિની મહોર મારી. અને બાર ભાવનાને વિષય તરીકે સ્વીકૃતિ મળી, જેના ૩૫ જેટલા લેખો સંપાદિકા પાસે આવ્યા. તેમજ ૨૩મા સમારોહમાં એ વિષયનો સમાવેશ પણ થઈ ગયો.

ત્યારબાદ ૪ થી ૭ ફેબ્રુઆરી ૨૦૧૬માં ગિરિરાજ શ્રી શત્રુંજયતીર્થની નજીક આવેલા સોનગઢ મુકામે 'શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમ' ખાતે આશ્રમના કાર્યકરોના આયોજન હેઠળ અને શ્રી રૂપ માણેક ભંશાલી ટ્રસ્ટના સૌજન્યથી તથા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ઉપક્રમે ૨૩મો જૈન સાહિત્ય સમારોહ યોજાયો. એ 'જૈન સાહિત્ય સમારોહ'માં સંયોજક તરીકે ડૉ. ધનવંતભાઈની મહત્ત્વની ભૂમિકા હતી. એમના નેતૃત્વમાં અનેક વિદ્વાનોને અહીં ઉપસ્થિત થવાની તક મળી હતી. આ સમારોહમાં (૧) જૈન સજ્ઝાય, (૨) જૈન આગમ સાહિત્ય, (૩) જૈન તીર્થ સાહિત્ય અને (૪) બાર ભાવના અને ચાર પરાભાવના ઉપર ચાર બેઠકો યોજાણી.

સોનગઢના આશ્રમના મનભાવન શાંત સુરમ્ય વાતાવરણમાં સાહિત્યનો દરિયો લહેરાઈ રહ્યો હતો. સહુ આમંત્રિતો, સંશોધકો મનભરીને એની મોજ માણી રહ્યા હતા. ધનવંતભાઈ પણ પોતાના બાળપણની આ ઘડતર ભૂમિ પ્રત્યેનો કોઈક ઋણભાવ અદા કરવાના સંતોષમાં રાચતા રાચતા મુખ્ય નાવિકની ફરજ નિભાવી રહ્યા હતા. ત્યારે એ સમારોહ દરમિયાન અનેક ભાવો અને વિચારના મોજાઓ લહેરાતા હતા. એવું એક બાર ભાવનાનું મોજું એમને સ્પર્શી ગયું અને એમાંથી એમને 'પ્રબુદ્ધ જીવન'ના વિશેષાંક માટેનો વિષય પણ મળી ગયો.

અમે ડૉ. ધનવંતભાઈના આ વિચારોથી અજાણ હતા. ત્યાં જ અમારા સાનંદાશ્ચર્ય વચ્ચે બાર ભાવનાના સત્ર વખતે જ એમણે જાહેરાત કરી દીધી કે આ વખતનો 'પ્રબુદ્ધ જીવન'નો પર્યુષણ અંક 'બાર ભાવના વિશેષાંક' તરીકે બહાર પડશે અને તેનું સંપાદનકાર્ય માલતીબેન, રતનબેન અને પાર્વતીબેન કરશે. આ તો એમની કેવી ભાવના? એમાંથી એક બહેન ભાવનગરના અને બે બહેન મુંબઈના. પાછા ભાવનગર અને મુંબઈના બહેનો વચ્ચે સમારોહ પૂરતો સામાન્ય જ પરિચય. મુંબઈના બંને બહેનો તો નણંદ-ભોજાઈ હોવાને કારણે એકબીજાથી પૂર્ણ પરિચિત હતા. પણ એ ત્રણેને આમંત્રણ આપવા પાછળ એમની એકબીજાને જોડવાની ભાવના મૈત્રીભાવનું સચોટ દૃષ્ટાંત પૂરું પાડે છે. કદાચ શું એમને અણસાર આવી ગયો હશે કે પોતે હવે થોડા દિવસના મહેમાન છે. તેથી મુંબઈ અને ગુજરાતને જોડવાની પેરવી કરી ગયા હશે. અને અમે તેમની સાથે કોઈપણ જાતનો વિચાર-વિનિમય કરી શકીએ એ પૂર્વે તો તેઓ ગંભીર માંદગીમાં પટકાયા અને આપણી વચ્ચેથી વિદાય પણ થઈ ગયા.

જતાં જતાં અમારા હાથમાં જે વિચારબીજ મૂકી ગયા એને કેમ રોપવું, કેમ ઉછેરવું અને કેમ માવજત કરવી. અથવા રોપવું કે નહિ, બીજા કોઈને આપી દેવું વગેરે વિચારીને અસમંજસમાં પડી ગયા.

પરંતુ અમારી એ મૂંઝવણ–અસમંજસને શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યકરો–નીતિનભાઈ, પ્રવીણભાઈ વગેરેએ દૂર કરી અને કહ્યું કે ધનવંતભાઈની આ છેલ્લી ભાવના હતી તથા કોઈ સંકેતથી તમને એ કાર્ય સોંપ્યું છે એ તમારે પૂર્ણ કરવાનું જ છે. પછી એમણે 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી તરીકે વિદ્વતવર્ય ડૉ. સેજલબેનની વરણી કરી અને સેજલબેને તો આ કાર્ય માટે અમને આદેશ જ આપી દીધો. તેમજ બીજને રોપવા માટેની સંપૂર્ણ સગવડ કરી આપી. અને એ બીજ માટે ખાતર-પાણી, સૂર્યપ્રકાશ, રક્ષણ વગેરે માટે અનેક સંત-વિદ્વાનોએ મદદ કરી. જેમ કે પ. પૂ. આ. શ્રી શીલચંદ્રવિજયજી (તે સમારોહમાં હાજર હતા), પૂ. આ. શ્રી વાત્સલ્યદીપસૂરિજી, પ. પૂ. શ્રી ભૂવનહર્ષ વિજયજી આદિ સાધુ ભગવંતોએ એ બીજને કેમ રોપવું એ શીખવીને ખાતર પૂરું પાડ્યું. તેમજ જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે વિવિધ ગચ્છ-સંપ્રદાયના સાધુ-સાધ્વીજી, અન્ય સંત પુરુષો, વિદ્વાનોએ પણ અમને જરૂરી માર્ગદર્શન આપીને, આ અંક માટે લેખો મોકલીને એ બીજને વટવૃક્ષ બનાવવા માટે યોગ્ય યોગદાન આપ્યું છે. તે સર્વેનો નામોલ્લેખ આ અંકમાં એમના લેખ સાથે છે જ એ સર્વેનો ઋણ સ્વીકાર કરીએ છીએ. આ ઉપરાંત અનેક વિદ્વાનોના તેમજ સંતોના લેખો અમને મળ્યા પરંતુ સમય મર્યાદા આધીન આ અંકમાં તેમના લેખોનો સમાવેશ થઈ શક્યો નથી, તો તે બદલ અમે દિલગીર છીએ.

તેમજ આ અંકને તૈયાર કરવા માટે આપણા જ્ઞાનમંદિરો, પુસ્તકાલયો પણ અમને ખૂબ સહાયક થયા છે. ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં આવેલ તીર્થક્ષેત્ર કોબાના શ્રી મહાવીર

જૈન આરાધના કેન્દ્રના આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિરની અમે ત્રણેય સંપાદિકાઓએ મુલાકાત લીધી ત્યારે ત્યાંના સહુ ઉત્સાહી કાર્યકરોએ અમને જોઈતી મદદ કરવામાં જરાય પાછી પાની કરી નથી. સુસમૃદ્ધ, સુવ્યવસ્થિત, સંશોધકોને મદદરૂપ થાય તેવી પદ્ધતિથી સજ્જ એવા આ જ્ઞાનમંદિરમાં અમે ભાવના વિષયક સાહિત્યની માગણી કરી તો અ...ધ...ધ...ધ... થઈ જવાય તેટલા પુસ્તકોની યાદી અમને આપી દીધી. એમાંથી અમે થોડાઘણાં રત્નોને અહીં પ્રસ્તુત કર્યા છે. હજુ તો એમાંથી ઘણાં રત્નો પ્રાપ્ત થઈ શકે તેમ છે એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. અમે જે પુસ્તકોનો આધાર લીધો છે તે બધાના લેખક, પ્રકાશક તથા ગ્રંથાગારના ગ્રંથપાલકોનો પણ ખૂબ ખૂબ આભાર.

વિશેષમાં જ્ઞાનસત્રમાં હાજર રહેલ હિતેશભાઈ મહેતાએ સુભાષ શેઠ લિખિત જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની 'બાર ભાવના'નું દળદાર પુસ્તક સપ્રેમ ભેટ આપ્યું. અને બે દિવસ પછી અમને 'બાર ભાવના' માટે નિમંત્રણ મળ્યું. આને શું ગણવું? યોગાનુયોગ કે કાળનો ગર્ભિત ઇશારો? આ પુસ્તક માટે એમનો વારંવાર આભાર.

વિદ્વાનોએ મોકલેલ લેખોને સંપાદિત કરીને 'પ્રબુદ્ધ જીવન'માં બાર ભાવના, ચાર પરા ભાવના–પચ્ચીસ ભાવના તેમજ અન્ય ભાવનાનો સમાવેશ કરતાં આ પર્યુષણ વિશેષાંક આપના કરકમળમાં મૂકતા અમે આનંદ-શોક મિશ્રિત લાગણી અનુભવીએ છીએ. શોક ધનવંતભાઈની વિદાયનો છે જે આ અંકની ભાવના સાથે જોડાયેલો છે અને એ ક્યારેય ભૂલાશે નહિ. એ ભાવથી એમને શ્રદ્ધાંજલિ પણ અર્પીએ છીએ. આ અંક માટે જૈન યુવક સંઘના કાર્યકરો, મુદ્રણ કરનાર જવાહરભાઈ, પ્રુફ રિડિંગ કરનાર વગેરેનો ખૂબ ખૂબ આભાર. સેજલબેનનો આભાર માનીને છટકવા નથી માગતા પણ એમના તો સદાય ઋણી રહીશું. અમને દરેક તબક્કે મદદરૂપ થનાર શ્રી ખીમજી મણશી છાડવાનો અમે વિશેષ આભાર માનીએ છીએ.

આ અંકમાં આપને જે કાંઈ ગમે તે ભગવાનની વાણી સમજજો, ન ગમે તો અમારી ખામી સમજીને ક્ષમ્ય ગણીને એ તરફ અમારું જરૂર ધ્યાન દોરવા નમ્ર વિનંતી.

□ સંપાદિકાઓ

ડૉ. પાર્વતીબેન ખીરાણી–મો. નં. ૯૮૨૧૦૫૦૫૨૦.
ડૉ. રતનબેન છાડવા–મો. નં. ૯૮૯૨૮૨૮૧૯૬.
ડૉ. માલતીબેન શાહ–મો. નં. ૯૮૨૪૮૯૪૬૬૯.

ઉપોદ્‌ઘાત

□ સંપાદિકાઓ

પૂર્વભૂમિકા : મુંબઈના પોશ એરિયામાં રહેતા એક ગર્ભશ્રીમંત સુપ્રતિષ્ઠિત શેઠ પોતાની લીલીવાડી અર્થાત્ સુખી સંપન્ન પરિવાર મૂકીને પરલોક સિધાવ્યા. એમની શોકસભામાં નામી, અનામી, નેતા-અભિનેતા, પત્રકારો, પરિચિતો આવ્યા. દરેકે ઓછા-વધુ વાક્યોમાં શ્રદ્ધાંજલિઓ આપી પણ દરેક અંતે તો એક જ વાક્ય બોલતા હતા કે 'પ્રભુ એમના આત્માને શાંતિ આપે.' કોઈએ એમ ના કહ્યું કે એમને ગાડી-બંગલા-ધન-ઝવેરાત-સોનુ-રૂપું-પુત્ર-પરિવાર આપે.

આ પ્રસંગ એ સૂચવી જાય છે કે જીવનમાં શાંતિનું મહત્ત્વ છે એવું મહત્ત્વ બીજા એકેનું નથી. અને જીવતે જીવ એ શાંતિ મેળવવી હોય તો જૈનદર્શનમાં ભાવનાના માધ્યમથી મળી શકે છે. કદાચ એટલે જ ઉપાધ્યાય શ્રી વિનયવિજયજીએ બાર ભાવનાનો ગ્રંથ રચ્યો એને 'શાંતસુધારસ' એવું નામ આપ્યું છે.

ભાવના જીવન પરિવર્તનનું શ્રેષ્ઠ માધ્યમ છે જે માનવ ભવમાં સિદ્ધ કરી શકાય છે.

ગાય, ભેંસ આદિ પૂર્વે ચાર પગે ચાલતા હતા આજે પણ એમ જ ચાલે છે. એમણે પોતાના માટે કોઈ ગાડી-વિમાન-સ્ટીમરની શોધ કરી? એમના જીવનમાં કોઈ પરિવર્તન આવ્યું? કારેલાની કડવાશ દૂર થઈ શકે ખરી? કારેલું પોતાના મૂળ સ્વભાવમાં પરિવર્તન લાવી શકે ખરું? મરી પોતાની તીખાશ મૂકી દે ખરી? આ બધા ઈચ્છે તો પણ પરિવર્તન લાવી શકતા નથી. પરંતુ માનવ જ એક એવું પ્રાણી છે જે ધારે એવું પરિવર્તન કરી શકે છે. એ પરિવર્તન ખરાબ પણ હોઈ શકે અને સારૂં પણ હોઈ શકે. પરંતુ જેને શાંતિ મેળવવી છે એ સારી રીતે જ પરિવર્તન કરશે અને એ પરિવર્તનની પ્રક્રિયા છે 'ભાવના' જે ભવરોગ કરે છે દૂર.

પેટના રોગો માટે સોનોગ્રાફી, હૃદયના રોગો માટે એન્જિઓગ્રાફી, કેન્સર માટે મેમોગ્રાફી જરૂરી છે એમ આત્માના રોગો માટે ભાવના જરૂરી છે. જેનાથી આત્મા પર લાગેલા અનિત્યાદિ રોગોનું નિદાન થાય છે અને એને નષ્ટ કરવાના ઉપાયો યોજી શકાય છે. પણ એ માટે ભાવનાનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

ભાવનાનું સ્વરૂપ બરાબર જાણતા હોઈશું તો ગમે એવા પ્રસંગે ટકી જઈશું, નહિ તો નીચે જણાવેલા પ્રસંગો સર્જાતા વાર નહિ લાગે.

પ્રસંગ-૧ : થોડા દિવસ પહેલાંની વાત છે. બિહારમાં ૨૧ વર્ષના રોકીની લેન્ડક્રૂઝરને બીજી ગાડીએ ઓવરટેક કરતા એની મગજની કમાન સટકી ગઈ. કોઈ મારી ગાડીની આગળ જાય જ કેમ? અને તેણે રિવોલ્વર કાઢી ગોળી ચલાવી દીધી તેમાં આદિત્ય નામના કિશોરનું મોત થઈ ગયું. રોકી પકડાઈને જેલ ભેગો થઈ ગયો. રોકી અને આદિત્ય બંનેના ઘરવાળા પર આભ તૂટી પડ્યું. બંનેના ઘરવાળા એ જ વિચારતા હશે કે આ ઘટના ટાળી શકાઈ હોત જો એમને સમજણ આપી હોત તો!

હા એ વાત સત્ય છે કે આ ઘટના ટાળી શકાઈ હોત. જો એ બંને પરિવારોના સંતાનોને ભાવનાનું સ્વરૂપ જણાવ્યું હોત તો

આવેલા આવેગ-સંવેગોને સ્વીકારીને સહન કરવાની વૃત્તિ કેળવાઈ ગઈ હોત અને બંને પરિવાર શાંતિથી જીવતા હોત.

પ્રસંગ-૨ : આ મોબાઈલમાં રાધિકાનો મિસ કોલ છે. આ રાધિકા કોણ છે? મયંક કહેવા ગયો કે મારી સાથે...ત્યાં તો મીના વિફરી અને બોલવા માંડી: શું કરે છે તમારી સાથે? લફરા? અને સમજવા સાંભળ્યા વગર ધમપછાડા ચાલુ થઈ ગયા. તેમજ ગુસ્સામાં ઘરની વસ્તુઓ પણ ફેંકાવા માંડી. સૂતેલા બાળકો પણ જાગી ગયા તથા માતાનું રૌદ્ર સ્વરૂપ જોઈને ગભરાઈ ગયા. પછી કળ વળતા ખ્યાલ આવી ગયો કે પપ્પા નાટકમાં કામ કરે છે તો આજ કોઈ નવી હિરોઈન સાથે એમનું કામ હશે તેથી શંકાશીલ મમ્મી વિફરી હશે. એમને પણ પપ્પા તરફ હમદર્દી થઈ આવી અને હિંમત કરીને પપ્પાને કહી દીધું કે શું કામ સહન કરો છો? કાઢી મૂકોને મમ્મીને! આમ મમ્મી માટે બાળકોને પણ અભાવ આવી ગયો. તેમ જ એમની સાથે નાતો તોડવા પણ તૈયાર થઈ ગયા. અહીં જો સંસારભાવનાનું સ્વરૂપ જાણતા હોત તો આવા ઝગડાઓ, કલેશ કંકાશથી મુક્ત રહી શકાત. પરિવાર તૂટવાને આરે ન આવત.

પ્રસંગ-૩ : આજે કેતકીનો ફરવા જવાનો મૂડ હતો. મહેશ દુકાનેથી આવ્યો એટલે તરત ફરવા જવા માટેનું ફરમાન કર્યું પણ મહેશ થાકેલો હોવાથી ફરવા જવાની ના પાડી અને ધૂંધવાઈ ગયેલી કેતકીએ અગ્નિસ્નાન કરી લીધું. મહેશની જીંદગી રોળાઈ ગઈ. અહીં પણ કેતકીને ભાવનાનું સ્વરૂપ ખબર હોત તો એક કુટુંબ ઉજડતા બચી જાત.

આ રીતે આપણી આસપાસ આવા કેટલાય પ્રસંગો જોવા મળશે– કોઈના પ્રસંગોમાં વિરોધ તો કોઈનામાં રોષ કે પછી પ્રતિકુળ સંયોગો. આ બધામાં સમાધાન કરાવવાનું કામ તો ભાવના જ કરી શકે છે.

દરેક વ્યક્તિ જુદા જુદા સમયે જુદા જુદા સંયોગોમાંથી પસાર થાય ત્યારે એને અનુરૂપ ભાવનામાં દર્શાવેલા પ્રયોગ કરે તો શાંતિ પ્રાપ્ત થાય. ભાવના માત્ર સંસારમાં સમાધાન જ નથી કરાવતી પરંતુ એને જો બરાબર ભાવવામાં આવે કે ઘૂંટવામાં આવે તો જન્મ-મરણના ફેરામાંથી મુક્ત કરાવીને પરમપદ પણ અપાવી દે છે.

ચાલો તો જોઈએ કે ભાવના છે શું? ભાવનાનું સ્વરૂપ જાણવા આપને આ અંક વાચવો જ રહ્યો. આ અંકમાં ભાવનાનું સ્વરૂપ. વિષય, વિકાસ, વિચાર, વ્યાખ્યા, મર્મ, દૃષ્ટાંત સહિત છે. તેમજ વિવિધ ધર્મ-દર્શન-પદોમાં ભાવનાની અનુભૂતિ વગેરેનું સંપાદન યથાયોગ્ય સ્થાને કર્યું છે.

જૈન દર્શનમાં બાર ભાવના અને ચાર પરાભાવના વિચાર

❑ સંપાદિકાઓ

ભારતીય તત્ત્વજ્ઞાન 'દર્શનશાસ્ત્ર' તરીકે ઓળખાય છે. 'તત્ત્વજ્ઞાન' એટલે 'તત્ત્વનું જ્ઞાન' એવો સામાન્ય અર્થ છે. 'હું કોણ છું?', 'આ જગતનું સ્વરૂપ કેવું છે?', 'સૃષ્ટિના મૂળમાં કોઈ એક તત્ત્વ છે કે વધારે?', 'કોઈ પરમ તત્ત્વ (કે જેને ઈશ્વર કહી શકાય) અસ્તિત્વ ધરાવે છે?', 'જ્ઞાન મેળવવાના સાધનો કયા કયા?', 'નીતિ અને અનીતિ એટલે શું?', 'પ્રમાણભૂત વિચારણા કોને કહેવાય?' – આ બધી જિજ્ઞાસાઓના જવાબો મેળવવાનો પ્રયત્ન સદીઓથી માનવ કરતો આવ્યો છે અને તેના પરિણામસ્વરૂપ તત્ત્વજ્ઞાનમાં જુદા જુદા અનેક સિદ્ધાંતો કે વાદો પ્રચલિત બન્યા છે. જેમ કે આત્મવાદ, અનાત્મવાદ, આદર્શવાદ, વાસ્તવવાદ, દ્વૈતવાદ, પ્રમાણવાદ, અસ્તિત્વવાદ, વ્યવહારવાદ વગેરે. પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાનની આ બધી વિચારણાઓની સફર ખૂબ રોચક છે.

ભારતીય તત્ત્વચિંતન કે તત્ત્વજ્ઞાન માટે વપરાતો 'દર્શનશાસ્ત્ર' શબ્દ ખૂબ સૂચક છે. 'દર્શન' શબ્દના મૂળમાં 'દૃ' ધાતુ છે જેનો અર્થ 'જોવું' એવો થાય છે. દર્શનને આંખ સાથે સંબંધ છે. જગતની ભૌતિક વસ્તુઓનું દર્શન આંખ દ્વારા થાય છે. તે જ રીતે અંતર્ચક્ષુ દ્વારા આધ્યાત્મિક વિષયોનું દર્શન થઈ શકે છે. પ્રાચીન કાળમાં ભારતમાં ઋષિમુનિઓ અંતર્મુખી જીવન દ્વારા સાધનામાં નિમગ્ન થઈને પરમ તત્ત્વનો સાક્ષાત્કાર કરવા પ્રયત્નશીલ હતા. તેઓની આ સાધના દ્વારા જે સત્યની તેઓને અનુભૂતિ થઈ તેને વ્યક્ત કરવા રૂપે જુદા જુદા દર્શનોની રચના થઈ. જીવ, જગત, ઈશ્વર અંગેના સાધક ઋષિમુનિઓની અનુભૂતિ ઉપર આધારિત ન્યાય દર્શન, વૈશેષિક દર્શન વગેરે દર્શનો ભારતીય તત્ત્વજ્ઞાનની જગતને ભેટ છે.

ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા, ઉત્તરમીમાંસા (વેદાંત), જૈન, બૌદ્ધ અને ચાર્વાક – આ મુખ્ય નવ દર્શનોના સ્થાપક ઋષિમુનિઓ અને તે પરંપરામાં થયેલ અનુયાયીઓ દ્વારા વિશાળ દાર્શનિક સાહિત્ય આપણને પ્રાપ્ત થાય છે. સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી વગેરે તથા ગુજરાતી, મરાઠી જેવી પ્રાદેશિક ભાષાઓમાં જે સાહિત્ય પથરાયેલું છે તેમાં તાત્ત્વિક વિષયોનું સારું એવું ખેડાણ થયેલ છે.

જૈન દર્શનમાં ભગવાન ઋષભદેવ કે આદિનાથને પ્રથમ તીર્થંકર અને ભગવાન મહાવીર સ્વામીને ચોવીસમા તીર્થંકર તરીકે સ્થાન મળેલ છે. 'તીર્થ' એટલે આરો કે ઓવારો. તીર્થંકર એટલે જે સંસારરૂપી સાગરને પોતે પાર કરી ગયા છે અને અન્યને તારવા સમર્થ છે તે. માનવમાંથી મહામાનવ બનવાનો માર્ગ તીર્થંકરોના જીવનમાંથી પ્રાપ્ત થાય છે. ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધ (બૌદ્ધ ધર્મ દર્શનના સ્થાપક) સમકાલીન હતા અને આજથી આશરે અઢી હજાર વર્ષ પહેલાં તેમના પ્રયત્નોથી અહિંસા અને

કરુણાનો ફેલાવો થયો.

જૈનદર્શનના સિદ્ધાંતોમાં જીવ, જગત, ઈશ્વર, સાધનામાર્ગ વગેરે વિષયો અંગે વિશદ રજૂઆત થયેલી છે. જૈનદર્શન પોતાનો 'નવ તત્ત્વ' અંગેનો જે સિદ્ધાંત રજૂ કરે છે તેના દ્વારા સમગ્ર સૃષ્ટિ તથા કર્મના નિયમ વગેરેની સમજૂતી પ્રાપ્ત થાય છે. ૧. જીવ, ૨. અજીવ, ૩. પાપ, ૪. પુણ્ય, ૫. આસ્રવ, ૬. સંવર, ૭. નિર્જરા, ૮. બંધ અને ૯. મોક્ષ – આ નવ તત્ત્વોનું જ્ઞાન મેળવીએ તો જીવનના મોટા ભાગના રહસ્યોને ઓળખી શકાય છે. (પાપ અને પુણ્યને આસ્રવમાં સમાવીને કેટલાક સાત તત્ત્વને સ્વીકારે છે)

જૈન દર્શનના મત મુજબ આ સૃષ્ટિના મૂળમાં દ્વૈતવાદ છે, એટલે કે બે તત્ત્વો છે: ૧. જીવ અને ૨. અજીવ. જીવ એટલે ચેતન તત્ત્વ. તેના પ્રકારો વિષે જૈન દર્શનમાં ખૂબ સૂક્ષ્મ છણાવટ કરવામાં આવેલ છે. અજીવ એટલે અચેતન તત્ત્વ (જેને સામાન્ય ભાષામાં આપણે જડ કહીએ છીએ તે.) અજીવના પાંચ પ્રકાર છે: પુદ્ગલ (ભૌતિક શરીર), ધર્મ, અધર્મ, આકાશ અને કાળ. જીવ તથા અજીવના પાંચ પ્રકારો મળીને ષડદ્રવ્ય કહેવાય. આ ષડ્દ્રવ્યો દ્વારા સમગ્ર સૃષ્ટિની રચનાની સમજૂતી પ્રાપ્ત થાય છે.

સૃષ્ટિનો પ્રત્યેક જીવ મૂળભૂત રીતે અનંત ગુણચતુષ્ટયયુક્ત છે. પ્રત્યેક જીવનું મૂળ શુદ્ધ સ્વરૂપ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્યયુક્ત છે. પરંતુ જેમ સળગતા કોલસાને રાખ બાઝી જાય અને કોલસો ઝાંખો લાગે અથવા સૂર્યના આડે વાદળા આવી જાય અને સૂર્ય હોવા છતાં ન દેખાય અથવા ઝાંખો દેખાય તેમ જીવના શુદ્ધ સ્વરૂપની આડે તેણે કરેલા કર્મના આવરણો આવી જવાથી તેનું શુદ્ધ સ્વરૂપ દબાઈ જાય છે. જો પ્રયત્ન દ્વારા કર્મના કે અજ્ઞાનના આ આવરણો દૂર કરવામાં આવે તો જીવ તેના મૂળ શુદ્ધ સ્વરૂપે ઝળહળે છે.

જીવે કરેલ સારા કર્મો પુણ્ય અને ખરાબ કર્મો પાપ તરીકે ઓળખાય છે. કર્મના નિયમ પ્રમાણે પુણ્ય અને પાપ પોતાનું ફળ આપે જ છે. કર્મના આવરણયુક્ત જીવ બંધનની અવસ્થામાં છે અને આ બંધ દૂર કરીને મોક્ષની અવસ્થા કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે દર્શાવતો સાધના માર્ગ જૈન દર્શનમાં રજૂ થયેલ છે.

આસ્રવ, સંવર અને નિર્જરા આ ત્રણ તત્ત્વો કર્મ સાથે સંકળાયેલ છે. 'સ્રવ' એટલે 'વહેવું'. કર્મનો વહેતો પ્રવાહ તે આસ્રવ. આસ્રવયુક્ત જીવ બંધ અવસ્થામાં છે. સંવર અને નિર્જરા દ્વારા મોક્ષ અવસ્થા પ્રાપ્ત કરી શકાય છે. પ્રત્યેક સંસારી જીવ આસ્રવયુક્ત છે. દરેક કર્મ તેનો સમય પાકે ત્યારે તેનું ફળ અવશ્ય આપે છે. જીવના જન્મોજન્મના કર્મ પ્રમાણે પ્રત્યેકના જીવનમાં ચડતી-પડતી, સુખ-દુ:ખ આવ્યા જ કરે છે. કર્મના આ વહેતા પ્રવાહને રોકીએ તો નવા આવતાં કર્મો અટકે અને જૂના કર્મો પાકીને ખરી પડે તો જ આ કર્મપ્રવાહ સૂકાય, ત્યારે મોક્ષ પ્રાપ્ત થઈ શકે. કર્મના પ્રવાહને રોકવાની ક્રિયા તે સંવર અને જૂના કર્મો નાશ પામે તે 'નિર્જરા'. દૃષ્ટાંત દ્વારા આ વાતને સમજતાં એમ કહી શકાય કે કોઈ જગ્યાએ ગટરનું પાણી ઊભરાય છે તો તે ગંદા પાણીનો પ્રવાહ તે આસ્રવ. આ ગંદા પાણીને આવતું રોકવા માટે ઉપાય કરવો પડે. આ માટે ગટરને સાફ કરવી તે સંવર. ગટર સાફ કર્યા પછી ત્યાં ભરાયેલ પાણી ધીમે ધીમે સૂકાઈ જાય તે નિર્જરા.

આમ આસ્રવ એ કર્મની વહેવાની પ્રક્રિયા છે, સંવર એ કર્મ પ્રવાહને રોકવાની પ્રક્રિયા છે અને નિર્જરા કે નિર્જરણ એ આ કર્મ પ્રવાહને સૂકવવાની ક્રિયા છે.

જૈન દર્શનમાં આ નવેય તત્ત્વોની ખૂબ સૂક્ષ્મતાથી વિચારણા કરવામાં આવી છે. જેમ કે 'તત્ત્વાર્થસૂત્ર'ના દસ અધ્યાયોમાં સૂત્રાત્મક રીતે આ નવેય તત્ત્વોની વિગતે વિચારણા રજૂ થઈ છે.

કર્મપ્રવાહને રોકવાની ક્રિયા 'સંવર'ના સત્તાવન ભેદો રજૂ થયા છે. 'आस्रवनिरोधः संवरः।' અર્થાત્ 'આસ્રવનો નિરોધ એ સંવર છે.' પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, દસ યતિધર્મ, બાર ભાવના (અનુપ્રેક્ષા), બાવીસ પરિષહજય અને પાંચ ચારિત્ર – આ સંવરના સત્તાવન ભેદોમાં બાર ભાવનાનો સમાવેશ થયેલ છે.

બીજી રીતે જોઈએ તો નિર્જરામાં બાર તપનો સમાવેશ કરવામાં આવે છે. આ બાર તપમાં છ બાહ્ય તપ અને છ આભ્યંતર તપ છે. આભ્યંતર તપનો એક પ્રકાર છે સ્વાધ્યાય. આ સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે: વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા (ભાવના), પરાવર્તના અને ધર્મકથા. આમ અનુપ્રેક્ષા કે ભાવનાનો સમાવેશ સ્વાધ્યાયમાં કરવામાં આવેલ છે.

'ભાવના' શબ્દ 'ભૂ' એટલે 'થવું', 'હોવું' ધાતુ ઉપરથી સિદ્ધ થયેલ છે. તેના આધારે 'ભાવના' શબ્દનો અર્થ થાય છે 'જેના જેવા આપણે થવું જોઈએ તે.' `Being' માંથી `Becoming'ની આ યાત્રા કહી શકાય. ભાવનાનો સહેલો ગુજરાતી અર્થ કરીએ તો 'વિચાર', 'આશય' કે ઈચ્છા થાય. છતાં જે રહસ્યાર્થ 'ભાવના' શબ્દમાં વ્યક્ત થાય છે તે એ શબ્દોમાં વ્યક્ત થતો નથી. તેથી ભાવના શબ્દનો એક શબ્દમાં અર્થ કરવા જતાં અસંતુષ્ટ થવું પડે. **ભાવનાવાળા વિચારમાં વિશિષ્ટ લક્ષણ હોવું જોઈએ. જે વિચાર, દૃઢ, સત્યયુક્ત અને હિતકર હોય તે ભાવના છે, બાકી વિચાર તો અનેક પ્રકારના હોય એ બધા વિચારને ભાવના ન કહેવાય.**

જેનાથી આત્માને ભાવિત કરવો જોઈએ અને જેમાં આત્માના પ્રશસ્ત ભાવો પ્રકટ થાય તે ભાવના છે. એટલે જ ભાવના જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની છે. પરિવર્તનની પ્રક્રિયા છે.

જે મનોવૃત્તિ શુભ વિચારવાળી હોય અને આત્માને મોક્ષનો અભિલાષી બનાવવાપૂર્વક વૈરાગ્યાદિ સંયમ સાધનો પ્રત્યે દોરી જતી હોય તેને ભાવના જાણવી–ભાવના ભવનાશિની.

વિજ્ઞાનની ભાષામાં કહીએ તો ભાવના એ 'બ્રેઈનવોશિંગ' છે. મગજમાં રહેતા અશુભ વિચારોને દૂર કરી શુભ વિચારોનું આરોપણ કરવું તે ભાવના છે.

માનવનું મગજ અનેકવિધ વિચારોથી ભરેલું છે. સતત એમાં

અનેક વિષયો જન્મે છે અને નષ્ટ થાય છે. પણ એ દરેક વિચાર ભાવનાનું સ્વરૂપ ન પામે; પરંતુ જે વિચાર આત્મહિત માટે સતત મગજમાં ઘૂમરાયા કરે અને પછી રૂઢ થઈને દુષ્ટ વિચારોનો કચરો કાઢીને શુભ વિચારો દ્વારા પરમ સુખદાયક મોક્ષને પ્રાપ્ત કરાવવામાં નિમિત્ત બને છે એ અર્થમાં એને બ્રેઈનવોશિંગ કહી શકાય.

જે વ્યક્તિ જે પ્રકારની ભાવનાથી પોતાના આત્માને ભાવિત કરે છે તે રૂપમાં તે બદલાઈ જાય છે એટલે કહી શકાય કે જેવી ભાવના તેવા બનવાની સંભાવના. આજનું મનોવિજ્ઞાન પણ માને છે કે વિચારમાં એક પ્રકારની શક્તિ રહેલી છે. એટલે કોઈ પણ વિચારનું વારંવાર પુનરાવર્તન કરીએ કે તેને અનુકૂળ બીજા વિચારો વડે પુષ્ટ કરીએ તો એ શક્તિ વિકાસ પામે છે અને તેની પોતાના જીવન પર તેમજ અન્ય પ્રાકૃતિક પદાર્થો પર અસર થાય છે. એટલે જ મનોવૈજ્ઞાનિકો પણ પોઝિટીવ થિન્કીંગ પર ભાર મૂકે છે. એનાથી સ્ટ્રેસ, ડીપ્રેશન જેવા રોગો પણ મટી શકે છે.

ભાવના વસ્તુરૂપે શું છે? એના ઉત્તરમાં શાસ્ત્રકાર ભગવંતો જણાવે છે કે તે એક શુભ વિચારમય એક પ્રકારની મનોવૃત્તિ છે.

ભાવનાનું બીજું નામ અનુપ્રેક્ષા છે.

અનુપ્રેક્ષાશબ્દમાં અનુ અને પ્ર ઉપસર્ગ ઇક્ષ ધાતુ જે જોવાના અર્થમાં છે તે લઈને અનુપ્રેક્ષા શબ્દ બન્યો છે. માત્ર જોવું એટલો જ અર્થ નહિ, પરંતુ ઉપસર્ગો અર્થમાં પરિવર્તન લાવે છે. તેથી અનુપ્રેક્ષા એટલે ચારે બાજુ શું શું છે? કયા અને કેવા પદાર્થ છે–ભાવો છે? તે જોઈને આત્માનો નિર્ણય કરવો એ અનુપ્રેક્ષા છે. જોવાની ટેવ બધાને છે. સુપરવાઈઝર, વોચમેન વગેરે જુએ છે પણ એ બાહ્ય નિરીક્ષણ છે. જ્યારે ભાવનામાં આત્મ-નિરીક્ષણ કરવાનું છે.

ભાવનામાં આત્મહિત સંબંધી વારંવાર ચિંતવના કરવાની હોય છે માટે જ એને અનુપ્રેક્ષા પણ કહેવાય છે. જેનું વારંવાર ચિંતન કરવું પડે તેને અનુપ્રેક્ષા કહેવાય. અનુપ્રેક્ષા ચિંતવન સ્વરૂપ હોવાને કારણે જ્ઞાનાત્મક છે, ધ્યાનાત્મક નથી પણ ધ્યાન પૂર્વેની પ્રક્રિયા છે. અષ્ટાંગયોગમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર પછી જે છેલ્લા ત્રણ ધારણા-ધ્યાન-સમાધિ આવે છે એમાં ધારણા જેમ ધ્યાનની પૂર્વભૂમિકા છે એમ ભાવના ધ્યાનની પૂર્વભૂમિકા છે જેને ધારણા સાથે સરખાવી શકાય. 'દેશબન્ધશ્ચિત્તસ્ય ધારણ।' અર્થાત્ ચિત્તને કોઈ એક સ્થાન પર કેન્દ્રિત કરવાની પ્રક્રિયા ધારણા છે. એ જ રીતે આત્મહિત સંબંધી પારમાર્થિક બાબતનું ચિંતવન ભાવના છે. પ્રયત્નપૂર્વકના વિચારો જ ધારણા કે ભાવના છે.

ભાવના એ યોગનું જ એક અંગ છે. ભાવનામાં મનોયોગને કેળવવાનું છે. મનોયોગ ચિંતનમાં સ્થિર થઈ જાય ત્યારે ભાવના ભવનાશિની બની જાય છે. કારણ કે ભાવનાથી ઘણાં કર્મો ખપી જાય છે. ભાવના થોડા સમયમાં ઘણાં કર્મો ખપાવી દે છે. દા.ત. એક મજૂર ૧૦ કલાક સખત મજૂરી કરીને ૨૦૦ રૂપિયા કમાય છે અને એક બુદ્ધિજીવી એક ફોન કરીને ૧૦ સેકંડમાં ૨૦૦ રૂપિયા રળે છે. એમ ભાવના જો પ્રયોગમાં આવી જાય તો અનેક વિચારોના ઝમેલામાંથી યોગ્ય વિચારને ગ્રહણ કરે છે અને એ યોગ્ય વિચાર બુદ્ધિજીવી જેવું કાર્ય કરી જાય છે. જેથી ઘણાં કર્મો ખપી જાય છે. એ રીતે વિચારતા 'तत्त्वानुचिन्तनमनुप्रेक्षा:।' અર્થાત્ 'તત્ત્વચિંતન' એ અનુપ્રેક્ષા છે.' આમ અનુપ્રેક્ષા કે ભાવના તાત્ત્વિક ચિંતન છે.

ભાવના કે અનુપ્રેક્ષાનો આધાર મન ઉપર છે અને મનનું કામ વિચારવાનું છે. આ અર્થમાં ભાવના વિચારાત્મક છે. વિચાર ઘૂંટાય ત્યારે તે ભાવના બને છે.

એક અન્ય દૃષ્ટિએ જોઈએ તો 'ભાવના' શબ્દ આયુર્વેદની પરિભાષાનો છે. ઔષધ નિર્માણ કરવાની પદ્ધતિઓમાં અમુક ઔષધિને ભાવના આપવાની વિધિ હોય છે. દા. ત. કોઈ દ્રવ્યને ત્રિફલાની ભાવના અપાય, તો કોઈને લીંબુના રસની ભાવના અપાય. આ ભાવના, જરૂર પ્રમાણે એકવીસ વખત, પચાસ વખત, સો વખત એમ અપાય છે. આ રીતે જ્યારે ભાવના આપીને ઔષધિને ઘૂંટી ઘૂંટીને તૈયાર કરવામાં આવે છે ત્યારે તે ઔષધિ વિશેષ કામયાબ નિવડે છે. આયુર્વેદની પરંપરા મુજબ રસાયણ ઔષધિ રોગને જડમૂળથી ઉખાડી શકે છે.

વિવિધ ગ્રંથોને આધારે ભાવનાનો અર્થ–વ્યાખ્યા–સ્વરૂપ

- ભાવનાનો સામાન્ય અર્થ છે અભિલાષા, ઈચ્છાવૃત્તિ, કામના, વાસના, વાંછના વગેરે પરંતુ જૈનદર્શન પ્રમાણે ભાવના એક પ્રકારનો અધ્યવસાય છે.
- આત્માને નિર્મળ અને ભક્તિમય બનાવનાર નિરુપાધિક જીવનું પરિણામ ભાવના કહેવાય છે.
- ભાવ્ય વ્યક્તિ કે વસ્તુ પ્રતિ તન્મય અને એકાગ્ર થઈ જવું તે ભાવના છે.
- ભાવના શબ્દનું મૂળ ભાવમાં છે અને ભાવ શબ્દ વિચાર, સ્મરણ, ઇચ્છા, રુચિ, ઉલ્લાસ, ગુણ વગેરે અનેક અર્થોમાં વપરાય છે. અહીં ભાવ શબ્દનો પ્રયોગ વિચાર અને સ્મરણ એ બે અર્થોથી થયો છે કે જેમ કે–

  (૧) જે ભાવ વૈરાગ્યાદિ નિમિત્તે વારંવાર ભાવવામાં, વિચારવામાં આવે તે ભાવના.

  (૨) જેના પુનઃ પુનઃ સ્મરણ વડે આત્મા મોક્ષાભિમુખ થાય તે ભાવના.
- અધ્યાત્મનો બુદ્ધિસંગત એવો વૃદ્ધિમાન અભ્યાસ ભાવના કહેવાય. તેનું ફળ અશુભ અભ્યાસથી નિવૃત્તિ અને ભાવવૃદ્ધિ છે.
- રોજ પ્રકર્ષને પામે તે પ્રકારનો તથા જ્ઞાનસંગત એવો અધ્યાત્મ વિષયક અભ્યાસ, પરિશીલન એ જ ભાવના કહેવાય છે.

આ જ રીતે ભાવના કે અનુપ્રેક્ષા રૂપી રસાયણ પણ સંસારરોગને જડમૂળથી ઉખાડી શકે છે. બાર ભાવના સાધકના ધર્મધ્યાનને પુષ્ટ કરવામાં સહાયક નિવડે છે તો ચાર પરાભાવના રસાયણ ઔષધની જેમ મૂળમાં જઈને કામ કરે છે. કહેવાયું છે કે,

'दारिद्रयनाशनं दानं, शीलं दुर्गति नाशनम् ।

अज्ञाननाशिनी प्रज्ञा, भावना भवनाशिनी ।।'

અર્થાત્ – 'દાન દારિદ્રયનો નાશ કરે છે, શીલ દુર્ગતિનો નાશ કરે છે, પ્રજ્ઞા અજ્ઞાનનો નાશ કરે છે, ભાવના ભવનો નાશ કરે છે.'

બાર ભાવનાઓ અને ચાર પરાભાવનાઓ વિષે આગમ-સાહિત્યમાં અને પ. પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિજી, કલિકાલસર્વજ્ઞ પૂ. હેમચંદ્રાચાર્યજી, પ. પૂ. ઉમાસ્વાતિજી, પ. પૂ. આ. શ્રી કુંદકુંદાચાર્યજી વગેરે સમર્થ વિદ્વદ્વર્યોના આગમેતર સાહિત્યમાં પણ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. 'શાંતસુધારસ' ગ્રંથ આ વિષયમાં નોંધપાત્ર છે. 'શ્રીપાલ રાજાનો રાસ'ના મુખ્ય રચયિતા ઉપાધ્યાય વિનયવિજયજી અને આ 'શ્રીપાલ રાસ'ની કૃતિ અધૂરી રહી તેને પૂરી કરવાનું યજ્ઞકાર્ય કરનાર ઉપાધ્યાય યશોવિજયજી બંને સમકાલીન અને મધ્યકાલીન યુગના સમર્થ સાહિત્યકારો. આ ઉ. વિનયવિજયજીએ વિ. સં. ૧૭૨૩માં ગાંધારનગરમાં રહીને રચેલ 'શાંતસુધારસ' ગ્રંથ બાર ભાવના અને ચાર પરાભાવનાઓની ગેય સ્વરૂપમાં રજૂઆત કરતો ગ્રંથ છે, જેના ઉપર વિ. સં. ૧૯૬૮માં પ. પૂ. ગંભીરવિજયજીએ ટીકા લખી અને સાક્ષર શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ આ મૂળ ગ્રંથ તથા ટીકાના આધારે વિસ્તૃત વિવેચન રજૂ કર્યું. આ ગ્રંથના ભાષાપ્રયોગમાં ભવ્યતા છે અને રસમાં જમાવટ છે. આ ગ્રંથ વિષે શ્રી મોતીચંદભાઈ યથાર્થ જ જણાવે છે કે, 'અંતર આત્માનંદ શી ચીજ છે તેનો ખ્યાલ કરવા અભિલાષા થાય, અનાહત આંતરનાદ સાંભળવાની આકાંક્ષા થાય અને પ્રવર્તમાન દુનિયાને થોડીવાર ભૂલી જઈ અનનુભૂત ઉન્નત દશા અનુભવવા લાલસા થાય ત્યારે આ ગ્રંથ હાથમાં લેવો, એને માણવો, એને અપનાવવો. એને અપનાવતાં અંતરના પ્રદેશો ખૂલી જશે અને પછી અપૂર્વ ગાન અંદરથી ઊઠશે.' ('શાંતસુધારસ', આમુખ.)

'શાંતસુધારસ' ગ્રંથમાં બાર ભાવનાઓનો ક્રમ આ પ્રમાણે છે: ૧. અનિત્ય ભાવના, ૨. અશરણ ભાવના, ૩. સંસાર ભાવના, ૪. એકત્વ ભાવના, ૫. અન્યત્વ ભાવના, ૬. અશુચિ ભાવના, ૭. આસ્રવ ભાવના. ૮. સંવર ભાવના, ૯. નિર્જરા ભાવના, ૧૦. ધર્મ ભાવના, ૧૧. લોક સ્વરૂપ (અથવા લોકસ્વભાવ) ભાવના અને ૧૨ બોધિદુર્લભ ભાવના. અમુક કૃતિઓમાં ભાવનાનો આ ક્રમ થોડોક જુદો જોવા મળે છે, પણ તેનાથી મૂળ ભાવ બદલાતો નથી.

ભણતરની શરૂઆતમાં જેમ એકડો વારંવાર ઘૂંટાવી ઘૂંટાવીને દૃઢ કરાવવામાં આવે છે તેમ સાધક હરરોજ આ ભાવનાઓના વિચારોને સતત ઘૂંટ્યા કરે તો તે અલિપ્તતાપૂર્વક જીવન જીવી શકે છે જેથી તેને કર્મબંધનો ઓછા લાગે છે. આ ભાવનાઓનો મુખ્ય સારભૂત ખ્યાલ નીચે પ્રમાણે દર્શાવી શકાય.

૧. અનિત્ય ભાવના–સંસારના પદાર્થો તથા સાંસારિક સંબંધો પરિવર્તનશીલ છે. અનિત્ય છે. આત્મા સિવાયની બધી જ ભૌતિક (પૌદ્ગલિક) બાબતો અનિત્ય હોવાથી કાયમ ટકી શકતી નથી, તે જ રીતે સંસારના સર્વ સંબંધો પણ નાશવંત છે. આ ભાવના ઘૂંટવાથી મમતા અને આસક્તિ ઘટતા જાય છે.

૨. અશરણ ભાવના–જીવનમાં કોઈ બીજાના આધારે આગળ વધી ન શકાય. ખરેખર તો આધાર આપનાર પોતે જ અસ્થાયી છે તો પછી તે ટેકો કેવો આપી શકે? અને કેટલો આપી શકે? શરણે જવું હોય તો આત્મધર્મમાં વિશ્વાસ રાખીને તેના શરણે જ જવાય. અરિહંત પ્રતિપાદિત ધર્મનું શરણ સાચું શરણ છે. આ ભાવનાથી આત્મભાવમાં સ્થિર થવાય છે.

૩. સંસાર ભાવના–સંસારી જીવ રંગભૂમિના નટની જેમ જુદા જુદા વેષ ભજવે છે, જન્મ-મરણના ફેરાઓમાં વિવિધ જીવો સાથે વિવિધ પ્રકારના સગપણો ભોગવે છે. સંસારનો ઉત્પાદ–ધ્રૌવ્ય–વ્યય (ઉત્પત્તિ-સ્થિતિ-લય)નો નિયમ વિચારીને તેનો મર્મ જીવનમાં ઉતારવો જરૂરી છે. આ સંસાર ભાવના ઘૂંટવાથી મૂર્ચ્છા તૂટે છે અને હળવાશ અનુભવાય છે.

૪. એકત્વ ભાવના–જીવ એકલો જ આવ્યો છે અને એકલો જ જવાનો છે. કોઈ પણ સ્વજન કોઈનાય આધિ, વ્યાધિ, ઉપાધિ દૂર કરવા સમર્થ નથી. જીવનું એકત્વ સ્થાયી છે અને આ એકત્વમાં વિશ્વાસ પેદા થતાં રાગ-દ્વેષ ઘટે છે અને નિર્ભયતા વધે છે.

૫. અન્યત્વ ભાવના–પોતાના આત્મા સિવાયની સર્વ પૌદ્ગલિક બાબતો આત્માથી અલગ છે, અન્ય છે, પર છે. આ 'સ્વ' અને 'પર'નો યોગ્ય પરિચય થવાથી સમગ્ર ભવચક્રની ગૂંચોનો નિવેડો આવે છે. પરમાં રાચવું એ અલ્પજ્ઞતા, અજ્ઞાન છે, કારણ કે જે પર છે તે અંતે તો પર જ રહે છે. તેથી તો કહેવાય છે કે, 'સ્વમાં વસ અને પરમાંથી ખસ.'

૬. અશુચિ ભાવના–આપણે આપણા પોતાના શરીર, દેહ કે પુદ્ગલને પોતાનું માનીને તેની આળપંપાળ કરીએ છીએ. પણ આ શરીરની અંદર તો લોહી, માંસ, ચરબી, હાડકાં વગેરે જ ભરેલાં છે. શરીરની ચામડીથી આ સર્વ ઢંકાયેલા હોવાથી અંદરની મળ-મૂત્ર વગેરેની અશુચિનો ખ્યાલ આવતો નથી. બાહ્ય રૂપ જોઈને ગમે તેટલું લલચાઈએ, તો પણ અંદર તો અશુચિ જ ભરેલી છે. આ ભાવના દૃઢ કરવાથી વાસનાઓનું શમન થાય છે, મોહ અને અંધકારનો નાશ થાય છે.

૭. આસ્રવ ભાવના–કર્મ ક્યા ક્યા માર્ગે આવીને આત્મા સાથે જોડાઈ જાય છે અને કર્મ કેવા આવરણો પેદા કરે છે તે જાણવું તે આસ્રવ ભાવના. અજ્ઞાન, રાગ-દ્વેષ, મિથ્યાત્વ વગેરેને કારણે આવતા આ કર્મના પ્રવાહને જો ઓળખીએ નહીં તો તે પ્રવાહ સતત ચાલુ જ રહે. તેથી આવતા કર્મ પ્રવાહોને ઓછો કરવા માટે આસ્રવ ભાવના ભાવવી જરૂરી છે.

૮. **સંવર ભાવના**–કર્મોના આવતા પ્રવાહને રોકવાના ઉપાયોને ઓળખવા તે સંવર ભાવના છે. સંવર ભાવના દૃઢ કરવાથી ભવભ્રમણના ફેરા અટકે છે અને મોક્ષપ્રાપ્તિ શક્ય બને છે.

૯. **નિર્જરા ભાવના**–અગાઉના આ કર્મબંધનોને સુકવવા માટે, હટાવવા માટે છ બાહ્ય અને છ આભ્યંતર તપ દ્વારા એની નિર્જરા કરવી આવશ્યક છે. તપથી સંયમ, સંયમથી કર્મનાશ અને કર્મનાશથી મુક્તિ શક્ય બને છે.

૧૦. **ધર્મ ભાવના**–ધર્મ શું છે ? તેનો આત્મા સાથે કેવો સંબંધ છે ? ધર્મના વ્યાવહારિક સ્વરૂપો કેવા છે ? દાન, શીલ, તપ, ભાવ – આ બધાનો મૂળ આશય શો છે ? આવી વિચારણા દ્વારા જીવન ધર્મમય બનાવવું જોઈએ.

૧૧. **લોકસ્વરૂપ ભાવના**–ઉત્પત્તિ, સ્થિતિ, લયના સ્વભાવવાળા અને ષડ્દ્રવ્યરૂપ ચૌદ રાજલોકનું સ્વરૂપ સમજવું જરૂરી છે. લોકનું સ્વરૂપ સમજાય તો અનેક ભ્રમણાઓ તૂટે છે અને ભવભ્રમણ અટકે છે.

૧૨. **બોધિદુર્લભ ભાવના**–આ સંસારમાં મનુષ્યભવ અતિ દુર્લભ છે. સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન, સમ્યગ્ ચારિત્રની પ્રાપ્તિ માટે બોધિદુર્લભ ભાવના આવશ્યક છે. સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રને સમજવા મુશ્કેલ છે, સમજ્યા પછી તેની પ્રાપ્તિ મુશ્કેલ છે અને તેની પ્રાપ્તિ વગર સંસાર ચક્રના ફેરા અનિવાર્ય છે તેથી દુર્લભ એવો આ માનવભવ એળે ન જાય. આ બોધિરત્નની પ્રાપ્તિ માટે સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ.

આ બાર ભાવના આંતર નિરીક્ષણયુક્ત છે, તે પોતાની જાત સાથેના સંવાદરૂપ છે. વ્યક્તિ સમાજ અને સમગ્ર સૃષ્ટિની વચ્ચે રહે છે ત્યારે આ સૃષ્ટિ સાથે, બીજાઓ સાથે રચનાત્મક વલણ રાખીને કેમ જીવવું તે ચાર પરાભાવનાઓ દ્વારા શીખી શકાય છે.

ચાર પરાભાવના

આ ચાર પરાભાવનાઓ યોગ-ભાવના કે અનુસંધાન-ભાવના તરીકે પણ ઓળખાય છે. આ પરાભાવનાઓ ઉત્કૃષ્ટ સ્વરૂપની છે જેમાં ૧. મૈત્રી ભાવના, ૨. પ્રમોદ ભાવના, ૩. કરુણા ભાવના અને ૪. માધ્યસ્થ ભાવનાનો સમાવેશ થાય છે.

૧. **મૈત્રી ભાવના**–આ સૃષ્ટિના સર્વ જીવો સાથે મિત્રતાનો ભાવ રાખવો તે ખૂબ પાયાની બાબત છે. કોઈપણ જીવ પોતાનો વિરોધી કે દુશ્મન નથી અને પોતાને કોઈ પ્રાણી સાથે વેર નથી એ

મૈત્રી આદિ ચાર ભાવના

ભાવના શતકમાં ચુનીલાલ વર્ધમાન શાહે ચારે ભાવનાનું વિશ્લેષણ કરતાં લખ્યું છે કે આ દ્વારા ભાવનાઓમાં સર્વ રહસ્યની પૂર્ણાહુતિ થાય છે. તેના દ્વારા જે આત્મ કલ્યાણ સધાય છે તે જ આત્મકલ્યાણ સાધવા માટે ભાવનાઓની એક બીજી શ્રેણી પણ નિર્માણ કરેલી છે. આ શ્રેણી માત્ર ચાર ભાવનાઓની છે.

(૧) મૈત્રી (Love towards equals) (૨) પ્રમોદ (Love towards superiors) (૩) કારુણ્ય (Love towards inferiors) અને (૪) માધ્યસ્થ (Indifference towards opposition) એ પ્રમાણે ચાર ભાવના છે.

પોતાથી સરખા, પોતાથી ઊંચા, પોતાથી નીચા અને (ધર્મદૃષ્ટિથી) પોતાના વિરોધીઓ ઉપર તથા બીજી પ્રતિકૂળતાઓ ઉપર પ્રેમ-સમાન ભાવના રાખતાં શીખવનારી અર્થાત્ અનુકૂળ પ્રત્યે રાગ અને પ્રતિકૂળ પ્રત્યે દ્વેષ એ બંને વૃત્તિઓનું ત્યાગ કરવાનું શિક્ષણ એ ભાવનાઓ આપે છે. રાગદ્વેષ એ જ કર્મબંધનું મૂળ છે. એનો ત્યાગ કરવાથી આત્મા 'સમતા'ને પામીને પોતાનું શ્રેયઃ સાધી શકે છે.

જૂદી જૂદી સ્થિતિના જીવો પ્રત્યે પ્રેમ રાખવાના પ્રકારો જુદા જુદા દર્શાવ્યા છે. તેથી એ પ્રત્યેક નામો જુદાં જુદાં આપ્યા છે. પોતાના સરખા જીવો પ્રત્યેના પ્રેમને મૈત્રી ભાવના, પોતાનાથી ઊંચા જીવો પરના પ્રેમને પ્રમોદ ભાવના, પોતાથી હલકા બાળ જીવો–ગરીબ જીવો પ્રત્યેના પ્રેમને કારુણ્ય ભાવના અને પોતાના વિરોધીઓ પ્રત્યે કિંવા પ્રતિકુળતાઓની પ્રત્યે ઉપેક્ષા અથવા તટસ્થતાપૂર્વકના પ્રેમને માધ્યસ્થ ભાવના એવું નામ આપવામાં આવ્યું છે.

વસ્તુતઃ રાગદ્વેષનો ત્યાગ કરીને સર્વ જીવો પ્રત્યે સમાન ભાવ રાખવો એ આ ચાર ભાવનાઓનો હેતુ છે.

જૈનાચાર્ય અમિતગતિએ ભાવનાઓની અભિવ્યક્તિ નીચેના શબ્દોમાં કરી છે.

सत्वेषु मैत्री गुणीषु प्रमोदं क्लिष्टेषु जीवेषु कृपापरत्त्वम् ।
मध्यस्थ भावं विपरीतवृत्तौ सदा ममात्मा विद्घातु देव ।।

ભાવાર્થ : હે પ્રભુ, અમારા મનમાં પ્રાણીઓ પ્રત્યે મિત્રતા, ગુણીજનો પ્રત્યે પ્રમોદ, દુ:ખીઓ પ્રત્યે કરુણા તથા દુષ્ટજનો પ્રત્યે માધ્યસ્થ ભાવ સદા વિદ્યમાન રહે.

આ રીતે આ ભાવનાઓના માધ્યમથી સમાજમાં વિભિન્ન પ્રકારની વ્યક્તિઓની સાથે આપણો સંબંધ કે વ્યવહાર કેવો હોવો જોઈએ એ જ સ્પષ્ટ કર્યું છે. સમાજમાં બીજા લોકો સાથે આપણે કેવા પ્રકારનું જીવન જીવવું એ આપણી સામાજિકતા માટે અતિ આવશ્યક છે. આનાથી સમાજ જીવન જોડવાનો પ્રયત્ન કર્યો છે. સામાજિક ટકરાવના કારણોનું વિશ્લેષણ કરી એને દૂર કરવા માટે દરેક દર્શનનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે.

પારિવારિક અને સામાજિક જીવનમાં આપણા પારસ્પરિક સંબંધોને સુમધુર અને સમાયોજનપૂર્ણ બનાવવા માટે પણ આ ભાવનાઓ ઉપયોગી છે.

ભાવપૂર્વક જીવવાથી જીવનમાં હળવાશ આવે છે અને મનના ઉદ્વેગો શાંત થાય છે.

૨. પ્રમોદ ભાવના–કોઈના પણ ગુણ જોઈને આનંદ પામવો ખરા દિલથી તેની પ્રશંસા કરવી તે પ્રમોદ ભાવના. ગુણને ગુણ ખાતર માન આપવું, ગુણની શોધ સતત ચાલુ રાખવી, ગુણોને વધાવવા– આ બધાથી મનમાં સતત આદરભાવ વહ્યા કરે છે.

૩. કરુણા ભાવના–દીન-દુ:ખી જીવોને જોઈને હૃદયમાં દયાભાવ જાગે, કોઈના શરીરિક-માનસિક દુ:ખોને જોઈને તે દૂર કરવા માટેના ઉપાયો શોધવા પ્રવૃત્ત થઈએ તે કરુણા ભાવના.

૪. માધ્યસ્થ ભાવના–જીવનમાં કેટલાક બનાવો એવા બને છે કે જ્યાં આપણું કંઈ ચાલતું નથી, અમુક પ્રસંગો હૃદયદ્રાવક હોય છે, અમુક વર્તન ત્રાસ ઉપજાવે છે – આવા બનાવો, પ્રસંગો, વર્તન પ્રત્યે ધીરજપૂર્વક શાંતિ દાખવવી તે માધ્યસ્થ ભાવના.

આ બાર ભાવના અને ચાર પરાભાવના નિષેધક ભાવોને ઘટાડે છે, વિધાયક ભાવો વધારવામાં સહાયક બને છે. ચાર પરાભાવના મુક્તિરૂપી મહેલના પાયા સમાન છે તો બાર ભાવના આ મહેલ ઉપર ચઢવાની સીડી સમાન છે. ભાવના કે અનુપ્રેક્ષા ઘૂંટવાથી સાધક આંતરનિરીક્ષણ કરતો થાય છે. જેનાથી વિવેકબુદ્ધિનો વિકાસ થઈ શકે છે.

ભાવનાઓનું વર્ગીકરણ

'શ્રી શાંતસુધારસ'માં બાર ભાવનાના નીચે પ્રમાણે વિભાગો પાડ્યા છે.

પ્રથમ વિભાગ-

(૧) ત્રીજી સંસાર ભાવના અને અગિયારમી લોકસ્વરૂપ ભાવના વિશાળ નજરે બાહ્ય અવલોકન કરાવે છે. (Objective)

(૨) ૧. અનિત્ય, ૨. અશરણ, ૪. એકત્વ, ૫. અન્યત્વ અને ૬. અશુચિ એ પાંચ ભાવનાઓ આંતરગ્રાહી છે. (Subjective)

(૩) બારમી બોધિદુર્લભ અને દશમી ધર્મભાવના સ્વરૂપલક્ષી સાધનધર્મલક્ષી (Instrumental) છે.

(૪) ૭. આશ્રવ, ૮. સંવર, ૯. નિર્જરા એ ત્રણ ભાવનાઓ આત્માના કર્મ સાથેના સંબંધ પરત્વે હોવાને કારણે એની વર્તમાન સ્થિતિને સમજાવે છે.

They show evolutionary stages of developments.

બીજો વિભાગ-

આ વિભાગમાં મૈત્રી-પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવના લીધી. એ ચાર ભાવનાઓ અતિ વિસ્તૃત આકારમાં 'પરા' ભાવનાને નામે પ્રસિદ્ધ છે.

તો વળી ભાવના ભવનાશિનીમાં પૂ. અરુણવિજયજી મ. સા. નીચે મુજબ વર્ગીકરણ કરે છે.

વિભાગ-૧

(૧) ભાવનાના વર્ગીકરણમાં મુખ્ય બે ભાગ પાડ્યા છે. બાહ્ય અને આભ્યંતર. પહેલી છ ભાવનાઓ બહારની સામાન્ય સ્થિતિનું દર્શન કરાવે છે અને પછીની છ આંતરિક સ્થિતિમાં આત્માની જુદી જુદી સ્થિતિનું ભાન કરાવે છે.

(૨) સંસાર ભાવના અને લોક સ્વરૂપ ભાવના વિશાળ નજરે બાહ્ય અવલોકન કરાવે છે. (Objective). બાકીની ભાવનાનું શાંતસુધારસવત્ જ છે.

(૩) (I) પહેલી પાંચ ભાવનાઓ આત્માને ઉદ્દેશીને છે. છઠ્ઠી અશુચિ ભાવના શરીરને ઉદ્દેશીને છે. (II) પુણ્ય પાપ રૂપ કર્મના આગમન -અટકાવ અને ક્ષયને ઉદ્દેશીને આશ્રવ-સંવર-નિર્જરા ભાવના છે. (III) ચૌદ રાજલોકમાં પોતાનું ભૌગોલિક (Geographical) સ્થાન શોધવા માટે લોકસ્વરૂપ ભાવના છે. આનાથી હું કયાં છું અને ક્યાં રહેવું જોઈએ તે સ્થાનનું ભાન થાય છે. (IV) બોધિદુર્લભ અને ધર્મભાવના ધર્મ અને ધર્મશ્રદ્ધાના વિષયમાં છે. લોકસ્વરૂપ ભાવનાથી પોતાનું સ્થાન નક્કી કર્યા પછી હવે મારે શું કરવાનું છે ? એના ઉત્તર રૂપે આ બંને ભાવના માર્ગદર્શક બને છે.

વિભાગ-૨

ત્યારપછી જગતના સર્વ જીવોની સાથેનો વ્યવહાર સૂચવનાર મૈત્રી આદિ ચાર ભાવનાઓ છે.

આ ભાવનાઓનું વિશ્લેષણ કરતાં એમ કહી શકાય કે અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ–આ પાંચ ભાવનાઓ આત્માને ઉદ્દેશીને છે. અશુચિ ભાવના શરીર પ્રત્યેના મોહભાવને ઘટાડે છે. આસ્રવ, સંવર, નિર્જરા ભાવના, કર્મસિદ્ધાંતને પુષ્ટ કરે છે. ધર્મ ભાવના, લોક સ્વરૂપ ભાવના અને બોધિદુર્લભ ભાવના માનવભવની દુર્લભતા સમજાવી ધર્મદૃષ્ટિમાં સ્થિરતા લાવી શકે છે. જ્યારે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ – આ પરાભાવનાઓ જગતના સર્વ જીવો સાથે ક્યા પ્રકારનો વ્યવહાર જાળવવો તે શીખવે છે. આ બધું ચિંતન કરતાં કરતાં વ્યક્તિ જેવા વિચારો દૃઢ કરે છે તેવું જીવન તે બનાવી શકે છે. કહેવાયું છે કે, 'यादृशी भावना यस्य, सिद्धिर्भवती तादृशीः।' અર્થાત્ 'જેવી જેની ભાવના હોય છે તેવી સિદ્ધિ તેને પ્રાપ્ત થાય છે. પડઘા પડે તેવી જગ્યાએ 'રામ, રામ' બોલીએ તો જવાબમાં 'રામ, રામ' સંભળાય છે તેમ ઘૂંટાયેલી ભાવનાઓ જીવનમાં પ્રતિબિંબિત પણ થાય છે.

નીચેના શ્લોકમાં મંગળકારી ભાવના વ્યક્ત થયેલ છે :

'शिवमस्तु सर्व जगतः परहित निरता भवन्तु लोकगणाः।

दोषाः प्रयान्तु नाशः, सर्वत्र सुखी भवतु लोकः।।'

અર્થાત્ – 'સર્વ વિશ્વનું કલ્યાણ થાઓ (મૈત્રી), સર્વ જીવો પરોપકારમાં તત્પર બનો (પ્રમોદ), સર્વના પાપદોષો નાશ પામો (કરુણા) અને સર્વત્ર લોકો સુખી થાઓ (માધ્યસ્થ).

ઉત્તમ ભાવનાઓ ભાવતા ભાવતા સર્વનું જીવન કલ્યાણમય બને એ જ આ બધાંનો સાર છે.

✶✶✶

જૈન-જૈનેતર સાહિત્યમાં ભાવનાનું સ્વરૂપ

☐ સંપાદિકાઓ

भावुच्चिअ परमत्थो भावो धम्मस्स साहणो भणिओ ।
सम्मत्तस्स वि बीअ, भावुच्चिअ बिति जगगुरुणो ।।

ભાવાર્થ: ભાવ એ જ પરમાર્થ છે. ભાવ એ જ ધર્મનું પરમ સાધન છે. ભાવ એ જ સમ્યક્ત્વનું બીજ છે–વગેરે અનેક શાસ્ત્રવચનો ભાવની પ્રધાનતાના ગુણગાન કરે છે.

આમ જ્યારે ચિત્તમાં પ્રશસ્ત ભાવની ધારા વહે છે ત્યારે તે ભાવના કહેવાય છે. ભાવનાનું ક્ષેત્ર એટલું વિસ્તૃત છે કે સામાન્ય ચિંતનથી પ્રારંભીને જપ અને ધ્યાનની ઉચ્ચતમ ભૂમિકા સુધી પહોંચે છે. સાધારણ રૂપમાં હિંસા-અહિંસા, ક્રોધ વગેરે કષાય તથા વૈરાગ્ય પ્રધાન જેટલા પણ ચિંતન છે તે બધા ભાવનાના વ્યાપક ક્ષેત્રમાં આવી જાય છે. શુભ-અશુભ કર્તવ્ય વગેરેનું ચિંતન-મનન, ભાષણ, વ્યવહાર વગેરે પ્રત્યેક ક્રિયા સાથે ભાવના જોડાયેલી હોવાથી તેનો અનેક દૃષ્ટિકોણથી અનેક અર્થોમાં પ્રયોગ કરવામાં આવ્યો છે.

ભાવનાનું મૂળ ઉદ્‌ગમ સ્થાન તો સર્વજ્ઞ-વીતરાગપ્રભુની વાણી જ છે, જેને ગણધરોએ તેમજ પરંપરાથી આચાર્યોએ આગમ-આગમેતર જૈન સાહિત્યમાં પ્રતિષ્ઠિત કરી છે.

આગમ સાહિત્યમાં ભાવનાને ક્યાંક અત્યંત વૈરાગ્ય પ્રધાન આત્મ-વિચારણાના રૂપમાં લીધી છે, ક્યાંક મનોબળને સુદૃઢ કરવાવાળી સાધનાના રૂપમાં, ક્યાંક ચારિત્રને વિશુદ્ધ રાખવાવાળા ચિંતન અને આચરણને પણ ભાવનાના રૂપમાં બતાવ્યા છે. તેમજ મનના વિવિધ શુભાશુભ સંકલ્પ-વિકલ્પને પણ ભાવના કહી છે. આમ જૈનાચાર્યોએ ભાવનાના વિષયમાં એક ઊંડું અને વ્યાપક વિશ્લેષણ કર્યું છે.

તેમ છતાં આગમ સાહિત્માં બાર વૈરાગ્ય ભાવનાનું વર્ણન ક્રમબદ્ધ ન મળતાં અત્ર તત્ર પ્રકીર્ણ રૂપમાં જ મળે છે. જેમ કે ધર્મધ્યાન અને શુક્લધ્યાનની આઠ અનુપ્રેક્ષાઓનું વર્ણન એક આગમમાં કર્યું છે, તો એના સિવાયની સંવર-નિર્જરા, બોધિદુર્લભ ભાવના તેમજ લોકસ્વરૂપનું વર્ણન અન્યત્ર કરવામાં આવ્યું છે. જોકે બીજરૂપમાં બધી જ ભાવનાઓનું વર્ણન મળે છે. પરંતુ પચ્ચીસ ચારિત્ર ભાવના તથા આઠ અનુપ્રેક્ષા જેવું વ્યવસ્થિત વર્ણન છે તેવું બાર વૈરાગ્ય ભાવનાનું વર્ણન મળતું નથી.

બાર ભાવનાઓનું વર્ગીકૃત વર્ણન સર્વ પ્રથમ દિગંબર પરંપરાના મહાન કુંદકુંદાચાર્યના 'બારસ અણુવેક્ખા' ગ્રંથમાં જોવા મળે છે. તેમણે આગમગત આપેલ વર્ણનોના આધારે વૈરાગ્યપ્રધાન ચિંતનને એક વ્યવસ્થિત રૂપ આપી બાર અનુપ્રેક્ષાના રૂપમાં પ્રસ્તુત કર્યું છે.

આગમ સાહિત્યમાં ભાવનાનું સ્વરૂપ

(૧)શ્રી આચારાંગ સૂત્ર

દ્વાદશાંગી સૂત્રમાંથી આ પ્રથમ અંગ સૂત્ર છે. શ્રમણ જીવનની સાધનાનું જે આચરણીય વિવેચન આચારાંગમાં મળે છે તેવું બીજે ક્યાંય મળતું નથી. આ સૂત્રમાં જૈનદર્શનના મૂળ તત્ત્વો સમાયેલાં છે તે આચારાંગના અધ્યયનથી સ્પષ્ટ થાય છે.

શ્રી આચારાંગ સૂત્રમાં ભાવના

આ સૂત્રના દ્વિતિય શ્રુતસ્કંધમાં (ભગવાન) પ્રભુ મહાવીરે શ્રમણ નિર્ગ્રંથોને આપેલી બીજી વાચનાનું નિરૂપણ છે. પ્રભુએ શ્રમણ નિર્ગ્રંથોને અહિંસાની આરાધના માટે છકાયના જીવોનું સ્વરૂપ સમજાવ્યું હતું અને સર્વપાપથી નિવૃત્તિ રૂપ ચારિત્ર માર્ગની આરાધના માટે પાંચ મહાવ્રતોનું અને તેની પુષ્ટિ માટે પચ્ચીસ ભાવનાઓનું કથન કર્યું હતું, જેનું આચરણ કરતાં કરતાં સાધક સ્વયં મહાવ્રતમય બની જાય છે, તે જ શ્રમણધર્મની કૃતકૃત્યતા છે.

એવી જ રીતે સોળમા અધ્યયનમાં અનિત્ય ભાવનાનું વિવેચન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત અધ્યયનમાં પ્રારંભમાં સાધકને સ્વજનોનો કે ભૌતિક પદાર્થોનો રાગ છોડી વૈરાગ્યભાવ જાગૃત કરવા માટે અનિત્ય ભાવનાનું સ્વરૂપ સમજાવ્યું છે. ત્યારબાદ વિવિધ ઉપમાઓ અને રૂપક દ્વારા સાધકને રાગ-દ્વેષ, મોહ-મમત્વ, કષાયાદિ વૈભાવિક ભાવો છોડવાનો ઉપદેશ આપ્યો છે. જીવ વૈભાવિક ભાવોથી મુક્ત થાય ત્યારે જ તો સંસારના પરિભ્રમણથી છૂટી શકે છે. આમ જીવની વિમુક્તિના ઉપાય બતાવવામાં આવ્યાં છે.

(૨) શ્રી સૂયગડાંગ સૂત્ર

પ્રસ્તુત આગમ દ્વાદશાંગીનું બીજું અંગ સૂત્ર છે. આ સૂત્રમાં સ્વ સમય અને પર સમયનું વર્ણન છે. આ સૂત્રમાં વિચાર અને આચાર બન્નેની પ્રધાનતા છે. તે માત્ર જૈનતત્ત્વ દર્શનનું સૂચક દર્શન નથી પરંતુ આત્માની મુક્તિનો માર્ગ પ્રશસ્ત કરનાર મોક્ષશાસ્ત્ર છે. સાથે સાથે જીવન વ્યવહારનો ઉચ્ચ આદર્શ પણ પ્રસ્તુત કરે છે.

શ્રી સૂગડાંગ સૂત્રમાં ભાવના

આ સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના પંદરમા અધ્યયનમાં (૧૫/૫) ભાવનાનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે, ભાવનાઓના યોગથી

જેનો અંતરાત્મા શુદ્ધ થઈ ગયો છે, તેની સ્થિતિ પાણીમાં નૌકાની સમાન સંસાર સમુદ્રને પાર કરવામાં સમર્થ છે. કિનારા પર પહોંચેલી નૌકા વિશ્રામ પામે છે, તેવી જ રીતે ભાવનાયોગથી સંપન્ન સાધક પણ સંસાર સમુદ્રના તટ પર પહોંચીને સમસ્ત દુઃખોમાંથી મુક્ત થઈ જાય છે. અર્થાત્ મૈત્રી આદિ ચાર ભાવના, બાર વૈરાગ્ય ભાવના તેમજ પચ્ચીસ ચારિત્ર ભાવનાઓની સાધનાથી સાધક પરમલક્ષ્યને પ્રાપ્ત કરી શકે છે.

(૩) શ્રી સ્થાનાંગ સૂત્ર

દ્વાદશાંગીનું ત્રીજું અંગસૂત્ર શ્રી સ્થાનાંગ સૂત્ર છે. સંખ્યાના અનુપાતથી એક દ્રવ્યના અનેક વિકલ્પ કરવા તે આ આગમની વિશેષતા છે. આ સૂત્રમાં પ્રમાણ, નય, નિક્ષેપ વગેરે દર્શનશાસ્ત્રના મહત્ત્વના ઘટકો બીજરૂપે સમાવિષ્ટ છે. આ સૂત્રમાં એક સ્થાનથી એક એક વૃદ્ધિ કરીને દસ સ્થાન પર્યંતના ભાવોની વૃદ્ધિ કરવામાં આવી છે. આ દસ સ્થાનમાં વિવિધ વિષયોનું સંકલન કરવામાં આવ્યું છે. આ સૂત્ર અનેક સંકેતો દ્વારા જીવને એનું સાચું સ્થાન બતાવે છે.

શ્રી સ્થાનાંગ સૂત્રની ભાવના

પ્રસ્તુત સૂત્રમાં ધ્યાનના પ્રકરણમાં (૪/૧) ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા બતાવવામાં આવી છે. અહિંયા અનુપ્રેક્ષાનો અર્થ ભાવના કરવામાં આવ્યો છે. અનુપ્રેક્ષા એટલે આત્મચિંતન કરવું. ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા આ પ્રમાણે છે. (૧) એકત્વાનુપ્રેક્ષા–જીવ એકલો જ પરિભ્રમણ કરે છે અને સુખદુઃખ પણ એકલો જ અનુભવે છે. આ પ્રકારનું ચિંતન કરવું. (૨) અનિત્યાનુપ્રેક્ષા–વસ્તુઓની અનિત્યતાનું ચિંતન કરવું. (૩) અશરણાનુપ્રેક્ષા–સંસારમાં અશરણતાનું ચિંતન કરવું. (૪) સંસારાનુપ્રેક્ષા–ચતુર્ગતિરૂપ સંસારનો વિચાર કરવો. તેવી જ રીતે શુક્લધ્યાનની પણ ચાર અનુપ્રેક્ષા બતાવી છે. જેમ કે, (૧) અનન્તવૃત્તિ અનુપ્રેક્ષા–અનાદિ ભવ પરંપરાનું ચિંતન. (૨) વિપરિણામાનુપ્રેક્ષા–પદાર્થોની પરિણમનશીલતાનું ચિંતન. (૩) અશુભાનુપ્રેક્ષા–બાહ્ય સંયોગોની અશુભતાનું ચિંતન. (૪) અપાયાનુપ્રેક્ષા–બંધ હેતુ આશ્રવ આદિ પર ચિંતન કરવું.

આ અનુપ્રેક્ષાઓથી આત્મા અશુભ ધ્યાનથી દૂર થઈ શુભધ્યાનમાં સ્થિર થાય છે. ચિત્તમાં નિર્મળતા આવે છે. તેમજ અહંકાર અને મમત્વભાવનું વિસર્જન થાય છે. માટે ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં અનુપ્રેક્ષાનું વિશેષ મહત્ત્વ છે.

તેવી જ રીતે આ સૂત્રમાં (૪/૪) ચાર અશુભ ભાવનાઓનું વર્ણન ચારિત્રના શુભ ફળનું વિનાશ કરવાવાળી ભાવનાના રૂપમાં કર્યું છે. ચાર અશુભ ભાવનાઓના ચાર ચાર અંતરભેદ બતાવી તેના સોળ ભેદ બતાવ્યા છે. જેના આચરણથી ચારિત્ર દૂષિત બને છે, તેમ ચારિત્રના ફળનો પણ વિનાશ થાય છે. સાધકે અશુભ ભાવનાઓનું દુષ્પરિણામ જાણીને અંતઃકરણને શુભ ભાવનાથી ભાવિત કરવું જોઈએ.

(૪) શ્રી સમવાયાંગ સૂત્ર

પ્રસ્તુત સૂત્ર દ્વાદશાંગીમાં ચોથા ક્રમે છે. આ સૂત્રમાં સંખ્યાક્રમથી પૃથ્વી, આકાશ, પાતાળ, ત્રણે લોકના જીવ આદિ સમસ્ત તત્ત્વોના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દૃષ્ટિથી એકથી લઈને કોટાનુકોટી સંખ્યાનો પરિચય બતાવેલ છે. તેમાં આધ્યાત્મિક તત્ત્વો, તીર્થંકર, ગણધર, ચક્રવર્તી આદિ સંબંધિત વર્ણનની સાથે ભૂગોળ, ખગોળ વગેરેની માહિતી પણ આપી છે.

શ્રી સમવાયાંગ સૂત્રમાં ભાવના

પ્રસ્તુત સૂત્રમાં પચ્ચીસમા સમવાયમાં પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓનું વિવરણ કરવામાં આવ્યું છે. આ ભાવનાઓ પાંચ મહાવ્રતરૂપ ચારિત્રથી સંબંધિત હોવાના કારણે તેને ચારિત્ર ભાવના પણ કહે છે. આ ભાવનાઓનું પાલન કરવાથી જ મહાવ્રત સ્થિર અને દૃઢ બને છે એટલા માટે આ ભાવનાઓનું મહત્ત્વ છે. આ પચ્ચીસ ભાવનાઓના નામમાં ક્યાંક ક્યાંક ભિન્નતા જોવા મળે છે પરંતુ વિષય કે અર્થમાં કોઈ અંતર નથી.

(૫) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર

આ સૂત્ર અંગસૂત્રોમાં દસમું અંગસૂત્ર છે. આ સૂત્ર એક એવું શાસ્ત્ર છે કે જેમાં વ્યવહારિક ભાવોને આધ્યાત્મિક ભાવો સાથે આવરી લેવામાં આવ્યા છે. પાપના કાર્યો કેવા હોય અને તેને કેમ રોકી શકાય તે માર્ગ પૂર્ણ રીતે બતાવ્યો છે. જેમાં ક્રમશઃ આશ્રવદ્વાર અને સંવરદ્વારનું વિસ્તૃત વર્ણન કર્યું છે. વસ્તુતઃ આ સૂત્ર સાધનાની પાયાની ભૂમિકા જેવું છે.

શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં ભાવના

પ્રસ્તુત સૂત્રમાં શ્રુતસ્કંધ-૨/૧ થી ૫માં અહિંસા આદિ પાંચ મહાવ્રતોનું વર્ણન કરી તે દરેક મહાવ્રોતની રક્ષા માટે પાંચ પાંચ ભાવનાઓનું નિરૂપણ કર્યું છે. ભાવનાયુક્ત મહાવ્રતોથી જ સંયમની આરાધના અને સફળતા શક્ય છે. ચારિત્રને નિર્મળ-ઉજ્જવળ રાખવા માટે તેમજ મનને ચારિત્રમાં સ્થિર રાખવા માટે આ ભાવનાઓનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. આ વર્ણન અત્યંત સરસ તથા જીવનસ્પર્શી છે. આ પચ્ચીસ ભાવનાઓના નામ તથા ક્રમમાં ક્યાંક ક્યાંક ભિન્નતા જોવા મળે છે પરંતુ વિષય કે અર્થમાં કોઈ અંતર નથી. આ ભાવનાઓનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું કે, જે શ્રમણ આ પચ્ચીસ ભાવનાઓમાં સદા યત્નશીલ રહે છે, મનોયોગપૂર્વક એનું ચિંતન કરે છે તે સંસાર પરિભ્રમણથી મુક્ત થઈ જાય છે.

(૬) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર મૂળસૂત્ર રૂપે સ્વીકારેલ છે. શ્રમણ ભગવાન મહાવીરનું પ્રતિનિધિત્વ કરનાર સૂત્ર છે. મુનિની જીવનચર્યાના પ્રારંભમાં મૂળભૂત સહાયક બને છે. આગમોના અધ્યયનોની શરૂઆત એના પઠનથી થાય છે, માટે તેને મૂળસૂત્ર કહેવાય છે. તેમાં જીવ, અજીવ, કર્મવાદ, ષડ્દ્રવ્ય, નવતત્ત્વ તેમજ પાર્શ્વનાથ અને પ્રભુ મહાવીરની પરંપરાના બધા જ વિષયોનું પ્રતિપાદન થયેલ છે. આ સૂત્ર પ્રભુ મહાવીરની અંતિમ દેશના તરીકે જૈન સમાજમાં પ્રસિદ્ધ છે

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં ભાવના

પ્રસ્તુત સૂત્રમાં ૩૧મા અધ્યયનમાં પચ્ચીસમા બોલમાં પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાઓનું વર્ણન કરેલ છે, જેની આરાધનાથી સાધક મહાવ્રતોની રક્ષા કરે છે તથા સંયમ વિરોધી ભાવનાઓથી નિવૃત્ત થાય છે. તેવી જ રીતે ૩૬મા અધ્યયનમાં પાંચ દુર્ગતિક ભાવનાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જેમકે, કંદર્પભાવના, આભિયોગિકીભાવના, કિલ્વિષીભાવના, મોહભાવના અને આસુરી ભાવના. આ ભાવનાઓ દુર્ગતિની હેતુભૂત હોવાથી દુર્ગતિરૂપ કહેવાય છે તથા મરણ સમયે આ ભાવનાઓમાં વર્તતા જીવ વિરાધક થાય છે. તે ભાવોની તીવ્રતામાં સમ્યક્દર્શનનો પણ નાશ થાય છે. સાધક જો કંદર્પભાવના આદિમાં પ્રવૃત્ત થાય તો તેનામાં વ્યવહારની અપેક્ષાએ ચારિત્રની સત્તા હોવા છતાં તેની ઉત્પત્તિ દુર્ગતિરૂપ નિમ્નકોટિના દેવનિકાયમાં થાય છે.

તેવી જ રીતે આ સૂત્રમાં નમિ પ્રવજ્યા, મૃગાપુત્ર, દ્રુમપત્રક આદિ અધ્યયનોમાં અનિત્ય, અશરણ આદિ ભાવનાઓનું બીજ સ્વરૂપ જોવા મળે છે.

અન્ય આગમ સૂત્રો જેમ કે શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર, શ્રી ભગવતી સૂત્ર, શ્રી અંતકૃતદશાંગસૂત્ર, રાયપસેણિય સૂત્ર, દશવૈકાલિક સૂત્ર આદિમાં પણ અનિત્ય આદિ બાર ભાવનાઓ તેમજ મૈત્રી આદિ ચાર પરાભાવનાઓનું બીજ સ્વરૂપે વિવરણ કરવામાં આવ્યું છે. તેમાં મલ્લીકુમારી, મેઘકુમાર, અનાથીમુનિ, ગજસુકુમાર, રાજર્ષિ પ્રસન્નચંદ્ર વગેરે દૃષ્ટાંતો મનનીય છે. ✷ ✷ ✷

આગમેતર જૈન સાહિત્યમાં ભાવના

(૧) યોગશાસ્ત્ર

આ ગ્રંથના રચયિતા હેમચંદ્રાચાર્ય છે. પ્રસ્તુત ગ્રંથમાં ભાવનાનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે, 'साम्यं स्यान्निर्ममत्वेन तत्कृते भावना:श्रयेत्।' અર્થાત્ નિર્મમત્વથી સમત્વની પ્રાપ્તિ થાય છે તથા તે માટે બાર ભાવનાનો આશ્રય લેવો પડે છે. સમત્વ પ્રાપ્ત કર્યા પછી યોગી તેનો આધાર લઈને ધ્યાનની શરૂઆત કરે છે; કારણ કે સમબુદ્ધિ પ્રાપ્ત કર્યા વિના જો ધ્યાન શરૂ કરવામાં આવે તો તેમાં તેનો આત્મા અટવાઈ જાય છે. માટે ધ્યાન અને સમભાવ એકબીજાના પૂરક છે. તેવી જ રીતે ધર્મધ્યાનને ચાલુ રાખવા માટે પણ મૈત્રી આદિ ચાર ભાવનાનું નિરૂપણ કરવામાં આવ્યું છે, કારણ કે તે જ તેનું રસાયણ છે.

(૨) ધર્મબિન્દુ પ્રકરણ

આ ગ્રંથના રચયિતા હરિભદ્રસૂરિ છે. પ્રસ્તુત ગ્રંથમાં બાર ભાવનાનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. ભાવનાનું રહસ્ય સમજાવતાં કહ્યું છે કે, भावनातो रागादिक्षयं इति'।।૭૫।। અર્થાત્ ભાવનાથી રાગાદિકનો ક્ષય થાય છે. જેમ ઉત્તમ પ્રકારની ચિકિત્સાથી વાતપિત્તાદિ રોગનો નાશ થાય છે અને પ્રચંડ પવનથી મેઘાંબર નાશ પામે છે તેમ આ બાર ભાવના વડે રાગ, દ્વેષ, મોહરૂપ મળનો ક્ષય થાય છે. કારણ કે આ ભાવનાઓ રાગાદિકની પ્રતિપક્ષ રૂપ છે, શત્રુરૂપ છે અને આ રાગ, દ્વેષ વગેરેનો ક્ષય થતાં મોક્ષની પ્રાપ્તિ સુલભ બને છે.

(૩) આગમ સારોદ્ધાર

પ્રસ્તુત ગ્રંથના કર્તા પંડિત દેવચંદ્રજી અને મહાત્મા ચિદાનંદજી છે. આ ગ્રંથમાં શ્રમણની પાંચ ભાવનાનું વિસ્તૃત વર્ણન કરેલું છે. શ્રમણ પાંચ ઈન્દ્રિય, ત્રણ યોગ અને ચાર કષાયને નિર્ભય, નિઃશંકપણે જીતે તો જ આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન, કુધ્યાન, માઠા અધ્યવસાયને જીતી શકે, તેથી ચિત્તના શુભાશુભ સંકલ્પો રૂપ તરંગો જાય એટલે નિર્વિકલ્પપણે શુદ્ધાત્મ ગુણમાં પરમ સમાધિ પામી શકે તે માટે આ પાંચ ભાવનાનું કથન કરવામાં આવ્યું છે. જેમ કે, (૧) શ્રુત ભાવના (૨) તપ ભાવના (૩) સત્વ ભાવના (૪) એકત્વ ભાવના અને (૫) સુતત્ત્વ ભાવના.

આ પાંચ ભાવનાઓનું 'બૃહત્કલ્પ ભાષ્ય'માં પણ વિસ્તૃત વર્ણન કરેલું છે. આ ભાવનાઓને જિનકલ્પ ભાવના કહી છે, કારણ કે જિનકલ્પ પ્રતિમા સ્વીકાર કરવાવાળા શ્રમણ માટે આ ભાવનાઓનું અનુચિંતન વિશેષ રૂપથી બતાવ્યું. છે. જિનકલ્પનો કઠોર માર્ગ સ્વીકાર કરવામાં અત્યધિક સાહસ, જ્ઞાન, બળ વગેરેની અપેક્ષા રહે છે. જેનો વિકાસ, વૃદ્ધિ આ ભાવનાઓથી સિદ્ધ થાય છે. આ ભાવનાઓને 'તુલા' પણ કહી છે. જેના વડે સાધક પોતાનું શ્રુત, ધૈર્ય વગેરે માપી શકે છે.

(૪) અધ્યાત્મ કલ્પદ્રુમ

પ્રસ્તુત ગ્રંથના રચયિતા મુનિસુંદરસૂરિ છે. આ ગ્રંથમાં સમતાનું સ્વરૂપ બતાવી તેના ચાર અંગો દર્શાવ્યા છે જેમાં મૈત્રી આદિ ચાર

ભાવનાનું સુંદર વિશ્લેષણ કરવામાં આવ્યું છે. બીજા સર્વે પ્રાણીઓનું હિત કરવાની બુદ્ધિ તે મૈત્રીભાવના. ગુણોનો પક્ષપાત તે પ્રમોદ ભાવના. ભવરૂપ વ્યાધિથી પીડાતા પ્રાણીઓનું ભાવ-ઔષધિથી સારું કરવાની ઈચ્છા તે કૃપા ભાવના. ન ટળી શકે તેવા દોષવાળા પ્રાણી ઉપર ઉદાસીન ભાવ રાખવો તે મધ્યસ્થ ભાવના. આ ચાર ભાવનાનું ચિંતન કરનાર સાધક મહાયોગી છે. મહાયોગી એટલે જેને કોઈ પણ મિત્ર નથી અને કોઈ પણ શત્રુ નથી. જેને કોઈ પોતાનો નથી અને કોઈ પારકો નથી. જેનું મન કષાયરહિત હોય, ઈન્દ્રિયના વિષયોથી દૂર હોય તેવો પુરુષ મહાયોગી કહેવાય અને તે જ પરમગતિને પામી શકે છે.

(૫) યોગદૃષ્ટિ સમુચ્ચય

આચાર્ય હરિભદ્રસૂરિ રચિત આ ગ્રંથમાં વૈરાગ્યભાવનાનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. સંસાર પ્રત્યે ઉદ્વેગ, અત્યંત કંટાળો આવવો તેને વૈરાગ્ય ભાવના કહે છે. વૈરાગ્ય ભાવનાનું રહસ્ય સમજાવતાં કહ્યું છે કે, અંતરંગ વૈરાગ્ય ઉપજે એ ઉત્તમ યોગબીજ છે. કેમ કે જ્યાં સુધી વૈરાગ્ય રૂપી રેચક દ્રવ્યથી ચિત્તવૃત્તિનો મલિન વાસનારૂપ મળ દૂર થાય નહિ ત્યાં સુધી જીવને સિદ્ધાંત બોધરૂપ– રસાયણરૂપ પૌષ્ટિક ઔષધ ગુણ કરે નહિ. અથવા ચિત્ત ચંચળતારૂપ વિકાર ઉપજાવે. જ્યાં સુધી વૈરાગ્ય જળના સિંચનથી ચિત્તભૂમિ પૂરેપૂરી ભીંજાઈ ન જાય, ત્યાં સુધી તત્ત્વજ્ઞાનરૂપ સિદ્ધાંત બોધનું બીજ તેમાં વાવી ન શકાય. અને જો વાવવામાં આવે તો વ્યર્થ જાય છે. માટે જ વૈરાગ્યભાવના ભાવવાથી જીવ ભવથી ખેદ પામે છે. જેના કારણે તે જન્મમરણની પરંપરાથી છૂટવાની તીવ્ર ઈચ્છા કરે છે. મોક્ષની અભિલાષા કરે છે. તે સાચો મુમુક્ષુ બને છે.

(૬) **યોગબિન્દુ**

આચાર્ય હરિભદ્રસૂરિ રચિત આ ગ્રંથમાં ચાર પરાભાવનાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. જગતના સર્વ જીવો સાથે અત્યંત ઉચિત વર્તન કરવાની પરિણતી પ્રગટ કરે તેવું જે ચિંતન તે મૈત્રી આદિ ચાર ભાવો સ્વરૂપ છે અને તે ચિંતવન દ્વારા આત્મા અત્યંત ઉચિત પ્રવૃત્તિ કરવાની પરિણતિ પ્રગટ કરે છે. આ ચાર ભાવનાઓ આત્માના શુદ્ધ ભાવો તરફ લઈ જવા અનુકૂળ વ્યાપારરૂપ હોવાથી અધ્યાત્મ છે. આમ આ ચાર ભાવનાઓના નિરંતર (પ્રતિદિવસ) અભ્યાસથી જીવ મનઃ સમાધિ સુધી પહોંચી શકે છે.

(૭) અધ્યાત્મસાર

યશોવિજયજી મ.સા. દ્વારા રચિત પ્રસ્તુત ગ્રંથમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વૈરાગ્ય નામની ચાર ભાવનાઓનું વિસ્તૃત વર્ણન આપેલું છે. આ ચાર ભાવનાઓને જ્ઞાન ચતુષ્ક ભાવનાઓ પણ કહે છે. આચાર્ય હરિભદ્રસૂરિએ ધ્યાનશતકમાં તેમજ જિનસેન આચાર્યએ આદિ પુરાણમાં આ ભાવનાઓનું વિસ્તૃત વર્ણન કર્યું છે. પહેલી જ્ઞાન ભાવનાથી ધર્મ તથા નિયમમાં દૃઢતા આવે છે. બીજી દર્શન ભાવનાથી મોહનો અભાવ થાય છે. ત્રીજી ચારિત્ર ભાવના ભાવવાથી પૂર્વે કરેલા કર્મોની નિર્જરા થાય છે અને ચોથી વૈરાગ્યભાવનાના અભ્યાસથી સ્ત્રી વગેરેના સંગનો, પુદ્‌ગલિક વસ્તુઓની ઈચ્છાઓ અને સર્વ પ્રકારના ભયનો ઉચ્છેદ થાય છે. આ ચાર ભાવનાઓના અભ્યાસથી ધ્યાનની પૂર્વભૂમિકા તૈયાર થાય છે જેનાથી સાધક ધ્યાનની યોગ્યતા પ્રાપ્ત કરી શકે છે.

(૮) શાંત સુધારસ

ઉપાધ્યાય શ્રી વિનય વિજયજી મ.સા. દ્વારા રચિત આ ગ્રંથમાં આત્મા સાથે અનુસંધાન કરાવનાર બાર ભાવના અને ચાર પરાભાવનાઓનું સુંદર અને વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. ગ્રંથ સંસ્કૃત ભાષામાં હોવા છતાં દેશી રાગોમાં ગાઈ શકાય તેવો જૈન સાહિત્યનો આ એક અદ્વિતીય ગ્રંથ છે. આ ગ્રંથની પ્રસ્તાવનામાં જ કહ્યું છે કે, માત્ર સાંભળવાથી જ અન્તઃકરણને પાવન કરવાવાળી આ ભાવનાઓ તમારી મોહથી ઢંકાયેલી સમતારૂપી લતાને ફરીથી નવપલ્લવિત કરશે. જેથી મોહનો પડદો દૂર થશે એવું સુમધુર ભાવનાનું અમૃત આ ગ્રંથમાં પીરસ્યું છે.

(૯) ભાવનાશતક

ભારતભૂષણ શતાવધાની પંડિતરત્ન પૂજ્ય શ્રી રત્નચંદ્રજી મહારાજ દ્વારા રચિત આ ગ્રંથમાં સરળ અને સુબોધ સંસ્કૃત ભાષામાં જુદા જુદા છંદોમાં એકસો શ્લોકની રચના કરી એમાં આઠ-આઠ શ્લોકોથી અનિત્ય આદિ બાર ભાવનાઓનું દૃષ્ટાંત સહિત ગુજરાતી ભાષામાં વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. આ ગ્રંથમાં આલેખાયેલી ભાવનાઓ દ્વારા વ્યક્તિ જીવન પરિવર્તન સાધી શકે છે. તેમજ આત્મકલ્યાણના માર્ગે આગળ વધેલા સાધક માટે આ ગ્રંથ માર્ગદર્શનરૂપ છે. કારણ કે તેમાં આત્માના ઊર્ધ્વીકરણ માટેની ચિંતન-મનન વિચારધારાનું દિગ્દર્શન કરવામાં આવ્યું છે. જેના પાયામાં સ્થૂળની અનિત્યતા અને આત્માની નિત્યતા રહેલી છે. આ ગ્રંથ અત્યંત લોકચાહના પણ પામ્યો છે. અત્યાર સુધી તેની આઠેક આવૃત્તિઓ પ્રકાશિત થઈ છે.

(૧૦) આત્મ ઉત્થાનનો પાયો

આ ગ્રંથના રચયિતા પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય છે. પ્રસ્તુત ગ્રંથમાં અનિત્યાદિ બાર તેમ જ મૈત્રી આદિ મુખ્ય ચાર ભાવનાનું સ્વરૂપ બતાવ્યું છે. ભાવનાની મહત્તા દર્શાવતાં કહ્યું છે કે, **જ્ઞાનથી આત્માના શુદ્ધ સ્વરૂપને જાણી શકાય છે. જ્યારે ભાવનાથી આત્માના શુદ્ધ સ્વરૂપને પામી શકાય છે. જ્ઞાનનો**

વિષય જ્ઞેય છે અને ભાવનાનો વિષય ધ્યેય છે. એટલે જે સુખ પોતાને પ્રિય છે તે સુખ સર્વને મળે અને જે દુ:ખ પોતાને અપ્રિય છે તે કોઈને ન મળે આ જાતનો મૈત્રી ભાવ આત્માની શુદ્ધિ કરે છે. અને એટલા માટે જ ભાવના આત્મવિકાસનું સાધન છે. એટલું જ નહિ પણ નમસ્કાર મહામંત્ર પણ માત્ર જ્ઞાનનો વિષય નથી, પરંતુ જ્ઞાન સાથે ભાવનાનો વિષય છે. મહામંત્રમાં ભાવ ભળે ત્યારે જ મંત્ર ફળદાયી બને છે. આમ પોતાની જાતને સુધારવા માટે નમસ્કારભાવ, ક્ષમાપનાભાવ, સકળસત્ત્વહિતનો ભાવ કે અનુમોદનનો ભાવ આવશ્યક છે.

આ સિવાય શ્વેતાંબર સંપ્રદાયના અન્ય મુખ્ય ગ્રંથોમાં જેમ કે, લોકપ્રકાશ, બૃહદ્દ્રવ્ય સંગ્રહ, યોગબિંદુ, ભાવના ભવનાશિની, ભાવનાયોગ એક વિશ્લેષણ, જ્ઞાનસાર વગેરેમાં ભાવનાનું સ્વરૂપ જોવા મળે છે.

મધ્યકાલીન પદ્યસાહિત્યમાં મળતું ભાવનાનું સ્વરૂપ

સંયમને વરેલા ત્યાગી મહાત્માઓએ વિશ્વના સર્વ જીવોના કલ્યાણ માટે સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો, થોયો, રાસા તેમજ સજ્ઝાયો વગેરે અનેક રચનાઓ કરી છે. તેનું પઠન-પાઠન ચતુર્વિધ સંઘમાં થતું જ હોય છે. તેમાં પણ મધુર કંઠથી રહસ્યવાળી સજ્ઝાય ગવાય છે ત્યારે તેની અસર શ્રોતાગણ ઉપર થયા વગર રહેતી નથી, એટલે કે તદ્રુપ બનાવી દે છે. તેમાં જ્યારે બાર ભાવનાની સજ્ઝાય આદિનું પઠન થાય છે ત્યારે આ બાર ભાવનાનું સ્વરૂપ ભવભીરુ આત્માને જગાડે છે અને કર્મ નિર્જરાનું કારણ બને છે.

પૂ. શ્રી જયસોમમુનિવરે રચેલી બારભાવના ઉપર બાર સજ્ઝાયો વૈરાગ્ય રસથી ભરપૂર છે. આ સજ્ઝાયોમાં સુંદર દૃષ્ટાંતો પણ આપવામાં આવ્યા છે. શ્રી સકલચંદ્રજી મહારાજશ્રીએ પણ ભાવાત્મક શૈલીમાં બાર ભાવના ઉપર સજ્ઝાય રચી છે.જયારે મુનિવર્ય લલિતમુનિ મહારાજે સરળ અને રોચક શૈલીમાં બાર ભાવનાની સજ્ઝાયની અર્થ સાથે વિસ્તારપૂર્વક રચના કરી છે. અમિતગતિ આચાર્યશ્રીએ પણ ભાવ સામાયિક સ્વરૂપ સજ્ઝાયમાં ચાર ભાવનાનું સુંદર વર્ણન કર્યું છે. ૩૩ ગાથાની આ સજ્ઝાય સંસ્કૃત ભાષામાં છે. શ્રી યશોવિજયજી મહારાજ દ્વારા રચિત 'અમૃતવેલ સજ્ઝાય'માં પ્રમોદ ભાવનાનું સુંદર ચિત્રણ જોવા મળે છે. શ્રી વિનય વિજયજી રચિત 'પુણ્ય પ્રકાશ સ્તવન'માં મૈત્રી-ભાવનાનું પ્રતિબિંબ પડે છે. હરિસાગર મ. પ્રણિત 'હરિવિલાસ સ્તવનાવલી'માં ચાર ભાવના પર રચેલ કવ્વાલીમાં વિશ્વબંધુત્વ ભાવના અને વિશ્વવાત્સલ્યના દર્શન થાય છે. એના સિવાય ઘણી બધી કૃતિઓ હસ્તપ્રતરૂપે ભાવના ઉપર ઉપલબ્ધ છે. પરંતુ વિસ્તારભયના કારણે એ બધાનું નિરુપણ શકય નથી. ✷✷✷

દિગંબર સાહિત્યમાં ભાવનાનું સ્વરૂપ

(૧) બારસ અણુવેકખા

આ ગ્રંથના રચયિતા કુંદકુંદાચાર્ય છે. પ્રસ્તુત ગ્રંથમાં સર્વપ્રથમ બાર અનુપ્રેક્ષાનું વર્ગીકૃત વર્ણન મળે છે. અહીં અનુપ્રેક્ષાનો અર્થ ભાવના કર્યો છે. ભાવનાનું મહત્ત્વ દર્શાવતાં કહ્યું છે કે, અશુભ ઉપયોગથી નરક અને તિર્યંચ લોકની પ્રાપ્તિ થાય છે. શુભ ઉપયોગથી મનુષ્ય અને દેવોના સુખ મળે છે. જ્યારે શુદ્ધ ઉપયોગથી મોક્ષ પ્રાપ્ત થાય છે. આ લોક અધોલોક, મધ્યલોક અને ઉર્ધ્વલોક ત્રણ ભાગમાં વિભક્ત છે. તેમ જ લોકના અગ્રભાગ ઉપર સિદ્ધ સ્થાન છે. જીવાત્મા અનાદિકાળથી પોતાના શુભાશુભ ઉપયોગના કારણે સિદ્ધસ્થાન સિવાય બધે પરિભ્રમણ કરી રહ્યો છે. સાધકે પોતાની મુક્તિ માટે શુદ્ધ ઉપયોગ તરફ ગતિ કરવા આ બાર અનુપ્રેક્ષાનું વારંવાર ચિંતન કરવું જોઈએ.

(૨) કાર્તિકેયાનુપ્રેક્ષા

આ ગ્રંથના રચયિતા કુમારસ્વામી કાર્તિકેય છે. પ્રસ્તુત ગ્રંથમાં વિસ્તારથી વૈરાગ્યની જનની એવી બાર ભાવનાનું વર્ણન કરવામાં આવ્યું છે. આત્માના પરિણામ સતત બદલાયા જ કરે છે. આવી અસ્થિરતા મનને સંગે થતી હોવાને કારણે તેને ચિત્તની ચંચળતા કહે છે. બાર ભાવનાનો અભ્યાસ ચિત્તની ચંચળતા દૂર કરીને તેને સ્થિર કરવામાં સહાયક બને છે. આ જીવને સંસાર પ્રત્યેની આસક્તિ અનાદિથી છે. પરંતુ અનિત્ય આદિ બાર ભાવનાના અભ્યાસથી સંસાર પ્રત્યે તેનો મોહ દૂર થાય છે. પદાર્થોની અનિત્યતાની સમજણ આવે છે. દરેક પદાર્થ, સંબંધો વગેરે અસ્થિર છે તે જાણી તેમાં હર્ષ કે શોક થતો નથી. આમ દરેક ભાવનાનું સુંદર વર્ણન કરી તેનું મહત્ત્વ સમજાવ્યું છે.

(૩) જ્ઞાનાર્ણવ

આ ગ્રંથના રચયિતા શુભચંદ્રાચાર્ય છે. આ ગ્રંથમાં અનિત્ય આદિ બાર વૈરાગ્ય ભાવના તેમજ મૈત્રી આદિ ચાર યોગ ભાવનાનું વિસ્તૃત વર્ણન જોવા મળે છે. બાર વૈરાગ્ય ભાવનાઓનું ચિંતન મુખ્યત્વે વૈરાગ્યને સુદૃઢ કરે છે અને મૈત્રી આદિ ચાર ભાવના જીવ પ્રતિ પ્રેમને પરિપૃષ્ટ કરે છે. ચાર યોગભાવનાનું મહત્ત્વ દર્શાવતા કહ્યું છે કે, આત્માનો જીવ-અજીવ સાથેનો સંબંધ અનાદિકાળથી છે. તે સંબંધને યોગ્ય ન્યાય ન આપવાના કારણે જ જીવ સંસારમાં પરિભ્રમણ કરે છે. આ સંબંધના ઔચિત્યનું રહસ્ય મૈત્રી આદિ ચાર ભાવનામાં રહેલું છે. આ રહસ્યની સમજ આવતાં જ આધ્યાત્મિક વિકાસ ઝડપી થાય છે. માનવભવનું પરમ ધ્યેય મોક્ષ છે. તેનું પ્રધાન સાધન ધર્મધ્યાન છે. ધર્મધ્યાનમાં સ્થિરતા, પ્રગતિ

અને સિદ્ધિ અપાવનાર સાધનોમાં મૈત્રી આદિ ચાર ભાવનાનું સ્થાન પ્રથમ છે. ધર્મ ધ્યાનની સિદ્ધિ માટે તેનું ચિત્તમાં દીર્ઘકાળ સુધી ચિંતન કરવું જોઈએ.

(૩) તત્ત્વાર્થસૂત્ર

પ્રસ્તુત ગ્રંથના રચયિતા વાચક ઉમાસ્વાતિ છે. પ્રસ્તુત ગ્રંથ દિગંબર તથા શ્વેતાંબર બન્ને સંપ્રદાયમાં માન્ય ગણ્યો છે. ચાર યોગ ઉન્મુખી મૈત્રી આદિ ભાવનાનું વ્યવસ્થિત વર્ણન સર્વ પ્રથમ આચાર્ય ઉમાસ્વાતિએ કર્યું છે. આ ચાર ભાવનાઓ ફક્ત સાધુ જીવનમાં જ નહિ પરંતુ પ્રત્યેક વ્યક્તિના જીવનમાં પગલે પગલે ઉપયોગી છે. માનવ જીવનના વ્યવહારમાં ઉતારવા યોગ્ય છે એટલે એને વ્યવહાર ભાવનાના રૂપમાં માની છે. તે ઉપરાંત પ્રસ્તુત ગ્રંથમાં બાર અનુપ્રેક્ષાનું પણ સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. આ ભાવનાઓના ચિંતનમાં ઊંડું વૈરાગ્ય રહેલું છે. એના પદ પર નિર્વેદ ભાવ છલકે છે. તેમજ શાશ્વત દ્રવ્યના ચિંતન માટે બહુ જ ઉત્તમ વિચારોની પ્રેરણા આપે છે માટે તેને વૈરાગ્ય ભાવના કહી છે જે સમત્વની પ્રાપ્તિ પણ કરાવે છે.

(૫) તત્ત્વાર્થ રાજવાર્તિક

વાચક ઉમાસ્વાતિ દ્વારા વિરચિત તત્ત્વાર્થ રાજવાર્તિક ગ્રંથમાં પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવનાનું વિસ્તૃત વર્ણન જોવા મળે છે. આ પચ્ચીસ ભાવનાઓના નામમાં તેમજ ક્રમમાં ક્યાંક ક્યાંક અંતર જોવા મળે છે. જેથી વિષયના અર્થમાં ફરક દેખાય છે. જેમકે પ્રથમ મહાવ્રતની એષણા સમિતિને બદલે વાગ્ગુપ્તિ બતાવ્યું છે. તેમજ એષણા સમિતિનું વર્ણન 'ભૈક્ષ્યશુદ્ધિ' નામથી અચૌર્ય વ્રતની ચોથી ભાવનામાં કર્યું છે. જો કે આ ભાવનાઓના ચિંતનથી સાધકનું હૃદય સરળ અને નિશ્ચલ બને એ જ જરૂરી છે. આ ભાવનાના સંસ્કારથી સાધક પોતાની પ્રત્યેક પ્રવૃત્તિને સંયમમાં રાખવા માટે ઉદ્યત રહે છે.

(૬) ષટ્પ્રાભૃત

પ્રસ્તુત ગ્રંથના રચયિતા કુંદકુંદાચાર્ય છે. આ ગ્રંથમાં છ પ્રાભૃત આપેલ છે. તેમાં ચારિત્ર પ્રાભૃતના અન્તર્ગત પચ્ચીસ ભાવનાનું વર્ગીકરણ કંઈક અલગ પ્રકારે આપ્યું છે. જેમ કે સત્ય મહાવ્રતની પાંચ ભાવનાઓ – અક્રોધ, અભય, અહાસ્ય, અલોભ અને અમોહ બતાવી છે. તેવી જ રીતે અચૌર્ય મહાવ્રતની ભાવનાઓ પણ નવા રૂપમાં પ્રસ્તુત કરી છે. આ પ્રમાણે ક્યાંક ક્યાંક નામભેદ તો ક્યાંક શબ્દભેદ છે. તેમ છતાં ચારિત્રને સુસ્થિર અને નિર્દોષ રાખવા માટે આ પચ્ચીસ ભાવનાઓનું અનુચિંતન કરવું સાધક માટે આવશ્યક બતાવ્યું છે.

(૭) પદ્મનંદી પંચવિશંતિ

પદ્મનંદી આચાર્ય વિરચિત પંચવિશંતિ ગ્રંથમાં બાર ભાવનાનું વિસ્તૃત વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ભાવનાનું માહાત્મ્ય સમજાવતાં કહ્યું છે કે, જિનેન્દ્ર ભગવાન દ્વારા પ્રરૂપિત બાર ભાવનાનું ચિંતવન ધર્મધ્યાન અર્થે કર્તવ્ય છે. આ બાર ભાવનાઓ ભવ્ય જીવો માટે જ્ઞાનપૂરકના વૈરાગ્યની ઉત્પાદક છે. તેમાં પ્રથમ છ ભાવનાઓ મુખ્યપણે વૈરાગ્યોત્પાદક છે. બાર ભાવનાનું ચિંતન જ આત્મહિતની પ્રેરણા અને પુરુષાર્થ દ્વારા મોક્ષમાર્ગમાં આગળ વધારી કર્મક્ષયનું કારણ થાય છે, પ્રતિકૂળ સમયે સમાધાન કરાવે છે. ચિત્તને સ્થિર કરાવે છે, મોહને મંદ કરે છે, વિષય કષાયને દૂર કરે છે.

આ રીતે બાર ભાવનાનો અભ્યાસ ઉત્કૃષ્ટ પુણ્ય પ્રાપ્ત કરાવે છે. જે સ્વર્ગની પરંપરા દ્વારા મોક્ષ સુધી પહોંચાડે છે.

(૮) મૂલાચાર

શ્રીમદ્ વટ્ટકેર વિરચિત પ્રસ્તુત ગ્રંથમાં (૮/૨) બાર વૈરાગ્ય ભાવનાનું વિસ્તૃત વર્ણન મળે છે. ગ્રંથકારે ભાવનાના ક્રમનું રહસ્ય બતાવતાં કહ્યું છે કે, આ ભાવનાઓના ક્રમમાં પણ એક પ્રકારની ચિંતનધારાનો ક્રમિક વિકાસ જોવામાં આવે છે. મનોવૈજ્ઞાનિક પ્રમાણે ઊર્ધ્વગમન જેવો છે. જેમ કે ઉપર ચઢવાવાળી વ્યક્તિ મહેલની એક એક સીડી ચઢી ઉપર જાય છે. તેમ સાધક માટે ભાવનાના મહેલની ઉપર ચઢવા માટે ક્રમબદ્ધ સીડી છે. એક પછી બીજી, બીજી પછી ત્રીજી ભાવના પર સાધકનું અંતરમન પોતાની મેળે આગળ વધે છે. આ ક્રમબદ્ધતા આધ્યાત્મિક વિકાસની સૂચક છે. તેમજ બાર ભાવનાનો અભ્યાસ કરવાથી શરીર સાથેના એકત્વનું શલ્ય દૂર થાય છે. જેથી પોતાના શુદ્ધ આત્માનું ધ્યાન સંભવે છે. મરણ સમયે પણ શરીર પ્રત્યેનો મોહ દૂર થતાં મૃત્યુને પોતાનો પરમ મિત્ર માને છે.

(૯) બૃહદ્ સંગ્રહ

આચાર્ય નેમિચન્દ્ર વિરચિત બૃહદ્ દ્રવ્યસંગ્રહ ગ્રંથમાં બાર (વૈરાગ્ય) શુભ ભાવનાનું તેમજ પાંચ અશુભ ભાવનાનું વર્ણન કરવામાં આવ્યું છે. ગ્રંથકારે અશુભ ભાવનાની પરિભાષા આપતાં કહ્યું છે કે, મન જ્યારે રાગદ્વેષ, મોહ વગેરેના અશુભ વિકલ્પોમાં ફસાઈને દુષ્ટ ચિંતન કરે છે તો તેને અશુભ ભાવના કહેવામાં આવે છે. અશુભ ભાવના જીવની દુર્ગતિનું કારણ બને છે, તેને પતન તરફ લઈ જાય છે. માટે આ અશુભ ભાવના હેય ગણી છે. આ પાંચ અશુભ ભાવનાના પાંચ પાંચ પેટા ભેદ પણ બતાવ્યા છે. સંયમી આત્મા કે તપસ્વી આત્માઓને પણ અપ્રશસ્ત ભાવનાનું આચરણ કરે તો નરકગતિ કે દુર્ગતિના અતિથિ બનવું પડે છે. માટે શાસ્ત્રોમાં અશુભ ભાવનાનું સ્વરૂપ બતાવી તેનો ત્યાગ કરવાનો બોધ આપ્યો છે. આત્મહિત સંબંધી પારમાર્થિક બાબતની વારંવાર વિચારણા થવી તે શુભ ભાવના છે. શુભ

ભાવના મોક્ષ અને તેના સુખનું કારણ હોવાથી ઉપાદેય છે. શુભ ભાવનાનું અભ્યાસપૂર્વક ચિંતન કરવું જ શ્રેષ્ઠ છે.

આ સિવાય અન્ય ગ્રંથો જેમકે, ભગવતી આરાધના, સર્વાર્થસિદ્ધિ, ધવલા, અનગારધર્મામૃત, ભાવપાહુડ, સમયસાર, મરણ સમાધિ પ્રકીર્ણક વગેરેમાં અનિત્ય આદિ બાર ભાવના તેમજ મૈત્રી આદિ ચાર પરાભાવનાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના વચનામૃતમાં તેમજ શ્રીમદ્ રાજચંદ્રના સાહિત્યમાં પણ બાર ભાવનાનું સુંદર વિવેચન જોવા મળે છે.

બાર ભાવના સંબંધી હિન્દીમાં સો જેટલા કાવ્યો પણ જોવા મળે છે. તેમાંથી પંડિત શ્રી ભૂદરદાસ કૃત બાર ભાવના, કવિશ્રી મંગતરાયકૃત બાર ભાવના, પંડિત જયચંદજી છાબડાકૃત બાર ભાવના, પંડિત દીપચંદજીકૃત બાર ભાવના, પંડિત યુગલકિશોરકૃત બાર ભાવના મુખ્યરૂપે રહેલ છે. ✷ ✷ ✷

ભારતીય ધર્મ-દર્શનમાં ભાવનાનું સ્વરૂપ

હિંદુ ધર્મને વાસ્તવિક રીતે સનાતન ધર્મ કહ્યો છે. હિંદુ ધર્મની મુખ્ય ત્રણ શાખાઓ વિશેષ જાણીતી છે. (૧) વેદ-વૈદિક ધર્મ (૨) જૈનધર્મ (૩) બૌદ્ધ ધર્મ. આ ત્રણેય ધર્મ એક વિશાળ વૃક્ષની ત્રણ શાખાઓ છે એટલે ત્રણે ધર્મમાં ઘણી બધી સમાનતા જોવા મળે છે. એટલે જ જૈન દર્શનની ભાવનાઓની સૃષ્ટિમાં વ્યક્ત થતું તત્ત્વજ્ઞાન વૈદિક ધર્મ-દર્શન તેમજ બૌદ્ધ ધર્મ દર્શનમાં પણ ઓછે વત્તે અંશે જોવા મળે છે.

વૈદિક ધર્મ

વૈદિક ધર્મના વેદ, સ્મૃતિ અને પુરાણ પ્રમાણભૂત મુખ્ય ગ્રંથો ગણાય છે. વેદ એટલે જાણવું. વેદ અપૌરુષેય માનવામાં આવે છે. એટલે કે કોઈ પુરુષે તેની રચના કરી નથી. અનાદિ નિત્ય છે. વેદના અનેક નામો છે. જેમકે, શ્રુતિ, અનુશ્રવ, નિગમ, આગમ વગેરે. આમ તો વેદ અનંત છે. પણ મહર્ષિ વ્યાસ અનુસાર મુખ્ય ચાર વેદ છે. ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. વેદમાં બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો વગેરેનો સમાવેશ થાય છે. ત્યારબાદ વૈદિક જ્ઞાનના આધારે રચેલ ગ્રંથો સ્મૃતિ ગણાય છે. આ સિવાય રામાયણ, મહાભારત, શ્રીમદ્ ભગવદ્ ગીતા, પુરાણો વગેરે હિંદુ ધર્મના મુખ્ય ગ્રંથો ગણાય છે.

વૈદિક ધર્મમાં ભાવના

વૈદિક ધર્મના મુખ્ય ગ્રંથ એટલે ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ. આ ચારેય વેદમાં જૈનધર્મમાં બતાવેલ મૈત્રી, કરુણા, પ્રમોદ અને માધ્યસ્થ ભાવનાનો ધ્વનિ મુખરિત થયો છે. વેદ સૂત્રોમાં સૌના હિતની સામુદાયિક માગણી છે તે પણ એક પ્રકારની મૈત્રી ભાવના છે. સૌના કલ્યાણ માટે પ્રાર્થના કરવામાં આવી છે. દુઃખીજનો પર કરુણાભાવ, સૌની સાથે સમભાવ, સમાન વ્યવહાર તેમજ મન, વચન, કાયાથી યથાશક્તિ પરનું હિત જ કરો વગેરે ભાવોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. 'आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति।।' અર્થાત્ સર્વ જીવોને જે આત્મવત્ જુએ છે તેને જ સાચો દૃષ્ટા કહ્યો છે. આમ વેદની રુચાઓમાં અત્ર, તત્ર ચાર પરાભાવનાનો સુંદર દૃષ્ટિકોણ જોવા મળે છે.

હિંદુ ધર્મની તમામ સ્મૃતિઓમાં મનુ સ્મૃતિ સર્વપ્રથમ સ્મૃતિ ગણાય છે. મનુસ્મૃતિમાં ધર્મભાવનાનું સુંદર નિરૂપણ જોવા મળે છે. જેમાં કહ્યું છે કે, પિતા, માતા, પુત્ર, પત્ની તથા સગાં પરલોકમાં સહાયક થતાં નથી, કેવળ ધર્મ જ સહાયક થાય છે. જીવ એકલો જ જન્મે છે અને એકલો જ મૃત્યુ પામે છે. એકલો જ પાપ-પુણ્યનું ફળ ભોગવે છે. ધર્મ જ જીવની પાછળ પાછળ જાય છે માટે હંમેશાં ધર્મનો સતત સંચય કરવો જોઈએ.

પુરાણોમાં ત્રણ પ્રકારની ભાવનાઓ બતાવી છે, જેમ કે (૧) બ્રહ્મભાવના (૨) કર્મભાવના અને (૩) ઉભયાત્મિકાભાવના. આ ઉપરાંત વિષ્ણુપુરાણમાં મૈત્રી ભાવનાનો મર્મ સમજાવતાં કહ્યું છે કે જે પાપી પ્રત્યે પણ પાપાચરણ કરતો નથી અને કઠોર પ્રત્યે પણ પ્રિયવચન વ્યવહાર કરે છે તે પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રીભાવથી દ્રવિત અંતઃકરણવાળાને મુક્તિ પોતાના હાથમાં છે. આમ પુરાણોમાં મૈત્રી આદિ ભાવનાઓનું રસમય વર્ણન પ્રાપ્ત થાય છે.

હિંદુ ધર્મના મહત્ત્વના ગ્રંથ 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં પણ અનિત્ય આદિ ભાવનાઓનું બીજ સ્વરૂપ જોવા મળે છે. શરીરની ક્ષણભંગુરતા બતાવી અનાસક્ત બનવાનું કહ્યું છે. સંસારની વ્યર્થતા, વિચિત્રતા વિષે પણ હિંદુ ધર્મગ્રંથોમાં ઊંડું ચિંતન થયું છે. મહાકાવ્ય સમાન મહાભારતમાં સંસાર ભાવનાનું સ્વરૂપ બતાવતાં કહ્યું છે કે, જ્યારે ધન નષ્ટ થઈ જાય, ત્યારે આ સંસાર કેવો દુઃખમય છે એમ વિચારીને મનુષ્યે શોકને દૂર કરવાવાળા શમ-દમ આદિ સાધનોનું અનુષ્ઠાન કરવું જોઈએ. ગીતામાં અન્યત્વ ભાવનાનો સુંદર પ્રતિઘોષ સંભળાય છે. શરીર અને આત્માની ભિન્નતાનું એમાં વર્ણન મળે છે. જ્યારે વેદ વ્યાસે મહાભારતમાં એકત્વ ભાવનાનું સ્વરૂપ બતાવતા કહ્યું છે કે હું એકલો છું, કોઈ મારા નથી, અને હું કોઈનો નથી. આ શરીર પણ મારું નથી અને આ પૃથ્વી પણ મારી નથી. આમ હિંદુ ધર્મના ગ્રંથોમાં અત્ર, તત્ર, અનિત્ય આદિ બાર ભાવનાનું સ્વરૂપ દૃષ્ટિગોચર થાય છે.

ષટ્દર્શનમાં ભાવના

વૈદિક યુગ પછી દર્શનોની ઉત્પત્તિ થઈ. છ જુદાં જુદાં શાસ્ત્રો સૂત્ર આકારે રચાયા, જે ષડ્દર્શન કહેવાય છે. જેમ કે (૧) સાંખ્યદર્શન જેના પ્રણેતા કપિલઋષિ છે. સાંખ્યદર્શન અનુસાર આત્મા કુટસ્થ નિત્ય છે. પરંતુ પ્રકૃતિ અનિત્ય છે. સંસારલીલાની સર્જક છે. પ્રકૃતિના સંયોગથી સંસાર અને વિયોગથી મોક્ષ પ્રાપ્તિ બતાવી છે. અનિત્ય એવી પ્રકૃતિમાં અનિત્ય ભાવનાનું પ્રતિબિંબ પડે છે. (૨) યોગદર્શન પાતંજલિએ રચેલું છે. યોગદર્શનમાં ચિત્તની શુદ્ધિ માટે મૈત્રી આદિ ચાર ભાવનાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જેમ કે સુખી જીવો પ્રત્યે મૈત્રી, દુઃખીજનો પ્રત્યે કરુણા, પુણ્યવાનના વિષે મુદિતા અને નિષ્પુણ્યવાન જનોના વિષે ઉપેક્ષા ભાવવાથી ચિત્ત પ્રસન્ન બને છે તેમજ સુખ, દુઃખ, પુણ્ય અને પાપ વિષયક મૈત્રી આદિનું પરિશીલન કરવાથી ચિત્તની વિશુદ્ધિ થાય છે, ચિત્તવૃત્તિનો નિરોધ થાય છે, અને ચિત્તવૃત્તિનો નિરોધ એ જ યોગ છે. આમ યોગ વિશારદોએ પણ ચાર ભાવનાઓને યોગના એક અંગ તરીકે સ્વીકારેલ છે. (૩) વૈશેષિક દર્શનના પ્રણેતા કણાદ છે, જ્યારે (૪) ન્યાય દર્શનના ગૌતમઋષિ છે. બંનેના સિદ્ધાંતોમાં ભેદ નથી. વૈશેષિક દર્શનમાં તત્ત્વજ્ઞાનને ભાવનાના સ્વરૂપમાં બતાવ્યું છે. જેમ કે તત્ત્વજ્ઞાનથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. તત્ત્વજ્ઞાનથી મોહ નાશ પામે છે, મોહનો નાશ થવાથી આસક્તિ દૂર થાય જેથી નિરાસક્ત પુરુષ નિષ્કામ કર્મ કરી શકે છે. અને આ પ્રમાણે કર્મ કરનાર અંતે મુક્તિ પામે છે. તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ માટે શ્રવણ, મનન, નિદિધ્યાસન અને સાક્ષાત્કાર આ ચાર અંગ બતાવ્યા છે. તે પહેલાં જીજ્ઞાસા અને શ્રદ્ધા હોવી પણ જરૂરી છે. વસ્તુના યથાર્થરૂપનું જ્ઞાન થવું તેનું નામ આત્માનો સાક્ષાત્કાર કરવો એ જ છે. આમ આ દર્શનમાં જ્ઞાનભાવના અને દર્શનભાવના ફલિત થાય છે. (૫) પૂર્વ મીમાંસા જૈમિની રચિત અને ઉત્તરમીમાંસા બાદરાયણ વ્યાસ રચિત સૂત્રો છે. ઉત્તરમીમાંસાનું બીજું નામ વેદાંત છે. આ સૂત્રમાં વેદાંત સાધનાનું રહસ્ય સમજાવતાં કહ્યું છે કે, માનવચિત્તનું બંધારણ એવું છે કે જેનું ચિંતન મનમાં કરે તેનો તે આકાર ધારણ કરે છે. આ રીતે ચિત્ત જીવનભર અનેકવિધ અનાત્મકાર તત્ત્વનો અભ્યાસ કરે છે. જ્યારે સાધનામાં આ ક્રિયા ઉલટાવાની હોય છે. આત્માકાર વૃત્તિનો ત્યાગ કરી ચિત્તમાં આત્માકાર વૃત્તિનો અભ્યાસ કરવાનો હોય છે. આત્માકાર વૃત્તિના વારંવાર કરાતા અભ્યાસને નિદિધ્યાસન કહે છે. નિદિધ્યાસનથી સાધક આત્મપ્રાપ્તિની દિશામાં ગતિ કરે છે અને ચિત્તની શુદ્ધિ થાય છે. નિદિધ્યાસનને જ જૈન દર્શનમાં ભાવના કહી છે. જેના અભ્યાસથી જ ચિત્તની શુદ્ધિ થાય છે. એવી રીતે વેદાંત દર્શનમાં પણ ભાવનાના અભ્યાસથી જ ચિત્તની શુદ્ધિ થાય છે. આમ વેદાંત દર્શનમાં પણ ભાવનાના સ્વરૂપનું ગૂઢ રહસ્ય મળે છે.

બૌદ્ધધર્મ-દર્શનમાં ભાવના

બૌદ્ધદર્શનના સ્થાપક તથાગત ગૌતમ બુદ્ધ છે. ધમ્મપદ, સુત્તનિપાત, સંયુત્તનિકાય, વિસુદ્ધમગ્ગો, બોધિચર્યાવતાર, શિક્ષા-સમ્મુચ્ચય વગેરે બૌદ્ધદર્શનના મુખ્ય ગ્રંથો છે. 'વિસુધ્ધમગ્ગો'ના નવમા પરિચ્છેદમાં બ્રહ્મવિહારનું વર્ણન આવે છે. બ્રહ્મ એટલે જીવલોક અને વિહાર એટલે સમસ્ત જીવસૃષ્ટિ સાથે પ્રેમસભર વૃત્તિઓ કેળવવી. આ વૃત્તિઓ એટલે મૈત્રી આદિ ચાર ભાવનાઓ છે. ચિત્તની આ ચાર સર્વોત્કૃષ્ટ અને દિવ્ય અવસ્થાઓ બતાવી છે. જેને બ્રહ્મવિહાર કહે છે. ચિત્તવિશુદ્ધિના આ ઉત્તમ સાધન છે. જીવો પ્રત્યે કેવા પ્રકારનો સમ્યક્વ્યવહાર કરવો જોઈએ એનું વિવરણ કરવામાં આવ્યું છે. જો સાધક ચાર બ્રહ્મવિહારોની ભાવના ભાવે તો તેને સમ્યક્ પ્રતિપતિ થાય છે. સંક્ષેપમાં ચાર બ્રહ્મવિહારો દ્વારા રાગ, દ્વેષ, ઈર્ષ્યા વગેરે ચિત્તના મલોનું પ્રક્ષાલન થાય છે. યોગના અન્ય પરિકર્મ (કર્મસ્થાન) કેવળ આત્મહિતના સાધન છે. જ્યારે આ ચાર બ્રહ્મવિહાર પરહિતના પણ સાધન છે; કારણ કે તે સર્વ જીવોને નિર્દોષ દૃષ્ટિએ જોતાં શીખવે છે. આમ આ પરિચ્છેદમાં ચાર બ્રહ્મવિહાર અને જૈન દર્શન અનુસાર ચાર ભાવનાનું સુંદર રીતે પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

તેવી જ રીતે જૈન દર્શનમાં દર્શાવેલ બાર ભાવનાઓનું સ્વરૂપ બીજરૂપે બૌદ્ધ દર્શનમાં પણ અત્રતત્ર નિરૂપણ થયેલ છે. જેમ કે 'ધમ્મપદ' ગ્રંથમાં અનિત્ય ભાવનાનો મર્મ દર્શાવતાં કહ્યું છે કે, બધું જ અનિત્ય છે. ક્ષણિક છે. પુત્ર, સંપત્તિ વગેરેને પોતાનું માનનાર મૂર્ખ મોહવશ દુઃખ પામે છે. કારણ કે જ્યાં શરીર જ પોતાનું નથી ત્યાં પુત્ર, ધન વગેરે પોતાના કેવી રીતે હોય? એવી જ રીતે અશરણ ભાવનાનું રહસ્ય દર્શાવતાં કહ્યું છે કે, જેમ કે ભયથી ડરેલા મનુષ્યો પર્વત, વન, સાધુના મઠ, ચૈત્ય આદિના શરણે જાય છે. પરંતુ ત્યાં જવાથી મનુષ્યના સર્વ પ્રકારના દુઃખો છૂટી શકતા નથી. પરંતુ જે ધર્મને શરણે જાય છે તે દુઃખથી મુક્ત થઈ શકે છે. તેમજ પ્રસ્તુત ગ્રંથમાં અશુચિ ભાવના, લોકભાવના, બોધિદુર્લભ ભાવના અને ધર્મભાવનાનું સ્વરૂપ સ્પષ્ટ રીતે આલેખાયું છે. તેમજ અન્ય બૌદ્ધ ગ્રંથોમાં ચાર બ્રહ્મવિહાર અર્થાત્ મૈત્રી આદિ ચાર ભાવનાનું વિવરણ કરવામાં આવ્યું છે.

અન્ય ધર્મ દર્શનમાં ભાવનાનું સ્વરૂપ

ભારતીય સંસ્કૃતિમાં બીજી અનેક સંસ્કૃતિઓ ભળી અને એકરૂપ બની ગઈ છે. દરેકને પોતાની ઈચ્છા મુજબ ધર્મ પાળવાની છૂટ છે. ખ્રિસ્તીધર્મ, ઈસ્લામધર્મ, પારસીધર્મ વગેરે વિશ્વના

કોઈપણ ધર્મ પાળી શકે તેવી ધર્મ સહિષ્ણુતા ભારતીય ધર્મ–દર્શનમાં છે. માટે જ દરેકના ધર્મ-દર્શન ભિન્ન હોવા છતાં તેના સિદ્ધાંતોમાં ઘણી બધી સામ્યતા દેખાય છે. એટલે જ જૈનદર્શનમાં દર્શાવેલ ભાવનાનું સ્વરૂપ બીજરૂપે અન્ય ધર્મ-દર્શનમાં પણ જોવા મળે છે જેમકે,

(૧) ઈસ્લામ ધર્મમાં ભાવના

ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મહંમદ પયગંબર છે. ઈસ્લામનો અર્થ શાંતિ, સલામતી, પરમેશ્વરના શરણે જવું એવો થાય છે. ઈસ્લામ ધર્મનો મુખ્ય ગ્રંથ કુરાને શરીફ છે. કુરાને શરીફમાં પ્રાણીમાત્ર પ્રત્યે ભ્રાતૃભાવ અને પ્રેમપૂર્વક રહેવાની વાત કરી છે. જે મૈત્રીભાવનાને પૃષ્ટ કરે છે. કુરાનમાં પાંચ પવિત્ર કાર્યો દર્શાવ્યા છે. (૧) કલમો (૨) નમાજ (૩) રોજા (૪) જકાત અને (૫) હજ. જકાત એટલે દાન ખેરાત. આ કર્તવ્યમાં કરુણાભાવના જોવા મળે છે. નમાજથી ચિત્તની શુદ્ધિ થાય છે. રોજા એટલે પવિત્ર જીવન જીવવાની પ્રવૃત્તિ જે સંવર ભાવનાને પૃષ્ટ કરે છે. કલમો એટલે મંત્રનું પઠન, જ્ઞાન ભણવું, જેને જ્ઞાનભાવના કહી શકાય. એવી જ રીતે મૃત્યુ સમયે દરેકને પોતાના કરેલા કર્મોનું ફળ મળશે. સત્કર્મ કર્યા હશે તેને સ્વર્ગ મળશે. તેમજ ઈસ્લામ ધર્મ આત્માની અમરતા અને સંસારની ક્ષણભંગુરતામાં માને છે. કયામત, અલ્લાહ વગેરેમાં શ્રદ્ધા ધરાવે છે. આમ જૈનદર્શનની બાર ભાવનાનું મૌલિક તત્ત્વ અહીં ભાવાર્થરૂપે ફલિત થાય છે.

(૨) ખ્રિસ્તી ધર્મમાં ભાવના

ખ્રિસ્તી ધર્મના સ્થાપક ઈસુ ખ્રિસ્ત છે. બાઈબલ ખ્રિસ્તી ધર્મનો મુખ્ય ગ્રંથ ગણાય છે. દીન દુ:ખી અને દર્દથી પીડિત લોકોની સેવા કરવી વગેરે ઉત્તમ કાર્યોના કારણે આ ધર્મને વિશ્વમાં ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત થયું છે. આ ઉપરથી કહી શકાય કે, મૈત્રી, કરુણા, વગેરે ભાવનાઓના મૂળ આ ધર્મમાં પણ રહેલાં છે. ખ્રિસ્તી ધર્મના મુખ્ય બે વર્ગ છે (૧) ખ્રિસ્તી અને (૨) યહૂદી. બંને માટે પવિત્ર કરારો છે. બાઈબલમાં શ્રદ્ધા, આશા અને ઉદારતા આ ત્રણ બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. પ્રભુ ઉપર શ્રદ્ધા રાખો તો તમારું કામ થઈ જશે. ધર્મીને ધર્મપાલનનું ફળ અને દુષ્ટને દુષ્ટતાનું ફળ મળે છે. બીજા પ્રત્યે માયાળુ બનો અને દાન કરો. વૈરી સાથે પણ પ્રેમભાવના રાખો. પૈસો તમને શાંતિ નહિ આપે પણ ધર્મ તમારું રક્ષણ કરશે વગેરે. આ પવિત્ર કરારોમાં જૈન દર્શનની ભાવનાઓનું પ્રતિબિંબ જોવા મળે છે.

(૩) પારસી ધર્મમાં ભાવના

પારસી ધર્મના સ્થાપક અષો જરથુષ્ટ્ર છે. જરથુસ્તી ધર્મ એક જ ઈશ્વરમાં માને છે એ અહુરમઝદના નામે ઓળખાવે છે. આ ધર્મની મુખ્ય આજ્ઞાઓ છે. જેમ કે, ભલાઈ, પરોપકાર, સેવા, દાન, નિષ્કામ શ્રેયના કાર્યો કરવા. તેમજ મન, વચન અને કર્મથી શુદ્ધ બનવાનું કહ્યું છે. ધનને સમાજ ઉપયોગમાં લોકકલ્યાણ અર્થે વાપરવાનું કહ્યું છે. શરીર કરતાં આત્મા ઉપર ઘણું ધ્યાન આપવાનું ફરમાન કર્યું છે. મૂંગા પ્રાણીઓ પ્રત્યે કરુણા ભાવ રાખવો. વૈરીને વહાલ કરો તેમજ પરધર્મ સહિષ્ણુતા આ ધર્મમાં સહજ જોવા મળે છે. ગુણીયલ સ્ત્રીનું માન-સન્માન કરવું આ ધર્મમાં બતાવ્યું છે તેમજ જનસેવાને ઈશ્વરપ્રાપ્તિનો માર્ગ ગણ્યો છે. આમ મૈત્રી, કરુણા, પ્રમોદ વગેરે ભાવો આ ધર્મમાં ઉજાગર થયા છે.

(૪) શીખધર્મમાં ભાવના

શીખ ધર્મના સ્થાપક ગુરુ નાનક છે. તેમનો મુખ્ય ગ્રંથ 'ગુરુગ્રંથ સાહેબ' છે. આ ગ્રંથમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, શુદ્ર અને મુસ્લિમ દરેકના સંતજનોની વાણીને સ્થાન આપ્યું છે. આવી આધ્યાત્મિક ઉદારતા જ મૈત્રીભાવના સૂચવે છે. શીખધર્મના મૂળમંત્રમાં શીખધર્મનું સમગ્ર ધર્મતત્ત્વ આવી જાય છે. '૧ઉઁકાર સત્નામ કર્તાપુરુષ, નિર્ભય, નિર્વૈર, અકાલ, મૂર્ત, અયોની, સ્વયંભૂ, ગુરુપ્રસાદ.' આ મૂળમંત્રના ભાવાર્થમાં જૈન-દર્શનની બાર ભાવનાનો ધ્વનિ પણ મુખરિત થાય છે. આ મંત્રનું પ્રત્યેક શીખ પાંચ વખત રટણ કરે છે. તેવી જ રીતે 'વાહિ ગુરુ'નો જપ કરે છે. નામ જપ જીવન, આચાર અને વિચારને નિર્મળ કરે છે. નામ જપથી સાધકને અંતઃકરણનો નાદ સંભળાય છે અને નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ થાય છે. એનું ચિત્ત નિમળ બને છે અને અંતે પરમાત્મા સાથે એકાકાર થાય છે. નામ જપ અને મંત્રથી ભાવિત સાધક સત્, ચિત્ આનંદ રૂપની અનુભૂતિ કરે છે. ✶✶

સંતોની વાણીમાં ભાવનાનું સ્વરૂપ

(૧) સંત કવિ કબીર

સંત કબીર અદ્વૈત વેદાંતના સર્વશ્રેષ્ઠ કવિ ગણાય છે. એમનું સાહિત્ય સાખી, પદ, દોહા વગેરેમાં જોવા મળે છે. કબીરે પોતાના સાહિત્યમાં આધ્યાત્મિક ભાવોનું સુંદર નિરૂપણ કર્યું છે. જેમ કે જીવનની અનિત્યતા. આ દર્શાવતા કહે છે કે,

પાની કેરા બુદબુદા, યહ મનુષ્ય કી જાત,
એક દીન છીપ જાગેયા, જ્યો તારા પ્રભાત.'

કબીરે આ સાખી મંત્રમાં મનુષ્યના જીવનને પાણીના પરપોટા જેવું બતાવ્યું છે. જેમ પાણીનો પરપોટો બને અને તરત જ ફૂટી જાય એવું ક્ષણિક મનુષ્યનું જીવન છે. સવાર પડતાં જ ચમકતા

તારા લુપ્ત થઈ જાય છે. તેમ સમય આવતા મનુષ્યનું જીવન પૂરું થઈ જાય છે. માટે જલદીથી ચેતીને સદ્કાર્યો કરવા જોઈએ. આ સાખીમાં અનિત્ય ભાવનાના ભાવો સહેજે સ્ફૂરિત થાય છે. તેવી જ રીતે કબીરના અન્ય સાહિત્યમાં પણ સંસારની અસારતાનું વર્ણન, ધર્મનું સ્મરણ, મૈત્રીભાવ, મધ્યસ્થભાવ, પ્રેમભાવના વગેરે જોવા મળે છે જે બાર ભાવના તેમજ મૈત્રી આદિ ભાવનાના મર્મને દર્શાવે છે.

(૨) મીરાંબાઈ

મીરાંબાઈની કૃષ્ણભક્તિ અજોડ હતી. કૃષ્ણને તેઓ પ્રિયતમ ગણતા. તેમનું સાહિત્ય ભજનો અને પદાવલી રૂપે લખાયું છે. જે વ્રજભાષામાં અધિક મળે છે. આ ભજનોમાં પરમાત્મા તરફનો શુદ્ધ ભક્તિભાવ જોવા મળે છે. તેમજ દુન્યવી સંસારનું સુખ અલ્પ ગણી જન્મોજન્મ પ્રભુનો સાથ માગે છે. જેમ કે,

સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું,
તેને ઘેર શીદ જઈએ રે મોહન,
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો,
રાંડવાનો ભય ટળ્યો રે, મોહન.

આ પંક્તિમાં મીરાબાઈ સંસારનું સુખ કેવું હોય તેની વાત કરે છે કે, સંસારીનું સુખ તો ક્ષણિક હોય છે, પાછું દુઃખ આવે છે. તો પછી આવા સંબંધ શા માટે જોડવા. એના કરતાં અખંડ સૌભાગ્ય અર્થાત્ શાશ્વત સુખ મળે એવા પ્રીતમ પ્રભુ સાથે પરણું તો દુઃખરૂપી રંડાપો ટળી જાય. આમ મીરાબાઈએ આ ભજનમાં સંસારી ભાવનું સુંદર ચિત્રણ બતાવ્યું છે જે સંસારભાવનાને ઉજાગર કરે છે. એવી જ રીતે એમની પદાવલીમાં સંસારની અનિત્યતાનું, 'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઈ' આ પદમાં અશરણ ભાવનાનું, 'પાયોજી મૈને રામ રતન ધન પાયો, વસ્તુ અમોલિક, દી મેરે સદ્ગુરુ.' આ પદમાં બોધિ દુર્લભ ભાવના વગેરેની પ્રતિછાયા જોવા મળે છે.

(૩) નરસિંહ મહેતા

આદ્ય ભક્તકવિ નરસિંહ મહેતા કૃષ્ણભક્ત હતા. તેમના ભક્તિ રસથી ભરેલાં ભજનો અને કાવ્યો સાહિત્ય જગતમાં અગ્રસ્થાન ધરાવે છે. તેમના ભજનોમાં ભક્તિ સાથે તત્ત્વજ્ઞાન પણ રહેલું છે. જે હૃદય અને બુદ્ધિ બન્નેને સ્પર્શે છે.

એમના ભજનો અને કાવ્યોમાં અનિત્ય આદિ ભાવનાનું બીજસ્વરૂપ અત્ર તત્ર જોવા મળે છે. જેમકે,

'જ્યાં લગી આતમા-તત્ત્વ ચીન્યો નહિ,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી,
માનુષાદેહ તારો એમ એળે ગયો,
માવઠાનો જેમ વૃષ્ટિ વૂઠી.'

આ પંક્તિમાં નરસિંહ મહેતાએ શરીરથી ભિન્ન એવા આત્માની વાત કરી છે કે જ્યાં સુધી આત્મતત્ત્વને ઓળખ્યું નથી ત્યાં સુધી બધી જ સાધના નકામી છે. મનુષ્યભવ પણ નકામો ગયો એમ સમજવું, જેમ માવઠામાં વરસાદ પડે, પણ ત્યારે એ વરસાદ તો કોઈ કામનો નથી હોતો. એમ શરીર અને આત્માનું ભેદજ્ઞાન ન થાય ત્યાં સુધી બધી જ સાધના નકામી છે. આમ તત્ત્વજ્ઞાન સાથે અન્યત્વ ભાવનાનું દર્શન કરાવ્યું છે. એવી જ રીતે 'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે.' આ પક્તિમાં મૈત્રીભાવનાનો મર્મ સ્પષ્ટ રીતે જોવા મળે છે. 'સુખ સંસારી મિથ્યા કરી માનજો, કૃષ્ણ વિના બીજું સર્વ કાચું.'

આ પંક્તિમાં પણ અશરણભાવનાનો પડઘો જોવા મળે છે.

(૪) અખો ભગત

અખાને વેદાન્ત કવિ શિરોમણી માનવામાં આવે છે. તેમની વાણી સત્યની તલવાર જેવી છે, જેમાં સૂર્યની જેમ પ્રકાશ અને ઉષ્મા બને છે. અખાના કાવ્યમાં તત્ત્વજ્ઞાન પણ જોવા મળે છે. અખાએ પદાર્થની અનિત્યતાનું સુંદર વર્ણન કરતાં કહ્યું છે કે,

આકાશ વિષે જેમ આભ્ર નાનાં થાય જાય પાછા ફરી
નીલ પીત ને શ્યામ ઉજ્જવલ રક્ત ભાવ અનંત,
વિચિત્ર પેરે વલસે વળી ત્યાંહાં જ આવે અંત.'

અખાએ આ પંક્તિમાં આકાશમાં રચાતા વિવિધ વાદળની વાત કરી છે. જેમ કે આ વાદળ ક્યારેક નાના, તો ક્યારેક મોટા, નીલા, પીળા અને શ્યામ રંગના જોવા મળે છે અને ત્યાં તો જરાકવારમાં આ રંગબેરંગ વાદળનો નાશ પણ થઈ જાય છે. આમ સંસારની પ્રત્યેક વસ્તુ નાશવંત છે એવા તત્ત્વજ્ઞાનનો બોધ કરાવ્યો છે.

વળી પલકે પલકે પલટે ઢંગ એ તો અખા માયાના ઢંગ.' આ પદમાં પણ સંસારની મોહમાયાનું સ્વરૂપ સમજાવતાં કહે છે કે, સંસારની માયા તો પળે પળે પલટાઈ જાય છે. સંસારમાં સુખ દુઃખ તો આવ્યા જ કરે છે. કાયમ સુખ રહેતું નથી માટે સંસારની મોહમાયાનો ત્યાગ કરી પ્રભુ સ્મરણ કરવું જોઈએ. આમ અખાના સાહિત્યમાં પણ અનિત્ય ભાવના, સંસાર ભાવના આદિ ભાવનાઓનું બીજસ્વરૂપ જોવા મળે છે.

આ સિવાય સંત તુકારામ, સંત જ્ઞાનેશ્વર, ગંગાસતી, ભોજો ભગત, સંત એકનાથ વગેરેના સાહિત્યમાં પણ ભાવનાનું સ્વરૂપ બીજરૂપે ગુંથાયેલું છે.

ભાવનાના આ વિરાટ આકાશને જોયા પછી આપણે પણ એનું ચિંતન કરી અને આત્મકલ્યાણ સાધવાના સોપાનો પર આગળ વધીએ એ જ મંગલ ભાવના.

✶ ✶ ✶

ઉપસંહાર

□ સંપાદિકાઓ

ભાવના કર્મક્ષય માટે ઉપયોગી છે તેનાથી આવતા કર્મો અટકે છે અને કર્મ ખપી જતા ભવોનો પણ નાશ થઈ જાય છે. ધર્મ કરવા માટે, ઉત્થાન પ્રગતિ કરીને ઉત્તમ સદ્‌ગતિ પ્રાપ્ત કરવા માટે, મોક્ષ મેળવવા માટે, તીર્થંકરની પદવી મેળવવા માટે પણ ભાવના ઉપયોગી થાય છે.

ભાવનાનું સૌથી જમા પાસું એ છે કે સ્વસ્થ રહેવામાં પણ મદદ કરે છે. અમારા એક સ્વાધ્યાયી ભાઈ રશ્મિભાઈ ઝવેરીને બ્લડ કેન્સર થયું હતું. એ કેન્સર એમણે અનુપ્રેક્ષા (ભાવના)ની સાધના કરીને મટાડ્યું હતું.

આમ ભાવના વિવિધ રીતે ઉપયોગી છે.

વર્તમાન સમયે ભાવના–સાંપ્રત સમયમાં ભાવનાની જરૂરિયાત

વર્તમાને માનવી સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી યંત્રવત્ દોડી રહ્યો છે. એના જીવનના શબ્દકોશમાંથી શાંતિ, નિરાંત, સુખ આદિ શબ્દોએ તો ક્યારનો દેશવટો લઈ લીધો છે. ત્યારે પ્રશ્ન થાય કે આ બધી દોટ કોના માટે? સુખ માટે, સમૃદ્ધિ માટે કે સંપત્તિ માટે? કદાચ યંત્રયુગમાં સમૃદ્ધિ સંપત્તિ મળી જાય પણ જીવન તો યંત્રવત્ જ બની જાય છે. અને સુખ-શાંતિ-ચેન તો હરાઈ જ જાય છે. બધા પાસે જવાબ માંગશું તો કોઈ પાસેથી સો ટકા સુખીપણાનો જવાબ નહિ મળે. કોઈને માનસિક કે કોઈને શારીરિક દુ:ખ પીડતું જ હશે ત્યારે એક કવિની પંક્તિઓ કાનમાં ગુંજે છે.

તાણ...સતત તાણ લઈને જીવું છું,
વેદનાનું એક પરિમાણ લઈને જીવું છું;
લાગું છું બહારથી શાંત ભલે પણ,
ભીતરમાં કંઈ કેટલા રમખાણ લઈને જીવું છું.

આ સતત તાણનું કારણ એ છે કે બાહ્ય વિશ્વમાં જેટલી ઝડપથી પરિવર્તન થયું છે એટલી ઝડપથી આંતરિક જગતમાં પરિવર્તન નથી થયું. જેથી સમતુલન ખોરવાયું છે. હજારો રૂપિયા ખર્ચીને લાવેલા સાધનો કામચલાઉ આનંદ આપે છે. એક સાધન આવે પછી બીજા સાધનની અભિલાષા જાગે છે પછી એની તૃપ્તિની દોડધામ ચાલુ થાય છે. એમાં આંતરિક જગતનો વિકાસ ભૂલાઈ જાય છે અને જીવનતંત્ર પણ ખોરવાય છે. જીવન યંત્રવત્ બની જતાં પોતાની પ્રાણ–ચેતનાનું અસ્તિત્વ પણ વિસરાઈ જાય છે. યંત્રવત્ જીવનથી મુક્તિ મેળવીને ચેતનતત્ત્વને ઓળખવા માટે જરૂર છે ભાવનાનું ચિંતન.

ભાવનાના ચિંતનથી ખ્યાલ આવશે કે આપણી આ જે દોડાદોડ છે તે કેટલે અંશે યોગ્ય છે? એ માટે ભાવનાનું સ્વરૂપ જાણીને એ ભાવનાઓ આપણને કેવી રીતે ઉપયોગી થાય છે એની વિચારણા કરવી જરૂરી છે. પછી આપણી રોજિંદી ઘટમાળનું પૃથક્કરણ કરીને એક ધ્યેય નક્કી કરવાનું છે. ભાવનાનું આપણા જીવનમાં અનુપમ સ્થાન હોય તો જ એના આધારે આપણે ધ્યેય નક્કી કરી શકીએ છીએ. સંપત્તિ માટેની સતત દોડધામ પછી પણ નિષ્ફળ જઈએ. સ્વજનો પણ આપણાથી મોં ફેરવી લે ત્યારે આ સંસારની અનિત્યતાનું ભાન થાય છે. યૌવનાવસ્થાથી વૃદ્ધાવસ્થા તરફ સરકતા પરિવર્તનશીલ જગતની અનુભૂતિ થાય છે. માંદગી આદિમાં સ્વજન પણ શરણભૂત નથી થઈ શકતા ત્યારે લાચારીનો અનુભવ થાય છે. સાથે સાથે સાંસારિક બધા સંબંધો પણ નિરર્થક છે એનો અહેસાસ થઈ જાય છે. પોતે આ જગતમાં એકલો છે. બીજા બધા અન્ય છે તો પછી બધા માટે આટલી દોડધામ શા માટે એવો વિચાર આવ્યા વગર રહેતો નથી. બીજું તો શું જે પોતાની સાથે સદાય સાથે રહે છે એ શરીર પણ અશુચિનો ભંડાર છે અને એને કેટલું પણ સ્વચ્છ કરવાનો પ્રયત્ન કરીએ પણ અંદર રહેલા લોહી, મળ, મૂત્ર વગેરે શરીરને અસ્વચ્છ કર્યા જ કરે છે. તેમજ રોગોનું ઘર પણ બનાવે છે. માટે એના લાલનપાલનને બદલે એને સાધન બનાવીને કામ કઢાવી લેવું વધારે યોગ્ય છે. મને આવું શરીર કેમ મળ્યું એના પર વિચારણા કરતાં ખ્યાલ આવે છે કે મારી જ ભૂલને કારણે રાગદ્વેષને કારણે કર્મપ્રવાહ આવે છે અને જીવ દુ:ખી થાય છે. એનાથી બચવા કર્મપ્રવાહ અટકાવવા સંવર ભાવના ભાવવાની છે. પછી જમા થયેલા કર્મોને નિર્જરા દ્વારા દૂર કરવાના છે. ધર્મભાવનાથી ભાવિત થઈને લોકમાં મારું સ્થાન શું છે એવા બોધને પ્રાપ્ત કરીને સાંસારિક સુખો માટેની દોડધામ અટકાવીને પરમસુખ મેળવવા માટેનો પુરુષાર્થ કરવાનો છે. તો જ આ ભાવનાનું જ્ઞાન પરમ લાભદાયી, સુખદાયી, શાંતિદાયી બની શકશે.

✶ ✶ ✶

સંદર્ભ સૂચિ

નવ તત્ત્વમાંના સંવર તત્ત્વમાં બાર ભાવના વિશે વિચારણા છે. એ જાણીને ભાવના વિશે જાણવા માટે અમે કોબા મહાવીર આરાધના કેન્દ્રમાં આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિ ગ્રંથાગારની મુલાકાત લીધી ત્યારે ભાવના વિશેનું સાહિત્ય જોઈને અમને અમારી કૂપમંડુકતાનું ભાન થયું. કૂવામાં રહેલા દેડકાને થાય કે હું જ્યાં રહું છું ત્યાં જ ખૂબ પાણી છે. પરંતુ એને દરિયામાં મૂકવામાં આવે ત્યારે અધધધ...પાણી જોઈને શું હાલત થાય એવી હાલત અમારી થઈ ગઈ.

ત્યાં અંદાજથી ૧૪૦૮ કૃતિઓ હતી. તેમાં ૭૭૭ પદ્ય કૃતિઓ હતી અને ૪૪૨ ગદ્ય કૃતિઓ હતી તેમજ કેટલીક કૃતિઓ અપ્રકાશિત હતી. ભાવના પર શાંત સુધારસ જેવી વિવેચનવાળી ૫૦૦-૬૦૦ પાનાવાળી કૃતિઓ હતી. તો કેટલીક એક-બે પાનાવાળી કૃતિઓ પણ હતી. ભાવના પર સજ્ઝાય, ઢાળ કવ્વાલી, ગઝલ, છંદ વગેરે હતા. તેમજ પ્રત્યેક ભાવનાની અલગ અલગ સજ્ઝાયો હતી. અશાતા વેદનીયમાં શાતા મેળવવાની ભાવના, ભાવના કલ્પલતા, ભાવના ભરતી, દુહા પૂજા, ગંહુલી, ગીત, ભાવના એક રસાયણ– આમ એનું લિસ્ટ લખવા બેસું તો પાના ભરાય એટલી કૃતિઓ હતી. માનો કે ભાવનાનો દરિયો હતો–એ દરિયામાંથી કેટલાંક મોતીઓ પ્રાપ્ત થયા એને અહિં રજૂ કર્યા છે.

૧. શ્રી આચારાંગ સૂત્ર – શ્રી પ્રાણગુરુ ફાઉન્ડેશન
૨. શ્રી સૂયગડાંગ સૂત્ર – શ્રી પ્રાણગુરુ ફાઉન્ડેશન
૩. શ્રી સ્થાનાંગ સૂત્ર – શ્રી પ્રાણગુરુ ફાઉન્ડેશન
૪. શ્રી સમવાયાંગ સૂત્ર – શ્રી પ્રાણગુરુ ફાઉન્ડેશન
૫. શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર – શ્રી પ્રાણગુરુ ફાઉન્ડેશન
૬. શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર – શ્રી પ્રાણગુરુ ફાઉન્ડેશન
૭. યોગશાસ્ત્ર – અનુવાદક ખુશાલદાસ જગજીવનદાસ
૮. ધર્મબિન્દુ પ્રકરણ – હરિભદ્રસૂરિ રચિત
૯. આગમ સારોદ્ધાર – પંડિત દેવચંદ્રજી અને મહાત્મા ચિદાનંદજીકૃત
૧૦. અધ્યાત્મ કલ્પદ્રુમ – વિવેચક મોતીચંદ ગિરધરલાલ કાપડિયા
૧૧. યોગદૃષ્ટિ સમુચ્ચય – અનુવાદક ભગવાનદાસ મહેતા
૧૨. યોગબિન્દુ – અનુવાદક પંડિતવર્ય શ્રી પ્રવીણચન્દ્ર મોતા
૧૩. અધ્યાત્મસાર – યશોવિજયજી મ. સા. રચિત
૧૪. શાંતસુધારસ – વિનયવિજયજી મ. સા. રચિત
૧૫. ભાવનાશતક – શતાવધાની પંડિતરત્ન શ્રી રત્નચંદ્ર મ. સા.
૧૬. આત્મ ઉત્થાનનો પાયો – ચિંતક લેખક પ.પૂ. અધ્યાત્મયોગી અજાતશત્રુ અણગાર
૧૭. બારસ અણુવેક્ખા – કુંદકુંદાચાર્ય રચિત
૧૮. કાર્તિકેયાનુપ્રેક્ષા – સંપાદક પં. વિમલકુમાર જૈન
૧૯. જ્ઞાનાર્ણવ પ્રકાશક – શ્રી પરમસુખ પ્રભાવક મંડળ
૨૦. તત્ત્વાર્થ સૂત્ર – પંડિત સુખલાલજી
૨૧. તત્ત્વાર્થ રાજવાર્તિક – વાચક ઉમાસ્વાતિ વિરચિત
૨૨. પદ્મનંદી પંચવિંશતિ – આચાર્ય પદ્મનંદી વિરચિત
૨૩. મૂલાચાર – શ્રીમદ્ વટ્ટેકર વિરચિત
૨૪. બૃહદ સંગ્રહ – આચાર્ય નેમિચંદ વિરચિત
૨૫. ભાવના સૃષ્ટિ – ધીરજલાલ ટોકરશી શાહ
૨૬. દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિક – આચાર્ય શ્રી યશોવિજયસૂરિ
૨૭. જૈન બૌધ્ધ ઔર ગીતાકા સમાજ દર્શન
૨૮. ભારતીય દર્શનની રૂપરેખા – નર્મદાશંકર શાસ્ત્રી
૨૯. અખાની વાણી – સંપાદક સસ્તુ સાહિત્ય
૩૦. નરસિંહ મહેતાના ભજનો – શ્રી હરિસિધ્ધભાઈ દિવેટિયા
૩૧. મીરાંબાઈની પદાવલી – પરશુરામ ત્રિવેદી
૩૨. જ્ઞાનસાર પ્રકરણ – પ.પૂ.આ.ભ.શ્રી વિજયભદ્રગુપ્તસૂરિ મ.
૩૩. પુણ્ય પ્રકાશ સ્તવન – વિનયવિજયજી
૩૪. વેદાંતસાર – આચાર્ય બદરીનાથ શુક્લ
૩૫. ધમ્મપદ–ધર્મના પદો – પંડિત બેચરદાસ
૩૬. શ્રીમદ્ ભગવદ્ગીતા – સંપાદક સસ્તુ સાહિત્ય ભિક્ષુ અખંડઆનંદની પ્રસાદી
૩૭. કબીર – ડૉ. યુગેશ્વર
૩૮. બાર ભાવનાની સજ્ઝાય – સકલચંદ્ર મહારાજ વિરચિત
૩૯. હરિવિલાસ સ્તવનાવલિ – હરિસાગર મ. પ્રણિત
૪૦. શ્રી ગુરુગ્રંથ સાહિબ – પ્રકાશક ભુવનવાણી ટ્રસ્ટ
૪૧. કુરાનસાર – વિનોબા ભાવે
૪૨. ભાવે ધર્મ આરાધીએ – ડૉ ચિંતનમુનિ
૪૩. અમૂર્ત્ત ચિંતન – આચાર્ય મહાપ્રજ્ઞ
૪૪. ભાવનાયોગની સાધના – પ્રવચનકાર વિજયમુનિ શાસ્ત્રી
૪૫. ધર્મબીજ – મુનિરાજ તત્ત્વાનંદવિજયજી મ.
૪૬. ભાવનાયોગ એક વિશ્લેષણ – રાષ્ટ્રસંત આચાર્યશ્રી આનંદઋષિ
૪૭. ભગવદ્ ગોમંડલ – પ્રવીણ પ્રકાશન
૪૮. વિસુધ્ધમગ્ગો – સ્વામી દ્વારકાદાસ શાસ્ત્રી
૪૯. અમી સ્પંદન – સંકલન પ્રવીણચંદ્ર દવે
૫૦. ઈસ્લામ ઔર શાકાહાર – મુજફ્ફર હુસેન
૫૧. દીઘ્ઘનિકાયપાલિ – સ્વામી દ્વારકાદાસ શાસ્ત્રી
૫૨. સર્વધર્મ દર્શન – ગુણવંતભાઈ બરવાળિયા
૫૩. ભાવના ભવનાશિની – રાજશેખરસૂરિ
૫૪. બાર ભાવનાની સજ્ઝાય – જયસેન સકલચંદ્ર મ. સા. રચિત
૫૫. ભજન સંગ્રહ – બુધ્ધિસાગર સૂરિ મા.
૫૬. ભાવના ભવનાશિની – મુનિરાજ શ્રી અરુણવિજયજી મહારાજ
૫૭. જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની : બારભાવના – સુભાષ શેઠ

અધ્યારોપથી અપવાદ સુધીની નિજ યાત્રામાં પ્રથમ પગથિયું : અનિત્ય ભાવના

☐ ડૉ. દીક્ષા એચ. સાવલા

[ડૉ. દીક્ષાબહેન સાવલા મહિલા કૉલેજ, વિદ્યાનગરી હિંમતનગર (ગુજરાત)માં સંસ્કૃત વિભાગના આસી. પ્રોફેસર છે. જૈન ધર્મદર્શનના ઊંડા અભ્યાસી છે. પ્રભાવક વક્તા છે. તેમના પુસ્તકો પણ પ્રકાશિત થયા છે. તેઓ જ્ઞાનસત્રોમાં શોધ-નિબંધો રજૂ કરે છે.]

'ઈન ચિન્તત સમ સુખ જાગૈ જિમિ જ્વલન પવન કે લાગૈ
જબહી જિય આતમ જૈનૈ, તબહી જિય શિવસુખ ઠાનૈ.'

જેવી રીતે પવન લાગવાથી અગ્નિ એકદમ ભભૂકી ઉઠે છે, તેવી રીતે બાર ભાવનાઓનું વારંવાર ચિંતન કરવાથી સમતા (શાંતિ)રૂપી સુખ પ્રગટ થઈ જાય છે, વધી જાય છે. જ્યારે આ જીવ આત્મસ્વરૂપને જાણે છે ત્યારે પર પદાર્થોથી સંબંધ છોડીને પરમાનંદમય સ્વ-સ્વરૂપમાં લીન થઈને સમતારસનું પાન કરે છે. અને છેવેટ મોક્ષસુખને પ્રાપ્ત કરે છે. આ અધ્યારોપથી અપવાદના માયાવી જગતમાંથી પાર પડવા આપણે પ્રથમ ભાવના વિશે જોઇશું:

'અનિત્ય ભાવના'

જોબન ગૃહગો ધન નારી, હય ગય જન આજ્ઞાકારી;
ઈન્દ્રિય ભોગ છિન થાઈ, સુરધનુ ચપલા ચપલાઈ.

અર્થાત્ 'યુવાની, મકાન, ગાય, ભેંસ, ધન, ઝવેરાત, સ્ત્રી, ઘોડા, હાથી, કુટુંબી, નોકર અને પાંચ ઈન્દ્રિયોના વિષય એ બધી ચીજો ક્ષણિક છે. અનિત્ય છે–નાશવંત છે. જેમ ઈન્દ્રધનુષ્ય અને વીજળી વગેરે જોતજોતામાં વિલય થઈ જાય છે. તેમ આ જુવાની વગેરે પણ થોડા વખતમાં નાશ પામે છે. તે કોઈ પદાર્થ નિત્ય અને સ્થાયી નથી પણ નિજ શુદ્ધાત્મા જ નિત્ય અને સ્થાયી છે. એમ સ્વસન્મુખતાપૂર્વક ચિંતનકારી, સમ્યક્દૃષ્ટિ જીવ વીતરાગતાની વૃદ્ધિ કરે છે. તે અનિત્ય ભાવના છે.

જે સંસારના સર્વ પદાર્થ ધન-યૌવન શરીર કુટુંબાદિક અનિત્ય અસ્થિર છે, નાશ પામનાર છે એમ ચિંતવે.

નિત્ય શું છે ? અને અનિત્ય શું ? એ પ્રમાણે નિત્ય તથા અનિત્ય એવી વસ્તુઓ વચ્ચેનો ભેદ પારખવો એ બ્રહ્મને જાણવાના અધિકાર માટેનું પ્રથમ સોપાન છે. આ સમગ્ર વિશ્વમાં એક માત્ર નિત્ય વસ્તુ બ્રહ્મ છે. તે જ અવિનાશી, અમૃત, કૂટસ્થ નિત્ય તથા આનંદસ્વરૂપ તથા ચિદ્સ્વરૂપ ચેતન છે. તે આપણું સ્વરૂપ જ છે. આપણી અંદરનો આત્મા એ જ પરમાત્મા છે. એ જ નિત્ય હોઈ જાણવાને માટે યોગ્ય અને શ્રેષ્ઠ વસ્તુ છે. તે બ્રહ્મ નિત્ય હોઈ તેનો આનંદ પણ નિત્ય છે. તે બ્રહ્મ સિવાયનું ઈતર બધું જ અનિત્ય-ક્ષણિક-વિનાશી આવે અને જતું રહે એવું છે. આમ નિત્ય તથા અનિત્ય વચ્ચે ભેદ પારખવો એને વેદાંતમાં નિત્યાનિત્ય વસ્તુવિવેક કહે છે. આ વિવેકથી જ્ઞાન થાય છે કે આ ભૌતિક સંપત્તિ, દેહાદિ અનિત્ય છે અને દુઃખદાયી છે. માટે 'નિત્ય'ની પ્રાપ્તિની જ ઈચ્છા કરવી જોઈએ. કહ્યું છે ને–

કબીર કુઆ એક હૈ, પનિહારી અનેક;
બર્તન સબકે ન્યારે ભલે, પાની સબમેં એક.
કનક-કુંડલ માહિ ભેદ ના હોય,
નામરૂપ જૂજવા અંતે તો હેમનું હેમ હોય.

જેમ વાસણોના રૂપથી પાણી એમાં આકારિત થઈ જાય છે, પણ વસ્તુતઃ પાણી તો એકત્વ છે. એ જ રીતે કનક-કુંડળ વસ્તુતઃ જુદાં છે, પરંતુ આખરે તો સુવર્ણ જ છે. એમ, આત્મા પણ નિત્ય-અજરઅમર છે, અન્યથા બધું અનિત્ય છે. જેમ કહ્યું છે ને,

મારું-મારું શું કરે, અહિં નથી કોઈનું તલભાર
માયાની મદજાળમાં, એળે ગયો અવતાર....

માટે સાધકે નિત્ય-અનિત્ય વચ્ચેનો ભેદ પારખવાનો છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં ઉલ્લેખ છે, જ્યારે અર્જુનને વિષાદ થાય છે, ત્યારે શ્રીકૃષ્ણ કહે છે :

मात्रास्पर्शास्तु कौन्तैय शीतोष्णसुखदुःखदाः।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षवस्व भारत।। ૨.૪૨।।ભ.ગી.

અર્થાત્ હે કૌન્તેય! ઈન્દ્રિયોના વિષયો સાથેના સંબંધો સુખ અને દુઃખ ઉત્પન્ન કરે છે. આ સુખદુઃખ અનિત્ય છે અને શિયાળા-ઉનાળાની જેમ આવે છે ને જાય છે. માટે હે ભારત! સ્વસ્થ રહીને તેમને તું સહી લે.

આમ સુખ-દુઃખ તો અનિત્ય છે. આવન-જાવનને સહન કરવા જોઈએ, દા. ત. મનુષ્યે વહેલી સવારે, પોષ-માસમાં પણ સ્નાન કરવાનું હોય છે. તે વખતે સખત ઠંડી હોય છે. છતાંય જે મનુષ્ય ધર્મના સિદ્ધાંતોનું પાલન કરે છે તે સ્નાન કરતાં અચકાતો નથી. ઉનાળામાં વૈશાખ-જેઠનો ધખતો તાપ હોય ત્યારે પણ સ્ત્રી રસોઈ કરવામાં આનાકાની કરતી નથી. આબોહવાની પ્રતિકૂળતા હોય ત્યારે પણ મનુષ્યે પોતાની ફરજ બજાવવાની છે. આવી અનિત્ય ભાવના સેવીને જ મનુષ્ય પોતાની જાતને માયાની પકડમાંથી મુક્ત કરી શકે છે.

અનિત્ય એવા જગતના કારણ માટે ઉપાદાન-નિમિત્તકારણ એમ બે પ્રકારો માનવામાં આવે છે. જે દ્રવ્યમાંથી પદાર્થ બને છે, તે તેનું ઉપાદાન કહેવાય છે. અને જે-તે પદાર્થને બનાવે છે તેનું નિમિત્તકારણ કહેવાય છે. જેમકે માટીમાંથી કુંભાર ઘડો બનાવે છે, ત્યારે માટી ઘડાનું ઉપાદાન કારણ બને છે. કુંભાર નિમિત્તકારણ કહેવાય. જેમ બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યમાં કહ્યું છે; બ્રહ્મ

સત્યવ્યજગતમિથ્યા। અર્થાત્ બ્રહ્મ સત્ય છે, એ સિવાયનું સર્વ મિથ્યા અનિત્ય છે. ક્ષણભંગુર છે.

માટે જ કહ્યું છે;

આત્મ ભાવના ભાવતા જીવ રહે કેવળજ્ઞાન રે...

આ સંસારચક્રમાં જીત્યો એ કહેવાય જે, સમદુ:ખસુખં ધીરં સોઽમૃતત્વાય કલ્પતે ।। 'સુખ અને દુ:ખમાં સમાન રહે છે તે ધીરપુરુષ જ મોક્ષને પામવા યોગ્ય છે.'

આત્મા નિત્ય છે, બાકી સર્વ અનિત્ય છે. જીવાત્માનું બીજા શરીરમાં જવું એ પરમાત્માની કૃપાથી જ શક્ય બને છે. એક મિત્ર જેમ બીજા મિત્રની ઈચ્છા પૂર્ણ કરે છે. તેમ પરમાત્મા જીવાત્માની ઈચ્છા પૂર્ણ કરે છે. મુંડક-શ્વેતાશ્વેતર ઉપનિષદો કે જેમાં વૈદિક શાસ્ત્રો આત્મા અને પરમાત્માને એક જ વૃક્ષ પર બેઠેલા બે સહૃદયી પંખીઓ સાથે સરખાવે છે. એક પંખી (જીવાત્મા) તે વૃક્ષનું ફળ ખાતું રહે છે અને બીજું પંખી પોતાના મિત્ર પંખીને નિહાળતું હોય છે. ગુણવત્તામાં બંને પંખી એકસરખા છે, છતાં એક (જીવાત્મા) ભૌતિક વૃક્ષના ફળથી મોહિત બન્યું છે. જ્યારે બીજું (પરમાત્મા) કેવળ પોતાના મિત્રની પ્રવૃત્તિઓ જોયા કરે છે. બંને મિત્રો છે, એક સ્વામી છે અને બીજો દાસ છે. જીવાત્મા શરીરરૂપી વૃક્ષ પર ભારે ગડમથલ કર્યા કરે છે. પરંતુ જીવરૂપી પંખી બીજા પંખીને સર્વશ્રેષ્ઠ ગુરુ તરીકે સ્વીકારે છે કે તરત જ સઘળા શોકમાંથી મુક્ત થાય છે. ભૌતિક કર્મો અને તેના ફળ શરીર સાથે અંત પામે છે, પણ નિત્યત્વની ભાવના એ ઉન્નતિના પંથે લઈ જનારી અવશ્ય છે.

જેમ સમુદ્ર સદા જળભર્યો રહે છે. ચોમાસામાં તો તેમાં ઘણાં-ઘણાં નીર ઠલવાય છે. તેમ છતાં તે એકસરખો સ્થિર, શાંત રહે છે અને કદી મૂંઝાતો નથી. તેની કિનારાની મર્યાદા અચળ રહે છે. નદીઓના નીર સમુદ્રમાં ઠલવાય તેમ ઈચ્છાઓ મનુષ્યમાં પેસે છે, પરંતુ વિષયસુખની કે અનિત્ય વસ્તુ પરત્વેની વાસનાઓથી તે મુક્ત થઈ જાય છે. તે બ્રહ્મની અલૌકિક પ્રેમસેવાથી સદા સંતુષ્ટ રહે છે. સમુદ્રની જેમ તે સ્થિર રહી શકે છે. આમ અધ્યારોપ (માયા-અજ્ઞાન)ને દૂર કરી અપવાદ (જ્ઞાન)-પ્રકાશને પ્રજ્વલિત કરવું રહ્યું.

સમણસુત્તંમાં આ પ્રસ્તુત ભાવનાનો પડઘો જોવાં મળે છે:

खणमित्तसुक्खा बहुकालदुक्खा, पगामदुक्खा अणिगामसुक्खा ।
संसारभोक्खस्स विपक्खभूया, खाणी अणत्थाण उकाय भोगा ।।
(संसारचक्रसूत्र-२)

अणमात्रसौख्या बहुकालदु:खा, प्रकामदु:खा अनिकामसौखया: ।
संसारमोक्षस्य विपक्षभूता: खानिरनर्थानां तु कामभोगा: ।।

અર્થાત્

આ કામ-ભોગ જે ક્ષણભંગુર છે, અનિત્ય છે, તે દુ:ખ દેનાર છે. તે સંસારમુક્તિના વિરોધી અનર્થોની ખાણ છે. આમાં આ નિત્ય-અનિત્યનાં સૂત્રો 'સમણસુત્તં'માં પ્રસરેલ જોવાં મળે છે.

કેટલીક વાર અનિત્યને ન સમજનાર વ્યક્તિ કેવો બને છે તેનું એક દૃષ્ટાન્ત જોઈએ.

એક ૯૫ વર્ષના ખૂબ જ શ્રીમંત માણસ મોટા બંગલામાં રહેતા હોય છે. તેમને ત્યાં પુષ્કળ નોકર-ચાકર હોય છે. તેમને પુત્રો-પ્રપૌત્રો હોય છે. પરંતુ ઘડપણના લીધે તેમનો કોઈને પણ કંઈ જ ઉપયોગ ન હતો. તેથી તેઓ કોઈને મળતા નહિ અને તેથી તેમના તરફ કોઈ ધ્યાન આપતું નહિ. બધાનું જમવાનું થઈ ગયા પછી છેવટે તેમને જમવાનું મળતું. એક વખત તો બપોરના ચાર વાગ્યા તો પણ ઘરનાં માણસો તેમને ખાવાનું આપવાનું ભૂલી જ ગયા. તેઓ બહાર ઓસરીમાં બેઠા-બેઠા અશ્રુ સારવા લાગ્યા. એવામાં બાજુમાંથી એક સાધુ પુરુષ જતાં હતાં. તેમણે આ વૃદ્ધને અશ્રુ સારતાં જોયા અને દુ:ખનું કારણ પૂછ્યું. તેની બધી વાત સાંભળી તે મહાત્માએ તેમને પોતાના સર્વ સુખથી સંપન્ન એવા આશ્રમમાં લઈ જવાની તૈયારી દેખાડી. પણ તેમની એક જ શરત હતી કે બધો જ સમય તેમણે ઈશ્વર નામસ્મરણમાં વિતાવવો પડશે.

વૃદ્ધે હા પાડી, પરંતુ બાજુમાં જ રમતાં તેમના છોકરાઓએ એ સાધુની વાણી સાંભળી અને દોડતા ઘરે જઈ બધાને કહ્યું કે એક મહાત્મા દાદાને પોતાની સાથે બીજે ક્યાંક લઈ જાય છે. તરત જ તેમની પુત્રવધૂ બહાર આવી અને તમે ઘર છોડી જશો નહિ એવી વિનંતી કરી. છોકરાઓ પણ એ વૃદ્ધને ભેટી પડ્યા અને કહેવા લાગ્યા, 'દાદા, અમને છોડી જશો નહિ' અને માયાના જાળમાં ફસાયેલા, પ્રપૌત્રોના મિથ્યા પ્રેમમાં ફસાયેલા તે વૃદ્ધે આટલી ઉપેક્ષા થતી હોવા છતાં ત્યાં જ રહેવાનું નક્કી કર્યું. તે મહાત્માએ આપવા માંડેલી બધી જ સુખ સગવડો એ વૃદ્ધે નકારી. તેજ પ્રમાણે માયાનો ત્યાગ કરવાનું છોડીને આપણે અનેક પ્રકારના અનિત્ય દુ:ખોમાં જ ફસાયેલા છીએ.

આજના યુગમાં પાશ્ચાત્યનું આંધળું અનુકરણ કે જે અનિત્ય બાજુ લઈ જાય છે, ટેકનોલોજીનો દુરુપયોગ, વ્યસન, ફેશન, ટેન્શનમાં અટવાતી યુવા-સંપત્તિની ખરેખર ચિંતા થાય. ક્યાં સુધી આ માયાની છાયામાં અટકી રહીશું. 'નિત્યત્વ'ને ઓળખીશું તો પરમધામમાં ચોક્કસ પહોંચી શકીશું. 'નિજાનંદ', 'પરમાનંદ', 'આત્મત્ત્વ' જેવા અનેકોનેક શબ્દો-અનુભૂતિ-યાત્રા વગેરેનો ભેખ પહેરાવો તો પડશે જ નહિ તો અંદરનો માય'લો જાગશે કેવી રીતે ? ચાલો આપણે આપણાથી જ શરૂઆત કરી અને આ જ્ઞાનની મશાલને પ્રજ્વલિત કરીએ અને કરાવીએ. તો જ મનુષ્ય ભાવનાનો ખરો મર્મ સમજાશે અને બીજાને ઈંગિત કરી શકીશું.

આ અનિત્ય ભાવના જે પ્રથમ ભાવના છે, તે જીવનમાં નિત્ય-અનિત્યમાંથી નીરક્ષીરવિવેકનું કામ કરે છે.

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ઠ ૫૨)

અશરણ ભાવના

☐ ડૉ. છાયા શાહ

[*ડૉ. છાયાબહેન પંડિત પ્રભુદાસ બેચરદાસના જીવન ઉપર પીએચ.ડી. કર્યું છે. ગુજરાત વિદ્યાપીઠના જૈન કેન્દ્રમાં કાર્યરત છે. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રવચનો આપે છે. તેઓ જ્ઞાનસત્રોમાં શોધ-નિબંધો રજૂ કરે છે. સારા કવયિત્રી છે. બે કાવ્ય સંગ્રહો પ્રગટ થયા છે. જૈન ધર્મના ઊંડા અભ્યાસી છે.*]

જીવ માત્રને સુખ પ્રાપ્ત કરવાની ગવેષા હોય છે. તેના દરેક પ્રયત્નો સુખલક્ષી જ હોય છે. આપણો સઘળો પુરુષાર્થ વિવિધ સુખો પ્રાપ્ત કરવા માટે જ હોય છે. આપણે લક્ષ્મીનું સુખ, સંપત્તિનું સુખ, કિર્તીનું સુખ, સત્તાનું સુખ, સ્વાસ્થ્યનું સુખ વિગેરે સુખો પ્રાપ્ત કરવા જાત નીચોવી કાઢીએ છીએ. પૈસા મેળવવા ખુદ પરચુરણ થઈ જઈએ છીએ. હવે પ્રશ્ન એ છે કે આ બધા સુખ મેળવવા આપણે મથીએ છીએ તે શું ખરેખર સુખ છે ખરા? જો સાચા સુખની વ્યાખ્યામાં મૂકવા જઈએ તો આ સુખો એ વ્યાખ્યામાં ગોઠવી નથી શકાતા, કારણ કે એક તો આ સુખો અલ્પજીવી છે; જ્યારે સાચા સુખો અવિનાશી છે. આ સુખોનો વ્યતિરેક અસુખ આપે છે જ્યારે સાચા સુખો પરમાનંદ જ આપે છે. આ સુખો માત્ર ભ્રમણા છે જ્યારે સાચા સુખો સત્ય છે.

હવે પ્રશ્ન થાય કે તો શું આવા અવ્યાબાધ સુખ પ્રાપ્ત કરવાનો માર્ગ છે? જ્ઞાની ભગવંતોએ આવા અનંત સુખ પ્રાપ્ત કરવાના અનેક માર્ગ દર્શાવ્યા છે. એમાંનો એક માર્ગ છે ભાવના.

ભાવના એટલે ચિંતન-મનન કરવું. વિચારોનું વિસ્તારીકરણ એટલે ભાવના. સંસારની વિવિધ ઘટનાઓમાં આત્મા-મન ગૂંચવાય અને ગુંગળાય નહીં તે માટે ૧૨ (૧૬ પણ હોય છે) ભાવનાઓનું ચિંતન કરવાનું જૈન દર્શને સૂચવ્યું છે. ઘટનાઓથી ખળભળતા દુનિયાના દરિયામાં હાલક-ડોલક થતી જીવનની નૌકાને જો આપણે ભાવનાઓના હલેસા આપીને આત્મચિંતનના કિનારે લઈ જઈએ તો કોઈ ઘટના દુર્ઘટનાનું રૂપ નહીં લે. મન શાંત-સ્વસ્થ અને સંતુલિત રહેશે. આ ભાવનાઓ વારંવાર ભાવવાથી સાંસારિક સુખોની ભ્રામકતા સમજાવા લાગે છે. પછી એ વ્યક્તિને સત્ય તરફ લઈ જાય છે. આ ભાવનાઓને અનુપ્રેક્ષા પણ કહેવાય છે. બારેય ભાવના સૂતેલા આત્માને જાગૃત કરે છે. અંધકારમાંથી ઉજાસ તરફ લઈ જાય છે. દરેક ભાવના એકબીજાથી જોડાયેલ છે. મોક્ષરૂપી પ્રોજેક્ટના વિવિધ પાસા છે. પરંપરાએ દરેક ભાવના ઉર્ધ્વગતિ કરાવે છે. ઉત્તરોત્તર ગુણશુદ્ધિ કરાવે છે.

આપણે જે વાત કરવાની છે તે છે બીજી અશરણ ભાવના.

સંસારમાં જન્મ લઈને પછી આપણે વિવિધ સંબંધો બાંધીએ છીએ. આપણા પરિવારજનો હોય છે. સ્વજનો હોય છે, મિત્રો હોય છે. આ સર્વે આપણા હિતેચ્છુ હોય છે. સુખદુ:ખમાં સાથ આપનારા હોય છે. આપણને પ્રેમ કરતા હોય છે. તેમના સાથ સહકારથી આનંદ પ્રાપ્ત થાય છે. પરંતુ જ્યારે શરીરમાં કોઈ રોગ પ્રવેશે, પીડા થાય, અસહ્ય વેદના થાય ત્યારે આમાંથી કોઈ આપણી પીડા લઈ શકતું નથી. ઈચ્છે તો પણ તેમ કરી શકતું નથી. આપણા મૃત્યુને કોઈ ટાળી શકતું નથી. ક્ષણભર પણ લંબાવી શકતું નથી. ત્યારે આપણે અસહાયતા અનુભવીએ છીએ. આશરણતા અનુભવીએ છીએ. એકલતા અનુભવીએ છીએ. આ હકીકત છે, માટે અશરણ ભાવના હંમેશા ભાવવી જોઈએ. આ ભાવના ભાવવાથી આપણે સંસારથી અલિપ્ત રહી શકીએ છીએ. સંસારમાં આપણે અનાથ છીએ એ વિચારણા સ્પષ્ટ થાય છે ને તેથી સનાથપણું શોધવાની ઈચ્છા થાય છે.

અશરણ ભાવના સમજવા માટે અનાથ મુનિનું દૃષ્ટાંત સમજવા જેવું છે.

મહારાજા શ્રેણિક એક સૃષ્ટિ

પોઝિટીવ થિંકિંગ : શ્રદ્ધાયુક્ત અનુપ્રેક્ષા

એક ફાંસીની સજા પામેલા કેદીને જેલરે કહ્યું કે, કાલે તારો ફાંસીની સજા દેવાનો દિવસ છે. માનવીને વધુમાં વધુ પીડા દુ:ખ આપે એવા એક ઈન્જેક્શનની શોધ થઈ છે, જે ઈન્જેક્શન દેવાથી એક કલાક સુધી પીડા-તડફડાટ દુ:ખ થાય છે. તે પ્રયોગ તમારા પર કરવાનો છે. તમે આ પ્રયોગ કરવા દેશો તો તમારી સજામાં ફેરફાર પણ થઈ શકશે.

બીજી દિવસે કેદીને ઈન્જેક્શન આપતાં તેને એક કલાક સખત પીડા, વેદના થઈ, દુ:ખ થયું. તેણે ધમપછાડા કર્યા. ડૉક્ટરે કહ્યું કે કશું નહિ. માત્ર પાણી હતું. માત્ર નકારાત્મક ચિંતનથી આ પીડા ઉપજી. દર્દીએ આખી રાત નેગેટિવ થિંકિંગમાં ગાળી કે સવારે મને જે ઈન્જેક્શન આપવામાં આવશે તેનાથી મને અપાર વેદના થશે. તેને પરિણામે તેને પીડા થઈ.

એક દર્દીને ભારે શરદી થઈ. વૈદે દવા આપી. દર્દીએ દવાનું નામ પૂછ્યું. વૈદ કહે, 'મહાપ્રતાપ લંકેશ્વરી રસ.' દર્દીને થયું, દવા કેટલી ભારે કિંમતી હશે. 'રસ' અને 'પ્રતાપ' નામ ધરાવતી દવા પ્રત્યે દર્દીને શ્રદ્ધા બેઠી કે સારું થશે જ. ટૂંક સમયમાં દર્દીને સારું થયું. વૈદને પૂછ્યું, દવામાં શું હતું? તો કહે કે રાખ અને મરી, બે જ દ્રવ્યો દવામાં હતાં. દર્દ મટાડવા માટે શ્રદ્ધાયુક્ત અનુપ્રેક્ષા કારણભૂત હતી.

સૌંદર્યના પ્રદર્શન રૂપ ઉદ્યાનમાં અશ્વક્રીડા કરવા નીકળ્યા. મંડીકુક્ષ નામના આ ઉદ્યાનમાં તેમણે એક તરુ નીચે મહા સમાધિવંત પણ સુકુમાર અને સુખોચિત મુનિને બેઠેલા દેખ્યા. મહારાજા શ્રેણિકે મુનિને વંદન કર્યું. ત્રણ પ્રદક્ષિણા દઈ મુનિની સામે બેઠા ને પ્રશ્ન પુછ્યો કે આપ આ તરુણ અવસ્થામાં સંસારનો ત્યાગ કરીને કેમ મુનિ બની ગયા? રાજાના આવા વચનો સાંભળી મુનિ બોલ્યા, 'હું અનાથ હતો. મને અપૂર્વ વસ્તુનો પ્રાપ્ત કરાવનાર, યોગક્ષેમનો કરનાર, મારા પર અનુકંપા આણનાર, કરુણાથી કરીને પરમ સુખનો દેનાર સ્વજન કે મિત્ર લેશમાત્ર પણ કોઈ ન થયો. એ કારણ અનાથપણાનું હતું.

આ સાંભળી શ્રેણિકે કહ્યું, 'લો હું તમારો નાથ થઈશ, હું મગધનો રાજા શ્રેણિક છું.' આ સાંભળી મુનિ બોલ્યા, 'તું પોતે જ અનાથ છો પછી મારો નાથ કેવી રીતે થઈશ?' રાજાના આશ્ચર્યનું સમાધાન કરવા મુનિ પોતાની વાત કહેતા કહે છે કે હું કૌશાંબી નગરીનો રાજકુમાર હતો. યૌવન વયે મને મારી આંખમાં પીડા ઉત્પન્ન થઈ. મારી વેદના અસહ્ય હતી. આખા શરીરમાં છરા ભોંકાતા હોય એવી પીડા થતી હતી. મારા ભાઈઓ, બહેનો સર્વે શોકગ્રસ્ત હતા. પત્નીઓ એક ક્ષણ પણ મારાથી અળગી થતી ન હતી. છતાંય કોઈના પ્રેમથી, કોઈના ઔષધથી, કોઈના પરિશ્રમથી કે કોઈના વિલાપથી આ રોગ ટાળી શક્યો નહીં. હું સતત અનાથપણાનો અનુભવ કરતો હતો. હું સંસારથી ખેદ પામ્યો. મેં મનમાં નિર્ધાર કર્યો કે જો હું આ મહાવિડંબનામાંથી મુક્તિ પામું તો પ્રવજ્યાને ગ્રહણ કરું. એમ ચિંતવતો હું સૂઈ ગયો. સવારે મારી વેદના ક્ષય થઈ ગઈ. હું નિરોગી થઈ ગયો. સર્વને પુછીને મેં મહા ક્ષમાવંત ઈન્દ્રિયને નિગ્રહ કરવાવાળું અને આરંભોપધિથી રહિત એવું અણગારત્વ ગ્રહણ કર્યું. પછી હું અશરણ મટી આત્માનો નાથ બન્યો.' આમ મુનિએ અશરણભાવના શ્રેણિક મહારાજાના મન પર દૃઢ કરી.

મહામુનિએ અશરણ ભાવના સિદ્ધ કરી. મહામુનિએ સહન કર્યા તુલ્ય અથવા એથી વિશેષ અસહ્ય દુ:ખ અનંત આત્માઓ ભોગવતા દેખાય છે તત્સંબંધી વિચાર કરવા યોગ્ય છે. સંસારમાં છવાઈ રહેલી અનંત અશરણતાનો ત્યાગ કરી સત્ય શરણરૂપ ઉત્તમ તત્ત્વજ્ઞાન અને પરમ સુશીલ સેવવા યોગ્ય છે. અંતે એ જ મુક્તિના કારણ રૂપ છે. જેમ સંસારમાં રહ્યા અનાથી અનાથ હતા તેમ પ્રત્યેક આત્મા તત્ત્વજ્ઞાનની ઉત્તમ પ્રાપ્તિ વિના સદૈવ અનાથ જ છે. સનાથ થવા પુરુષાર્થ કરવો જ પડે.

આચાર્ય હરિભદ્રસૂરિશ્વરજી મહારાજાએ આ ભાવનાનું શાસ્ત્રીય વિશ્લેષણ 'લલીતવિસ્તરા' ગ્રંથમાં પ્રરૂપ્યું છે. આ ગ્રંથમાં નમુત્થુણં સૂત્રમાં પરમાત્માના ૩૩ વિશ્લેષણની વ્યાખ્યા કરી છે. તેમાં 'સરણધ્યાણ' પદની વ્યાખ્યા કરતાં બતાવ્યું છે કે સંસારમાં અશરણતા અનુભવનાર આત્મા માટે અરિહંતપ્રભુ શરણરૂપ છે, શરણ આપનાર છે. પ્રભુ શરણદાતા કેવી રીતે? આ શરણ એટલે તત્ત્વવેદનની અભિલાષા. આ તત્ત્વચિંતાનો ભાવ સંસારરૂપી અરણ્યમાં ફસેલા અને અતિ પ્રબળ રાગાદિથી પીડાતા જીવોને એક આશ્વાસન સ્થાન સમાન છે. કારણ કે તેનાથી કષાયસંક્લેશ સમાપ્ત થઈ જાય છે. અર્થાત્ પ્રભુએ શરણ આપ્યું એનો અર્થ એ થાય કે તત્ત્વજીજ્ઞાસા જગાડી. આ તત્ત્વજીજ્ઞાસા પ્રભુએ જગાડી તેથી સંસારનું સાચું સ્વરૂપ સમજાયું ને અશરણભાવના ભાવવાની તક પ્રાપ્ત થઈ. આમ પ્રભુએ સમજાવેલ તત્ત્વ જાણવાથી આ ભાવનાનો અર્થ સમજાયો. આમ અશરણભાવના ભાવવાની સમજ આપનાર પ્રભુ પ્રરૂપિત તત્ત્વની પ્રાપ્તિ થઈ તેથી પ્રભુ ઉપકારી બન્યા. શરણરૂપ બન્યા. આમ આ બારે ભાવનાના પ્રણેતા તીર્થંકર પ્રભુનું તત્ત્વ જ છે.

બારેય ભાવનાઓમાં 'અશરણભાવના' સૌથી વધુ અસરકારક એટલે છે કે એનું મંથન સચોટ અસર કરે છે. વ્યક્તિ સ્વજનો, મિત્રો વચ્ચે રાચી માચીને રહેતો હોય ને અચાનક એક દિવસ ખબર પડે કે મારી પીડા કોઈ લઈ નથી શકતું. હું નિ:સહાય છું. તેને પગ નીચેથી જમીન ખસી ગઈ હોય તેવું લાગે.

સગી રે નારી એની કામિની ઊભી ડગમગ જુવે
તેનું પણ કાંઈ ચાલે નહીં બેઠી ધ્રૂસકે રૂવે.
માડી રૂવે આસોમાસો બહેન રૂવે બાર માસ
ઘરકી જોરુ નિત દિન રૂવે નાહીં જીવન કી આસ.

આવી અશરણ ભાવના સ્પષ્ટ રીતે સમજીએ, ભાવીએ તો હળવુકર્મી આત્માને બહુ જલદી સંસારનો મોહ ઉતરી જાય ને ભારેકર્મી આત્માને લાંબા ગાળે પણ એનું પરિણામ જરૂર પ્રાપ્ત થાય.

સૌ જીવો આવી અશરણ ભાવના ભાવી દીનતા, અસહાયતા, અનાથતા મીટાવી દઈ સાચા અર્થમાં સનાથ બને એવી ભાવના વાતાવરણમાં મૂકીને વીરમું છું.

આ ભાવનાઓ મનુષ્ય ભવમાં જ ભાવી શકાય છે. ✶ ✶ ✶

સંદર્ભ ગ્રંથો :

૧. પરમતેજ–પૂ. ભુવનભાનુસરીશ્વરજી મહારાજ સાહેબ
૨. મોક્ષમાળ–શ્રીમદ્ રાજચંદ્ર
૩. જિનગુણમંજરી–સાધ્વીશ્રી પ્રિયવંદાશ્રીજી મહારાજ
૪. કબીર ભજન-
૫. ઉત્તરાધ્યયન સૂત્ર–પૂ. શ્રી ધીરજમુનિ મ.સા.

૯૪, લાવણ્ય સોસાયટી, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
Mob. : 9998336992

'શાંત સુધારસ'ના પ્રવેશદ્વારે
લોભનો દાવાનળ અને વિષયોની મૃગતૃષ્ણા

☐ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

[પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ જૈન ધર્મના તજજ્ઞ વિદ્વાન છે. ગુજરાતી સાહિત્યમાં મોખરાનું સ્થાન ધરાવતા આ સર્જક પ્રભાવક વક્તા, પ્રસિદ્ધ લેખક અને નિષ્ઠાવાન પત્રકાર છે. તેઓ અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.]

મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજની વૈરાગ્યરસથી છલોછલ અદ્‌ભુત કૃતિ છે 'શાંતસુધારસ'. આમ તો ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજે ''નયકર્ણિકા', 'હેમલઘુપ્રક્રિયા' અને 'લોકપ્રકાશ' જેવી કૃતિઓની રચના કરી છે. સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં એમના અનેક ગ્રંથો પ્રાપ્ત થાય છે. જન જનના હૈયે એમણે લખેલો 'શ્રીપાળ રાસ' ગૂંજતો હોય છે, પરંતુ આ બધામાં એક અનોખી અને અદ્વિતીય કોઈ રચના હોય તો તે છે 'શાંત સુધારસ.' આ 'શાંત સુધારસ' તે એક અર્થમાં આત્મજ્ઞાનનો ખજાનો છે. એનું ચિંતન સહુ કોઈને સ્પર્શી જાય તેવું છે એ તો ખરું, પરંતુ એ માત્ર મન કે બુદ્ધિને જ સ્પર્શતું નથી, પરંતુ વ્યક્તિના આત્માને સ્પર્શીને તેનામાં ઉત્કૃષ્ટ વૈરાગ્યભાવના જગાડે છે. આ જગતમાં આપોઆપ વૈરાગ્ય ભણી લઈ જનારી જે વિરલ કૃતિઓ છે, એમાં એક 'શાંત સુધારસ' છે.

તમારે સંસારજીવનમાં શાંતિ પ્રાપ્ત કરવી હોય, સંસારી હો કે સાધુ હો, પણ દરેક સ્થિતિમાં સમતા જાળવવી હોય કે પછી વૈરાગ્ય દ્વારા આત્મપ્રસન્નતા પામવી હોય, તો તેને માટે 'શાંત સુધારસ' એ આત્મજ્ઞાનનું અજોડ ઔષધ છે. સાધકો તો ઠીક, પરંતુ સાધુમહાત્માઓ પણ કોઈ અસમાધિના સમયે સમાધિ પ્રાપ્ત કરવા માટે આ અનુપમ ગ્રંથનો આશરો લેતા હોય છે. 'શાંત સુધારસ'માં સોળ ભાવનાઓનું આલેખન મળે છે અને આ ભાવનાઓ છંદોબદ્ધ શ્લોકોમાં અને ગેય કાવ્યોમાં પ્રવાહિત કરી છે. આ એવી અસાધારણ રચના છે જે સંસારથી બળેલા, ઝળેલા માનવીને અધ્યાત્મની શાંતિ અને સાતા આપી શકે છે. એમના દુ:ખી અને સંતપ્ત ચિત્તને શાંતિ તરફ વાળે છે અને એના ચિત્તમાં શાંતરસનો મીઠો, મધુરો પ્રવાહ વહેવા લાગે છે.

વિ. સં. ૧૬૬૧થી ૧૭૩૮માં વિદ્યમાન એવા ઉપાધ્યાયશ્રી વિનયવિજયજીએ ગહન ચિંતન, મનન અને મંથન કરીને કંઠમાં વસી જાય અને જીભે રમી જાય એ રીતે આ અધ્યાત્મપૂર્ણ રચના કરી છે.

તમે આત્મજ્ઞાનનું કોઈ એકાદું કિરણ શોધવા નીકળ્યા હો અને આત્મજ્ઞાનનો વિશાળ ખજાનો મળી જાય, ત્યારે કેટલી બધી ધન્યતાનો અનુભવ થાય? એ વિશાળ જ્ઞાનભંડારને જોઈને એક બાજુથી ચિત્તમાં પ્રસન્નતા જાગે અને બીજી બાજુથી 'હજી આપણે તો વિરાટ જ્ઞાનસમુદ્રના કિનારે માત્ર છીપલાં જ વીણ્યા છે' તેવી લઘુતાનો અનુભવ થાય.

મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી રચિત 'શાંત સુધારસ' ગ્રંથમાં જઈએ, ત્યારે આપણને ભીતરમાં અઢળક સમૃદ્ધિ લઈને લહેરાતા સાગરનો અનુભવ થાય છે. એ 'શાંતસુધારસ'ના સાગરના કિનારા પર વહેતા જળને સ્હેજ આંગળીથી સ્પર્શ કરીએ, ત્યારે ખ્યાલ આવે કે આ વિરાટ સાગર કેટલો વિશાળ અને ગહન છે. પરંતુ એ સાગરના જળને સ્પર્શવા માટેની આપણી યોગ્યતાનો માપદંડ શું? મહામહોપાધ્યાય વિનયવિજયજી મહારાજ આને માટે બે ભૂમિકાની આવશ્યકતા દર્શાવતા કહે છે.

यदि भव-भ्रमखेदपराङ्गमुखं ।
यदि च चित्तमनन्तसुखोन्मुखम्।।

જો તમારું ચિત્ત ભવભ્રમણની કથાની એના થાકથી ઉદ્વેગ પામ્યું હોય અને તમારું ચિત્ત અનંત સુખમય મોક્ષ પ્રાપ્ત કરવા તત્પર બન્યું હોય.'

પહેલી વાત તો એ કે તમારું ચિત્ત ભવોભવના થાકથી ઉદ્વિગ્ન બન્યું છે ખરું? જીવ અનંત ભવભ્રમણ કરતો હોય છે, અને હવે આ ભવે એને લાગવું જોઈએ કે આ સઘળાં ભવભ્રમણથી હવે હું સર્વથા થાકી ગયો છું. મનમાં એવો વિચાર જાગવો જોઈએ કે કેટકેટલાય ભવોનું ભ્રમણ કર્યું, પણ હવે વિશેષ ભટકવું નથી. ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે તેમ 'આ સંસાર મોહ, વિષાદથી ભરેલો છે. એમાં તમે રજમાત્ર સુખ પામી નહીં શકો.' એ ભાવના મનમાં જાગી છે ખરી?

'સંસાર' શબ્દ એ 'સૃ' ધાતુ પરથી આવેલો છે. જે સતત સરકતો રહે તે સંસાર. જે નિરંતર ચાલતો રહે તે સંસાર.

આવા સંસાર વિશેની 'શાંત સુધારસ'ની ત્રીજી સંસારભાવનાની વાત કરતાં એના પ્રારંભે શિખરિણી છંદમાં મહોપાધ્યાય વિનયવિજયજી મહારાજ કહે છે,

इतो लोभ: क्षोभं जनयति दुरन्तो दव इवो
ल्लसंल्लाभोम्भोभि: कथमपि न शक्य: शमयितुम् ।
इतस्तुष्णाऽक्षाणां तुदति मृगतृष्णेव विफला,
कथं स्वस्थै: स्थेयं विविध भयभीमेभववने।।१।।

આ સંસારવનમાં લોભનો દાવાનળ ભડકે બળી રહ્યો છે. તેને

શાંત કરી શકાય નહીં. લાભપ્રાપ્તિના લાકડાથી આ દાવાનળ પ્રદીપ્ત થઈ રહ્યો છે. બીજી તરફ ઇંદ્રિયોની તૃષ્ણા-વિષયલાલસા – મૃગાતૃષ્ણાની જેમ નિષ્ફળ હોવા છતાં જીવોને પીડે છે. આવા સંસારમાં સ્વસ્થ કેવી રીતે રહેવાય?'

સંસાર ભાવનાનું કેવું માર્મિક અને રહસ્યપૂર્ણ ચિત્ર અહીં મળે છે. સંસાર એટલે સતત સરકવું તે. પણ આ સરકવાનું કેવું છે? ક્યારેક વ્યક્તિને સરકવામાં મજા આવતી હોય છે. લિપ્સાઓમાં લપસવાનો આનંદ આવતો હોય છે. વૃત્તિઓની તૃપ્તિઓની એને લગની લાગી હોય છે એ ક્યારેક એ ઈચ્છા ન હોવા છતાં એમાં અંદર વધુ ને વધુ સરક્યા કરે છે! આ સંસાર કેવો છે? જો ઘડો પાણીથી છલકાતો હોય અને તે કૂવામાં નાખવામાં આવે, તો એ ડૂબી જાય છે. આવા પાણીના ઘડા જેવો સંસાર છે. સંસારથી ભરેલો માણસ ડૂબી જ જવાનો, પરંતુ જો એ ઘડો ખાલી હોય, સંસારથી મુક્ત હોય, તો ખાલી ઘડો પાણીમાં ઊંધો રહીને તરતો હોય છે એટલે જો સાધક સંસારથી ભરેલો ન હોય, તો એમાંથી તરીને સંસારમુક્ત થઈ શકે છે.

બાહ્યસંસાર તે આપણો આ ભવ અને ભીતરનો સંસાર એટલે આપણા વિભાવ. આવો આ સંસાર કેવો છે? તો એને માટે ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજે ત્રણ શબ્દો પ્રયોજ્યા છે. એ શબ્દો છે. 'નિરન્ધ્રે ભવકાનને'. આ સંસાર એ અવ્યવસ્થિત, ભીષણ, ઘોર જંગલ જેવો છે, જેમાં મોહનો પ્રચંડ અંધકાર વ્યાપેલો છે, ચોપાસ કર્મોની વેલ ઊગેલી છે અને વળી આશ્રવોનો વરસાદ વરસે છે આને પરિણામે વ્યક્તિમાં ત્રણ બાબત જાગે છે. એક ભ્રમણા, બે મોહ અને ત્રણ આસક્તિ.

ભ્રમણા એટલે કે માનવી દુ:ખ આપનારી બાબતોમાં સુખને જુએ છે. એ વ્યર્થ મોહક બાબતોમાં પરમ ધન્યતા અનુભવે છે. એ અનિત્યને નિત્ય માને છે. એ વનને નગર માને છે અને એટલે જ ભ્રમણાનું ઉત્તમ ઉદાહરણ એ મૃગજળ છે. અફાટ રણપ્રદેશમાં ક્યાંય જળ હોતું નથી, છતાં મૃગને દૂર દૂર જળ દેખાય છે અને એ મૃગજળ પીવા માટે મૃગ તીવ્ર વેગે દોડે છે. આ એની ભ્રમણા છે અને ભ્રમણાનો અંત કેવો હોય? ઊંચા શ્વાસે દોડતું દોડતું એ તૃષાતુર મૃગ જળની પાસે પહોંચે છે, ત્યારે એને ખ્યાલ આવે કે અહીં તો ક્યાંય જળ નથી, માત્ર રણની ધગધગતી રેતીજ છે. જળની તો એને ભ્રમણા થઈ હતી! માનવીની આંખે વૃત્તિનાં પડળ લાગી જાય છે અને એ વૃત્તિની એક જ આંખે જોઈને એની પ્રાપ્તિ માટે જીવનમાં તીવ્ર વેગે દોડે છે. ઘણું દોડ્યા પછી એને ખબર પડે છે કે જે વૃત્તિ વિશે કલ્પનાઓના મહેલો રચ્યાં હતાં, ઈચ્છાઓ રાખી હતી, પ્રતિક્ષણ તલસાટ કર્યો હતો. એની પાછળ અન્ય સઘળું છોડી દીધું હતું એ વૃત્તિ જ સર્વથા મિથ્યા છે અને પરિણામે ખ્યાલ આવે છે કે મિથ્યા પાછળની એની આ વ્યર્થ દોડ હતી.

'ગુરુ ગ્રંથસાહિબ'માં મહાન ગુરુ તેગબહાદુરના મુખેથી બહુ માર્મિક વાત મળે છે.

'ધન દારા સંપત્તિ સગલ જિની અપુની કરિ માની।
ઈન મેં કછું સંગી નહીં નાનક સાચી જાનિ।।'

'ધન, દારા, સંપત્તિ એ બધાને અમારા પોતાના માનતા હતું, પરંતુ એમાંથી કોઈ અમારું સંગી-સાથી નથી.

જ્યારે કવિવર રવીન્દ્રનાથ ટાગોરે 'ગીતાંજલિ'માં પ્રગટ કરેલાં ભાવોનું સ્મરણ થાય છે, 'હું જાણું છું કે મારા જીવનના શ્રેષ્ઠતમ નિધિ તમે છો, એવું કોઈ બીજું ધન નથી, જે તમારી સમાન હોય, આમ છતાં મારું ઘર તૂટેલી ફૂટેલી વસ્તુઓથી ભરેલું છે. એને ફેંકી શકતો નથી.'

વ્યક્તિ આસક્તિથી ઘેરાયેલો હોય છે અને એ આસક્તિને કારણે એ કોઈ વસ્તુની પાછળ દોટ મૂકતો હોય છે, કોઈ કષાય, વિષય કે વિકાર એના મનને એવો મોહ પમાડે છે કે એમાં એને પારાવાર સુખની ભ્રમણા જાગે છે એટલે પહેલાં ભ્રમણા જાય, મોહ અને એ પછી આસક્તિનો સવાલ આવે છે. વૈરાગ્ય ધારણ કરનાર અનાસક્તિ બનીને સઘળું ત્યજી દેતા હોય છે. આમાં પહેલી વાત અનાસક્તિ કેળવવાની છે અને પછી ત્યાગ કેળવવાની છે. જો અનાસક્તિ કેળવી ન હોય તો ત્યાગ સહેજે ટકતો નથી. એકાએક સંસારનો ત્યાગ કરી દીધા પછી વ્યક્તિમાં જો આસક્તિ રહી ગઈ હશે, તો ત્યાગ કર્યા બાદ પણ એને પેલો રાગ કે આસક્તિ જ પજાવ્યા કરશે.

સંસારની વાસ્તવિક પરિસ્થિતિનું અહીં કેવું માર્મિક ચિત્ર મળે છે. આ સંસારમાં લોભનો દાવાનળ ભડકે બળી રહે છે. અહીં મહોપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજની આ કલ્પના વિશે વિસ્તારથી જોઈએ. એમણે લોભની 'ચિનગારી' કે લોભની 'આગ' એવો શબ્દ વાપર્યો નથી. ચિનગારી હોય તો તો થોડીક ક્ષણોમાં બુઝાવી શકાય, આગ હોય તો પણ એને અટકાવી શકાય, થોડી રેતી નાખો અથવા તો એના પર પાણીનો મારો ચલાવો, તો આગ ઓલવાઈ જાય. પણ અહીં તો એમણે દાવાનળની ઉપમા આપી છે. આ દાવાનળની આગ ચારે બાજુ લાગી હોય છે, જેથી બચવું મુશ્કેલ હોય છે. એના પર પાણીનો મારો ચલાવો કે રેતીના ઢગલા નાખો, તો પણ તેને ઓલવી શકાતી નથી.

આજે અમેરિકા અને અન્ય કેટલાક દેશોમાં અમુક જંગલોમાં દાવાનળ સળગતો રહે છે અને હજારો વૃક્ષોને ભસ્મીભૂત કરતો રહે છે અને કોઈ રીતે અટકાવી શકાતો નથી. શ્રી વિનયવિજયજી મહારાજે લોભને આગને બદલે દાવાનળ એ માટે કહ્યો કે આગ

એ વ્યક્તિને દઝાડે છે, એને થોડો સમય કે લાંબો સમય વેદના થાય છે, પણ એનાથી વ્યક્તિનું અસ્તિત્વ ભૂંસાઈ જતું નથી. જ્યારે દાવાનળ તો વ્યક્તિને હાથે કે પગે દઝાડતો નથી, બલ્કે એને આખેઆખો બાળીને ભસ્મ કરી નાખે છે. આમ અહીં દાવાનળ જેવો લોભ વ્યક્તિના અસ્તિત્વને ખતમ કરી નાખે છે તેમ કહે છે. આનો અર્થ શો?

આનો મર્મ એ છે કે વ્યક્તિને લોભ લાગે એટલે એનું આખુંય અસ્તિત્વ એને લાગેલા લોભની પાછળ આંધળું બનીને દોડવા લાગે છે. એને જેનો લોભ લાગ્યો, એનું જ દિવસરાત રટણ કરે છે. એને માટે જરૂર પડે તો આંખ મીંચીને દોડે છે, જૂઠ કે પ્રપંચ ખેલે છે.

કોઈ ભયંકર જંગલમાં દાવાનળથી ભાગતા માણસની જરા કલ્પના કરો! લોભનો ચારેકોર સળગતો દાવાનળ વ્યક્તિને એમાં જ ફસાવી રાખે છે. એની બહાર એ નીકળી શકતો નથી.

એવો પ્રશ્ન થાય છે કોઈ વ્યક્તિને જિંદગીમાં દસ કરોડ રૂપિયાની કમાણી કરવાનો લોભ જાગ્યો હોય, તો પછી તો એનો લોભ શાંત થઈ જાય ને? કોઈએ નક્કી કર્યું હોય કે મારે પાંચ માળનું મકાન બનાવવું અને આખા ગામમાં ડંકો વગાડવો અને પછી પાંચ માળનું મકાન બને, ત્યાર પછી તો એના લોભનો અંત આવે ખરો?

હકીકત એ છે કે લોભનો દાવાનળ માનવીને દોડાવ્યે જ રાખે છે એટલે કે એને દસ કરોડ મળે તે પહેલાં આઠ કરોડ એકઠાં થયાં હોય, ત્યારે જ એ વિચારવા લાગે કે આ દસ કરોડ તો સાવ ઓછા કહેવાય, ઓછામાં ઓછા વીસ કરોડ તો હોવા જ જોઈએ. ફરી પાછી લોભની એ શૃંખલા શરૂ થાય અને ફરી પાછો એ લોભને માર્ગે દોડતો થઈ જાય. એટલી રકમ આવ્યા પછી એને મનમાં એવા અભરખા જાગે કે એ શહેરમાં પોતાના ઉદ્યોગના ક્ષેત્રનો સૌથી મોટો ઉદ્યોગપતિ બને. પછી એને રાજ્યના શ્રેષ્ઠ ઉદ્યોગપતિ બનવાનું મન થાય અને હજી એ પૂરું થાય તે પહેલાં દેશના સૌથી વધુ ધનપતિ થવાના મનસુબા જાગે. એ પછી પણ એના લોભને તૃપ્તિ થતી નથી. ફરી પાછો એ વિચારે છે કે 'ફોબ્સ' નામના સામાયિકમાં જગતના ધનપતિઓની યાદીમાં પોતાનું નામ આવવું જોઈએ. એ 'ફોબ્સ'માં નામ આવે પછી એ વિચારે કે આમાં પ્રથમ દસમાં પોતાનું નામ હોવું જોઈએ અને પ્રથમ દસમાં નામ આવે, એટલે વિચારે કે હવે ગમે તે ભોગે કમાણી કરીને યાદીમાં પહેલા નંબરે જ આવવું છે.

આથી લોભ માણસનો એવો પીછો પકડે છે કે પછી એની ઈચ્છા એને બેસવા દેતી નથી. પાંચ માળનું મકાન થાય એટલે જરા શાંતિનો શ્વાસ લીધો હોય ત્યાં બીજું કોઈ દસ માળનું મકાન થાય એટલે એ બેચેન બની જાય અને એમ અનુભવે કે જાણે એનું પાંચ માળનું મકાન કોઈ ધરતીકંપમાં રાતોરાત ધરાશાયી થઈ ગયું છે. આમ લોભને દાવાનળ સાથે તો સરખાવ્યો જ છે, પણ ઉપાધ્યાય વિનયવિજયજી એમ કહે છે કે 'આ દાવાનળ ભડકે બળી રહ્યો છે અને તેને શાંત કરી શકાય નહીં.'

આ શબ્દો દર્શાવે છે કે આ લોભનો દાવાનળ એવો છે કે જે સતત સળગે છે. એને ઠારી શકાય તેમ નથી અને એટલે જ માણસ ક્યાંય અટકી શકતો નથી. આથી તો જગતવિજેતા સિકંદરે કેવી વિચિત્ર વાત કરી હતી. કોઈ વ્યક્તિ ક્યારેય ઈચ્છે નહીં કે એની નનામી લઈ જવામાં આવે, ત્યારે એનું કોઈ અંગ બહાર લબડતું રહે. જ્યારે જગતવિજેતા અને અપાર સૈન્ય અને વિશાળ દોલત ધરાવનાર સિકંદરે કહ્યું હતું કે જ્યારે હું મૃત્યુ પામું, ત્યારે મારી નનામીની બહાર મારા બે હાથ ખુલ્લા રાખજો.

કોઈ પોતાને વિશે આવું ફરમાન આપે ખરા? પણ એની પાછળ રાજ્યલોભને કારણે સતત દોડતા રહેલા સમ્રાટ સિકંદરની જીવનકહાની છુપાયેલી છે. જગતને જીતવા માટે વિશાળ સૈન્ય અને શસ્ત્રો લઈને નીકળેલા સિકંદરને એની માતા પ્રત્યે અગાધ પ્રીતિ હતી અને એણે વિજયપંથે સંચરતી વખતે પોતાની માતાને કહ્યું હતું કે હું જગતનો વિજય કરીને પાછો આવીશ અને પછી મારે નિરાંતે તારી સેવા કરવી છે. એ હકીકત છે કે સિકંદર ભારત સુધી પહોંચી શક્યો, પણ ચીન જઈ શક્યો નહીં અને એ પણ હકીકત છે કે સિકંદર પોતાના દેશ ગ્રીસ પાછો પહોંચે તે પહેલાં ૩૨ વર્ષની વયે તાવની ટૂંકી બીમારીમાં તેનું અવસાન થયું.

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે આ મહાન ગ્રંથના પ્રારંભે જ જિનવાણીની મહત્તા દર્શાવી છે, પણ આપણે ક્યારેય એ જિનવાણીના દ્વાર ખોલ્યા છે ખરા? એનાં સૂત્રોને આપણા જીવનમાં સમજીને ઉતારવાનો પ્રયત્ન કર્યો છે ખરો? માત્ર મહિમાગાનથી કશું થતું નથી. એ આપણા જીવનમાં મર્મમાં, કર્મમાં અને ધર્મમાં પ્રગટવી જોઈએ. લોભ વિશે કેવી સૂત્રાત્મક વિચારણા જૈન આગમગ્રંથોમાં મળે છે તે જોઈએ.

અહીં સ્મરણ થાય છે શ્રી સૂત્રકૃતાંગ સૂત્ર નામના આગમનું જેનું સૂત્ર છે. सीहं जहा व कुणिमेणं, निब्भयमेग चरंति पासेणं। (૧, ૧.૧૮) અહીં કહ્યું છે કે નિર્ભિક અને સ્વતંત્ર વિચરતો સિંહ પણ માંસના લોભથી જાળમાં ફસાઈ જાય છે. એનો પ્રથમ અર્થ એ કે સમર્થ વ્યક્તિ પણ જો લોભથી ચાલે તો સંસારચક્રમાં ફસાઈ જાય છે. ચક્ર તો સારું, પણ અહીં તો એ જાળમાં ફસાઈ જાય છે. મારી દૃષ્ટિએ લોભ જેવી ઢગારી અને અવિશ્વાસુ બીજી કોઈ વૃત્તિ નથી. જીવનમાં સહુનો ભરોસો રાખવો, પણ લોભનો કદી

ભરોસો રાખવો નહીં.

આવી ધનની ખેવના અથવા તો આવો લોભ વ્યક્તિના જીવનને શું કરે છે? કોઈને ધનનો લોભ જાગે, રૂપનો લોભ જાગે, ધાર્મિકતાના આડંબરનો લોભ જાગે એક પછી ઊંચી ઈમારત, સુવર્ણનાં અલંકારો અને હીરાના ઘરેણાંનો લોભ જાગે, ત્યારે એના જીવનમાંથી આપોઆપ ધર્માચરણ કે પ્રભુ આરાધના વિદાય લઈ લે. એ પોતાની મસ્તી ગુમાવે છે, ભક્તિને તો દેશવટો આપી દે છે. સ્નેહ, સુખ અને સંતોષ એ તો આ લોભના દાવાનળમાં ભસ્મીભૂત થઈ જાય છે.

આને વિશે કેવી માર્મિક વાત જૈન ધર્મના પ્રથમ આગમ એવા 'શ્રી આચારાંગ સૂત્ર'માં કહી છે. लोभपत्ति लोभा समावइज्झा मोसं वयणाए। (૨,૩,૧૫,૨) 'લોભનો પ્રસંગ ઉપસ્થિત થતાં વ્યક્તિ સત્યને ઠુકરાવી અસત્યનો આશરો લે છે.'

આનો અર્થ એ છે કે લોભી વ્યક્તિ ક્યારેય વિવેક કરતો નથી. એની આંખ તો અર્જુનની માફક પોતાની પ્રાપ્તિના લક્ષ્ય પર મંડાયેલી હોય છે. પોતાના લોભની સિદ્ધિ માટે એ જુઠ્ઠાણાંનો આશરો લેતા અચકાતો નથી અને એથી જ આવો લોભ કેવો દાવાનળ સર્જે છે. દાવાનળની વાત કરો ત્યારે જરા મહાભારતના દુર્યોધનને યાદ કરી લેજો. રાજ્યલોભ ધરાવતો દુર્યોધન પાંડવોને એમના અધિકારનું આખું ય રાજ્ય આપવા માટે તૈયાર થતો નથી. સ્વયં શ્રીકૃષ્ણ હસ્તિનાપુરની સભામાં વિષ્ટિ કરવા માટે આવે છે, ત્યારે એ અર્ધું રાજ્ય તો શું, પણ પાંચ પાંડવોને પાંચ ગામ આપવા પણ તૈયાર થતો નથી. અને અંતે એ કહે છે કે સોયના અગ્રભાગ પર રહેશે એટલી જમીન પણ પાંડવોને આપીશ નહીં. દુર્યોધનનો લોભ મહાભારતના દાવાનળ તરફ દોરી જાય છે અને અંતે એનો અને એના સમગ્ર કુળનો વિનાશ થાય છે.

આથી જ 'લોભઃ પાપસ્ય કારણમ્' એમ કહેવાયું છે. એટલે કે લોભી માણસ કોઈપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી. એ પોતાના લોભને લક્ષમાં રાખીને દોડ્યા જ કરે અને દોડતાં દોડતાં એનો લોભ છીપતો, તૃપ્ત થતો કે સિદ્ધ થતો નથી. અને મૃત્યુ આવી જાય છે. અહીં રશિયાના વિખ્યાત સાહિત્યકાર ટૉલ્સટોયની વાર્તાનું તમને સ્મરણ થશે. સ્વર્ગના એક દેવદૂતે લોભી માણસને એક વરદાન આપ્યું કે એ જેટલી જમીન પર દોડશે, એટલી જમીન એની, પણ સાથોસાથ એવી શરત કરી કે સૂર્યાસ્ત પહેલાં એણે પાછા આવી જવું. એ માણસ દોડ્યો, શ્વાસ ચડી ગયો તો પણ દોડ્યો, વધારેમાં વધારે જમીન મેળવવાનો લોભ હતો, હાંફવા લાગ્યો, છતાં દોડ્યો અને પછી એટલો થાકી ગયો કે એ મૃત્યુ પામ્યો અને એને છ ફૂટ જમીનમાં દાટવામાં આવ્યો. ત્યારે ટૉલ્સટોયે લખ્યું. 'આખરે માણસને જમીન જોઈએ કેટલી?'

આમ લોભ આવતાં સચ્ચાઈ, ઈમાનદારી અને સરળતાને વ્યક્તિ ઠોકરે મારે છે અને કુટિલ રીતિનીતિ અને અસત્યોની માયાજાળ રચે છે. આથી જ 'શ્રી દશવૈકાલિક સૂત્ર' (૮,૩૯)માં માત્ર બે શબ્દનું માર્મિક સૂત્ર મળે છે. આ સૂત્રમાં પોતાની આસપાસના જીવનનો કેવો અર્થ સમાયેલો છે. તે જુઓ એ સૂત્ર છે, 'लोभो सव्वविणासणो।' અર્થાત્ લોભ બધાં સદ્ગુણોનો નાશ કરી નાખે છે.'

બે શબ્દના આ સૂત્રમાં આપણા વ્યવહારજીવનનું નવનીત મળી જાય છે. પણ હા, લોભ માત્ર સદ્ગુણોનો નાશ કરીને અટકતો નથી. એ જેમ સંસારીને પજવી શકે છે, તેમ સાધુને પણ પરેશાન કરી શકે છે. જો સાધુને લોભ લાગ્યો કે મારો આશ્રમ સૌથી વિશાળ હોવો જોઈએ, તો પછી એની સાધુતા બાજુએ રહી જશે અને એના જીવનનું પરમ અને ચરમ લક્ષ્ય એનો વિશાળ આશ્રમ બનશે. સંન્યાસીને પદવીનો લોભ લાગ્યો, તો પછી એવું બને કે એના પર એક પછી એક પદવીઓ ખડકાતી જાય અને એ પદવીઓના જંગલમાં એમનું નામ શોધવું પણ મુશ્કેલ બને.

સાધુ પોતાની સભામાં લોકોની સંખ્યા કે સંપત્તિની કેટલી 'આવક' થઈ એ ગણવા લાગે, તો એની સાધુતા લોભમાં રૂપાંતર પામે છે. એટલે કે લોભ એ માત્ર માનવજીવનના આનંદનો જ નાશક નથી, માનવીને સ્નેહ અને સુખથી જ વંચિત નથી કરતો, પરંતુ જો સાધક હોય તો એને પણ બાધક બને છે. શ્રી સ્થાનાંગસૂત્ર (૬.૩) આગમમાં એને વિશે કહ્યું છે, 'इच्छालोभिते मूत्तिमग्गस्स पलिमंथू।' 'લોભ મુક્તિપંથનો અવરોધક છે.'

લોભી માણસને એની લોભવૃત્તિને કારણે પ્રાપ્તિનું લક્ષ્ય દેખાય છે પણ જીવનનો છેડો કે અંત નજરે પડતો નથી. એક માર્મિક સુભાષિત કહે છે,

'लोभाविष्टो नरो वित्तं पश्यति न स चापदम्।
दुग्धं पश्यति मार्जरो यथा न लगुडाहतिम् ।।'

'આંખ મીંચીને દૂધ પીતી બિલાડીને લાકડી લઈને પાછળ ઊભેલો માણસ દેખાતો નથી, તેમ લોભ-લાલચમાં આંધળા બનેલા માણસને પાછળ પડેલો કાળ દેખાતો નથી.'

ફરી જૈન ધર્મની આગમવાણીનું આપણે સ્મરણ કરીએ, તો 'શ્રી સ્થાનાંગસૂત્ર'માં કહ્યું છે કે દુનિયામાં ચાર ખાડા ભરી શકાતા નથી. પહેલો ખાડો પેટનો. માણસ આજે પેટ ભરીને ખાય, તો પણ આવતીકાલે એને ભૂખ લાગે છે. બીજો ખાડો સાગરનો જેને ભરી શકાય નહીં, ત્રીજો ખાડો સ્મશાનનો, જ્યાં આજે કોઈના અંતિમસંસ્કાર માટે ખાડો ખોદવામાં આવે અને ફરી આવતીકાલે બીજા કોઈને માટે ખોદવો પડે છે. ચોથો ખાડો છે તૃષાનો. માણસની તૃષ્ણા એવી છે કે જે કદી શાંત થતી નથી. એને સતત

અભાવ લાગે છે. એને પજવતી રહે છે. એમ પણ કહેવાય કે એક પાત્ર એવું છે કે જે કદી ભરાતું નથી અને તે છે માણસની ખોપરી.

ભગવાન મહાવીરનો અંતિમ ઉપદેશ સંગ્રહાયેલો છે એવા 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' (૯,૪૮)માં મળતું આ જિનવચન જોઈએ. 'લોભી માણસને કદાચ કૈલાસ પર્વત જેવા સોના અને ચાંદીના અસંખ્ય પર્વત મળી જાય તો પણ તેને સંતોષ થતો નથી, કારણ કે ઈચ્છા આકાશ જેટલી અનંત છે.'

આપણે જાણીએ છીએ કે માણસનો અંત છે, એનું મૃત્યુ છે, પણ એની ઈચ્છાનો અંત નથી અને આ લોભના અંત માટે જિનઆગમ શું કહે છે? એણે અતિ સંક્ષેપમાં એટલું જ કહ્યું, 'लोभं संतोसओ जिणे।' અર્થાત્ 'લોભને સંતોષથી જીતવો જોઈએ.' લોભનું કેવું સુંદર વર્ણન અહીં જોવા મળે છે!

કોઈને એવો લોભ જાગે કે મારું મકાન પાંચ માળવું હોવું જોઈએ અને જ્યાં સુધી મકાન પાંચ માળનું ન થાય, ત્યાં સુધી એ દુ:ખી હોય છે, પાંચ માળનું મકાન પૂરું થાય તે પહેલાં દસ માળના મકાનની ઇચ્છા જાગે એટલે એ પહેલાં કરતાં પણ વધારે દુ:ખી થાય છે.

પહેલાં વ્યક્તિ પોતાની જરૂરિયાતનો વિચાર કરે છે. પોતાની સુવિધાનો વિચાર કરે છે. જીવન સારી રીતે જીવી શકાય તે માટે સોફાસેટ, ફ્રિજ કે એરકન્ડીશન્ડ જેવા ભૌતિક સાધનોનો વિચાર કરે છે અને ધીરે ધીરે એને વધુ ને વધુ જોઈએ છે. ક્યારેક એ પોતાના અહંકારને પોષવા માટે વધુ મેળવવા માગે છે. બીજા પાસે 'આવું' નથી અને મારી પાસે આવું છે, એવો ગર્વ ધારણ કરતો હોય છે અને ક્યારેક એ વધુ ને વધુ ચીજવસ્તુઓ ભેગી કરીને પોતાની જરૂરિયાતોને, 'નેસેસીટી'ને 'લક્ઝરી'માં ફેરવી દેતો હોય છે.

આવે સમયે લોભવિજયની ગુરુચાવી છે સંતોષ. જીવનના સંતોષભાવનું કેવું સુંદર ઉદાહરણ લાલબહાદુર શાસ્ત્રી કે અબ્દુલ કલામના જીવનમાં જોવા મળે છે. વ્યક્તિમાં વર્તમાનમાં જે પ્રાપ્ત છે એનાથી જે સંતોષ જાગે, તો એ આનંદિત રહી શકે છે. પણ માણસનો સ્વભાવ એવો છે કે એ પોતાનાથી વધુ અભાવમાં જીવતા લોકોને જોતો નથી, બ્લકે પોતાનાથી વધુ સંપન્ન લોકોને જુએ છે અને તેથી એનો લોભ સતત પ્રદીપ્ત થતો રહે છે. એ વધુ ને વધુ ચીજવસ્તુઓ મેળવવા પાછળ દોડે છે અને એને પરિણામે એ વર્તમાનના આનંદને બદલે ભવિષ્યની ફિકરમાં ડૂબેલો રહે છે. અત્યંત ધનવાનના ચહેરાને જોજો, તો એના ચહેરા પર પામ્યાનો આનંદ નથી પણ જે પામવું છે એનો તલસાટ છે. મેળવ્યાનો સંતોષ નથી, પણ જે મેળવવું છે એને માટેનો તીવ્ર અસંતોષ છે.

આ લોભ યયાતિની ભોગેચ્છા જેવો છે. આખી જુવાની ભોગવિલાસમાં વ્યતિત થયા પછી વૃદ્ધત્વ આવ્યું અને તોય એને એમ લાગ્યું કે હજી તો ઘણાં ભોગવિલાસ બાકી છે એટલે એણે વૃદ્ધત્વ આપીને પુત્રો પાસે યૌવનની માગણી કરી. આ માગણીમાં માનવીની વાસનામયી લોભવૃત્તિ જોવા મળે છે.

આ અંગે સ્વાભાવિક રીતે જ મમ્મણ શેઠની આ કથાનું સ્મરણ જાગે છે.

'મોટો ભયંકર દાવાનળ સળગ્યો હોય તેવો હદ વગરનો લોભ એક બાજુએ સંતાપ કરી રહ્યો છે અને એના ઉપર વધતા જતા લાભરૂપ ગમે તેટલું પાણી પડે, તો પણ તેનાથી કોઈ પણ રીતે ઠારી શકાય-બુઝાવી શકાય તેમ નથી.'

બીજી બાજુએ ઈંદ્રિયોની તૃષ્ણા નિષ્ફળ ઝાંઝવાના પાણીની પેઠે સતત હેરાન કર્યા જ કરે છે. આવા અનેક પ્રકારના ત્રાસથી ભયંકર બનેલા સંસારરૂપ વનમાં આકુળવ્યાકુળ થયા વગર કઈ રીતે રહેવું?

આમાં એમણે સંસારની બે રીતે કલ્પના કરી છે. એક તો સંસારવનને લોભનો દાવાનળ ભડકે બાળી રહ્યો છે અને એમણે બીજી કલ્પના કરી કે ઈંદ્રિયોની તૃષ્ણા–વિષયલાલસા મૃગતૃષ્ણાની જેમ નિષ્ફળ હોવા છતાં જીવોને પીડે છે. આ પૂર્વે લોભના દાવાનળ વિશે સવિસ્તર વિવરણ કર્યા પછી હવે ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે દર્શાવેલી વિષયવાસનાની મૃગતૃષ્ણા વિશે વિચાર કરીએ.

જેમ લોભને દાવાનળ તરીકે ઉપાધ્યાયજીએ દર્શાવ્યો, એ જ રીતે તૃષ્ણાને મૃગતૃષ્ણા તરીકે દર્શાવી. જરા કલ્પના કરો કે ચરતું હરણ તીવ્ર ગતિએ દૂર દૂર દેખાતા પાણી તરફ દોડતું હોય, આ કોઈ જેવી તેવી દોડ નથી, પણ હરણની હરણફાળ છે. એ તીવ્ર ગતિએ દોડી દોડીને જ્યારે દેખાતા પાણી પાસે પહોંચે છે, ત્યારે એને પાણીને બદલે રેતી મળે છે. વળી સામે ફરી પાણી દેખાય છે. એ ફરી દોડે અને ફરી મૃગજળના અનુભવે એ નિરાશ થાય. આમ મૃગની દોડ એ માનવીની ભવોભવની દોડ છે. એક પછી એક ભવોની દોડમાં એને એવી ભ્રમણા જાગે છે કે ત્યાં જળ છે! એ જળ માટે દોડે છે અને રેતી મળે છે. એમાં પ્રથમ વાત એ છે કે અહીં સંસારી જીવને ભ્રમણાથી આવું દેખાય છે.

આપણા સંસારના સંબંધોમાં પણ કેટલી ભ્રમણા હોય છે અને જીવ આવી ભ્રમણાઓ સાથે ભવભ્રમણ કરતો રહે છે. આથી જ આગમસૂત્રમાં કહ્યું છે,

'न सा जाई न सा जोणि न तं ठ्ठाणं न तं कूलं ।
न जाया न मुआ जत्स्थ सव्वे जीवा अणंतसो।।'

એવી કોઈ જાતિ, યોની, સ્થાન કોઈ બાકી નથી રહ્યું કે જ્યાં

જીવે અનંતવાર જન્મમરણ કર્યા ન હોય, આત્માએ અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં દરેક યોનિમાં જન્મ ધારણ કર્યા હોય છે. આ ભવભ્રમણની ઘટમાળને જોઇએ તો ખ્યાલ આવે કે કોઈ કોઈના સ્વજન નથી અને કોઈ પરજન નથી. જન્મ-જન્માંતરે દરેકની સાથે જુદા જુદા સબંધો સર્જાયા છે અને આથી જ સંસાર પ્રત્યે અનાસક્તિ કે ઉદાસીનપણું કેળવવું જરૂરી છે.

ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે તો માર્મિક રીતે એમ કહ્યું કે શરીર પર સોજા ચડ્યા એટલે એમ માનીશ નહીં કે તારો દેહ પુષ્ટ બન્યો છે. આનો અર્થ એ કે સંસાર જેમાં સુખ જુએ છે, જેમાં સબંધો બાંધે છે, જેને વિશે આસક્તિ સેવે છે અથવા જેના પ્રત્યે પ્રબળ રાગ કે તીવ્ર દ્વેષ ધરાવે છે, તે સઘળું અવાસ્તવિક છે, ભ્રમણા છે.

કારણ એટલું જ કે માનવી એક શરીર છોડી બીજું શરીર ધારણ કરતો હોય છે. ભવભ્રમણાની કે પુનર્જન્મની પરિક્રમા ચાલતી હોય છે. આમ, જ્યાં જન્મ અને મરણ ચાલતા રહે તેનું નામ સંસાર. આવા સંસારના સુખની ભ્રામકતાને અહીં મૃગતૃષ્ણા તરીકે બતાવી છે. વાસ્તવિકતા એ છે કે માણસ તૃષ્ણા તરફ મુખ રાખીને જીવતો હોય છે, એને બદલે એણે એના તરફ પીઠ ફેરવીને જીવવું જોઈએ. એ મુખ રાખીને દોડશે, તો મૃગતૃષ્ણાનો અનુભવ થશે અને એ પીઠ રાખીને જીવશે તો પૂર્ણપ્રાપ્તિનો અનુભવ થશે.

શા માટે ઉપાધ્યાય વિનયવિજયજી મહારાજે સંસારભાવનાની વાત કરતી વખતે કામ, ક્રોધ જેવાં વિકારોની વાત પ્રારંભે ન કરી અને પહેલાં લોભ અને તૃષ્ણાની વાત કરી. આની પાછળ એમની સૂક્ષ્મદૃષ્ટિ જોવા મળે છે. લોભમાં પ્રાપ્તિ માટેનો તલસાટ છે. કશુંક મેળવવા માટેની મથામણ છે. લોભ કંઈક ભેગું કરવા ચાહે છે. લોભને માત્ર મેળવવું છે, બીજું કંઈ નહીં. અને જ્યારે તૃષ્ણા એ ભોગવવાની તીવ્ર ઈચ્છા છે. અહીં લોભી નથી, પણ ભોગી છે, એને તમારી પાસે લેવું છે અને સાથે એણે એ ભોગવવું છે.

મેળવવું અને ભોગવવું એ બંને વચ્ચેનો ભેદ પારખવો જોઈએ, પરંતુ મનુષ્ય ભવમાં લોભથી પ્રાપ્તિ અને તૃષ્ણાથી વિષયલાલસા જોવા મળે છે. માનવી વિષયોમાં સુખ માને છે. પરંતુ એ વિષય પ્રાપ્ત થતાં એને મૃગતૃષ્ણાનો અનુભવ થાય છે. પોતે કેવાં કેવાં સુખોની કલ્પના કરી હતી અને વાસ્તવમાં એને એ સુખ પ્રાપ્ત થતું નથી. સંસારના વિષયજળને પામવા માટે એણે કેટલીય હરણફાળ ભરી, પણ પરિણામરૂપે તો એને શીતળ જળને બદલે ધગધગતી રેતીનો જ અનુભવ થયો. મૃગજળની વાત એ માટે કરી છે કે અફાટ રણની અંદર આવા ઝાંઝવાના નીર જોઈને હરણાં હરખમાં દોડતાં ને દોડતાં જ રહે છે અને અંતે મૃત્યુ પામે છે.

આવી હરણાની દોડ જેવી વિષયતૃષ્ણાની દોડ છે. એ દોડમાં દોડતો માનવી બસ દોડ્યા જ કરે છે. કોઈને ધનની તૃષ્ણા હોય તો થાય છે શું? 'યોગશાસ્ત્ર' કહે છે. ધન વગરનો માણસ સો રૂપિયાની ઈચ્છા કરશે. સો રૂપિયાવાળો હજાર રૂપિયાની. હજાર રૂપિયાવાળો લાખની, લાખવાળો કરોડની, કરોડવાળો વિચારે કે હું રાજા હોઉં તો કેવું સારું, રાજા ચક્રવર્તી બનવાની ઈચ્છા રાખે, ચક્રવર્તી દેવ બનવાની ભાવના રાખે, દેવ એવો વિચાર કરે કે હું ઈંદ્ર બનું તો, અને ઈંદ્રત્વ મળ્યા પછી પણ કોઈ સંતોષ હોતો નથી.

જેને ઉપાધ્યાય વિનયવિજયજી મૃગતૃષ્ણા કહે છે એવી અનેક તૃષ્ણાઓ માનવીની પાછળ પડી હોય છે. એના જીવનની અવસ્થાઓ પ્રમાણે એની તૃષ્ણાના રૂપરંગ બદલાતા હોય છે. એની પહેલી તૃષ્ણા હોય છે, 'આટલું મળે એટલે બસ.' આમ વિચારતો માનવી પોતાના જીવન વિશે વિચારવાને બદલે પડોશીની સુખસમૃદ્ધિ વિશે વધારે વિચારતો હોય છે. માનવીનું નેવું ટકા જીવન તો અન્ય પર નિર્ધારિત છે. બીજાની પાસે આ છે તો મારી પાસે કેમ નહીં એમ વિચારે છે. બીજો આટલો હોંશિયાર છે, તો હું કેમ નહીં એમ વિચારે છે. બીજાને હું કેવો લાગીશ એનો સતત વિચાર કરે છે. વિચિત્રતા તો એ છે કે આપણને આપણી જાણ નથી અને બીજાની ફિકર કરીએ છીએ. 'કાજી ક્યોં દૂબલે, સારે ગાંવ કી ફિકર' જેવી પરિસ્થિતિ છે. આવે સમયે અઠવાડિયામાં એક દિવસ એવો પણ વીતાવો કે જ્યારે તમે બીજા કોઈની વાત કરતા ન હો, કોઈની નિંદા કરતા ન હો, કોઈને વિશે કશી ટીકા કરતા ન હો, અને માત્ર આત્મચિંતન કરતા હો.

બીજી બાબત એ જોવા મળે છે કે વ્યક્તિ વિચારે છે કે 'આટલું મેળવી લઉં, પછી શાંતિથી રહીશ' અને એની આટલું મેળવી લેવા પાછળની પ્રાપ્તિની દોટ ચાલુ થાય છે અને એની મેળવવાની મથામણ હજી ચાલતી હોય, ત્યાં જ યમરાજના તેડાં આવી જાય છે.

ત્રીજી બાબત એ છે કે 'આટલું કરી લઉં પછી કરીશ.' ભગવાન મહાવીરે તો કહ્યું છે કે ઈંદ્રિય શિથિલ થાય તે પહેલાં અને શક્તિ ઓછી થાય તે પૂર્વે ધર્મધ્યાન કરી લ્યો. પરંતુ વ્યવહાર જગતમાં જોવા મળે છે કે માણસ એમ વિચારતો હોય છે કે બસ, યુવાનીમાં કમાઈ લઉં. આટલું મેળવી લઉં અને પછી નિરાંતે ધર્મધ્યાન કરીશ. આવી નિરાંત તમે ઈચ્છો તો પણ ક્યારેય આવતી નથી.

એક શ્લોકની ચાર પંક્તિની પાછળ કેટલાં ગર્ભિતાર્થો છે. એ જ દર્શાવે છે કે મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે આપેલા ચિંતન-નવનીત પાછળ કેટલું બધું મનન અને દર્શન રહેલું છે.✶✶

૧૩/બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૦૭૯ ૨૬૬૦૨૬૭૫.
મોબાઈલ : ૦૯૮૨૪૦૧૯૯૨૫.

બાર ભાવના — એકત્વ ભાવના

□ ડૉ. પ્રજ્ઞા બિપિન સંઘવી

[શૈક્ષણિક અભ્યાસ એમ. એ. સંસ્કૃત સાથે. શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. જૂની હસ્તપ્રતો ઉકેલવાનું કાર્ય કરે છે. માટુંગા ઉપાશ્રયમાં ધાર્મિક અભ્યાસ કરાવે છે તેમ જ સંસ્કૃત શીખવે છે.]

બાર ભાવનામાં પ્રથમ છ ભાવના વૈરાગ્યપરક છે અને પછીની છ ભાવના તત્ત્વજ્ઞાનપરક છે. પ્રત્યેક ભાવનાનો વિષય પરસ્પર ભિન્નભિન્ન છે. ૧ થી ૬ ભાવના ભાવવાથી વેદ મોહનીયના ભાવ ઘટે છે અને નિર્વેદના પ્રગટે છે. બાહ્ય ભાવોથી છૂટાય છે. આત્મભાવો ઘૂંટાય છે. ૬ થી ૧૨ ભાવના ભાવવાથી આત્માનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. રાગદ્વેષના કારણો બાળે છે અને આખા લોકને પ્રકાશી શકે તેવી આત્મજ્યોતિ પ્રગટે છે. આમ ભાવના કષાયો અને શરીર પ્રત્યેના મોહરૂપી રોગને દૂર કરવાની અને શુદ્ધ નિરોગી આત્મસ્વરૂપ પામવાની દવા છે.

હવે ચોથી ભાવના **એકત્વ ભાવના** છે. એકત્વ એટલે એકાકીપણું. એકત્વ ભાવના એટલે **આત્મનિરીક્ષણ** અને તાત્ત્વિક દૃષ્ટિએ આંતરવિચારણા. શ્રીમદ્વિનયવિજયજી ઉપાધ્યાય તેમના બાર ભાવના વિષયક 'શાંત સુધારસ' નામના ગ્રંથમાં જણાવે છે કે આત્મનિરીક્ષણ કેવી રીતે થાય. શાંત સ્થાનમાં નીરવ વાતાવરણમાં શાંત સમયે પોતાનું શુદ્ધ સ્વરૂપ શોધી કાઢવા માટે થોડો સમય ચેતનની સાથે વાત કરવા કાઢવાનો છે. ચેતન સાથે વાતો કર કે હે ચેતન! તું કોણ છે? ક્યાંથી આવ્યો છે? કોની સાથે આવ્યો? તારું કોણ? ક્યાં જઈશ? કોના સારુ આ સર્વ પ્રપંચોમાં ફસાયો છે? અને આ બધું ક્યાં સુધી ચાલશે? તને જરા પણ થાક લાગતો નથી? આ સંયોગો તેં જ ઊભા કર્યા છે, તેનો વિચાર કર. ત્યારે સમજાશે કે હું આત્મા છું. દેહનો સંયોગ છે. કર્મથી ઘેરાયેલો છું. સંસારમાં ભટકું છું. નાના પ્રકારના વેશ ધારણ કરું છું. વિભાવ દશામાં આવી ગયો છું. તેથી પરાધીન બની ગયો છું. મૂળ સ્વભાવ ભૂલી ગયો છું.

આંતર વિચારણામાં એકત્વ ભાવનામાં કેન્દ્રસ્થ વિચાર એ છે કે આ જીવ એકલો જ છે. સ્વતંત્ર છે. એકલો આવ્યો છે અને એકલો જવાનો છે. પોતાના કૃત્યોનો સ્વતંત્ર કર્તા, હર્તા અને ભોક્તા છે. પ્રત્યેક આત્મા એક સરખા છે. એક જ છે. સર્વ શક્તિમાન છે. જ્ઞાન અને દર્શન એના મૂળ ગુણો છે. સર્વ કાળે સદા તેની સાથે રહેનારા છે. જે સર્વ દેખાય છે તે મમત્વ જ છે. આમ આંતરવિચારણામાં આત્માનું અસંગીપણું, જ્ઞાન, દર્શન અને ચારિત્રમયપણું, એકત્વ, અવિનાશત્વ વગેરે આત્મિક સર્વ બાબતોનો સમાવેશ થાય છે.

'શાંત સુધારસ'માં ગ્રંથકારે એકત્વ ભાવના પર ખૂબ શાંતિથી પૂર્ણ શાંત વાતાવરણમાં ગાવા યોગ્ય અષ્ટકની રચના કરી છે. જેનો સાર આ પ્રમાણે છે:

૧. હે ચેતન! આ દુનિયામાં તારું પોતાનું શું છે? તું વસ્તુ સ્વરૂપનો બરાબર વિચાર કર. અનેક જીવો છે તેમાં તારા કોણ? અનેક ચીજો છે તેમાં તારી કઈ? કોણ કોનું છે? કોનું શું છે? નિજં કિં? પોતાનું શું? આ સવાલ જો હૃદયને સ્પર્શી જાય તો તને દુ:ખ કે ખેદ થાય નહિ. તારી આસપાસ શાંતિનું સામ્રાજ્ય જમાવી દેશે.

૨. આ જીવ એકલો જ ઉત્પન્ન થાય છે. તે જ્યારે જન્મે છે ત્યારે તદ્દન એકલો જ હોય છે. તેને જેના પર મોહ હોય તેવા સ્ત્રી, પુત્રાદિ તેની સાથે જન્મતા નથી અને જ્યારે જાય છે ત્યારે તે એકલો જ જાય છે. કોઈ તેની સાથે જતું નથી કે એની ચિતામાં એના બદલે કોઈ સૂતું નથી. કહ્યું છે ને 'ડેહલી લગી સગી અંગના, શેરી લગી સગી માય, સીમ લગે સાજન ભલો, પછે હંસ અકેલો જાય.'

૩. આ પ્રાણી અનેક પ્રકારની મમતાઓને વશ થઈને જેટલો પરિગ્રહ વધારે છે તેટલો તે ભારે થતો જાય છે. મમતાની વિવિધતા જુઓ. ધન, પુત્ર, સ્ત્રી, માબાપની મમતા તો જાણીતી છે. એ ઉપરાંત નામનો મોહ, કપડાની મમતા, ખાવાની મમતા, ફરવાની મમતા, છત્ર-પલંગમાં સુવાની ઇચ્છા. જેના વહાણમાં માલ ભરાય તે જ ભારે થાય અને ભારના પ્રમાણમાં નીચે બેસે. તેમ પરભાવમાં રમણતા થઈ એટલે આત્મવિચારણા દૂર થઈ જાય. પછી મમત્વ બંધાતું જાય. તેથી ભાર થતો જાય. આપણું વહાણ આ ભવમાં વધારે ડૂબાડીએ છીએ કે ઉપર લઈ આવીએ છીએ તેની વિચારણા કરવાની છે.

૪. જ્ઞાન, દર્શન, ચારિત્રનો ધણી પણ પરભાવમાં પડી જાય છે ત્યારે એ પોતાનું મૂળ રૂપ તજી દઈ અત્યંત વિચિત્ર ચેષ્ટાઓ કરે છે. આ પ્રાણી સંસારના નાટક ભજવવામાં પડી જાય છે. મારું મારું કરી નાટકો કરે છે. પછી એ અનેક કષ્ટોમાં પડે છે. એક ખાડામાંથી બીજામાં અને એક ભવમાંથી બીજામાં ગબડે છે. ભવોભવની રખડપટ્ટી કરે છે. ચેતન એકલો છે છતાં પારકાની અસર તળે તેના કેવા હાલ થાય છે તેનો વિચાર કર.

૫. સોનું ચોક્ખું હોય ત્યારે એનો પ્રકાશ, રંગ, સ્નિગ્ધતા, દેખાવ, ભાર ખરેખર ચિત્તાકર્ષક હોય છે. પછી જ્યારે અન્ય ધાતુની એમાં ભેળસેળ કરવામાં આવે ત્યારે તેનો રંગ જાય, રૂપ જાય, ચળકાટ જાય, અને એમાં પણ જો વધુ પડતો ભેળ થઈ જાય

તો કોઈ તેને સોનું માનવાની પણ ના પાડી દે. સોનામાં જેટલો ભેળ થાય તેટલું તેનું સુવર્ણત્વ ઓછું થાય છે.

૬. ચેતન આત્માની જ્યારે કર્મ સાથે મેળવણી થાય છે ત્યારે એના પણ અનેક રૂપો થાય છે. મૂળ સ્વભાવ બદલાઈ જાય છે. પછી તો એ અનેક નાટકો કરે છે. નવા નવા રૂપો ધારણ કરીને ચારે ગતિમાં ભટકતો ફરે છે. જેટલો ભેળ એમાં કર્મનો ભળે છે તેટલો એ અસલ રૂપથી દૂર ખસતો જાય છે. સંસારમાં તે ગમે તે સ્થિતિમાં જોવામાં આવે તે સર્વમાં ઓછા વધતા અંશે ભેળ જરૂર છે. જ્યારે એ કર્મને દૂર કરે, એનું શુદ્ધ કાંચનત્વમય સ્વરૂપ પ્રાપ્ત કરે, પ્રગટાવે ત્યારે તે ભગવાન થાય છે. એકલો આવનાર અને એકલો જનાર આત્મા કર્મના સંધાનના ભેળથી કેવો થઈ જાય છે અને એ ન હોય ત્યારે એની કેવી સુંદર દશા હોય છે! સ્વભાવમાં કેવો લીન થઈને આત્મિક આનંદ માણતો હોય છે તેનો ખ્યાલ કરી એનું એકત્વ ખૂબ વિચારવાની જરૂર છે. 'આનંદઘન આતમજી! કેવી દશા તમારી? આનંદને તજીને વિષાદને છો પામ્યા. આનંદના ફૂવારા, આતમના સદ્‌ગુણોને રોકી દીધા છે કોણે, કુંઠિત કર્યા છે કોણે?'

૭. આ કાંચન સ્વરૂપ ભગવાન કેવો છે તે જરા જોઈએ. અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાયોથી વ્યાપ્ત છે. આ દુનિયા, એની અંદરના સર્વ પદાર્થો, એના સર્વ ભાવોને, એના ભૂત, ભાવિ અને વર્તમાન ત્રણે કાળના આકારને જે બતાવી આપે, તેનો બોધ કરાવી આપે તે જ્ઞાન. સર્વ પદાર્થોનો સામાન્ય બોધ આપે તે દર્શન. અથવા થયેલા બોધમાં દૃઢ શ્રદ્ધા થવી તે દર્શન અથવા સમ્યક્ત્વ. આત્મપ્રદેશની સ્થિરવૃત્તિ અને ગુણમાં રમણતા એ ચારિત્ર. આત્મા આવા અનંત ગુણોથી એના મૂળ સ્વભાવમાં વ્યાપ્ત છે. ગુણની દૃષ્ટિએ સિદ્ધના સર્વ જીવો એક સરખા હોવાથી તેમાં અભેદપણું શક્ય છે. પણ પ્રત્યેક આત્માનું વ્યક્તિત્વ જતું નથી. કોઈ અન્યમાં તે ભળી જતું નથી. બહિરાત્મભાવ મૂકી અંતરાત્મભાવ પ્રકટ કરી એનું એકત્વભાવ સમજી આ વિચારણા કરવામાં આવે તો પરમાત્વભાવ પ્રકટ છે. સિદ્ધ છે, પ્રાપ્તવ્ય છે અને પોતાની પાસે જ છે.

૮. હે ચેતન! અત્યારે અમૃતરસ તારામાં જાગ્યો છે. તેં અત્યારે જે વાંચ્યું છે કે વિચાર્યું છે તેથી અથવા અત્યારે તું જે સંયોગોમાં શાંતિસ્થાનમાં આવી અમુક અંશે ઉપાધિમુક્ત થયો છે તેથી તારામાં સમતારસનો અમૃતરસ કાંઈક જાગી ગયો છે. એ સમતારસનો સ્વાદ અત્યંત પ્રેમપૂર્વક એક ક્ષણવાર જરૂર કરી લે. પછી તારા પર કેવી અસર થાય છે તે તું જોજે. શાંત વાતાવરણ, શુભ સંયોગો, જ્યોત્સનાવાળી રાત્રિ અને સદ્‌ગુરુનું સાંનિધ્ય, ઢળક સાથે ગાન કરેલ લય એ સર્વ હવાને ચોખ્ખી કરી નાખશે. આખું વિશ્વ નવા સ્વાંગમાં દેખાશે. પછી તને અંદર પેસવાનું, આંતરવિચારણા કરવાનું મન થશે. આ અમૃતરસ એકવાર ચાખ્યા પછી તને તેની લગની લાગશે અને તારું જીવન સફળ થશે. ગ્રંથકર્તા તને આશીર્વાદ આપે છે કે 'તારામાં સુખરસનો આનંદ વૃદ્ધિ પામો.' આ સત્ય વિચારણાને વ્યવહારુ રીતે સફળ કર.

એવી રીતે એકત્વ ભાવની વિચારણા શ્રીમદ્વિનયવિજયજી ઉપાધ્યાયે પ્રખર શબ્દોમાં ગાઈ.

ચારિત્ર ધર્મનું ગ્રહણ કરવાની કેવળ ઇચ્છાના પ્રભાવથી જ નમિ રાજર્ષિની બધી વેદના શમી ગઈ. પ્રભાત થયું. પોતાની જાતે પ્રતિબુદ્ધ થયા. રાજ્યગાદી પોતાના પુત્રોને સોંપીને રાજ્ય છોડ્યું. સમસ્ત પરિવારજનો તથા અંતઃપુર સર્વ પ્રત્યે મમતા હતી તે છોડી. મહેલ, વૈભવ અને અલંકારો ત્યજ્યા. દૃષ્ટિવિષવાળા કાળા સર્પ જેવા ભોગોનો સર્વથા ત્યાગ કર્યો. ઉત્કૃષ્ટ ભાવે એકત્વ ભાવના ભાવતાં ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. એકલપણું સ્વીકાર્યું.

'एगोऽहं नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सइ।
एवं अदीण मणसा, अप्पाणमणुसासइ।।' (१)
'एगओ मे सासओ अप्पा, नाणदंसता संजुओ।
सेसा मे बाहिरा भावा, सव्वे संजोग लक् खणा।।' (२)

અર્થાત્ (૧) હું એકલો છું. મારું કોઈ નથી અને હું પણ કોઈનો નથી. એમ દીનતા રહિત સ્વસ્થ ચિત્તે આત્માને હિતકારી શિખામણ આપે. આત્મા પર અનુશાસન કરે. (૨) મારો આત્મા એકલો છે. શાશ્વત છે. જ્ઞાન, દર્શન ગુણોથી યુક્ત છે. તેના સિવાયના બધા બાહ્ય ભાવો છે. સર્વે સંયોગરૂપ લક્ષણવાળા છે.

આ ગાથાઓમાં ઘણાં ગૂઢ રહસ્યો છે. તે જ્ઞાની ગુરુગમથી જ જણાય. જે કાંઈ થોડું ઘણું સાંભળ્યું, સમજાયું તે જણાવું છું. એકત્વ એટલે એકલાપણું. મારો આત્મા એકલો છે. આ સંસારમાં અનંતા જીવો છે. તેમની વચ્ચે મારો આત્મા એકલો છે. આ સંસારમાં અનંતા અજીવો પણ છે. તેમની વચ્ચે પણ મારો આત્મા એકલો છે. આ સંસારમાં દોરંગી સ્વાર્થી દુનિયાનો કડવો અનુભવ થાય છે. જેમ કે ફળના મળતાં પંખીડાં વૃક્ષને છોડી દે છે. મધના મળતાં ભમરાં ફૂલને છોડી દે છે. એમ લાચારીમાં, બિમારીમાં કે ઘડપણમાં એકલપણાનો અનુભવ થાય છે. ચિત્તમાં તોફાનો શરૂ થાય છે. માયા, મમતા, મોહને કારણે તો દીનપણામાં ચિત્ત અસ્વસ્થ થાય છે.

જીવનો જન્મ એકલો થયો છે. બાળપણમાં સંયોગો વધે છે. યુવાનીમાં આખો સંસાર ઊભો થાય છે પરંતુ ઘડપણ આવે ત્યારે એકલતા અકળાવે. જીવનમાં હામ, દામ, ઠામ બધું હોવા છતાં એકલતાનું નિવારણ અશક્ય થાય છે. પુણ્યોદયના નશાને કારણે એકલપણાનું ભાન ન થાય કે મોત સમયે એકલા જ જવાનું છે. અને પાપના ઉદયમાં પડછાયા પણ સાથ ન આપે. તેથી ચિત્ત

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૦)

અન્યત્વ ભાવના

☐ ડૉ. રેખા વ્રજલાલ વોરા

[જૈન તત્ત્વજ્ઞાનના અભ્યાસી રેખાબહેન 'ભક્તામર સ્તોત્ર' પર શોધ નિબંધ લખીને મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ. ડી. થયા છે. તેઓ યોગ અને એક્યુપ્રેશર નિષ્ણાત છે.]

ભાવ એ જૈન ધર્મની ઈમારતનો પાયો છે. 'શાંત સુધારસ' ગ્રંથમાં મહોપાધ્યાય શ્રી વિનયવિજયજીએ આખીયે ભાવસૃષ્ટિ દર્શાવીને જૈન દર્શનનું વિશાળ આકાશ ઉઘાડી આપ્યું છે.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યએ એમના 'યોગશાસ્ત્ર'માં, ઉમાસ્વાતિજીના 'તત્ત્વાર્થધિગમ્' સૂત્રમાં અને પ્રભુ મહાવીરની અંતિમ દેશના જેમાં છે તેવા 'ઉત્તરાધ્યયન' સૂત્રમાં, 'સૂત્રકૃતાંગ' સૂત્રમાં, બૌદ્ધ ધર્મના ધર્મગ્રંથ 'ધમ્મપદ'માં, હિંદુ ધર્મના પ્રાચીન ગ્રંથ 'મનુ સ્મૃતિ'માં તથા ઈસ્લામ ધર્મના 'કુરાન'માં માનવ જીવનને ઉન્નત કરતી ભાવનાઓનું વર્ણન મળે છે.

અનિત્ય ભાવના, અશરણ ભાવના, સંસાર ભાવના અને એકત્વ ભાવના પછી આવે છે અન્યત્વ ભાવના. માનવીના જીવનમાં એણે પોતાના માની લીધેલાં પદાર્થો ખરેખર એના પોતાના હોતા નથી તેનું વિવરણ અન્યત્વ ભાવનામાં દર્શાવવામાં આવ્યું છે. આ વિશ્વમાં મારો પ્રવેશ ક્યારથી થયો, મારા માતા-પિતા, પતિ-પત્ની, પુત્ર-પુત્રી ઇત્યાદિ કોણ છે, એમની સાથે મારો સંબંધ કયા નિમિત્તથી થયો? તે વિશે પાંચમી અન્યત્વ ભાવનામાં આલેખન કરવામાં આવ્યું છે.

અન્યત્વ ભાવનાનું સ્વરૂપ: ચોથી એકત્વ ભાવના અને પાંચમી અન્યત્વ ભાવનાને ગાઢ સંબંધ છે. જાણે કે એક સિક્કાની બે બાજુ. એકત્વ ભાવનામાં ભીતરમાં જોવાનું છે, આત્માનું નિરીક્ષણ કરવાનું છે જ્યારે અન્યત્વ ભાવનામાં ભીતરની અપેક્ષાએ બહાર જોવાનું છે. અવલોકન કરવાનું છે. બંને ભાવનાનું અંતિમ ધ્યેય તો આત્માના નિજ સ્વરૂપને ઓળખી અંતર આત્મામાં સ્થિર થવાનું જ છે. પરંતુ બંનેને ત્યાં પહોંચવાનું જે લક્ષ્ય અને પામવાનો દૃષ્ટિકોણ અલગ અલગ છે. એકત્વ ભાવનામાં માનવીના જીવન અને મરણ વચ્ચેના એકાકીપણાને દર્શાવવામાં આવ્યું છે. જ્યારે અન્યત્વ ભાવનામાં જન્મ અને મરણ વચ્ચેની સ્થિતિમાં જેને પોતાના માની લીધા તે ખરેખર પોતાની નથી તેની સુંદર રજૂઆત કરવામાં આવી છે.

મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી અન્યત્વ ભાવના વિશેના પ્રથમ શ્લોકમાં જણાવે છે કે,

विनय! निमालय निजभवनं (२)

तनुधनसुतसदनस्वजनादिपु, किं निजमहि कुगतेरवनम्? ।।विनय ।। १ ।।

અર્થાત્ 'વિનય! તારા પોતાના ઘરની સારી રીતે ભાળ કાઢ–શોધ કર અને વિચાર કે આ ભવમાં તારું શરીર, તારું ધન, તારા સંતાનો, તારા ઘરનાં અને સંબંધીઓ પૈકી દુર્ગતિમાં જતાં તારું કોઈ રક્ષણ કરશે ખરું? જો ખરેખર તને કોઈ રક્ષણ આપી શકે તેવું છે કે નહીં તેને તું શોધી કાઢ.'

અન્યત્વ ભાવના કહે છે કે જેને તું પોતાનું માને છે તે ખરેખર તારું પોતાનું નથી, પણ અન્ય છે. એટલે કે તારું ઘર, તારાં સગાં સંબંધી એને ભલે તું તારા માનતો હોય પરંતુ ખરેખર તો તારું ઘર બહાર નથી પણ ભીતરમાં છે. અન્યત્વ ભાવના માનવીને એની ભીતરમાં રહેલાં આંતરમંદિરને શોધવાનો મને હૃદયમંદિરને સમજવાનો સંદેશ આપે છે. માનવી મમતાની પાછળ દોડે છે. અન્ય ચીજ-વસ્તુ પ્રત્યે આસક્તિ ધરાવે છે. પ્રિયજન પ્રત્યે ઘેલછા રાખે છે. પરંતુ અન્યત્વ ભાવના કહે છે કે આ બધું તો અન્ય છે. પારકું છે. એમાંથી એકેય તને રક્ષણ આપનાર નથી તેથી જીવનમાં બહારની દોડ વ્યર્થ છે. એક કથા છે કે એક માણસને દેવદૂતે એમ કહ્યું કે તું દોડીને જેટલી જમીન પસાર કરે છે તે તારી. પેલો માણસ દોડવા લાગ્યો. થાકી ગયો, હાંફી ગયો, લથડિયા ખાતો રહ્યો છતાં દોડ્યો. કારણ કે તેને વધુમાં વધુ જમીનના માલિક થવું હતું. આમ દોડતાં દોડતાં એણે પ્રાણ ગુમાવ્યાં અને વાર્તાના અંતે લેખક કહે છે કે માણસને કેટલી જમીન જોઈએ? માત્ર છ ફૂટ અને તેય તેની અંતિમ ક્રિયા માટે.

અન્યત્વ ભાવના બાહ્ય જગતમાંથી તમને ભીતરની દુનિયામાં જવાનો સંદેશ આપે છે. એ કહે છે કે તારું બાહ્ય જગતરૂપ શરીર નાશવંત છે. તારો આત્મા એ જ શાશ્વત છે.

બાહ્ય જગતમાંથી ભીતરમાં જતાં રાજમાર્ગને અનુસરીને અનેક આત્માઓ ઉત્કૃષ્ટતાને પામ્યા હોય તેવા અનેક ઉદાહરણો ઇતિહાસમાં દૃષ્ટિગોચર થાય છે. જેમકે રામાયણના રચયિતા જેઓ વાલિયામાંથી વાલ્મિકી બન્યા.

મહામહોપાધ્યાય વિનય વિજયજી શાંત સુધારસમાં અન્યત્વ ભાવનાનું સ્વરૂપ સમજાવતાં જણાવે છે કે-

येन सहाश्रयसेऽतिबिमोहादिदमहमित्यविभेदम् ।

तदपि शरीरं नियतमधीरं त्यजति भवन्तं धृतखेदम् ।। विनय.।। २ ।।

અર્થાત્ 'આ શરીર તો હું પોતે જ છું' એટલો બધો જેની સાથે અભેદ-એકતા માનીને તું જેનો આશ્રય કરે છે તે શરીર તો ચોક્કસ ચંચળ છે અને તને ખેદ ઉપજાવીને છોડી દે છે અથવા જ્યારે

તારામાં શિથિલતા આવે છે ત્યારે તેને ત્યજી દે છે.

આ શ્લોક દ્વારા અન્યત્વ ભાવનાનું સ્વરૂપ સમજાવતાં વિનય વિજયજી કહે છે કે દેહ અને આત્માના સંબંધની ભિન્નતા પર વિવેચન કરીને, બહિરાત્મક ભાવનાના ત્યાગની વાત કરીને અંતરાત્માનો જે મૂળભૂત સ્વભાવ છે તેની ઓળખ મેળવવાની વાત કરે છે અને અંતરભાવમાં સ્થિર રહેવાથી પરમાત્માની પ્રાપ્તિ થઈ શકે છે.

સામાન્ય માનવીને માટે અન્યત્વ ભાવનાનું સ્વરૂપ સમજી અને તેના મર્મને પામવું તદ્દન સરળ છે. ફક્ત તેણે એટલું જ સમજવાનું હોય છે કે આ જગતની કોઈપણ વસ્તુ આપણી–મારી પોતાની નથી. સર્વ સજીવ-નિર્જીવ બધા જ તત્ત્વો પરાયા છે. આત્મા પર લાગેલું શરીરરૂપી આવરણ પોતાનું નથી. અર્થાત્ આ દેહ પણ પરાયો છે. આ દેહ નાશવંત છે પરંતુ આત્મા તો શાશ્વત છે.

શ્રી વિનય વિજયજીએ અન્યત્વ ભાવના દ્વારા માનવીના મનોભાવને બદલવાની દૃષ્ટિ પ્રદાન કરી છે. માનવી અજ્ઞાનના કારણે સ્વજનો, ભૌતિક સાધનો, શરીરને પોતાનું સર્વસ્વ માનીને અને તેના પ્રત્યે આપાર મોહમાયા, રાગદ્વેષ થકી અનેક પ્રકારના પાપકર્મો બાંધે છે. 'પોતાની ભીતરમાં આત્મા તરફ કેન્દ્રિત થઈને બહારના જે અન્ય છે તે સઘળા પ્રત્યેનો મોહ ત્યજવો તે અન્યત્વ ભાવના છે.' આત્મા સિવાય સઘળું અન્ય છે. આ દેહ પણ મારો નથી. મારું જે કાંઈ છે તે માત્ર અને માત્ર મારો આત્મા જ છે. અર્થાત્ હું આત્મા છું અને શરીરથી ભિન્ન છું. આ રીતે અન્યત્વ ભાવનાનું ચિંતન કરવામાં આવે તો મોહનીય કર્મનો ક્ષય થાય અને કાળક્રમે આત્મા ઊર્ધ્વગતિને પ્રાપ્ત કરે છે.

સમ્યગ્ જ્ઞાનદર્શનચારિત્રાણિ મોક્ષ માર્ગઃ।

–તત્ત્વાર્થ સૂત્ર

ઉમાસ્વાતિજી રચિત તત્ત્વાર્થ સૂત્રનું પ્રથમ સૂત્ર છે કે સમ્યગ્ પ્રકારનું જ્ઞાન-દર્શન-ચારિત્ર મોક્ષ માર્ગની પ્રાપ્તિ કરાવે છે. સમ્યગ્ દર્શનનું મૂળ અન્યત્વ ભાવના છે. તેને વિવેક ભાવના અથવા ભેદજ્ઞાન પણ કહી શકાય. આમાં દેહ અને આત્માની ભિન્નતાની ભાવના પુષ્ટ થતાં મોહનીય કર્મનો ઘાત થઈ જાય છે. મોક્ષમાર્ગ સિદ્ધત્વની પ્રાપ્તિ માટે ચાર ઘાતી કર્મનો નાશ થવો જરૂરી છે. ઘાતી કર્મના ક્ષયનું પ્રથમ પગથિયું છે મોહનીય કર્મનો ક્ષય.

મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજીએ 'શાંત સુધારસ'માં અન્યત્વ ભાવનાના પ્રથમ શ્લોકમાં કહ્યું છે કે,

पर: प्रविष्ट: विनाशं, लोकोक्तिरेषा न मृषेति मन्ये।
निर्विश्य कर्माणुभिरस्य किं किं, ज्ञानात्मनो नो समपादि कष्टम् ।। १ ।।

અર્થાત્ પારકાને ઘરમાં દાખલ કર્યો હોય તો તે વિનાશ જ કરે છે. એવી જે લોકવાયકા છે તે મને લાગે છે કે ખોટી નથી. આ જ્ઞાનથી ભરેલા આત્મામાં કર્મના પરમાણુઓએ દાખલ થઈને એને ક્યાં ક્યાં કષ્ટો નથી આપ્યાં?

આપણા આત્માનું નિજ સ્વરૂપ નિર્મળ-સ્વચ્છ-પારદર્શી પરમાત્મા સ્વરૂપ છે. પરંતુ જ્યારે જ્યારે આત્મા દેહને ધારણ કરે છે ત્યારે ત્યારે અનેક પ્રકારના કર્મનો બંધ થાય છે. આ કર્મ બંધાવવાનું કારણ છે કષાય. કષાય એટલે કષક આય. કષ એટલે સંસાર અને આય એટલે પ્રાપ્તિ. જેનાથી સંસારની પ્રાપ્તિ થાય તેનું નામ કષાય. આ કષાય ચાર પ્રકારે છેઃ ક્રોધ, માન, માયા અને લોભ. ચારે કષાયોમાં માનને મહાકાય અને વ્યાપ્ત માનવામાં આવે છે. માન વગર ક્રોધ, માયા અને લોભ ઉત્પન્ન થતાં નથી.

કષાયો રૂપી પારકાને આપણે શરીર રૂપી માધ્યમ દ્વારા આત્મા રૂપી ઘરમાં દાખલ કર્યા છે અને તેને કારણે આપણો આત્મા ઊર્ધ્વગતિ ને બદલે વિરુદ્ધ અધોગતિ તરફ ધકેલાય જાય છે. આત્મા અનંત જ્ઞાન – અનંત ગુણોનો ધણી છે. પરંતુ તેના ઉપર કષાયો થકી બંધાયેલા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય કર્મ જેવા ઘાતી કર્મો લેપાયેલા છે. પરંતુ આત્મા અને શરીરને ભિન્ન કરી દેવામાં આવે તો આ ચારેય ઘાતી કર્મોના ઘાત નિશ્ચિત જ થાય છે.

સર્વ પ્રથમ સર્વ સજીવ અને નિર્જીવ પરથી માન અને માયાનો ત્યાગ કરીએ તો બીજા બે કષાયો ક્રોધ અને લોભનો ત્યાગ થઈ જશે. અને આ જે પારકા (કષાયો) આપણા આત્મા રૂપી ઘરમાં પ્રવેશેલા છે તે આત્માની વિનાશ રૂપી દુર્ગતિ કરતા અટકી જશે. શરીરને કષાયો-વિષયોથી પ્રીતિ છે અને આ કષાયો આપણી નબળી કડી બરાબર જાણે છે અને તેને જ મજબૂત હથિયાર બનાવીને લડે છે. શરીર થકી જ આપણે મોહમાયા જેવા ભયંકર દાવાનળમાં ફસાતા-ઘેરાતા જ જઈએ છીએ.

માનના બંધનમાં બંધાયેલો માનવી આત્માના પરમ પદને પામી શકતો નથી. માનરૂપી કષાયને દેશવટો આપવાથી શ્રી ઋષભદેવ ભગવાનના પુત્ર બાહુબલીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ અને સિદ્ધત્વને પામ્યા. આનાથી વિશેષ કષાયને ત્યાગવાથી ફળીભૂત થતી ઉત્કૃષ્ટતાનું બીજું ઉત્તમ ઉદાહરણ શું હોઈ શકે?

વર્તમાન સમયમાં અન્યત્વ ભાવનાનું મહત્ત્વ

વર્તમાન સમયના સંદર્ભમાં જોઈએ તો અત્યારે બારેબાર ભાવનાનું મહત્ત્વ રહેલું છે. તેમાં પણ અન્યત્વ ભાવનાનું સ્થાન અદકેરું છે કારણ આજના યુગમાં માનવીનું જીવન અનેક મુશ્કેલીઓથી ઘેરાયેલું છે. જેને આપણે આપણાં માન્યાં છે, જે સંબંધો માટે લડાઈ-ઝઘડાં કર્યાં, હસ્યા-રડ્યાં, અનેકોની

ખુશામત કરી એ સર્વ આપણાં યોગ્ય છે કે નહીં? કઈ વ્યક્તિ કે પરિસ્થિતિ આપણાં ઉપયોગી છે કે નથી તેની સમજણ આપણને આંતર મનનું મનોમંથન કરતા ખબર પડે છે. આજના હરીફાઈના યુગમાં દરેક દરેક આવા આત્માવલોકનની જરૂર ડગલે ને પગલે પડે છે.

આ ભાવનામાં અન્યને ત્યજવાની વાત છે. જે સંબંધો ક્ષણજીવી છે તેને શાશ્વત માનવાને બદલે અલ્પકાલીન માનવા જોઈએ. ધન હોય, સંબંધ હોય કે સ્નેહી હોય એ સઘળું મૃગજળ સમાન છે. તમે એની પાછળ દોડશો તો કશું જ હાથ નહીં લાગે. જે મૃગજળની પાછળ દોડે છે અંતે તો તેને ધગધગતી રેતી જ મળે છે. વર્તમાન યુગના સંદર્ભમાં આ કથન સત્ય કથન છે.

પારકાંને ઘરમાં દાખલ કરીએ તો તે વિનાશ જ નોતરે છે. આજના યુગમાં પણ આ વાત એટલી જ સત્ય છે. અજાણ્યાને ઘરમાં પ્રવેશ ન અપાય. જો આપીએ તો તે ચોર-ડાકુ, આતંકવાદી, બળાત્કારી કોઈપણ હોઈ શકે. તેવી રીતે આત્મા જ્ઞાનથી ભરેલો છે. તેમાં કર્મના પરમાણુઓ દાખલ થઈને અનેક કષ્ટો આપે છે.

વર્તમાન યુગમાં આપણા જીવનમાં અન્યત્વ ભાવના છે ખરી? ભાવનાઓ ઊંચા આકાશમાં ચડતી હોય અને લોકો ખીણમાં જીવન જીવતા હોય એવું તો બનતું નથી ને! આ અન્યત્વ ભાવનામાં શરીર પ્રત્યેના મોહની વાત કરી છે અને આજે આપણે જોઈએ છીએ કે માનવી એના જીવનનો નેવું ટકા ભાગ પોતાના શરીરના રોગ, એની સ્થિતિ, એની સજાવટ પાછળ ગાળે છે. એવી જ રીતે અન્યત્વ ભાવનામાં કહ્યું છે કે, 'તું તારા જીવનમાં અનેક પ્રકારની ચીજો અને ધન આદિનો સંગ્રહ-પરિગ્રહ કરે છે અને વધાર્યા કરે છે, પરંતુ જ્યારે તું પરલોકમાં ગમન કરીશ ત્યારે એક તલનો તેરમો ભાગ પણ તારી સાથે આવવાનો નથી.'

આવી અપરિગ્રહની ભાવના આજે તો સમાજમાંથી લુપ્ત થઈ ગઈ છે. ક્યાંક ધર્મને બદલે ધનની બોલબાલા છે તો ક્યાંક પોતાના પરિગ્રહનું સતત પ્રદર્શન છે. તેથી જ તો કહ્યું છે કે, 'તારા ધર્મના માર્ગે જુદા જુદા પંથના વટેમાર્ગુઓ મળે પણ એમની સાથે તું શા માટે મમતાનું ખોટું બંધન રચે છે?'

આજે આપણે એ પણ વિચાર કરવો જોઈએ કે ભગવાન મહાવીરના શાસનમાં આપણે કોઈ પંથ કે સંપ્રદાયના બંધનમાં તો જકડાયા નથી ને! આમ આજના માનવીને આ અન્યત્વ ભાવના પરિગ્રહમાંથી અપરિગ્રહ તરફની, બાહ્ય આકર્ષણોમાંથી આત્માની ઓળખની વાત કરે છે.

પરમ પદને પ્રાપ્ત કરવાનો માર્ગ:

મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી આત્માની ઊર્ધ્વગતિ પ્રાપ્ત કરાવી સિદ્ધપદને પામવાનો માર્ગ અન્યત્વ ભાવનાના અંતિમ શ્લોકમાં આ પ્રમાણે જણાવે છે,

भज जिनपतिमसहायसहायं, शिवगतिसुगमोपायम् ।
पिब गदशमनं परिहृतवमनं , शान्तसुधारसमनपायम् ।। विनय.।।८।।

અર્થાત્ 'જેને કોઈનો આધાર કે ટેકો ન હોય તેને સહાય કરનાર જિનપતિ તીર્થંકર દેવને તું ભજ. મોક્ષ ગતિ પ્રાપ્ત કરવાનો એ સહેલો ઈલાજ છે અને તું શાંત સુધારસ (અમૃત)નું પાન કર.

અનાદિકાળથી આપણો આત્મા કષાય-પ્રમાદ-અવિરતિ-મિથ્યાત્વ અને યોગના કારણે કર્મબંધન કરતો રહ્યો છે અને તેના ફળો ભોગવવા માટે તેને દેવ-મનુષ્ય-તિર્યંચ અને નરક એ ચારે ગતિમાં પરિભ્રમણ કરવું પડે છે. એટલે કે બુદ્ધ જે કારણથી વૈરાગી થયા હતા તેવી જુદી જુદી યોનિઓમાં ઉત્પન્ન થઈને જન્મ-જરા-રોગ-શોક અને મરણાદિનો અનુભવ કરવો પડે છે. આ જુદી જુદી યોનીઓમાં પરિભ્રમણ કરતાં કરતાં અનેક પાપ કર્મો એકત્રિત થાય છે. સુજ્ઞજનો સમક્ષ એક મોટી સમસ્યા ઉપસ્થિત થાય છે કે કર્મબંધનમાંથી મુક્તિ કેવી રીતે મેળવવી? શાસ્ત્રોનો મર્મ જાણનારા મહાન વિદ્વાનો અને મહર્ષિઓએ આ સમસ્યાના નિવારણ માટે કેટલાક ઉપાયો દર્શાવ્યા છે. પણ મહામહોપાધ્યાય શ્રી વિનયવિજયજી કહે છે કે અનાદિકાળથી આત્મા ઉપર પાપકર્મો છવાયેલાં છે તેમને હટાવવા માટે તમામ આત્મપ્રદેશો ઉપર જો પરમાત્માનું સંસ્તવન છવાઈ જાય તો પાપ નાશ પામી શકે છે. સંસ્તવન એટલે સમ્યક્ પ્રકારનું સ્તવન. પાપની એક વિશિષ્ટ પરંપરા છે. પાપથી કર્મબંધ થાય છે. કર્મ આવે છે દુ:ખ લાવે છે. આપણે દુ:ખને હટાવવાનો પ્રયત્ન કરીએ છીએ પણ પાપને હટાવવાનો પ્રયત્ન કરતાં નથી. જ્યારે સમ્યક્ પ્રકારનું સ્તવન અર્થાત્ આપણાં તમામ આત્મ પ્રદેશોમાં, અણુએ અણુમાં, રોમે રોમમાં લોહીના કણે-કણમાં, આપણા અસ્થિ અને મજ્જામાં, આપણા ધ્યાનમાં સર્વત્ર એકરૂપ બનીને જિનપતિનું સ્તવન જ છવાઈ જાય ત્યારે પાપ કર્મનો નાશ થાય છે.

શ્રી વિનયવિજયજી અહીં જણાવે છે કે મનુષ્ય બીજું કંઈ પણ ન કરતાં શ્રી જિનેશ્વરદેવની ભક્તિરૂપ શાંત સુધારસરૂપી અમૃતનું પાન કરવા લાગે અને તેમના અનંતા ગુણોની અનન્ય ભાવે સ્તુતિ-સ્તવના કરે તો શુભ ભાવોની પરંપરા જાગે છે અને પરિણામે પાપ કર્મોની પરંપરાનો ક્ષણમાત્રમાં નાશ થઈ જાય છે અને મોક્ષગતિને પ્રાપ્ત કરે છે.

આમ તો આજે એટલી જ આશા રાખવાની કે અન્યત્વ ભાવના એ આપણા જીવનથી અલાયદી એવી કોઈ અન્ય ભાવના નથી પરંતુ મોક્ષ પ્રાપ્તિ માટેનું પરમાત્મા ભક્તિનું સહજ અને સરળ આત્મ ઔષધ છે—તેને આપણે પામીએ. ✷✷✷

.ટે. નં. ૦૨૨ ૨૮૦૭૮૭૯૪. મોબાઈલ : ૯૮૨૦૮ ૨૪૨૮૧.

અશુચિ ભાવના કા સ્વરુપ

☐ ડૉ. શ્રીમતી નીતૂ વીરસાગર જૈન

જિન ભાવોં સે મોહાસક્ત, મોહી જીવ દુ:ખદાયી કર્મોં કો નષ્ટ કર સુખ ભોગતા હુઆ મુક્તિલાભ કો પ્રાપ્ત કર સ્વતન્ત્ર હો જાતા હૈ, ઉન ભાવોં કો જાનકર ઉનકા બારમ્બાર ચિંતન કરના હી ભાવના હૈ।

'પંચાસ્તિકાયસંગ્રહ' કી તાત્પર્યવૃત્તિ ટીકા મેં આચાર્ય ભાવના કી પરિભાષા નિમ્ન પ્રકાર સે લિખતે હૈં-

ज्ञातेऽर्थे पुन: पुनश्चिन्तनम् भावना।

–तात्पर्यवृति टीका, गाथा 46

અર્થાત્ જાને હુએ અર્થ કો પુન: પુન: ચિંતન કરના ભાવના હૈ।

કાર્તિકેયાનુપ્રેક્ષા મેં આચાર્ય કાર્તિકેય ઈન બારહ ભાવનાઓં કો 'भवियजणाणद जणणीयो' (कार्तिकेयानुप्रेक्षा, गाथा) અર્થાત્ ભવ્યજીવોં કો આનંદ કી જનની કહતે હૈં।

આચાર્ય કુન્દકુન્દ બારહ ભાવનાઓં કો મુક્તિ કા સાક્ષાત્ કારણ માનતે હુએ ઈસ પ્રકાર કથન કરતે હૈં-

किं पलवियण बहुणा जे सिद्धा णरवरा गये काले।
सिज्झहहि जे वि भविया तज्जाणह तस्स माहप्पं ।।

बारस अणुवेक्खा, गाथा 90

અર્થાત્ ઈસ વિષય મેં અધિક પ્રલાપ કરને સે ક્યા લાભ હૈ, બસ ઈતના સમઝના કિ ભૂતકાલ મેં જિતને શ્રેષ્ઠ પુરુષ સિદ્ધ હુએ હૈં ઔર ભવિષ્ય મેં જો ભવ્યજીવ સિદ્ધ હોંગે–યહ સબ ઈન બારહ ભાવનાઓં કા હી માહાત્મ્ય હૈ।

આચાર્ય પદ્મનંદી ઈન્હેં કર્મક્ષય કા કારણ બતાતે હુએ કહતે હૈં-

द्वादशापि सदा चिन्त्या अनुप्रेक्षा महात्मभि:।
तद् भावना भवत्येव कर्मणां क्षयकारणम्।।

पद्मनंदी पंञ्चविंशति, उपासक संस्कार अधिकार, छंद ४२

અર્થાત્ મહાપુરુષોં કો બારહ ભાવનાઓં કા સદા હી ચિન્તવન કરના ચાહિએ, ક્યોંકિ ઉનકી ભાવના કર્મોં કે ક્ષય કા કારણ હોતી હી હૈ।

ઈસી પ્રકાર શુભચંદ્રાચાર્ય ભી બારહ ભાવનાઓં સે હોને વાલે લાભોં કો ગિનાતે હુએ કહતે હૈં-

विध्याति कषायाग्नि विगलितरागो विलीयते ध्वान्तम्।
उन्मिषति बोधदीपो हृदि पुन्सां भावनाभ्यासात् ।।

ज्ञानाणव, भावना अधिकार, छंद १९२

અર્થાત્ ઈન બારહ ભાવનાઓં કે અભ્યાસ સે જીવોં કી કષાય રુપી અગ્નિ શાંત હો જાતી હૈ, રાગ ગલ જાતા હૈ, અન્ધકાર વિલીન હો જાતા હૈ ઔર હૃદય મેં જ્ઞાન રુપી દીપક વિકસિત હો જાતા હૈ।

યહાઁ હમ અનિત્યાદિ બારહ ભાવનાઓં મેં સે અશુચિ ભાવના કા વર્ણન વિશેષ રૂપ સે કર રહે હૈં। અશુચિ ભાવના કા મુખ્ય ઉદ્દેશ્ય શરીર સંબંધી રાગાત્મક વિકલ્પ તરંગોં કે જો કી શરીર કે અત્યંત નિકટવર્તી સંયોગી પદાર્થ હોને સે જ્ઞાની જનોં કો ઉઠા કરતી હૈં ઉનકે શમન કે લિએ શરીર સંબંધી અશુચિતા કા બાર-બાર ચિંતન કરના હી હૈ। અશુચિ ભાવના કા લક્ષ્ય અત્યંત ઘૃણાસ્પદ દેહ સે વૈરાગ્ય ઉત્પન્ન કરાકે દેહ દેવાલય મેં વિરાજમાન દેહ સે ભિન્ન નિજ ભગવાન આત્મા કી સાધના હી હૈ।

પં. દૌલતરામ જી શરીર કો ઘૃણાસ્પદ બતાતે હુએ કહતે હૈં-

पल रुधिर राध मल थैली, कीकस वसादि तैं मैली।
नव द्वार बहै धिनकारी, अस देह करे किम यारी।।

छहढाला, पंचमढाल, छंद ८

અર્થાત્ કફ ઔર ચર્બી આદિ સે મૈલી દેહ માંસ, ખૂન એવં પાપ રૂપી મલ કિ થૈલી હૈ। ઉસકે આઁખ, કાન, નાક, મુઁહ આદિ નૌં દ્વારોં સે નિરંતર ઘૃણાસ્પદ મૈલે પદાર્થ હી બહતે રહતે હૈં। હે આત્મન્! તૂ ઐસી ઘૃણાસ્પદ ઈસ દેહ સે યારી (મિત્રતા) ક્યોં કરતા હૈ?

યહ દેહ તો અપવિત્ર હૈં। ઇસ દેહ કે મમત્વ એવં સ્નેહ મેં પઢકર તો અબ તક અનંત દુ:ખ ઉઠાયે હૈ। અત: ઈસસે સર્વ પ્રકાર સે સ્નેહ તોડકર અત્યંત ભિન્ન પરમ પવિત્ર ભગવાન આત્મા કો પહચાનકર સ્વયં મેં હી સમા જાને મેં હી સાર હૈ।

પંડિત જયચંદ છાબડા ઈસી બાત કો ઈસ પ્રકાર સે વ્યક્ત કરતે હૈં–

निर्मल अपनी आत्मा, देह अपावन गेह।
जानि भव्य निजभाव को, यासों तजो सनेह।।[7]

(पंडित जयचंदजीकृत बारह भावना)

અર્થાત્ અપની આત્મા અત્યંત નિર્મલ હૈ ઔર યહ દેહ અપવિત્રતા કા ઘર હૈ। હે ભવ્યોં! ઈસ પ્રકાર જાનકર ઈસ દેહ સે સ્નેહ છોડો ઔર નિજભાવ કા ધ્યાન કરો।

ઈસ પ્રકાર હમ દેખતે હૈં કી ઐસે ચિંતન કી સીમા દેહ કી અશુચિતા તક હી સીમિત નહીં હૈ, અપિતુ ઈસમેં આત્મા કી પવિત્રતા કા ચિંતન એવં રમણતા ભી સમાહિત હો જાતી હૈ।

કાર્તિકેય સ્વામી અશુચિ ભાવના કે સ્વરુપ કો બતાતે હુએ કહતે હૈં-

सयल-कुहियाण पिण्डं किमि-कुल-कलियं अउव्व-दुगंधं।
मल-मुत्ताण य गेहं देहं जाणेहि असुइमयं।।

(कर्तिकेयानुप्रेक्षा, गाथा 83)

અર્થાત્ યહ શરીર કૃમિ, લટ તથા નિગોદિયા જીવોં સે ભરા હુઆ હૈ તથા રસ, રુધિર, માઁસ, હડ્ડી, વીર્ય ઈન સાત ધાતુઓં સે બના હુઆ હૈ। અત: ગંદગી કા ઘર હૈ।

કાર્તિકેય સ્વામી ઈસ વિષય મેં ઔર અધિક સ્પષ્ટ રૂપ સે લિખતે હૈં-

जो परदेहविरतो, णिय देहे ण य करेदि अणुरायं ।
अप्प्सरूव सुरत्तो, असुइते भावणा तस्य।।
(कर्तिकेयानुप्रेक्षा, गाथा 87)

અર્થાત્ જો ભવ્ય જીવ પરદેહ (સ્ત્રી આદિ કી દેહ) સે વિરક્ત હોકર અપની દેહ મેં ભી અનુરાગ નહીં કરતા હૈ તથા અપને આત્મસ્વરૂપ મેં અનુરક્ત રહતા હૈ, ઉસકે અશુચિ ભાવના હોતી હૈ। ઈસ છંદ મેં દેહ સે વિરક્તિ ઔર આત્મસ્વરૂપ મેં અનુરિક્ત કી બાત અત્યંત સ્પષ્ટ હોને કે સાથ-સાથ એક ઔર નવીન બાત દેખને મેં આતી હૈ જો અન્યત્ર દેખને મેં નહીં આતી। ઈસમેં દેહ કે ભી સ્વદેહ ઔર પરદેહ – ઐસે દો ભેદ કર દિએ ગયે હૈં।

જૈનાચાર્યોં ને સ્પર્શન આદિ ઈન્દ્રિયોં કે વિષયો સે વિરક્તિ ઉત્પન્ન કરને કે ઉદ્દેશ્ય સે સ્ત્રી કે દેહ કી અપવિત્રતા કે વિષય મેં બતાતે હુએ ઉસસે રાગ કા નિષેધ કિયા હૈ। તથાપિ ઈસકા મતલબ યહ કદાપિ નહીં હૈ કી પુરુષ કા શરીર પવિત્ર હોતા હૈ। પુરુષ-શરીર ભી સ્ત્રી-શરીર કે સમાન હી મલ-મૂત્ર કા ઘર એવં રક્ત, માઁસ ઔર હડ્ડીયોં કા હી પિંડ હૈ।

દેહ ચાહે નારી કી હો, યા નર કી હો, સ્વદેહ હો, યા પરદેહ હો, યે સભી દેહ અપવિત્રતા કા ઘર હૈ। અશુચિ ભાવના કે ચિંતન કા પ્રયોજન સ્વ-પરદેહ એવં તત્સંબંધી ભોગોં સે વિરક્તિ ઉત્પન્ન કરના હૈ।

યહ શરીર સ્વયં તો અશુચિ હૈ હી ઈસકે સંપર્ક મેં આનેવાલા પ્રત્યેક પદાર્થ ભી ઈસકે સંયોગ સે અપવિત્ર હો જાતા હૈ। શુદ્ધ સાત્ત્વિક સુસ્વાદુ ભોજન ઈસકે સંપર્ક મેં આતે હી, મુઁહ મેં ડાલતે હી અપવિત્ર હો જાતા હૈ। ચબાયા હુઆ ભોજન હાથ મેં લેને પર સ્વયં કો હી ઘૃણા ઉત્પન્ન હોતી હૈ। પેટ મેં પહુંચને કે બાદ યદિ વમન હો જાએ તો ઉસે કોઈ છૂને કો ભી તૈયાર નહીં હોતા। અધિક સમય તક દેહ કે સંપર્ક મેં રહને પર તો વહ મલ-મૂત્ર મેં પરિવર્તિત હો જાતા હૈ।

પ્રાતઃ સાફ સુન્દર વસ્ત્ર પહનતે હૈં ઔર શામ હોને તક વે મૈલે હોકર પસીને સે ભર જાતે હૈં ઔર ઉનમેં બદબૂ આને લગતી હૈ। નિર્મલ જલ સે કિયે ગયે સ્નાન સે શરીર તો નિર્મલ નહીં હોતા, જલ અવશ્ય મૈલા હો જાતા હૈ।

ઈસ સંદર્ભ મેં આચાર્ય પદ્મનંદીપચ્ચવિંશતિ મેં ઈસ પ્રકાર કથન કરતે હૈં-

सन्माल्यादि यदियसंनिधिवशादस्पृश्यतामाश्रयेद्
विण्मूत्रादिभृतं रसादिघटितं वीभत्सु यत्पूति च ।
आत्मानं मलिनं करोत्पपि शुचिं सर्वाषुचीनामिदं
संकेतैकगृहं नृणां वपुरपां स्नानात्कथं शुद्धयति।।
(पद्मनंदी पञ्चविंशति, अध्याय 25, छंद 1)

અર્થાત્ જિસ શરીર કિ સમીપતા કે કારણ ઉત્તમ માલા આદિ પદાર્થ છૂને કે યોગ્ય નહીં રહતે, જો મલ-મૂત્રાદિ સે ભરા હુઆ હૈ, રસ-રુધિરાદિ સપ્તધાતુઓં સે રચા ગયા હૈ, ભયનાક હૈ, દુર્ગન્ધ સે યુક્ત હૈ તથા જો નિર્મલ આત્મા કો ભી મલિન કરતા હૈ, સમસ્ત અપવિત્રતાઓં કે એક સંકેતગૃહ કે સમાન યહ મનુષ્યોં કા શરીર જલ કે સ્નાન સે કૈસે શુદ્ધ હો સકતા હૈ?

કાર્તિકેય સ્વામી ઈસ અપવિત્ર દેહ સે વિરક્ત હોને કે લિએ તર્ક દેતે હુએ લિખતે હૈં-

मणुयाण असुइमयं विहिणा देहं विणिम्मियं जाण।
तेसिं विरमण - कज्जे ते पुण तत्थेव अणुरता।।
(कार्तिकेयानुप्रेक्षा, गाथा 85)

અર્થાત્ મનુષ્યોં કો વિરક્ત કરને કે લિએ હી વિધિ ને મનુષ્યોં કે શરીર કો અપવિત્ર બનાયા હૈ, ઐસા પ્રતીત હોતા હૈ। કિન્તુ વે ઉસી મેં અનુરક્ત હૈં।

અનાદિકાલ સે હી અજ્ઞાનવશ યહ આત્મા દેહાદિ સંયોગોં કો સંભાલને કે લિએ વિકલ્પોં મેં ઉલઝા રહતા હૈં ક્યોંકિ સંભાલને કે વિકલ્પોં સે દેહાદિ સંયોગોં કે પરિણમન મેં તો કોઈ અંતર નહીં પડતા હૈ, ઉનકે સહજ હી અનુકૂલ પરિણમન મેં પ્રસન્ન એવં પ્રતિકૂલ પરિણમન મેં વ્યાકુલ હોતા હૈ। સમય આને પર ઈસ આત્મા કો જિનાગમ કે અભ્યાસ એવં સત્ગુરુઓં કી સત્સંગતિ સે પ્રાપ્ત તત્વજ્ઞાન સે યહ બાત ભલી પ્રકાર સે સમઝ મેં આતી હૈ કિ યે દેહાદિ સંયોગી પદાર્થ અનિત્ય, અશરણ ઔર અશુચિ હૈં, યે મુઝસે અત્યંત ભિન્ન હૈં, મૈં તો અનંતાનંત શક્તિયોં કા ભંડાર એવં જ્ઞાન કા ધનપિણ્ડ સ્વયં ભગવાન આત્મા હૂઁ.

જ્યોં-જ્યોં ઐસી ચિંતન ધારા પ્રબલ હોતી જાતી હૈ, ત્યોં-ત્યોં ઉક્ત અસ્થિરતાજન્ય વિકલ્પ તરંગે નિરંતર કમજોર હોતી જાતી હૈં-ઈસ ચિંતન પ્રક્રિયા કી ગતિ પરમ વિતરાગી ભાવલિંગી મુનિરાજોં મેં ઈતની તીવ્ર હોતી હૈ કી પ્રત્યેક અંતર્મૂહૂર્ત મેં યહ ચક્ર એક બાર તો ઘૂમ હી જાતા હૈ ઈસી કારણ સે ઈન બારહ ભાવનાઓં કી ચર્ચા મુખ્ય રૂપ સે મુનિરાજોં કે સંદર્ભ મેં કી જાતી હૈ। નિરંતર ચલને વાલી ઈસ સમ્પૂર્ણ પ્રક્રિયા સે ચારિત્રમોહ સંબંધી અનુરાગ ભી નિરંતર ક્ષીણ હોતા જાતા હૈ ઔર અંત મેં આત્મા નિર્વિકલ્પ દશા કો પ્રાપ્ત કર અનંતકાલ કે લિએ અપને મેં હી લીન હો જાતા હૈ ઔર અનંતકાલ તક અનંત સુખ કો ભોગતા હૈ।

ઈસ સ્થિતિ મેં પહુંચ જાને પર બારહ ભાવનાઓં કે ચિંતન કા મૂલ પ્રયોજન સિદ્ધ હો જાતા હૈ। ઈસ પ્રકાર સભી આત્માર્થી બુદ્ધિપૂર્વક કલ્યાણદાયી અશૂચિ ભાવના કા ચિંતન કરતે હુએ શરીર આદિ સંયોગો કી અશુચિતા એવં નિજભગવાન આત્મા કી શુચિતા કો ભલી-ભાંતિ પહિચાનકર સંયોગોં સે વિરક્ત હોં ઔર નિજસ્વભાવ મેં અનુરક્ત હોકર અનંત સુખી હો-ઐસી પવિત્ર ભાવના કે સાથ મૈં વિરામ લેતી હૂઁ। ✶✶✶

C-274/4, 2nd ફ્લોર, અર્જુન નગર, સફદરજંગ એન્ક્લેવ, નવી દિલ્લી-110029. ઈમેલ-nitu.jain0901@gmail.com મો.: 9013834113

'આશ્રવ ભાવના'

☐ ડૉ. ઉત્પલા કાંતિલાલ મોદી

[*નિવૃત્ત પ્રોફેસર, તત્ત્વજ્ઞાન વિભાગના વડા અને ઉપપ્રાચાર્યા ભવન્સ હઝારીમલ સોમાણી કૉલેજ ચોપાટી, શ્રીમતી સાવિત્રીબાઈ ફૂલે આદર્શ શિક્ષિકા પુરસ્કાર એવોર્ડ મેળવનાર, જૈન સાહિત્ય સમારોહ, જ્ઞાન સત્ર, અન્ય રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય સેમિનારમાં પેપર રજૂ કરે છે.*]

જૈનદર્શને વર્તમાનના વિષમ વાતાવરણમાંથી મુક્ત થવા માટે વિશ્વને એક અનોખી અને વિશિષ્ટ ભેટ આપી છે. તેનું નામ છે ભાવના. જૈનદર્શને બાર પ્રકારની ભાવનાઓ સમજાવી છે. અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વભાવ, બોધિદુર્લભ અને ધર્મ ભાવના.

આ બાર ભાવનાઓ ઉપરાંત જૈનદર્શનમાં અન્ય ચાર ભાવનાઓ બતાવી છે જેને પરાભાવના કહેવાય છે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવના.

આમાંની એક આશ્રવ ભાવના વિશે વિચારીએ

આશ્રવ શબ્દ આ + સૃ ધાતુ ઉપરથી બને છે. તેનો અર્થ આત્માની અંદર કર્મ પરમાણુઓનો પ્રવેશ થવો તે. કર્મ પુદ્‌ગલો સમગ્ર લોકમાં છે. જેમ છિદ્રવાળી હોડીમાં સમુદ્રનાં પાણીનો પ્રવેશ થાય છે તેમ કર્મના અણુઓ જેના યોગે આત્મામાં પ્રવેશ કરે તે આશ્રવ કહેવાય છે. આત્મા કે જીવ તરફ કર્મોનું વહેવું એટલે આશ્રવ. જેમ ગામનું મેલું પાણી નાળામાં થઈને તળાવમાં વહે અને તળાવના પાણીને મલિન કરે છે, તેમ તે કર્મો આત્માને મલિન કરે છે. જેમ ભીના વસ્ત્ર ઉપર ધૂળ ચોંટી જાય અને વસ્ત્રને મલિન કરે તે જ પ્રમાણે કર્મરૂપી રજકણો આત્માને ચોંટીને આત્માને મલિન બનાવે છે.

'તત્ત્વાર્થ સૂત્ર'માં આશ્રવની વ્યાખ્યા कायवाङगमन: स आश्रव। કાય, વાક્ અને મનની ક્રિયા યોગ છે અને તે જ આશ્રવ છે.' શુભ અને અશુભ કર્મોને આવવાનો માર્ગ તે આશ્રવ, એટલે – કર્મબંધના મિથ્યાત્વ આદિ હેતુઓ, જેના વડે કર્મનો પ્રવાહ આવે તે આશ્રવ. જીવના શુભ ભાવ વડે આવતો શુભ આશ્રવ અને જીવના જ અશુભ ભાવ વડે આવતો અશુભ આશ્રવ. આ છે આશ્રવ તત્ત્વ. જેનાથી કર્મ આશ્રવે આવે એટલે જેના વડે જીવોને કર્મોની પ્રાપ્તિ થાય એવા કર્મના દ્વાર રૂપ તે આશ્રવ છે.

મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિ, કર્મોનું પ્રવેશદ્વાર છે. આશ્રવ એટલે કર્મનું દ્વાર, કર્મોનું આત્મામાં દાખલ થવું તે અને તેના નિમિત્તરૂપ દુ:ખ અને પીડા. આ ભાવનાનું ચિંતન આપણને પાપવૃત્તિ કરતા અટકાવે છે અને કર્મો બંધાય નહિ તેનાથી સતત જાગૃત રાખે છે. આફતની આ પૂર્વ તૈયારી છે. ઈન્દ્રિય ભોગોની નશ્વરતાનું ચિંતન કરવાથી આ ભોગોથી બચી શકાય છે.

કર્મ પ્રવાહ આશ્રવ દ્વારથી પ્રવેશ કરે છે અને કર્મબંધ વધતા જાય છે. ત્યારે વિચારવું કે – 'હે જીવ, તું આ અનંત સંસારમાં અનંતવાર ભટક્યો છે, એ બધાનું મૂળ આશ્રવ જ છે. કર્મોને આવતાં રોક્યા નહિ અને તેથી જ ભવાટવિમાં ભટકી રહ્યો છે. પણ એમાંથી મુક્ત થવું હોય તો હે જીવ, તું આશ્રવને છોડ, અને તે માટે યશાશક્તિ તપ, ત્યાગ અને વ્રત કર.

આશ્રવોના ૪૨ પ્રકાર છે. ૫ ઈન્દ્રિય, ૫ અવ્રત (અવિરતિ), ૪ કષાય, ૩ યોગ, ૨૫ અસત્ ક્રિયાઓ. આમ ૪૨ આશ્રવો છે.

મન એટલે વિચારોનો સંગ્રહ, અનુભવોનો સંગ્રહ. આપણે જે કાંઈ છીએ તે મનના કારણે છીએ. મન છૂટી જાય તો બધું છૂટી જાય. મોહ, લોભ, ક્રોધ, તૃષ્ણા, લાલસા – આ બધું મનના કારણે છે. મોટા ભાગના પાપો મનથી થતાં હોય છે. મોટા ભાગનાં કર્મો પ્રમાદ અને મૂર્ચ્છાથી આવે છે. ભગવાન મહાવીરે કહ્યું છે: 'પ્રમાદ ન કરો', તેનો અર્થ છે પ્રતિક્ષણ જાગૃત રહો.

આશ્રવોની (બંધની) સંખ્યા સંબંધમાં ત્રણ પરંપરાઓ જોવા મળે છે. એક પરંપરા અનુસાર કષાય અને યોગ–આ બે જ આશ્રવો છે. બીજી પરંપરા અનુસાર મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ– આ ચાર આશ્રવોમાં 'પ્રમાદ' ઉમેરીને પાંચ આશ્રવોનું વર્ણન છે. સંખ્યા અને તેમના કારણ, નામોનો ભેદ દેખાવા છતાં પણ તાત્ત્વિક દૃષ્ટિથી આ પરંપરાઓમાં કોઈ અંતર નથી. 'પ્રમાદ' એક પ્રકારનો અસંયમ જ છે, એટલા માટે તે અવિરતિ યા કષાયની અંતર્ગત આવી જાય છે.

જીવ-સરોવરમાં ચાર/પાંચ આશ્રવ-દ્વારોથી કર્મોનું જળ વહી આવે છે. આશ્રવ ભાવના દ્વારા, આશ્રવ-દ્વારોને બંધ કરવાની તીવ્ર ઈચ્છા પેદા કરવાની છે અને એ દિશામાં પ્રયત્ન કરવાનો છે.

આ ભવ-વનમાં નિરંતર વર્ષા થતી રહે છે–'આશ્રવો'ની. સંપૂર્ણ સંસારવનમાં ચાર-પાંચ આશ્રવોનાં વાદળો વરસે છે. પાંચ આશ્રવોના વાદળ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અશુભ યોગ અને પ્રમાદ અને એ જ ઘનઘોર વાદળો છે. વરસતાં વાદળો છે. અનંત જીવો એ વર્ષામાં ભીંજાઈ રહ્યા છે. આપણે ભવ-વનમાં ભટકી રહ્યા છીએ અને આશ્રવોની વર્ષામાં ભીંજાઈ રહ્યાં છીએ. આશ્રવોની આ વર્ષા જીવને માત્ર ભીંજવી રહી છે, એવું નથી. આ વર્ષાના કેટલાક નિશ્ચિત દુષ્પ્રભાવો હોય છે.

પહેલી છે **મિથ્યાત્વ**ની વર્ષા. મિથ્યાત્વનો અર્થ છે–મિથ્યાદર્શન,

જે સમ્યગ્દર્શન કરતાં વિપરીત છે. આ વિપરીત દર્શન બે પ્રકારે ફલિત થાય છે. ૧. વસ્તુવિષયક યથાર્થ શ્રદ્ધાનો અભાવ અને ૨. વસ્તુનું અયથાર્થ શ્રદ્ધાન. આ વર્ષામાં ભીંજાતો જીવ, આત્મતત્ત્વને માનતો નથી. જાણતો નથી, સ્વીકારતો નથી. દેહને જ, શરીરને જ આત્મા માને છે. પરમાત્મતત્ત્વ હોય છે, વાસ્તવિક હોય છે, તેનો પણ સ્વીકાર કરતો નથી. પરંતુ વાસ્તવમાં જે પરમાત્મતત્ત્વ નથી, તેને પરમાત્મા માને છે, જે સાચા રૂપમાં ગુરુતત્ત્વ હોય છે, તેને ગુરુ માનતો નથી, પરંતુ વાસ્તવમાં ગુરુ નથી હોતા તેને ગુરુ માને છે. જે ધર્મતત્ત્વ નથી હોતું, એને ધર્મ માને છે અને જે સાચું ધર્મતત્ત્વ હોય છે તેનો સ્વીકાર કરતો નથી. જેવી જોઈએ એવી આસ્તિકતા હોતી નથી, જેવો જોઈએ એવો ભવવૈરાગ્ય હોતો નથી.

બીજી **'અવિરતિ'**ની વર્ષા હોય છે. અવિરતિ એટલે દોષોમાંથી વિરતિ ન થવી. અવિરતિની વર્ષામાં ભીંજાતા જીવોમાં એક મોટી વિકૃતિ આવે છે. એ જીવોને કોઈ નાનુંમોટું વ્રત લેવાની, પ્રતિજ્ઞા લેવાની, નિયમ લેવાની ઈચ્છા થતી નથી. વ્રત ગ્રહણ કરવાનો ઉત્સાહ જ પેદા થતો નથી. વ્રત-નિયમની વાતથી ગભરાય છે. હા, મિથ્યાત્વની વર્ષાથી ન ભીંજાનારો જીવ અવિરતિની વર્ષાથી ભીંજાતો હોય તો તે વ્રત-નિયમોની ઉપાદેયતાનો સ્વીકાર કરશે, પરંતુ વ્રત-નિયમનું પાલન નહીં કરી શકે. 'હું વ્રત ગ્રહણ કરું' એવો ભાવોલ્લાસ જ પ્રકટ થતો નથી.

અવિરતિ-અવ્રતના પાંચ પ્રકારો બતાવવામાં આવ્યા છે, એટલે કે પાંચ પ્રકારના અવ્રતોને કારણે જીવ કર્મોના કાદવમાં ફસાયેલો રહે છે. અવ્રતના પાંચ પ્રકાર આ પ્રકારના છે. (૧) હિંસા (૨) અસત્યભાષણ (૩) ચોરી (૪) મૈથુન-પ્રવૃત્તિ અને (૫) પરિગ્રહ.

ત્રીજી વર્ષા થાય છે 'કષાયોની': ક્રોધ, માન, માયા અને લોભ–આ ચાર કષાયો છે. કષ એટલે સંસાર અને તેનો જેનાથી આય એટલે લાભ થાય. તાત્પર્ય કે જેનાથી સંસારનું પરિભ્રમણ વધે, તેનું નામ કષાય. સંસારની વૃદ્ધિ કરનાર કષાય છે. અર્થાત્ રાગ-દ્વેષ, કર્મના બીજ છે, અને સંસારવૃદ્ધિના કારણ છે. કષાયોથી બચવાનું છે. કષાયોમાં ફસાયેલા જીવ અનંત સંસારમાં જન્મ-મરણ કરે છે અને વર્ણનાતીત દુઃખત્રાસ સહન કરતો રહે છે. એટલા માટે ગમે તેમ કરીને કષાયો ઉપર અનુશાસન કરવાનું છે. કષાયોને ઉદયમાં આવવા દેવાના નથી. કષાયોને અંદર ને અંદર શાંત કરતા રહેવાનું છે, દબાવતા રહેવાનું છે. નષ્ટ કરતા રહેવાનું છે. વચનોમાં અને આચરણમાં આવવા નથી દેવાનું.

જો આપણું મન ચંચળ હશે, વાણી સાવદ્ય હશે અને કાયા અસ્થિર હશે, તો આપણો આત્મા કર્મોના કાદવથી ખરડાયેલો જ રહેશે, કર્મથી બંધાયેલો જ રહેશે. અશુભ યોગોના આશ્રવ ઉપર વિજય પામવાનો પુરુષાર્થ કરવાનો છે.

ચોથી વર્ષા થાય છે–મન-વચન-કાયાના શુભાશુભ યોગોની, અશુભ યોગીની. શુભ યોગ પણ આશ્રવ છે. અશુભ યોગોને લોઢાની જંજીર કહી છે, શુભ યોગોને સોનાની જંજીર કહી છે. પહેલાં લોઢાની જંજીર તોડવાની છે. પછી સોનાની.

અશુભ આશ્રવોથી આત્મામાં અશુભ પાપકર્મો નિરંતર આવતા રહે છે અને ચોંટતા રહે છે. પાપકર્મો અશુભ આશ્રવો દ્વારા આત્મામાં આવે છે અને આત્માને બાંધતા રહે છે. એટલા માટે જો પાપકર્મોથી બચવું હોય તો અશુભ ભોગોથી બચવું જ પડશે. દુઃખ, ત્રાસ, વેદના, કલેશ, અશાન્તિ અને સંતાપ, જો જીવનમાં દુઃખ ઈચ્છતા ન હો તો પાપકર્મો ન બાંધવા જોઈએ. પાપકર્મોથી બચવું હોય તો અશુભ આશ્રવોથી બચવું જ પડશે. આશ્રવોથી બચવા માટે તો દૃઢ સંકલ્પ જોઈએ.

પાંચમી વર્ષા થાય છે પ્રમાદોની–શુભકાર્યમાં ઉદ્યમ ન કરવો. ધર્મકાર્યમાં અનુત્સાહ. પ્રમાદોની વર્ષામાં ભીંજાતા જીવોની અનેક પ્રકારની વિકૃતિઓ ઉત્પન્ન થાય છે. મુખ્ય રૂપથી પાંચ વિકૃતિઓ થાય છે. પ્રથમ વિકૃતિ છે નિદ્રા. એવા જીવોને નિંદ્રા વધારે આવે છે. વધારે ઊંઘવાનું એમને પ્રિય હોય છે. બીજી વિકૃતિ છે વિષય લાલસાની, પાંચ વિષયોના પ્રિય વિષયોનો વધારે ઉપભોગ કરે છે. ત્રીજી વિકૃતિ છે કષાયોની. વિકથાઓ કરવાની. વિકૃત કથાઓને વિકથાઓ કહે છે. શૃંગાર પ્રધાન વાતો કરે છે. ભોજન વિષયક ચર્ચા કરતા રહે છે. દેશસંબંધી ફાલતુ વાતો કરે છે અને દેશ નેતાઓની બાબતમાં નિષ્પ્રયોજન આલાપ-પ્રલાપ કરતા જ હોય છે.

પ્રમાદ વર્ષામાં ભીંજાનારાની આ સ્થિતિ થાય છે. પાંચમી વિકૃતિ છે આળસ. કોઈ પણ કાર્ય આવા માણસો સમયસર નથી કરતા. એમનું ચાલે તો કાર્ય કરશે જ નહિ. સુસ્ત પડ્યા રહેશે. પોતાના કર્તવ્યોનું પાલન નહીં કરે. જો મિથ્યાત્વની વર્ષામાં જીવ ન ભીંજાય તો અવિરતિની વર્ષામાં ઓછો ભીંજાશે અને તેનાથી પ્રમાદવર્ષાનો પ્રભાવ ઓછો પડે છે. સદૈવ યાદ રાખવું કે આ ભવવન છે.

આશ્રવદ્વારોથી જે કર્મો આત્મામાં આવે છે, એ સમયે એમાં ચાર અંશોનું નિર્માણ થાય છે–પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ (રસ) અને પ્રદેશ (૧) કર્મપુદ્ગલોમાં જ્ઞાનને આવરિત કરવાનો, દર્શનને રોકવાનો, સુખદુઃખ આપવાનો વગેરે જે સ્વભાવ બને છે એ સ્વભાવનિર્માણ જ પ્રકૃતિ બંધ છે. (૨) સ્વભાવ બનવાની સાથે જ એ સ્વભાવથી અમુક કાળ સુધી દૂર થવાની મર્યાદા પણ પુદ્ગલોમાં નિર્મિત થાય છે. આ કાળમર્યાદાનું નિર્માણ જ

સ્થિતિબંધ છે. (૩) સ્વભાવ નિર્માણની સાથે જ તેમાં તીવ્રતા, મંદતા આદિ રૂપમાં ફલાનુભવ કરાવનારી વિશેષતાઓ બંધાય છે. આ રસબંધ છે. (૪) ગ્રહણ કરવા છતાં ભિન્ન ભિન્ન સ્વભાવમાં પરિણત થનાર કર્મ પુદ્‌ગલ રાશિ સ્વભાવાનુસાર અમુક અમુક પરિમાણમાં વહેંચાઈ જાય છે. આ પરિમાણ વિભાગ જ પ્રદેશબંધ છે

શ્રેયાર્થી આત્માએ હૃદયમાં સમત્વ ધારણ કરીને કર્મબંધના પ્રબળ કારણરૂપ આશ્રવોનો ત્યાગ કરવો જોઈએ. જો એ આશ્રવો નિરંકુશ બની ગયા તો ગુણોના વૈભવને વેરવિખેર કરી નાખશે. (

જેઓ ભાવનાઓથી પોતાના મનને ભાવિત કરતા નથી, તેઓ વિદ્વાન હોવા છતાં પણ રાગદ્વેષમાં ફસાઈ જાય છે. અશાન્તિ અને ઉદ્વેગથી ભરાઈ જાય છે. કારણ કે સંસાર તો મોહ-અજ્ઞાનના ઝેરથી પૂરેપૂરો ભરેલો પડ્યો છે જ. આવા સંસારમાં ભાવનાઓનાં ચિંતન વગર સુખનો અંશ પણ મળવો શક્ય નથી. શાંતિની એક ક્ષણ પણ મળવી સંભવ નથી.

બુધ હોય યા અબુધ, ધનવાન હોય કે નિર્ધન હોય, પ્રાજ્ઞ કે અજ્ઞ, પણ ભીતરની શાંતિ તેને જ મળે છે કે જે પ્રતિદિન ભાવનાઓનું ચિંતન કરતો રહે છે. હર પ્રસંગ, હર પળ, હર ઘટના પર, ભાવનાઓની દૃષ્ટિથી જે લોકો જુએ છે, વિચારે છે, તે કદી અશાન્ત અને ઉદ્વિગ્ન થતા નથી.

ભાવનાઓથી જ શાન્તિ મળે છે. શાસ્ત્રોથી, તપથી, દાનથી અને બીજી ધર્મક્રિયાઓથી પુણ્ય પ્રાપ્ત થશે, પરંતુ શાન્તિ નહીં. મનની શાન્તિ, ચિત્તનો ઉપશમ ભાવ તો ભાવનાઓમાં રમણ કરવાથી જ પ્રાપ્ત થાય છે. પુણ્યકર્મનો ગમે તેટલો ઉદય હશે, ગમે તેટલાં ભૌતિક સુખના સાધનો હશે, પરંતુ મનમાં ભાવનાઓનું ચિંતન નહીં હોય, તો શાન્તિ નહીં મળે.

બાર ભાવનાઓ જીવનની બાર ધારાઓ છે. જુદી જુદી રીતે વહે છે અને સાથે મળે છે ત્યારે એક પવિત્ર ઝરણું બની જાય છે. ગમે તેવો પાપી માણસ પણ તેમાં ડૂબકી મારીને પવિત્ર બની શકે છે. આ ધારાઓ તન અને મનનો મેલ નાબૂદ કરીને આપણને શુદ્ધ અને સાત્ત્વિક બનાવે છે.

આશા રાખીએ કે આપણે સૌ આ સર્વે ભાવનાને સમજવાનો અને જીવનમાં આચરણમાં મૂકવાનો પ્રયાસ કરીએ અને ચિંતન અને મનન દ્વારા તેને જીવનોપયોગી બનાવીએ અને સૌ સફળ થાઓ. ✱✱✱

વિશાલ એપાર્ટમેન્ટ, 'એચ' બિલ્ડિંગ, ફ્લેટ નં. ૪૦૨,
એમ. વી. રોડ, અંધેરી (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૬૯.
મો. ૮૮૭૯૫૯૧૦૭૯.

બાર ભાવના – એકત્વ ભાવના

(અનુસંધાન પૃષ્ઠ ૪૦થી ચાલુ)

અસ્વસ્થ થાય છે. દુ:ખી થાય છે અને દીન બની જાય છે. એમાંથી બહાર નીકળવા એક જ ચિંતન કરવાનું છે.`Nothing is mine then everythng is fine.'

હું એકલો છું. મારું કોઈ નથી આટલું નક્કી કરીને એટલું ઘૂંટવાનું છે. એટલું ઘૂંટવાનું છે કે એ બની જાય ભાવના. ચિત્તના તોફાનોને શાંત કરવાની દવા. તે હૃદયસ્પર્શી નહિ પણ હૃદયભેદી બની જાય. શાંતિ અને સમાધિ મળી જાય.

એકત્વનો ભાવ દર્શાવતી આ પંક્તિ પણ ઘણી સુંદર છે તેને જોઈ લઈએ.

'સ્વજન મિત્ર સંયોગના જી, થાય વિયોગો જરૂર, જીવે જગમાં એકલાજી,
ભમે સ્વકર્મે દૂર. જીવ જો ને ક્ષણ ક્ષણ નરભવ અસાર જાય.'

પૂજય શ્રી બ્રહ્મચારીજી પ્રણિત ગ્રંથ 'પ્રજ્ઞાવબોધ'માંથી આ પંક્તિ લીધી છે. તેમાં કહ્યું છે કે જીવ પોતે એકલો જ જગતમાં સર્વકાળ જીવે છે. પોતાના કર્મ પ્રમાણે સર્વ દુ:ખ જીવ એકલો જ ભોગવે છે. કારણ કે જગતમાં મળેલ સ્વજન, કુટુંબીઓ કે મિત્રોના સંયોગનો વિયોગ અવશ્ય થાય છે. પુણ્યહીન જીવો સ્થળચર, જળચર કે નભચર બનીને એકલા જ પીડાને સહન કરે છે. નરકમાં નારકી બની એકલો દુ:ખ ભોગવે છે. આમ સંસારરૂપી કાદવમાં જીવ એકલો જ ખૂંચેલો છે અથવા પુરુષાર્થ કરીને મોક્ષના સ્વાધીન સુખને મેળવનાર પણ પોતે એકલો જ છે. એમ એકત્વ ભાવને ભાવતા વિવેકી પુરુષો મોક્ષ મેળવવાના પુરુષાર્થમાં પ્રયત્નશીલ રહે છે. આ દુર્લભ માનવદેહને જીવ મહાપુણ્યના ઉદયથી પામે છે. ત્યાં આત્માનું કલ્યાણ કરવાની ખરી તક છે, કેમ કે માનવ-દેહમાં દેવલોક જેવા આત્માને ભૂલાવી દે એવા સુખ નથી કે નરક જેવા દુ:ખ નથી કે જે આત્માને યાદ કરવા ન દે. અહીં તો સુખદુ:ખની મધ્યમતા છે. માટે હે જીવ! આ મહામૂલો નરભવ મળ્યો છે તેને સાર્થક કરી લે. જોજે તે એળે ન જાય. ક્ષણ ક્ષણનો ઉપયોગ કરી લે. કારણ કે 'આતમ ભાવના ભાવતાં જીવ લહે કેવળ જ્ઞાન રે.' હું દેહાદિથી ભિન્ન એવો કેવળજ્ઞાન સ્વરૂપ શુદ્ધ આત્મા છું એવું નિરંતર ભાવન કરતાં અનંત આત્માઓ સિદ્ધ ગતિને પામ્યા છે. માટે મળેલી સામગ્રીનો લાભ લઈને આત્માને ઓળખી લે. એકત્વ સમજી લે.

એકત્વ ભાવના ભાવવાથી ૭૨ કળાઓથી પણ ચઢિયાતી એકલા રહેવાની કળા શીખાય છે. બાહ્યભાવથી છૂટાય છે. આત્મભાવો ઘૂંટાય છે. સ્વાવલંબન પ્રગટે છે. નિત્ય સમાધિ પામે છે. ભવ્ય જીવો ભગવાન બને છે. અંતમાં

'આતમાના તાર તારા જગતથી ત્રોડજે,
છોડજે અનાદિનો અધ્યાસ રે.
જ્યોતિ સ્વરૂપની જગાવજે, જ્યોતિ સ્વરૂપની જગાવજે.'

બાર ભાવના અંતર્ગત સંવર ભાવનાનું સ્વરૂપ

❑ પારૂલબેન ભરતકુમાર ગાંધી

[બી.એ.માં સુવર્ણચંદ્રક સાથે એમ.એ. કરનાર પારૂલબેન જૈન ધર્મના ઊંડા અભ્યાસી છે. ઘણા સામયિકોમાં લેખ લખે છે. સાહિત્ય સમારોહમાં શોધ નિબંધો રજૂ કરે છે. પત્રકારત્વના ત્રણ એવૉર્ડ સાથે અનેક ઇનામો જીત્યા છે.]

સંવર ભાવનાનો અર્થ

ઠાણાંગજી સૂત્રમાં સંવરનો અર્થ કરતાં કહ્યું છે કે-

'સંવરણ જીવતડાગે કર્મજલસ્ય નિરોધનં સંવરઃ।'

અર્થાત્ જીવરૂપી તળાવમાં આવતા કર્મરૂપી જળનો નિરોધ કરવો તેને સંવર કહેવાય છે. **તત્ત્વાર્થ સૂત્ર**માં કહ્યું છે કે – આશ્રવનિરોધઃ સંવરઃ। અર્થાત્ આશ્રવનો નિરોધ એ સંવર છે. જે ધર્મક્રિયાઓ દ્વારા આત્મામાં આવતા કર્મોને રોકાય છે તે ધર્મક્રિયાઓને સંવર કહેવાય છે. કર્મો આત્મા સાથે ચોંટે એ આશ્રવ, એને અટકાવવા તે સંવર. સંવર આશ્રવનો વિરોધી શબ્દ છે. ઘરમાં આવતા કચરાને રોકવા બારી-બારણાને બંધ કરવારૂપ પ્રક્રિયા એ સંવર. મન-વચન-કાયાની શુભ-અશુભ પ્રવૃત્તિને યોગ કહેવાય છે. યોગ દ્વારા કર્મો આત્મા સાથે સંબંધિત થાય છે. મન-વચન-કાયાના અશુભ યોગની પ્રવૃત્તિને અટકાવવી તે સંવર આરાધના છે. સંવરના બે પ્રકાર છે:

૧. **દ્રવ્ય સંવર** – કર્મપુદ્‌ગલોના પ્રવેશને બંધ કરવા, આવતા કર્મોને અટકાવવા તે દ્રવ્ય સંવર છે.

૨. **ભવ્ય સંવર** – સંસારના કારણરૂપ આત્માના પરિણામ તેનો ત્યાગ તે ભાવ સંવર છે.

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી શાંતસુધારસમાં જણાવે છે કે-

યેન યેન યઃ ઇહાશ્રવરોધઃ સમ્ભવેન્તિયતમૌપયિકેન।

આદ્રિયસ્વ વિનયોદ્યતચેતાસ્તષદાન્તરદશા પરિભાવ્ય।।

હે આત્મન! જે જે ઉપાયો વડે ચોક્કસ આશ્રવોનો નિરોધ થાય તે તે ઉપાયોને અંતર્દૃષ્ટિથી વિચારીને ઉલ્લાસિત ભાવથી તું આદર કર. અર્થાત્ ક્યા ક્યા પ્રકારની પરિણતિ-વૃત્તિ-પ્રવૃત્તિથી ક્યા પ્રકારના કર્મનો આશ્રવ થાય છે તે જાણીને તે તે કર્મોના આશ્રવને રોકવા માટે જે ઉપાયો જ્ઞાનીઓએ બતાવ્યા હોય તે અંતર્દૃષ્ટિથી નક્કી કરી ઉલ્લાસિત ભાવે આદરવા જોઈએ. સંવર જ જીવનો મોટામાં મોટો હિતેચ્છુ છે, કારણ તે જ આત્માના જ્ઞાનાદિ સંપત્તિને લૂંટી લેનારા, આત્માના સ્વરૂપને બગાડનારા, આત્માને ચાર ગતિના ચોગાનમાં વિવિધ પ્રકારનો વેષ ભજવવાની ફરજ પાડનારા, નરક-નિગોદમાં લઈ જનારા કર્મોને આત્મામાં આવતા રોકે છે. સરોવરના ઉઘાડા દ્વારોમાંથી ચારે તરફ પાણી પ્રવેશે છે. પરંતુ તે દ્વારોને બંધ કર્યા પછી સ્હેજે પાણી અંદર આવતું નથી. તે જ પ્રમાણે ચારે તરફથી યોગ-અવિરતિ-કષાય-મિથ્યાત્વ-ઈન્દ્રિય-૨૫ ક્રિયા-અવ્રત-પ્રમાદ-આર્ત્ત રૌદ્રધ્યાન આદિ આશ્રવ દ્વારોને બંધ કરવાથી સંવરવાન આત્મામાં કર્મદ્રવ્યનો પ્રવેશ થતો નથી.

સંવરના પ્રકાર

● **સંવરના વીસ ભેદ**–સમકિત, વ્રત-પ્રત્યાખ્યાન, અપ્રમાદ, અકષાય, શુભ યોગ, અહિંસા, સત્ય, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય-પાલન, અપરિગ્રહ, કાન-આંખ-નાક-જીભ અને ચામડી પાંચ ઈન્દ્રિયોનો નિગ્રહ કરવો, મન-વચન-કાયાને શુભમાં પ્રવર્તાવવા, ભંડ-ઉપકરણ યત્નાએ લેવા મૂકવા, શુચિ-કુસગ્ગ ન કરે તે.

● **સંવરના વિસ્તારથી ૫૭ ભેદ છે**–ત્રણ ગુપ્તિ, પાંચ સમિતિ, દસ યતિધર્મ, બાર ભાવના (અનુપ્રેક્ષા), બાવીસ પરિષહ જય, પાંચ ચારિત્ર. આ ૫૭ ભેદ નવતત્ત્વમાં વિસ્તારથી બતાવ્યા છે, તે જિજ્ઞાસુઓને ત્યાં જોવા વિનંતી.

સંવરના જે ૫૭ પ્રકાર બતાવ્યા તે આશ્રવને રોકવાના સિધ્ધ ઉપાય છે. આ પ્રકારોને જીવનમાં આચારવંત બનાવવાથી આત્મજાગૃતિ વધે છે. જાગૃત આત્મા જ સમ્યગ્ આરાધના દ્વારા પોતાના આત્માને પરમાત્મા બનાવી શકે છે. આ ઉપરાંત ૧૭ પ્રકારના સંયમ ધર્મના આચરણ દ્વારા, પાંચ વ્રતની આરાધનાથી, પાંચ ઈન્દ્રિયો પર સંયમ રાખી ધર્મારાધના કરવાથી સંવરની આરાધના થઈ શકે. વિષયસુખોમાં દુઃખના દર્શન કરવાથી વૈરાગ્યભાવ ઉત્પન્ન થાય છે જેનાથી આશ્રવને અટકાવી શકાય. સંસારની ઈચ્છાનો ઉચ્છેદ એ જ તાત્ત્વિક વૈરાગ્ય છે. વિષય વૈરાગ્યના ઉપાયો બતાવતા પ્રશમરતિ ગ્રંથમાં કહ્યું છે કે-

દેશ-કુલ-દેહ-વિજ્ઞાનાયુર્બલભોગભૂતિ વૈષમ્યમ્ ।

દૃષ્ટ્વા કથમિહ વિદુષાં ભવસંસારે રતિર્ભવતિ।।

અર્થાત્ દેશ, કુળ, શરીર, જ્ઞાન, આયુષ્ય, બળ, ભોગ અને વૈભવની વિષમતા જોઈને વિદ્વાનોને આ ભવસંસારમાં કઈ રીતે રતિ થઈ શકે? (ન જ થાય). આ બધી વિષમતાઓ રાગ-દ્વેષ, હર્ષ-શોક, રતિ-અરતિ, ઈર્ષા-અસૂયા, સ્વોતકર્ષ-પરાપકર્ષ આદિ અનેક પ્રકારના દોષોને ઉત્પન્ન કરીને જીવોને પીડા આપે છે. આના ઉપર યોગ્ય રીતે ચિંતન-મનન થાય તો વૈરાગ્ય અવશ્ય પ્રાપ્ત થાય. આ ઉપરાંત ચાર કષાય ક્રોધ-માન-માયા અને લોભને

અનુક્રમે ક્ષમા-નમ્રતા-સરળતા અને સંતોષથી જીતીએ તો સંવરની આરાધના શક્ય બને. આ ઉપરાંત મન-વચન-કાયા જ્યારે શુભમાં રમણ કરતાં હોય ત્યારે તેને ગુપ્તિ કહે છે અને અશુભમાં હોય ત્યારે દંડ કહેવાય છે. કારણ કે તેનાથી આત્મા દંડાય છે. આમ ઉપર જે સંવરમાર્ગની આરાધના કરવા માટેના ઉપાયો બતાવ્યા તેનું યોગ્ય રીતે આરાધન કરવું.

ગુણસ્થાનકની અપેક્ષાએ સંવર સાધના. 'યોગશાસ્ત્ર' ગ્રંથમાં ક્યા ક્યા ગુણસ્થાનકે કોનો કોનો સંવર થાય છે તે જણાવતાં કહ્યું છે-

ચોથા ગુણસ્થાનકે મિથ્યાત્વના ઉપશમથી મિથ્યાત્વનો સંવર થાય છે.

પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકે અવિરતિનો આંશિક સંવર થાય છે.

છઠ્ઠા સર્વવિરતિ ગુણસ્થાનકે અવિરતિનો પૂર્ણ સંવર થાય છે.

સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકે પ્રમાદનો સંવર થાય છે.

ક્ષીણમોહાદિ ગુણસ્થાનકમાં કષાયનો સંવર થાય છે.

ચૌદમા અયોગી કેવળી ગુણસ્થાનકે સંપૂર્ણ યોગનો સંવર થાય છે.

એ વાત મહત્ત્વની છે કે ભાવના ભાવવાની સાથે આચારવંત બનીને તેનું વારંવાર ચિંતન કરવાથી જ તેનો લાભ મળી શકે.

સંવર ભાવનાના ચિંતન-મનનની શૈલી

૧. હે આત્મન્! જે જે ઉપાયો વડે આશ્રવનો નિરોધ થાય તે તે ઉપાયોનો આંતરદૃષ્ટિ વતી વિચાર કર, ઉલ્લાસિત ભાવે તે તે ઉપાયોનો આદર કર અને સંવર ભાવનામાં લીન બન!

૨. હે આત્મન્! તારા આત્મામાં ક્યા ક્યા કર્મોનો આશ્રવ થઈ રહ્યો છે તે તું બરાબર, વ્યવસ્થિત રીતે શાસ્ત્રોમાંથી જાણી લે પછી તેનો સંવર કઈ રીતે થઈ શકે તે જાણી તે રીતે કાર્ય કર.

૩. હે આત્મન્! શિવસુખના સાધનરૂપ સુંદર ઉપાયોને તું સાંભળ અને તેનો આદર કર.

૪. હે આત્મન્! મોજસુખના ઉપાયરૂપ નિર્દોષ પવિત્ર જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયીનું ઉત્કૃષ્ટ આરાધન વિઘ્ન રહિત કરવું. એ ત્રણમાંથી એકના પણ અભાવમાં મુક્તિ નથી તે ખાસ યાદ રાખવું.

૫. હે આત્મન્! તું વિષય-વિકારને દૂર કર! ઈન્દ્રિયોને સ્વવિષયમાં જતી રોકી દે, અર્થાત્ સંયમ દ્વારા અસંમયને રોક.

૬. હે આત્મન્! મનમાં જે સંકલ્પ-વિકલ્પોનું વાવાઝોડું ફૂંકાય છે તેનો તું નિરોધ કર. તે માટે તું બહિર્મુખતાને છોડ અને અંતર્મુખતાને કેળવ.

૭. હે આત્મન્! ચાર કષાયોને જીતી લે. નિષ્કયાયી બની સંયમગુણનું સેવન કર.

૮. હે આત્મન્! આર્ત્ત-રૌદ્રધ્યાનનું તું માર્જન કર! અર્થાત્ અસત્ વિકલ્પોની જાળને સળગાવી દઈ આર્ત્ત અને રૌદ્ર ધ્યાનને સંપૂર્ણપણે ચિત્તમાંથી સાફ કરી નાખ.

૯. હે આત્મન્! અંતકરણના જે જે વિશિષ્ટ પરિણામોથી વૈરાગ્યભાવ દૃઢતાને પામે તેવા કાર્યોમાં મન-વચન-કાયાને કઠિન પુરુષાર્થ દ્વારા જોડી દે.

૧૦. હે આત્મન્! સ્વાધ્યાદિ-ધર્મધ્યાનાદિ ઉત્તમ-પ્રબળ-યોગબળથી મનનો નિગ્રહ કરી નિર્વિકલ્પ સુખ-સમાધિ પ્રાપ્ત કરવી એ જ હિતકર છે. (શાંતસુધારસ)

૧૧. હે આત્મન્! સંયમયોગો દ્વારા મનશુદ્ધિને સાધી, શુદ્ધ મનથી તપ-જપ-સ્વાધ્યાય-વ્રતપાલન! નિયમોનું સેવન કરી તારી કાયાને કૃતાર્થ કર.

૧૨. હે આત્મન્! સમ્યક્ત્વથી જ તાત્ત્વિક કોટિની મનશુદ્ધિ પ્રાપ્ત થાય છે. સમ્યક્ત્વની ગેરહાજરીમાં મિથ્યાત્વવાસિત મનશુદ્ધિ તો મોહગર્ભિત છે જે અનર્થોની પરંપરાને સર્જે છે.

૧૩. હે આત્મન્! નિર્મલ-પવિત્ર બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર. તેના દસ સમાધિસ્થાન જાણી અનુસરણ કર.

૧૪. હે આત્મન્! ગુણ ખજાનારૂપ સદ્‌ગુરુના સદુપદેશને તું એકચિત્તે સાંભળ અને હૈયામાં બરાબર સાચવી રાખ! નિર્ધન માણસ પ્રાપ્ત થયેલા નિધાનની ઉપેક્ષા કરે નહિ, તેમ સદ્‌ગુરુના અપૂર્વ ભવનિસ્તારક સદ્‌બોધની તું ઉપેક્ષા કરીશ નહિ!

૧૫. હે આત્મન્! સંયમ અને શાસ્ત્રો વચનોરૂપ ફૂલો વડે તું તારા અધ્યવસાયોને સુવિકસિત કર, અર્થાત્ નિરંતર સંયમના પાલનમાં ઉદ્યત બની અને શાસ્ત્રવચનોનું શ્રવણ-ચિંતન-મનન-નિદિધ્યાસન કરી તારા અધ્યવસાયોને નિર્મલ-નિર્મલતર બનાવ.

૧૬. હે આત્મન્! જિનેશ્વર પરમાત્માના જીવન-કવનનું વારંવાર ગાન કરીને તું તારા મુખને અલંકૃત કર. વિનયયુક્ત શાંતસુધા-રસનું પાન કરી દીર્ઘકાળ પર્યંત તું પરમ આનંદને પ્રાપ્ત કર.

૧૭. હે આત્મન્! સર્વ ભાવનાઓમાં શિરોમણી સ્થાને રહેલી આ સંવરભાવનાને તું વારંવાર ભાવ.

સંવરના અભિલાષી જીવોએ નીચેના વિષયોમાં સમભાવ રાખવો જરૂરી છે. લાભ-અલાભમાં, પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં, સુખ-દુ:ખમાં, જીવન-મૃત્યુમાં, શત્રુ-મિત્રમાં, માન અને અપમાનમાં. એ બધી પરિસ્થિતિ કર્મના ઉદયે જ આવે છે જેથી તેમાં રાગ-દ્વેષ ન આણતા, સમભાવ રાખવો. શ્રાવકના મનમાં હંમેશાં ત્રણ મનોરથનું ચિંતન ચાલવું જ જોઈએ. હે ભગવાન! ક્યારે હું આરંભ અને પરિગ્રહ ઘટાડીશ કે ત્યજીશ? હે ભગવાન ક્યારે હું અસાર સંસાર છોડી પંચમહાવ્રતધારી બનીશ? હે ભગવાન! ક્યારે હું

ચાર શરણા લેતો થકો અનશનની આરાધના કરતાં કરતાં શુભ ભાવનામાં દેહત્યાગ કરીશ? જ્યારે સાધુ એવી ઈચ્છા કરે કે ક્યારે હું ગુરુદેવની પાસેથી સૂત્ર ભણીશ? એકલ મલ્લ પ્રતિમા ધારણ કરીશ? સંલેખનાનું આરાધન કરતાં કરતાં દેહ છોડીશ?

ઉત્તમ જીવો સર્વ જીવના હિતની ચિંતા કરે છે. આખું જગત તેનું મિત્ર છે તેવી ભાવના ભાવે છે. કોઈની સાથે વેર બાંધવું નહિ. સદૈવ સત્ય વચન બોલવું, પરદ્રવ્યને ગ્રહણ ન કરવું, કામદેવની સેનાને જીતવા માટે શીલરૂપી બખ્તર ધારણ કરવું. નવવિધ પરિગ્રહનો ત્યાગ કરવો જેનાથી અપરંપાર સુખ-શાંતિ મળશે. દેવ અને મનુષ્યના ઉપસર્ગ આવે તો ધીરજ સાથે નિશ્ચલ રહે. બાવીસ પરિષહને એવી રીતે જીતે જેવી રીતે પ્રભુ વીરે જીત્યા હતા.

વર્તમાનકાળે સંવરભાવનાની ઉપયોગિતા વર્તમાન સમય એ ગળાકાપ હરીફાઈ, મહત્ત્વાકાંક્ષા અને દેખાદેખીનો યુગ છે. માનવીને ઘણું બધું મેળવવું છે. જે બીજાની પાસે છે તે બધું જ તેને જોઈએ છે. માત્ર આટલું જ નહિ, કરૂણતા તો એ છે કે તેને મળી જાય એટલું પૂરતું નથી, સામાવાળા પાસે કાંઈ જ ન રહે તેવી તેની ભાવના છે. બીજા શબ્દોમાં કહીએ તો પોતાની પાસે અમુક વસ્તુ, વ્યક્તિ-સંપત્તિ વગેરે છે નથી તો તેનો તેને અફસોસ નથી પરંતુ બીજા પાસે તે વસ્તુ, વ્યક્તિ-સંપત્તિ વગેરે છે તેનું તેને દુઃખ છે. પરિણામ એ આવે છે કે બધું તે મેળવી શકતો નથી અને પોતાની પાસે જે છે તેનો આનંદ તે માણી શકતો નથી. આવી ઈર્ષા, અદેખાઈને કારણે તે અનર્થાદંડે દંડાઈ ભારેકર્મી બને છે. સંવરભાવનાનો ઉદ્દેશ આત્મામાં કર્મોને આવતા અટકાવવાનો છે.

વર્તમાને માનવી સુખ-સગવડ માટેના નવા સાધનો વિકસાવતો જ જાય છે તે રીતે પળે પળે અસંખ્યાતા કર્મોનું બંધન બાંધતો જાય છે. આજનો માનવી સાવ નવરો બેઠો હશે તો પણ તેની આજુબાજુમાં એવા સાધનો-સરંજામો છે જેના દ્વારા તે સતત કર્મ બંધન કરતો જ રહે છે. મોબાઈલ, ટીવી, ઈન્ટરનેટ, લાઈટ, રસોઈના સાધનો, કસરતના સાધનો, શારીરિક ક્રિયાઓ, રોજિંદા નિત્યક્રમમાં એકપણ વસ્તુ એવી નથી કે જેનાથી કર્મબંધન ન થાય. આથી જીવ દિવસે દિવસે ભારેકર્મી બનતો જ જાય છે.

આશ્રવને રોકવાના ૫૭ ઉપાય ભગવાને સંવર ભાવનામાં બતાવ્યા છે જે આપણે આગળ જોયા. આ ૫૭ પ્રકારને બરાબર જાણીએ-ગુરુગમથી સમજીએ અને પછી તેને જીવનમાં આચારવંત બનાવીએ તો મોટાભાગના કર્મોથી વિરમી જઈએ. ઘણાં બધાં રોગો એવા છે જેનું કારણ અશાંત-ઉદ્વિગ્ન મન રહેલું છે. સંવર ભાવનાના ચિંતનથી મન શાંત બને છે. જેને કારણે ઘણાં રોગો શમી જાય છે. કષાય પર જય મેળવવાથી બી.પી., હૃદયરોગ, ડિપ્રેશન જેવા રોગોથી મુક્ત બની શકાય છે. આર્ત્ત-રૌદ્રધ્યાન એ ઘણાં રોગોનું–અનર્થોનું મૂળ છે. તેને છોડી ધર્મધ્યાન ધ્યાવવાનો પુરુષાર્થ કરવાથી નિર્મમત્વભાવ કેળવાય છે જેથી વૈરાગ્યભાવ દઢ બને છે. લાગણીશીલ લોકોના મોટા ભાગના દુઃખોનું મૂળ મમત્વભાવ છે તે ઘટવાથી જીવ આપોઆપ સુખમાં વિહરે છે. પરિણામે તટસ્થભાવ-ઉદાસીનતા કેળવાય છે, તેનાથી સંવેગ-નિર્વેદના પરિણામો વૃદ્ધિવંત બને છે. માનવી એકલતા અને ખાલીપાનો ભાવ અનુભવતો હતો તે દૂર થાય છે. તન-મન નવી તાજગી અનુભવે છે.

આમ ઉપર જોયા પ્રમાણે સંવર ભાવના ભાવવાથી ઘણાં બધાં લૌકિક અને લોકોત્તર ફાયદાઓ થાય છે. જો સંવરભાવની પ્રાપ્તિનું લક્ષ્ય ન હોય તો અનિત્યાદિ ભાવનાઓનું પરિશીલન નિરર્થક પુરવાર થાય છે. હળવા થવા, ફ્રેશ થવા, ખાલીપો દૂર કરવા, માથા પરનો ભાર ઊતારવા, કજિયા-કંકાસથી ત્રસ્ત મનને શાંતિ આપવા માટે અલ્પ સમય માટે ભાવનાઓનું આલંબન ફળદાયી નિવડતું નથી. ભાવનાઓના આલંબન દ્વારા સંવરભાવમાં કાયમી લીન બનવાનો પુરુષાર્થ કરવાનો છે. એ જીવને સુખ-શાંતિ-સમાધિ આપે છે. માટે જ કહ્યું છે કે-

પાતક પંક પખાલીને કરી સંવરની પાળ,
પરમહંસ પદવી ભજો, છોડી સકલ જંજાળ...૨

શાંતસુધારસમાં હિતશિક્ષા આપતા જણાવે છે કે–

એવં રુદ્ધેષ્વમલહૃદ્યૈરાશ્રવેષ્વાપ્તવાક્ય-
શ્રદ્ધાચશ્ચત્સિતપટપટુઃ સુપ્રતિષ્ઠાનશાલી।
શુદ્ધૈર્યોગૈર્જવનપવનૈઃ પ્રેરિતો જીવપોતઃ,
સ્ત્રોતસ્તીર્ત્વા ભવજલનિધેર્યાતિ નિર્વાણપુર્યામ્।।

અર્થાત્ આમ શુદ્ધ હૃદય વડે આશ્રવોના દ્વાર બંધ કરીને આપ્ત પુરુષના વચનમાં શ્રદ્ધારૂપ શોભતા શ્વેત વસ્ત્ર વડે, સુંદર અને મજબુત પ્રતિષ્ઠાનવાળું જીવાત્મારૂપ વહાણ શુદ્ધ યોગરૂપી પવનના સહારે સંસારસમુદ્રના જલપ્રવાહને તરી જાય છે અને મોક્ષનગરી સુધી પહોંચી જાય છે.

અહીં ગ્રંથકાર મહર્ષિએ પ્રતીકાત્મક શૈલીથી મોક્ષમાર્ગનો ઉપાય બતાવ્યો છે–

વહાણ-જીવાત્મા, શ્વેત વસ્ત્ર-સઢ વાવટા, જિનવચનોમાં શ્રદ્ધા, પવન-શુદ્ધયોગ, પ્રતિષ્ઠાન સ્થંભ. આશ્રવને રોકી સંવર ભાવના ભાવતા જીવ ક્રમશઃ મોક્ષમાર્ગ તરફ આગળ વધી નિર્વાણને પામે છે. જે ભવ્ય જીવોના અંતરની એકમાત્ર ભાવના હોય છે.

ઉપસંહાર-નિષ્કર્ષ

યોગશાસ્ત્ર ગ્રંથમાં સંવર ભાવનાના અંતે નિષ્કર્ષ જણાવતા અને હિતશિક્ષા આપતા કહે છે.

એવમાશ્રવનિરોધકારણં, સંવરઃ પ્રકટિતઃ પ્રપઞ્ચતઃ।
ભાવનાગણશિરોમણિસ્ત્વયં, ભાવનીય ઈહ ભવ્યજન્તુભિઃ।।

આમ આશ્રવ-નિરોધના કારણભુત સંવરતત્ત્વને વિસ્તારથી કહ્યું. ભવ્ય જીવોએ ભાવનાઓના સમૂહમાં શિરોમણિ સમાન આ સંવર ભાવના ભાવવી જોઈએ.

આત્મચિંતનની આવી અણમોલ દૃષ્ટિ ભાવનાના ભંડારમાંથી ખોલવામાં આવી છે. જેમાં આત્મા આત્માના જ પ્રદેશમાં નિશ્ચિંત થઈને પરિભ્રમણ કરતો રહે. પુદ્ગલભાવોની સાથે સંબંધ વિચ્છિન્ન થઈ જાય અને આત્માની સાથે અતૂટ સંબંધમાં જોડાઈ જાય છે. કર્તૃત્વ આત્મપરિણામનું દેખાય અને કાર્ય આત્મગુણોની નિષ્પત્તિનું થઈ જાય! સર્વનો આધાર આત્મા જ લાગે. જડ-ચેતનાના અભેદનો વિવેક મોક્ષમંઝીલ પહોંચાડવામાં દીવાદાંડી સમાન બને છે. ભેદજ્ઞાનનો અભ્યાસ, ચિંતન, મનન અને પ્રયોગ જીવનમાં નિરંતર ચાલતા રહેશે તો મૃત્યુ સમયે ભેદજ્ઞાન રક્ષા કરશે. આમ થવાથી ઉદાસીનભાવ કેળવાશે. આ ઉદાસીન ભાવ, ભેદજ્ઞાનની દૃઢતા, જિનેશ્વર ચરિત્રોનું જ્ઞાન, સંયમનું-ચારિત્રનું પાલન અને વૈરાગ્યભાવને નિરંતર સેવવામાં આવે તો ક્રમશઃ આશ્રવનો નિરોધ થતો જાય છે અને આત્મા મોક્ષમાર્ગમાં આગળ વધે છે. **અમૃતવેલની સજ્ઝાય**માં કહ્યું છે કે-

દેખીએ માર્ગ શિવનગરનો, જેહ ઉદાસીન પરિણામ રે,
તેહ અણછોડતા ચાલીએ, પામીએ જેમ પરમધામ રે,
ચેતન જ્ઞાન અજુવાલીએ, ટાળીએ મોહ સંતાપ રે,
ચિત્ત ડમડોલતું વાળીએ, પાળીએ સહજ ગુણ આપ રે.

અનિત્યાદિ ૧૨ અને મૈત્રી આદિ ૪ આમ કુલ ૧૬ ભાવનાઓમાં સંવરભાવના શિરોમણિસ્થાને છે કારણ કે સર્વ ભાવનાઓનું ધ્યેય સંવરભાવમાં લીન થવાનું છે. સંવરથી જ નવાં કર્મો આવતા અટકે છે અને નિર્જરાથી જૂના લાગેલા કર્મો ખરી જાય છે. આ બંને ભાવના મોક્ષના કારણરૂપ હોવાથી એ બંનેનું ખૂબ ખૂબ ચિંતન-મનન-આચરણ કરવાથી જ જીવ ક્રમશઃ મોક્ષમંઝીલને પ્રાપ્ત કરે છે. ✷ ✷ ✷

'ઉષાસ્મૃતિ', ૧, ભક્તિનગર સોસાયટી, જૈન ઉપાશ્રય પાસે, રાજકોટ-૩૬૦ ૦૦૨. મો. ૯૭૨૫૬ ૮૦૮૮૫.

અધ્યારોપથી અપવાદ સુધીની નિજ યાત્રામાં પ્રથમ પગથિયું: અનિત્યભાવના (અનુસંધાન પૃષ્ઠ ૩૦થી ચાલુ)

શ્રીમદ્ રાજચંદ્રશ્રીના આત્મસિદ્ધશાસ્ત્રમાં પણ એ પુષ્પોની ફોરમ ફેલાયેલી છે :

જ્ઞાન-ધ્યાન વૈરાગ્યમ્ય, ઉત્તમ જહાઁ વિચાર,
એ ભાવે શુભ ભાવના, તે ઉતરે ભવ પાર.
કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા
નિર્ગ્રંથનો પથ ભવ-અંતનો ઉપાય છે.
જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુ:ખ અનંત
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્ગુરુ ભગવંત...

ચાલો, અધ્યારોપથી અપવાદની યાત્રામાં, અજ્ઞાનથી જ્ઞાન તરફનો પ્રકાશ, સર્વમાંથી સ્વ તરફ, અવિદ્યામાંથી વિદ્યાની કેડી કંડારીએ... ✷ ✷ ✷

સંદર્ભ ગ્રંથો

- જૈન ધર્મનો સરળ પરિચય – પ. પૂ. શ્રી ભાનુવિજયજી ગણિવર
- જૈન ધર્મ દર્શન – ઝવેરી મણિલાલ મોહનલાલ
- 'સમણસુત્તં'–મુનિશ્રી ભુવનચંદ્રજી (અનુવાદક)
- છ ઢાળા (સચિત્ર)
  શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) વિ. સં. ૨૦૬૩
- ब्रह्मसूत्रशांङ्करभास्य
  સં. ડૉ. પુનિતા નાગરજી દેસાઈ. સરસ્વતી પ્રકાશન અ'વાદ જુલાઈ-૧૯૯૮
- कबीरवाणी संग्रह
- आत्मसिद्धिशास्त्र-अगास आश्रम, आणंद
- અખો-એક અધ્યયન – ઉમાશંકર જોશી
- શ્રીમદ્ ભાગવદ્ગીતા તેના મૂળ રૂપે
  લેખક-શ્રીમદ્ એસી ભક્તિવેદાંત સ્વામી પ્રભુપાદ
  અનુ. શ્રી મગનલાલ પ્રજાપતિ, પ્ર. ભક્તિવેદાંત બુક ટ્રસ્ટ.
- Jain Psychology Mehta Mohanlal
  P. V. Research Institute, Varanasi.

✷ ✷ ✷

હિંમતનગર (ગુજરાત),
Mobile : 9327914484 Email-disasavla@gmail.com

સંવર	નિર્જરા
૧. વીતરાગતાની ઉત્પત્તિ છે.	૧. વીતરાગતાની વૃદ્ધિ છે.
૨. નવીન કર્મોને આવતાં અટકાવે છે.	૨. પૂર્વબદ્ધ કર્મોને ખેરવી નાખે છે.
૩. સંવરમાં શુદ્ધાત્માની રૂચિ સમાયેલી છે.	૩. નિર્જરામાં શુદ્ધાત્માની સાધના સમાયેલી છે.
૪. મોક્ષમાર્ગની શરૂઆતમાં સંવર જરૂરી છે.	૪. મોક્ષમાર્ગની પૂર્ણતામાં નિર્જરા જરૂરી છે.
૫. પાંચ વ્રત, સમિતિ, ગુપ્તિ, દશ ધર્મ, પરિષહજયને કારણે સંવર હોય છે.	૫. તપના કારણે નિર્જરા હોય છે.
૬. સમ્યગ્દર્શનપૂર્વક સંવર હોય છે.	૬. સંવરપૂર્વક નિર્જરા હોય છે.

નિર્જરા-ભાવના

❑ કોકિલા મહેન્દ્ર શાહ

[જૈન સિદ્ધાંત આચાર્ય છે. સંસ્કૃતમાં એમ. એ. કર્યું છે. જૂની હસ્તપ્રતો ઉકેલવાનું કાર્ય કરે છે. જૈન સાહિત્ય સમારોહમાં સંશોધન પત્રો રજૂ કરે છે.]

જૈન ધર્મ ભાવનાપ્રધાન ધર્મ છે. અહીં પ્રત્યેક વસ્તુનું વિવેચન દ્રવ્ય અને ભાવ – બે દૃષ્ટિઓથી કરવામાં આવે છે. દ્રવ્યનો અર્થ છે – ભાવનાશૂન્ય પ્રવૃત્તિ. આપણે જે કાંઈ ક્રિયા કરીએ છીએ તેનું ફળ ભાવના અનુસાર મળે છે.

ભાવના અનંત છે, પરંતુ ભગવાને આ ઊર્ધ્વગામી ભાવનાનું બાર ભાવનામાં વર્ગીકરણ કર્યું છે.

દરેક મનુષ્યનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે. મોક્ષ ત્યારે જ મળે જ્યારે બધા કર્મોનો ક્ષય કરી મનુષ્ય કર્મરહિત થઈ જાય. આ લક્ષ્યને પામવા માટેનું ભાવના એક સાધન છે. સાધનની શુદ્ધિ હોય તો સાધ્યની શુદ્ધિ પ્રાપ્ત થાય. કર્મરહિત ત્યારે જ થવાય જ્યારે પહેલાં આવતા કર્મને અટકાવો અને પછી જે કર્મો Stockમાં હોય તેને ખપાવો, પ્રજાળો. આવતા કર્મને અટકાવવા માટે સંવર તત્ત્વ છે. કર્મ આવતા અટક્યા પછી જે પૂર્વસંચિત કર્મો હોય તેનો ક્ષય કરવો તે નિર્જરા. નિર્જરા-ભાવનાની અનુપ્રેક્ષા તે નિર્જરાતત્ત્વની ઉપાદેયતા માટેની પૂર્વ તૈયારી છે.

નિર્જરામાં શુદ્ધાત્માની સાધના છે. ચૈતન્યનું પ્રતપન છે, વીતરાગતાની વૃદ્ધિ છે. સંવરપૂર્વક જ નિર્જરા હોય છે તેથી નિર્જરા સંબંધી વિચારણા કરનારી નિર્જરા ભાવના મુખ્યપણે જ્ઞાનીને મુનિદશામાં સંભવે છે.

નિર્જરાભાવનાની ચિંતવન પ્રક્રિયા

જીવનની શુદ્ધિની વૃદ્ધિને નિર્જરા કહે છે. નિર્જરા અવસ્થાનું ઉપાદેયપણું અને નિર્જરાના આશ્રયભૂત શુદ્ધાત્મસ્વભાવનું પરમ ઉપાદેયપણું વિચારવું તે નિર્જરાભાવનાની ચિંતવન પ્રક્રિયા છે.

નિર્જરાભાવના વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે. નિર્જરાભાવનાનો અભ્યાસ સંસાર પ્રત્યેના વૈરાગ્યનું કારણ છે. તે બંધતત્ત્વનું હેયપણું અને તે દ્વારા સંસારનું હેયપણું સમજાવી સંસાર પ્રત્યે ઉદાસીનતાનું, વૈરાગ્યભાવનું કારણ બને છે.

નિર્જરાભાવનાનો અભ્યાસ તપનું સ્વરૂપ સમજાવનારો છે. ચૈતન્ય સ્વભાવના વીતરાગભાવની વૃદ્ધિ એ જ નિશ્ચયથી તપ છે. બાર પ્રકારનું તપ એ વ્યવહારથી તપ છે.

નિર્જરાભાવનાના અભ્યાસથી પોતાનું ત્રિકાળ શુદ્ધ સ્વરૂપ, તેના આશ્રયે ઉત્પન્ન થતી નિર્જરાદશા અને તેના સાધનભૂત સમ્યક્ તપનું સ્વરૂપ સમજી શકાતું હોવાથી તે વસ્તુસ્વરૂપની સમજણ કરાવનાર છે.

નિર્જરાભાવનાનો અભ્યાસ કરવાથી ૧. તપનું સ્વરૂપ સમજાય છે અને ૨. ઈચ્છાના નિરોધની ભાવના કરાવે છે. કહ્યું છે - ઈચ્છાનિરોધઃ તપઃ। બાર ભાવના જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની છે.

તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે તપસા નિર્જરાં ચ। તપથી સંવર ઉપરાંત નિર્જરા પણ થાય છે. અનેક ભવોમાં ભોગવાઈને પણ જે કર્મની નિર્જરા થતી નથી તેનાથી અનેકગણી નિર્જરા ભોગવાયા વિના સમ્યક્ પ્રકારના તપથી ઉચ્છ્વાસમાત્રમાં થાય છે. તપ અગ્નિ છે, જે કર્મોને પ્રજાળે છે. ભવરોગને દૂર કરવા માટે તપ ઉત્તમ ઔષધિ છે. તપના પ્રભાવથી ઋદ્ધિઓ પ્રગટે છે, લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. સાધકની કામધેનુ, કલ્પવૃક્ષ કે ચિંતામણી સમાન તપ છે. આધિ,વ્યાધિ, ઉપાધિના તાપથી ત્રસ્ત જીવોને પરમ શીતળતા આપનાર સમ્યક્ તપ છે. તપમાં આળસ કરવાથી વીર્યાંતરાય અને ચારિત્રમોહનીય કર્મ બંધાય છે. તેથી શક્તિ અનુસાર તપ કરવાનો ઉપદેશ છે.

ભાવના માટે આગમોમાં અનુપ્રેક્ષા શબ્દ વ્યવહૃત છે. જેનો અર્થ છે વારંવાર જોવું–ચિંતન, મનન અને અભ્યાસ કરવો. અધ્યાત્મયોગી માટે જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વૈરાગ્ય આ પાંચ વિષય ભાવનાના છે. આ વિષયોની ભાવના કરવાથી વૈભાવિક સંસ્કારોનો વિલય, અધ્યાત્મ તત્ત્વની સ્થિરતા અને આત્મગુણોનો ઉત્કર્ષ થાય છે. બાર ભાવનામાં નિર્જરાભાવનાનો ક્રમ નવમો છે. પહેલી આઠ ભાવનાની અનુપ્રેક્ષા દ્વારા સાધકના મનમાં અનાસક્ત ભાવ, સાંસારિક કામભોગો પ્રત્યે વિરક્તિ, શરીર અને આત્માનું ભેદવિજ્ઞાન, કર્મબંધના હેતુઓનું પરિજ્ઞાન, કર્મોના આગમનને રોકી સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ અને અકષાય અને અયોગની સાધના પ્રત્યે ભાવ કેળવાય છે.

સાધક સંવરની સાધનામાં દ્રવ્યરૂપે મન-વચન-કાયયોગોમાં કષાય આદિને સ્થિર રાખે છે, ભાવરૂપે મનના સંકલ્પો-વિકલ્પો,. આવેગો-સંવેગોને રોકતા અંતશ્છિદ્રોને ઢાંકે છે અને મુક્તિ તરફ અગ્રેસર થાય છે.

નિર્જરાભાવનાના અનુચિંતનથી સાધક નિર્જરાના લક્ષણ, સ્વરૂપ અને સાધનોને માટે વારંવાર ચિંતન-મનન કરે છે. આ ચિંતનથી સાધકના આત્મામાં તપ, દાન, શીલ પ્રતિ આકર્ષણ વધે છે. તપ કરવાથી હૃદયમાં ભાવના જાગે છે તથા ઉત્સાહ, અને સાહસ ઉત્પન્ન થાય છે. આ આત્મિક સાહસ, ઉત્સાહ અને ભાવનાથી કર્મોની નિર્જરા થાય છે અને જ્યારે તપ કરવા લાગે છે

ત્યારે તો બધા કર્મોથી મુક્ત થઈને શુદ્ધ બની જાય છે. આમ નિર્જરા આત્મશુદ્ધિનું સાધન બની જાય છે. અને સાધકમાં અદમ્ય સાહસ અને તિતિક્ષાવૃત્તિ જાગૃત થાય છે

નિર્જરા શબ્દની વ્યાખ્યા-

देशेन य: संचितकर्मणां क्षय:

सा निर्जरा प्राज्ञजनैर्विवेदिता।।

એકદેશથી અર્થાત્ ક્રમિક રૂપથી સંચિતકર્મોનો નાશ થવો તે નિર્જરા છે. જ્યારે कृत्स्नकर्मक्षयो मोक्ष: – આત્માથી સંપૂર્ણ કર્મોનું આવરણ સર્વથા દૂર થવું તેનું નામ મોક્ષ છે. નિર્જરા અને મોક્ષ પરસ્પર કાર્ય-કારણ છે. નિર્જરા મોક્ષનું કારણ છે. મોક્ષ નિર્જરાનું કાર્ય છે. નિર્જરા આત્માનો ક્રમિક વિકાસ છે. મોક્ષ સંપૂર્ણ વિકાસ. નિર્જરા એક યાત્રા છે. મોક્ષ મંજિલ છે.

જુદી જુદી અપેક્ષાએ નિર્જરાના જુદા જુદા ભેદ છે–

ફળની અપેક્ષાએ નિર્જરાના બે ભેદ – સવિપાક નિર્જરા અને અવિપાક નિર્જરા.

સવિપાક નિર્જરા – ક્રમથી પરિપાક કાળને પ્રાપ્ત થયેલ અને ઉદયાવલિના સ્રોતમાં પ્રવિષ્ટ શુભાશુભ કર્મોની ફળ દઈને જે નિવૃત્તિ થાય છે તે સવિપાક નિર્જરા. સવિપાક નિર્જરા પ્રત્યેક જીવની ક્ષણે ક્ષણે થતી રહે છે. પરંતુ તેની સાથે નવા કર્મો બંધાતા રહે છે, તેથી આ નિર્જરાથી આત્માનું હલકાપણું નથી થઈ શકતું. તેથી આ નિર્જરાને સહજ નિર્જરા, સ્વાભાવિક નિર્જરા, સ્વકાલ નિર્જરા, અબુદ્ધિપૂર્વા નિર્જરા કહી છે. આત્મશુદ્ધિની દૃષ્ટિએ વિપાક નિર્જરાનું કોઈ મહત્ત્વ નથી. સવિપાક નિર્જરા અનંતકાળ સુધી થાય તો પણ કર્મ મુક્તિ થતી નથી.

અવિપાક નિર્જરા – પૂર્વબદ્ધ પૌદ્ગલિક કર્મોનું ફળ આપ્યા વિના જીવના પ્રદેશોમાંથી છૂટા પડીને ખરી જવું તે અવિપાક નિર્જરા છે. તદુપરાંત સત્તામાં રહેલ પૌદ્ગલિક કર્મોનું ઉત્કર્ષણ, અપકર્ષણ કે સંક્રમણ પામી ક્ષીણતા પામે અને તેથી તેના સ્થિતિ કે અનુભાગમાં ઘટાડો થાય તે પણ અવિપાક નિર્જરા છે. અવિપાક નિર્જરા નીચેના પાંચ પ્રકારે હોય છે.

૧. પૂર્વબદ્ધ પાપકર્મોની સ્થિતિ કે અનુભાગ ઘટવા અને તેના કારણે તેની ફળદાન શક્તિ ઘટવી તે અવિપાક પ્રકારની નિર્જરા છે. જીવના પુરુષાર્થપૂર્વકના વીતરાગભાવ કે શુભભાવના કારણે આ પ્રકારની નિર્જરા હોય છે.

૨. પૂર્વબદ્ધ પુણ્યકર્મોનું ઉત્કર્ષણ થઈ તેની સ્થિતિ કે અનુભાગ વધવા અને તેના કારણે પુણ્યકર્મની ફળદાન શક્તિ વધી જવી તે એક પ્રકારની અવિપાક નિર્જરા છે.

૩. જીવના પુરુષાર્થપૂર્વકના વીતરાગીભાવ કે મંદકષાયરૂપ શુભ ભાવના કારણે અઘાતી કર્મોની પાપપ્રકૃતિનું પુણ્યમાં સંક્રમણ થવું તે અવિપાક નિર્જરા છે.

૪. પૂર્વબદ્ધ કર્મોની ઉદીરણા પામીને ઉદયમાં આવેલ કર્મને તપના પ્રભાવે ફળ આપ્યા વિના જીવના પ્રદેશથી અલગ કરીને ખેરવી નાખવા તે અવિપાક નિર્જરા છે.

૫. ઉદયમાં આવેલ કર્મોનું ફળ આપ્યા વિના ખરી જવું તે પણ અવિપાક નિર્જરા છે. તેથી અવિપાક નિર્જરા જ આત્મ-શુદ્ધિની સાધિકા છે. ભગવાન મહાવીરે જાણી જોઈને અત્યંત ઉગ્ર ઉપસર્ગોનો સામનો કર્યો અને અનાર્ય આદિ દેશોમાં ભ્રમણ કર્યું. ગજસુકુમાલ મુનિએ જાણી જોઈને સ્મશાનમાં જઈને ધ્યાન કરી કર્મોની ઉદીરણા કરી. અર્જુનમાળી, ધન્ના-શાલિભદ્ર આદિ અણગારો પણ કર્મોની ઉદીરણા કરી અવિપાક નિર્જરાથી તેનું વેદન કરી આત્મશુદ્ધિ પામ્યા.

પુરુષાર્થની અપેક્ષા નિર્જરા બે પ્રકારની છે–

૧. સકામ નિર્જરા, ૨. અકામ નિર્જરા.

અકામ નિર્જરા – વીતરાગતાના પુરુષાર્થ વિનાની હોય છે. 'અકામ'નો અર્થ છે કામનાથી રહિત. કામના બે પ્રકારની હોય છે–સાંસારિક સુખ,.ભોગ, ઐશ્વર્ય, દેવ આદિ પદની કામના ભૌતિક કામના છે જે જીવ માટે હેય છે. બીજી સર્વ કર્મોથી મુક્ત થઈને અનંત શાંતિ, અનંત જ્ઞાન–દર્શન રૂપ અવ્યાબાધ સુખ કેન્દ્રિત મોક્ષની કામના આધ્યાત્મિક કામના છે જે ઉપાદેય છે, કારણ કે મોક્ષ જીવનું અંતિમ લક્ષ્ય છે. પરાધીનતાપૂર્વક પરવશ થઈને ભૂખ-તરસ આદિ કષ્ટોને સહન કરવાથી જે કર્મ નિર્જરા થાય છે તે અકામ નિર્જરા છે.

ભગવાન મહાવીરે કહ્યું છે-

'वत्थगंधमलंकारं इत्थिओ सयमाणि य ।

अच्छन्दा जे न भुंजन्ति न से चाइत्ति पुच्चइ ।।

અર્થાત્ જે વસ્ત્ર,ગંધ, અલંકાર, સ્ત્રી તથા શયન-આસન આદિ સામગ્રીને પરવશતાને કારણે ભોગવી નથી શકતો તેને ત્યાગી ન કહી શકાય. ત્યાગ વગર નિર્જરા કેવી રીતે?

અકામ નિર્જરાના મુખ્યતઃ બે ભેદ છે.

૧. અનિચ્છાપૂર્વક ૨. અજ્ઞાનપૂર્વક.

નરક-તિર્યંચ આદિ ગતિમાં અનેક પ્રકારના કષ્ટ ઉઠાવવા પડે છે, અસહ્ય વેદના ભોગવવી પડે છે. મનુષ્ય જીવનમાં પણ ગરીબીમાં રોટી–વસ્ત્ર આદિના અભાવમાં ભૂખ સહન કરવી, ઠંડી-ગરમી આદિ સહન કરવા તે અનિચ્છાપૂર્વકના કષ્ટ સહન કરવા તે અકામ નિર્જરા છે.

ઔપપાતિક સૂત્રમાં કહ્યું છે કે 'લોક-નિંદા કે લોક-ભયથી શીલ પાળવાવાળી સ્ત્રીઓ અકામ નિર્જરા કરે છે.' જે પોતાની ઈચ્છા વિરુદ્ધ ભૂખ-તરસ વેઠે છે, બ્રહ્મચર્ય પાળે છે, કાયકલેશ સહન કરે છે તે કાલધર્મ પ્રાપ્ત કરીને વાણવ્યંતર આદિ જાતિના દેવમાં ઉત્પન્ન થાય છે.

૨. અજ્ઞાનપૂર્વક અકામ નિર્જરા–જેને દેવ, ગુરુ, ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થયું નથી, મોક્ષનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ નથી સમજાયું તે વ્યક્તિ પરલોકમાં સ્વર્ગની કામનાથી, આ લોકમાં ચક્રવર્તી આદિ પદની કામનાથી તથા આ લોકમાં પૂજા-પ્રતિષ્ઠાની કામનાથી જે તપનું આચરણ કરે છે તે અજ્ઞાન તપ છે. અજ્ઞાન તપનું અધિકમાં અધિક ફળ સ્વર્ગમાં નાની જાતના અલ્પઋદ્ધિવાળા દેવ બને. અકામ નિર્જરા અલ્પ ફળ દેવાવાળી છે. નરસી ભગતે તો આ અજ્ઞાન તપને સર્વથા અશુદ્ધ જ કહ્યું છે –

'જ્યાં લગે આત્મતત્ત્વ ચિન્હો નહીં ત્યાં લગે સાધના સર્વ જૂઠી.'

સકામ નિર્જરા–જે ક્રિયાની સાથે આત્મજ્ઞાન હોય છે, આત્મા અને મોક્ષનો વિવેક હોય છે તે અલ્પ નિર્જરા પણ મહાન ફળ દેવાવાળી હોય છે. સકામ નિર્જરા જ્ઞાનીને જ હોય છે, અજ્ઞાનીને નથી હોતી. જે કર્મ સત્તામાં હોય તેને વીતરાગી તપના પ્રભાવે પુરુષાર્થપૂર્વક ઉદીરણા કરીને સમભાવપૂર્વક તેનો ભોગવટો કરવો કે જેના કારણે કોઈ નવીન કર્મબંધન ન થાય. વાસ્તવમાં સકામ નિર્જરા જ અવિપાક નિર્જરા છે. શાસ્ત્રમાં કહ્યું છે-

'जं अन्नाणी कम्मं खवेइ बहुयाहिं वासकोडी हिं।

तं नाणी तिहिं गुत्तो खवइ उसासमित्तेणं ।।

અજ્ઞાની જીવ જ કર્મોને કરોડો વર્ષોમાં નથી ખપાવી શકતો તે ત્રણ ગુપ્તિથી ગુપ્ત જ્ઞાની જીવ એક શ્વાસોચ્છ્વાસ માત્રમાં ખપાવી શકે છે. જ્ઞાનપૂર્વક નિર્જરાનું આ મહત્ત્વ છે. નમિરાજર્ષિ જ્ઞાન અને અજ્ઞાનતપની તુલના ન કરતાં કહે છે–

'मासे मासे उ जो बालो कुसग्गेणं तु भुंजइ।

न सो सुयक्खायधम्मस्स फलं अग्धइ सोलंसिं।।

અર્થાત્ અજ્ઞાની જીવ માસ-માસખમણ તપ કરીને કુશાગ્ર ઉપર રહે તેટલું અન્ન ખાઈને પારણું કરે અને પાછું માસખમણ તપ કરે છતાં તે સમ્યક્ જ્ઞાનયુક્ત ક્રિયા કરવાવાળા સાધકના ધર્મના સોળમા અંશ બરાબર પણ કર્મનિર્જરા નથી કરી શકતો.

પૌદ્ગલિક કર્મના પરિણામની અપેક્ષાએ નિર્જરા બે પ્રકારે છે.

૧. ભાવનિર્જરા ૨. દ્રવ્યનિર્જરા

૧. ભાવનિર્જરા: જીવ સાથે જોડાયેલ પૂર્વબદ્ધ પૌદ્ગલિક કર્મોનું ક્ષીણ થઈને ખરી જવાના કારણભૂત જીવના શુદ્ધોપયોગરૂપ વીતરાગભાવને ભાવનિર્જરા કહે છે. ભાવનિર્જરા ભાવસંવરપૂર્વક હોય છે. ભાવનિર્જરામાં વીતરાગભાવની વૃદ્ધિ, પ્રચુરતા હોય છે.

૨. દ્રવ્યનિર્જરા: નવીન પૌદ્ગલિક કર્મના સંવરપૂર્વક પૂર્વબદ્ધ કર્મોનું ખરી જવું તે દ્રવ્ય નિર્જરા છે. દ્રવ્યનિર્જરા દ્રવ્યસંવરપૂર્વક હોય છે.

નિર્જરાભાવનાનો અભ્યાસ તપનું સ્વરૂપ સમજાવે અને ઈચ્છાના નિરોધની ભાવના કરાવે. તપ અને ઈચ્છાનિરોધ સકામ નિર્જરાના કારણરૂપ છે.

तपायति अष्टप्रकारं कर्म – इति तपः।

જે આઠ પ્રકારના કર્મને તપાવી ભસ્મસાત્ કરી દે છે તેને તપ કહે છે. તે બાહ્ય રૂપે શારીરિક કૃષતાનું કારણ છે, આંતરિક રૂપે કામ, ક્રોધાદિ તેમજ કર્મોને કૃશ કરી, કર્મોનું ઉન્મૂલન કરી આત્માને શુદ્ધ બનાવે છે.

'ઈચ્છાનિરોધ: તપ:। અને ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે–

पच्चक्खाणेन इच्छानिरोहं जणयइ। પ્રત્યાખ્યાન – ત્યાગથી ઇચ્છાઓનો નિરોધ થાય છે. ઇચ્છાનિરોધને તપ માનવાનું કારણ એ છે કે ઇચ્છાઓને સંબંધ ફક્ત બાહ્ય પદાર્થોની પ્રાપ્તિ સુધી સીમિત નથી, પરંતુ ઈચ્છાઓ પ્રાપ્ત અને અપ્રાપ્ત બધા પ્રકારના પદાર્થો માટે હોય છે. અને તે આકાશ સમાન અનંત છે. ફક્ત કામના વિશેષને કારણે દેહદમન માટે ભૂખ–તરસ સહન કરવામાં આવે તો તે તપ નથી. બાહ્ય અને આભ્યંતર બન્ને પ્રકારની ઈચ્છાઓના નિરોધને તપ કહેવાથી તેના બે ભેદ છે–બાહ્ય અને આભ્યંતર-

બાહ્ય તપના છ ભેદ છે–૧. અનશન ૨. ઉણોદરી ૩. વૃત્તિસંક્ષેપ અથવા ભિક્ષાચરી ૪. રસ-પરિત્યાગ ૫. કાયકલેશ ૬. પ્રતિસંલીનતા (વિવિક્ત શયનાસન)

બાહ્ય તપનો પ્રભાવ શરીર પર વધુ પડે છે. તેનો સંબંધ અશન, પાન, આસન આદિ બાહ્ય દ્રવ્યોથી હોય છે. બાહ્ય તપ મુક્તિનું બહિરંગ કારણ બની શકે છે. આચાર્ય શિવકોટિએ મૂલારાધનામાં બાહ્ય તપના કેટલાક લાભ બતાવ્યા છે. તેમાં પ્રમુખ છે–૧. કાયાની સંલેખના થાય છે. ૨. આત્મામાં સંવેગ જાગે છે. ૩. ઈન્દ્રિયોનું દમન થાય છે. વિષયો પ્રત્યે આસક્તિ ઘટે છે. ૫. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિરતા આવે છે. ૬. તૃષ્ણાનો ક્ષય થાય છે. ૭. આત્મ-શક્તિ વધે છે. ૮. કષ્ટસહિષ્ણુતા વધે છે. ૯. દેહ, પદાર્થ અને સંસારિક સુખો પ્રતિ ભેદવિજ્ઞાન દ્વારા આસક્તિ ક્ષીણ થાય છે. ૧૦. ક્રોધ આદિ કષાયોનો નિગ્રહ થાય છે. ૧૧. નિદ્રા, પ્રમાદ, આળસ પર વિજય પ્રાપ્ત થાય છે. ૧૨. સમત્વની સાધના થાય છે. ૧૩. સમાધિયોગનો સ્પર્શ થાય છે. ૧૪. શ્વાસક્રિયા પર નિયંત્રણ થાય છે. ૧૫. સ્થૂળ અને સૂક્ષ્મ શરીરનું શોધન થાય છે. ૧૬. આસન સિદ્ધિ થાય છે. ૧૭. તેજસ્ શરીર બળવાન થાય છે, તેનો પ્રભાવ વધે છે. ૧૮. અંતરંગ તપની સાધના માટે આધારભૂમિ તૈયાર થાય છે. ૧૯. ચિત્ત-શુદ્ધિ થાય છે. ૨૦. મનના સંકલ્પ-વિકલ્પ અને આવેગ-સંવેગોનું ઉપશમન થાય છે.

જ્યારે તપનો યોગ આત્મા સાથે થઈ જાય છે તો તે તપોયોગ થઈ જાય છે, અને અસીમિત શક્તિને પ્રસ્ફુરિત કરે છે.

જેમ વૈજ્ઞાનિક અણુનું વિખંડન વિદ્યુત તરંગોના માધ્યમથી કરીને અસીમિત ઉર્જા તથા શક્તિ પ્રાપ્ત કરે છે, તે જ પ્રકારે માનવ પોતાના વિદ્યુત શરીરમાં વહેતી વિદ્યુતધારાનો તપ સાથે સંયોગ કરી અસીમ શક્તિ પ્રાપ્ત કરી શકે છે. વૈજ્ઞાનિક અણુશક્તિ દ્વારા ફક્ત એક સ્વીચ દબાવીને આખા દેશનો નાશ કરી શકે છે તો એક તપસ્વીની તપોશક્તિ (તેજોલેશ્યા)ની ક્ષમતા તેથી અનેકગણી હોય છે. તપોશક્તિનું સૂક્ષ્મરૂપ અનંત અને અસીમિત શક્તિ છે.

આમ આત્મ-શક્તિના પ્રગટીકરણનું સાધન છે તપ, તપોયોગ સાધના. જેમ સુવર્ણ અગ્નિમાં બળીને શુદ્ધ થાય છે તેમ તપથી તપ્ત આત્માના રાગ-દ્વેષ, કર્મગ્રંથી આદિ આંતરિક દોષ બળી જાય છે અને દિવ્યગુણ અનંતશક્તિ પ્રગટ થાય છે અને આત્મા સ્વાભાવિક દશા પ્રાપ્ત કરી અનંત અવ્યાબાધ સુખમાં રમણ કરે છે.

જે પ્રકારે બાહ્ય તપ આત્મ-આવરણો – તેજસ્ અને ઔદારિક (સૂક્ષ્મ અને સ્થૂળ) શરીરની શુદ્ધિની પ્રક્રિયા છે, સાધના છે તેવી જ રીતે આભ્યંતર તપ આત્મશોધનની સાથે સાથે બદ્ધ કાર્મણ શરીરને નિર્જીર્ણ કરવાની સાધના છે. કાર્મણ શરીરમાં આભ્યંતર દોષ-ક્રોધ, માન, માયા, લોભ આદિની અવસ્થિતિ હોય છે. મોહને કારણે આત્મા અશુદ્ધ થાય છે, તેની જ્ઞાન-દર્શન-ચારિત્રમય સ્વાભાવિક દશા વિભાવરૂપમાં પરિણત થાય છે. શુદ્ધ જ્ઞાયક ભાવ વિકૃત થાય છે તેથી સાધક આ આભ્યંતર તપની આરાધના દ્વારા કાર્મણ શરીર – રાગ, દ્વેષ, મોહનો ક્ષય કરીને શુદ્ધ સ્વાભાવિક દશા પ્રાપ્ત કરી અનંત, અક્ષય, અવ્યાબાધ સુખમાં રમણ કરે છે, ત્રૈલોક્ય અને ત્રિકાલ જ્ઞાતા-દ્રષ્ટા બની જાય છે.

આભ્યંતર તપના પણ છ ભેદ છે - ૧. પ્રાયશ્ચિત ૨. વિનય ૩. વૈયાવૃત્ય ૪. સ્વાધ્યાય ૫. ધ્યાન અને ૬. વ્યુત્સર્ગ.

આત્મશુદ્ધિ માટે બાહ્ય તપની જેમ વિનય, સેવા, સ્વાધ્યાય, ધ્યાનની પણ સાધના કરવી જોઈએ. બન્નેનું અસ્તિત્વ એકબીજા પર આશ્રિત છે, તેથી એકબીજાના પૂરક છે. બાહ્ય તપથી આભ્યંતર તપ પુષ્ટ થાય છે અને આભ્યંતર તપથી બાહ્ય તપની સાધના સહજરૂપે થાય છે.

પ્રાયશ્ચિત કરવાની ભાવના અંતરંગમાં ઉત્પન્ન થાય છે, આત્મનિરીક્ષણ દ્વારા સબળ બને છે અને આત્માની શુદ્ધિ થાય છે. વિનય મનની વૃત્તિ છે. સ્વભાવતઃ વિનયી વ્યક્તિ સદાચારી, સરલ અને શાલીન હોય છે.

વિનયનું મહત્ત્વ બતાવતાં કહ્યું છે કે–

धम्मस्स विणओ मूलं, परमे से मोक्खो।

અર્થાત્ ધર્મનું મૂળ વિનય છે અને તેનું ફળ મોક્ષ છે.

વૈયાવૃત્યમાં સમર્પણની ભાવના હોય છે–

જૈનાગમોમાં સેવાની મહત્તા બતાવતાં કહ્યું છે કે-

वैयावच्चेणं तित्थवरनामगोत्तंकम्मं निबंधई।'

અર્થાત્ વૈયાવૃત્યથી તીર્થંકર નામ ગોત્રકર્મની પ્રાપ્તિ થાય છે. સ્વાધ્યાય કરવાથી મન એકાગ્ર થાય છે, તેની અસત્પ્રવૃત્તિ રોકાય છે અને જ્ઞાનનો વિકાસ થાય છે. સ્વાધ્યાયને જ્ઞાનાવરણ કર્મના ક્ષયનું કારણ કહ્યું છે-

'सज्झाएणं णाणावरणिज्जं कम्मं खवेइ।'

ધ્યાનથી મન અશુભ વિચારોથી હટી શુભ વિચારો તરફ અગ્રેસર થાય છે, આત્મબળનો વિકાસ થાય છે, મન સમાધિસ્થ થાય છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન મોક્ષના સાધન છે. व्युत्सर्ग=वि+उत्सर्ग – વિધિપૂર્વક ત્યાગવું. આ તપથી પદાર્થો પ્રત્યેની આસક્તિ ઘટે છે, દેહાસક્તિથી વિમુક્ત થવામાં સહાયક છે. સાધનામાં દૃઢતા વધે છે અને સાધક પરમસહિષ્ણુતા પ્રાપ્ત કરે છે.

આમ અનશન તપના સોપાનથી શરૂ થયેલ સાધના વ્યુત્સર્ગ તપ પર સમાપ્ત થાય છે. બાહ્ય તપ ક્રિયાયોગનું પ્રતીક છે અને આભ્યંતર તપ જ્ઞાનયોગનું પ્રતીક છે અને જ્ઞાન તથા ક્રિયાના સમન્વયથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે. તપ સાધનાનું તેજ છે, ખોજ છે, શક્તિ છે. તપશૂન્ય સાધના નિષ્પ્રાણ છે. ભગવાન મહાવીર સ્વયં ઉગ્ર તપસ્વી હતા. જૈન તપ વિધિની એ વિશેષતા છે કે તે આત્મ-પરિશોધન પ્રધાન છે.

✷ ✷ ✷

નિર્જરાતત્ત્વ	નિર્જરાભાવના
૧. વસ્તુનું સ્વરૂપ છે.	૧. ચિંતવન પ્રક્રિયા છે.
૨. નિર્જરાતત્ત્વનું પ્રયોજન તેના દ્વારા અપ્રગટ એવા શુદ્ધાત્મા સ્વભાવને ઓળખી તેનો આશ્રય કરાવવાનું છે.	૨. નિર્જરાભાવનાનું પ્રયોજન નિર્જરાનું ઉપાદેયપણું સમજી સંસાર પ્રત્યેનો વૈરાગ્ય વધારી મોક્ષમાર્ગમાં આગળ વધવાનો પુરુષાર્થ પ્રેરવાનું છે.
૩. નિર્જરાતત્ત્વની યથાર્થ શ્રદ્ધાનું ફળ સમ્યગ્દર્શન છે.	૩. નિર્જરાભાવનાના ચિંતવનનું ફળ નિર્જરાતત્ત્વની પ્રાપ્તિ છે.
૪. નિર્જરાતત્ત્વ સાધ્ય છે.	૪. નિર્જરાભાવના સાધન છે.

ધર્મભાવના

☐ ડૉ. ચિંતનમુનિ મહારાજ

[શ્રી સ્થાનકવાસી છ કોટી જૈન લીંબડી અજરામર સંપ્રદાયના પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ભાવચંદ્રજીસ્વામીના સુશિષ્ય ડૉ. ચિંતનમુનિ મ. તેમણે શતાવધાની મુનિરાજ શ્રી રત્નચંદ્રજી મ. કૃત 'ભાવના શતક' ઉપર પીએચ. ડી કર્યું છે.]

બોધિરત્નની પ્રાપ્તિ થતાં ધર્મની સીમામાં પ્રવેશ થાય છે, માટે બોધિદુર્લભ ભાવના પછી ધર્મભાવના દર્શાવવામાં આવે છે. જે ધર્મ સફળ, સિદ્ધ, દિવ્યસિદ્ધિ અને આત્મશુદ્ધિને આપનાર છે, તે ધર્મનું શું સ્વરૂપ છે તેનો વિચાર કરવો જોઈએ. તે વિચાર કોઈપણ જાતનો પક્ષપાત રાખીને કે ઉપરછલ્લી બુદ્ધિથી કરવાનો નથી, પણ નિષ્પક્ષપાત રીતે તાત્ત્વિક બુદ્ધિથી ધર્મનો વિચાર કરવાનો છે.

ધર્મનું સ્વરૂપ અને એની આત્મવિકાસની શક્તિનો વિચાર કરવો તે ધર્મભાવના. 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'ની બે ગાથા જોઈએ.

मरिहिसि रायं जया तया वा, मणोरमे कामगुणे पहाय।
एक्को हु धम्मो नरदेव ताणं, न विज्जई अन्नमिहेह किंचि।।

'સંસારમાં એક માત્ર શરણ ધર્મ જ છે, એના સિવાય બીજો કોઈ રક્ષક નથી.'

कुप्पवयणं पासण्डी, सव्वे उम्मग्ग पट्ठिया।
सम्मग्गं तु जिणक्खायं, एस मग्गे हि उत्तमे।।

'જરા અને મૃત્યુના વેગરૂપી પ્રવાહમાં ડૂબતા પ્રાણીઓના માટે ધર્મદ્વીપ જ ઉત્તમ સ્થાન અને શરણરૂપ છે.'

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય કહે છે કે 'દુર્ગતિમાં પડતા જીવોને જે બચાવી રાખે છે, તે ધર્મ છે. સર્વજ્ઞ દ્વારા કથિત, સંયમ આદિના ભેદથી દસ પ્રકારનો ધર્મ જ મોક્ષ પ્રાપ્ત કરાવે છે.'

ધર્મ એનો બંધુ છે, જેનો સંસારમાં કોઈ બંધુ નથી. ધર્મ એનો સખા છે, જેનો કોઈ સખા નથી. ધર્મ એનો નાથ છે, જેનો કોઈ નાથ નથી. અખિલ જગતના માટે એકમાત્ર ધર્મ જ રક્ષક છે.

જૈનદર્શનમાં ધર્મને ઉત્કૃષ્ટ મંગલ કહ્યું છે અને અહિંસા, સંયમ અને તપ એનાં મુખ્ય અંગો બતાવ્યા છે. આ ભવ અને પરભવ બંનેમાં આ ધર્મ સુખકારી છે તથા ક્રમશઃ મુક્તિસુખ આપનારો છે. કામધેનુ, કલ્પવૃક્ષ કે ચિંતામણિ રત્નથી જે ફળની પ્રાપ્તિ થાય છે, તે થોડો સમય સુખદાયી હોય છે અને તે પણ અપૂર્ણ હોય છે, જ્યારે ધર્મના આચરણથી થતી ફળપ્રાપ્તિ ચિરકાળ સુધી સુખ આપનારી હોય છે અને તે સુખ પૂર્ણ હોય છે. આથી શ્રુતધર્મ અને ચારિત્રધર્મનું શરણ સ્વીકારીને શીઘ્ર ભવનિસ્તાર કરવો જોઈએ. આ ભવનિસ્તાર માટે ક્ષમાધર્મ, માર્દવ ધર્મ, આર્જવ ધર્મ, મુક્તિ ધર્મ, તપોધર્મ, સંયમધર્મ, સત્ય ધર્મ, શૌચ ધર્મ, અકિંચન ધર્મ અને બ્રહ્મચર્ય ધર્મનું પાલન કરવું જોઈએ અને સર્વજ્ઞકથિત સત્ય ધર્મનું શરણ સ્વીકારવું જોઈએ.

उत्तम-धम्मेण जुदो होदि तिरिक्खो वि उत्तमो देवो।।
चंडालो वि सुरिंदो उत्तम-धम्मेण संभवदि।।

'ઉત્તમ ધર્મથી યુક્ત તિર્યંચ પણ ઉત્તમ દેવ બની જાય છે તથા ઉત્તમ ધર્મથી યુક્ત ચંડાલ પણ સુરેન્દ્ર બની જાય છે.'

શ્રી શુભચંદ્રાચાર્યે 'જ્ઞાનાર્ણવ'માં ધર્મનો મહિમા બતાવતાં કહ્યું છે,

न धर्म सदृशःकश्चित्सर्वाभ्युदय साधकः ।
आनन्द कुञ्जकन्दश्च हितः पूज्यः शिवप्रदः ।।

'આ જગતમાં ધર્મના સમાન બીજો કોઈ બધા જ પ્રકારના અભ્યુદયનો સાધક નથી. એ મનોવાંછિત સંપદા આપનારો છે. આનંદરૂપી વૃક્ષનો કંદ છે અર્થાત્ આનંદના અંકુર એનાથી જ ઉત્પન્ન થાય છે અને હિતરૂપ, પૂજનીય તથા મોક્ષનો આપનારો પણ એ જ છે.'

અન્ય દર્શનોમાં પણ ધર્મવિષયક ભાવનાઓ પ્રગટ કરવામાં આવી છે. તેમાં પણ ધર્મનો મહિમા વ્યક્ત કર્યો છે.

હિંદુ ધર્મની તમામ સ્મૃતિઓમાં મનુસ્મૃતિ એ સર્વપ્રધાન સ્મૃતિ છે. આ મનુસ્મૃતિ (૬/૯૨)માં ધર્મનાં લક્ષણો બતાવતાં કહ્યું છે,

'ધૈર્ય, ક્ષમા, મનનો નિગ્રહ, ચોરી ન કરવી, સ્વચ્છતા, ઈન્દ્રિય નિગ્રહ, લૌકિક જ્ઞાનની પ્રાપ્તિ, આત્મિક જ્ઞાનની પ્રાપ્તિ, સત્યપાલન અને ક્રોધ ન કરવો–એ ધર્મનાં દશ લક્ષણ છે.' જ્યારે એથી આગળ વધીને મહર્ષિ વેદવ્યાસે લખેલા 'મહાભારત'ના શાંતિપર્વમાં ધર્મની વ્યાખ્યા આ પ્રમાણે મળે છે. 'ધર્મને ધર્મ એ માટે કહેવામાં આવે છે કે પ્રજાઓને ધારણ કરે છે. જે ધારણ કરવાના સામર્થ્યથી યુક્ત છે તે જ ધર્મ છે, એ નિશ્ચિત છે.'

જરા વિશેષ ઊંડું ચિંતન કરીએ તો જણાશે કે ધર્મ વિશે મનુસ્મૃતિ (૪/૨૩૯-૨૪૨)માં માર્મિક શ્લોકો પ્રાપ્ત થાય છે. જેમાં કહ્યું છે, 'પિતા, માતા, પુત્ર, પત્ની તથા સગાં પરલોકમાં સહાયક થતાં નથી. કેવળ ધર્મ જ સહાયક થાય છે. પ્રાણી એકલો જ ઉત્પન્ન થાય છે અને એકલો જ મૃત્યુ પામે છે. એકલો જ પુણ્ય અને પાપનું ફળ ભોગવે છે. સગાંઓ તો મૃત શરીરને ભૂમિ પર લાકડાં તથા ઢગલાં પર મૂકીને સમાન ફેંકીને ઘર પાછાં આવે છે. (માત્ર) ધર્મ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૭૮)

માણસથી મોક્ષસુધીની ભાવના એટલે લોકસ્વરૂપ ભાવના

□ કલિકુંડ તીર્થોદ્ધારક પ. પૂ. આ. વિ. રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પં. રાજહંસ વિ. મ.સા.(રાહંવિ)

એક ઘરમાં એક વખત છોકરાઓને કાગળના કેટલાક ટુકડા આપવામાં આવ્યા...

પિતાજીએ કહ્યું, 'આ હતો તો દુનિયાનો નકશો...અત્યારે હતો ન હતો થઈ ગયો છે. તમારે આ ટુકડાઓને ભેગા કરીને દુનિયાનો નકશો તૈયાર કરવાનો છે. કરશો ને?

છોકરાઓએ 'હા' ભણી...

પિતાજીએ ટુકડા છોકરાઓને સોંપી દીધા...

છોકરાઓ ટુકડા જોડવાના પ્રયાસે લાગી ગયા...

તોફાને ચડેલા છોકરાઓને કામ મળ્યું, અને છોકરાઓના તોફાનથી ત્રાસેલા પિતાજીને શાંતિ મળી.

છોકરાઓએ બુદ્ધિ કામે લગાડી.

થોડી જ વારમાં નકશો તૈયાર થઈ ગયો.

નકશો જોઈ પિતાજી આશ્ચર્ય પામી ગયા..આટલી વારમાં નકશો તૈયાર?! અસંભવ...છોકરાઓને દેશના નામ અને તેના આકાર ખબર જ નથી..વળી, દુનિયાના નકશામાં કોઈ દેશ પર નામ પણ નહોતું લખેલું...નકશો તૈયાર થયો કઈ રીતે?

પાંચેક કલાકની શાંતિની અપેક્ષા સેવી રહેલા પિતાજીને છોકરાઓએ અડધા કલાકમાં જ કામ પૂરું કરી આપ્યું.

પિતાજીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

અમે માણસ તૈયાર કરી દીધો...દુનિયાનો નકશો સ્વયંભૂ તૈયાર થઈ ગયો...'

બાળકોની બુદ્ધિ જોઈ હેરાન થઈ ગયેલા પિતાજીએ કહ્યું- 'સરસ...બહુ સરસ...ચાલો, આજે હું તમને એક બીજો માણસ બતાવું.'

અને પિતાજીએ એમને...બાળકોને જે માણસ બતાવ્યો, તે માણસ એટલે જ ચૌદ રાજલોક અર્થાત્ લોકાકાશ.

પિતાજી સીધા ઊભા થઈ ગયા.

બે પગ પહોળા કર્યા...બેહાથ કેડે મૂક્યા.

નાભિનો જે ભાગ છે, તે છે મધ્યલોક-અથવા તિર્ચ્છાલોક.

એની ઉપરનો ભાગ છે તે છે ઊર્ધ્વલોક...

એક નાભિ નીચેનો જે ભાગ છે, તે છે અધોલોક... અને...

એક ટોચનો-મસ્તકનો જે ભાગ છે, તે છે મોક્ષ...મુક્ત જીવોનું શાશ્વત સ્થાન.

હવે તમને થોડોક વિસ્તાર કરી સમજાવું.

કેડથી નીચેનો અને પહોળા બે પગ વચ્ચેનો ભાગ એટલે અધોલોક...જ્યાં સાત નરકભૂમિઓ આવેલી છે...

આ સાત પૃથ્વીના નામો છે-રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા અને તમસ્તમઃપ્રભા...

૧૪ રાજલોકનો અડધો ભાગ એટલે અધોલોક...અર્થાત્ સાત રજ્જુ – (૧ રજ્જુ યા રાજ એટલે અસંખ્ય યોજન). દર એક રાજમાં એક નરક પૃથ્વી આવેલી છે-આ હિસાબે સાત રાજમાં સાત નરક.

પહેલી નરકભૂમિથી બીજી...બીજીથી ત્રીજી...યાવત્ સાતમી નરકભૂમિની જાડાઈ ઉત્તરોત્તર ઓછી થતી જાય છે...પણ લંબાઈ-પહોળાઈ વધતી જાય છે.

આ દરેક નરકભૂમિની નીચે ઘનોદધિ, ઘનવાત અને તનવાત છે.

ઘનોદધિ એટલે કઠણ પાણીનો દરિયો...

ઘનવાત એટલે જાડો વાયુ અને તનવાત એટલે પાતળો વાયુ-અર્થાત્ પહેલા નરકભૂમિ પછી ઘનોદધિ, પછી ઘનવાત, પછી તનવાત અને તે પછી છેલ્લે આકાશ...તે પછી બીજી નરકભૂમિ, ઘનોદધિ, ઘનવાત, તનવાત અને આકાશ-યાવત્ ૭મી નરકભૂમિ... આકાશ.

દરેક નરકભૂમિમાં નરકાવાસો છે-નરકાવાસ એટલે નરકના જીવો (નારકો)ને રહેવા માટેના આવાસ-લાખોની સંખ્યા ધરાવતા આ નરકાવાસો ૩૦૦૦ યોજન ઊંચા અને સંખ્યાત-અસંખ્યાત યોજન પ્રમાણ લાંબા-પહોળા હોય છે.

આ નરકાવાસોમાં નરકના જીવો અનેક પ્રકારની વેદનાઓ પામે છે-પૂર્વભવમાં કરેલા પાપોનાં ફળ અહીં ભોગવે છે...'

'કેવા જીવો નરકમાં જાય છે?'

'જેઓ મિથ્યાત્વી હોય, મહા આરંભ કરનારા હોય, અત્યંત પરિગ્રહાસક્ત હોય, ભયંકર ક્રોધી હોય, સતત વ્યભિચારમાં રક્ત હોય, નિરંતર પાપમાં મન રમતું હોય, ખૂબ જ ખરાબ પરિણામો હોય...આવા જીવો મરીને નરકમાં જાય છે.

નરકમાં ક્યારેક ભયંકર ઠંડી હોય, ક્યાંક-ક્યારેક તીવ્રતમ ગરમી હોય, ક્યાંક જમીનમાં ખીલા ઊગેલા હોય.

નરકના જીવો સતત તરસ અને ભૂખથી રિબાતા હોય છે.

પરમાધામી દેવો તેમને પીડા પહોંચાડતા રહે છે...જેમકે કોઈ તેમને કરવતથી કાપે છે...કોઈ ઉકળતા તેલમાં તળે, કોઈ ભાલામાં પરોવે, કોઈ ધગધગતી લોખંડની પૂતળી સાથે આલિંગન અપાવડાવે, કોઈ રાઈ-રાઈ જેવા ટુકડા કરે, કોઈ ઘા પર ક્ષાર નાખે, કોઈ સિંહ-વાઘ બની ફાડે, કોઈ ઊછાળે, કોઈ દબાવે,

કોઈ ધોબીના કપડાંની જેમ પછાડે, કોઈ ફેક્ટરીના મશીનની જેમ ફેરવે, કોઈ છૂંદી નાખે, કોઈ લાંબો સોયો પરોવે ઇત્યાદિ અનેક પ્રકારના દુ:ખોમાં જ સતત જીંદગી પસાર કરવી પડે.'

'ઓ, બાપરે, ખૂબ જ વેદના હોય છે ત્યાં.'

'હા, અસહ્ય વેદના હોય છે–પણ કોઈ જ છૂટકો નથી. માટે જ જ્ઞાનીઓ કહે છે, તીવ્ર પાપો અને પાપમાં તીવ્રતા ઘટાડવા જેવા છે.'

ચાલો, આપણે આગળ વધીએ...

આ નરકભૂમિની ઉપર ભવનપતિ દેવો રહે છે, અર્થાત્ જે પ્રથમ નરકભૂમિ છે તે ૧,૮૦,૦૦૦ યોજન જાડી છે. એમાં નીચેના ૧૦૦૦ અને ઉપરના ૧૦૦૦ યોજન છોડી દ્યો...તો વચ્ચેના ૧,૭૮,૦૦૦ યોજનના ભાગમાં આંતરે-આંતરે નરકાવાસ અને ભવનપતિ દેવોના ભવનો છે.

આ ભવનપતિ દેવોના ૧૦ પ્રકારો છે...

અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુતકુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર અને દિક્કુમાર.

અસંખ્ય યોજન પ્રમાણના ભવનોમાં તેઓ રહે છે.

૧૦ ભવનપતિમાં કુલ મળીને ૭,૭૨,૦૦,૦૦૦ ભવનો છે અને એ દરેક ભવનમાં એકેક શાશ્વત જિનાલય છે. એટલે કુલ ૭,૭૨,૦૦,૦૦૦ જિનાલયો છે. તેમાં એકમાં ૧૮૦ જિનપ્રતિમાના હિસાબે કુલ ૧૩,૮૯,૬૦,૦૦,૦૦૦ જિનપ્રતિમાઓ છે.

રોજ સવારે પ્રતિક્રમણ કરનાર સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા આ જિનાલયોને સકલતીર્થ સૂત્ર બોલવા દ્વારા વંદના કરે છે.

ચાલો, 'નમો જિણાણં' બોલીને આગળ વધીએ.

પહેલી નરકભૂમિમાં આપણે જે ઉપરના ૧૦૦૦ યોજન છોડ્યા હતા તે જ હજાર યોજનના ઉપર-નીચેના ૧૦૦-૧૦૦ યોજન છોડીએ તો વચ્ચેના ૮૦૦ યોજનમાં વાણવ્યંતર દેવો રહે છે.

અને ઉપરના ૧૦૦ યોજનમાં પણ ઉપર-નીચેના ૧૦-૧૦ યોજન છોડી દઈએ તો વચ્ચેના ૮૦ યોજનમાં વ્યાવ્યંતર દેવો રહે છે.

આ વ્યંતર-વાણવ્યંતર દેવોના અસંખ્ય નગરો છે. એક-એક નગરમાં ૧-૧ શાશ્વત જિનાલયના હિસાબે અસંખ્ય જિનાલયો છે...

આપણે જે ભૂત-પૂશાચ-ડાકિની-શાકિની આદિ જે કહીએ છીએ તે બધાં આ વ્યંતર-વાણવ્યંતર દેવો જ છે.

તીર્થંકર પરમાત્માનો જન્મ થાય, ત્યારે તેમના ધનભંડારને ભરવાનું કામ કરનારા ૧૦ પ્રકારના તિર્યક્જૃંભક દેવો પણ અહીં જ રહે છે.

હવે આ નરકભૂમિની ટોચ પર અસંખ્ય દ્વીપ સમુદ્રો છે. આગળ વધીશું ને?'

'હાં...હાં...' બાળકોએ ઉત્સાહનો સૂર પુરાવ્યો...

'અહીં સૌથી વચ્ચોવચ્ચ જંબૂદ્વીપ છે. ૧ લાખ યોજન લાંબો-પહોળો...જેમાં ભરત-ઐરાવત-મહાવિદેહ વગેરે સાત ક્ષેત્રો અને ૬ મોટા પર્વતો છે. અન્ય પણ નાના-મોટા ૨૬૯ પર્વતો, તેનાં ૪૬૭ શિખરો, નાની-મોટી થઈને ૧૪,૫૬,૦૦૦ નદીઓ, વૈતાઢ્ય પર્વતની ૧૩૬ શ્રેણિઓ, ચક્રવર્તીને જીવવા યોગ્ય ૩૪ વિજયો, ૧૦ દ્રહો આદિ અનેકવિધ વિવિધતાઓથી ભરપૂર આ જંબૂદ્વીપ છે.

તેને ફરતો ચાર લાખ યોજન લાંબો–પહોળો લવણસમુદ્ર છે.

તેને ફરતો આઠ લાખ યોજનનો ઘાતકીખંડ, તેને ફરતો ૧૬ લાખ યોજનનો કાલોદધિ સમુદ્ર, તેને ફરતો ૩૨ લાખ યોજનનો પુષ્કરવર હોય, તેને ફરતો ૬૪ લાખ યોજનો પુષ્કરવર સમુદ્ર દ્વીપ, એમ દર એક દ્વીપ પછી એક સમુદ્ર ડબલ-ડબલ પ્રમાણવાળા છે. આમ અસંખ્ય દ્વીપ અને અસંખ્ય સમુદ્રો આ પૃથ્વી પર છે.

જેમાં છેલ્લાં સમુદ્રનું નામ છે–સ્વયંભૂરમણ સમુદ્ર–૧ રાજ જેટલો લાંબો-પહોળો છે આ સમુદ્ર.

જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ઘાતકીખંડ, કાલોદધિસમુદ્ર અને પુષ્કરવર દ્વીપ અડધા–આ પાંચને અઢીદ્વીપ કહે છે. મનુષ્યલોક પણ કહે છે-કારણ કે મનુષ્યો આટલામાં જ જન્મ-મરણ કરે છે. આ અઢીદ્વીપની બહારના અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાં ક્યાંય પણ મનુષ્ય જન્મ-મરણ નથી કરતો...પણ તિર્યંચો બધે જ હોય છે.

જંબૂદ્વીપમાં જેટલી વિવિધતાઓ છે–ક્ષેત્ર, પર્વત, નદીઓ, શિખરો, દ્રહો, વિજયો વગેરેની–તે બધી જ વિવિધતાઓ ઘાતકીખંડમાં બમણા પ્રમાણની છે. અને ધાતકીખંડ જેટલા જ પ્રમાણની વિવિધતાઓ પુષ્કરવરદ્વીપાર્ધમાં પણ છે.

આ અઢીદ્વીપમાં જ તીર્થંકરો-ચક્રવર્તીઓ-વાસુદેવો વગેરે થાય છે. આઠમો દ્વીપ નંદીશ્વર હોય છે. ત્યાં બાવન પર્વત છે. તેના પર બાવન જિનાલય છે. આ બાવન જિનાલય પરથી જ આપણે ત્યાં બાવન જિનાલયની પ્રવૃત્તિ પ્રારંભ થઈ...

આ દ્વીપ-સમુદ્રો પર થઈ. ટોટલ ૩૨૫૯ જિનમંદિરો શાશ્વતા છે. અશાશ્વતાની કોઈ ગણતરી જ નથી. ૩,૯૧,૩૨૦ જિનપ્રતિમાઓ આ શાશ્વત જિનમંદિરોમાં શોભી રહી છે.

અનેકાનેક પશુ-પક્ષીઓ અને જલચરોથી ઊભરાયેલા છે આ દ્વીપ-સમુદ્રો છે. એમ કહેવાય છે કે સ્વયંભૂરમણ સમુદ્રમાં દુનિયાભરના તમામે તમામ આકારના માછલાં મળી રહે, માત્ર

બે આકાર (નળી અને વળી) છોડીને.

આમ અનેક અનેકાનેક વૈવિધ્યથી ઊભરાતા આ દ્વીપ-સમુદ્રો છે. એક રાજ લંબાઈ-પહોળાઈના ક્ષેત્રમાં આ અસંખ્ય દ્વીપ-સમુદ્રોનો પથારો પથરાયેલો છે.

અહીંથી ઉપર જઈએ ૭૯૦ યોજન–એટલે આવે જ્યોતિષમંડળ.

જ્યોતિષમંડળ એટલે સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા–આ સૂર્ય-ચંદ્ર વગેરે અલગ અલગ પ્રકારના વિમાનો છે. આ વિમાનોમાં તે-તે દેવો રહે છે. આ વિમાનોને ચલાવનારા પણ દેવો છે.

આ વિમાનો આપણા જંબૂદ્વીપમાં વચ્ચોવચ્ચ રહેલ એક લાખ યોજન ઊંચા મેરુપર્વતની ચારે કોર પ્રદક્ષિણા આપતા ફરતા રહે છે.'

'એટલે સૂર્ય ફરે છે?' બાળકોએ પૂછ્યું.

'હા, સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા બધા જ ફરે છે. તમને સ્કૂલમાં ભણાવવામાં જે આવે છે, તેને આપણા શાસ્ત્રો સાથે–પરમાત્માની વાણી સાથે મેળ નથી. એ બધી વાતો આપણે ક્યારેક ચર્ચીશું. અત્યારે તો આપણો લોક–લોકસ્વરૂપભાવના.

આપણાથી ૭૯૦ યોજન ઊંચે તારાના વિમાનો આવે છે. ત્યાંથી ૧૦ યોજન ઉપર સૂર્ય, ત્યાંથી ૮૦ યોજન ઉપર ચંદ્ર, ત્યાંથી ૪ યોજન ઉપર નક્ષત્રો, તેના ઉપર ક્રમશઃ બુધ, શુક્ર, ગુરુ, મંગળ, શનિ આદિ ગ્રહોના વિમાનો આવેલા છે.

આપણા જંબૂદ્વીપમાં બે સૂર્ય, બે ચંદ્ર, ૧૭૬ ગ્રહ, ૫૬ નક્ષત્રો અને ૧,૩૩,૯૫૦ કોડાકોડી તારાઓ છે. લવણ સમુદ્રમાં જંબૂદ્વીપ કરતાં બમણાં છે. ઘાતકી ખંડમાં જંબૂદ્વીપ કરતાં છ ગણા, કાલોદધિમાં ૨૧ ગણા અને પુષ્કરવરમાં ૨૬ ગણા સૂર્ય આદિ છે.

હવે એક મહત્ત્વની વાત...અઢીદ્વિપમાં જે સૂર્ય, ચંદ્ર આદિ છે, તે બધાં મેરૂપર્વતને પ્રદક્ષિણા આપતા ફરતા રહે છે. પણ અઢીદ્વિપની બહાર જે સૂર્ય-ચંદ્ર આદિ છે, તે બધાં સ્થિર છે, તે ફરતા નથી. આમ અસંખ્ય દ્વીપ-સમુદ્રના થઈ અસંખ્ય સૂર્ય-ચંદ્રાદિ છે.

દરેક સૂર્ય-ચંદ્રમાં જિનાલય છે. આમ અસંખ્ય જિનાલયો જ્યોતિષમાં છે.

હવે સમજીએ આપણા તિર્ચ્છાલોકને.

આપણા જે અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે, તે આખો તિર્ચ્છા લોક યા મધ્યલોક કહેવાય. આપણી ઉપરનો નવસો યોજન અને નીચેનો નવસો યોજન–આમ ૧૮૦૦ યોજનનો તિર્ચ્છાલોક કહેવાય. એટલે ઉપરના નવસો યોજનમાં રહેલા જ્યોતિષી દેવો અને નીચે નવસો યોજનમાં રહેલા વ્યંતર-વાણવ્યંતર દેવો પણ તિર્ચ્છાલોકમાં રહેલા કહેવાય.

આમ તિર્ચ્છાલોકમાં દેવો પણ રહે છે, મનુષ્યો પણ રહે છે- અને તિર્યંચો પણ રહે છે.

આમ કેડ પર રહેલો આ તિર્ચ્છાલોક ૧૮૦૦ યોજન ઊંચો અને એક રાજ લાંબો પહોળો છે.

આશ્ચર્યથી સાંભળી રહેલા બાળકો તરફ મીઠી મુસ્કાન ફરકાવતા પિતાજીએ પૂછ્યું-'કેમ મજા આવે છે?'

'હાં.' બધાએ એક સૂરે જવાબ આપ્યો.

'હવે ઊર્ધ્વલોકમાં જવું છે?'

'હાં.' પિતા પાસેથી વધુ સાંભળવાની ઉત્કંઠા ધરાવતા બાળકોએ શોર્ટમાં પતાવ્યું.

'આપણી પૃથ્વીથી દોઢ રાજ ઊંચે જઈએ એટલે ૧૨ દેવલોક શરૂ થાય. અર્થાત્ નાભિથી લઈને ગળાની પહેલાંના ભાગમાં ૧૨ દેવલોક સમાઈ જાય.

૧૨ દેવલોકના નામો-સૌધર્મ, ઈશાન, સાનત્કુમાર, મહેન્દ્ર, બ્રહ્મલોક, લાંત્તક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત.

પહેલો, બીજો દેવલોક એક લાઈનમાં છે. તેથી ઉપર ૩જો-૪થો દેવલોક પણ એક જ પંક્તિમાં છે. તે પછી ૫મો, છઠ્ઠો, ૭મો, ૮મો ક્રમશઃ ઉપરા ઉપરી છે. તે પછી ૧લા, બીજા, ત્રીજા, ચોથાની જેમ ૯,૧૦,૧૧,૧૨ દેવલોક છે.

તે પછી ગ્રીવા-ગરદનના ભાગે ગ્રૈવેયક દેવો છે અને તેથી ઉપર મુખના ભાગે પાંચ અનુત્તર દેવો છે.

સકલતીર્થના સૂત્ર મુજબ પ્રથમના ૮ દેવલોકમાં ક્રમશઃ ૩૨ લાખ, ૨૮ લાખ, ૧૨ લાખ, ૮ લાખ, ૪ લાખ, ૫૦ હજાર, ૪૦ હજાર, ૬ હજાર જિનાલયો છે. નવ ગ્રૈવેયકના ૩૧૮ જિનાલય અને પાંચ અનુત્તરના પાંચ જિનાલયો. તે તે દેવલોકમાં તેટલા વિમાનો એટલા જ જિનાલયો છે.

આમ કુલ મળીને ૮૪૯૭૦૨૩ જિનાલયો અને ૧૫૨૯૪૪૭૬૦ જિનપ્રતિમાઓ અનાદિ-અનંત કાલીન શોભે છે.

આ દેવો સદાકાલ સુખમાં નિમગ્ન રહે છે. ત્યાં શરીરનું સુખ, ગીત-સંગીતનું સુખ, વસ્તુઓનું સુખ, બધું જ સુખ છે.

દેવોના શરીર ક્યારેય ગંધાય નહીં, શરીરે પરસેવો થાય નહીં, તેમના ગળાની માળા મુરઝાય નહીં.

આવા સુખ વચ્ચે પણ તેમને ત્યાં દુઃખોની હારમાળા સર્જાતી હોય છે. ઈર્ષ્યાનું દુઃખ, વેર-ઝેરનું દુઃખ, મૃત્યુવેળાએ મૃત્યુની પીડા. અનેક પ્રકારના યુદ્ધો-મહાયુદ્ધો પણ સર્જાય.

'એટલે દેવલોકમાં પણ હંમેશાં સુખ નથી?' 'ના.'

'તો હંમેશા માટે સુખ ક્યાં હોય?'

'મોક્ષમાં, જ્યાં સિદ્ધભગવંતો બિરાજમાન છે. આઠ કર્મ અને

તેના ૧૫૮ પેટાભેદોને બાળીને ભસ્મસાત્ કરીને જેમણે શુદ્ધ આત્મતત્ત્વ પ્રાપ્ત કર્યું છે તેવા સિદ્ધોને સદાકાળ સુખ હોય છે.'

આ મોક્ષ એટલે મનુષ્યના માથાનું સ્થાન, મસ્તક જ સર્વશ્રેષ્ઠ સ્થાન છે. શરીરના સર્વ અંગો કરતાં વધુ સંરક્ષણને યોગ્ય આ મસ્તક જ છે. આખા શરીરનું કેન્દ્ર પણ મસ્તક જ છે.

મસ્તક એટલે મોક્ષ...સિદ્ધશીલા.

હવે થોડુંક પાસું બદલીશું બરાબર?' 'બરાબર!'

અનંત અલોકમાં આ લોક-લોકાકાશ-ચૌદ રાજલોક જો જુદું પડતું હોય તો તે છ દ્રવ્યોના કારણે છે.

તે છ દ્રવ્યો છે–ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ.

જીવ અને પુદ્ગલને ગતિ-ગમનાગમનમાં સહાયતા પ્રદાન કરવાનું કામ ધર્માસ્તિકાયનું છે.

ગતિમાન જીવ અને પુદ્ગલને સ્થિર કરવાનું કામ કરે છે અધર્માસ્તિકાય.

ધર્મ, અધર્મ, જીવ અને પુદ્ગલને જગ્યા આપવાનું કામ આ આકાશાસ્તિકાય નામનું દ્રવ્ય કરે છે.

આકાશ છે અસંખ્યપ્રદેશો...એમાં સમાય છે અસંખ્યપ્રદેશી ધર્મ, અસંખ્યપ્રદેશી અધર્મ, અનંતાનંત પુદ્ગલો, અનંતાનંત જીવો–એકેક જીવના અસંખ્ય–અસંખ્ય આત્મપ્રદેશો છે. એકેક જીવ અનંતાનંત કાર્મણ પુદ્ગલો લઈને બેઠા છે. તે સૌને અવકાશ આપે છે–આકાશ.

ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, ભાષા, મન, શ્વાસોચ્છ્વાસ, અવાસ અને કાર્મણ–આમ આઠ પ્રકારના પુદ્ગલોનો અનંત-અનંત જથ્થો એટલે પુદ્ગલાસ્તિકાય. જીવોને ખાવા-પીવા-પહેરવા-ઓઢવા-શ્વાસ લેવા-બોલવા-વિચારવા-કર્મ બાંધવા આદિમાં તેનું પીઠબળ મળે છે.

અનંત જીવો છે, જે આ સૌનો ભોકતા છે...અર્થાત્ જીવ છે એ બધા પર આધિપત્ય જમાવી શકે છે.

જીવોના મુખ્યતયા બે ભેદ છે. સંસારી અને મુક્ત-

સંસારી એટલે સંસારમાં પરિભ્રમણ કરે છે તે...

આ સંસારી જીવોના અનેક ભેદો છે, અને તે અનેક રીતે દર્શાવી શકાય છે. જેમકે–

બે ભેદ – ત્રસ અને સ્થાવર.

ત્રણ ભેદ – પુરુષવેદી, સ્ત્રીવેદી, નપુંસકવેદી.

ચારભેદ – તિર્યંચ, નરક, મનુષ્ય અને દેવ.

પાંચ ભેદ – એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય.

છ ભેદ–પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિકાય, ત્રસકાય.

યાવત્ જીવવિચારમાં ૫૬૩ ભેદ પણ જણાવેલા છે.

અને કાળ છે તે સમય દર્શાવે છે. તેના બે ભેદ છે–નિશ્ચય અને વ્યવહાર.

નિશ્ચયકાળ એટલે વર્તના.

વ્યવહારકાળ એટલે સમય, આવલી, મુહૂર્ત, દિવસ, માસ, વર્ષ, યુગ, પૂર્વ, પલ્યોપમ, સાગરોપમ.

આ છ દ્રવ્યો જ્યાં છે તે લોકાકાશ.

આ લોકાકાશ એટલે આપણો માણસ.

બસ, આપણા મસ્તકને કેન્દ્રમાં રાખીને જીવવું એ જ મોક્ષનો સર્વશ્રેષ્ઠ ઉપાય.

અનિત્ય આદિ બાર ભાવનાઓના માધ્યમથી આપણા મસ્તક સુધી પહોંચવું એ જ છે આ ભાવનાનો ભાવ અને પ્રભાવ.'

અને 'બહુ મજા આવી'નો પ્રતિભાવ આપીને બાળકો પિતાજીને વળગી પડ્યા.

'આ તો કંઈ જ નથી...સેમ્પલ માત્ર છે. વિસ્તારથી આની જાણકારી જોઈએ છે? તો વાંચો આ સન્દર્ભ સૂચિ–'

(૧) જંબૂદ્વીપ સંગ્રહણી (સાર્થ)
(૨) બૃહદ્ સંગ્રહણી, (સાર્થ)
(૩) શાંત સુધારસ વિવેચન પૂ. આ. વિ. ભદ્રગુપ્તસૂરિજી મ. (પ્રિયદર્શન)
(૪) સૂયગડાંગ સૂત્ર પરનો વિવેચનાત્મક ગ્રંથ-'વરસે વાદળ હરખે હૈયા.'
વિવેચનકાર કળિકુંડ તીર્થોદ્ધારક પૂ. રાજેન્દ્રસૂરીશ્વરજી મ.
(૫) નવતત્ત્વ પ્રકરણ (સાર્થ)
(૬) લોકપ્રકાશ (સાર્થ)
(૭) સકલતીર્થ (સાર્થ)

* * *

લોકભાવના	સંસારભાવના
૧. લોક એટલે છ દ્રવ્યો અને તેના વસવાટનું સ્થાન	૧. સંસાર એટલે જીવની વિકારી અવસ્થા
૨. નિશ્ચયથી ચૈતન્યસ્વરૂપી નિજલોક એ એક જ લોક છે. વ્યવહારથી તે સ્વર્ગલોકાદિ અનેક પ્રકારો છે.	૨. નિશ્ચયથી જીવની અશુદ્ધ અવસ્થા છે. વ્યવહારથી જન્મ-મરણ, ચાર ગતિ અને પાંચ પરાવર્તન એ ત્રણ પ્રકાર છે.
૩. લોકભાવનાની વિષયવસ્તુ સમસ્ત છ દ્રવ્યો અને સંપૂર્ણ ત્રિલોકવાસી તે અત્યંત વિશાળ સિંધુ સમાન છે.	૩. સંસારભાવનાની વિષય-વસ્તુમાં જીવની વિકારી અવસ્થાને કારણે પરિભ્રમણ હોવાથી લોકભાવનાની અપેક્ષાએ બિંદુ સમાન છે.
૪. નિશ્ચયલોક કે નિજલોક ઉપાદેય છે. તે સિવાયનો સઘળો પરલોક જ્ઞેય માત્ર છે.	૪. એક માત્ર મોક્ષ જ ઉપાદેય છે. તે સિવાયનો સઘળો સંસાર હેય માત્ર છે.

બોધિ દુર્લભ ભાવના

❑ શ્વેતલ શાહ

'બોધિ દુર્લભ ભાવના એ બાર ભાવનાઓમાં શિખર સમાન ભાવના છે. જેનો ક્રમ સાધારણ રીતે ૧૧મી ભાવના તરીકેનો છે તો ક્યાંક તેનો ક્રમ ૧૨મી ભાવના તરીકે પણ જોવા મળે છે. બાર ભાવનાઓના ગુચ્છમાં તેનું સ્થાન અંત તરફનું હોવાથી તેમાં રહેલાં ઊંચા વિચારોનો ખ્યાલ તેના વિશેષ અભ્યાસ દ્વારા પ્રાપ્ત થાય છે.

જૈન ધર્મમાં 'બોધિ' શબ્દ એ વિશિષ્ટ પારિભાષિક શબ્દ છે. મૂલતઃ 'बोधि' સંસ્કૃત શબ્દ છે. પ્રાકૃત ભાષામાં 'બોહિ' તેનો સમાનાર્થી શબ્દ છે. બોધિ શબ્દ બુધ ધાતુ ઉપરથી આવેલો છે. બુધ એટલે જાણવું. પ્રબુદ્ધ, વિદ્વાન, જ્ઞાની માણસ માટે પણ 'બુધ' શબ્દ વપરાય છે. જ્યારે જૈન પરિભાષામાં 'બોધિ' શબ્દ આત્માના જ્ઞાન પ્રકાશ માટે વપરાય છે. જેમ વ્યવહારમાં કીંમતીમાં કીંમતી પ્રકાશમાન પદાર્થ તે 'રત્ન' છે તેમ અધ્યાત્મમાં બોધિને રત્નનું રૂપક આપવામાં આવે છે. બોધિ શબ્દ એ સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે પણ વપરાય છે.

सम्यग्दर्शन ज्ञानचारित्राणा मत्रया प्रायणं बोधि।।

જેને સમ્યગ્ દર્શન જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ ન હોય અને તે પ્રાપ્ત થાય તો તેને બોધિ કહેવાય. જૈન દર્શનમાં એ સ્પષ્ટ છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિ વિના મોક્ષ અશક્ય છે. માટે જ બોધિબીજની પ્રાપ્તિ એ ખૂબ જ જરૂરી છે.

ભાવનાઓના ક્રમમાં દસમે ક્રમે આવતી 'લોકસ્વભાવ' ભાવનામાં ભાવકને સંસારની અસારતા, અનિત્યતા, અશુચિ વગેરેને સમજાવ્યા બાદ અનંત એવા ૧૪ રાજલોકના વિશાળ વિશ્વનું દર્શન કરાવાય છે. જેમાં છએ દ્રવ્યોના પરસ્પર સંબંધથી એકજાતની વિચિત્ર ઉથલપાથલોથી ભરપુર આ જગતની વાસ્તવિકતાનું વિહંગાવલોકન થાય છે. જેનાથી પુદ્ગલોના પર્યાયની અશાશ્વતતા સમજાય છે. ત્યારબાદ અગિયારમાં ક્રમે આવતી 'બોધિ દુર્લભ' ભાવનાને સમજાવવા એમ કહી શકાય કે વિકટ રણમાં મીઠી વિરડી જેમ દુર્લભ છે તેમ વિકટ એવા ૮૪ લાખ યોની યુક્ત સંસારમાં સમ્યક્ત્વ સાથેનો મનુષ્ય જન્મ ખૂબ જ દુર્લભ છે. અને તેની દુર્લભતા સમજાય તે અતિ જ દુર્લભ ઘટના છે.

બોધિના અર્થને વધારે સ્પષ્ટ કરતા જણાવાય છે કે બોધિ એટલે સ્પષ્ટ જ્ઞાન, વિવેકપૂર્વકનું જ્ઞાન અને શુષ્કતા વગરનો પ્રકાશ. એટલે કે આત્માનો પ્રકાશ કે જે સત્યના સ્વરૂપને ગ્રહણ કરી શકે. માનવ જીવનમાં સાધનોને સાધ્ય માનવાથી ઘણાં અનર્થો સર્જાય છે. માટે જ અનુભવના આધારે ફરી ને ફરી ઈતિહાસનું પુનરાવર્તન ન થાય અને અનર્થો થતાં અટકે તે માટે સંભાળ રાખવાની આવશ્યકતા છે. મનુષ્યત્વ પ્રાપ્ત કરીને પણ જો માનવી મોહ-મિથ્યાવ કે માયા-કપટથી ઘેરાઈ જાય તો તેને મળેલો દુર્લભ સંયોગ એટલે કે માનવજીવન વ્યર્થ કરી બેસે છે.

દુ:ખ કે સુખની હાજરીમાં બોધિ સંપૂર્ણ પ્રાપ્તિ કરી શકાતી નથી. દેવલોકના વૈભવી સુખો વચ્ચેના જીવનમાં બહુ દીર્ઘ કાળ સુધી આનંદ અને વિલાસ હોય છે. આવા દેવભોગો બોધિ રત્નને પરિણામે સહજ પ્રાપ્ત થાય છે. જોકે વિશિષ્ટ બોધિ રત્નને ઓળખનારને એ સુખની વાંછના હોતી નથી. તેવી જ રીતે સંસારના દુ:ખોને કારણે પણ મનુષ્ય અજ્ઞાન-મિથ્યાજ્ઞાનમાં પડી જઈ પ્રકાશ પામતો નથી. તો કેટલીક વખત શંકાઓ કરી માર્ગભ્રષ્ટ થાય છે. પોતાના નાના સંસારિક વર્તુળ (સર્કલ)ને સર્વસ્વ માની મનુષ્ય એમાં જ મસ્ત રહે છે અને જરાપણ પ્રગતિ કર્યા વગર આવ્યો હોય તેવો જ પાછો ચાલ્યો જાય છે. આ માટે જ કહેવાય છે કે બોધિ રત્ન વગરનું મનુષ્યત્વ તદ્દન નિરર્થક છે. કારણ કે બોધિ વગર મનુષ્ય ભવ ઉદ્દેશ વગરનો થઈ જાય છે. વળી ધર્મની અંદર પણ અનેક પ્રકારના પેટા ભેદો જોવા મળે છે. જેમાં પોતાને જ બુદ્ધિશાળી માનનારા લોકો દલીલોની ગુંચવણ ઊભી કરે છે. જેનાથી માણસનું મગજ ગુંચવણમાં પડી જાય છે. અંશ સત્યને સર્વ સત્ય માનવા–મનાવવાની ઈચ્છા વચ્ચે ભ્રમમાં પડી જવાના પ્રસંગો બની શકે છે, જે શુદ્ધ બોધિની પ્રાપ્તિમાં બાધા રૂપ છે.

કાર્તિકેય અનુપ્રેક્ષા અનુસાર બોધિના ત્રણ પ્રકાર છે. જ્ઞાન બોધિ, દર્શન બોધિ અને ચારિત્ર બોધિ. સંસારમાં ખરેખર ધન વૈભવ દુર્લભ નથી, પરંતુ માનસિક શાંતિ દુર્લભ છે. જે માત્ર સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્ર દ્વારા જ પ્રાપ્ત થઈ શકે છે. અહીં જે સમ્યગ્ કહ્યું છે તેના પાંચ લક્ષણો છે.

(૧) આસ્તિકતા–આત્મા, કર્મ આદિમાં શ્રદ્ધા

(૨) શમન–ક્રોધ આદિ કષાયોનું શમન

(૩) સંવેગ–મોક્ષ પ્રત્યેની તીવ્ર અભિલાષા

(૪) નિર્વેદ–વૈરાગ્ય

(૫) અનુકંપા–કૃપાભાવ. પ્રાણીમાત્ર પ્રત્યે અનુકંપા

આમ આવા સમ્યગ્ પ્રકારનું જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ બોધિની પ્રાપ્તિ કરવામાં સહાયક છે.

વ્યવહાર જગતના ઉદાહરણો દ્વારા પણ બોધિ દુર્લભને સામાન્ય જીવો માટે સમજાવવામાં આવે છે.

એક દરિદ્ર વિપ્ર હતો. ખૂબ કષ્ટથી ઘર-ગુજરાન ચલાવતો. આવી પરિસ્થિતિમાં તેને લગ્ન કરવાની દુર્બુદ્ધિ થઈ. એ પરણ્યો, દારિદ્ર વધ્યું અને ગુલામ દશાના એ વિપ્રે અનેક ગુલામીઓ વધારી. તે કંટાળ્યો અને ઘર મૂકીને દૂર દેશમાં ભાગ્યો. ત્યાં તપ કરવા લાગ્યો અને કોઈ દેવની કૃપાથી તેને ચિંતામણી રત્ન મળ્યું. એ

રત્નના પ્રભાવથી તેને ઈચ્છિત દરેક વસ્તુ મળવા લાગી. વિપ્ર રાજી થયો અને વહાણમાં બેસી ઘરે આવવા નીકળ્યો. વહાણમાં ઊભો ઊભો રત્ન લઈને નાચવા લાગ્યો. નાચતા નાચતા રત્ન હાથમાંથી છટકી ગયું અને દરિયામાં જઈ પડ્યું. મહા મહેનતે મળેલું રત્ન ઘડીકમાં ખોવાઈ ગયું.

જેમ વિપ્ર માટે રત્નની પ્રાપ્તિ દુર્લભ હતી પરંતુ રત્નની પુનઃ પ્રાપ્તિ અતિદુર્લભ હતી. તેવું જ મનુષ્યજીવનનું છે. તે પ્રાપ્ત થવું દુર્લભ છે અને તેમાં પણ બોધિની પ્રાપ્તિ અતિ દુર્લભ છે.

ક્ષુલ્લક કુમારની કથા

એક નગરમાં રાજા-રાણી રહેતાં હતાં. રાજાના મૃત્યુથી રાણી વિધવા થયાં. અને તેમને શુદ્ધ વૈરાગ્ય થવાથી દીક્ષા લીધી. દીક્ષા લીધા બાદ ખબર પડી કે રાણી ગર્ભવતી છે. વિચક્ષણ ગુરુણીએ પ્રસુતિ કાર્ય ગુપ્ત રીતે કરાવ્યું અને પુત્રનો જન્મ થયો. એ પુત્ર એજ ક્ષુલ્લકકુમાર. તે બહુ જ ચાલાક અને ઉદાર મનનો થયો. ભણી ગણીને કુશળ થયો. બાર વર્ષની તેની ઉંમર થતાં તેણે દીક્ષા લીધી. પરંતુ બાર વર્ષ સંયમમાં રહ્યા બાદ તેને સંસારમાં જવાની ઇચ્છા થઈ; પરંતુ માતા સાધ્વીના આગ્રહે તે બીજા બાર વર્ષ સંયમમાં રહ્યાં. માતાની ગુરુણીના આગ્રહે બીજા બાર વર્ષ સંયમમાં રહ્યાં અને ગચ્છાધિપતિના આગ્રહે ચોથા બાર વર્ષ સંયમમાં રહ્યાં.

સાઠ વર્ષની ઉંમરે સંસારમાં પડવા નીકળ્યાં. માતાએ રત્નકંબળ નિશાની તરીકે રાખ્યાં હતાં. જેના કારણે અડધું રાજ્ય મળે તેમ હતું. ક્ષુલ્લક કુમાર રાજ મહેલમાં ગયાં તે રાત્રિનો વખત હતો. રાજ મહેલમાં નાટક ચાલતું હતું. ક્ષુલ્લક મુનિ પણ તે જોવા ઊભાં રહ્યાં. આખી રાત નાટક ચાલ્યું. રાત્રિની બેઘડી બાકી રહી ત્યારે નાચનાર વારાંગના ઢીલી પડવા લાગી. રાજા રાણી પણ હતાં. મિજલસ જામી હતી. નગરજનો પણ મોટી સંખ્યામાં હતાં.

યુવતી વારાંગના જરા ઢીલી પડવા લાગી. ગાઈ ગાઈને થાકી. તેને બગાસું આવ્યું. તે જોઈને તેની વૃદ્ધ માતા જે હાજર હતી તેણે શ્લોક બોલ્યો.

सुडु गाइयां सुडुं वाइयं सुडु नय्यियं सामसुंदरि।
अणु पातियं, दीह राइओ, सुमिणंते मा पमायए।।

'હે શામસુંદરી, તેં સારી રીતે ગાયું. સારી રીતે વગાડ્યું, સારી રીતે નૃત્યુ કર્યું. દીર્ઘ રાત્રી એ પ્રમાણે પસાર કરીને હવે રાત્રિને અંતે દાન મળવાને અવસરે પ્રમાદ ન કર.'

આ શ્લોક ત્યાં હાજર અનેકને બંધબેસતો આવ્યો. ક્ષુલ્લક કુમારે વિચાર કર્યો કે સાઠ વર્ષ ગુરુકુળ વાસ સેવ્યો અને હવે અવસર પાક્યો છે ત્યારે મેં આ શો ધંધો આદર્યો છે ? આમ વિચારી પોતાનું રત્નકંબળ ઈનામમાં ફેંકી દઈ પાછો ફર્યો. ગુરુ પાસે જઈને પોતાનું જીવન સફળ કર્યું.

અહીં શાસ્ત્ર જાણકાર અનુભવી મહાત્માઓ મનુષ્ય માત્રને એજ બોધ આપે છે કે પ્રમાદ, વિકથા, ખોટી ચર્ચા વિગેરે દ્વારા માનવ જીવન રૂપી અણમોલ તકને ગુમાવવી ન જોઈએ. મહા મુસીબતે મળેલ બોધિ રત્નને જરા પણ વેડફી નાખવા જેવું નથી.

બોધિ દુર્લભ કે સુલભ ?

બોધિ એ પોતાના આત્મતત્ત્વને જાણવાની ઉચ્ચ આધ્યાત્મિક ક્રિયા છે. આત્મતત્ત્વ એ જીવની પોતાની સાથે જ છે. માટે બોધિની પ્રાપ્તિ એક અપેક્ષાએ ખૂબ જ સુલભ છે. આપણે આપણી નિરકુંશ પ્રવૃત્તિઓથી બોધિને દુર્લભ બનાવીએ છીએ. બોધિને મેળવવામાં ચાર મોટા અંતરંગ શત્રુઓ તે ચાર સંજ્ઞાઓ છે. (૧) આહાર સંજ્ઞા (૨) ભય સંજ્ઞા (૩) મૈથુન સંજ્ઞા અને (૪) પરિગ્રહ સંજ્ઞા. અને માટે જ જીવે એ સંજ્ઞાઓ ઉપર વિજય મેળવવાના પુરુષાર્થ દ્વારા બોધિને સુલભ કરવાનું છે.

બોધિનો મૂળ સૂત્રોમાં ઉલ્લેખ

લોગસ્સ સૂત્રની છઠ્ઠી ગાથામાં બોધિનો ઉલ્લેખ.

कितिय वंदिय महिया जे ए लोगस्स उत्तमा सिद्धा।
आरुग्ग बोहिलाभं समाहिवर मुत्तमं दिंतु ।।

જેમને ઈન્દ્ર વગેરેએ સ્તવ્યા છે, વાંદ્યા છે, પૂજ્યા છે અને જેઓ લોકને વિષે ઉત્તમ સિદ્ધ ભગવાન થયા છે તેઓ મને આરોગ્ય, બોધિ (સમ્યગ્ દર્શન)નો લાભ અને પ્રધાન ઉત્તમ સમાધિ આપો.

ઉવસગ્ગહરં સ્તોત્રની છેલ્લી (પાંચમી) ગાથામાં બોધિનો ઉલ્લેખ-

ता देव दिज्ज बोहिं भवे भवे पास जिण चंद।।

હે દેવ! શ્રી પાર્શ્વ જિન ચંદ્ર! મને જન્મો જન્મને વિશે બોધિ (સમ્યગ્ દર્શન) આપો.

જય વીયરાય સ્તોત્રની ચોથી ગાથામાં બોધિનો ઉલ્લેખ-

दुक्खखओ कमक्खओ समाहिमरणं व बोहिलाभोअ ।
संपज्जउ यह काहं तुह नाह पणाम काइणेणं ।।

હે નાથ! તમને પ્રણામ કરવાથી મને દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય, સમાધિ મરણ તથા બોધિ બીજનો લાભ – એ ચાર સંપ્રાપ્ત થાઓ.

એકંદરે બોધિની દુર્લભતાનું ચિંતન-મનન કરતાં અને એ ભાવનાનું સેવન-આચરણ કરતાં જીવ ઊંચી અધ્યાત્મદશા પ્રાપ્ત કરે છે. આમ, વૈરાગ્યની અને આત્મ ચિંતનની બાર ભાવનાઓમાં બોધિ દુર્લભ ભાવનાનું વિશેષ મહત્ત્વ છે. અને બોધિદુર્લભ ભાવના એ જ્ઞાન અને આચરણને ધર્મને જોડતી કડીરૂપ છે.

સંદર્ભ : (૧) શ્રી વિનયવિજયજી ઉપાધ્યાયકૃત 'શાંત સુધારસ' વિવેચક-શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (૨) બાર ભાવના: એક અનુશીલન (હિન્દી) લેખક-ડૉ. હુકમચંદ ભારિલ્લ (૩) અમૂર્ત ચિન્તન (હિન્દી) લેખકઃ શ્રી આચાર્ય મહાપ્રજ્ઞ (૪) સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા-પં. જયચંદ્રજી છાવડાની ટીકા અનુવાદક-શ્રી સોમચંદ અમથાલાલ શાહ

✷ ✷ ✷

૪૬-એ, મેરુ આશિષ, બ્હેરા મૂંગા શાળા પાસે,
વિદ્યાનગર, ભાવનગર-૩૬૪૦૦૨.
મો.૯૯૦૪૦૮૫૮૫૯. E-mail : spshah987@gmail.com

ભાવના ભવનાશિની

☐ આચાર્યશ્રી વિજયશીલચંદ્રસૂરિ શિષ્ય : મુનિશ્રી ત્રૈલોક્યમંડન વિજયજી મ.સા.

જ્ઞાનપીઠ-પુરસ્કારથી સન્માનિત શ્રી રઘુવીરભાઈ ચૌધરીની સુપ્રસિદ્ધ ઉપરવાસ-કથાત્રયીમાં, એક આદર જન્માવે તેવા પાત્ર, 'પિયુ ભગત'ના મોઢે, ગામઠી પરિવેશમાં અને છતાં વાસ્તવદર્શી શૈલીમાં, મહાત્મા ગાંધીનું 'માતમ' (માહાત્મ્ય) આમ ઊઘડ્યું છે.

'લોક ઇમનં માતમાજી શું કામ કેતુતું? એ કાંય હેમાળો ગાળી આયાતા? કાંમ કરતાં કરતાં અંદર ડોચિયું કરી લેતાતા, હમજ્યા? આપણ માંણહ તરીકેના આપણા ધરમ હાચવીએ ઈમાંથી જ હાચા ધરમની હમજણ પડે.'

આનો સાદો મતલબ એ સમજાય કે આંતરયાત્રાના પથ પર પ્રગતિ કરવા માટે કંઈ દરેક જણાએ હિમાલયની ગુફાઓનું નિબિડ એકાંત ફંફોસવું જ પડે એવું નથી. જ્યાં હોઈએ ત્યાં રહીને જ, જે ભાગે પડતું કામ આવે તે કરવાની ફરજ નિભાવતાં રહીને જ; જાત તરફ ધ્યાન આપતાં રહીએ અને ભૌતિકતાથી જરૂર પૂરતી એને વિખૂટી પાડતાં રહીએ, એટલું પણ ચાલે. 'જ્યાં ચરણ રુકે ત્યાં કાશી!' મૂળ વાત 'સ્વ'ની ઓળખ પામવાની છે. જાત સાથે અનુસંધાન જોડવાની છે. અને એ માટે જગત સાથે આંતર ચેતનાનું વિસંધાન (Disconnection) જરૂરી છે. પછી એ વિસંધાનની ભવ્ય ઘટના હિમાલયની શાંતિ મઢી ટોચ પર બને કે પ્રવૃત્તિથી ધમધમતા ઘરના એકાદ ધમાલિયા ખૂણામાં બને–એ વાત બહુ મહત્ત્વની નથી. 'મહામાનવ! એક જ દે ચિનગારી' મુખ્ય મુદ્દો સગડી સળગવાનો છે, સળગાવનાર તણખો ભલે ને નાનકડાં લાઈટરનો હોય કે હુતાશનની જ્વાળાનો, શું ફેર પડે? છે તો બધા એક મહાનલના અંશો – રૂપાંતરણો.

પ્રશ્ન એ છે કે જાત સાથેનો અનુબંધ સાંધવો કેમ? સ્વની ઓળખ પામવી કઈ રીતે? શું કરીએ તો ભાગંભાગ કર્યા જ કરતો, ક્યાંય ઠરીને ઠામ ન થતો, મનનો તોફાની ઘોડો લગામમાં રહે? આ પ્રશ્નોનો જવાબ એટલે 'ભાવના.'

અધ્યાત્મયાત્રાના પથિક બનવા માટે માંહ્યલાને ઝાલવો પડે. ઝાલવા માટે પામવો જોઈએ. પામતાં પહેલાં એને ઓળખવાનું જરૂરી બને, અને એ ઓળખાણ માટે પાયાની પૂર્વશરત છે ચિંતન– મનન. પણ અહીં ખાટલે મોટી ખોડ એ છે કે ચિંતનનો ચરખો ચલાવવો કયા મુદ્દે તે જ ઘણાંબધાંને, બલ્કે લગભગ બધાને જ ખબર નથી હોતી. આ તો કેવું થયું? વાર્તા લખવી છે, પણ મુદ્દા નથી જડતા. અને એ તો નક્કી જ છે કે વાર્તા મૌલિક સર્જન હોઈ શકે, પણ એનો કાચો માલ તો આ સૃષ્ટિ પાસેથી ઉછીનો જ મેળવવો પડે! એ જ રીતે ચિંતન કરવા માટેના મુદ્દા પણ આ સૃષ્ટિમાંથી જ ગોતવા પડે. આ અન્વેષણની આત્મજ્ઞાનીઓ દ્વારા સૂચિત પદ્ધતિ એટલે 'ભાવના.'

x x x

હમણાં હમણાં હકારાત્મકતાનો વાયરો ફૂંકાયો છે. Be positive, Ignore Nagativities જેવાં સૂત્રો હાલતાં ને ચાલતાં ફેંકાતાં થયાં છે. પોતે કરેલી ભૂલની જવાબદારીમાંથી છટકી જવાનો, એ તરફ ધ્યાન દોરનારને ભોંઠો પાડવાનો આનાથી વધુ સુગમ માર્ગ હોય પણ નહિ. આ પોઝિટિવિટીને લગતું સાહિત્ય પણ ઢગલાબંધ છપાય છે અને એને લગતાં-વ્યાખ્યાનો પણ ઢગલામોઢે અપાય છે. આનાથી સમાજને કેટલો ફાયદો થયો કે થશે તે તો ખબર નથી, પણ આ આખી બાબતમાં પોઝિટિવ થિન્કિંગ કરવું જ હોય તો તે એ છે કે આ વાતે લેખકો-વ્યાખ્યાતાઓ-પ્રકાશકોને ઘી-કેળાં થયાં છે!

આ વાત કરવાનું પ્રયોજન એ કે આને લીધે થાય છે એવું કે આ ભાવનાઓ વિશે કોઈને વાત કરવા જઈએ તો સામી આપણે જ શીખામણ સાંભળવી પડે કે મહારાજ! આખો દિવસ શું આવી નકારાત્મક જ વાતો કર્યા કરતા હશો? જ્યારે જુઓ ત્યારે 'આ બધું અનિત્ય છે. કોઈ શરણ નથી, આ શરીર ગંદકીનો કોથળો છે' આવી જ વાતો! ક્યારેક તો કાંઈક હકારાત્મક વાત કરો.'

આ બાબતે થોડીક સ્પષ્ટતા થવી જોઈએ. ભાવનાઓનું મૂળ નકારાત્મકતામાં નથી, અસ્તિત્વમાં છે. આમ પણ 'તત્ત્વ' કોઈ દિવસ હકારાત્મક કે નકારાત્મક હોતું જ નથી, એ તો ફક્ત 'હોય' છે. હકારાત્મકતા કે નકારાત્મકતા તો આપણી શુદ્ધ અસ્તિત્વને ઓળખનારાઓની પેદાશ છે. પાણીના અડધા ભરેલા પ્યાલા માટે 'આ ખાલી છે' એવું વિધાન નકારાત્મકતા અને 'આ ભરેલો છે' એવું વિધાન હકારાત્મકતા ગણી શકાય. પણ પૂર્ણ સત્ય તો એ બેમાંથી એકે નથી. અને તત્ત્વને તો પૂર્ણ સત્ય સાથે જ સીધી નિસ્બત હોય છે. વળી, તત્ત્વ પૂર્ણ સત્યનાં દર્શન કરાવીને જ નથી અટકી જતું. એ તો બાકીના અડધા પ્યાલાને ભરવાની પ્રેરણા પણ અર્પે છે.

બસ, એ જ રીતે આ સૃષ્ટિમાં વ્યાપકપણે સૌંદર્ય, માધુર્ય,

માંગલ્ય નિહિત છે. એની સામે ભાવનાને કોઈ વિરોધ નથી. એ તો ફક્ત ગોળ-ખોળ કે ક્ષીર-નીરનો વિવેક જ જગાડે છે. આ સૃષ્ટિમાં સર્વત્ર સત્યમ્, શિવમ્, સુન્દરમ્ પથરાયેલું છે એ કબૂલ. પણ એથી કંઈ એ શુભને આચ્છાદિત કરી દેનારા અશુભની સત્તાને નકારી શકાય નહિ. અને ભાવના, આ અશુભને ઓળખવાનું, શુભને એનાથી વિમુક્ત કરવાનું જ શીખવે છે. અશુભને 'અશુભ' તરીકે ઓળળખવું એ નકારાત્મકતા ગણાતી હોય, તો એ નકારાત્મકતા પણ આદરણીય– સ્પૃહણીય જ ગણાય. બાકી ઉકરડો ઉલેચવાને બદલે એના માટે પણ How beautiful કહેવાની વાત કરે એ હકારાત્મકતાને તો દૂરથી જ સલામ કરવી ઘટે.

મૂળ વાત becomingની છે. આપણું being કેવું છે તપાસ્યા વગર આપણા becomingની શક્યતાઓનો ક્યાસ ન જ નીકળે. ભાવના ઉજાગર કરે છે આ બે વચ્ચેના તફાવતને, એ ઉત્તેજિત કરે છે આ તફાવત ભૂંસવા માટે. ટૂંકમાં કહેવું હોય તો અસ્તિથી લઈને સ્વસ્તિ ભણીની યાત્રાનો પથદર્શક ભોમિયો એટલે 'ભાવના'.

x x x

ભાવનાઓનું ઉત્થાન કેટલાક આદિમકાળ જેટલા જૂના અને છતાંય કદી વાસી ન થનારા (evergreen) પ્રશ્નોને આભારી છે. આપણે કોણ છીએ? ક્યાંથી આવ્યા છીએ? ક્યાં જવાના છીએ? દેખાતી દુનિયા સાથે આપણો સંબંધ કેવો–કેટલો? સુખ શું ચીજ છે? તે ક્યારે, ક્યાંથી, કઈ રીતે મળે?–આવા પ્રશ્નો ભાવનાની ગંગોત્રી છે. વાસ્તવમાં આત્મા, સંસાર અને એ બે વચ્ચેનો સંબંધ– આની ખરેખરી ઓળખાણ વગર અધ્યાત્મ માર્ગની યાત્રા શક્ય નથી. આ ઓળખાણ મેળવવાની પ્રામાણિક મથામણ એટલે જ 'ભાવના.'

સ્વીકારીએ કે ન સ્વીકારીએ, હકીકત એ છે કે અધ્યાત્મયાત્રામાં સૌથી બળવત્તર વિઘ્ન સંસાર પ્રત્યેની આસક્તિ છે. આ આસક્તિને લીધે રાગ-દ્વેષના વમળોમાં એવું તો અટવાવાનું થાય છે કે એમાંથી છૂટવું છૂટાતું નથી. સાંસારિક આળ-પંપાળ જ જીવનકૃત્ય બની જાય છે, આત્મા કેન્દ્રમાંથી ખસે છે અને એના સ્થાને શરીર પ્રતિષ્ઠિત-અભિષિક્ત બને છે. અને પછી તો 'છોગાળા તો છોડે, સૂંઢાળા ક્યાં છોડે છે!' એ કહેવત સાચી પડે છે. સંસારને આપણે તો શું વળગતા હતા, સંસાર જ બમણા જોરથી આપણને વળગી પડે છે!

પ્રખ્યાત ગાયિકા અંજનીબાઈ માલપેકરને તેમના સંગીતગુરુ નજરખાંએ આજ્ઞા આપી હતી–'ચેડવા! આઈને મેં મત દેખના.' તેઓએ આ આજ્ઞા બરાબર પાળી. માથું ઓળવા માટે પણ અરીસામાં નહીં જોવાનું! પરંતુ ગુરુએ આમ કેમ કહ્યું તે તેમને સમજાતું નહીં, આખરે તેમના ધર્મગુરુ નારાયણ મહારાજે તેઓને આનો અર્થ સમજાવ્યો કે, 'અરીસામાં જોવાથી પોતાના રૂપનું અભિમાન આવે, અને જો એના પ્રેમમાં પડી ગયા તો સંગીતની સાધના એકબાજુ રહી જાય, મન પૂર્ણપણે તેમાં જોડાય નહિ.' કેવી સૂક્ષ્મદર્શી–મમસ્પર્શી વાત!

અર્થાત્ પોતાની જાત, શરીર, સંબંધો, સ્વજનો, સંપત્તિ વ. માટેનો અત્યધિક લગાવ, અધ્યાત્મની હોય કે દુન્યવી કલાની, કોઈપણ સાધનામાં, નડતો રહે છે–કનડતો રહે છે. આ લગાવને ખંખેરી નાખવા માટે જરૂરી છે માત્ર આ બધાંની વાસ્તવિકતાનું ભાન. આ વાસ્તવિકતા ખરેખર તો એટલી વરવી હોય છે કે માણસ જો એના તરફ ધ્યાન આપે તો, કદાચ, બોલી ઊઠે, અર્જુનની જેમઃ નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધી. પણ કમનસીબી એ છે કે આ વાસ્તવિકતાનાં સાચુકલાં દર્શન અમથાં અમથાં નથી મળતાં. એ માટે મથવું પડે છે. ભારે જહેમત ઉઠાવવી પડે છે. ચિંતન-મનન-નિદિધ્યાસન આ બધાં પગથિયાં ચડવા પડે છે.

આ મથામણના અંતે સાંપડતાં તત્ત્વનાં ઝળાહળાં દર્શન મનુષ્યને એનો એવો તો દીવાનો બનાવી દે છે કે પછી એ સિવાય બીજું સઘળુંયે એને તુચ્છ, નીરસ લાગવા માંડે છે. એટલે સંસાર સાથે એની સંલગ્નતા (attachment) ટકી રહે છે, પણ સંલિપ્તતા (involvement) સમાપ્ત થઈ જાય છે. ભલે એના સાંસારિક ક્રિયાકલાપોમાં બહુ તફાવત ન ડોકાય, પણ અંતરથી એ ન્યારો રહી શકે છે. ઉપાધ્યાયજીની ઉપમા વાપરીને કહીએ તો એની અવસ્થા 'જિમ ધાવ ખેલાવત બાળ' જેવી થઈ જાય છે. ધાવમાતાને, બાળકને લાડ-પ્યાર કરતી વખતે પણ, સતત બોધ જળવાઈ રહેતો હોય છે કે 'આ મારું બાળક નથી'. તેમ આવો તત્ત્વદર્શી બડભાગી જીવ પણ સંસારને પોતીકો લગાડ્યા વગર, બધાને પોતીકો લાગી શકતો હોય છે!

x x x

'ભાવના'નો ઉદ્ગમ સ્રોત છે સંવેદનશીલતા. નિમિત્તોના તરંગો (waves) અંતરના એન્ટેનામાં ઝીલાય, એનાથી ભીતરમાં ખલેલ પહોંચે, એ ખલેલને પરિણામે વિચારોની લહેરખી ઊઠે. અને એવી થોડીક લહેરખીઓ ભેગી થઈને આપણા અસ્તિત્વને વીંટળાઈ વળે અને આપણને સમગ્રરૂપે એમાં પ્રવાહિત કરી મૂકે એનું જ નામ 'ભાવના'.

આપણે દિવસે ને દિવસે, વધુ ને વધુ, સંવેદનહીન–બૂઠા થતા જઈએ છીએ. વજ્રાદપિ કઠોરાણી મૃદૂની કુસુમાદપિ એ સંસ્કૃત સુભાષિત

બરાબર ૧૮૦° અંશે ઊંધું આપણે લાગુ પાડ્યું છે. જાત માટે અત્યંત કોમળ, સહેજ પણ ન ચલાવી લેનારા આપણે પારકી પીડાએ એટલા જ કઠોર થઈને એની ઉપેક્ષા કરી શકીએ છીએ. ISIS ના હાથે કેટલા રહેંસાયા કે યુદ્ધમાં કેટલા સૈનિકોનો ભોગ લેવાયો તેના આંકડાં ક્રિકેટ મેચના રનની જેમ વાંચી શકીએ છીએ! જરૂરિયાત મુજબ અરેરાટી, વસવસો બધું જ જાહેર થાય, પણ માંહ્યલો જુઓ તો એવો ને એવો કોરોધાકોર! કદાચ, ગીતાજીની સ્થિતપ્રજ્ઞતા આપણે કદાચ હાંસલ કરી છે! દુનિયામાં જે થવું હોય તે થાય, મારા કેટલા ટકા? આ આપણો જીવનમંત્ર બન્યો છે.

આના માટે જવાબદાર હોય તો આપણી જીવનશૈલીમાં ધરમૂળથી આવેલાં પરિવર્તનો. એક નાનકડો દાખલો લઈએ. આજથી થોડાંક વખત પહેલાં સુધી એવો ચાલ હતો કે ઘરમાં બનતી પહેલી ૨-૩ રોટલી પર ગરીબ-ગુરબાંનો, કૂતરા-ગાયનો હક ગણાતો. એ રોટલીઓ પોતાના હાથે આપતા બાળકો ઋજુતા-કોમળતાના સંસ્કારો પામતા, સકલ સૃષ્ટિ સાથે એમની નિસ્બત સધાતી, 'મને મળ્યું છે તે વહેંચીને ખાવા માટે' એવી સમજણ કેળવાતી, તેન ત્યક્તેન ભુંજ્જીથાઃ એ ઉપનિષદનો મંત્ર એમના લોહીમાં ઉતરતો, સહકાર અને સૌહાર્દની લાગણી એમના હાડમાં વણાતી.

અને આજે? સંવિભાગની વાત કરનારો વેદિયો (orthodex) ગણાય અને એકલપેટો હોંશિયાર લેખાય એવો સમાજ આપણે સર્જી ચૂક્યા છીએ. આખી સૃષ્ટિને પરાઈ ગણવાના સંસ્કારો જેને ગળથૂંથીમાં જ મળ્યા છે એ બાળક મોટું થઈને, મા-બાપ-ભાઈ-ભાંડરડાંને પણ એ જ હરોળમાં મૂકે એમાં કશી જ નવાઈ નથી. સંવેદના અન સમવેદનાની સૂકાતી જતી સરવાણી એને અંદરથી ઉજ્જડ વગડા જેવો કરી મૂકે છે. એક એવું અભેદ્ય કવચ એને વીંટળાઈ વળે છે કે દુનિયાની કોઈ પીડા એને સ્પર્શી શકતી નથી, એનો આત્મિક અંધાપો-બધિરતા દૂર કરી શકતી નથી, એને વિચાર કરવાની ફરજ પાડી શકતી નથી.

વર્તમાનની વિષમ સમસ્યાઓના મૂળમાં આ વિચારહીનતા છે. જ્યાં વિચારશીલતા એ ગુનો બને અને મૂલ્યનિષ્ઠા મજાકનું સાધન ગણાય, એવો સમાજ તીવ્ર ગતિએ સર્વનાશ ભણી દોડી રહ્યો છે એવું વિધાન સહેજ પણ અતિશયોક્તિભર્યું નથી. વ્યક્તિ પોતાને સૃષ્ટિનું અંગ ગણવાને બદલે સૃષ્ટિને પોતાના ઉપભોગનું માત્ર સાધન ગણે એવો ઉપભોક્તાવાદ આપણને આજે ભરડો લઈને બેઠો છે. આમાંથી બચવાનો-બચાવવાનો અત્યારે તો એક જ રસ્તો સૂઝે છે – 'ભાવના'. ભાવના વ્યક્તિને બદલે સમષ્ટિ પર ધ્યાન આપવાનું શીખવે છે, શરીરની સુખાકારીને ગૌણ કરીને આત્મ-કલ્યાણને પ્રાધાન્ય આપવાનું શીખવે છે. અને આત્મકલ્યાણ એ સૃષ્ટિના માંગલ્યથી જુદી ચીજ નથી એ સમજાવવું પડે ખરું?

x x x

ભાવના કંઈ પ્રયત્નપૂર્વક–બળજબરીથી ભાવવાની ચીજ નથી. આપણે જો ઝીલવા તૈયાર હોઈએ તો ભાવધારાને પ્રવર્તાવી શકે તેવાં નિમિત્તો ઘર બેઠાં આપમેળે મળી જ રહેતાં હોય છે. સવાલ છે આપણી જાગૃતિનો, સજ્જતાનો.

ભાવનાઓનાં ઉદ્‌ગમસ્રોત (origins) છે : સંસારની વિનશ્વરતા, સંજોગો સામે માણસની લાચારી, સંબંધોનું તકલાદીપણું, આત્માની સ્વતંત્રતા, ભૌતિકતા અને આધ્યાત્મિકતાની જુદાઈ, શરીરની અશુચિતા, કર્મો દ્વારા થતી હેરાનગતિ અને એમાંથી છૂટકારાના ઉપાયો, છૂટવા માટે મળતી તકની દુર્લભતા અને ઝૂંટવાઈ જવાની શક્યતા, આ બધું સમજાવનારનો ઉપકાર વગેરે.

આમ જુવો તો ભાવનાઓના આ સ્રોત કોઈના માટે અજાણ્યા નથી. સરેરાશ માણસ પણ આ અંગે ક્યારેક તો વિચારતો જ હોય છે. પણ એ વિચાર 'ભાવના' નથી ગણાતો. કેમ કે એ વિચાર તાત્કાલિક ને તકલાદી, દેશ-કાળની સીમામાં જકડાયેલો હોય છે. માટે એ 'ભાવ' બની શકે, 'ભાવના' નહિ. ભાવના તો ત્યારે જ બને કે જ્યારે આપણે સમકાલીન ઘટનામાંથી ચિરકાલીન તંતુ પકડી શકીએ, વૈચારિક સ્તરે દેશ-કાળના સીમાડા વળોટી શકીએ, વિચારણા સાથે આત્માને એકરૂપ-સમરસ બનાવી શકીએ.

આયુર્વેદમાં ઔષધને રસ રેડી રેડીને ઘૂંટવાની ક્રિયાને 'ભાવના' કહેવાય છે. ભાવના ઔષધને વધુ અસરકારક, વધુ પરિપક્વ બનાવે છે. આ જ વાત અહીં લાગુ પડે છે. અધ્યાત્મના ઔષધને વિચારધારારૂપી રસ રેડી રેડીને ઘૂંટવાનું છે. આત્માને આ ભાવનાઓથી ભાવિત કરવાનો છે.

ભાવના જો આ રીતે ઘૂંટાય તો સંસાર પ્રત્યેની આસક્તિ સહજ રીતે ઘટે છે–તૂટે છે. ભાવનાને 'ભવનાશિની' કહી છે તે આ અર્થમાં. એ કંઈ ભવ (સંસાર)નો નાશ નથી કરતી, ભાવના ભાવનો નાશ કરે છે. અને મમત્વ ભાગે, સમત્વ જાગે તો, વ્યક્તિ ભલે સંસારમાં રહે, વ્યક્તિમાં સંસાર ન રહે! અને એજ તો 'મોક્ષ' છે–જીવનમુક્તિ. યુધિષ્ઠિર તો સદેહે સ્વર્ગ સુધી જ પહોંચી શક્યા હતા. ભાવના તો આપણને એથીય આગળ, ઠેઠ મોક્ષ સુધી પહોંચાડી શકે છે–સદેહે!

✷ ✷ ✷

C/o અતુલ એચ. કાપડિયા A/9, જાગૃતિ ફ્લેટ, મહાવીર ટાવર પાછળ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

જેવા ભાવ એવું ભવિષ્ય

☐ રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ.સા.

ભાવોને વિશુદ્ધ કરવા માટે, હોય છે 'ભાવના'.

'ભાવના'નું મહત્ત્વ શું છે?

સર્વ પ્રથમ તો ભાવના ભાવોને વિશુદ્ધ કરે છે, ભાવના ભાવોને પ્રબળ કરે છે. ભાવના ભાવોનું ઉર્ધ્વગમન કરાવે છે અને ભાવના જ મુક્તિની સંભાવના બને છે.

તેનું કારણ છે આપણા ભાવો!!

આપણે પ્રત્યેક પળ અને પ્રત્યેક ક્ષણ કોઈ ને કોઈ ભાવમાં હોઈએ છીએ, આપણે ગમે તે ક્ષેત્રમાં હોઈએ, સંસારના ક્ષેત્રમાં કે ધર્મના ક્ષેત્રમાં, આપણી અંદર ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અદેખાઈ કંઈ ને કંઈ તો ચાલતું જ હોય, એવી એક પણ ક્ષણ ન હોય જ્યારે આપણું મન ભાવવિહિન હોય!! એવી એક પણ ક્ષણ ન હોય જ્યારે આપણે પૂર્ણ શાંતિ અને સંપૂર્ણ સમાધિમાં હોઈએ!!

સંસાર ભાવોનું મારણ છે ભાવના!!

આપણા મન, વચન અને કાયા જે કાંઈ પણ કરે છે તે 'ભાવો'ના આધારે કરે છે અને એ ભાવોને વિશુદ્ધ કરવા માટે છે ભાવના!

જેમ ખરાબ પાણીને શુદ્ધ કરવા ફટકડી હોય છે, તેમ મલિન ભાવોને શુદ્ધ કરવા 'ભાવના' હોય છે.

કોઈ પણ વ્યક્તિ, કાંઈ પણ કરતી હશે, સતત એના મનમાં ક્રોધ હશે અથવા અહમ્ હશે, રાગ હશે અથવા દ્વેષ હશે, કોઈ પ્રત્યે ગમો હશે તો કોઈ પ્રત્યે અણગમો, ક્યારેક ખુશી હશે તો ક્યારેક ગમ હશે, ક્યારેક સુખ હશે તો ક્યારેક દુઃખ હશે, કોઈ પ્રત્યે પ્રેમ હશે તો કોઈ પ્રત્યે નફરત, કોઈએ કરેલાં માન-સન્માનથી પ્રસન્નતા હશે તો કોઈએ કરેલાં અપમાનને વાગોળતાં હશું. સતત કોઈ ને કોઈ પ્રકારના ભાવ તો ચાલતાં જ હોય.

યાદ રાખવું,

'દરેક ભાવ અનંત ભવનું કારણ બની શકે છે.'

અને ભાવ જ આપણા ભવનાશનું કારણ બને છે. ભાવ જ આપણી મુક્તિનું કારણ બને છે.

સતત શુદ્ધિનો ભાવ સિદ્ધિ તરફ લઈ જાય છે. સતત કષાય ભાવ સંસારનું પરિભ્રમણ વધારે છે.

ભગવાને બાર પ્રકારની ભાવના બતાવી છે. જો ડેઈલી લાઈફમાં ભાવનાની સમજ અસર કરી જાય તો ત્યાં ને ત્યાં પ્રતિક્રમણ થઈ જાય.

ભાવના શું કરે છે?

જ્યારે પાપ ત્યારે શુદ્ધિ, એ જ ભાવનાનું કાર્ય છે.

કેટલાંક પાપ આપણા હાથમાં નથી તો કેટલાંક પાપ એ પરિસ્થિતિ છે, કેટલાંક પાપ આપણા શોખ છે અને કેટલાંક પાપ આપણે કરીએ છીએ.

ભાવના આપણા દરેક પાપને ઘટાડે છે.

ભગવાને પહેલી ભાવના બતાવી છે 'અનિત્ય ભાવના'.

અનિત્ય એટલે બધું ટેમ્પરરી છે, બધું અશાશ્વત છે, કાંઈ કાયમ નથી, બધું ક્ષણિક છે, અત્યાર પૂરતું છે. આ વાત જાણીએ છીએ, સમજીએ છીએ, માનીએ છીએ છતાં પણ અનિત્યમાં નિત્યની ભાવના કરીએ છીએ.

માનો કે, કોઈનાથી કોઈ વસ્તુ તૂટી ગઈ, તરત જ શબ્દો શું આવશે? કેમ તૂટી ગઈ? ધ્યાન ક્યાં હતું?

જો અનિત્ય ભાવનાની સમજ હોય તો તરત જ વિચાર આવે, 'જેનું સર્જન, તેનું વિસર્જન.' એ કાચની વસ્તુ હતી અને કાચનો સ્વભાવ તૂટવાનો છે તો તૂટી ગઈ. બીજું એ કાયમ પણ ન હતી. આજ નહીં તો કાલ તૂટવાની જ હતી, તો પછી એના માટે ક્રોધ અને આવેશ શા માટે કરવાના?

પણ જરાક ક્યાંક કાંઈ થાય, ઘરમાં કે ફેક્ટરીમાં કાંઈ થાય, એટલે તરત જ ઊંચા નીચા થઈ જઈએ, તરત જ રાગ દ્વેષ શરૂ થઈ જાય, પણ જો એના ઊંડાણમાં જઈ વિચારશો તો તરત જ સમજાશે, 'આ જગતમાં તું નિત્ય છે, તારું બધું અનિત્ય છે.'

તું જેને તારું માને છે તેમાંનું એક પણ નથી તારું કે નથી કાયમ!!

આ નિત્ય-અનિત્યની ભાવનાના ઘુંટણ સાથે આત્માનું શુદ્ધિકરણ કરવાનું છે. ભાવનાની સમજ સાથે સ્વયં પર કંટ્રોલ રાખવાનો છે.

ભગવાને બતાવેલી બાર ભાવના સંસારમાં રહીને પણ મોક્ષ અપાવી શકે એવી માસ્ટર કીઝ છે, સંસારમાં રહીને પણ કર્મોને હળવા બનાવી શકે એવી માસ્ટર કીઝ છે, સંસારનો ત્યાગ કર્યા વિના પણ સંસાર ત્યાગી બનાવી શકે એવી માસ્ટર કીઝ છે.

માનો કે, કોઈ વ્યક્તિને પહેલાં તમારા માટે ખૂબ જ લાગણી હતી અને હવે નથી.

જો તમે અનિત્ય ભાવનાનો સ્વીકાર કર્યો હોય તો તમે પોઝીટીવ વિચારતા હો કે, દરેક લાગણીની બોટલ પર એક્સપાયરી ડેઈટ લખેલી જ હોય, કોઈની કોઈ પણ લાગણી ક્યારેય કાયમ ન હોય.

જ્યારે મનમાં આ ભાવ હોય ત્યારે ન દુઃખ થાય, ન સામેવાળી

વ્યક્તિ પ્રત્યે દ્વેષ થાય કે ન જીવ બળે!

બીજી વાત યાદ રાખવાની.

કોઈ કનેક્શન કાયમ નથી.

ઘર એકનું એક, ઘરવાળા કાયમના એકના એક!!

આપણે હંમેશાં એમ જ માનતા હોઈએ છીએ કે, આ તો કાયમ મારી સાથે જ રહેવાવાળા છે, આ મકાન, આ ઑફિસ, આ ફેક્ટરી તો મારા છે અને કાયમ મારા જ રહેવાના છે.

'નિત્યની અજ્ઞાનતા એ જ સૌથી મોટામાં મોટું ડૂબાડનારૂં તત્ત્વ છે.'

આ અણસમજના કારણે જ સંસારમાં ભટકતા રહીએ છીએ.

કોઈ પણ વ્યક્તિ, વસ્તુ કે વાતાવરણ કાયમ નથી.

કોઈની સાથેનું કનેક્શન પણ કાયમ નથી. કોઈ સંબંધ કાયમ નથી.

પદાર્થ કાયમ છે પણ પદાર્થ મારો કાયમ નથી.

જેમકે રૂપિયાનો સિક્કો!

રૂપિયાનો કોઈન ક્યારેય કોઈનો ન હોય. જેટલો સમય જેના ખિસ્સામાં હોય તેટલો જ સમય તેનો હોય. આજે મારા ખિસ્સામાં છે કાલે કોઈ બીજાના હાથમાં હશે તો પરમ દિવસે વળી કોઈ ત્રીજાની તીજોરીમાં હશે.

જો આટલી સમજ આવી જાય તો કોઈના મળવાથી ખુશી ન હોય અને કોઈની વિદાયથી દુઃખ ન હોય.

જેમ જેમ આ ભાવમાં આવો એટલે કોઈના માટે કાંઈ પણ મનદુઃખ હોય તે જતું રહે.

એક ભાવના છે 'અશરણ ભાવના'. ઘણા માનતા હોય છે કે, આના આધારે મને કાંઈ થશે નહીં, આના કારણે હું સુખી છું, મારી પાસે પુષ્કળ સંપત્તિ છે એટલે મારે મારી તબિયતની ચિંતા કરવા જેવું નથી, આના કારણે હું સુરક્ષિત છું, આ છે તો મારું કોઈ કાંઈ બગાડી શકશે નહીં!!

આ એક મિથ્યા ભાવના છે. આ જગતમાં સંરક્ષણ આપી શકે, કર્મોથી બચાવી શકે એવું કોઈ તત્ત્વ છે જ નહીં!!

એક છે સંસાર ભાવના!

અનિત્ય અને અશરણનો સંયોગ એટલે સંસાર ભાવના!

જે સીતા રાવણનું મોઢું જોવા પણ નહોતી ઈચ્છતી, જેને રાવણના નામ માત્ર પ્રત્યે અણગમો હતો, તે જ સીતા અત્યારે સીતાનો ભવ પૂરો કરી દેવલોકમાં છે અને ત્યાંથી આવતી ચોવીસીમાં રાવણના ગણધર બનશે. જેમ ગૌતમને મહાવીર સ્વામી વિના કાંઈ ગમે નહીં, રુચે નહીં, તેમ ત્યારે સીતાને રાવણ સિવાય કાંઈ ગમશે નહીં, કાંઈ રુચશે નહીં.

સંબંધોનું શિર્ષાસન થઈ જશે.

જે ગમતાં ન હતાં, એના સિવાય કોઈ ગમશે નહીં.

જેની સાથે જીવવાની એક ક્ષણ પણ અણગમો કરાવતી હતી, હવે દરેક ક્ષણ ગમો કરાવનારી બનશે.

સંસાર ભાવનાની વાસ્તવિકતા આ જ છે, કાંઈપણ બની શકે છે, આ સંસારમાં બધું જ શક્ય છે.

જેના પ્રત્યે અતૂટ વિશ્વાસ હોય તે જ વિશ્વાસઘાતી બની શકે છે અને જેના પ્રત્યે જરા પણ વિશ્વાસ ન હોય એ વિશ્વાસુ પણ બની શકે છે.

ભાવનાની સમજથી અણસમજ અને ગેરસમજ બંને દૂર થાય છે. અણસમજ અને ગેરસમજ જ્યારે દૂર થાય છે ત્યારે હૃદયનું શુદ્ધિકરણ થાય છે.

'જગતમાં એક વાત નિશ્ચિત છે કે, જગતમાં બધું અનિશ્ચિત છે.'

જે ભાવનાઓનો સ્વીકાર કરે છે, તેનો માનવભવ સાર્થક થઈ જાય છે. તેમ જ જે ભાવનાઓનો સ્વીકાર કરે છે, તે જતું કરતાં શીખી જાય છે.

પકડવું તેનું નામ અધર્મ છે, જવા દેવું તેનું નામ ધર્મ છે.

આ ભવ ભવિષ્યનું બીજ છે

ભાવનાનું રટણ અંદરમાંથી શુદ્ધ અને વિશુદ્ધ કરવા માટે હોય છે.

જેમ જેમ તમે તમારી આંતરિક વૃત્તિઓને નિહાળશો, તેમ તેમ ખબર પડશે કે અંદરની વૃત્તિઓ અને બહારની પ્રવૃત્તિઓ તદ્દન અલગ છે, બહારનો દેખાવ અને અંદરનો સ્વભાવ એકદમ ભિન્ન છે, બહારનું પ્રદર્શન અને અંદરનું દર્શન પણ સાવ અલગ જ છે.

હે આત્મન્! તું જેવો અંદરમાં છે, તેવો જ બહારમાં થઈ જા અને જેવો બહારમાં દેખાય છે તેવો જ અંદરમાં થઈ જા.

એકવાર તમારી જાતને ચેક કરો.

જેટલાં બહારથી ધાર્મિક દેખાઈએ છીએ, એટલાં શું ખરેખર અંદરમાંથી પણ ધાર્મિક છીએ ખરા?

જેટલાં બહારમાં શાંત દેખાઈએ છીએ, એટલાં શું ખરેખર અંદરમાંથી શાંત છીએ ખરાં?

જેવા ધર્મ સ્થાનકમાં દેખાઈએ છીએ એવા ઘરમાં પણ છીએ ખરા?

ફરક છે ને?

જેવા એકલામાં છીએ એવા સમૂહમાં નથી.

જેવા ઉપાશ્રયમાં છીએ એવા ઘરમાં નથી.

દરેક સ્થાને...દરેક જગ્યાએ અલગ અલગ રૂપ!! સંસારમાં અલગ રૂપ અને ધર્મક્ષેત્રમાં પણ અલગ રૂપ!!

ભગવાન કહે છે,

'તું જેવો અંદરમાં હોય તેવો જ તું બહારમાં રહેજે!'

'તું અંદરમાં પણ જુદો અને બહારમાં પણ જુદો, એ ક્યારેય ન ચાલે.

જ્યારે કોઈ વ્યક્તિ અંદરમાં પણ જુદી હોય અને બહારમાં

જુદો દેખાવ કરતી હોય, ત્યારે તે ન માત્ર પોતાની આસપાસનાને છેતરે છે, પણ સ્વયંને પણ છેતરે છે.

પણ યાદ રાખવું,

'આ ભવ ભવિષ્યનું બીજ છે.'

એટલે આ ભવમાં જે કાંઈ કરીશું, જેવું કરીશું એવું જ ભવિષ્યનું નિર્માણ થશે.

'જ્યાં સુધી આંતરિકતા જુદી હોય અને બાહ્ય રૂપ પણ જુદું હોય ત્યાં સુધી એકરૂપતા ન આવે અને જયાં સુધી એકરૂપતા ન આવે ત્યાં સુધી સ્વરૂપની પ્રાપ્તિ ન થાય.'

જ્યાં સુધી સ્વરૂપની પ્રાપ્તિ ન થાય, ત્યાં સુધી બહારથી દેખાડાતા એક પણ રૂપની કોઈ કિંમત હોતી નથી.

આજે તમે વ્રત, તપ, માળા, જાપ, સ્વાધ્યાય જે કાંઈ સાધના-આરાધના કરો તે શ્રેષ્ઠ છે, પણ તે સાધના-આરાધનાની પહેલાં એકવાર સ્વયંને ચેક કરવાની પણ એટલી જ જરૂર છે. એકવાર અંતર આત્માને પૂછો... 'તું ક્યાંય જુદો તો નથી ને?'

'તું છે કાંઈક અને દેખાડે છે કાંઈક, એવું તો નથી ને?'

તું કોઈ આરાધના નહીં કરે તો ચાલશે,તું કોઈ ઉપાસના નહીં કરે તો પણ ચાલશે, પણ તું ધર્મના નામે દંભ કરશે તો તે નહીં ચાલે.

ધર્મ ક્ષેત્રમાં પ્રવેશ પામવાની પહેલી શર્ત, ભગવાન કહે છે, 'તું જેવો છે, તેવો જ મારી પાસે આવજે.'

તું જેવો હોઈશ એવો જ મારી પાસે આવીશ, તો હું તને સુધારીશ.

તું જેવો નથી એવો બનીને મારી પાસે આવીશ તો તને સુધારતાં ભવોભવ લાગી જશે.

જેવા હોઈએ એવા જ ગુરુ કે પરમાત્મા પાસે જઈએ તો એક જ ભવમાં સુધરી જઈએ.

રોજની સાત હત્યાઓ કરનાર અર્જુનમાળી જ્યારે ભગવાન પાસે આવે અને કહે, હે ભગવાન! મેં આટલી હત્યાઓ કરી છે. આટલાં જીવોની હત્યા કરી આટલાં પાપ કર્યાં છે. ભગવાન કહે છે, તું જેવો છો, તેવો જ મારી પાસે આવ્યો છે, એટલે તારી શુદ્ધિ કરી શકાય છે. કેમકે, તારામાં કોઈ જાતનો દંભ નથી, કપટ નથી.

જયારે પાંડવોની પત્ની દ્રૌપદી...જે ભૂતકાળમાં નાગેશ્વરી બ્રાહ્મણી હતી અને પોતાના પરિવારમાં, પોતાની દેરાણી-જેઠાણી વચ્ચે પોતાનું ખરાબ ન લાગે તે માટે કડવી ઝેર જેવી તૂંબડીનું શાક એક સંતને વ્હોરવી દે છે!!

પોતાની વેલ્યુ ડાઉન ન થવી જોઈએ.

પોતાની ઈમ્પ્રેશન ખરાબ ન થવી જોઈએ અને એ માટે વ્યક્તિ દંભ કે ચીટીંગ કરતાં પણ અચકાતો નથી.

હું બીજા કરતાં સારો હોઉં કે ન હોઉં, પણ બીજા કરતાં સારો દેખાવો તો જોઈએ જ!!

જે 'સારો' હોય તેને ક્યારેય 'સારો છું' એવું દેખાડવું જ ન પડે. જેને 'હું સારો છું', એવું પ્રદર્શન કરવું પડતું હોય, તેનું દર્શન ક્યારેય સારૂં હોય જ નહીં અને જેનું દર્શન સારું હોય તેને ક્યારેય પ્રદર્શન કરવું જ ન પડે.

પણ આપણી ખોટ એ જ છે કે, આપણને આપણા પરિવારમાં, સમાજમાં, મિત્રોમાં, વર્તુળમાં, બિઝનેસમાં અને પબ્લિકમાં બધે જ સારૂં દેખાવું છે.

માનો કે, તમે ટ્રેઈનમાં મુસાફરી કરતાં હો, તે સમયે તે ટ્રેઈનમાં, આખી બોગીમાં તમને કોઈ ઓળખતું ન હોય તો તમારું વર્તન અલગ હશે અને જો કદાચ એકાદ-બે ઓળખીતા હશે ત્યારે તમારું વર્તન એકદમ અલગ હશે.

જ્યારે કોઈ જાણીતું આસપાસમાં ન હોય ત્યારે એક્શન જુદી હોય અને જ્યારે જાણીતા આસપાસમાં હોય ત્યારે એક્શન જુદી હોય. શા માટે?

'જે જુએ છે તે જાણીતા નથી અને જે જાણીતા છે તે જોતા નથી.'

જે જાણીતા નથી, તેની સામે આપણી કોઈ વેલ્યુ ડાઉન થવાની નથી, કોઈ ઈમ્પ્રેશન ખરાબ થવાની નથી, આ છે માનવ મનની માનસિકતા...!!

આજ કહેવાય દંભ...!!

'જ્યાં સુધી દંભ હોય, ત્યાં સુધી ધર્મનો પ્રારંભ ન હોય.'

ધર્મનો પ્રારંભ કરતાં પહેલાં એક જ ભાવ હોવો જોઈએ. અત્યારે હું ભલે ગમે તેવો હોઉં, અત્યારે જેવો છું તેવો છું, પણ હવે મારે ધર્મક્ષેત્રમાં જઈને, સત્‌ગુરુનાં સાંનિધ્યમાં જઈને, પરમાત્માના શરણમાં જઈને, મારે મારું શુદ્ધિકરણ કરવું છે, મારે સફળ હૃદયના બનવું છે, મારે શુદ્ધ હૃદયના બનવું છે.

આજે તમને જે ઓળખે છે, તે શું ગયા ભવમાં તમને ઓળખતાં હતાં? તે શું આવતા ભવમાં તમને ઓળખશે? ના..!!

આજે...આ ભવમાં જે ૪૦-૫૦-૭૦ વર્ષ માટે મળ્યાં છે. આટલાં જ વર્ષો માટે ઓળખવાના છે, તેની સમક્ષ સારા દેખાવાનો દંભ શા માટે કરવાનો?

તમારો આ ભવ એ જ તમારા ભવિષ્યનું બીજ બને છે.

આ ભવમાં દંભ કર્યો એટલે ભવિષ્યમાં તિર્યંચ બનવાનું બીજ રોપાઈ ગયું.

આ ભવનો દંભ એ ભવિષ્યના તિર્યંચપણાનું બીજ બને છે.

કોઈ પણ વ્યક્તિને તમારા તરફ આકર્ષિત કરવા, તમારી તરફ ખેંચવા, આર્ટિફિશિયલ સ્માઈલ આપ્યું અથવા કોઈના ખોટા વખાણ કર્યાં...એટલે ભવિષ્યમાં તિર્યંચપણાનું બુકિંગ ફાઈનલ થઈ જાય.

બીજા કોઈ પણ ભવમાંથી નીકળવું સહેલું છે, પણ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૭૬)

પાંચ મહાવ્રતની પચ્ચીસ ભાવના

□ ડૉ. કેતકી યોગેશ શાહ

[*કેતકીબહેને મુંબઈ યુનિવર્સિટીમાંથી 'ગુણસ્થાનક' જેવા ગહન વિષય ઉપર પીએચ. ડી. કરેલ છે. તેઓ કવયિત્રી તથા સંગીતજ્ઞ છે. તેમ જ જૈન તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી છે.*]

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ આત્માર્થી જીવોના કલ્યાણ અર્થે કરુણા કરી, અહિંસા અને સમતામય ધર્મની સાધના કરવા માટે આગાર ધર્મ અને અણગાર ધર્મની પ્રરૂપણા કરી. યથાશક્તિ વ્રતની પાલના કરવી તે આગારધર્મ છે તો સર્વાંશે વિરતિધર્મ અર્થાત્ સર્વવિરતિ ધર્મની આરાધના તે અણગાર ધર્મ–જેમાં પાંચ મહાવ્રતને ગ્રહણ કરવાની આવશ્યકતા રહેલી છે. પાંચ મહાવ્રત એટલે અહિંસા મહાવ્રત, સત્ય મહાવ્રત, અસ્તેય અચૌર્ય મહાવ્રત, બ્રહ્મચર્ય મહાવ્રત અને અપરિગ્રહ મહાવ્રત. सव्वदुक्खविमोक्खणट्ठाए – સર્વ દુઃખોથી મુક્તિના ઉપાયભૂત આ પાંચ મહાવ્રત છે. પાંચ મહાવ્રતને સ્થિર અને દૃઢ બનાવવા માટે ભગવાને શ્રી સમવાયાંગ સૂત્ર, શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર, શ્રી આચારાંગ સૂત્રાદિમાં પચીસ ભાવનાનું આલેખન કર્યું છે.

भाव्यते इति भावना – મનમાં જે ભાવવામાં આવે છે તે ભાવના છે. આત્માને પ્રશસ્ત ભાવોથી ભાવિત કરે તે ભાવના છે.

પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાન અને પરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીએ પાંચ મહાવ્રતોનો ઉપદેશ આપેલ છે. મધ્યના બાવીસ તીર્થંકરોના શાસનમાં પાંચ મહાવ્રતના સ્થાન પર ચાતુર્યામ ધર્મ હોય છે. પાંચ મહાવ્રતના કિલ્લાને અભેદ્ય રાખવા તેની સલામતી માટે પચીસ ભાવનાનું નિરૂપણ કર્યું છે. આ ભાવના ગુણરૂપ છે, તે મહાવ્રતને પુષ્ટ કરે છે, મહાવ્રતને ભાવિત કરે છે, તે મહાવ્રતમાં જ સમાઈ જાય છે તેથી તે મહાવ્રતના નિયમ, ઉપનિયમરૂપ છે. મહાવ્રત તપ–સંયમરૂપ હોવાથી આશ્રવનો નિરોધ થાય છે અને સંવર–નિર્જરા બંને થાય છે.

૧. પહેલા અહિંસા મહાવ્રતની પાંચ ભાવના

સર્વ મહાવ્રતોમાં મુખ્ય અહિંસા મહાવ્રત જ છે. શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્રમાં અહિંસાને 'ભગવતી' કહી છે–एसा भगवई अहिंसा. અહિંસાના ગુણ પ્રતિપાદિત સાઠ પર્યાયવાચી નામોનો પણ તેમાં ઉલ્લેખ છે. तस-थावर-सव्वभूय खेमकरी–ત્રસ–સ્થાવર સર્વ જીવોનું ક્ષેમકુશળ કરનાર અહિંસા જ મજબૂત નૌકા સમાન છે, જે સાધકને સંસાર-સાગર તરવામાં મદદરૂપ બની રહે છે. આ નૌકામાં છિદ્ર પડતાં અટકાવવામાં સહાયભૂત એવી પાંચ ભાવનાનું સ્વરૂપ છે. તેનું સાવધાનીપૂર્વક પાલન કરવાથી સંયમ આરાધનાની સફળતા સંભવે છે. પ્રથમ મહાવ્રતની ભાવનાની વિશેષતા એ છે કે તેમાં સમિતિ-ગુપ્તિરૂપ અષ્ટ પ્રવચન માતાનો સમાવેશ થઈ જાય છે.

૧. **ઈર્યા સમિતિ:** આત્મશુદ્ધિ માટે પ્રયત્નશીલ સાધક યથા શક્ય કાયાને સ્થિર રાખે, પરંતુ અનિવાર્ય કારણે ગમનાગમન કરવું પડે તો અહિંસા મહાવ્રતને લક્ષ્યમાં રાખીને ગમન કરે. સાધકની ગમનાગમનની વિધિ તે ઈર્યા સમિતિ છે. સાધક ધૂસર-પ્રમાણ-સાડા ત્રણ હાથ ભૂમિને જોઈને ચાલે, છકાય જીવોની વિરાધના ન થાય તે માટે પરદયાના ભાવ સાથે સ્વદયાના હેતુથી ઉપયોગપૂર્વક સમાધિભાવે ઈર્યા સમિતિનું પાલન કરે.

૨. **મન સમિતિ:** મનના અશુભ સંકલ્પોથી હિંસાને પ્રોત્સાહન મળે છે, અનેક દોષોની પરંપરાનું સર્જન થાય છે, માટે સ્વ કે પરનું અહિત થાય તેવા પાપકારી વિચારો ન કરવા, મનને પ્રશસ્ત વિચારોમાં લીન બનાવવું તે મન સમિતિ છે. મન સમિતિના સમ્યક્ યોગથી ભાવિત આત્મા મલિનતાથી રહિત બની સાચો સાધુ–સંયત બને છે.

૩. **વચન સમિતિ:** સંપૂર્ણ અહિંસક થવા માટે પ્રયત્નશીલ સાધક હિંસાકારી કે પરપીડાકારી વચનનો પ્રયોગ ન કરે. હિત-મિત-પરિમિત ભાષાનો પ્રયોગ કરે. આત્માના હિતનો ઘાત કરનારી, દુર્ગતિને પ્રાપ્ત કરાવનારી અને તીવ્ર દુઃખોની જનનીરૂપ સાવદ્યકારી ભાષાનો ત્યાગ કરવો જ સુસાધુ માટે હિતાવહ છે, હિતકારી છે.

૪. **એષણા સમિતિ:** ભિક્ષાવિધિ પ્રમાણે શુદ્ધ નિર્દોષ આહાર પ્રાપ્ત કરીને અનાસક્ત ભાવે ભોગવવો તે એષણા સમિતિ છે. સમસ્ત દોષોથી રહિત, મધુકરીવૃત્તિથી અનેક ઘરોમાંથી ગૌચરીની ગવેષણા કરે. ફક્ત સંયમયાત્રાના નિર્વાહ માટે અને સંયમના ભારને વહન કરવા માટે પ્રાણોને ધારણ કરવાના ઉદ્દેશથી સમ્યક્ પ્રકારે યત્નાપૂર્વક આહાર કરે. પણ શારીરિક બળ વધારવાને માટે કે રૂપલાવણ્યની વૃદ્ધિ માટે આહાર ન કરે. આવી આહાર સમિતિની ભાવનાથી વાસિત થયેલો આત્મા સુસાધુના પદને શોભાવે છે.

૫. **આદાન નિક્ષેપણ સમિતિ:** સંયમી જીવનમાં ઉપયોગી ઉપકરણો યત્નાપૂર્વક ગ્રહણ કરવા, રાખવા અને મૂર્ચ્છારહિત ભોગવવા તે આદાન નિક્ષેપણ સમિતિ છે. પાટ, વસ્ત્ર, પાત્ર, કંબલ વગેરે ઉપધિ સંયમની રક્ષા અથવા વૃદ્ધિના ઉદ્દેશથી તથા

પવન, આતાપ, ડાંસ, મચ્છર, શીત આદિથી શરીરની રક્ષા માટે ધારણ કરે અથવા ગ્રહણ કરે. શોભાની વૃદ્ધિ આદિ કોઈ પ્રયોજનથી નહીં. અહિંસા મહાવ્રતનું ખંડન ન થાય તે માટે સાધુ વિવેકપૂર્વક ઉપકરણોનો ઉપયોગ કરે.

આ પાંચે ભાવનાઓ હિતસાધક હોવાથી કર્માગમનના તથા પાપના પ્રવાહને રોકે છે. માટે જ બુદ્ધિમાન મુનિએ અહિંસા મહાવ્રતનું પાંચેય ભાવનાઓ સહિત જીવનપર્યંત સદૈવ પાલન કરવું જોઈએ. મન-વચન-કાયાની પવિત્રતા રાખવાની પ્રેરણા કરતી પાંચ ભાવના પાંચ સમિતિના સમ્યગ્ આરાધનનું સૂચન કરે છે. સાધકનો ભાવ પૂર્ણ અહિંસક હોય એ વૃત્તિ સમ્યક્ હોય તો જ અહિંસાની આરાધના થઈ શકે છે, તે જ આ ભાવનાનો ઉદ્દેશ છે. અહિંસાનું અંતિમ ફળ નિર્વાણ છે.

(૨) **બીજા સત્ય મહાવ્રતની પાંચ ભાવના**

મોક્ષમાર્ગમાં અહિંસાની આરાધના પ્રમુખ છે. તે અહિંસાની સમીચીન તેમજ સંપૂર્ણ આરાધનાને માટે સત્યની આરાધના પણ નિતાંત આવશ્યક છે. સત્ય અહિંસાને અલંકૃત કરે છે, સુશોભિત કરે છે. सुगइपहदेसगं – સત્ય સદ્ગતિ પથનું પ્રદર્શક છે. સત્યનો મહિમા વર્ણવતા આગમમાં કહે છે કે મનુષ્ય ઉપર આવી પડેલ ઘોર સંકટની સ્થિતિમાં અન્ય દેવતાની જેમ સહાયક બની સંકટમાંથી ઉગારનાર છે.

આત્મશુદ્ધિમાં ઉદ્યમવંત સાધક માટે મૌન ઉત્સર્ગ માર્ગ છે. તેમ છતાં યાવજ્જીવન મૌન શક્ય નથી. તેથી સાધુ આવશ્યકતાનુસાર જ ભાષાનો પ્રયોગ કરે. તેમાં શાસ્ત્રોક્ત નિયમોનું પાલન કરે. સત્ય મહાવ્રતની પુષ્ટિ માટે અસત્યનો અને અસત્ય ભાષણના કારણનો ત્યાગ અનિવાર્ય બની જાય છે. અસત્ય ભાષણના પાંચ કારણ છે, તેનો ત્યાગ જ તેની ભાવનારૂપ છે. તે પાંચ ભાવનાઓનું સ્વરૂપ આ પ્રમાણે છે.

૧. અનુવીચિ ભાષણ સમિતિ

નિરવદ્ય ભાષાનો પ્રયોગ તે 'અનુવીચિભાષણ' કહેવાય છે. તે ઉપરાંત આવેગપૂર્વક, શીઘ્રતાપૂર્વક, કર્કશ, કઠોર અને વગર વિચાર્યે વચન ન બોલવા તે પણ આ ભાવનાની અંતર્ગત છે.

દરેકની સાથે વાતચીતમાં વિવેક રાખવો તે ભાષાસમિતિ અને પોતાના સમશીલ સાધુજનો સાથે વાતચીતમાં હિત, મિત અને યથાર્થ વચનોનો ઉપયોગ કરવો તે સત્યવ્રતરૂપ યતિધર્મ છે.

૨. ક્રોધ ત્યાગ : तम्हा कोहो ण सेवियव्वो – સંયમીએ કદી પણ ક્રોધ કરવો જોઈએ નહીં કારણ કે ક્રોધ માનવીના વિવેકનો નાશ કરે છે. ક્રોધ સમયે સત્-અસત્નું ભાન રહેતું નથી અને ક્રોધના આવેશમાં બોલાયેલું વચન અસત્ય જ હોય છે. સત્ય મહાવ્રતની સુરક્ષા માટે ક્રોધના પ્રત્યાખ્યાન અથવા ક્ષમાવૃત્તિ આવશ્યક છે.

૩. લોભ ત્યાગ : लोभो ण सेवियव्वो – લોભનું સેવન કરવું ન જોઈએ. શાસ્ત્રમાં લોભને સમસ્ત સદ્ગુણોનો વિનાશક કહેલ છે. લોભમાં લુબ્ધ વ્યક્તિ માટે કોઈ પણ દુષ્કર્મ કરવું મુશ્કેલ નથી. માટે સત્ય મહાવ્રતની સુરક્ષા ઈચ્છનારે નિર્લોભવૃત્તિ ધારણ કરવી જોઈએ. કોઈપણ વસ્તુ પ્રત્યેની લાલચને તિલાંજલિ આપવી જોઈએ.

૪. ભય ત્યાગ : ण भीइयव्वं – ભયનો અભાવ-નિર્ભયતા-સાધકે ભયભીત થવું ન જોઈએ. વ્યાધિ, રોગ, વૃદ્ધાવસ્થા, મૃત્યુ અથવા ઈષ્ટ વિયોગ આદિ ભયથી ડરવું નહીં. ભય મનુષ્યની મોટામાં મોટી દુર્બળતા છે. ભયની ભાવના આત્મિક શક્તિના પ્રગટીકરણમાં બાધક બને છે, માણસની સાહસિક વૃત્તિને નષ્ટ કરે છે, સમાધિભાવને માટે વિનાશક બને છે, સંક્લેશને ઉત્પન્ન કરનાર છે. ભયવૃત્તિ સાધકને સત્યમાં સ્થિર થવા દેતી નથી. ભયથી મુક્ત થવા તે પોતાના બચાવ માટે અસત્યનો સહારો લે છે. માટે સત્ય ભગવાનના આરાધકે નિર્ભય બનવું જોઈએ.

૫. હાસ્ય ત્યાગ : हासं ण सेवियव्वं – હાસ્યના સેવનથી બચવું–હાસ્યનો ત્યાગ કરવો. સંપૂર્ણ યા અધિકાંશ સત્યને છુપાવી અસત્યનો આશ્રય લીધા વિના બીજાની હાંસી–મજાક થઈ શકતી નથી. તેનાથી સત્યવ્રતનો વિઘાત થાય અને બીજાને પીડા ઉત્પન્ન થાય છે. હાસ્ય ચારિત્રનો નાશ કરનાર અને મોક્ષમાર્ગનું ભેદન કરનાર હોય છે – भेयवि मुत्तिकारगं च हासं – સાધુ સંયમ અને તપના પ્રભાવથી કદાચિત્ દેવગતિમાં ઉત્પન્ન થાય તો પણ પોતાની હાસ્યજનક પ્રવૃત્તિના કારણે હલકી કોટિના દેવોમાં જન્મ લે છે. તેથી હાસ્યનું સેવન કરવું તે સત્યવ્રતીને માટે સર્વથા ત્યાજ્ય છે.

સત્ય મહાવ્રતનો મહિમા અપાર છે. તેમજ તેનું પાલન પણ દુષ્કર છે. તેમ છતાં આ પાંચ ભાવનાને સમર્પિત મહાત્માઓ માટે અસત્ય વિરમણરૂપ સત્ય મહાવ્રતની સંપૂર્ણ રક્ષા શક્ય બને છે. તેના માટે લક્ષ્યપૂર્વક વચન અને મનનું નિયંત્રણ જરૂરી છે.

(૩) ત્રીજું અચૌર્ય માહવ્રત અથવા દત્તાનુજ્ઞાત અથવા અસ્તેય મહાવ્રતની પાંચ ભાવના

નગરમાં કે જંગલમાં કોઈ નાની, મોટી, સચિત્ત કે અચિત્ત વસ્તુને સ્વામીની આજ્ઞા વિના ગ્રહણ ન કરવી તે અચૌર્ય વ્રત છે. અદત્તના ચાર પ્રકાર છે. સ્વામી અદત્ત, ગુરુ અદત્ત, રાજા અદત્ત અને તીર્થંકર અદત્ત – મહાવ્રતધારી સાધક આ ચારે પ્રકારના અદત્તનો ત્યાગ કરે છે.

જિનેશ્વર કથિત આ ત્રીજું મહાવ્રત પરદ્રવ્યની તૃષ્ણાનો અંત લાવનાર, પાપોને તથા પાપના ફળોને શાંત કરનાર છે, परमसाहुधम्मचरणं – શ્રેષ્ઠ સાધુઓનું ધર્માચરણ છે, પરમ ઉત્તમ ધર્માચરણ છે. સૂક્ષ્મતાથી અચૌર્ય મહાવ્રતનું સ્વરૂપ દર્શાવતાં શાસ્ત્રકાર કહે

છે કે તપમાં, વ્રતમાં, મહાવ્રતમાં, સાધુ વેશ મર્યાદામાં, સાધ્વાચારમાં અને ભાવશુદ્ધિમાં ઉપેક્ષા કરતા હોય તો તે તેનો ચોર કહેવાય છે માટે તેવા દોષોથી બચવા અને ગુણવૃદ્ધિના કારણરૂપ અચૌર્ય મહાવ્રતની પરિપૂર્ણતા માટે પાંચ ભાવનાઓનું નિરૂપણ કર્યું છે.

૧. **નિર્દોષ યાચિત સ્થાનક:** સાધુ નિર્દોષ સ્થાનમાં તેના માલિકની આજ્ઞા લઈને નિવાસ કરે, જ્યાં સચિત્ત પાણી, માટી, બીજ, લીલોતરી ન હોય; કીડી, મંકોડા આદિ ત્રસ જીવોથી રહિત હોય; જેને ગૃહસ્થે પોતાના માટે બનાવેલું હોય; સ્ત્રી, પુરુષ અને નપુંસકના સંસર્ગથી રહિત હોય એવા ઉપાશ્રયમાં સાધુએ રહેવું જોઈએ.

૨. **નિર્દોષ યાચિત સંસ્તારક:** જે સ્થાનમાં સાધુ નિવાસ કરે તેમાં જે શય્યા, સંસ્તારકની આવશ્યકતા હોય તે નિર્દોષ અને યાચિત હોય તેનો જ ઉપયોગ કરે. ઉપાશ્રયની અનુજ્ઞા લઈ લેવા છતાં ઉપાશ્રયની અંદરથી ઘાસ આદિ લેવું હોય તો તેને માટે પૃથક્ આજ્ઞા પ્રાપ્ત કરવી જોઈએ.

૩. **શય્યા પરિકર્મ વર્જન:** સાધુ જે સ્થાનમાં નિવાસ કરે તેમાં પોતાની અનુકૂળતા માટે કોઈ પણ પ્રકારનો ફેરફાર ન કરાવે, કે ન કરે. પાટ-પાટલા આદિને નાના-મોટા, ઊંચા કે નીચા કરાવવા, બારી-બારણામાં ફેરફાર કરાવવો, ડાંસ મચ્છરાદિ માટે જાળી નંખાવવી વગેરે પ્રવૃત્તિ શય્યાપરિકર્મ કહેવાય છે. સાધુ તેનો ત્યાગ કરે.

૪. **સાધર્મિક સંવિભાગ:** ભિક્ષા વિધિથી પ્રાપ્ત થયેલો નિર્દોષ આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર આદિ કોઈપણ ઉપધિમાં સાધુ સાધર્મિકનો સંવિભાગ કરીને ભોગવે. સાધુ કપટપૂર્વક શ્રેષ્ઠ વસ્તુને ભોગવી લેવાની વૃત્તિ ન રાખે કારણ કે આ પ્રકારની વૃત્તિ એક પ્રકારની ચોરી છે.

૫. **સાધર્મિક વિનય:** विणओ वि तवो, तवो वि धम्मो, तम्हा विणओ पउंजियव्वो – વિનય પણ તપ છે અને તપ પણ ધર્મ છે માટે સાધુ વિનયનું આચરણ કરે. સાધર્મિક સાધુઓમાં કોઈ ગ્લાન, વૃદ્ધ, તપસ્વી આદિ હોય તો આવશ્યકતાનુસાર વિનયપૂર્વક તેની સેવા કરે. તે ઉપરાંત સમાચારીનું પાલન, આહારાદિનું કે જ્ઞાનનું આદાન પ્રદાન વિનયપૂર્વક કરે.

પરદ્રવ્ય હરણ વિરમણ વ્રતમાં 'અદત્તાદાન' – 'ચોરી'નો અર્થ વ્યાપક છે. કેવળ કોઈ અદત્ત વસ્તુને ગ્રહણ કરવી તે જ ચોરી નથી પરંતુ તેના સ્થાનમાં પૂછ્યા વિના રહેવું, અન્યના પ્રાણ હરણ કરવા, સાધર્મિકો સાથેના કોઈપણ વ્યવહારમાં કપટવૃત્તિ રાખવી વગેરે પ્રવૃત્તિ પણ એક પ્રકારની ચોરી છે. આ વિષયની પૂર્ણ સૂક્ષ્મતા અને વિશાળતાને સમજીને પરિપૂર્ણ સાવધાની સાથે પાંચ ભાવનાને સાથે લઈને અસ્તેય મહાવ્રતનું મન, વચન, કાયાથી પાલન કરવું તે જ સાધુનો પરમ ધર્મ છે. આવી પાંચ ભાવનાથી ભાવિત અંતઃકરણવાળા સાધુ હંમેશાં દુર્ગતિના કારણભૂત પાપકર્મ કરવા કરાવવાથી વિરલ હોય છે, દત્ત અને અનુજ્ઞાત અવગ્રહની રુચિયુક્ત હોય છે.

૪. ચોથા બ્રહ્મચર્ય મહાવ્રતની પાંચ ભાવના

પાંચેય ઈન્દ્રિયોના વિષયભોગની આસક્તિનો ત્યાગ કરવો તે બ્રહ્મચર્ય છે. तं बभं भगवतं – તે બ્રહ્મચર્ય ભગવાન છે. तवेसु वा उत्तम बंभचेरं – સર્વ તપોમાં ઉત્તમ બ્રહ્મચર્ય વ્રત છે. सव्व जगुत्तम मंगलं मग्गं – સર્વ જગતમાં ઉત્તમ મંગલમાર્ગ છે. મોક્ષમાર્ગના મુગટ સમાન બ્રહ્મચર્ય મહાવ્રત गुणणायगमेक्कं – સર્વ ગુણોનો અદ્વિતીય નાયક છે. બ્રહ્મચર્ય જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વિનય, સમ્યક્ત્વ આદિ ગુણોનું મૂળ છે. જે ભવ્યજન બ્રહ્મચર્ય મહાવ્રતનું આરાધન-પાલન કરે છે તે શંકારહિત હોય છે. અર્થાત્ બ્રહ્મચારી પુરુષ વિષયો પ્રતિ નિઃસ્પૃહ હોવાથી, લોકો તેના માટે શંકાશીલ રહેતા નથી. અશંકનીય હોવાથી બ્રહ્મચારી નિર્ભય રહે છે.

બ્રહ્મચર્ય મહાવ્રત ધર્મની પાળી સમાન છે અર્થાત્ ધર્મની રક્ષા કરનાર છે, પૈડાની નાભિ સમાન છે, વિશાળ વૃક્ષના થડની સમાન છે. સુરક્ષિત બ્રહ્મચર્યના અલૌકિક તેજથી સાધકની સમગ્ર સાધના તેજોમય બની જાય છે. બ્રહ્મચારી સાધકના ચરણોમાં દેવેન્દ્રો અને નરેન્દ્રો પણ મસ્તક નમાવે છે. દશવૈકાવલિક સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર, પ્રશ્નવ્યાકરણ સૂત્ર આદિ ઘણાં આગમોમાં બ્રહ્મચર્ય વ્રતની મહિમાનું વર્ણન છે. એવા મૈથુન વિરમણ વ્રતની પુષ્ટિ કરવા માટે સૂત્રકારે પાંચ ભાવનાનું કથન કર્યું છે.

૧. **વિવિક્ત શયનાસન:** સાધક જે સ્થાનમાં નિવાસ કરે તે સાધનાને અનુકૂળ હોવું જોઈએ. સ્ત્રી આદિથી સંસક્ત સ્થાન સાધનામાં બાધક બને છે. માટે સ્ત્રીના સંસર્ગના કારણે સંક્લિષ્ટ–સંક્લેશયુક્ત જે સ્થાન હોય તેનો ત્યાગ કરે.

૨. **સ્ત્રીકથા ત્યાગ:** બ્રહ્મચારી સાધક સ્ત્રીઓ સંબંધી કામુક ચેષ્ટાઓના વિલાસ, હાસ્ય આદિ; સ્ત્રીઓની વેશભૂષા આદિ; તેના રૂપ, સૌંદર્ય, જાતિ, કુળ, ભેદ-પ્રભેદ તથા વિવાહ આદિ સંબંધિત વાતો ન કરે. આ પ્રકારની વાતો પણ મોહજનક હોય છે. જે તપ-સંયમ તથા બ્રહ્મચર્યનો ઘાત-ઉપઘાત કરનારી હોય છે માટે તેનો ત્યાગ કરે.

૩. **સ્ત્રી રૂપદર્શન ત્યાગ:** ત્રીજી ભાવનાનો સંબંધ મુખ્યતઃ ચક્ષુઇન્દ્રિયની સાથે છે. જે દૃશ્ય-કામ-રાગને વધારનાર હોય, મોહજનક હોય, આસક્તિ જગાડનાર હોય તેવા દૃશ્યનું બ્રહ્મચારી પુરુષ દર્શન ન કરે. સ્ત્રીઓનું હાસ્ય, વાતચીત, વિલાસ, ક્રીડા, નાચ, શરીર, આકૃતિ, રૂપ, રંગ, હાથ-પગ, આંખ-લાવણ્ય, યૌવન આદિ ઉપર બ્રહ્મચારી પુરુષ નજર ન કરે. સૂર્યની સન્મુખ દૃષ્ટિ

પડતાં જ તુરત તેને દૂર કરી લેવાય છે, તે જ રીતે ઉપરોક્ત દૃશ્ય પર દૃષ્ટિ પડી જાય તોપણ તુરત તેને દૂર કરી લે. દશવૈકાલિક સૂત્રના અધ્યયન ૮-૫૫મી ગાથામાં પણ કહે છે, 'સાધુ સ્ત્રીઓનું ચિત્ર પણ જુએ નહિ.'

૪. **પૂર્વના ભોગ સ્મરણો ત્યાગ:** ગૃહસ્થાવસ્થામાં–પૂર્વે કરેલ ભોગનું સ્મરણ ચિત્તને ચંચળ કે સંભ્રાન્ત બનાવે છે, સાધક પોતાની વર્તમાનની સાધકાવસ્થાને ભૂલી જાય છે. આ પ્રકારની સ્થિતિ સંયમ ઘાતક છે, તેથી તેનો ત્યાગ કરે.

૫. **સ્નિગ્ધ-સુંદર ભોજન ત્યાગ:** આહાર અને વાસનાને ગાઢ સંબંધ છે તેથી અત્યંત ગરિષ્ટ આહાર, ઈન્દ્રિયોને અનિયંત્રિત બનાવે તેવો આહાર કે પ્રચુર માત્રાનો આહાર બ્રહ્મચારી માટે સર્વથા વર્જ્ય છે. સાધક નીરસ, લુખો–સૂકો અને સાત્વિક આહાર કરે. બ્રહ્મચારીએ હિતકારી ભોજન સાથે પરિમિત ભોજન જ કરવું જોઈએ અને તે પણ નિરંતર નહીં, પ્રતિદિન નહીં અર્થાત્ વચ્ચે-વચ્ચે અનશન, ઊણોદરી આદિ તપની આરાધના કરવી જોઈએ.

સાધક આ પાંચ ભાવનાઓનું સમ્યક્ પ્રકારે પાલન કરી ઈન્દ્રિયોના વિષયથી વિરક્ત, જિતેન્દ્રિય અને બ્રહ્મચર્યથી ગુપ્ત-સુરક્ષિત બને છે. આ પાંચ ભાવનાના માધ્યમથી સાધકને સંયમિત અને નિયમિત બનવાનું સૂચન છે, વાસનાના સંસ્કારને ઉત્તેજિત કરનાર પ્રવૃત્તિનો ત્યાગ છે. અનાદિકાળના પૌદ્ગલિક પદાર્થના આકર્ષણનો ત્યાગ કરી સુસાધુ અંતર્મુખ બને અને આત્મભાવમાં તલ્લીન રહે, તે જ મહાવ્રતની સાધનામાં સફળ થઈ શકે છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં પણ બ્રહ્મચર્યની રક્ષા માટે નવ વાડનું પ્રતિપાદન કર્યું છે. આ પાંચ ભાવનાથી ભાવિત કરવારૂપ આચરણથી બ્રહ્મચર્ય-વ્રત અક્ષુણ્ણ રહી શકે છે, પૂર્ણ શુદ્ધ રહે છે.

અહીં સાધ્વીજીઓ માટે પુરુષ સંબંધી કથા આદિનો ત્યાગ સમજવો.)

૫. પાંચમા અપરિગ્રહ મહાવ્રતની પાંચ ભાવના

દ્રવ્યથી આરંભ પરિગ્રહના ત્યાગી અને ભાવથી ચારે કષાયના ત્યાગી શ્રમણ પરિગ્રહ ત્યાગી કહેવાય છે. શ્રી પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં અપરિગ્રહને વૃક્ષનું રૂપક આપી અલંકારિક ભાષામાં પ્રસ્તુત કર્યું છે, જે અપરિગ્રહ મહાવ્રતની મહત્તા દર્શાવે છે. સમ્યક્દર્શન તેનું વિશુદ્ધ મૂળ છે. ચિત્તની સ્થિરતા તેનું કેન્દ્ર છે. વિનયરૂપ વેદિકા-આજુબાજુનું પરિકર છે. ત્રણે લોકમાં ફેલાયેલ વિપુલયશ તેનું સઘન, મહાન અને સુનિર્મિત સ્કંધ છે. પાંચ મહાવ્રત તેની વિશાળ શાખાઓ છે. અનિત્યતા, અશરણ વિગેરે ભાવનાઓ તેની ત્વચા છે. તે ધર્મધ્યાન, શુભયોગ તથા જ્ઞાનરૂપી પલ્લવોના અંકુરોને ધારણ કરનાર છે. અનેક ઉત્તર ગુણરૂપી ફૂલોથી એ સમૃદ્ધ છે. તે શીલની સૌરભથી ભરપૂર છે અને તે સૌરભ ઐહિક ફળની વાંછનાથી રહિત સાત્વિક વૃત્તિરૂપ છે. આ વૃક્ષ અનાશ્રવ-કર્માશ્રવના નિરોધરૂપ ફળ યુક્ત છે. મોક્ષ જ તેનો ઉત્તમ બીજસાર છે.

સાધુના સમગ્ર આચરણનો સાર પરિગ્રહ વિરમણ વ્રતમાં સમાવિષ્ટ થઈ જાય છે. સાધુ કોઈપણ ક્ષેત્રમાં હોય, કોઈપણ કાળમાં હોય કે કોઈપણ પરિસ્થિતિમાં હોય, આહાર, પાણી કે ઔષધિનો સંચય ન કરે. (પ્રશ્નવ્યાકરણ સૂત્ર શ્રુત-સ્કંધ-૨/અધ્યયન-૫). દશવૈકાલિક સૂત્રના અધ્યયન-૮ની ૨૪મી ગાથામાં પણ શાસ્ત્રકાર કહે છે કે 'સાધુ અણુમાત્રનો સંચય કરે નહિ.' પરિગ્રહ ત્યાગની આ ઉચ્ચત્તમ અવસ્થા છે. અપરિગ્રહ મહાવ્રતના આરાધક ભવિષ્યની આંશિક પણ ચિંતા કે વિકલ્પ કરતા નથી. જ્યારે જે પ્રાપ્ત થાય તે અમૂર્છિત ભાવે ભોગવે. પદાર્થની મૂર્ચ્છા જ અનેક અનર્થોનું સર્જન કરે છે. પ્રાપ્ત થયેલ પદાર્થો પ્રત્યે પણ જો મમત્વભાવ ઉત્પન્ન થાય તો એ પદાર્થ પરિગ્રહ બની જાય છે. માટે रागदोसरहियं परिहरियव्वं – રાગદ્વેષથી રહિત થઈને તેનો ઉપયોગ કરવો જોઈએ.

સંપૂર્ણ અકિંચન વૃત્તિને ધારણ કરવા મૂર્ચ્છા કે આસક્તિના સ્થાનરૂપ પાંચ ઈન્દ્રિયોના વિષયોનો ત્યાગ આવશ્યક બને છે. તેથી પાંચ ભાવનાના રૂપમાં પાંચે ઈન્દ્રિયનો સંયમ કે નિગ્રહ કરવાનું સૂચન શાસ્ત્રકાર કહે છે.

૧. શ્રોતેન્દ્રિય સંવર: મનોજ્ઞ વાજીંત્રોના ધ્વનિ; મનગમતી વ્યક્તિનું હાસ્ય, વાતો; મધુર કે સુંદર શબ્દો સાંભળી તેમાં આસક્ત થવું નહીં; રાગ કરવો નહીં. અપ્રાપ્તની અવસ્થામાં પ્રાપ્તિની અપેક્ષા કરવી નહીં. આવા શબ્દોને યાદ કરવા નહીં કે વિચાર પણ કરવો નહીં.

તે સિવાય કોઈના આક્રોશ વચન, કઠોર વચન, નિંદા, અપમાન, ક્રોધયુક્ત વચન કે કોઈના વિલાપજનિત શબ્દો વિગેરે અમનોજ્ઞ કે અભદ્ર શબ્દોમાં સાધુએ રોષ કરવો નહીં, માનવ-મેદની સમક્ષ તેને ખરાબ કહેવા નહીં.

૨. ચક્ષુરિન્દ્રિય સંયમ: આંખને કે મનને અતિ આનંદ ઉત્પન્ન કરનારા દ્રવ્યોના રૂપોને જોઈને રાગ કરે નહીં, દર્શનીય રૂપમાં અનુરક્ત બને નહીં, તેનું સ્મરણ કે વિચાર પણ કરે નહીં.

તે સિવાય કોઈ વિધિ કે રોગથી પીડિતને જોઈને, વિકૃત મૃતક ક્લેવરોને જોઈને, કણસતી કીડાયુક્ત સડેલ-ગળેલ દ્રવ્યરાશિને જોઈને કે અન્ય અમનોજ્ઞ કે પાપકારી રૂપોને જોઈને સાધુ તેના પ્રતિ રૃષ્ટ થાય નહીં કે જુગુપ્સા કે ઘૃણા પણ ઉત્પન્ન કરે નહીં.

૩. ઘ્રાણેન્દ્રિય સંયમ: સરસ પુષ્પ, ફળ, ભોજન આદિ મનોહર, નાકને પ્રિય લાગે તેવી સુગંધના વિષયમાં મુનિએ આસક્ત થવું નહીં.

તેવી જ રીતે મૃત પ્રાણીના સડેલાં કલેવરોમાંથી આવતી દુર્ગંધ, અથવા બીજી અમનોજ્ઞ દુર્ગંધોના વિષયોમાં સાધુ રોષ કરે નહીં, ઈન્દ્રિયોને વશમાં રાખીને ધર્મનું આચરણ કરે.

૩. **રસનેન્દ્રિય સંયમ :** અનેક પ્રકારના મનોજ્ઞ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી યુક્ત ભોજનમાં કે અન્ય લોભાવનાર રસોમાં કે સ્વાદમાં મુનિ લુબ્ધ થાય નહીં.

તેવી જ રીતે રસનેન્દ્રિયથી અમનોજ્ઞ રસોનો આસ્વાદ કરીને; નીરસ, ઠંડા, સૂકા આદિ આહારમાં સાધુ રોષ કરે નહીં.

૫. સ્પર્શેન્દ્રિય સંયમ : શરીરને સુખ અને મનને આનંદ દેનાર હોય એવા સર્વ સ્પર્શોમાં મુગ્ધ બને નહીં, પોતાના અને પારકાના હિતનો વિઘાત કરે નહીં, તેમાં સંતોષની અનુભૂતિ કરે નહીં.

તેમ જ વધ, બંધન, તાડન, પ્રહાર, છેદન, ભેદન, કર્કશ, કઠોર, ઠંડો, ગરમ, રુક્ષ, ડંસ આદિ અશુભ સ્પર્શોમાં સાધુ રૂષ્ટ બને નહીં, તેની અવહેલના, નિંદા, ગર્હા કરે નહીં. અશુભ સ્પર્શવાળા દ્રવ્યની કાપકૂપ કરે નહીં, નાશ કરે નહીં.

આ પાંચે ભાવનાથી ભાવિત ભવ્યાત્મા પાંચે ઈન્દ્રિયોનો નિગ્રહ કરી અપરિગ્રહ મહાવ્રતને પરિપક્વ બનાવે છે. વિષયોની આસક્તિ પદાર્થોના સંગ્રહની વૃત્તિને જન્મ આપે છે તેથી જ અપરિગ્રહ મહાવ્રતની વિશુદ્ધિ માટે પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં રાગ-દ્વેષનો ત્યાગ કરવાનું સૂત્રકારે સૂચન કર્યું છે. નિર્વિષયી બની નિરંજન નિરાહાર બનવાનો આ જ અમોઘ ઉપાય છે.

ઉપસંહાર : મહાવ્રતોનું પાલન તે સાધકોની સાધનાનો પ્રાણ છે. શ્રમણધર્મની કૃતકૃત્યતા પાંચ મહાવ્રતની પચીસ ભાવના સાથે પાલન કરવામાં રહેલી છે. જે પંચ મહાવ્રતધારી સાધુ પચીસ ભાવનાથી સુસજ્જ થઈ સંયમના મેદાનમાં યુદ્ધ કરવા નીકળે છે તે મહાયોદ્ધા અવશ્ય વિજયને વરે છે. એકલી હથેળીથી હાથનું કાર્ય સરતું નથી પણ સાથે પાંચ આંગળીઓ હોય તો જ શક્ય બને છે તેમ મહાવ્રતની સફળતા આ પચીસ ભાવનાઓ પર આધારિત છે.

જ્ઞાનદર્શનયુક્ત આ ભાવનાઓથી કષાયથી નિવૃત્તિ મળે અને જિતેન્દ્રિય બની શકાય છે. ભાવનાના નિમિત્ત વગર વ્રતનું સૂક્ષ્મ રીતે પાલન શક્ય બની શકતું નથી. અહિંસા આદિ વ્રતોના રંગમાં આત્માને રંગી દેનારી આ ભાવના જ છે. મહાવ્રતમાં સ્થિર અને દૃઢ બનાવનારી પચીસ ભાવનાથી ભગવાનની આજ્ઞાની આરાધના કરી ચરમ શરીરી બની શકાય છે. સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થવાનો રામબાણ ઇલાજ આ ભાવનાઓમાં સમાયેલો છે.

પચીસ ભાવનાઓનું ચિંતન અને અનુચિંતન કરી, તેનું સમ્યગ્ આચરણ કરનાર સાધક જ આરાધક બની શાશ્વત સુખને પામી શકે છે.

✷ ✷ ✷

૫/૫, સ્વામી લીલા શાહ સોસાયટી,ગાર્ડન લેન, સંઘાણી એસ્ટેટ,
ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૬.
ટેલિફોન : ૦૨૨ ૨૫૦૦૪૦૧૦.

જેવા ભાવ એવું ભવિષ્ય

(અનુસંધાન પૃષ્ઠ ૬૯ થી ચાલુ)

તિર્યંચપણાના ભવમાંથી નીકળવું બહુ જ મુશ્કેલ છે.

દેવ મરીને દેવ ક્યારેય ન થાય.

મનુષ્ય મરીને મનુષ્ય ક્યારેક જ થાય.

નારકી મરીને નારકી ક્યારેય ન થાય.

તિર્યંચ મરીને તિર્યંચ અનંતકાળ સુધી થાય.

આપણને નાનપણથી કીડી કે મચ્છર ન મરાય, ચોરી કરીએ તો પાપ લાગે, કંદમૂળ ન ખવાય, એવું બધું શીખવાડવામાં આવે છે, પણ ક્યારે 'દંભ ન કરાય', જેવા હોઈએ તેવા જ રહેવાય, એવું શીખવાડવામાં આવતું નથી.

સ્પષ્ટ અને સત્ય જ બોલવું, પારદર્શક રહેવું, એવું ક્યારેય સમજાવવામાં આવતું નથી, જેના કારણે સમાજનો મોટો વર્ગ સારો દેખાવાનો પ્રયત્ન કરે છે પણ સારા બનવા માટે કોઈ પ્રયત્ન થતાં નથી.

એક જ સંકલ્પ કરવાનો છે.

હું જેવો છું એવો જ મારે દેખાવું છે, મારે પારદર્શક રહેવું છે, મારે કોઈના પ્રિય બનવા માટે દંભ કરવો નથી. મારે તો જેવો છું તેવો જ ભગવાન પાસે, ગુરુ પાસે જઈને, એમના પ્રિય બનવું છે. મારે કોઈના ખોટા વખાણ કરી એને મારા બનાવવા નથી. મારે મારા ગુરુ પરમાત્માના બનવું છે.

સંસારમાં તો અનેક પાપો કરીએ છીએ. ધર્મ ક્ષેત્રમાં આવી એકવાર સાચા ધર્મને સમજી લઈએ. કોઈને આર્ટિફિશિયલ સ્માઈલ નહીં,

કોઈના પ્રત્યે આર્ટિફિશિયલ લાગણી નહીં, કોઈ પણ પ્રકારનો આર્ટિફિશિયલ દેખાવ નહીં, કોઈ પણ જાતનું પ્રદર્શન નહીં.

હે પરમાત્મા! હે ગુરુ ભગવંત! હું તમારા દ્વારે આવ્યો છું, જેવો છું, એવો સ્વીકારી લો...!

આ ભવ એ ભવિષ્યનું બીજ છે.

આ ભવમાં સરળ રહ્યાં તો સદ્ગતિ અને દંભ કર્યો તો તિર્યંચ ગતિ!!

આપણું ભવિષ્ય આપણા જ હાથમાં છે. આપણે ક્યાં જવું એ આપણે જ વિચારવાનું છે અને આપણે જ નક્કી કરવાનું છે.

આપણી લાઈફના એક એક દિવસ ખૂબ જ સ્પીડમાં જઈ રહ્યાં છે અને આ ભવમાં વવાતા બીજ જ આવતાં ભવનું સર્જન કરે છે. આ લાઈફમાં જે વાવ્યું હશે એ જ આવતી લાઈફમાં પ્રાપ્ત થશે.

માટે જ, આ ભવ ભવિષ્યનું બીજ છે.

✷ ✷ ✷

ઉદારતાની પરાકાષ્ટાસમું ગીત

☐ આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી મહારાજ

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે;
ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમલમાં, મુજ જીવનનું અર્ધ્ય રહે.

દીન, ક્રૂર ને ધર્મવિહોણાં, દેખી દિલમાં દર્દ રહે,
કરૂણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે.
માર્ગ ભૂલેલા જીવન પથિકને માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું.

ચિત્રભાનુની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે,
વેર ઝેરનાં પાપ તજીને, મંગલ ગીતો એ ગાવે.

ધરતીના આંગણે ખીલેલાં ફૂલની સુગંધ, નદીનો મધુર કલરવ, આકાશનું સૌંદર્ય કે પંખીનું ભાવગીત આજનો માનવી એટલા માટે માણી શકતો નથી કે એનું ચિત્ત સદાય વિટંબણાઓમાં, વૈમનસ્યમાં, વિવાદોમાં ઘેરાયેલું રહે છે. આજનું વિજ્ઞાન શાખ ભરે છે કે જ્યાં સુધી મન, હૃદય, જીવન મંગળમય ભાવનાથી છલકાતું નથી ત્યાં સુધી તે સદાય અધૂરું રહે છે. અતૃપ્ત રહે છે.

એવું નથી કે સૌને જૈન ધર્મ મહાન છે તેમ બોલવાની ટેવ પડી ગઈ છે. સત્ય એ છે કે જૈન ધર્મ પોતાના સત્વ અને તત્ત્વની પીઠિકા પર ટટ્ટાર ઊભો રહીને વિશ્વના પ્રાંગણમાં તેજ નિખારી રહ્યો છે અને એ ઝળાંહળાં થતા તેજના પ્રતાપે સહજપણે બોલી જવાય છે કે જૈન ધર્મ મહાન છે.

યુગોથી દુ:ખમાં ઘેરાયેલા માનવીને ઉગારી લેવા માટે જે ઉન્નતિકારક પંથ બતાવ્યો તેનું નામ છે મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કારુણ્ય ભાવના. આત્માની ઉર્ધ્વગતિ અને જીવનની ઉન્નતિ માટેનો નકશો એટલે આ ચાર ભાવના.

થોડાંક વર્ષો પહેલાં એક સમય એવો હતો કે કોઈ માનવી એકાદ નાનકડું કામ કરી આપે તો પણ તેનો ઉપકાર કોઈ ભૂલતું નહિ. આજે એ સમય છે કે કોઈ માનવી ઘણાં કામ કરી આપે અને એકાદ કામ ન કરે તો આજનો માનવી એના માટે મનમાં વેરનો ડંખ રાખે છે.

કારમી લાલસા માનવીને સદાય અધૈર્ય અને અતૃપ્તિ તરફ દોરી જાય છે. એમાંથી ખૂલે છે વેરનો પંથ. 'વેરનો વિપાક' નામની સરસ કિતાબ ક્યારેક નિરાંતે વાંચી જવા જેવી છે. સમરાદિત્યની સંપૂર્ણ કથામાંથી શીખવા મળે છે કે નાનકડા વેરમાંથી કેટલા ભવ બગડે છે! જૈન ધર્મમાં રત્નસમાન અનેક કથાઓ છે. સતત દોડતી જિંદગીની વચમાં એમાંથી થોડીક કથાઓ વાંચીને મનને પ્રક્ષાલિત કરવાનો પ્રયાસ કરીએ તો આ જિંદગી ધન્ય થઈ જાય તેવું છે.

ક્યારેક જો એવું લાગે કે આ જિંદગીનો થાક લાગે છે, મનની દોડધામથી પણ થાકી જવાયું હોય, ઈચ્છાના વાદળોથી દૂર થવું ગમે તો એકાંત ખૂણામાં બેસીને આ ગીત એકલા એકલા ધીમે ધીમે ગાવા જેવું છે.

જૈન ધર્મનો પાયો ત્યાગ છે. અને જૈન ધર્મનું પરિકર ઉદારતા છે. ગમે તેવા સારા કે ખરાબ, અધમ કે ઉત્તમ, સંત કે શેતાન – આત્માને પોતાની ગોદમાં લેવો અને તેનો ઉદ્ધાર કરવો એ ભાવના જેના પ્રત્યેક અંશમાં છે એ જૈન ધર્મ છે. જૈન ધર્મ શીખવે છે કે ભાવના ભવનાશક છે. મનનું કામ એક લોકર જેવું છે. મન પોતે જ ચાવી બની જાય છે. એ જ મન લોકર ખોલે છે, લોકર બંધ પણ કરે છે.

મનની સારી ભાવનાથી મહાન બની જવાય. સારી ભાવના એટલે શુંના પ્રશ્નમાં અટવાઈ જવાની જરૂર નથી. ઉદારતાના પૂંજ જેવો આ ધર્મ ચાર સારી ભાવના શીખવે છે. તેમાં પ્રથમ છે મૈત્રી ભાવના.

મૈત્રી ભાવનાનું પવિત્ર ઝરણું દિલમાં સતત વહેવું જોઈએ. જ્યારે તે સતત અને અખંડ નદીના ધારા પ્રવાહની જેમ વહેવા માંડશે ત્યારે મનમાં ડંખ નહિ રહે, વેર નહિ રહે, વિરોધ નહિ રહે; સકળ વિશ્વનું એ આપોઆપ શુભ ચિંતવશે.

મૈત્રી જીવનનો ઉત્કર્ષનો પાયો છે.

જે માનવી મૈત્રીથી છલકાય છે તે પ્રમોદ ભાવનાના પંથે ચાલવા માંડે છે.

પ્રમોદ ભાવના એટલે શું? જ્યાં સારું જુએ અને ખુશી પામે તેનું નામ પ્રમોદ ભાવના. જ્યાં ગુણ જુએ ત્યાં ઝૂકે અને અંતરથી નમે. ગુણવાન લોકોના ચરણકમલમાં એ પોતાનું જીવન અર્ધ્યરૂપે ધરી દે. પોતે પણ તેના જેવો જ ગુણવંત બનવા માટે પ્રયત્ન કરે.

જે સાધક ઉન્નતિના પંથે આટલાં પગલાં ચાલે છે તે અહંકાર સાવ છોડી દે છે.

ક્યારેક એવું બને કે જીવનમાં અનેક પ્રકારના લોકોનો ભેટો

થઈ જાય. એ દીન હોય, હિંસક હોય, ધર્મ વિનાનું જીવન જીવતા હોય તો એના તરફ જોઈને મનમાં એમ ન થાય કે આ લોકો કેવા સામાન્ય છે અને હું કેવો મહાન છું!

એ સાધકને તો એમ થાય કે આ આત્માઓ પણ સત્વરે ધર્મના પંથે ચઢે, મોક્ષગામી બને – જ્યારે એમ થતું જોવા ન મળે ત્યારે સાધકના હૃદયમાંથી કરુણાનો સ્રોત વહે. એ જીવો માટે કલ્યાણની ઝંખનાની અખંડ ધારા હૃદયમાં વહેવા માંડે.

આનું નામ છે મધ્યસ્થ ભાવના.

ધર્મના માર્ગે ચાલવા માંડ્યા પછી પાછું વળીને જોવાનું ઉર્ધ્વગમન કરી રહેલો સાધક પોતાની અનેક ભાવશ્રેણીનો સાક્ષી બને છે. અન્યને પણ નિહાળતો રહે છે. કોઈ માર્ગ ભૂલેલો આત્મા મળી જાય તો એને સાચો પંથ બતાવે છે જરૂર, પણ જો સામેની વ્યક્તિ તે પંથે ન ચાલે તો તે તટસ્થ રહે છે.

આ તટસ્થ રહેવું થોડું મુશ્કેલ છે.

પણ આ ક્ષણ જ કટોકટીની છે. સ્વસ્થતા જાળવવી, અંતરથી નિર્લેપ રહેવું અને અન્ય માટેની શુભેચ્છા ક્યારેય ડગવા ન દેવી. એ વિકટ હોવા છતાં સાધકની સાધનાની કસોટી છે. એ ક્ષણે સમતા જાળવી રાખવી તેનું નામ કારુણ્ય ભાવના.

મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કારુણ્ય ભાવનાઓ શીખવતું આ ગીત છે. જેના મન પર આ ભાવનાઓનો સુવર્ણલેપ ચઢી જાય છે તે અંતરમાં ઘૂંટાતા વેર, વિરોધ કે વૈમનસ્યથી સાવ મુક્ત થઈ જાય છે.

સિદ્ધસેન દિવાકરસૂરિજી કે હરિભદ્રસૂરિજી જેવા અલૌકિક વિદ્વાનો જૈન ધર્મની પ્રસંશા કરે છે કે તેની સાધના કરવાનું કહે છે તેનું કારણ એ છે કે જૈન ધર્મ મહાનતાનો આવો પંથ બતાવે છે અને તે પંથે ચાલનારને મહાન બનાવે છે. મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈન કે મહાન નાટ્યકાર બર્નાર્ડ શો જૈન ધર્મની પ્રશંસા એટલા માટે કરે છે કે તેની તાત્ત્વિક ભૂમિકા આ સૌ વિદ્વાનો જાણી ચૂક્યા છે અને તેઓ જાણે છે કે જૈન ધર્મ પોતાના સિદ્ધાંતના બળ પર વ્યક્તિને પરમેષ્ટિ બનાવે છે. આ વિશ્વ પર જેની મહાન પ્રતિભા છવાઈ છે તેવા મહાત્મા ગાંધી જૈન ધર્મના અહિંસા નામના સિદ્ધાંતને એટલા માટે અપનાવી ચૂક્યા છે કે તેમને પ્રતીતિ થઈ છે કે જૈન ધર્મની અહિંસા આઝાદી પણ આપે છે અને ઉન્નતિ પણ આપે છે.

મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કારુણ્ય એ ચાર ભાવના જૈન ધર્મની ઉદારતાની પરાકાષ્ટા છે.

✶ ✶ ✶

ધર્મ ભાવના (અનુસંધાન પૃષ્ટ ૫૯ થી ચાલુ)

જ (મૃત્યુ પામેલા આત્માની) પાછળ પાછળ જાય છે. એટલે પોતાની સહાયતા માટે હંમેશાં ધર્મનો સતત સંચય કરવો જોઈએ.'

બૌધ્ધ ધર્મમાં ધર્મભાવના વિશે જોઈએ તો, 'ધમ્મપદ' (૮૬)માં કહ્યું છે,

'જે લોકો ધર્મને યોગ્ય રીતે સમજે છે, અને તે પ્રમાણે આચરણ કરે છે, તેઓ મૃત્યુના ઘોર કષ્ટથી નિર્ભય બની જાય છે.'

આ ધર્મ વિશે સ્પષ્ટતા કરતાં કહ્યું,

धम्मं चरे सुचरितं, न नं दुच्चरितं चरे ।

धम्म चारी सुखं सेति, अस्मिं, लोके परम्हि च ।।

'મનને વશ કરીને ધર્મને પોતાનું પ્રધાન ધ્યેય બનાવવું જોઈએ અને જગતના તમામ જીવોની સાથે એવો વર્તાવ કરવો, જેવો આપણે આપણા માટે કરતા હોઈએ.'

આ સંદર્ભમાં બૌદ્ધ ધર્મના ધર્મગ્રંથ 'ધમ્મપદ' કહે છે, 'ઉત્તમ ધર્મને નહીં સમજનારી વ્યક્તિના એકસો વર્ષના જીવનની અપેક્ષાએ ઉત્તમ ધર્મને જાણનારા મનુષ્યનો એક દિવસ સારો છે.'

ધર્મનો આવો મહિમા અન્ય ધર્મોએ પણ કર્યો છે. ચીનના કન્ફ્યુશિયસ ધર્મમાં કહ્યું છે, 'જેમ ધનસંપત્તિ ઘરને સુશોભિત કરે છે, એ જ રીતે ધર્મ મનુષ્યને સુશોભિત કરે છે.'

તો યહૂદી ધર્મમાં લખ્યું છે કે, 'ધર્મનું સાચું પાલન કરનારની ધર્મ સદા રક્ષા કરે છે.'

જ્યારે સર્વોચ્ચ ધર્મ વિશે તાઓ ધર્મએ કહ્યું, 'મનુષ્ય નિર્માણ અને સંરક્ષણ કરે, અહંકાર ત્યાગ કરીને કર્મ કરે, ફળની આશા છોડીને કાર્ય કરે અને વિનાશ વિના વિકસિત થાય, એને સર્વોચ્ચ ધર્મ કહેવામાં આવે છે.'

જ્યારે પારસી ધર્મમાં તો કહ્યું છે, 'જેઓ મારા કથન અનુસાર આચરણ નહીં કરે, એમને માટે જીવનના અંતે નર્ક લખેલું છે.'

જાપાનના શિન્તો ધર્મએ અધર્મીઓને અંધ સાથે સરખાવતાં કહ્યું, 'જે લોકો પૃથ્વી પર ધર્મનું આચરણ કરતા નથી, અન્ય લોકોને મદદ કરતા નથી અને પોતાના દિવંગતોનો સ્મરણોત્સવ મનાવતા નથી, એ બધા અંધ છે.'

આ જ રીતે ધર્મના આચરણ અને ધર્મના ફળ વિશે પણ ઘણી વિચારધારા થયેલી છે. એનો મર્મ એટલો જ છે કે ઉમદા આચરણથી ઉત્તમ ધર્મનું પાલન કરવું જોઈએ.

આ રીતે તુલનાત્મક અભ્યાસથી ધર્મ ભાવનામાં જુદા જુદા ધર્મોનો પડતો મંગલ ધ્વનિ સંભળાય છે. વર્તમાન સમયમાં ધર્મોના તુલનાત્મક અભ્યાસનો સવિશેષ મહિમા છે અને એ રીતે એક ધર્મનું બીજા ધર્મ સાથેનું સામ્ય જોઈને મનુષ્યજાતિ પરસ્પર સંપ અને ભાઈચારાથી રહે એવી આની પાછળની ઉમદા ભાવના છે.

✶ ✶ ✶

મૈત્રી આદિ ચાર ભાવનાનું આજના વૈજ્ઞાનિક યુગમાં મહત્ત્વ

☐ પૂજ્ય આચાર્ય શ્રી વિજયનંદિઘોષસૂરિજી મ. સા.

અધ્યાત્મ એ મનનો વિષય છે. અને એ મનમાં જ પાદુર્ભાવ પામે છે. તેમ જ આત્મિક શાંતિનો સ્રોત પણ આપણું મન જ છે. એ મનને કેળવવાનું છે અને એ કેળવવાનું કામ જૈન દર્શનની બાર ભાવના અને તેની પૂર્વભૂમિકા રૂપ મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ રૂપ ચાર ભાવના દ્વારા કરવામાં આવે છે અથવા કરી શકાય છે.

મૈત્રી ભાવના

મૈત્રી શબ્દની વ્યાખ્યા કરતાં સંસ્કૃત સાહિત્યમાં કહ્યું છે કે, परहितचिंता मैत्री... તો શાંતસુધારસમાં શ્રી વિનયવિજયજીએ કહ્યું છે કે, मैत्री परेषां हितचिन्तनम् પારકાના અર્થાત્ અન્ય લોકોના હિતની ચિંતા કરવી, ખેવના કરવી તે મૈત્રી છે. બીજાના હિતનો વિચાર કોણ કરી શકે? જે પોતાના સ્વાર્થને ગૌણ કરી શકે, તે જ બીજાના હિતનો વિચાર કરી શકે. અનાદિ કાળથી મનુષ્ય માત્ર સ્વકેન્દ્રી અને સ્વાર્થી જ રહ્યો છે. એ સાથે લોભી પણ છે. અનાદિ કાળના આ કુસંસ્કારોથી મુક્ત થવું બહુ જ અઘરું છે. તેને માટે ગુરુભગવંતો કે સજ્જન મહાપુરુષોનો સત્સંગ અનિવાર્ય છે. આ સત્સંગ મૈત્રી ભાવનાના બીજનું આરોપણ કરે છે અને કાળક્રમે તેનું સંવર્ધન પણ કરે છે. આ મૈત્રી ભાવના એ આત્મોન્નતિનું મહત્ત્વનું સાધન છે અને તેના દ્વારા જ આત્માની આધ્યાત્મિક ઉન્નતિનો આરંભ થાય છે. મતલબ કે મૈત્રીભાવ જ અધ્યાત્મનું ઉદ્‌ગમસ્થાન છે. મૈત્રીભાવ વગર આત્માની ઉન્નતિ શક્ય જ નથી. અને જૈન દર્શનની પરિભાષામાં તે સમ્યક્ત્વ પ્રાપ્તિનું મૂળ કારણ છે. અને તે રીતે પ્રમોદ ભાવના, કરુણા ભાવના અને માધ્યસ્થ ભાવના પણ સમ્યક્ત્વ પ્રાપ્તિ માટેની પૂર્વભૂમિકાનું નિર્માણ કરી આપે છે અને તે દૃષ્ટિએ મૈત્રી આદિ ચાર ભાવનાનું જૈન પરંપરામાં વિશેષ મહત્ત્વ છે. સમ્યક્ત્વ પ્રાપ્તિ પછી અનિત્યાદિ બાર ભાવના ભાવવાની હોય છે, તે દ્વારા આત્માનું કલ્યાણ કરવામાં આવે છે.

સામાજિક રીતે અન્ય લોકોનું હિત એટલે તેને આવશ્યક ચીજ વસ્તુઓની પ્રાપ્તિ કરાવવાનો કે આર્થિક અથવા સામાજિક રીતે કોઈ તકલીફમાં હોય તો તે તકલીફ દૂર કરી આપવા માટેનો વિચાર કરવો અથવા તે માટે યોગ્ય સલાહ સૂચન આપવા તે લૌકિક દૃષ્ટિએ મૈત્રી ભાવના કહેવાય છે. એટલું જ નહિ તે માટે પોતાની શક્તિ પ્રમાણે પ્રયત્ન કરવો તે મૈત્રી ભાવનાનું સાકાર સ્વરૂપ કહી શકાય. આ સંસારના વ્યવહારને અનુલક્ષીને બતાવ્યું છે માટે તેને દ્રવ્ય દયા અથવા દ્રવ્ય મૈત્રી કહે છે. અલબત્ત, જૈન દાર્શનિક પરંપરામાં આનું કોઈ વિશેષ મહત્ત્વ નથી.

જૈન દર્શનમાં વિશેષ પ્રકારે આત્માના હિતની વાત કહેલી છે. કોઈ પણ જીવ આ ભવમાં તો દુઃખી ન થવો જોઈએ કે તેને તકલીફ ન થવી જોઈએ પરંતુ દરેક જીવ હવે પછીના ભવમાં પણ નિરંતર સુખી થાય અને તે સુખ અનુભવતા અનુભવતા પરંપરાએ મોક્ષ સુખ પામે અથવા સૌ જીવ મોક્ષ સુખ પામે તેવી ભાવના જ તાત્ત્વિક અને સાત્ત્વિક મૈત્રી ભાવના કહેવાય છે. આ અંગે શાંતસુધારસ નામના સંસ્કૃત કાવ્યમાં કહ્યું છે કે હે જીવ! આ અનાદિ-અનંત સંસારમાં જન્મ-મરણ કરતાં તેં જગતના બધા જ જીવો સાથે કોઈ ને કોઈ સ્વરૂપે સંબંધ બાંધ્યો છે. તેથી જગતના બધાજ જીવો તારા બંધુ-સ્વજન છે. તે કારણથી તારે સર્વ જીવોનું કલ્યાણ થાય, એકેન્દ્રિય વગેરે જીવો ક્યારે પંચેન્દ્રિયપણું પામે, ક્યારે બોધિબીજ પામે અને જલ્દીથી મોક્ષ સુખ પ્રાપ્ત કરે તેવી ભાવના રાખવી અને તે માટે પ્રયત્ન પણ કરવો. મૈત્રી ભાવનાવાળો જીવ પ્રત્યેક જીવના આંતરસુખોના પ્રાગટ્યની ખેવના કરતો હોય છે.

તાત્ત્વિક દૃષ્ટિએ આપણી શુભભાવનાથી જે તે જીવનાં અશુભ કર્મોમાં કોઈ ફરક પડતો નથી. આમ છતાં આપણી શુભભાવનાનું ક્યારેક નિમિત્ત પ્રાપ્ત કરીને જીવ સદ્‌પ્રવૃત્તિ દ્વારા પોતાનાં કર્મોમાં પરિવર્તન અથવા ક્ષયોપશમ કરી શકે છે. તેના કરતાં વધુ મહત્ત્વનું તો એ છે કે આ પ્રકારની શુભ ભાવના કે મૈત્રી ભાવના દ્વારા જીવ પોતાના આત્માનું અહિત થતું રોકી શકે છે. એ માટે પણ મૈત્રી ભાવના આવશ્યક છે. શ્રી ચિત્રભાનુજીએ તેમના ગુજરાતી પદ્યમાં બહુ જ સરસ રીતે મૈત્રી ભાવનાનું હાર્દ વ્યક્ત કર્યું છે.

મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે।
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે।।

પ્રમોદ ભાવના

બીજા ક્રમે પ્રમોદ ભાવના આવે છે. પ્રમોદ એટલે આનંદ પામવો, ખુશ થવું. કઈ બાબતમાં ખુશ થવું તો સંસ્કૃત સાહિત્યમાં કહ્યું છે કે परगुणतुष्टिर्मुदिता – તો શાંતસુધારસમાં શ્રી વિનયવિજયજીએ કહ્યું છે કે भवेत् प्रमोदो गुणपक्षपातः અન્યના ગુણ જોઈને સંતોષ પામવો તે. દા.ત. કોઈ દાન આપે તો તેની પ્રશંસા થાય જ. તું તેના દાનની અનુમોદના કરજે, પરંતુ ઈર્ષ્યા ન કરીશ. કોઈ નિર્વિકાર જીવન જીવે છે અને ઉપકાર કરે છે, તેનું નામ જપીએ તો ય આનંદ થાય. કોઈ મહાપુરુષ સહનશીલતા દ્વારા પોતાના ક્રોધ અને માનનો નાશ કરે છે, આ પ્રકારના સર્વજીવોના ગુણોની પ્રશંસા કરવી અને તેનાથી ખુશ થવું તે પ્રમોદ ભાવના છે.

સામાન્ય રીતે જીવ માત્રમાં અનાદિ કાળથી ઈર્ષ્યા-અદેખાઈનો દુર્ગુણ હોય છે. આ દુર્ગુણ દૂર કરી તેના સ્થાને અન્યના સદ્‌ગુણ, સુખ, આનંદ અને ઐહિક તેમજ આત્મિક ઉન્નતિ જોઈ ખુશ થવું બહુ જ અઘરું છે. આમ છતાં અનાદિ કાળના એ કુસંસ્કારો ભવિતવ્યતા, તથાભવ્યત્વનો પરિપાક, સદ્‌ગુરુના સંયોગ અને તેમની પ્રેરણા વગેરે અનેક નિમિત્તો દ્વારા દૂર થઈ શકે છે. આ પ્રકારનો ગુણ ધરાવનાર વ્યક્તિ સંસ્કૃત સાહિત્યમાં બતાવ્યા પ્રમાણે मनसि वचसि काये, पुण्यपीयूषपूर्णा। परगुणपरमाणून्, पर्यतीकृत्य नित्यं। निजहृदि विकसन्ता सन्ति सन्ता कियन्ता।। મન, વચન અને કાયા ત્રણેમાં એકવાક્યતા હોય, જેવું વિચારે તેવું જ બોલે અને જેવું બોલે તેવું જ કરે. તેવા મહાપુરુષોને સંસ્કૃત સાહિત્યમાં સંત અર્થાત્ સજ્જન કહે છે. આવા સજ્જન મહાપુરુષોના મનમાં શુભભાવ ભર્યા હોય છે. તે અન્યનું ખરાબ કરવાની તો વાત દૂર રહી પણ કોઈનું ખરાબ વિચારી શકતા પણ નથી. આવા સંતો હંમેશા અન્યના નાનાશા ગુણને પણ પર્વત જેવા મોટા કરી વર્ણવે છે. સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવનો સારી રીતે વિકાસ થયો હોય તો જ પ્રમોદ ભાવના આવી શકે છે.

બાકી સામાન્ય મનુષ્ય પોતાની આત્મશ્લાઘા, આત્મપ્રશંસામાંથી જ ઊંચા આવતા નથી ત્યાં અન્યના ગુણોથી ખુશ થવાની વાત જ વિચારી શકાય એમ નથી. અરે! અન્યના ગુણોની પ્રશંસાને પણ તે સહન કરી શકતા નથી. આ અંગે શ્રી ચિત્રભાનુજીએ કહ્યું છે કે–

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે।
એ સંતોના ચરણકમળમાં મુજ જીવનનું અર્ધ્ય રહે।।

કરુણા ભાવના

ત્રીજા ક્રમે કરુણા ભાવના આવે છે. કરુણા માટે સંસ્કૃત સાહિત્યમાં કહ્યું છે કે परदोषविनाशिनी तथा करुणा। અન્યના દોષોને દૂર કરવા રૂપ કરુણા અર્થાત્ જીવદયા એ જૈન દર્શનનો પાયાનો મુખ્ય સિદ્ધાંત છે. તો શાંતસુધારસમાં કહ્યું છે કે कारुण्यमार्तागिरुजां जिहीर्षा इति। અર્થાત્ વિવિધ પ્રકારના દુઃખોથી દુઃખી થયેલ અને રોગી, સુખભંગ થયેલ, ધનહાનિ થયેલ હોય તથા ધર્મવિહીન હોય તેવા જીવો પ્રત્યે દયા રાખવી તે કરુણા. કોઈ પણ દુઃખી જીવ પ્રત્યે મનમાંથી દર્દનો ભાવ ઉત્પન્ન થવો તે કરુણા કહેવાય છે. કરુણાને અનુકંપા પણ કહે છે અને સમ્યક્ત્વના પાંચ લક્ષણો પૈકી અનુકંપા ચોથું લક્ષણ છે. તેથી બાર ભાવનાની પૂર્વભૂમિકારૂપ ચાર ભાવનામાં કરુણાને સ્થાન આપવામાં આવ્યું છે. આજના કાળમાં મનુષ્ય સંવેદનાહીન બની ગયો છે. પરિણામે તેનામાં કરુણા અર્થાત્ જીવદયા – અનુકંપા રહી નથી. જો મનુષ્ય દરેક જીવમાં આત્મભાવ અનુભવે તો કરુણા આપોઆપ પ્રગટ થયા વિના રહે નહિ.

શ્રી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે सव्वभूयप्पभूयेषु તો ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે आत्मवत् सर्वभूतेषु – પોતાના આત્મા જેવો જ બીજાનો આત્મા છે. મને જે ગમે તે બીજાને પણ ગમે છે અને મને જે નથી ગમતું તે બીજાને પણ નથી ગમતું. દા.ત. મને જીવવું ગમે છે તેમ દરેક જીવને જીવવું ગમે છે. જેમ મને દુઃખ નથી ગમતું તેમ બીજાને પણ દુઃખ નથી ગમતું. મને જેમ સુખ ગમે છે તેમ સૌને સુખ ગમે છે. આ રીતે તેને અન્ય જીવો પ્રત્યે કરુણા પેદા થાય છે. આ કરુણા શરૂઆતમાં પોતાના સ્વજન સંબંધી અંગે પેદા થાય છે અને ત્યાર બાદ તેનો વિસ્તાર થતાં દરેક મનુષ્ય પ્રત્યે કરુણા પેદા થાય છે. છેવટે મનુષ્યેતર અન્ય પ્રાણીઓ જેવાં કે બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય પશુ-પક્ષી વગેરે તથા નરકના જીવો અને તેથીય આગળ વધીને સ્થાવર જીવો વનસ્પતિ, પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાયુકાયના જીવો પ્રત્યે પણ કરુણા પેદા થાય છે. તો ક્યારેક કોઈક જીવમાં ઉચ્ચ કક્ષાની કરુણાનો પાદુર્ભાવ થાય તો તેનાથી તીર્થંકર નામકર્મ બંધાય છે. આવી ઉચ્ચ કક્ષાની કરુણામાં તે જીવ દરેક જીવને મોક્ષ પ્રાપ્ત કરાવવાની ભાવના ભાવે છે. પંડિતશ્રી રૂપવિજયજીએ સ્નાત્રપૂજામાં કહ્યું છે કે–

જો હોતે મુજ શક્તિ ઈસી, સવિ જીવ કરુ શાસનરસી।

આ કરુણા ભાવના જ જિનશાસનનું હાર્દ છે. તે માટે શ્રી ચિત્રભાનુજીએ કહ્યું છે કે–

દીન,ક્રૂર ને ધર્મવિહોણા, દેખી દિલમાં દર્દ રહે।
કરુણાભીની આંખોમાંથી અશ્રુનો સ્રોત વહે।।

માધ્યસ્થ ભાવના

ચોથા ક્રમે માધ્યસ્થ ભાવના આવે છે. માધ્યસ્થ એટલે તટસ્થતા અર્થાત્ સમતા. આ ભાવનામાં રાગ અને દ્વેષ બંને સમપ્રમાણમાં હોય છે અથવા ન તો રાગ વધુ હોય છે કે દ્વેષ વધુ હોય છે. આ ભાવનાને ઉપેક્ષા ભાવના પણ કહેવામાં આવે છે. સંસ્કૃત સાહિત્યમાં કહ્યું છે કે परदोषोपेक्षणं उपेक्षा। અન્યના દોષોની ઉપેક્ષા કરવી, તેને મહત્ત્વ ન આપવું, તો શાંતસુધારસમાં કહ્યું છે કે उपेक्षणं दुष्टधियामुपेक्षा। અર્થાત્ અન્યના ધનની ચોરી કરનાર, પરસ્ત્રીનું સેવન કરનાર, હિંસા અને અન્યાયનું આચરણ કરનાર એવા દુષ્ટ બુદ્ધિવાળાની ઉપેક્ષા કરવી કારણ કે આવા લોકો ઉપદેશને યોગ્ય નથી. જો વ્યક્તિમાં ઉદાસીનતા અર્થાત્ ઔદાસીન્ય ભાવ હોય તો માધ્યસ્થ ભાવના તેના માટે સહજ સાધ્ય બની જાય છે.

સમાજમાં સજ્જન મનુષ્યો કરતાં દુર્જન મનુષ્યોની સંખ્યા વધારે છે. તે કારણે દુર્જનોના હિતની ચિંતા સજ્જન મહાપુરુષો તેના માટે વધારે પ્રયત્ન કરે છે ત્યારે કોઈક જ તે પ્રયત્નોને હકારાત્મક રીતે ગ્રહણ કરે છે. બાકી બહુધા તે દુર્જનોને સજ્જન પુરુષો દ્વારા કરવામાં આવેલ પરોપકારમાં પણ સ્વાર્થની ગંધ આવે છે અને તે દુર્જનો એમ જ માને છે કે જગતમાં કોઈ નિઃસ્વાર્થભાવે કાર્ય કરતું નથી. આ પરિસ્થિતિમાં સજ્જનો તે દુર્જનોને સુધારવા માટે ગમે તેટલા પ્રયત્ન કરે તો પણ તે જીવની ભવિતવ્યતા જે એવા પ્રકારની

હોય, કાં તો તે અભવ્ય હોય તો તીર્થંકર પરમાત્માનો ઉપદેશ પણ તેમનું કલ્યાણ કરવા સમર્થ બનતો નથી તો આપણા જેવા સામાન્ય મનુષ્યના પ્રયત્નો ક્યાંથી સફળ થાય? આમ જ્યારે તે સફળ થતા નથી ત્યારે સજ્જનો દુ:ખી થાય છે. તે સંજોગોમાં શાસ્ત્રકાર ભગવંતો સજ્જનોને માધ્યસ્થ ભાવ અર્થાત્ સમતા રાખવા કહે છે. અને આ સમતા જ વસ્તુતઃ સમ્યક્ત્વ છે. જ્યાં સમભાવ હોય ત્યાં જ સમ્યક્ત્વ હોવાનો સંભવ છે. ત્યાં જ સાધુપણું હોય છે. શ્રી કલ્પસૂત્રમાં છેલ્લે સમાચારીમાં કહ્યું છે કે समयाए समणो होइ। તો શ્રી આચારાંગ સૂત્રના પાંચમા લોકસાર અધ્યયનમાં કહ્યું છે કે जं सम्मंति पासहा, तं मोणंति पासहा। जं मोणंति पासहा, तं सम्मंति।। મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે પણ જ્ઞાનસાર અષ્ટકમાં આ જ વાત બતાવતાં કહ્યું છે કે – सम्यक्त्वमेव तन्मौन, मौनं सम्यक्त्वमेव च।

આ ભાવના અંગે શ્રી ચિત્રભાનુજીએ ગુજરાતી પદ્યમાં કહ્યું છે કે–

મારગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું।
કરે ઉપેક્ષા એ મારગની તો યે સમતા ચિત્ત ધરું।।

મૈત્રી ભાવના દ્વારા અન્યનું આત્મિક અથવા આધ્યાત્મિક હિત કરવાની માત્ર ભાવના ભાવવાની નથી. એ સાથે એને યોગ્ય પ્રયત્ન કે પુરુષાર્થ પણ કરવો જોઈએ. તે પૂર્વે સામેની વ્યક્તિના ગુણોની અનુમોદના પણ કરવી જરૂરી છે. જો આપણે તેના અદ્‌ભુત ગુણોની અનુમોદના કરીએ તો તેનો આપણા પ્રત્યેનો દુર્ભાવ દૂર થાય છે અને આદર પેદા થાય છે. પરિણામે આપણે જે કોઈ તેને સલાહ કે માર્ગદર્શન આપીએ તેને તે અનુસરવા તત્પર બને છે. અને કરુણાથી પ્રેરાઈ આપણે તેને સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવવા માટે અનાદિ કાળની રાગ-દ્વેષની ગ્રંથિને તોડવા પુરુષાર્થ કરવાનો ઉપદેશ આપી આપણા થકી પ્રયાસ કરવામાં આવે તો તે કદાચ સફળ થાય. માટે કરુણા ભાવના ત્રીજા ક્રમે કહી છે. પુરુષાર્થવિહીન કોઈ પણ ભાવના અર્થહીન છે. અને પરોપકારી વ્યક્તિ હંમેશા બીજા ઉપર ઉપકાર કરવા તત્પર જ હોય છે. પરિણામે તેને યોગ્ય પુરુષાર્થ પણ કરે છે. તેમાં તે સજ્જન મહાપુરુષ સફળ ન થાય તો સમતા રાખવાનું માધ્યસ્થ ભાવના જણાવે છે.

આ ચારે ભાવનાથી વાસિત મહાપુરુષ વાસ્તવમાં સમ્યક્ત્વવંત હોવાની સંભાવના હોય છે. કદાચ સમ્યક્ત્વ પ્રાપ્તિ ન થઈ હોય તો તેની પૂર્વભૂમિકારૂપ યથાપ્રવૃત્તિકરણ તો અવશ્ય થયેલ હોય અથવા થતું હોય અને ટૂંક સમયમાં જ સમ્યક્ત્વની પ્રાપ્તિ કરનાર હોઈ શકે.

વર્તમાન કાળે સમાજના મોટાભાગના મનુષ્યો માનસિક તાણ અને અશાંતિ અનુભવે છે. ત્યારે તેઓ ધર્મના શરણે જવાને બદલે માનસિક રોગોના ડૉક્ટર કે મગજના ડૉક્ટર પાસે જાય છે. અને તેઓ મગજની પરિસ્થિતિનો તાગ મેળવવા E.E.G.– Electro Encephelo Graph test કરાવે છે. આ ટેસ્ટમાં ડૉક્ટર વિવિધ પ્રકારના ઇલેક્ટ્રોડ્સ દ્વારા મગજમાં ચાલતા વિચિત્ર પ્રકારના વીજ-ચુંબકીય તરંગોની માહિતી મેળવે છે અને તેના આધારે દર્દીના મનનો તાગ મેળવે છે. તેમાં ચાર પ્રકારના તરંગો જોવા મળે છે. Beta, Alpha, Theta અને / અથવા Delta પ્રકારના તરંગો જોવા મળે છે. તે અનુસાર નિદાન કરી તે માટે યોગ્ય દવા કે સલાહ સૂચન આપે છે.

Beta તરંગોની કંપસંખ્યા ૧૩ થી ૪૦ હટ્‌ર્ઝ હોય છે અને તે ચિંતા, માનસિક તાણ, ડર, અસહિષ્ણુતા, તરંગી સ્વભાવ, કોપની સાથે સંબંધ ધરાવે છે. નબળી તંદુરસ્તી અને નબળી રોગપ્રતિકારક શક્તિનો તે નિર્દેશ કરે છે. તે સાથે નર્વસનેસ, ડિપ્રેશન અને ઉત્સુકતા પણ દર્શાવે છે. મોટા ભાગના લોકો આ Beta કક્ષામાં હોય છે.

Theta તરંગોમાં ૪થી ૭ હટ્‌ર્ઝ કંપસંખ્યા હોય છે. ધ્યાનસ્થ અવસ્થામાં અથવા કોઈક પ્રકારના વિશિષ્ટ કર્મના ક્ષયોપશમ દ્વારા આંતરચક્ષુ ખુલી જાય છે. અંતઃપ્રેરણા દ્વારા કેટલાક પ્રશ્નોનો ઉકેલ પણ આ અવસ્થામાં પ્રાપ્ત થઈ શકે છે. શરીરથી આત્મા તદ્દન ભિન્ન છે તેવી સાક્ષાત્ અનુભૂતિ આ થીટા સ્ટેટમાં થઈ શકે છે. એટલું નહિ વજનવિહીન અવસ્થાનો પણ અનુભવ કરે છે. તથા આ થીટા સ્ટેટમાં વ્યક્તિ સૂક્ષ્મસ્તરે અન્ય વ્યક્તિ સાથે સંપર્ક પણ કરી શકે છે. ટૂંકમાં, આ અવસ્થામાં વિશિષ્ટ લબ્ધિની પ્રાપ્તિની સંભાવના ખૂબ વધી જાય છે.

Delta તરંગોમાં ૦થી ૪ હટ્‌ર્ઝ સુધીની કંપસંખ્યા હોય છે એમ આધુનિક વિજ્ઞાન કહે છે પરંતુ મારું માનવું છે કે ૧ થી ૪ હટ્‌ર્ઝ સુધીની કંપસંખ્યા હોઈ શકે કારણ કે ૦ કંપસંખ્યા મગજની સંપૂર્ણ નિષ્ક્રિયતા દર્શાવે છે. જ્યારે આ અવસ્થા ગાઢ નિદ્રાનો નિર્દેશ કરે છે અને ગાઢ નિદ્રામાં આપણું અજાગ્રત ક્રિયાશીલ હોય છે. ગાઢ નિદ્રામાં સ્વપ્ન આવતા નથી. આ ડેલ્ટા અવસ્થા શરીરમાં રહેલ રોગોના નિવારણ હીલીંગ માટે બહુ મહત્ત્વની છે. રોગપ્રતિકારક શક્તિ વધારવામાં ગાઢ નિદ્રા ખૂબ ઉપયોગી છે. તંદુરસ્તી પાછી મેળવવા ગાઢ નિદ્રા રામબાણ ઈલાજ છે.

આધુનિક વિજ્ઞાન તાણ–માનસિક ચિંતા દૂર કરવા માટે વિવિધ ઉપાયો તથા વિવિધ દવાઓ આપે છે. જ્યારે આ ચારેય ભાવના વગર દવાએ માનસિક શાંતિ આપે છે અને આપણા શરીરને સંપૂર્ણ નિરોગી બનાવવા સમર્થ છે. એટલું જ નહિ આ ચાર ભાવનાના અસલ સંસ્કૃત પદ્યો જે ઉપાધ્યાયશ્રી વિનયવિજયજી મહારાજે રચ્યા છે. તેનું સંગીતના મધુર સૂર સાથેનું ગાન અને શ્રવણ પણ આપણને આ ચાર ભાવનામય બનાવવા સમર્થ છે.

✶ ✶ ✶

અનુપ્રેક્ષા : શુભમાંથી શુદ્ધ તરફ જવાની યાત્રા

□ ગુણવંત બરવાળિયા

[ગુણવંતભાઈ બરવાળિયાએ C.A. સુધી અભ્યાસ કર્યા પછી હાલ ટેક્ષ. ઈન્ડ.માં પ્રવૃત્ત છે. તેમણે સાંઈઠ જેટલાં પુસ્તકોનું સર્જનસંપાદન કર્યું છે. તેઓ જૈન સાહિત્ય જ્ઞાનસત્રોનું આયોજન કરે છે. 'જૈન વિશ્વકોશ', 'જૈન આગમ મિશન' અને કેટલીક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.]

કર્મના બોજથી ભારે બનેલ આત્માને શુદ્ધ અને હળવો બનાવવા પૂર્વાચાર્યોએ આત્મશુદ્ધિની પદ્ધતિઓ બતાવી છે. સર્વપ્રથમ ભાવના પર પૂ. કાર્તિકેયસ્વામીએ ચિંતન કરેલું. મહોપાધ્યાય વિનયવિજયજીએ બાર ભાવના અને ચાર પરાભાવનાનું શાંતસુધારસ રૂપે વિવેચન કરી અને મુમુક્ષુ જીવો પર પરમ ઉપકાર કર્યો છે.

ભાવના એટલે અનુપ્રેક્ષા, અંતરદૃષ્ટિ, આત્મદૃષ્ટિએ જોવાથી અંતરચક્ષુ ખૂલી જાય છે અને આંતરદર્શનથી અધ્યાત્મમાર્ગને નવી દિશા મળે છે.

આપણે સ્વને કદી બરાબર ઓળખ્યો નથી અને પરને પર રૂપે જાણેલ નથી, એ કારણે જ સાચા સુખથી વંચિત રહ્યા છીએ. આપણે જ આપણા ચૈતન્યને કર્મના જાળામાં બંદી બનાવી દીધો છે. કર્મના આવરણથી ઢંકાયેલ આત્મા દેખાય જ નહીં તો તેનો પરિચય કઈ રીતે થાય? જ્ઞાનીઓએ આત્માને કર્મમુક્ત બનાવવાની પ્રક્રિયાને વેગવંત બનાવવા માટે, વૈરાગ્યપૂર્વક બાર ભાવનાઓ બતાવી છે. ધર્મધ્યાન કરવામાં નિમિત્ત, આ ભાવનાઓ, આત્માને સ્વની સાથે એની મૂળ સ્થિતિમાં અનુસંધાન કરાવનાર, આખા જીવનનું પૃથક્કરણ કરે છે. આપણો પોતાનો પર વસ્તુ સાથે સંબંધ કેવો છે અને શા કારણે થયો છે, અને કેટલો વખત ચાલે તેવો છે? તેનું સ્પષ્ટ ભાન કરાવે છે.

આત્મસંમોહન

વ્યક્તિ જેને માટે ભાવના કરે છે, જે અભ્યાસનું સતત પુનરાવર્તન કરે છે તે જ રૂપે તેના સંસ્કારોનું નિર્માણ થાય છે. આ આત્મ-સંમોહનની પ્રક્રિયા છે.

અનુપ્રેક્ષા એટલે ધ્યાનમાં આપણે જે કાંઈ જોયું તેના પરિણામ અંગે વિચાર કરવો અનુનો અર્થ છે પછીથી થનાર, પ્રેક્ષા એટલે વિચાર કરવો.

પંચપરમેષ્ટીના ગુણોનું સતત ચિંતન અનુપ્રેક્ષાથી એ ગુણોનું આપણામાં અવતરણ થાય, એ ગુણો આપણામાં આત્મસાત થાય તેવી પ્રક્રિયા કરાવે છે. જે અભ્યાસનું સતત પુનરાવર્તન કરીએ તેના જેવા થવાય છે. અરિહંત થવા માટે અરિહંતમય બનવું પડે. અશુભ ભાવોમાંથી શુભ ભાવોમાં અને શુભમાંથી શુદ્ધભાવો તરફ જવાની યાત્રા એટલે અનુપ્રેક્ષા.

ધર્મધ્યાનમાં ચાર અનુપ્રેક્ષાઓનો અભ્યાસ કરાય છે.

(૧) એકત્વ અનુપ્રેક્ષા (૨) અનિત્ય અનુપ્રેક્ષા (૩) અશરણ અનુપ્રેક્ષા (૪) સંસાર અનુપ્રેક્ષા.

એકત્વ અનુપ્રેક્ષામાં આપણે એ ચિંતન કરવાનું છે કે, 'હું આ સંસારમાં એકલો આવ્યો છું, એકલો જન્મ્યો છું અને એકલો મૃત્યુ પામવાનો છું.'

માટે હવે હું આ પરસત્યનો સ્વીકાર કરું છું. મારે એકલાએ જ ચાર ગતિ અને ૮૪ લાખ યોનિમાં ભટકવાનું છે, તો શા માટે હું એકલો જ મારું આત્મહિત, મારું આત્મકલ્યાણ ન સાધી લઉં? નમિ રાજર્ષિનો પ્રસંગ આપણે સાંભળ્યો છે. રાણીઓના હાથમાંના કંકણનો અવાજ બંધ થતાં ચિંતિત કરતાં તે કહે છે, એકમાં જ સાચી શાંતિ છે, આ વિચારમાં આત્મ પ્રતિ એકત્વભાવનું ચિંતન અભિપ્રેત છે.

અનિત્ય ભાવના

અનિત્ય ભાવનામાં આપણે ચિંતન કરવાનું કે, શરીર અનિત્ય છે. સાંસારિક સંબંધો અને સગપણો ચિરંજીવ કે શાશ્વત નથી. આત્મિક વસ્તુથી પર સર્વ પૌદ્ગલિક વસ્તુઓ તે સ્વરૂપે અનિત્ય છે. તો તેનું અભિમાન શા કામનું? આપણા જીવનવ્યવહારમાં અનિત્ય અનુપ્રેક્ષા છે.

અષ્ટાપદની રક્ષા કરતાં સાગરચક્રવર્તીના તમામ પુત્રો મૃત્યુ પામ્યા. ત્યારે સાગર આર્તધ્યાનથી પાગલ જેવો થયો. એ સમયે ઈન્દ્ર મહારાજે તેને અનિત્ય ભાવનાની સમજણ આપી શોક દૂર કર્યો હતો.

અશરણ ભાવનામાં અનુપ્રેક્ષા કરવાની છે કે, જીવનને અન્યના આધાર પર ટકવા દેવા જેવું નથી. આધાર, ટેકો કે શરણ આપનારું જ સ્થાયીપણું નથી. અશરણ ભાવના જ આત્મશરણ પ્રતિ જાગૃતિ આણશે. જ્યારે અનાથિમુનિને મહારાજા શ્રેણિક કહે છે કે હું તમને શરણ આપીશ, ત્યારે મુનિ કહે છે, રાજન! તમે પણ

અનાથ છો, ખુદ તમને કોઈનું શરણ નથી તો તમે મને શું શરણ આપશો ?

ચાર શરણાં

વિશ્વનાં ચાર શ્રેષ્ઠ શરણભૂત તત્ત્વો છે-

अरिहंते शरणं पवज्जामि। सिद्धे शरणं पवज्जामि।

साहू शरणं पवज्जामि। केवली पन्नतं धम्मं शरणं पवज्जामि।।

અરિહંત, સિદ્ધ સાધુ અને ધર્મ એ ચાર શરણાં ધારણ કરે તેનું સમગ્ર જીવન મંગલમય થાય છે.

સંસાર ભાવના

વિચારવાનું કે સંસારની વિચિત્ર રચના, કર્મના પ્રકારો, મનોવિકારના આર્વિભાવની ક્ષણે ક્ષણે સ્વાર્થ, રાગદ્વેષની પરિણતી એ સંસાર ભાવનાનું ચિંતન, જીવને વીરાગતા પ્રતિ દોરી જશે.

સંસારના અન્ય પરપદાર્થો અને અન્ય સંબંધોમાંથી સુખ નહીં મળે, સુખ તો આપણા આત્મામાં જ છે.

ભાવનાયોગ વિજ્ઞાન

જૈનભાવના પદ્ધતિને ભાવનાયોગ પણ કહે છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં ભાવના આત્મશુદ્ધિ માટે, આત્માના ઉર્ધ્વગમન માટે આવશ્યક છે. ભાવના મનોવૈજ્ઞાનિક અને શરીરવિજ્ઞાનની દૃષ્ટિએ પણ અગત્યનું સ્થાન ધરાવે છે. નકારાત્મક વિચાર દૂર કરી હકારાત્મક ચિંતન Positive thinking શરીર અને મનને સ્વસ્થ કરે છે.

કોઈ એક રોગી સતત ચિંતન કરે કે હું રોગમુક્ત થઈ રહ્યો છું, તો તે ઝડપથી રોગમુક્ત થશે જ. રશિયામાં પોઝિટીવ થિંકિંગના પ્રયોગ થઈ રહ્યા છે.

અન્યત્વ ભાવનામાં ચિંતન કરવાનું છે કે પોતાના આત્મતત્ત્વ સિવાય તમામ પૌદ્ગલિક વસ્તુઓ આત્માથી પર છે. અન્યત્વ ભાવનાથી સ્વ અને પરની સમજણનો ઉઘાડ થાય છે. પરમાં રાચવું તે અલ્પજ્ઞતા છે. તેનું ભાન થતાં ભવચક્રની ગૂંચવણનો જલ્દીથી નિકાલ થાય છે અને સમજાય કે પરમાંથી સુખ ના મળે. સુખ તો આત્માની અંદર પડેલું છે.

'આનંદ કંદ છે આત્મા, આનંદ એમાંથી મળે,

અન્યે ન વલખા મારતો એ મારવાથી શું વળે?'

મેળવવા જેવું સુખ હોય તો એકમાત્ર આત્માનું જ સુખ છે. પુણ્યના યોગે મળતા સુખમાં પણ રાચવા જેવું નથી. પુણ્યોદય સમાપ્ત થતાં એ સુખ પણ ચાલ્યું જશે. માટે એને સુખ નહીં પણ સુખાભાસ જ કહેવાય. જો રાજવૈભવમાં સુખ હોત તો તીર્થંકર તેને છોડીને જાત નહીં.

જો પત્નીમાં સુખ હોત તો સુરિકંતા તેના પતિને ઝેર ન આપત. જો પુત્રમાં સુખ હોત તો શ્રેણિક મહારાજને કોણિક જેવો પુત્ર ન હોત, જે તેના પિતાને કેદમાં પૂરવા તૈયાર થાય. સત્તામાં જો સુખ હોત તો શુભમ ચક્રવર્તી નરકે ન જાત. માટે જ જ્ઞાનીએ કહ્યું છે કે, સંસારસંબંધો કે અન્યમાં સુખ નથી, સુખ માત્ર આત્મામાં જ છે.

અશુચિ ભાવનામાં આપણે ચિંતન કરવાનું છે કે આ શરીરને આપણે આપણું પોતાનું માન્યું છે, તે તો હાડ, માંસ, લોહી અને ચરબી જેવા પદાર્થોથી ભર્યું છે. વળી તેમાં પારાવાર અશુચિ અને રોગો ભર્યા છે. અશુચિ ભાવના ચિંતનથી, પવિત્ર શુદ્ધ ચૈતન્ય આત્મા પ્રતિ લગાવ વધશે. સનતકુમાર ચક્રવર્તીના જીવનના પલટાતા પ્રવાહોનું નિરીક્ષણ કરવાથી આ ભાવના પુષ્ટ થશે.

આશ્રવ ભાવનામાં અનુપ્રેક્ષા કરવાની કે જ્ઞાનીઓને આ સંસાર ભવ-વન સમાન લાગે છે. આ ભવવનમાં આશ્રવોનાં વાદળોની સતત વર્ષા થતી દેખાય છે એટલે આ સંસાર પરિભ્રમણમાં આત્માને સતત કર્મો ચોંટતા રહે છે. ચિત્તવૃત્તિના સંયોગનું પરિણામ આશ્રવ છે. જ્ઞાનીઓની સૂક્ષ્મ દૃષ્ટિ જીવાત્માને તળાવ રૂપે અને ઝરણાંઓને જમીનમાંથી ફૂટતા પાણીના નાના નાના પ્રવાહને આશ્રવ રૂપે નિહાળે છે.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ આશ્રવનું કારણ છે. આશ્રવ ભાવનાના ચિંતનમાં વિચારવાનું કે મારા પુરુષાર્થ અને સદ્ગુરુની કૃપાથી મિથ્યાત્વનાં વાદળો દૂર થઈ સમ્યક્દર્શનનો સૂર્ય મારા આત્મપ્રદેશને પ્રકાશિત કરે, વિરતિની છત્રી આ આશ્રવના વરસાદથી જીવનું રક્ષણ કરી શકે.

સંવર ભાવના આવતાં કર્મોને અટકાવવા તેનું નામ સંવર છે. પૂજ્ય ઉમાસ્વાતિ મહારાજે તત્ત્વાર્થ સૂત્રના નવમા અધ્યયનમાં આશ્રવ નિરોધને જ સંવર કહેલ છે. નિમિત્તથી કર્મબંધન થાય છે, તે નિર્જરાભાવના છે, તેનો પ્રતિબંધ કરવો એટલે સંવર.

નિર્જરા બે પ્રકારની છે, સકામ અને અકામ. ઈરાદાપૂર્વક કર્મનો જેનાથી ક્ષય થાય તેને સકામ નિર્જરા કહેવામાં આવે છે. બાહ્ય સાથે અભ્યંતર તપથી જે કર્મો ખરી પડે છે તે સકામની કક્ષામાં આવે છે. આપણે ઈરાદાપૂર્વક ત્યાગ કરીએ, સમજીને વસ્તુનો લાભ સુલભ હોય છતાંય મન, વચન અને કાયાના યોગ પર અંકુશ રાખીએ જેથી સકામ નિર્જરા થાય છે. જીવનમાં વ્રત નિયમ દ્વારા, ત્યાગ બુદ્ધિએ ભોગ ઉપભોગનો ત્યાગ કરીએ ત્યારે સકામ નિર્જરા થાય છે. એથી ઊલટું સમજણ કે ઈચ્છા રહિત ત્યાગ કરીએ ત્યારે અકામ નિર્જરા થાય છે. પશુને ખાવાનું ન મળે તો તે ભૂખ-તરસ જાણીબુઝીને સહન કરતાં નથી. તેમનો જે કર્મ ક્ષય

થાય તે અકામ નિર્જરા કહેવાય છે. અહીં 'કામ' શબ્દ માત્ર ક્રિયા પાછળ રહેલા આશય પરત્વે જ છે. સકામ નિર્જરા પુરુષાર્થજન્ય છે. અકામ નિર્જરા તો માત્ર આગંતુક હોઈ સહેજે બની આવે છે. આમ સકામ નિર્જરા માટે અભ્યંતર તપ અનિવાર્ય બની જાય છે.

સમકિતી જીવ, જ્ઞાની સમજણપૂર્વક નિર્જરા કરે તેને સકામ નિર્જરા કહે છે. મિથ્યાત્વી જીવો અકામ નિર્જરા કરે છે, પરંતુ બંનેની કર્મનિર્જરાના પરિણામને સમજવું રસપ્રદ થઈ પડશે. એક વ્યક્તિને શિક્ષા કરવામાં આવી કે તેને આજે જમવાનું આપવામાં આવશે નહીં. મિથ્યાદૃષ્ટિ જીવની ન જમવાને કારણે અકામ નિર્જરા તો થશે, પરંતુ સાથે સાથે તે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરશે. શિક્ષા કરનાર પ્રત્યે દ્વેષભાવ કરશે તેથી તેને કર્મબંધન થશે. જ્યારે સમ્યક્ સન્મુખ જીવ, સામેવાળી વ્યક્તિ પર દ્વેષ કરશે નહીં. પોતાના કર્મને નિમિત્ત ગણી ભૂખ સહન કરી લેશે તેથી તેનાં નવાં કર્મો બંધાશે નહીં.

જ્ઞાનીઓએ કર્મનિર્જરા માટે, અભ્યંતર તપમાં ધ્યાનની વિશિષ્ટતા બતાવી છે. ધ્યાન દ્વારા વ્યક્તિ વર્તમાનમાં જીવવાનો પુરુષાર્થ કરે છે. શરીરના બાહ્ય અને આંતર અંગોની સંવેદના અને સ્પંદનોનું સાક્ષીભાવે નિરીક્ષણ કરે છે. આ પળ જીવન માટે સ્વયં સંવર બની જાય છે. આશ્રવ પ્રવાહ અટકવાને કારણે નવા કર્મ બંધાતા નથી. સંવેદન સાક્ષીભાવે સમતાપૂર્વક વેદાય, તેથી કર્મ-નિર્જરા થાય છે. પૂર્વ સંચિતકર્મોની ઉદીરણા કરે તેની નિર્જરા કરવાના સાધન તરીકે ધ્યાનનો ઉપયોગ થાય છે.

તપને માત્ર દેહદમન નહીં પરંતુ વૃત્તિઓના ઉપશમનના ઉપાય તરીકે સ્વીકારવાનો છે અને લૌકિક મન માટે નહિ પરંતુ પરલૌકિક કે લોકોત્તર રૂપે જે સ્વીકારી શકાય.

પૂર્વાચાર્યોએ બતાવેલી વૈરાગ્યભાવનાઓમાં **મોક્ષભાવના** નામની કોઈ ભાવના નથી, પરંતુ આ નિર્જરા ભાવનામાં જ સંપૂર્ણ રીતે મોક્ષભાવના અભિપ્રેત છે.

લોકસ્વરૂપ ભાવનાનું ચિંતન કરતાં સંસારની વ્યવસ્થા વિચારવી, એના અનેક સ્થાનો સમજી, ત્યાં પ્રાણી આવે છે અને જાય છે. એક ખાડામાંથી બીજામાં પડે છે. લોકસ્વરૂપનું ચિંતન કરતાં બે બાબતોનો વિચાર કરવો જોઈએ. એક, જ્ઞાનીઓ કહે છે કે, આ સંસાર–ચૌદ રાજલોકમાં એવું કોઈ પણ સ્થાન નથી કે જ્યાં આપણો આત્મા જઈ આવ્યો ન હોય. નરક અને તિર્યંચના ભયંકર દુ:ખો અને યાતનાવાળા અનેક સ્થળોએ પણ આ જીવ જઈ આવ્યો છે, અને સ્વર્ગના ભવ્ય દૈવી–સુખોવાળા અનેક સ્થળે પણ આ જીવ જઈ આવ્યો છે, તો વર્તમાનના આ સુખ-દુ:ખ તેની વિસાતમાં કાંઈ નથી તેવું ચિંતવતા વર્તમાનની સ્થિતિનો આપણે સહજ સ્વીકાર કરી શકીશું.

વળી ચૌદરાજલોકની ભવ્યતા, દિવ્યતા અને વિશાળતાનું ચિંતન કરતાં આપણી અહં અને મમ્‌ની દિવાલો તૂટશે.

આ સમગ્ર સંસારમાં કેવી સમૃદ્ધ પ્રતિભાઓ છે, તેની તુલનામાં આપણું સ્થાન ક્યાં છે? તે ચિંતવના કરવાની છે.

ધર્મભાવના

ધર્મચિંતન અનુપ્રેક્ષામાં ધર્મ શું? તે ચિંતવવાનું છે, એનું સ્વરૂપ શું છે? ધર્મ એ વસ્તુનો સ્વભાવ છે. નિમિત્ત અને સંયોગો પરથી દૃષ્ટિ હટાવી અને સ્વભાવ તરફ દૃષ્ટિ રાખવાનો અભ્યાસ ધર્મચિંતન અનુપ્રેક્ષામાં અભિપ્રેત છે.

બોધિદુર્લભ ભાવના

સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શન અને સમ્યક્‌ચારિત્રને સમજવા બહુ મુશ્કેલ છે. સમજવા પછી તેની પ્રાપ્તિ મુશ્કેલ છે. દસ દૃષ્ટાંતે દુર્લભ માનવભવમાં, સાધના દ્વારા બોધિરત્નની પ્રાપ્તિ માટેનું ચિંતન ઉપકારી છે.

આપણા અંતરમનમાં ઘૂંટાતી ભાવના જ આપણી સદ્‌ગતિ કે દુર્ગતિ નક્કી કરે છે.

હવે આપણે એ જોઈએ કે પૂર્વચાર્યોએ પ્રરૂપેલી આ ભાવનાનું ચિંતન કરવાથી શું લાભ થાય? એક તો આપણું વલણ આત્મલક્ષી બનશે અને બીજું, આપણા જીવનની દૃષ્ટિ અને વૃત્તિનું નિરીક્ષણ કરતાં પરિવર્તન જણાશે.

બુદ્ધિ, તર્ક, નિમિત્ત એ સંયોગોથી આપણી પ્રવૃત્તિઓ બદલાયા કરે પરંતુ અનુપ્રેક્ષાથી જીવનમાં સાત્ત્વિકતા અને અનાસક્ત ભાવ ઉજાગર થાય છે. અનુપ્રેક્ષા આપણી વૃત્તિઓને બદલી શકે.

અનુપ્રેક્ષાથી વૃત્તિ બદલીએ

પ્રવૃત્તિનો ક્રિયા સાથે સંબંધ છે, અને વૃત્તિનો સંબંધ ભાવ સાથે છે.

પહેલા ધંધા કરતા હતા, માત્ર ધંધો, ઉદ્યોગ, વ્યવસાય. હવે એ પ્રવૃત્તિ બંધ કરી. સેવાની પ્રવૃત્તિ શરૂ કરી. વૃત્તિ ધંધાની હતી એટલે સેવામાં ધંધો ભળી ગયો. ખબર ન પડે તેમ ધીરે ધીરે સેવાનું વ્યાવસાયીકરણ થઈ ગયું અને ધીરે ધીરે સેવા એ ધંધો થઈ ગયો. પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ તો એની એ જ રહી.

જીવનમાં સંયમનો સ્વીકાર કરવા સન્યસ્ત જીવન સ્વીકારવા દીક્ષા ગ્રહણ કરી. ઘરબાર, ધંધોધાપો, મિત્રો, સ્વજનો છોડ્યા.

પ્રવૃત્તિ બદલાઈ ગઈ.

પુત્ર-પુત્રી, પરિવાર હતા, તેને સ્થાને શિષ્યો-શિષ્યાઓના પરિવાર. માનીતા ભક્તોએ સ્વજનોનું સ્થાન લઈ લીધું. સંસારમાં હતા ત્યારે બંગલા, ફેક્ટરીના નિર્માણ અને વિસ્તારની વાત હતી. હવે મંદિરો, સ્થાનકોના નિર્માણ વિસ્તારની શૃંખલા શરૂ થઈ. આસક્તિના ડેરા-તંબૂ તણાવા લાગ્યા. પસંદગીના ધર્મસ્થાનકો ગમવા લાગ્યા. ત્યાં વધુ રહેવાનું આકર્ષણ થયું. ખાસ

ભક્તોજનોનો સંગ વધ્યો.

પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ ના બદલાઈ. અહીં એકત્વ અનુપ્રેક્ષા જરૂરી છે.

વેપારધંધો કે ઉદ્યોગ સ્વકેન્દ્રની પ્રવૃત્તિ છે. મોટે ભાગે આ પ્રવૃત્તિ આપણા કુટુંબ પરિવારના સ્વહિત માટે, લાભ માટે કરતા હોઈએ છીએ. જ્યારે સેવામાં અન્યના કલ્યાણ અને માંગલ્યની ભાવના ભળેલી છે અને વધુમાં તેમાં સ્વાર્થને બદલે પારમાર્થિક ભાવના કેન્દ્રસ્થાને છે તેથી તે પ્રવૃત્તિમાં સત્ત્વશીલતા છે.

જ્યારે સેવા સંસ્થાના હોદ્દા કે પદ પર મમત્વ જાગે ત્યારે મમ્ અહમ્‌ને પણ ખેંચી લાવશે અને જેવી એ સંસ્થા અને તેના હોદ્દામાં આસક્તિ જાગશે તેવી સત્ત્વશીલતા ખતમ થઈ જશે. સાત્ત્વિકતાનો લોપ થશે. આસક્તિની વૃત્તિ બદલાશે અને અનાસક્ત ભાવ જાગૃત થશે તો જ પ્રવૃત્તિમાં સાત્ત્વિકતા આવશે. પહેલા મારા પરિવારના સ્વજનો–બંગલા પર મોહ, આસક્તિ હતા તેવા જ સંસ્થાના મકાન, સહકાર્યકરો અને પદ પર આસક્તિ છે. સંસ્થામાં દાન કર્યું છે તો ટ્રસ્ટીશીપ તો મળવી જ જોઈએ, અહીં દાન તો થયું પણ ત્યાગ ન થયો.

પ્રવૃત્તિ બદલાઈ પણ વૃત્તિ ન બદલાઈ, દાન દ્વારા લક્ષ્મીનું, પરિગ્રહનું વિસર્જન તો થયું, પણ ત્યાગ વિનાનું દાન એકડા વિનાના મીંડા જેવું છે. દાનની પ્રવૃત્તિમાં ત્યાગની વૃત્તિ ભળે તો કાંચન-મણિ યોગનું સર્જન થાય.

સેવા કરી દાન કર્યું, પછી તમારા હૈયામાં સન્માન, પદ કે શિલાલેખની ભાવના શિલાલેખની જેમ કોતરાઈ જાય તો દાન દ્વારા પરિગ્રહ વિસર્જનની ભાવના અધૂરી રહી. ત્યાગ વિના દાનનું સાફલ્ય નથી. આસક્તિની વૃત્તિ બદલવી પડશે. માત્ર પ્રવૃત્તિ બદલવાથી કલ્યાણ નથી.

જીવનની અંતિમ ક્ષણે ભગવાન મહાવીરે પોતાના પ્રિય શિષ્ય ગૌતમને દૂર મોકલી અળગો કર્યો. અનાસક્ત ભાવ ઉજાગર કરવાની ભાવનાથી પ્રભુએ આમ કર્યું ને તેના પરિણામે જ ગણધર ગૌતમ, કૈવલ્યના અધિકારી બન્યા.

એક સંતે તેના ભક્તજનને કહ્યું, તમને ચા-તમાકુનું વ્યસન છે તે સારું નથી, તેને છોડી દો. થોડા દિવસ પછી પેલો ભક્તજન સંતનાં દર્શને આવ્યો ને કહ્યું, બાપજી, ચા-તમાકુ થોડી દીધાં છે. સંત કહે સારું કર્યું, પણ દિવસમાં ચા-તમાકુ યાદ આવે ત્યારે શું કરો ? ભક્તજને કહ્યું, ચા યાદ આવે ત્યારે કોફી પી લઉં અને તમાકુ યાદ આવે ત્યારે ગુટખા ખાઈ લઉં ! પ્રવૃત્તિ બદલી, વૃત્તિ નહીં.

એક મુનિની પ્રેરણાથી શિક્ષણ સંકુલની સ્થાપના થઈ. મુનિના દસ વર્ષના પ્રચંડ પુરુષાર્થ બાદ સંસ્થા એક આદર્શ સંસ્કારધામ બની. કેટલીક સૈદ્ધાંતિક બાબતોમાં સંચાલકો અને ટ્રસ્ટીઓ સાથે એ જૈનમુનિને મતભેદ થયો. મુનિનું આર્તધ્યાન જોઈ તેમના ગુરુએ કહ્યું, કે આ સંસ્થામાં તું આસક્ત થયો છે. તારું આર્તધ્યાન, રૌદ્રધ્યાન તરફ ઝડપથી જઈ રહ્યું છે. આ સંજોગોમાં તું મૃત્યુ પામે તો આ શિક્ષણ સંકુલમાં સાપ તરીકે જ જન્મે. મુનિને ઝટકો લાગ્યો. પોતાની વૃત્તિ અને પ્રવૃત્તિ પર નિરીક્ષણ કર્યું. આલોચના કરી. આખી રાતના મનોમંથન બાદ ચિત્તમાંથી વિચારોને દૂર કર્યા. વહેલી સવારે સંસ્થાના સ્થાનકમાંથી વિહાર કર્યો. મુનિની જાગૃત ચેતનાના સમ્યક્ પરાક્રમ અને ભાવ ચિંતનથી અહીં પ્રવૃત્તિ સાથે વૃત્તિ બદલાઈ ગઈ. સંસ્થામાંથી મુનિનું મહાભિનિષ્ક્રમણ, નિજી સંયમ જીવનનો મર્યાદા મહોત્સવ હતો.

પ્રસન્નચંદ્ર રાજર્ષિની વાત આપણે સૌ જાણીએ છીએ. રાજા શ્રેણિકને ભગવાન, રાજર્ષિના અંતરમનના ભાવોનું રહસ્યોદ્‌ઘટન કરતા કહે છે કે, રાજર્ષિના યુદ્ધ, હિંસા અને રૌદ્રધ્યાનના ભાવો તેના જીવને સાતમી નર્ક સુધી લઈ જવાની ભૂમિકા બાંધે છે અને તેની આલોચનાના ભાવો–અનુપ્રેક્ષા શુભ્રમાંથી શુદ્ધ તરફની યાત્રાનું પરિણામ તેને કેવલ્યના અધિકારી બનાવે છે.

ધર્મધ્યાનમાં પ્રવેશ કરવા માટે આ બાર ભાવનાનું ચિંતન ભવચક્રના ફેરા ટાળી આત્મા સાથે અનુસંધાન કરાવનાર છે. બાર ભાવના પછી ભાવનાની ક્ષિતિજનો વિસ્તાર જ્ઞાનીઓએ ચાર પરાભાવના દ્વારા કર્યો છે.

મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાનું આચરણ જીવને શિવ બનાવે છે.

આ સૃષ્ટિના તમામ જીવો સાથે મારે મૈત્રી છે, ક્ષમાપના અને મૈત્રીભાવ જૈન દર્શનની વિશ્વને અણમોલ ભેટ છે.

ગુણસ્થાનના ગુણ જોઈ આનંદ થયો અને તે ગુણોની પ્રશંસા કરવી તે પ્રમોદભાવ છે.

એ ભાવના ભાવતાં તેવા જ ગુણોનું આપણામાં અવતરણ થાય. દુઃખી વ્યક્તિનું દુઃખ જોઈ આપણા હૃદયમાં અનુકંપાનું ઝરણું પ્રવાહિત થાય, એનું દર્દ આપણું જ દર્દ છે એવી અનુભૂતિ સાથે તેનું દુઃખ દૂર થાય તેવા ઉપાયો કરવાનું ચિંતન અને પુરુષાર્થમાં કરૂણા **અનુકંપાભાવ** અભિપ્રેત છે.

જ્યાં પોતાનો ઉપાય ન ચાલે, શિખામણ ન ચાલે તેવા મનને આકુળ-વ્યાકુળ કરનારા પ્રસંગોએ, અન્યનું વર્તન ત્રાસ ઉપજાવે તેવું હોય, એ વ્યક્તિ અને બનાવો પ્રત્યે ઉપેક્ષાભાવ રાખી ક્રોધ કર્યા વગર સમતા રાખી શાંત વિચારણા દ્વારા તેનું યોગ્ય સ્થાન સમજવાની ધીરજ તે **માધ્યસ્થભાવ** છે. પાપી પાપ કરે તેની સામે દ્વેષનો ભાવ અને તેના પ્રત્યે કુણી લાગણીનો પણ અભાવ તે માધ્યસ્થભાવ છે.

ભાવનાઓનું ઉગમસ્થાન અંતઃકરણ છે, ચિત્ત છે. ભાવના

વિના ક્રિયા એકડા વિના મીંડાં જેવી છે. ધર્મ અનુષ્ઠાનોની ક્રિયાની પશ્ચાદ્‌ભૂમાં ભૌતિકકામના કે વાંછના સાધના માર્ગને સાચી દિશા ન આપી શકે.

બાહ્યધર્મ ક્રિયા કરી સંતોષ માનવાથી આધ્યાત્મિક અનુષ્ઠાનોનો પૂર્ણ ફાયદો ઉઠાવી શકાશે નહીં. સ્વર્ગ, નર્ક કે મોક્ષનો આધાર મનુષ્યના મન પર છે. ચિત્તમાં–અંતઃકરણમાં ક્રાંતિ જ આત્માને ઉર્ધ્વગમન કરાવી શકે.

મૈત્રી, પ્રમોદ, માધ્યસ્થ અને કરુણા એ ચાર પણ ભાવનાની અનુપ્રેક્ષા આપણને મોક્ષમાર્ગના અધિકારી બનાવી શકે.

આ સોળ ભાવનાઓ જીવનનો આંતરવૈભવ છે. અનુપ્રેક્ષા શુભમાંથી શુદ્ધ તરફ જવાની યાત્રા છે. આ ભાવનાઓથી જીવ શાંતસુધારસનું પાન કરી જીવમાંથી શિવ બનવાના રાજમાર્ગ પ્રતિ જઈ શકે છે.

✱ ✱ ✱

Mobile : 098202 15542.

Email : gunvant.barvalia@gmail.com

સંદર્ભ ગ્રંથ : પૂ. કાર્તિકેયસ્વામી-પૂ. વિનયવિજયજી, પૂ. આ. મહાપ્રજ્ઞજી.

ભાવના વિચાર

ક્રાંતિકારી સંત પૂ. પારસમુનિ મ.સા.

ભાવના એટલે વિચારણા. કોઈપણ વસ્તુના સ્વભાવના સંબંધમાં વિચાર કરી તેનો નિર્ણય કરવો. મન ઉપર તેના નિશ્ચયપણાની સચોટ અસર થવી, જેમકે કોઈ વસ્તુના ઉપર બીજી જુદા સ્વભાવની વસ્તુના પુટ આપવામાં આવે છે, અને તેની એટલી બધી અસર થાય છે કે મૂળ વસ્તુનો સ્વભાવ બદલાઈ જઈ, જે વસ્તુનો પુટ આપવામાં આવ્યો છે તેનો સ્વભાવ તે વસ્તુમાં દાખલ થઈ જાય છે. આનું નામ ભાવના છે.

તેવી જ રીતે અનાદિકાળથી વિવિધ પ્રકારના પુદ્‌ગલોના અનુભવ કરતા રાગદ્વેષ કરવાનો સ્વભાવ મનને પડેલ છે. પુદ્‌ગલોમાં સુખની ભ્રાંતિ થયેલી છે. તે રાગદ્વેષ કરવાનો સ્વભાવ અને સુખની ભ્રાંતિ તેમાં સત્ય શું છે, તેનો ખરો સ્વભાવ શું છે, તેનો વારંવાર મન દ્વારા વિચાર કરી, મન ઉપર તેની સચોટ અસર કરવી, મનના પૂર્વના સ્વભાવને ભૂલી જઈ આ નવીન વિચાર પ્રમાણે જ પોતાનો સ્વભાવ ગ્રહણ કરે એનું નામ ભાવના છે.

ખેડીને સાફ કરેલા ક્ષેત્રમાં બીજ વાવવાથી તે સારી રીતે ઉગી નીકળે છે, અને તે માટે કરેલ પ્રયાસ સફળ થાય છે. અથવા ઘટાદિ કોઈ વાસણ કે પદાર્થ પહેલાં હલકા ગંધવાળા, જેવા કે લસણ, મદિરાદિથી વાસિત (દુર્ગંધવાળા) કરેલ હોય તેમને પાછા સુગંધિત કરવા માટે, ખટાશવાળા કોઈ પણ પદાર્થથી વાસીત કરીને તેમની પૂર્વની દુર્ગંધ કાઢી નાખવામાં આવે છે, અને ત્યારબાદ તેમાં કોઈ પણ ઉત્તમ સુગંધતાવાળી અથવા અન્ય સારી ચીજ ભરવામાં આવે છે.

એવી જ રીતે આ આપણા મનમાં આપણે પહેલા નાના પ્રકારની કામક્રોધાદિ મલિન વાસના ભરી છે. તેનાથી મન દુર્ગંધિત થઈ રહેલું છે. તેમાં સારો પદાર્થ (ધર્મધ્યાનાદિ) કાંઈ પણ ભરવામાં આવે છે તો ઉલટો તેને પૂર્વની દુર્ગંધથી બગાડી નાખવામાં આવે છે. અર્થાત્ તેની કાંઈ પણ અસર થતી નથી.

આ મલિન વાસના ભરેલા હૃદયમાં ગમે તેટલા ધર્મના ઉત્તમ તત્ત્વો ભરો કે મહાન પુરુષોના અનુકરણ કરવા જેવા ચરિત્રો શ્રવણ કરો, તો પણ તેનું પરિણામ કાંઈ પણ પોતાના ભલા માટે આવતું નથી! આ માટે તે મલિન વાસનાને હઠાવવા યાને તે પૂર્વની દુર્ગંધ કાઢી નાખવા માટે અનિત્યાદિ બાર ભાવના તેના વિરોધી પદાર્થની ગરજ સારશે, એટલું જ નહીં, પણ પોતાની સુગંધિત વાસના પણ તેમાં દાખલ કરશે. અને તેમાંથી દુર્ગંધ સર્વથા કાઢી નાખશે. આટલું થયા પછી કામ, ક્રોધાદિ ઓછા થતા ગુર્વાદિ તરફથી ઉત્તમ આત્મબોધ સાંભળતા કે તેમાં ધર્મ ધ્યાનાદિ ઉત્તમ પદાર્થો નાખવામાં આવતા તેનું તત્કાળ જ પરિણામ ઉત્તમ અવશે. આ માટે આ ભાવનાઓની પૂર્ણ જરૂર છે. પ્રાણને ધારણ કરનાર સર્વ જીવોને વિષે સુખમાં રહેલ હોય કે દુઃખમાં રહેલા હોય તેમને વિષે તે જીવો શત્રુ હોય કે મિત્ર હોય તે સર્વ ઉપર હિતની બુદ્ધિ રાખવી તે સત્પુરુષોની મૈત્રી ભાવના છે.

નિર્દય જીવો વડે વધ કરાતાં, કે બંધન માટે રાખેલા કે પીડા અપાતા તથા પોતાના જીવિતના રક્ષણ માટે યાચના કરતા, જીવોને વિષે જે દયાની બુદ્ધિ કરવી તે કરુણા ભાવના છે.

જિન ધર્મવાળા, જ્ઞાન ચક્ષુવાળા, તપશ્ચર્યા કરનારા, કષાય વિનાના, ઈન્દ્રિયોનો જય કરનારાના ગુણોને વિષે આનંદ પામવો તેની અનુમોદના કરવી તે પ્રમોદ ભાવના છે.

દેવની, ગુરુની, શાસ્ત્રની, સિદ્ધાંતની તથા આચારની નિંદા કરનાર અને પોતાની પ્રશંસા કરનાર પાપીષ્ઠ જીવો પર રાગદ્વેષ ન કરતા મધ્યસ્થ રહેવું, તેની ઉપેક્ષા કરવી તે મધ્યસ્થ ભાવના છે.

મનમાંથી અનાત્મ જડ જગત સંબંધી વિચારો દૂર કરી, તારા આત્માનું શુદ્ધ સ્વરૂપ કેવું છે તેનો વિચાર કરવાનો મનને અભ્યાસ પાડ અને મનની શુદ્ધિ કરીને ચિત્તને ભાવના વડે વાસિત કર.

ભાવનાનું આધ્યાત્મિક વર્ગીકરણ

☐ સુરેશ ગાલા

[સુરેશ ગાલા જૈન ધર્મ અને અન્ય ધર્મોના અભ્યાસી છે. યોગસાધક છે. એમના 'અનહદની બારી', 'અસીમને આંગણે', 'મરમનો મલક', 'નવપદની ઓળી' વગેરે પુસ્તકો પ્રકાશિત થયા છે. તેઓ પ્રભાવક વક્તા છે. તેમના 'અસીમને આંગણે' પુસ્તકને ગુજરાત સાહિત્ય એકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયું છે.]

શાસ્ત્રમાં બતાવેલી ૧૬ ભાવનાઓનું ૪ વિભાગમાં વર્ગીકરણ કરી શકાય.

૧. ક્રમાંક ૧ થી ૬ સુધીની છ ભાવનાઓ (અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ અને અશુચિ) મનમાં વૈરાગ્ય કેળવવા અને મનને આત્મસાધના માટે તૈયાર કરવા માટે છે.

૨. ક્રમાંક ૧૦ થી ૧૨ સુધીની ત્રણ ભાવનાઓ (ધર્મ, લોકસ્વરૂપ અને બોધિ દુર્લભ) અનુક્રમે ધર્મનું મહત્ત્વ, આ લોકનું સ્વરૂપ અને બોધિરત્નની દુર્લભતા (દેહથી પર એવા ચૈતન્યત્ત્વની અનુભૂતિ) દર્શાવતી ભાવનાઓ છે. સાધકને જીવનના ઉદ્દેશ્યનું સ્પષ્ટીકરણ થાય છે જે અહંકારના વિસર્જનમાં સહાયભૂત થઈ શકે છે. સતત સ્વરૂપ સ્થિતિ એટલે કે સતત આત્મભાવમાં સ્થિરતા માટે અહંકારનું વિસર્જન આવશ્યક છે તેને યોગસાધનામાં અસમ્પ્રજ્ઞાત સમાધિ કહે છે.

૩. ક્રમાંક ૭ થી ૯ સુધીની એમ ત્રણ ભાવનાઓ (આશ્રવ, સંવર અને નિર્જરા) આત્મસાધના અંગેની છે.

૪. ક્રમાંક ૧૩ થી ક્રમાંક ૧૬ સુધીની એમ ચાર ભાવનાઓ (મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ) જીવનમાં અન્ય વ્યક્તિઓની ભૂમિકાને લક્ષમાં રાખી એમની સાથે કેવી રીતે વર્તવું એ દર્શાવતી ભાવનાઓ છે.

આત્મસાધકો કે જેમને દેહથી પર એવા ચૈતન્યતત્ત્વની અનુભૂતિ કરવી છે એમને માટે શાંત સુધારસ નામના ગ્રંથમાં માર્ગ બતાડ્યો છે. આ ગ્રંથમાં આત્માનુભૂતિ કેન્દ્રમાં છે એનો ઉલ્લેખ બારમી ભાવના બોધિદુર્લભ ભાવનાના પહેલા શ્લોકમાં કર્યો છે. એ શ્લોકનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે :

'જેના દ્વારા અદ્વૈત બ્રહ્મની (પરમ ચૈતન્ય)ની પ્રાપ્તિ થાય છે, જે અદ્વિતિય છે, જે દુષ્પ્રાય છે એવા બોધિરત્નની ઉપાસના કર' એટલે કે આત્માનુભૂતિ પ્રાપ્ત થાય એવી સાધના કર.

સોળમી ભાવના માધ્યસ્થ ભાવનાના શ્લોક નં. ૬ અને શ્લોક નં. ૭નો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે :

'તારી ભીતર અનુપમ તીર્થસમાન શુદ્ધ ચેતન તત્ત્વ છે એની અનુભૂતિ કર. આયુષ્ય ટૂંકું છે. ચિત્તમાં સમતા ધારણ કરી બહારની માયાજાળ આદિથી મુક્ત થઈ જા.'

આઠમી ભાવના–સંવર ભાવનાના ચોથા અને પાંચમા શ્લોકનો ગુજરાતીમાં ભાવાનુવાદ આ પ્રમાણે છે :

'ત્રિગુપ્તિ દ્વારા તને મુક્તિસુખ મળશે. તું નિર્વાણપુરીમાં પહોંચી જઈશ. ત્રિગુપ્તિ બહુ અગત્યનો શબ્દ છે. ત્રિગુપ્તિ એટલે શરીર સ્થિર છે, વાણી મૌન છે અને મન આત્મભાવમાં રમમાણ છે. શરીરને સ્થિર રાખવું અને વાણીનું મૌન રાખવું અપેક્ષાએ સહેલું છે પણ મનને સ્થિર કરી એનો આત્મભાવમાં વિલય કરવો એ બહુ દુષ્કર છે. મનને આત્મભાવમાં રમમાણ કરવું એ જ આત્મસાધના છે. શાસ્ત્રોમાં કહ્યું છે-

જં અનાણી કમ ખપેહિં વાસ કોડિહિ તપૈઃ
તં નાણી તિગુપ્તો ઉસ્સાસ મિત્તેણ.

જેમ અજ્ઞાની એટલે કે–બાળજીવો કરોડો વર્ષના તપ દ્વારા જેટલા કર્મ ખપાવે છે એટલા જ કર્મો ત્રિગુપ્તિ વાળો જ્ઞાની એક ઉચ્છ્વાસમાં ખપાવે છે! ત્રિગુપ્તિ આત્મ સાધનાની કૂંચી છે!

સોળમી ભાવનાના ગીતના પહેલાં અંતરાની પહેલી પંક્તિમાં કહે છે :

'ઉદાસીનતાના સુખનો અનુભવ કર જે સો ચક્રવર્તિઓના સુખથી વધારે છે.' ઉદાસીન એટલે ઉત્ + આસીન. ઉત્ એટલે મનના જગતથી જે ઉંચે ઊઠી ગયો છે. ઉદાસીન એટલે જેણે મનને અતિક્રમ્યું છે એટલે કે આત્મભાવમાં રમણ કરે છે.

આત્મસાધના એટલે સાધકે સાધનાને અનુકૂળ હોય એવા આહારનું સેવન કરવું, જીવનચર્યા પણ આત્મસાધનાને અનુકૂળ રાખવી. બ્રહ્મમુહુર્તમાં ખાલી પેટે સુખાસન કે પદ્માસનમાં બેસી શરીરને સ્થિર રાખવું. વાણી મૌન રાખવી અને સદ્‌ગુરુએ દર્શાવેલ માર્ગનું અવલંબન લઈ (પ્રાણશક્તિ અથવા મંત્ર દ્વારા) મનને સ્થિર કરવું. ધીરે ધીરે મનનો વિલય થશે. દેહ અને મનથી પર એવા આત્મ તત્ત્વનો, ચૈતન્યતત્ત્વનો અનુભવ થશે. આ આત્મસાધના છે. મનને સ્થિર કરવાના અવલંબનો જુદા જુદા પ્રકારના હોઈ શકે!

પ્રાણ અને મંત્ર થકી, કરવું મનને સ્થિર,
મરમ ધરમનો આટલો, કહી ગયા પ્રભુવીર.

ઉપાધ્યાય યશોવિજયજી કહે છે-

વચન કાયા તો બાંધીએ, મન બાંધ્યું નવ જાય.
મન બાંધ્યા વિણ ના મળે, કરો કોટિ ઉપાય.

'શાંતસુધારસ' ગ્રંથમાં મનને સ્થિર કરવાની વાત કહી છે-

૧૧મી ભાવના લોકસ્વરૂપ ભાવનાના ૭મા શ્લોકનો ભાવાનુવાદ આ પ્રમાણે છે :

'મન સ્થિર થઈ ગયું તો અધ્યાત્મસુખનો પ્રાદુર્ભાવ સરલતાથી થઈ શકશે.'

૧૫મી ભાવના કારુણ્ય ભાવનાના પાંચમા શ્લોકનો ભાવાનુવાદ આ પ્રમાણે છે :

'મન નિરંકુશ હશે (પ્રમાદી હશે), તો વિવિધ પ્રકારના આતંક મચાવશે, ઉપદ્રવ કરશે.'

કોઈકે કહ્યું છે કે જેટલા ત્રસ (હાલતા ચાલતા) જીવો છે એ ઝગડે છે. પરંતુ વૃક્ષો આપસમાં ઝઘડતા નથી કારણ કે વૃક્ષો સ્થિર છે.

આ ગ્રંથના નામમાં **સુધારસ** શબ્દ બહુ અગત્યનો છે. સાધના દરમ્યાન આત્મસાધકના મુખમાં યુગુલામાંથી મીઠો રસ ઝરે એને સુધારસ કહે છે. આત્માના અનુભવ પહેલાની આ અવસ્થા છે. આત્માના અનુભવનું વર્ણન થઈ શકતું નથી પરંતુ એની પહેલાંની અવસ્થા એટલે કે સુધારસનું ટપકવું એનું વર્ણન થઈ શકે છે, માટે જ ઉપાધ્યાય વિનયવિજયજીએ ગ્રંથના નામમાં **સુધારસ** શબ્દ પ્રયોજ્યો છે. અમૃતરસ શબ્દ પ્રયોજ્યો નથી. સુધારસના અનુભવને કારણે સાધક શાંતિનો અનુભવ કરે છે માટે મારી દૃષ્ટિએ ગ્રંથનું નામ **'શાંત સુધારસ'** રાખ્યું હશે!

શ્રીમદ્ રાજચંદ્રજીએ વચનામૃતના પત્ર નં. ૪૭૧માં લખ્યું છે: 'આત્મસ્વરૂપમાં સ્થિતિ માટે સુધારસ કે જે મુખને વિશે વરસે છે તે એક અપૂર્વ આધાર છે. આત્માની નજીક લઈ જનારો અનુભવ છે.'

યોગસાધનામાં પણ ખેચરી મુદ્રા દ્વારા સુધારસનો અનુભવ થઈ શકે છે. શ્રીમદ્ રાજચંદ્રને સમર્પિત સાયલા આશ્રમમાં પણ સાધકને ચકાસ્યા પછી સુધારસનો અનુભવ થઈ શકે એવી પ્રક્રિયા શિખવાડે છે. આ પ્રક્રિયામાં ખેચરી મુદ્રા નથી પણ બીજી કોઈ પ્રક્રિયા છે એવું એમનું કહેવું છે. આ પ્રક્રિયા શ્રીમદ્ રાજચંદ્રના આત્મીય અને એમના પ્રત્યે સખાભક્તિ ધરાવતા શ્રી સૌભાગ્યભાઈને એમના પિતાશ્રીએ શિખવાડી હતી. એમના પિતાશ્રીને આ પ્રક્રિયા રાજસ્થાનના કોઈક જૈનસાધુ પાસેથી પ્રાપ્ત થઈ હતી. સાયલા આશ્રમના મત મુજબ આ પ્રક્રિયા ભગવાન મહાવીરના સમયમાં સાધુઓમાં પ્રચલિત હતી. શ્રીમદ્ રાજચંદ્ર પણ આ પ્રક્રિયા જાણતા હતા એવો એમનો મત છે.

આત્મસાધના દરમ્યાન સાધકનું શરીર સ્થિર હોય છે. વાણી મૌન હોય છે અને મન સ્થિર થઈ સૂક્ષ્મ જગતમાં પ્રવેશે છે ત્યારે સાધકને ઘણા અનુભવો થાય છે. અનુભવી સાધકોના મતે સાધકને દિવ્ય ગંધનો અનુભવ થાય છે. સાધકને દિવ્ય નાદ સંભળાય છે જેને અનાહત નાદ કહે છે. સૂફી પરંપરામાં આ નાદને નાદે આસમાની કહે છે. સાધકને બંધ આંખે જ્યોતિના દર્શન થાય છે. ક્યારેક પોતાની પરંપરાના આચાર્યો, સિદ્ધો કે મૂળ પુરુષના પણ બંધ આંખે દર્શન થાય છે. ક્યારેક સૂર્ય, ચંદ્ર, તારા આદિના પણ બંધ આંખે દર્શન થાય છે. રવિભાણ સંપ્રદાયના ભીમ સાહેબ પોતાના શિષ્ય દાસી જીવણને કહે છે-

જીવણ જીવને ત્યાં રાખીએ વાગે અનહદ તૂરાં રે
ઝલમલ જ્યોતું ઝળહળે વરસે નિર્મલ નૂરા રે.

આ પંક્તિઓમાં પણ મનને અનાહત નાદ અને બંધ આંખે દેખાતા પ્રકાશમાં સ્થિર રાખવાનું કહે છે.

સાધકને સાધના દરમ્યાન શરીરમાં શીતળતા અને હલકાપનનો અનુભવ થાય છે. છેલ્લે સાધકના મુખમાં મીઠો રસ ઝરે છે જેને સુધારસ કહે છે. સુધારસના અનુભવ પછી જ સાધકને આત્માનો અનુભવ થાય છે. સુધારસનું ટપકવું એ એક અગત્યનો પડાવ છે. આ બધી અનુભૂતિઓને નિશ્ચિત ઢાંચામાં ઢાળી શકાય નહીં. પહેલાં ગંધ પછી નાદ, પછી જ્યોતિ એમ ક્રમબદ્ધ હોય કે ન પણ હોય. આ અનુભૂતિઓ અક્રમ પણ હોઈ શકે અને ક્રમબદ્ધ પણ હોઈ શકે! યોગની ભાષામાં આ અનુભૂતિઓનો સમાવેશ 'પ્રત્યાહાર'માં થઈ શકે.

૧૬મી ભાવના, માધ્યસ્થ ભાવનાના શ્લોક નં. ૮નો ભાવાનુવાદ આ પ્રમાણે છે:

'પરબ્રહ્મ પ્રાપ્તિના પરમ સાધનરૂપ ઉદાસીન ભાવ કે જે કેવળજ્ઞાનને ઊજાગર કરે છે એને માટે 'શાંત સુધારસ'નું પાન કર.' આ શ્લોકમાં ગાન કર શબ્દ નથી વાપર્યો.

પાંચમી ભાવના, અન્યત્ત્વ ભાવનાના ગીત નં. ૮ નો અનુવાદ આ પ્રમાણે છે:

'આધિ, વ્યાધિ અને ઉપાધિના તાપને શાંત કરવા સુધારસનું પાન કર.'

આનંદઘનજીના એક પદમાં પણ સુધારસનો ઉલ્લેખ છે-
આશા ઔરન કી ક્યા કીજે જ્ઞાનસુધારસ પીજે.

આત્મસાધના મન દ્વારા જ થાય છે પરંતુ સ્થિર બેસવા માટે શરીરને તૈયાર કરવું પડે છે. નવમી ભાવના, નિર્જરા ભાવનાના ચોથા અને પાંચમા શ્લોકમાં ૧૨ પ્રકારના તપની વાત કરી છે – ૬ બાહ્યતપ અને ૬ આભ્યંતર તપ. જેની વિગત નીચે મુજબ છે-

આહારસંયમ - ૧. અનશન ૨. ઊણોદરી ૩. દ્રવ્યસંક્ષેપ
૪. રસત્યાગ
શરીરસંયમ - ૫. કાયકલેશ (કાયાને કેળવવી,કચડવી નહીં)
ઈન્દ્રિયસંયમ - ૬. સંલીનતા, ૭. પશ્ચાતાપ, ૮. વિનય,
૯. વૈયાવચ્ચ, ૧૦. સ્વાધ્યાય.
મનઃસંયમ - ૧૧. ધ્યાન, ૧૨. કાયોત્સર્ગ–

ઈન્દ્રિયો અને વિષયોનો સંયોગ થવાથી સુખ ઉપજે છે પરંતુ એ સુખ અલ્પકાલીન છે, પરાધીન છે અને મનને ચંચળ બનાવનારું છે, જ્યારે શાશ્વત સ્વાધીન અને મનને શાંત બનાવનારું સુખ તો આત્મભાવમાં સ્થિર થવાથી જ મળે છે એવું મનને સમજાવી આત્મસાધના કરવા તૈયાર કરવું એ જ પહેલી છ ભાવનાનો ઉદ્દેશ છે.

જેમ કૂવા પરની ગરગડી ઉપર રસ્સી દ્વારા પાણી ખેંચાવાથી ગરગડા ઉપર નિશાન પડી જાય છે તેમ સતત અભ્યાસથી, ભાવનાઓના ઘૂંટનથી જડમતિ પણ સુજાન થઈ શકે છે!

સંક્ષિપ્તમાં દરેક ભાવનાનું વિવરણ કરીશ.

૧. પહેલી ભાવના–અનિત્ય ભાવના આ સંસારમાં બધું અનિત્ય છે. શરીર, સંપત્તિ, વિષયસુખ, રિદ્ધિ-સિદ્ધિ અને અનુત્તર દેવલોકનું સુખ પણ અનિત્ય છે માટે અનિત્યનો મોહ રાખો નહીં.

૨. બીજી ભાવના–અશરણ ભાવના મોત જ નિશ્ચિત અને અનિશ્ચિત છે. મોત આવશે એ નિશ્ચિત છે પણ ક્યારે આવશે એની ખબર

નથી. મોત આગળ બધા લાચાર છે. આ ભાવના ઘૂંટ્યા કરો.

કચ્છના સંત મેકણદાદા કહે છે-

જઈ ઊભો મસાણમાં સાજનને દીધા સાદ
માટી ભેગા મળી ગયા હાડ ન દે પ્રતિસાદ.

૩. ત્રીજી ભાવના-સંસારભાવના સંસારની ચાર ગતિ અને ચોર્યાશી લાખ યોનિમાં જીવાત્મા ભટકી રહ્યો છે. એક ચિંતા દૂર થાય છે ત્યાં બીજી ચિંતા તરત જ પ્રગટે છે. મોહનીય કર્મથી (રાગ અને દ્વેષ) અનંતભ્રમણ થયા કરે છે. આ ભાવના ઘૂંટ્યા કરો. કહ્યું છે,

સંસાર રંગમંચ છે ચાલતો સતત ખેલ
તું તારા પાત્ર ભજવ, રાગ દ્વેષને મેલ
જિંદગી એવી જાણે પેલા પંખી ઝૂલે ડાળ
મનસૂબા ઘડ્યા કરે મૂછમાં હસે કાળ.

૪. ચોથી ભાવના-એકત્ત્વ ભાવના આત્મતત્ત્વ સિવાયનું બધું મિથ્યા છે. મમત્ત્વના બોઝથી દબાયેલો જીવાત્મા સંસાર સાગરમાં ડૂબી જાય છે. સોનું હલકી ધાતુ સાથે ભળી જાય તો પોતાનું નિર્મળ રૂપ ખોઈ બેસે છે તેમ પરભાવને સ્વભાવ સમજવાને કારણે જીવાત્મા નિર્મળરૂપ ખોઈ બેસે છે. માટે ભાવના ઘૂંટો કે હું આત્મતત્ત્વ છું ચૈતન્યતત્ત્વ છું.

૫. પાંચમી ભાવના-અન્યત્ત્વ ભાવના એવી ભાવના ઘૂંટો કે જ્ઞાનથી સમૃદ્ધ શુદ્ધ આત્મામાં ઘુસેલા કર્મના પરમાણુઓનો આ ઉપદ્રવ છે આત્મતત્ત્વ સિવાયનું બધું જ અન્ય છે. દેહ પણ અન્ય છે.

રાય કો રંક બના દે રંક કો કભી રાય
કરમ કી ગતિ ન્યારી કોઈ સમજ ન પાય.

૬. છઠ્ઠી ભાવના-અશુચિભાવના સાધકે ભાવના ભાવવાની છે કે શરીરના છિદ્રોમાંથી સતત અશુદ્ધિ તો નીકળતી જ રહે છે. સ્વાદિષ્ટ અને સરસ ભોજનનું પચીને અંતે વિષ્ટમાં રૂપાંતર થાય છે. આ શરીરમાં સારભૂત તત્ત્વ એક જ છે અને તે છે આત્મતત્ત્વ. આત્મતત્ત્વની આરાધના એ જ જીવનનું ધ્યેય હોવું જોઈએ.

મારી દૃષ્ટિએ આ છ એ છ ભાવનાઓને બ્રોડસ્પેક્ટ્રમ એન્ટીબાયોટીક્સ કહી શકાય. વ્યક્તિની ચિત્તની અવસ્થા અનુસાર જે ભાવના જેને જચી જાય એનું ચિંતન કરતાં કરતાં બાકીની ભાવનાઓ પણ સહજ રીતે મનમાં ઘૂંટાઈ જાય છે. જેમ બ્રોડસ્પેક્ટ્રમ એન્ટીબાયોટીક્સ ગમે તે ઈન્ફેક્શનને દૂર કરી શકે છે એમ આ છ ભાવનાઓનું ચિંતન સંસારની અસારતા દર્શાવી મનને આત્મસાધના માટે તૈયાર કરવામાં મદદરૂપ થાય છે. બુદ્ધચરિત્ર ગ્રંથના રચયિતા આચાર્ય અશ્વઘોષે પોતાના એક ગ્રંથમાં ભગવાન બુદ્ધના મુખમાં એક શ્લોક મૂક્યો છે.

જરા વ્યાધિ મૃત્યુઃ ચ યદિ ન સ્યાત્ ઈદમ ત્રયમ્।
મમાપિ હિ મનેષુ વિષયેષુ ગતિઃ ભવેત્ ।।

જો સંસારમાં ઘડપણ રોગ અને મૃત્યુ ન હોત તો મારા મનમાં પણ સંસારના ભોગવિલાસ પ્રત્યે રુચિ હોત.

સતિ મદાલસાનું હાલરડું પણ પ્રખ્યાત છે.

સુધ્ધોસિ બુધ્ધોસિ નિરંજનોસિ સંસારમાયા પરિવર્જિતોસી ।
સંસાર સ્વપ્ન તજ મોહનિદ્રામ્ મદાલસા વાક્ય ઉવાચ પુત્રમ્।।

મદાલસા પોતાના સંતાનોને હાલરડામાં કહે છે, 'તું શુદ્ધ છો, બુદ્ધ છો, નિરંજન છો (માયારહિત છો) એટલે કે તું આત્મતત્ત્વ છો. સંસારની માયાથી દૂર રહેજે, સંસાર સ્વપ્ન સમાન છે.તું મોહ નિદ્રા તજી દેજે.'

આ હાલરડાં દ્વારા સતિ મદાલસા પોતાના સંતાનોના ચિત્તમાં વૈરાગ્યના સંસ્કાર ઘૂંટે છે. શાસ્ત્રોમાં એવો ઉલ્લેખ છે કે સતિ મદાલસાના સંતાનો સંન્યાસી થઈ ગયા હતા.

છ ભાવનાઓનો સાર ઉપર લખેલા બે શ્લોકોમાં છે. આ છ ભાવનાઓના ચિંતનથી ચિત્તમાં વૈરાગ્ય પ્રગટે છે. પરિણામે મન આત્મસાધના કરવા તૈયાર થાય છે.

૭ મી ભાવના આશ્રવ ભાવના, ૮ મી ભાવના સંવર ભાવના, ૯ મી ભાવના નિર્જરા ભાવના આત્મસાધના માટેની ભાવના છે.

રાગ અને દ્વેષને પરિણામે સતત કર્મના પુદ્‌ગલો ચિત્તને ચોંટતા જ રહે છે. જેને આશ્રવ કહે છે. આશ્રવ એટલે જ કર્મબંધન જેને લીધે આત્મજ્ઞાન પ્રગટતું નથી.

સંવર ભાવના એટલે નવું કર્મબંધન કરવું નહીં. અન્ય વ્યક્તિઓ સાથેના વ્યવહારમાં રાગ કે દ્વેષ રાખ્યા વગર વર્તવું. પરિણામે નવું કર્મબંધન થાય નહીં. શાસ્ત્રોની ભાષામાં કહીએ તો આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી દૂર રહેવું.

ક્રોધને ક્ષમા દ્વારા, માનને નમ્રતા દ્વારા, માયાને સરળતા દ્વારા
અને લોભને સંતોષ દ્વારા કાબૂમાં રાખવા.કોઈકે કહ્યું છે-
એકાંતે હા ના તજી અને એકાંત વિચાર
હો સરળતા જીવનમાં જિન વાણીનો સાર.

સંવર દ્વારા નવા કર્મોને બાંધતા અટકાવી શકાય છે પરંતુ સત્તામાં જે જૂના કર્મો પડ્યા છે, જે સંસ્કારો ચિત્તમાં પડ્યા છે એને નિર્જરા દ્વારા જ દૂર કરી શકાય છે. આત્મસાધક જ્યારે આત્મભાવમાં સ્થિર થાય છે ત્યારે શરીર સ્થિત પ્રાણશક્તિ કે આત્મવીર્ય ચિત્ત ઉપર ચોંટેલા કર્મના પુદ્‌ગલોને (પરમાણુઓને) દૂર કરે છે. આને નિર્જરા કહે છે. નિર્જરાને પરિણામે જ સાધકને દેહથી પર એવા આત્મતત્ત્વનો, ચૈત્તન્યતત્ત્વનો બોધ થાય છે. જે પ્રાણશક્તિ ચિત્ત પરનો મેલ (કષાય, કર્મ, સંસ્કાર) દૂર કરવા માટે કાર્યાન્વિત થાય એને નિર્જરા કહે છે.

૧૦. દશમી ભાવના ધર્મભાવના દાન, શીલ, તપ અને ભાવ એમ ચાર પ્રકારનો ધર્મ જીનેશ્વર ભગવંતોએ બતાવ્યો છે અને સત્ય, ક્ષમા, માર્દવ, શૌચ, સંગત્યાગ, આર્જવ, બ્રહ્મચર્ય મુક્તિ, સંયમ અને તપ એમ દશ પ્રકારનો ચારિત્ર ધર્મ પણ બતાડ્યો છે. ધર્મના પ્રભાવથી જ આ વિશ્વ ટકી રહ્યું છે. ધર્મ દ્વારા જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. એવી ભાવના સાધકે ઘૂંટવાની છે.

૧૧. અગિયારમી ભાવના લોકસ્વરૂપ ભાવનાલોક એટલે સૃષ્ટિ. આપણું સમગ્ર વિશ્વ ૧૪ રાજલોકમાં વહેંચાયેલું છે. એના ત્રણ વિભાગ છે. એને ત્રિલોક કહે છે. ૧. ઊર્ધ્વલોક ૨. મધ્યલોક ૩.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૯૬)

બારહ ભાવનાઓં કા મૂલ સન્દેશ

□ પ્રો. (ડૉ.) વીરસાગર જૈન

[શ્રી લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠના જૈન દર્શન વિભાગના અધ્યક્ષ છે તેમ જ ડીન તરીકે સેવા આપે છે. જૈન તત્ત્વજ્ઞાનના વિદ્વાન અને સંશોધનકર્તા છે. તેમણે ૨૦ થી ૨૫ પુસ્તકો લખ્યા છે.]

જૈન દર્શન મેં 'બારહ ભાવના' એક ઐસા વિષય હૈ, જિસ પર ન કેવલ જૈન વિદ્વાનો ઔર આચાર્યોં ને, અપિતુ જૈનેતર બહુત સે વિદ્વાનોં ને ભી લેખની ચલાઈ હૈ। આજ હમારે સમક્ષ શતાધિક લેખકોં દ્વારા રચિત બારહ ભાવનાએં ઉપલબ્ધ હૈં। આચાર્ય કુન્દકુન્દ ને ભી ઇસ વિષય પર એક સ્વતંત્ર ગ્રન્થ કી રચના 'બારસ અણુવેકખા' નામ સે કી હૈ। આચાર્ય કાર્તિકેય ને ભી 'કાર્તિકેયાનુપ્રેક્ષા' નામક ગ્રન્થ મેં ઈન ભાવનાઓં કા સવિસ્તાર વર્ણન કિયા હૈ।

સંસાર, શરીર ઔર ભોગોં સે વૈરાગ્ય જગાકર આત્મકલ્યાણ કી દિશા મેં અગ્રસર હોને કે સંદર્ભ મેં બારહ ભાવનાઓં કા ક્રમ અત્યન્ત મહત્વપૂર્ણ હૈ। નિરન્તર ભાવના કે બલ પર ન કેવલ પારલૌકિક પ્રયોજન કી સિદ્ધિ હોતી હૈ, અપિતુ એહલૌકિક કાર્યોં ઔર વિભિન્ન પ્રકાર કે સુખ-ભોગ ભી ભાવનાઓં કે નિરન્તર પ્રયોગ સે હમેં પ્રાપ્ત હો સકતે હૈં। આધુનિક મનોવિજ્ઞાન ઔર મેડિકલ સાઈંસ ને ભી ઇસ તથ્ય કા સમર્થન કિયા હૈ, ઇસકે સાથ હી હમારી પ્રાચ્ય વિદ્યાઓં કે અનેક ગ્રન્થ ઈન તથ્યોં સે ભરે પડે હૈં કિ-

'જાકી રહી ભાવના જૈસી, પ્રભુ મૂરતિ દેખી તિન તૈસી।'

અથવા-'જૈસી મતિ, વૈસી ગતિ।'

અથવા-'જૈસા ચિંતન, વૈસા જીવન।'

ઉદાહરણાર્થ-જો વ્યક્તિ સદા શિક્ષક બનને કી ભાવના કરતા હૈ વહ બડા હોકર શિક્ષક બન જાતા હૈ ઔર જો વ્યક્તિ વ્યાપારી બનને કી ભાવના કરતા હૈ, વહ વ્યાપારી બન જાતા હૈ। યહી બાત ડૉક્ટર, લેખક, ખિલાડી આદિ સભી પર ઘટિત હોતી હૈ।

તાત્પર્ય યહ હૈ કિ જો જૈસા બનને કી સચ્ચી ભાવના કરતા હૈ વહ વહી બન જાતા હૈ, અતઃ હમેં સદૈવ બુરી ભાવનાઓં કા ત્યાગ કરકે અચ્છી ભાવનાએં ભાની ચાહિએ। યહી બારહ ભાવનાઓં કા મૂલ સન્દેશ હૈ।

ઈસી બાત કો એક સંસ્કૃતિ-કવિ ને ઈસ પ્રકાર કહા હૈ-

'ચિંતા ચિતા સમા ઉક્તા, બિન્દુમાત્રવિશેષતઃ।

સજીવે દહતિ ચિંતા, નિર્જીવે દહતિ ચિતા।।

અર્થ - 'ચિંતા ઔર 'ચિતા' – યે દો શબ્દ ઐસે હૈં જો દિખને મેં સમાન લગતે હૈં, બસ બિન્દુમાત્ર કા હી અન્તર હૈ, કિન્તુ વાસ્તવ મેં ઈન દોનોં મેં બડા ભારી અન્તર હૈ। 'ચિતા' તો નિર્જીવ (મૃતક શરીર) કો જલાતી હૈ કિન્તુ 'ચિન્તા' જીવિત વ્યક્તિ કો હી જલા દેતી હૈ।

તાત્પર્ય યહ હૈ કિ 'ચિંતા' અગ્નિ સે ભી અધિક ઘાતક હૈ, તથાપિ હમ લોગ અધિકાંશતઃ ચિન્તાઓં મેં હી જલતે રહતે હૈં, 'ચિન્તા' કે બજાય 'ચિન્તન' નહીં કરતે।

આજ 'ચિન્તા'સે હી અનેક પ્રકાર કી સમસ્યાએં ઉત્પન્ન હો રહી હૈં – આધ્યાત્મિક હી નહીં, માનસિક ઔર શારીરિક આદિ ભી। મનુષ્ય મહાદુઃખી હૈ, જલ-જલકર કાલા પડ ચુકા હૈ। ઉસકા સારા જીવન મિટ્ટી મેં મિલા જા રહા હૈ, અતઃ આવશ્યકતા હૈ કિ 'ચિન્તા' કો 'ચિન્તન' મેં બદલા જાએ, અનુચિન્તન મેં બદલા જાએ. દુર્ભાવનાઓં કો સદ્ભાવનાઓં મેં બદલા જાએ।

યહી કારણ હૈ કિ જૈન આચાર્યોં ને પ્રતિદિન બારહ ઉત્તમ ભાવનાએં ભાને કા ઉપદેશ દિયા હૈ, જિસે 'દ્વાદશાનુપ્રેક્ષા' ભી કહતે હૈ। જો જીવ ઈન બારહ ભાવનાઓં કો ભાતે હૈં યે અધ્યાત્મ કે ઉન્નત માર્ગ પર તીવ્રતા સે અગ્રસર હો જાતે હૈં ઔર ઉન્હેં કિસી પ્રકાર કી કોઈ બાધા વિચલિત નહીં કર પાતી હૈ। વે અપની સચ્ચી સુખ-શાન્તિ કા લક્ષ્ય અનિવાર્ય રૂપ સે પ્રાપ્ત કર લેતે હૈં।

'ભાવના' કે સમ્બન્ધ મેં એક ઔર મહત્ત્વપૂર્ણ બાત યહ હૈ કિ સચ્ચે હૃદય સે ભાઈ હુઈ ભાવના કભી નિષ્ફલ નહીં જાતી, અવશ્ય ફલીભૂત હોતી હૈં, અતઃ હમેં સંસાર–શરીર–ભોગોં કી અનિત્યતા, અશરણાતા, અસારતા આદિ કો પહચાનકર આધ્યાત્મિક સમ્પત્તિ પ્રાપ્ત કરને કી સચ્ચી ભાવના ભાના ચાહિએ।

પ્રાપ્ત જ્ઞાન કે સંરક્ષણ ઔર સંપ્રગોગ હેતુ ભી 'ભાવના' કા બડા મહત્ત્વ બતાયા ગયા હૈ। યથા–

શતેન ગુણિતાડડયાતિ સહસ્રેણ તુ તિષ્ઠતિ।

સહસ્રાણાં સહસ્રેણ પ્રેત્ય ચેહ ચ તિષ્ઠતિ।।

અર્થ – વિદ્યા સૌ બાર દોહરાને સે પ્રાપ્ત હોતી હૈ, હજાર બાર દોહરાને સે ટિકતી હૈ ઔર લાખોં બાર દોહરાને સે અગલે જન્મ મેં સાથ જાતી હૈ।

અભિપ્રાય યહ હૈ કિ પ્રાપ્ત જ્ઞાન ભી ભાવના કે બિના ઉપર-ઉપર હી તૈરતા રહતા હૈ, હદયંગમ નહીં હોતા, અતઃ અત્યન્ત ઉપયોગી હૈ–

વિદ્યા અભ્યાસેનૈવ પચ્યતે।

ઈન બારહ ભાવનાઓ કા વર્ણન યદ્યપિ મુનિરાજોં કે સંદર્ભ મેં શાસ્ત્રોં મેં મિલતા હૈ, પરન્તુ વાસ્તવ મેં ઈનકી ઉપયોગિતા મુનિરાજોં સે અધિક હમ ગૃહસ્થોં કો હૈ, ક્યોંકિ મુનિરાજોં કા

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ઠ ૯૩)

બાર ભાવના જીવન અને ધર્મને સમજવાની કલા

☐ મહેન્દ્ર પુનાતર

[લેખક, પત્રકાર અને સામાજિક કાર્યકર તરીકે મહેન્દ્ર પુનાતરનું નામ મુંબઈમાં મુંબઈ સમાચારના વાચકોમાં ખૂબ જાણીતું છે. વિષયમાં ગહનતા, તર્કબદ્ધતા ભાષાની સમૃદ્ધિ અને સરળ શૈલીના કારણે ધર્મ અને જીવન અંગેના તેમના લખાણો લોકપ્રિય બન્યા છે. તેમના પુસ્તકો 'જિન દર્શન', 'જાગત હૈ સો પાવત હૈ', 'મન મંથન', 'દીવે દીવે ઉજાસ' અને 'તેજોવલય'ને વાંચકો તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો છે.]

ધર્મ સાધનામાં જેમ શરીર શુદ્ધિ અને વિચાર શુદ્ધિનું મહત્ત્વ છે તેમ ભાવ શુદ્ધિનું પણ અદકેરું મહત્ત્વ રહેલું છે. શરીર અને વિચાર કરતા ભાવનું તળ ઘણું ઊંડું છે. માણસ વિચારો કરતા ભાવથી વધુ જીવતો હોય છે. ગમે તે ઘટના બને ચહેરા પર તેના સારા-નરસા ભાવો અંકિત થઈ જાય છે. આપણે શબ્દો અને વિચારો કરતાં ભાવથી વધુ પ્રભાવિત થઈએ છીએ. ભાવ પ્રગાઢ છે તે આપણા મનમાં રહેલા ઉંડાણને બહાર લાવી દે છે. શુભ અને અશુભ ભાવો ચહેરા પર ડોકિયા કરતા હોય છે. ભાવો એની મેળે પ્રગટ થઈ જાય છે અને છલકાતા રહે છે. તે માટે પ્રયાસો કરવા પડતા નથી અને તેને રોકી પણ શકાતા નથી.

જીવનની મોટા ભાગની રોજિંદી ક્રિયા અને વહેવાર ભાવથી અદ્ભુત બને છે. ભાવપૂર્વક જે કાર્ય કરીએ તેનું પરિણામ સારું આવે છે. વિચારો અને ભાવમાં ભિન્નતાના કારણે કેટલીક વખત આપણે વિચાર એક કરતાં હોઇએ અને કામ બીજું થઈ જાય છે. માત્ર વિચારોથી સંપૂર્ણ પરિવર્તન ઉભું થઈ શકે નહીં. સારા વિચારોની સાથે સારા ભાવો પણ જોઈએ. ભાવ વગરનું કોઈ પણ કામ કરીએ તેમાં બરકત આવે નહીં. સારા રચનાત્મક વિચારો ભાવ શુદ્ધિનું પ્રથમ સોપાન છે. સારા વિચારો, સારું ચિંતન હોય અને સાથે સમજ અને જ્ઞાન હોય તો એવા ભાવો પ્રગટ થાય છે. સારું અને ખરાબ બંને સાથે રહી શકતા નથી. સારું આવે એટલે ખરાબ જતું રહે છે.

જૈન ધર્મમાં બાર ભાવનાઓનું સવિશેષ મહત્ત્વ છે. ભાવનાઓના ચિંતનથી જીવન શુદ્ધ બને છે. ભાવનાનો ખરો અર્થ શું છે તેનો સંક્ષિપ્તમાં ખ્યાલ કરીએ.

પ્રથમ અનિત્ય એટલે શું? અનિત્ય એટલે જે ટકી શકે એવું નથી. કાયમી નથી. સંસારની પ્રત્યેક વસ્તુ વિનાશી છે. એક ને એક દિન તેનો નાશ થવાનો છે. જગત પરિવર્તનશીલ છે. બધું ચક્રની જેમ ઉપર નીચે થયા કરે છે. કોઈ કાયમના માટે આ ધરતી પર રહી શક્યું નથી અને કોઈ કાયમના માટે ધન-દૌલત ઐશ્વર્ય ટકાવી શક્યું નથી. તો પછી તેનો મોહ શા માટે? શરીર પણ ક્ષણભંગુર છે. તે જીર્ણ થશે અને નાશ પામશે. પરંતુ આ સીધી સાદી વાત આપણી સમજમાં આવતી નથી અને આ પૃથ્વી પર કાયમના માટે રહેવાના હોઈએ એવી જંજાળ ઉભી કરીએ છીએ. આ જગત સ્વપ્ન જેવું છે. આંખો ખુલે અને સ્વપ્ન અદૃષ્ય થાય તેમ જીવન સંકેલાઈ જવાનું છે. જિંદગી કાચના વાસણ જેવી છે. કોઈ ભરોસો નથી. આપણે વારા ફરતી એકબીજાથી વિખુટા પડવાના છીએ. રાગ-દ્વેષ, મોહ-માયા, પ્રપંચ, અને તારા-મારાના ઝઘડાનો કોઈ અર્થ નથી એ આ ભાવનાનો બોધ છે.

બીજું જીવનમાં કોઈનું શરણ કામ આવતું નથી. માણસ ગમે તેટલો ધનવાન અને શક્તિમાન હોય પણ મોત આવીને ઉભું રહે છે ત્યારે તે લાચાર બને છે. કોઈપણ વસ્તુ કે સંબંધ તેને ઉગારી શકતા નથી. અહીં સૌ કોઈ પોતાના માટે જીવે છે. મોહને વશ હોય તો બીજાના માટે પણ જીવવાનું શરૂ કરી દે છે. પણ કોઈ બીજાના માટે મરવા તૈયાર થતું નથી.

ત્રીજું સંસાર એટલે રાગ-દ્વેષનો સંગ્રામ. સંસારમાં ઘર, ક્ષેત્ર, પુત્ર, ધન વગેરેમાં માણસ અટલાઈ જાય છે. આમાંથી 'હું' અને 'મારું' એવા ભાવો ઉભા થાય છે. અને કર્મો બંધાય છે. પોતાના સુખ માટે બીજાને હાનિ પહોંચાડવી, કષ્ટ આપવું, વેરઝેર રાખવું અને હિંસામાં પ્રવૃત્ત રહેવાથી પાપકર્મો વધુ ઘેરા બને છે અને મોહ-માયાના બંધનો છૂટતા નથી. ધન, પદ અને પ્રતિષ્ઠા ભલભલાને બહેકાવી નાખે છે. ધન માત્ર એટલું કહે છે ભલે હું તારી સાથે ઉપર નહીં આવી શકું પણ તું જ્યાં સુધી નીચે છે ત્યાં સુધી હું તને ઉપર પણ લઈ જઈ શકું છું અને નીચે ગબડાવી પણ શકું છું. માણસને આ સાચી વાત સમજાય ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ગયું હોય છે કે કોઈ પણ જાતનું અભિમાન ન રાખવું તે આ ભાવનાનો સબક છે.

ચોથું ન કોઈ સાથી, ન કોઈ સંગી આપણે એકલા અટૂલા.' આ સંસારમાં આપણે એકલા આવ્યા છીએ અને એકલા જવાના છીએ. સાથે કશું આવવાનું નથી. જે કાંઈ કરીશું તેનાં સારા-માઠા પરિણામો એકલા ભોગવવાના છે. એમાં કોઈ ભાગીદાર બનવાનું નથી. કોઈપણ બાબત અંગે બીજા પર આધાર રાખવાનો નથી. સુખ અને દુ:ખ કોઈ આપણને આપી શકતું નથી અને છીનવી શકતું નથી. આપણે એકલા છીએ એ સત્યને સમજવાની સાથે બધા આપણા છે એવો ભાવ રાખવાનો છે તે એકત્વ

ભાવનાનું ચિંતન છે.

અન્યત્વ ભાવનામાં મોહ અને આસક્તિને દૂર કરવાનો ઉપાય છે. સ્વજનો-ધનવૈભવ ઇત્યાદિ પોતાનાથી અન્ય છે. અહીં કોઈ કોઈનું નથી. અંતે દેહ પણ પોતાનો રહેવાનો નથી. સંસારમાં આપણે સૌ મોહને વશ છીએ. પછી એ મોહ પત્ની, પુત્રો, પરિવાર કે ધન, પદ અને પ્રતિષ્ઠા માટે હોય પણ આ મોહ આપણને બંધનમાં રાખે છે. જે વસ્તુમાં મોહ હોય ત્યાં જીવ ચોંટી જાય છે. તેના સિવાય આપણને બીજું કશું દેખાતું નથી. મોહ એ માયાજાળ છે. જેના પ્રત્યે મોહ હોય એનું મૃત્યુ માણસને અકળાવી નાખે છે. આવું બને છે ત્યારે જીવનનો એક હિસ્સો તૂટી ગયો હોવાનું લાગે છે. આ જગતમાં આપણું કશું નથી. જે મળ્યું છે તેમાં આનંદ માણવો પણ તેની સાથે બંધાઈ જવું નહીં.

છઠ્ઠું કોઈપણ વસ્તુ ભલે ગમે તેટલી શુદ્ધ અને સુંદર હોય પણ તેની સુંદરતા લાંબો સમય ટકતી નથી. સમયની સાથે બધું જીર્ણ થતું રહે છે. આજે જે વસ્તુ સારી લાગે છે તે કાલે ગમશે નહીં. સારાની સાથે ખરાબ, સુંદરતાની સાથે કુરૂપતા અને સર્જનની સાથે વિસર્જન સંકળાયેલું છે. રૂપ અને ધનનું અભિમાન પણ લાંબો સમય ટકતું નથી. દરેક વસ્તુનું ખરું સ્વરૂપ જાણવું. બહારના દેખાવથી અંજાઈ જવું નહીં. બહાર મુખવટો છે અંદર વાસ્તવિકતા. આપણે દરેક વસ્તુને ઉપર ઉપરથી જોઈએ છીએ. બુદ્ધ અને મહાવીર જેવી તરલ વ્યક્તિ જ ભીતરમાં દૃષ્ટિ કરી શકે છે.

સાતમું આસ્રવ એટલે કે કર્મોનું આત્મામાં દાખલ થવું તે અને તેના નિમિત્તરૂપ પાપ પ્રવૃત્તિ અને તેના પરિણામરૂપ દુઃખ અને પીડા. આ ભાવનાનું ચિંતન આપણને પાપ પ્રવૃત્તિ કરતા અટકાવે છે. આવનારી આફતને રોકવાની આ પૂર્વ તૈયારી છે. રોગનો ઈલાજ નહીં પણ રોગ ન થાય તેની કાળજી લેવાની આ વાત છે. ઈન્દ્રિયો પર અંકુશ રહેતો નથી અને સંયમ જળવાતો નથી ત્યારે શારીરિક અને માનસિક કષ્ટો વેઠવા પડે છે. સ્વાદ, સ્પર્શ, ગંધ આ બાબતમાં વિષય ભોગ છે. આ બધી ઈન્દ્રિયો સાથે મન જોડાયેલું છે એટલે મનને વશમાં રાખવું જરૂરી છે. ઈન્દ્રિયો સામે લડવાનું નથી પણ તપ અને સંયમ દ્વારા તેના પર કાબુ મેળવવાનો છે.

આઠમું સંવર તેનો અર્થ છે બાહ્ય પ્રવૃત્તિમાંથી પરાવૃત્ત થઈ આત્માભિમુખ થવું અને બીજો અર્થ છે સમેટવું, રોકવું, નિગ્રહ કરવો. આ ભાવનાના ચિંતનમાં આપણે બે બાજુનો ખ્યાલ કરવાનો છે. એક સાંસારિક પ્રવૃત્તિ અને જીવનની આપાધાપીમાંથી ધીરે ધીરે મુક્ત થઈ આત્મા તરફ વળવાનું છે અને બહારના જગતને છોડીને ભીતરમાં પ્રવેશ કરવાનો છે અને કર્મોને અટકાવી શકાય એવી સાધનામાં લીન થવાનું છે. ઈન્દ્રિયો પર અંકુશ મેળવવાનો સરળ રસ્તો એ છે કે આપણે આપણી કમજોરીને તપાસી લઈએ અને તેના પર ધ્યાન કેન્દ્રિત કરીએ. સંયમ દ્વારા નબળાઈને શક્તિમાં રૂપાંતર કરી શકાય છે. એક ઈન્દ્રિય સહી દિશામાં જતી હશે તો બધી ઈન્દ્રિયો તે તરફ વળશે. ઈન્દ્રિયો બહારથી આપણને પદાર્થ સાથ જોડે છે અને અંદરથી ચેતના સાથે. શરીર પદાર્થ છે અને સંકલ્પ ચેતના.

નવમું શરીર સાથેના તાદાત્મ્યને તોડવાની પ્રક્રિયા એટલે તપ. કર્મોને દૂર કરવા, ખપાવવા તેનું નામ નિર્જરા. પરંતુ આ કઈ રીતે થઈ શકે? આ માટેનો માર્ગ છે તપશ્ચર્યા. તેનો મુખ્ય આશય છે દેહશુદ્ધિ અને આત્મશુદ્ધિ. તપ જ્ઞાનમય અને સમજપૂર્વકનું હોવું જોઈએ. અંતરમાં ઉતરવાની આ સાધના છે. તેનો મુખ્ય હેતુ મન પર અંકુશ મેળવવાનો છે.

દશમું આ વિરાટ વિશ્વમાં એક એકથી ચડિયાતી વસ્તુઓ છે. કુદરતના રહસ્યોનો તાગ મેળવવાનું માણસનું ગજુ નથી. એક રહસ્ય ખુલશે તો બીજા નવા રહસ્યો ઉભા થશે. આકાશ, પૃથ્વી, વાયુ, કાળ અને સમય આ બધા તત્ત્વો શું છે, તેનો જીવન પર શો પ્રભાવ છે અને આ બધામાં મનુષ્યનું શું સ્થાન છે તેનું સાચું જ્ઞાન એટલે લોક ભાવના. કુદરતના તત્ત્વો સામે આપણી કોઈ વિસાત નથી. આપણી શક્તિ અને સીમા મર્યાદિત છે અને અહંકાર પ્રબળ છે. માણસને જગતનું સાચું જ્ઞાન અને સાચી સમજણ ઉભી થાય તો અનંત શક્તિ દ્વારા દરેક આત્મા પરમાત્મા બની શકે છે.

મનુષ્ય જીવન દુર્લભ છે. સ્વયંને જાણ્યા વગર કોઈ સિદ્ધિ નથી. જીવનમાં આપણને જે કાંઈ મળ્યું છે તેનો બોધ થવો જોઈએ. આપણા દુઃખનું મૂળ કારણ એ છે કે જે મળ્યું છે તેમાં સંતોષ નથી અને જે નથી મળ્યું તે કણાની માફક ખટકે છે. ભવિષ્યના સુખની કલ્પના અને જે નથી મળ્યું તેના વલોપાતમાં માણસ આજનું સુખ ગુમાવી રહ્યો છે. સૌથી વિશેષ મનુષ્ય જન્મ અને ઉત્તમમાં ઉત્તમ ધર્મ મળ્યો છે તેને સાર્થક કરવાનો બોધિદુર્લભ ભાવનામાં બોધ છે.

બાર ભાવનાની છેલ્લી કડી 'અહિંસા, સંયમ અને તપ ધર્મ ઉત્કૃષ્ટ મંગલ'. જીવન અને ધર્મ જુદા નથી એક સિક્કાની બે બાજુ છે. જીવન નહીં સમજાય તો ધર્મ સમજાશે નહીં. રાગ-દ્વેષ, ક્રોધ-અહંકાર, લોભ-લાલસા અને ઘૃણા-પૂર્વગ્રહ હોય તો એ સાચો ધર્મ નથી. બહારના દેખાવ કરતાં ભીતરનું પરિવર્તન અને જ્ઞાન કરતા આચરણનું વધુ મહત્ત્વ છે.

ભગવાન મહાવીરે સાચા અર્થમાં મનુષ્ય બનવાનો અને પ્રેમપૂર્ણ જીવવાનો રાહ બતાવ્યો છે. સમય અને ક્ષેત્ર બે મહત્ત્વના તત્ત્વો છે. અભય ધર્મનો મૂળભૂત આધાર છે. સમગ્ર સંસાર સંયોગ છે. અનંત આત્માઓ છે અને આત્મા પરમાત્મા બનવાની ક્ષમતા ધરાવે છે. જે સમય અને સંસારથી પર છે તેનું નામ સામાયિક છે.

વીતરાગનો અર્થ છે ન રાગ, ન વૈરાગ્ય. આ બંનેથી પર થવું એટલે મુક્તિ. જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય અને તપ એ મોક્ષનો માર્ગ છે. જ્યાં કોઈ જાતનું બંધન નથી ન સુખનું, ન દુ:ખનું, ન દેહનું, ન મનનું. આ પરમ અવસ્થા છે.

આ ઉપરાંત બાર ભાવનાઓના પાયારૂપ બીજી ચાર ભાવનાઓ છે. મૈત્રી, પ્રમોદ, કરુણા અને મધ્યસ્થ ભાવના. ભગવાન મહાવીરે પ્રાણી માત્ર પ્રત્યે પ્રેમ અને મૈત્રીનો ભાવ રાખવાનું કહ્યું છે. આમાં જગતના તમામ જીવોના કલ્યાણની વાત છે. પ્રેમ અને મૈત્રી હોય ત્યાં હિંસા સંભવી શકે નહીં. પ્રેમ અને મૈત્રીમાં સ્વાર્થ, લોભ કે લાલચ હોતી નથી. આમાં બીજાને આપવાની વાત છે. કશું પ્રાપ્ત કરવાની નહીં. પ્રમોદ ભાવનાનો અર્થ છે ગુણાનુરાગી બનવું. બીજાના ગુણોની પ્રશંસા કરવી ભલે પછી તે આપણો શત્રુ અને વિરોધી હોય. કરુણા એટલે પ્રેમ, દયા અને સંવેદના. બીજાનું દુ:ખ જોઈને દ્રવી ઉઠવું અને તેને દૂર કરવા બનતા પ્રયાસો કરવા. મધ્યસ્થ ભાવના એટલે ક્રૂર, પાપી, હિંસક, અધર્મી માણસોને સાચો રાહ બતાવવા અને તેમને સન્માર્ગે વાળવા. કદાચ આનું તત્કાળ પરિણામ ઉભું ન થાય તો પણ આ અંગેના પ્રયાસો ચાલુ રાખવાનો આમાં બોધ છે.

આમ છતાં ભાવ શુદ્ધિ માટેના મહત્ત્વના ચાર ચરણો છે. મૈત્રી, કરુણા, પ્રસન્નતા અને ઉદારતા. આ બાબત આપણા જીવનમાં વણાઈ જાય તો આપણે જે કાંઈ કરીશું તે સારું જ હશે. મૈત્રીનો ભાવ આવે તો શત્રુતા, ઘૃણા અને વેરઝેર ખતમ થશે. કરુણાનો ભાવ આવે તો ક્રૂરતા, હિંસા અને નફરતના ભાવો દૂર થશે. પ્રસન્નતાથી તો ઉદાસી, વિષાદ, સંતાપ અને ચિંતાથી છૂટકારો મળશે અને ઉદારતા આવશે તો કૃપણતા દૂર થશે.

આપણાં ભાવો કઈ દિશામાં જઈ રહ્યાં છે તેના પરથી આપણે કેવા છીએ તેનો ખ્યાલ આવે છે. જગતમાં દુ:ખ, હતાશા, નિરાશા અને અશાંતિ છે તેના મૂળમાં હિંસા છે. કામ, ક્રોધ, લોભ, મોહ એ પણ હિંસાના સૂક્ષ્મ સ્વરૂપો છે. અહિંસા ધર્મનો મૂળભૂત આધાર છે. ભગવાન મહાવીરે કહ્યું છે પ્રાણી માત્રને પ્રેમ કરો. સૌ જીવો આપણા જેવા છે. કોઈપણ જીવની હત્યા આપણી હત્યા છે. ભગવાન મહાવીરે અહિંસાને શક્તિ ગણાવીને જગતને પ્રેમ અને મૈત્રીનો સંદેશો આપ્યો છે. 'મિત્તિમેં સવ્વ ભુએષુ વૈરં મઝ્‌જ ન કેવઈ:' બધા મારા મિત્રો છે. મારે કોઈની સાથે વેરઝેર નથી. આ માત્ર વિચાર નથી પ્રગાઢ ભાવ છે.

બાર ભાવના જીવન જીવવાની કલા છે. તેના સતત ચિંતનથી મન, વિચાર અને કાર્ય શુદ્ધ બને છે. જીવનની આ બાર ભાવનાઓ જુદી જુદી વહે છે. અને સાથે મળે ત્યારે પવિત્ર ઝરણું બને છે. પાપી માણસ પણ આમાં ડૂબકી મારીને પવિત્ર બની શકે છે.

✱✱✱

બારહ ભાવનાઓં કા મૂલ સન્દેશ

(અનુસંધાન પૃષ્ઠ ૮૮ થી ચાલુ)

જીવન તો જ્ઞાન-વૈરાગ્ય સે સદા પરિપૂર્ણ રહતા હૈ, અજ્ઞાન ઔર કષાયોં મેં ગૃહસ્થ હી અધિક ઉલઝે-ફંસે રહતે હૈં। શાસ્ત્રોં મેં એક વિશેષ દૃષ્ટાન્ત આતા હૈ–

સાંપ ઔર નેવલે કી લડાઈ કે બીચ મેં નેવલા બાર-બાર નાગદમની બૂંટી કો સૂંઘતા રહતા હૈ, ઈસલિએ ઉસ પર સાંપ કા વિષ નહીં ચઢતા ઔર વહ સર્પ પર વિજય પ્રાપ્ત કર લેતા હૈ।

ઠીક ઉસી પ્રકાર યદિ હમ સંસારી ગૃહસ્થ બાર-બાર (પ્રતિદિન) બારહ ભાવનાઓં કા ચિંતન કરેંગે તો હમેં ગૃહસ્થી કે મોહ કા વિષ નહીં ચઢેગા ઔર હમ વીતરાગતા કે માર્ગ પર આગે બઢ સકેંગે, કિન્તુ યદિ ઈન બારહ ભાવનાઓં કા ચિંતન નહીં કિયા તો હમારે ઉપર ઘર-ગૃહસ્થી કે મોહ કા વિષ ચઢ જાયેગા. હમ સંસાર મેં મૂર્ચ્છિત હોકર જન્મ-મરણ કરતે રહેંગે.

અતઃ હમેં પ્રતિદિન અનિવાર્ય રૂપ સે બારહ ભાવનાઓં કા ચિન્તન-મનન કરના ચાહિએ। યહ પરમ હિતકારી ઔષધ હૈ, યે અપને આપમેં પરિપૂર્ણ ભી હૈ, ક્યોંકિ ઈનમેં શુરૂ કી ૬ ભાવનાએં વૈરાગ્ય ઉત્પન્ન કરતી હૈ ઔર ઉસકે બાદ કી ૬ ભાવનાએં તત્ત્વજ્ઞાન પ્રદાન કરતી હૈ।

બારહ ભાવનાઓં મેં એક ક્રમિકતા ભી હૈ। સર્વપ્રથમ યહ બતાયા ગયા હૈ કિ સભી પદાર્થ અનિત્ય હૈ, જબ અનિત્ય હૈ તો કોઈ શરણ કૈસે હો સકતા હૈ, અતઃ દૂસરે ક્રમ પર અશરણ ભાવના આઈ। યહી ઈસ સંસાર કા સ્વરૂપ હૈ। ઈસ સંસાર મેં જન્મ-મરણ એવં સુખ-દુઃખ કો અકેલા જીવ સ્વયં ભોગતા હૈ, કોઈ સાથી નહીં હૈ, યહાં તક કિ અપના શરીર ભી અપના નહીં હૈ, યહ ભી અત્યન્ત અપવિત્ર હૈ। ઈસ પ્રકાર અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ ઔર અશુચિ–યે છહ ભાવનાએં વૈરાગ્યોત્પાદક બતાઈ ગઈ હૈં।

ઈસકે અનન્તર આને વાલી ક્રમશઃ છહ ભાવનાએં આસ્રવ અર્થાત્ કર્માગમન દુખકારક હૈં ઔર ઉનકે રોકને કા નામ સંવર હૈ। પૂર્વાગત કર્મોં કા એકદેશ ક્ષય હોના નિર્જરા હૈ। લોક કે સ્વરૂપ કા વિચાર કરને સે વૈરાગ્ય હોગા, ઐસા વૈરાગ્ય અત્યન્ત દુર્લભ હૈ ઔર ઈસકા ફલ આત્મધર્મ કી પ્રાપ્તિ હૈ। ઈસ પ્રકાર ક્રમશઃ આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ ઔર ધર્મ ભાવનાએં બતાઈ ગઈ હૈં। જીવન મેં જ્ઞાન-વૈરાગ્ય કી પ્રાપ્તિ હી ઇન બારહ ભાવનાઓં કા મૂલ સન્દેશ હૈ।

✱✱✱

જૈન દર્શન વિભાગ, શ્રી લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રિયસંસ્કૃત વિદ્યાપીઠ,
નઈ દિલ્હી-૧૧૦૦૧૬. મોબાઈલ નં. +91-98688 88607
Email : veersagarjain@gmail.com

ભાવનાયોગ અને આત્મસાધના

❑ ભાણદેવજી

[આધ્યાત્મપથના પથિક વિદ્વાન લેખક યોગાચાર્ય છે. યોગ અને તત્ત્વજ્ઞાનના પ્રચાર અર્થે વિદેશ ભ્રમણ કર્યું છે. લગભગ ૩૫ પુસ્તકોના કર્તા છે. સૌરાષ્ટ્રમાં મોરબી પાસે તેમના આશ્રમમાં સ્થાયી છે.]

પ્રત્યેક ધર્મને પોતાનું દર્શન હોય છે અને તે દર્શનને અનુરૂપ તેની સાધનાપદ્ધતિ ગોઠવાય છે. જૈનધર્મ કૃપામાર્ગી નથી. પરબ્રહ્મ પરમાત્મા કૃપા કરીને જીવને મોક્ષ આપશે – આવી શ્રદ્ધાને જૈનધર્મ અને જૈનદર્શનમાં સ્થાન નથી. જૈનધર્મ અનુસાર જીવે પોતે જ પોતાના પુરુષાર્થથી, પોતાની જીવનશૈલીથી અને પોતાની સાધનાથી મોક્ષ પ્રાપ્ત કરવાનો છે. જૈનધર્મ કૃપામાર્ગ નથી, સાધનમાર્ગ છે.

જૈનધર્મ અનુસાર કર્મબંધ જીવને બાંધે છે અને આ બંધનરૂપ કર્મોનો ક્ષય કરીને જીવ મોક્ષ પ્રાપ્ત કરે છે.

જે અધ્યાત્મપથ કૃપામાર્ગી હોય તે અધ્યાત્મપથમાં સાધનપક્ષનો વિકાસ ઓછો થાય છે અને જે અધ્યાત્મપથ સાધનમાર્ગી હોય તેમાં સાધનપક્ષનો વિચાર ઊંડાણપૂર્વક થાય છે. જૈનધર્મ સાધનામાર્ગી છે, તેથી જૈનધર્મમાં બંધન, બંધના કારણો, મોક્ષ અને મોક્ષના ઉપાયોનો ગહન અને વિશદ વિચાર થયો છે.

જૈનધર્મની એક મૂલ્યવાન સાધના–ભાવનાયોગને સમજીએ તે પહેલાં જૈન દર્શનના નવ તત્ત્વોને આપણે સંક્ષેપમાં સમજી લઈએ, તે આવશ્યક છે.

૧. જીવ જે દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણને યોગે જીવતો હતો, જીવે છે અને જીવશે તેને જીવ કહેવાય.

૨. અજીવ જેને દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ ન હોય તેને અજીવ કહેવાય. જીવ સિવાયનું જે કાંઈ અચેતન તત્ત્વ છે તે સર્વ 'અજીવ' કહેવાય છે. અજીવ એટલે પ્રકૃતિ તત્ત્વ!

૩. પુણ્ય જેનો ઉદય શુભ હોય તેવી ૪૨ કર્મ પ્રકૃતિ અન્યનું હિત કરે અને ચિત્તશુદ્ધિમાં સહાયક બને તે 'પુણ્ય' છે.

૪. પાપ જેનો ઉદય અશુભ હોય તેવી ૮૪ કર્મ પ્રકૃતિ.અન્યને હાનિ કરે અને ચિત્તને અશુદ્ધ કરે તે 'પાપ' છે.

૫. આશ્રવ શુભ અને અશુભ કર્મો ગ્રહણ કરવા તે આશ્રવ છે.

૬. સંવર આશ્રવનો નિરોધ, જીવ તરફ આવતા કર્મ પ્રવાહને અટકાવવો તે સંવર છે. સંવર એટલે રોકવું તે.

૭. નિર્જરા પૂર્વબદ્ધ કર્મોનો તપશ્ચર્યા કે ભોગવટાથી નાશ કરવો તે. જીવને લાગેલા કર્મોને ખપાવવા, તેમાંથી મુક્ત થવાની પ્રક્રિયા તે નિર્જરા છે.

૮. બંધ કર્મપુદ્‌ગલો સાથે જીવનો એકાત્મ સંબંધ. કર્મપુદ્‌ગલો જીવને બાંધે છે. કર્મપુદ્‌ગલો દ્વારા જીવનું બંધાઈ જવું તે જ બંધન છે.

૯. મોક્ષ સર્વ કર્મોનો નાશ અને આત્માનું આત્મામાં અવસ્થાન. સર્વકર્મોથી મુક્ત બનેલા મુક્તાત્માને 'મુક્ત' કહે છે. આ મુક્તાત્મા લોકના અગ્રભાગે સિદ્ધશિલા પર મોક્ષમાં બિરાજે છે.

આમ જૈનધર્મ અનુસાર મોક્ષ તે જીવનનો હેતુ છે, લક્ષ્ય છે, ગંતવ્ય સ્થાન છે અને સંવર અને નિર્જરા મોક્ષના બે પ્રધાન સાધનો છે. ïવર દ્વારા નવા કર્મોને રોકવામાં આવે છે અને નિર્જરા દ્વારા પૂર્વ કર્મોનું વિસર્જન કરવામાં આવે છે. સર્વ કર્મોમાંથી મુક્તિ તે જ 'મોક્ષ' છે.

સંવર અને નિર્જરા – આ બંને ભાવના તો છે જ આઠમી અને નવમી ભાવના છે. પરંતુ તેથી પણ વિશેષ નોંધપાત્ર તત્ત્વ એ છે કે સમગ્ર ભાવનાયોગ સંવર અને નિર્જરાથી ઓતપ્રોત છે. સર્વ ભાવનાઓમાં કોઈ ને કોઈ સ્વરૂપે, સૂક્ષ્મ રીતે સંવર અને નિર્જરાના તત્ત્વો છે જ.

આપણે આ ભાવનાઓના મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક સ્વરૂપોને સમજીએ ત્યાર પહેલાં અહીં તેમનો સંક્ષિપ્ત ઉલ્લેખ આવશ્યક છે.

૧. અનિત્ય ભાવના શરીર, વસ્તુઓ, મિલકત, માનવસંબંધો – આ બધું અનિત્ય છે, તેવી ભાવના.

૨. અશરણ ભાવના જીવને શરણ આપનાર કોઈ સ્થાયી તત્ત્વ નથી. આત્મશરણ જ યથાર્થ શરણ છે. ઈશ્વર-શરણાગતિને પણ જૈનધર્મમાં સ્થાન નથી. કોઈ શરણ્ય નથી, તેવી ભાવના.

૩. સંસાર ભાવના આ સંસારની વિચિત્રતા, વ્યર્થતા, ક્ષણભંગુરતાની ભાવના

૪. એકત્વ ભાવના જીવ એકલો જ છે. એકલો આવ્યો છે અને એકલો જ જવાનો છે. અહીં કોઈ કોઈનું સંગાથી નથી, તેવી ભાવના.

૫. અન્યત્વ ભાવના પોતાના આત્મા સિવાય બીજી તમામ પોદ્‌ગલિક વસ્તુઓ અન્ય છે. જીવનો કોઈની સાથે યથાર્થ સંબંધ નથી, તેવી ભાવના.

૬. અશુચિ ભાવના શરીર અને જગત હાડ-માંસ-રૂધિર, ગંદકી, અરૂચિકર – એવા અપવિત્ર તત્ત્વોનું બનેલું છે. એકમાત્ર આત્મા જ પવિત્ર શુચિ છે. બાકી બધુ અશુચિ છે, તેવી ભાવના.

૭. આશ્રવ ભાવના જીવ પર આવતા કર્મોના પ્રવાહને આશ્રવ કહે છે. આશ્રવને સમજવાથી જ સંવર અને નિર્જરા તરફ ગતિ થાય છે. બંધનના સ્વરૂપને સમજવું – તે જ આશ્રવભાવના છે.

૮. સંવર ભાવના કર્મના પ્રવાહને અટકાવવા માટે જે ચિંતન થાય, જાગૃતિ રહે અને પુરુષાર્થ થાય તે સંવર છે.

૯. નિર્જરા ભાવના બાહ્ય અને આભ્યંતર તપ દ્વારા પૂવકર્મોનો ક્ષય કરવો તે નિર્જરા છે અને તદ્‌વિષયક ચિંતન તે નિર્જરા ભાવના છે.

૧૦. ધર્મભાવના દાન, શીલ, તપ અને ભાવનું ધર્મભાવના રૂપે

ચિંતન કરવું. આમ કરવાથી આત્મા નિર્મળ બને છે. આ ધર્મભાવના છે.

૧૧. લોક ભાવના ભવચક્રના પરિભ્રમણમાં અનિત્ય સુખદુ:ખ છે – આ પ્રકારનું ચિંતન તે લોકભાવના છે.

૧૨. માનવ દુર્લભ ભાવના

માનવ તરીકેનો જન્મ દુર્લભ છે અને માનવ ભવમાં જ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે – આ ભાવના માનવ દુર્લભ ભાવના છે. ભાવના યોગની ક્ષિતિજનો વિસ્તાર કરનારી ચાર પરા ભાવના પણ છે.

૧. મૈત્રી ભાવના સર્વ જીવો પ્રત્યે મારે મૈત્રી છે, તેવી ભાવના

૨. પ્રમોદ ભાવના ગુણવાનના ગુણો જોઈને આનંદ પામવો અને તેમની અનુમોદના અને પ્રશંસા કરવી.

૩. કરુણા ભાવના અન્ય જીવોના દુ:ખ જોઈને અનુકંપા થવી અને તેમના દુ:ખો દૂર કરવા ઉપાય કરવા.

૪. માધ્યસ્થભાવ જ્યાં આપણો સંસર્ગ અનાવશ્યક હોય ત્યાંથી ઉપેક્ષા ભાવે દૂર રહેવું, તટસ્થ રહેવું તે માધ્યસ્થ ભાવના છે.

હવે આપણે આ ભાવના યોગના મનોવૈજ્ઞાનિક અને આધ્યાત્મિક મૂલ્યને સમજવાનો પ્રયત્ન કરીએ.

માનવચિત્તનું એવું બંધારણ છે કે તે જેવું ચિંતન કરે છે, તદનુરૂપ જીવનનું સ્વરૂપ ઘડાય છે, બનવા માંડે છે.

માનવ જીવન, માનવની જીવનશૈલી, માનવની વિચારધારા, માનવનો વ્યવહાર અને માનવ વ્યક્તિત્વનું કેન્દ્રસ્ત તત્ત્વ કયું છે? ઉત્તર સ્પષ્ટ છે – આત્મા જ માનવ અસ્તિત્વનું કેન્દ્રસ્થ તત્ત્વ છે. આ ઉત્તર સત્ય છે, શતપ્રતિશત સત્ય છે. આત્માની સર્વોચ્ચતા અને સર્વોપરિતાનો ઈન્કાર કરી શકાય તેમ નથી. પરંતુ અહીં એક પ્રશ્ન છે અને લાખ રૂપિયાનો પ્રશ્ન છે–

આપણા બધાના, સર્વ માનવોના જીવનનું કેન્દ્ર શું આત્મા જ છે? ખરેખર આપણે તેમ અનુભવીએ છીએ? ખરેખર આપણા સમગ્ર વ્યવહારના કેન્દ્રમાં આત્મા પ્રતિષ્ઠિત થયો છે? ના, જી! ના! માત્ર અને માત્ર જ્ઞાનીપુરુષના, મુક્ત પુરુષના જીવન અને વ્યવહારનું કેન્દ્ર આત્મા છે, તેમ કહી શકાય, તો પછી કહો, અજ્ઞાની જીવના જીવન અને વ્યવહારનું કેન્દ્ર શું છે? આત્મા તો તેમનામાં પણ છે જ; પરંતુ અજ્ઞાનાવસ્થામાં આત્મા પડદા પાછળ રહે છે. અજ્ઞાનનો પડદો – કર્મબંધનો પડદો! તો અજ્ઞાની જીવના જીવન અને વ્યવહારનું કેન્દ્ર શું છે? આત્મા નહિ! તો? ચિત્ત! ચિત્ત જ આપણાં જીવનનું અને વ્યવહારનું કેન્દ્ર છે.

તદનુસાર આપણે સ્વીકારી લેવું જોઇએ કે આપણા જીવન અને વ્યવહારનું કેન્દ્ર આત્મા નથી, પરંતુ ચિત્ત છે.

હવે આપણે ભાવના યોગના રહસ્યને સમજવાનો પ્રયત્ન કરીએ.

આ ચિત્ત શું છે? ચિત્ત એટલે ચેતનવંતુ બનેલું. ચિત્ત સ્વરૂપતઃ સચેતન તત્ત્વ નથી. ચિત્ત સ્વરૂપતઃ જડ છે તો પણ ચિત્ત જીવનનું સંચાલક તત્ત્વ કેવી રીતે બની ગયું છે? કોની શક્તિને આધારે? જડ ચિત્ત કોના થકી ચેતનવંતુ બની ગયું છે? ચેતન આત્માના સંપર્કથી, સાંનિધ્યથી જડ ચિત્ત ચેતનવંતુ બને છે. લોહચુંબકની સાથે લોખંડ રાખીએ તો તે લોખંડમાં પણ ચુંબકશક્તિ અર્થાત્ અન્ય લોખંડને ખેંચી લેવાની શક્તિ આવે છે. વસ્તુતઃ આ ચુંબકત્વ લોખંડનું પોતાનું નથી, પરંતુ ચુંબકના સાંનિધ્યને કારણે તેને પ્રાપ્ત થયું છે. જો લોખંડને લોહચુંબકથી સહેજ પણ અળગું કરવામાં આવે તો લોખંડમાં આવેલી ચુંબકશક્તિ તુરત લુપ્ત થઈ જાય છે.

ચિત્તનું ચેતનત્વ પણ આત્માના સાંનિધ્યને કારણે છે. ચિત્ત એટલે ચેતનવંતુ નહિ, પરંતુ (આત્મા થકી) ચેતનવંતુ બનેલું! આપણા સમગ્ર અસ્તિત્વમાં ચિત્ત આત્માની નજીક છે, સૌથી નજીક છે તેથી તે સૌથી વધુ ચેતનવંતુ બને છે. ચિત્ત First ignited principle of prakrity (પ્રકૃતિનું સૌથી પ્રથમ ચેતનવંતુ બનેલું) તત્ત્વ છે. આનો અર્થ સ્પષ્ટ છે કે આપણા વર્તમાન જીવનનું કેન્દ્ર અને સંચાલક તત્ત્વ ચિત્ત છે. આ ચિત્તની શક્તિ અપરંપાર છે, કારણ કે તે આત્માની સૌથી નજીક છે. આત્મા રાજા છે તો ચિત્ત પ્રધાન છે. વર્તમાનમાં આત્મા–રાજા રજા પર છે, તેથી રાજ્યનું સંચાલન ચિત્ત–પ્રધાન કરે છે!

આ આપણાં જીવનના પ્રધાન–સંચાલક તત્ત્વની એક મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ શક્તિ છે – ચિંતનશક્તિ! ચિત્તના સંકલ્પો, ચિત્તનું ચિંતન, ચિત્તના રાગદ્વેષ, ચિત્તની સર્વ ક્રિયાઓની અસર આપણી જીવનશૈલી અને જીવન પર થાય જ છે.

માનવી પોતાના જીવનનું ઘડતર કરે છે – ચિત્ત થકી! ચિત્તની આત્મા પાસેથી મળેલી અપરંપાર શક્તિઓ છે. જૈનસૂરિઓ માનવચિત્તના બંધારણને અને સામર્થ્યને બરાબર જાણે છે, સમજે છે અને તદનુસાર ચિત્તની આ શક્તિઓનો આ ભાવનાયોગની સાધનામાં વિનિયોગ કરવામાં આવ્યો છે.

શ્રીમદ્ ભગવદ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ ચિત્તની શક્તિ વિશે બહુ મૂલ્યવાન વાત કહે છે–

ध्यायतो विषयान्पुंसः सङ्गस्तेषूपजायते।
सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते।।
क्रोधाद्भवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः।
स्मृति भ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति।।

–श्रीमद् भगवद् गीता; २-६२/६३

'વિષયોનું ચિંતન કરવાથી, તે વિષયોમાં આસક્તિ જન્મે છે. આસક્તિથી વિષયોમાં કામના ઉત્પન્ન થાય છે. કામનામાં વિઘ્ન આવવાથી ક્રોધ જન્મે છે.'

'ક્રોધથી મૂઢતા આવે છે. મૂઢતાથી સ્મૃતિભ્રમ થાય છે. સ્મૃતિભ્રમથી બુદ્ધિ નાશ થાય છે. બુદ્ધિનાશથી વિનાશ થાય છે.'

અહીં ભગવાન શ્રીકૃષ્ણ સ્પષ્ટ કહે છે કે વિષયોનું ચિંતન વિનાશપ્રત્યે દોરી જાય છે. જો વિષયોનું ચિંતન વિનાશ પ્રત્યે દોરી જાય છે, તો સ્પષ્ટ જ છે કે આત્માનું ચિંતન આત્મા પ્રત્યે દોરી જાય છે. ચિંતનનો આવો અપરંપાર મહિમા છે.

અહીં ભાવના યોગમાં ચિંતનનો જ અધ્યાત્મ સાધન તરીકે ઉપયોગ જોઈ શકાય છે.

પ્રત્યેક અધ્યાત્મ સાધનમાં કોઈ ને કોઈ રીતે ચિંતનનો વિનિયોગ થયો જ છે.

વેદાંતનો પ્રધાન સાધનપથ છે – શ્રવણ, મનન અને નિદિધ્યાસન!

આ મનન શું છે? ચિંતનનું જ એક સ્વરૂપ છે. અહીં મહાવાક્ય વિવેક અને તદનુરૂપ આત્મચિંતન તે જ મનન છે. આત્મચિંતન પણ એક સ્વરૂપે ચિંતન પણ છે જ!

વૈષ્ણવ પરંપરામાં ભગવાનના સગુણ સાકાર સ્વરૂપનું ચિંતન, ગુણ ચિંતન, નામ ચિંતન આદિ ચિંતનના સ્વરૂપની જ સાધના થાય છે અને ચિંતનને આધારે સાધક પોતાના ઈષ્ટ સુધી પહોંચે છે. ચિંતનનો આવો મહિમા છે. આ એક સત્ય છે.

'માનવી જેવું વિચારે છે, તેવો તે થતો જાય છે.'

ચિત્તનો અને તદનુસાર ચિંતનનો આવો મહિમા છે, ચિંતનનું આવું સામર્થ્ય છે.

અહીં આ ભાવના યોગ શું છે? ભાવના યોગ એક સ્વરૂપે ચિંતન જ છે. ચિંતન દ્વારા ચિત્તને અને તદનુસાર જીવનને બદલવાનો આ ઉપક્રમ છે.

વેદાંતમાં આત્મસ્વરૂપનું ચિંતન કરતાં કરતાં આત્મા સુધી પહોંચાય છે. ભક્તિમાર્ગમાં ભગવાનના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં સાધક ભગવાન સુધી પહોંચે છે.

ભાવના યોગમાં પણ ચિંતનના સામર્થ્યનો વિનિયોગ થયો છે.

બીજી પણ એક વાતનો ખ્યાલ રાખવો જોઈએ. અનુકૂળ ચિંતન અધ્યાત્મ યાત્રામાં સહાયક બને છે, તેમ પ્રતિકૂળ ચિંતન અધ્યાત્મ યાત્રામાં બાધારૂપ પણ બની શકે છે. અહીં શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાનની વાણી આ જ દર્શાવે છે.

મૈત્રીનું ચિંતન મૈત્રી તરફ અને દ્વેષનું ચિંતન દ્વેષ તરફ દોરી જાય છે.

અહીં આ ભાવના યોગમાં શું સિદ્ધ કરવાનું છે? શું સિદ્ધ થાય છે? માનવચિત્તનું બંધારણ એવું છે કે વ્યક્તિ જે પ્રકારની ભાવનાથી પોતાને ભાવિત કરે છે, તે રૂપમાં તે બદલાઈ જાય છે. જેવી ભાવના તેવો કર્મબંધ!

આ દ્વાદશ ભાવનાથી કર્મબંધ શિથીલ થાય છે અને આત્મજ્ઞાનનો માર્ગ પ્રશસ્ત બને છે.

અનિત્ય આદિ દ્વાદશ ભાવનાઓ અનુપ્રેક્ષા પણ કહેવાય છે. જૈન શાસ્ત્રોમાં આ દ્વાદશ ભાવનાઓનું કથન સંવર તત્ત્વની અંતર્ગત કરવામાં આવેલ છે. સંવર એટલે જીવ તરફ આવતા કર્મપ્રવાહને રોકવો. સંવર આશ્રવનો નિરોધ છે. આમ છતાં આ દ્વાદશ ભાવનાનો પ્રવાહ નિર્જરા સુધી પણ પહોંચે છે, કારણ કે સંવર અને નિર્જરા સર્વથા ભિન્ન નથી. સંવર અને નિર્જરા પરસ્પર પૂરક અને અન્યોન્ય સહાયક પણ બને છે.

આમ બંધ તરફથી મોક્ષ તરફ જવા માટે જૈનધર્મમાં અનેક સાધનાઓનું કથન છે. તદનુસાર આ ભાવના યોગ પણ એક સમર્થ સાધના છે. ✷ ✷ ✷

ભાવનાનું આધ્યાત્મિક વર્ગીકરણ

(અનુસંધાન પૃષ્ઠ ૮૭થી ચાલુ)

અધોલોક. આ સૃષ્ટિની રચના એટલે બે હાથ કમર ઉપર રાખીને, પહોળા પગ રાખીને ટટ્ટાર ઊભેલો પુરુષ. ઊર્ધ્વલોકના છેડે સિદ્ધશિલા છે જેમાં અનંત સિદ્ધ આત્માઓ કાયમી નિવાસ કરે છે. કાલ, પુરુષાર્થ, સ્વભાવ, પ્રારબ્ધ અને ભવિતવ્યતા રૂપી વાજીંત્રના તાલ પર નાચતા, ભિન્ન ભિન્ન રૂપ ધારણ કરનાર, જીવાત્મા અને પુદ્ગલ માટે આ લોક રંગમંડપ છે. લોક સીમિત છે. લોકની બહાર અલોક છે તે અસીમિત છે. લોકના ટપકા જેટલા ભાગમાં આપણી આ પૃથ્વી છે. આ વિચારવાથી આપણને આપણી ક્ષુદ્રતાનું ભાન થાય છે જે અહંકાર ઓગાળવામાં સહાયક બને છે.

૧૨. બારમી ભાવના-બોધિદુર્લભ ભાવના સાધકે મનમાં ઘૂંટવાનું છે કે સામાન્ય રીતે જીવન માનપાન અને ખાનપાનમાં જ વિતે છે. મહાન પુણ્યોદયે મનુષ્ય જન્મ મળ્યો છે. મનુષ્યત્વ, મુમુક્ષુત્વ અને સદ્ગુરુનો સંયોગ દુર્લભ છે. જગતમાં મતમતાંતર ઘણાં છે. આવા બધા વિવાદોમાં પડ્યા વિના આત્મસાધના કરવાની છે.

આ ભાવનાના દફ્ફા શ્લોકમાં કહે છે યુવાનીમાં જ આરાધના કર. મરતાં પહેલાં બોધદર્શન પ્રાપ્ત કરી લે.

૧૩. મૈત્રી ભાવના, ૧૪. પ્રમોદ ભાવના, ૧૫. કારુણ્ય ભાવના, ૧૬. માધ્યસ્થ ભાવના.

અન્ય વ્યક્તિઓ સાથે કેવી રીતે વર્તવું એ દર્શાવતી આ ભાવનાઓ છે.

આ ભાવનાઓ સ્પ્રીંગબોર્ડ જેવી છે. એમનું અવલંબન લઈ ચૈતન્યના વિરાટ મહાસાગરમાં છલાંગ મારવાની છે.

આ ગ્રંથના મંગલાચરણના બીજા શ્લોકમાં કહે છે:

'તમે ભલે પંડિત હો, વિદ્વાન હો પણ જો આ ભાવનાઓથી મન રંજિત થયું નથી તો શાંત સુધારસ વિના મોહવિષાદરૂપી વિષથી વ્યાકુળ એવા જગતમાં સુખ નહીં મળે.

આ ગ્રંથના મંગલાચરણના ચોથા શ્લોકમાં કહે છે, 'ભાવનાઓને ચિત્તમાં ધારણ કરો (માત્ર ગાન નહીં) જેથી મોહનું આચ્છાદન દૂર થશે અને સમતાની વેલ પુનઃ નવપલ્લવિત થશે.

આ ગ્રંથના મંગલાચરણના છઠ્ઠા શ્લોકમાં કહે છે, 'આ ભાવનાઓ સમ્યક્‌વાણીના ચિત્તમાં જ રહે છે.'

આ ૧૬ ભાવનાઓનો સાર નીચેની પંક્તિઓ દ્વારા વ્યક્ત કરું છું.

ધોળાને કાળું કરે એવા હોય અનેક
કાળાને ધોળું કરે એવા લાખે એક.
સ્થિર થયા જે ભીતરે ન કરે વાદવિવાદ
અંતર્મુખી વહેણમાં સુણે અનાહત નાદ
સ્થિર થયા જે ભીતરે ન કરે વિધિવિધાન,
સાક્ષી ભાવે નિરખે પંકે કમલ સમાન
સ્થિર થયા જે ભીતરે, કરે સુધારસપાન
ઝંખ ઝાંખી પરમની મસ્તીમાં ગુલતાન. ✷ ✷ ✷

પૂ. કાનજીસ્વામીના સાહિત્યમાં બાર ભાવના

☐ સંકલન : પન્ના મહેશભાઈ મહેતા

'ભવિકજન–આનંદજનની' જેવા શબ્દોથી જે બાર ભાવના-અનુપ્રેક્ષાને કાર્તિકેયસ્વામીએ વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે માતા સમાન વર્ણવી છે તે મહા ભાગ્યવાન મુનીવરોની વસ્તુસ્વરૂપના જ્ઞાનસહીતની બારભાવનાનું વર્ણન પંડિત દોલતરામજી રચિત છ ઢાળાની પાંચમી ઢાળામાં છે.

આત્મા સદાય જ્ઞાન-આનંદ સ્વરૂપ છે. તેમાં દૃષ્ટિ લગાવી સ્થિર રહેવાથી સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય છે. સમ્યગ્દર્શન થયા પછી મુનિ થવા માટે, તેમજ મુનિ થયા પછી ચિત્તની એકાગ્રતા માટે ભેદજ્ઞાનપૂર્વક બાર વૈરાગ્યભાવનું ચિંતન હોય છે. આત્માની સન્મુખતા વગર એકલા શુભ વિકલ્પ કાર્ય કરે તે બધું બંધમાર્ગમાં જ જાય છે, મોક્ષમાર્ગમાં નહીં. જ્ઞાનમય અસ્તિસ્વભાવની એકાગ્રતા થાય તો જ રાગની નાસ્તીરૂપ વૈરાગ્ય સાચો થાય. વૈરાગ્ય ભાવનાઓનું ચિંતન કરવાથી જીવની અંદરમાં સમભાવરૂપ સુખ પ્રગટે છે. જેમ પવનનો ઝપાટો લાગવાથી અગ્નિ ભભૂકી ઉઠે છે તેમ વૈરાગ્યભાવનારૂપી પવનનો ઝપાટો લાગવાથી સુખની દશા વૃદ્ધિગત થાય છે. આ રીતે બાર ભાવના ભવ્ય જીવોને આનંદ દેનારી છે.

૧. અધ્રુવ - અનિત્ય ભાવના

ભગવાન ઋષભદેવ નીલાંજનાદેવીના દેહની ક્ષણભંગુરતા દેખીને વૈરાગ્ય પામ્યા. અનેક રાજાઓએ આકાશમાં ખરતો તારો દેખીને, કે વાદળોને વિખેરાઈ જતા દેખીને સંસાર, શરીરાદિ પરપદાર્થની અધ્રુવતા ચિંતવીને, તેમનો આશ્રય છોડીને, ધ્રુવ એવા પોતાના જ્ઞાનસ્વભાવનો આશ્રય કર્યો છે. આ અધ્રુવ ભાવનાનું તાત્પર્ય છે.

મુનિદશામાં આત્મામાં ઝુલતા સનત મુનિરાજ, પોતાના જ થુંકથી જેનો ઇલાજ થઈ શકે છે તેવા કોઢવાળા શરીર પ્રત્યે એકદમ ઉદાસીન થઈ, આત્માના ભવરોગને વૈરાગ્ય ભાવનાના રસવડે રત્નત્રય ઔષધિથી મટાડે છે.

શરીર, ઘર, ધન, કુટુંબીજનો, સેવકો, ઈન્દ્રિયસંયોગો બધા નાશવંત છે એમ જણાય છતાં ક્યારેક એવો વિકલ્પ આવે છે કે 'જ્યાંસુધી આ સંયોગો પાસે છે ત્યાં સુધી તો એમાંથી સુખ લેવા દો.' પૂ. કાનજીસ્વામી આવા વિકલ્પને ટાળવા ઉત્તર આપે છે કે 'સંયોગ વિદ્યમાન હોય ત્યારે પણ એમાં સુખ નથી. સંયોગ સંયોગમાં; સંયોગ આત્મામાં નહીં અને આત્મામાં સંયોગ નહીં. આત્માનું સુખ આત્મામાં હોય, કે સંયોગમાં? આત્માનો પોતાનો સુખ સ્વભાવ નથી કે આત્માને સંયોગમાંથી સુખ લેવું પડે? જીવ! તું ભ્રમા મા... સુખ અંતરમાં છે...બહારમાં કે સંયોગમાં શોધવાથી નહિ મળે.'

ધ્રુવજ્ઞાનાનંદ સ્વરૂપ, શુદ્ધઆત્મા સુખરૂપ છે ને પુણ્ય-પાપ અધ્રુવ, ક્ષણિક દુ:ખરૂપ છે. આવા મહાન આત્માને શરીરમાં, મકાનમાં, સ્ત્રીમાં, પૈસામાં કે પરિવાર વગેરેમાં ક્યાંય મોહ શોભતો નથી, દીનતા શોભતી નથી. બીજા સંયોગો વડે પોતાની મહાનતા માનવી એ ખરેખર દીનતા છે, પરશ્રય છે. પોતાના સ્વરૂપના અગાધ મહિમાના ચિંતન વડે વૈરાગ્યમાં વૃદ્ધિ કરી એકાગ્ર થવું–એમાં પરમ સુખ છે ને એ જ અનિત્યભાવનાનું સાચું ફળ છે.

૨. અશરણ ભાવના

જગતમાં અનેક મણિ-રત્નો ચિંતામણિ-પારસમણિ વગેરે છે. રક્ષા માટેના અનેક મંત્ર-તંત્ર વિધિવિધાન ઉપાયો છે પરંતુ જીવને મરણથી બચાવવા કોઈ સમર્થ નથી. ભલે પછી એ દેવેન્દ્ર, સુરેન્દ્ર, વિદ્યાધર, રાજા કે ચક્રવર્તી હોય, મરણ કાળે એને કોઈનું શરણ નથી. રત્નત્રયરૂપી વિતરાગીમંત્ર સિવાય બીજું કોઈ શરણું નથી.

વૈરાગ્યભાવના વડે રત્નત્રયને આરાધી મોક્ષને સાધો એવો વિતરાગી સંતોનો ઉપદેશ છે.

જેમ સિંહ મૃગલાને મારી નાખે છે તેમ કાળ એટલે કે મૃત્યુરૂપી સિંહ સમસ્ત સંસારી જીવોને મારી નાખે છે. સંયોગનો સ્વભાવ જ અશરણ છે. તે ક્યાંથી શરણ આપે? જગતના મંત્ર-તંત્ર-ઔષધ જીવને પુણ્ય હોય તો મળે છે, પણ તે મરણથી તો બચાવી શકતું જ નથી. મરણથી બચવું હોય તો શરણ સ્વભાવનું લેવું પડે. સ્વભાવના શરણે મોક્ષદશા થતાં મરણ મટી જાય છે.

જગતને, મરણતણી બીક છે પણ જ્ઞાનીને તો આનંદની લહેર છે. જેમ કોઈ ઈશ્વર આ જગતના કર્તા-હર્તા નથી તેમ બીજો જીવ આ જીવને મારનાર કે શરણ દેનાર નથી. આ આત્માને બીજાનું શરણ માનવું તે તો, ઈશ્વરને જગતના કર્તા માનવા જેવું અજ્ઞાન છે. અરિહંતનું શરણું વ્યવહારથી અને સ્વ-સ્વભાવનું શરણું નિશ્ચયથી લેતા સાચો વૈરાગ્ય જાગશે.

૩. સંસાર ભાવના

સંસારમાં નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિમાં દુ:ખ કહ્યું છે. દેવગતિમાં પણ દુ:ખ કહ્યું છે, કેમકે ત્યાં જીવને જે મિથ્યાત્વાદિ પરભાવ છે તે જ દુ:ખ છે. મિથ્યાત્વને લીધે જીવ

નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના ભવોમાં રખડી રખડીને દુ:ખના વેદનપૂર્વક પાંચ પ્રકારના પરિવર્તન–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ પૂરા કરે છે.

જીવનો સંસાર ક્યાં છે? જીવની અશુદ્ધ પર્યાયમાં જીવનો સંસાર છે; જીવનો સંસાર જીવની બહાર નથી. સ્ત્રી-પુત્ર-ઘરબાર વગેરે સંયોગ તો પર ચીજ છે. તેમાં આ જીવનો સંસાર નથી પણ તેમાં સુખ બુદ્ધિનો ભાવ અથવા તે તરફની મમતારૂપમાં મોહભાવ તે જ જીવનો સંસાર છે. સુખ-દુ:ખ કાંઈ બહારમાં નથી. જીવના ભાવ જ સુખ કે દુ:ખ છે. સુખ આત્માનો સ્વભાવ છે; તે આત્મસ્વભાવમાં જ્યાં સન્મુખતા નથી ત્યાં સુખ કેવું? આત્માનો નિજવૈભવ, ચૈતન્યનિધાન, તે રાગથી ભિન્ન છે; તેની કિંમત કાર્ય વગર, એટલે કે આત્માનું સ્વરૂપ સમજ્યા વગર જીવ ચાર ગતિમાં દુ:ખી થઈ રહ્યો છે. ચાર ગતિના કેટલા દુ:ખ! ને આત્માના સ્વભાવમાં કેટલું સુખ! એનો સરખો વિચાર કરે તો સંસારથી વૈરાગ્ય થઈ જાય ને આત્માની સન્મુખ થઈને તેના સુખનો અનુભવ કરી લે!

૪. એકત્વ ભાવના

આ શરીર કે જે જન્મથી મરણપર્યંત સદાય જીવની સાથે ને સાથે (એક ક્ષેત્રે) રહેનારું છે તે પણ જીવને સુખદુ:ખમાં સાથ નથી આપતું. જેને પોષવા માટે અજ્ઞાનીએ જીવનભર પાપ કર્યું તે શરીર, પાપનું ફળ ભોગવવા નરકમાં ભેગું જતું નથી. અને જીવ મોક્ષમાં જાય તો ત્યાં પણ શરીર ભેગું જઈ શકતું નથી.

નિકટવર્તી શરીરની જ્યાં આવી સ્થિતિ છે ત્યાં સ્ત્રી-પુત્ર-ધન વગેરે તો પ્રત્યક્ષ જુદા છે. ક્ષેત્રથી પણ દૂર છે, તેઓ કાંઈ જીવને સુખ-દુ:ખમાં ભાગીદાર થતા નથી.

સંસારમાં રખડવામાં કે મોક્ષને સાધવામાં જીવ એકલો જ છે; પોતે એકલો જ પોતાના બંધ કે મોક્ષના પરિણામ કરે છે; આમ જાણનાર સમ્યક્દૃષ્ટિ નિજ શુદ્ધાત્મા સાથે જ સદાય એકત્વ રૂપે પરિણમતો થકો શુદ્ધ આત્માને જ સાધે છે. આ પરમાર્થ એકત્વ ભાવના છે.

બહારમાં શરીરાદિ અને અંતરમાં રાગાદિ વિભાવો સાથે, ચૈતન્ય સ્વરૂપ ઉપયોગને એકતા નથી, પણ ભિન્નતા છે. આ રીતે પરદ્રવ્યોને પરભાવોથી વિભક્ત આત્માને પોતાના જ્ઞાયક સ્વભાવ સાથે જ એકત્વ છે. આવું એકત્વ વિભક્તપણું જાણનાર ધર્મીજીવ પોતાના સમ્યક્દર્શન-જ્ઞાન-ચરિત્રમાં એકત્વરૂપે પરીણમતો થકો સ્વમાં સ્થિર થાય છે.

૫. અન્યત્વ ભાવના

દૂધ અને પાણીની જેમ જીવ અને શરીર સંયોગરૂપે મળેલા છે, તોપણ જેમ દૂધ અને પાણી ખરેખર જુદા છે તેમ જીવ અને શરીર ભિન્ન ભિન્ન છે, ભેગાં—એકરૂપ નથી. જેમ ડબીમાં હીરો જુદો છે, તેમ દેહરૂપી ડબીમાં ચૈતન્યહીરો જુદો છે.

આ ચૈતન્ય ભગવાન આત્મા પોતાના ગુણ-પર્યાયનો પવિત્ર પીંડ છે, તે બીજા બધાના ગુણ-પર્યાયોથી જુદો છે. સ્વ અને પર, ચેતન અને જડ બે વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ને ભાવ જુદા છે. જેમ બે આંગળી જુદી છે, તેમ જીવ અને દેહ જુદા છે. બંનેનાં સ્વપ્રદેશો એકબીજાથી જુદેજુદા છે. બંનેનાં ગુણ-પર્યાયો જુદા છે. બંનેનાં લક્ષણો જુદા છે. બંનેનાં કાર્યો જુદા છે, તેમને ક્યાંય એકતા નથી, સર્વ પ્રકારે અન્યપણું છે.

આઠ કર્મોના સંયોગથી રચાયેલો સંસાર, તેની વચ્ચે રહેલો ઉપયોગસ્વરૂપ જીવ, તે કર્મોથી જુદો છે. ઉપયોગસ્વરૂપ જીવ ક્રોધાદિ પરભવથી પણ જુદો જ છે–તે અંતરના સુક્ષ્મ ભેદજ્ઞાન વડે ધર્મીને અનુભવમાં આવે છે. આવા અનુભવપૂર્વક સાચી અન્યત્વ ભાવના તેમને હોય છે.

૬. અશુચિત્વ ભાવના

'આત્મા-સ્વયં જ્યોતિ સુખધામ' અને 'શરીર-રોગ-જરાનું ધામ'. આ કાયા તો અશુચિ-મલિનતાથી ભરેલી છે, તે માંસ, લોહી, પરુ અને મળ-મૂત્રથી ભરેલી થેલી છે. જેને ચિદાનંદતત્વનું ભાન છે કે જીવ આ ભાવના વડે વસ્તુ સ્વરૂપ વિચારીને વૈરાગ્યની વૃદ્ધિ કરે છે.

આત્મા-ચેતન સ્વભાવી સ્વયં પવિત્ર છે–ક્રોધાદિ કષાયોની કલુશતા-મલિનતા એનામાં નથી. દેહનું અશુચિપણું તો ઉપચારથી છે, પુદ્ગલને અશુચિ શું ને શુચિ શું? ખરું અશુચિપણું તો કષાયભાવોમાં છે – તે મલીન છે, અશુદ્ધ છે, જીવ ને દુ:ખ દેનારા છે. આમ વિચારીને પોતાના શુદ્ધ સ્વભાવની ભાવના વડે તેનો નાશ કરવો તે અશુચી ભાવનાનું ફળ છે.

૭. આસ્રવ ભાવના

મન-વચન-કાયા સંબંધી યોગોની ચંચળતા વડે કર્મોનો આસ્રવ થાય છે. આસ્રવો જીવને બહુ દુ:ખ દેનારા છે. જીવને આસ્રવ-બંધના પાંચ કારણો છે – મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ને યોગ. તેમાં મિથ્યાત્વ સૌથી મુખ્ય છે, તેના નાશ વગર બીજી અવ્રતાદિ પણ છૂટતા નથી.

રાગનો એક નાનો કણીયો પણ જીવને આસ્રવનું ને દુ:ખનું કારણ છે. અહીં આસ્રવોને દુ:ખકાર કહ્યા. તેમાં પાપ તેમ જ પુણ્ય બધા આસ્રવો આવી ગયા. બધા આસ્રવો દુ:ખકારી છે.

જેને ચારેગતિના દુ:ખનો ભય હોઈ; શુભ રાગથી દેવગતિ મળે, તે પુણ્યફળમાં પણ જેને સુખ ન લાગે, તે મુમુક્ષુજીવ સમસ્ત પરભાવોથી રહિત એવા પોતાના શુદ્ધાત્માનું ચિંતન કરીને મોક્ષસુખનો સ્વાદ લે છે.

દ્રવ્ય કર્મનો આસ્રવ તો નિમિત્ત રૂપ છે. ખરેખર જે ભાવથી કર્મનો આસ્રવ થાય છે તે મોહરૂપ ને કષાય ભાવ જ જીવને દુ:ખરૂપ છે. આ રીતે આસ્રવોને દુ:ખરૂપ ચિંતવીને ધર્મીજીવ પોતાના સ્વભાવની ભાવના વડે તે આસ્રવોથી નિવૃત્ત થઈ જાય છે. આસ્રવોને દૂર કરે છે. આનું નામ આસ્રવ ભાવના છે.

૮. સંવર ભાવના

જેમ ઢાલ વડે શસ્ત્ર રોકાય છે તેમ શુદ્ધોપયોગરૂપ ઢાલવડે બધા કર્મો રોકાય છે. જેમ આસ્રવનું સ્વરૂપ ચિંતવીને જીવ તેનાથી વિરક્ત થાય છે. તેમ આ સંવરનું સ્વરૂપ ચિંતવીને, તેને સુખકર જાણીને જીવ પોતે તે રૂપે પરિણમે છે.

સંવરમાં, સુખ અને દુ:ખ, બંને રાગોનો અભાવ છે. પુણ્ય અને પાપ બંનેથી પાર એવા શુદ્ધ ઉપયોગવડે આત્માનો અનુભવ થાય છે; અને આવા અનુભવ વડે જ કર્મોનો સંવર થાય છે. જેટલી શુદ્ધતા તેટલો સંવર, ને જેટલી અશુદ્ધતા તેટલો આસ્રવ; શુદ્ધતા એટલે વીતરાગતા; ને અશુદ્ધતા એટલે રાગ-દ્વેષ-મોહ. બંનેની જાત જુદી જ છે. રાગ કદી સંવરનું કારણ ન થાય ને વિતરાગ ભાવ વડે કદી આસ્રવ ન થાય. આમ બંને ભાવની ભિન્નતા જાણે તો રાગથી વિરક્ત થાય ને વિતરાગી ચૈતન્યમાં ઉપયોગ જોડે.

૯. નિર્જરા ભાવના

કર્મોની નિર્જરા બે પ્રકારની છે: એક તો નિજકાળ પામીને, એટલે કર્મો તેની સ્થિતિનો કાળ પૂરો થતાં ઝરી જાય છે, તેને સવિપાક નિર્જરા કહેવાય છે, પણ તેનાથી જીવનું કાંઈ હિતકાર્ય સરતું નથી. બીજી અવિપાક નિર્જરા છે. તેમાં ચૈતન્યની વિશુદ્ધતારૂપ તપ વડે જીવ કર્મોને ખપાવે છે–આ નિર્જરા જ જીવને મોક્ષ પમાડે છે.

નવતત્ત્વનું સાચું સ્વરૂપ નહિ સમજનારા લોકો અજ્ઞાનથી એક તત્ત્વને બીજા તત્ત્વમાં ઘુસાડી દે છે. નિર્જરાના કારણરૂપ તપ તો ચૈતન્યમાં થાય છે તેને બદલે જડ-શરીરમાં તપ થવાનું અજ્ઞાની માને છે. ભગવંતોએ મુનિદશામાં ચારિત્રમાં વિશેષ પ્રતાપનરૂપ તપ કર્યું હતું. ચૈતન્યના આનંદમય ધ્યાન વડે અંદર ધ્યાનાગ્નિ પ્રગટાવીને તેના તપમાં કર્મોને ભસ્મ કર્યા હતા. ત્યાં અજ્ઞાની લોકોએ તેમના અંતરના ચૈતન્યની શુદ્ધિને તો ન દેખી, ને માત્ર બહારમાં આહાર છૂટ્યો તે ક્રિયા દેખીને તેને જ તપ માની લીધું.

તપ તે તો ચારિત્રમાં વિશેષ શુદ્ધતા છે. તપ વડે નિર્જરા કહી છે તેનું ખરું સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ જ ચિંતવે છે. જો કે અજ્ઞાની ને શુભ રાગ વખતે કેટલાક અશુભ કર્મોની સામાન્ય નિર્જરા તો થાય છે પણ તેમાં રાગ વગરની ચૈતન્ય શુદ્ધિ નથી, તેમાં મોક્ષ સુખનો સ્વાદ નથી ને તે મોક્ષનું કારણ થતી નથી. તે નિર્જરા સકામ નથી, પણ અકામ છે, એટલે નિષ્ફળ છે, કેમ કે મોક્ષને સાધવાનું કાર્ય તે કરી શકતી નથી.

૧૦. લોક ભાવના

આ લોક શું? તેમાં જીવને ભ્રમણ કેમ થયું? ને તે ભ્રમણ કયા ઉપાયથી મટે? લોકમાં જીવોને કેવા કેવા ભયાનક દુ:ખો છે? તેમજ ધર્માત્મા જીવોને આત્માનું કેવું અતીન્દ્રિય સુખ હોય છે? –એમ લોકના સમસ્ત સ્વરૂપનો વિચાર કરીને, વૈરાગ્યપૂર્વક લોક ભ્રમણના અંતના ઉપાયમાં પ્રવર્તવું તેનું નામ લોક ભાવના છે.

ત્રણ લોક કેવા છે તેમાં કયા મુક્ત જીવો વસે છે? કયા સંસારી જીવો વસે છે? કેવા કેવા સ્થાનો છે? મહાવિદેહ વગેરે ક્ષેત્રો, તેમાં વિચરતા તીર્થંકર ભગવંતો, મેરુપર્વતો, શાશ્વત જિનમંદિરો, સ્વર્ગ-નરકના સ્થાનો–એ બધા સહીત લોક સ્વરૂપનું ચિંતન કરતા આસ્તિયતા સહીત પરમ વૈરાગ્ય થાય છે. આવો જે લોક, તેના સમસ્ત દ્રવ્ય-ગુણ-પર્યાયોને એક સાથે જાણી લેવાની આત્માની જ્ઞાન પર્યાયમાં તાકાત છે.

અચિંત્ય સામર્થ્યવાળો આત્માનો જ્ઞાન સ્વભાવ, તે વીતરાગી સમભાવરૂપ છે. તેનામાં લોકનું જ્ઞાતાપણું છે પણ કરતાપણું નથી. આ બધાને જાણવા છતાં ક્યાંય રાગ-દ્વેષ ન થાય એવા જ્ઞાન સ્વભાવ, તે આ લોકની આશ્ચર્યકારી અચિંત્ય વસ્તુ છે. આત્માના ચૈતન્ય-ચમત્કાર જેવો બીજો કોઈ ચમત્કાર આ જગતમાં નથી. અનંત ગુણથી ભરેલો મારો ચૈતન્ય લોક મારામાં છે. ને મારા સિવાય ને છ દ્રવ્યસ્વરૂપ જે લોક છે તે મારાથી બાહ્ય છે. તેની સાથે મારે કોઈ સંબંધ નથી–એમ ધર્મી જાણે છે, ને સમભાવ પ્રગટ કરે છે. લોકનો જ્ઞાતા થઈશ ને લોકગ્રે જઈ ને અનંત સુખમાં સ્થિર થઈશ–લોક ભાવનાનું આ ફળ છે.

૧૧. બોધિદુર્લભ ભાવના

સમ્યગ્દર્શન વગર સંસારમાં ભટકતો જીવ નવમી ગ્રૈવેયક સુધીનાં પદ અનંતવાર પામ્યો, એટલે તે કંઈ દુર્લભ નથી; પણ પોતાના સ્વભાવનું સમ્યગ્જ્ઞાન તેણે કદી પ્રાપ્ત ન કર્યું. તેથી સંસારમાં તે ખરેખર દુર્લભ છે.

અનંતવાર દેવલોકમાં ગ્રૈવેયક સુધી ઉપજ્યો છતાં આત્મજ્ઞાન વગર જીવ લેશ પણ સુખ ન પામ્યો. માટે દેવલોક કરતાંય સમ્યગ્જ્ઞાન–બોધિ દુર્લભ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્ર ત્રણેની અખંડતાને બોધિ કહેવાય છે. સંસારમાં પુણ્ય અને તેના ફળ પામવા સુલભ છે. શુભરાગ કરવો સુલભ છે પણ સમ્યગ્જ્ઞાન કરવું તે બહુ દુર્લભ છે.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૧૦૪)

યશસ્તિલક ચમ્પૂ (કાવ્ય)

☐ પૂ. મુનિ મૃગેન્દ્ર વિજયજી

યશસ્તિલક ચમ્પૂ મહાકાવ્યનો સંક્ષિપ્ત પરિચય અહીં પ્રસ્તુત છે. સંસ્કૃત સાહિત્યમાં ત્રણ પ્રકારની રચના શૈલી જોવા મળે છે. ગદ્યાત્મક, પદ્યાત્મક અને ચમ્પૂ. ગદ્ય અને પદ્યના મિશ્રિત પ્રાચુર્યવાળી કાવ્યકૃતિને ચમ્પૂ કહેવાય છે. આ શૈલીની લોકપ્રિયતા માટે કહેવાય છે કે તે મધ અને દ્રાક્ષના મિશ્રણ જેવું સ્વાદિષ્ટ પેય છે.

હીરસૌભાગ્ય, દ્વાશ્રય, વગેરે પદ્યગ્રંથો છે. કાદંબરી, તિલક મંજરી ગદ્ય છે. નલચમ્પૂ યશસ્તિલક જેવાં ગ્રંથો ચમ્પૂ સાહિત્યનો પ્રકાર છે.

પ્રસ્તુત યશસ્તિલક ચમ્પૂના રચયિતા દિગંબર, જૈનાચાર્ય શ્રી સોમદેવ સૂરિ વિ. સં. ૧૦૧૬માં થયા છે. શક સંવત ૮૮૧માં થયેલાં 'રાષ્ટ્રકૂટ' વંશના રાજા કૃષ્ણદેવના સમકાલીન હતા. આ ચમ્પૂ કાવ્યમાં ઉજ્જૈનના રાજા યશોદેવનું જીવન વૃત્તાંત છે અને પ્રસંગોપાત જૈન દર્શનના સિદ્ધાંતોનું નિરૂપણ છે.

આચાર્ય શ્રી સોમદેવ સૂરિની બૌદ્ધિક પ્રતિભા પણ બહુમુખી હતી એટલે ચાણક્યના ચાતુર્યની બરોબરી કરી શકે તેવો અને રાજનિતી, અર્થનીતિમાં પણ મૂર્ધન્ય ગણાતો તેમનો 'નીતિ વ્યાક્યામૃત' ગ્રંથ આજે પણ ઉપલબ્ધ છે.

યશસ્તિલક ચમ્પૂ ઉપર બે ટીકા મળે છે. જેમાં 'ચન્દ્રિકા' ટીકાના રચયિતા દિગંબર શ્રુતસાગર છે જ્યારે 'પંકિજા'ના કર્તા કવિ શ્રીદેવ છે.

આ ચમ્પૂ ગ્રંથ આઠ આશ્વાસો (વિભાગ, પ્રકરણ)માં વિભક્ત છે. તેના બીજા આશ્વાસમાં શ્લોક ૧૦૫ થી ૧૫૭ ક્રમાંક સુધી ૧૨ અનુપ્રેક્ષાનું વિશદ વિવેચન છે અર્થાત્ કુલ ૫૩ શ્લોકોમાં કાવ્યત્મક શૈલીમાં આલેખન કરવામાં આવ્યું છે. અહીં તો માત્ર દરેક ભાવનાના પ્રતિનિધિ રૂપ ૧૨ શ્લોક આપ્યા છે. અને એ શ્લોકના અનુક્રમ નંબર સાથે ગુજરાતી અનુવાદ કર્યો છે.

૧૦૫ થી ૧૫૭ સુધીના અનુપ્રેક્ષાના શ્લોકનું અવગાહન કરવા જિજ્ઞાસુ વર્ગને ભલામણ છે. આ ગ્રંથ સન ૧૯૧૬માં તુકારામ જાદવજી શ્રેષ્ઠીએ મુંબઈથી કાવ્ય ગ્રંથમાળાના ૭૦મા મણકામાં સટીક પ્રકાશિત થયો છે.

૧. અનિત્ય ભાવના

उत्सृज्य जीवितजलं बहिरन्तरेते
रिक्ता विशन्ति मरूतोजलयन्त्र कल्पाः।
एकोद्यमं जरति यूनि महत्यणौ च
सर्वकषः पुनरयं यतते कृतान्तः।। (૧૦૫)

જીવનની ક્ષણભંગુરતા બતાવવા માટે અહિં બે ઉપમા આપવામાં આવી છે. જેમ કૂવા–(અરઘટ્ટ, રેંટ)માં રહેલા માટીના કોડિયા પાણી ભરીને તેને બહાર ઉલેચે છે તેમ શ્વાસોશ્વાસ રૂપ વાયુ આયુષ્યરૂપ પાણીને ઓછું – ઘટાડે છે.

અને મૃત્યુ (યમરાજ) દાવાનલ જેવો છે–જે બધું જ બાળીને રાખ કરે છે, જેમાં કાંઈ જ બચતું નથી–મૃત્યુ યુવાન, વૃદ્ધ કે અમીર કે ગરીબ કોઈની શરમ રાખતું નથી. (મૃત્યુ પછી બધાંની રાખ-ભસ્મ થાય છે.)

૨. અશરણ ભાવના

दत्तोदयेऽर्थनिचये हृदये स्वकार्ये
सर्वः समाहितमतिः पुरतः समास्ते।
जाते त्वपायसमयेऽम्बुपतौ पतत्रेः
पोता दिव द्रुतवतः शरणं न तेऽस्ति ।। (૧૧૨)

જેમ ભરદરિયે વહાણમાંથી ડૂબતાં પક્ષીને કોઈ બચાવી શકતું નથી અર્થાત્ તે દરિયામાં જ ડૂબીને મરી જાય છે તેમ મૃત્યુ સમયે પણ તને કોઈ શરણ–આશ્રય આપનાર નથી.

ભલે તારી પાસે ભરપૂર ધનસંપત્તિ હોય કે પછી ધનની આશાથી તારા સ્વજન તારી આગળ હાજી-હા કરીને ખડે પગે તારી સેવા બજાવતાં હોય તો પણ તું અશરણ જ છો.

૩. સંસાર ભાવના

कर्मार्पितं क्रमगतिः पुरुषः शरीर-
मेकं त्यजत्यवरमाभजते भवाब्धौ ।
शैलूषयोषिव संसृतिरेनमेषा
नाना विड़म्बयति चिवकरैः प्रपञ्चैः (૧૧૫)

આ સંસારના રંગમંચ ઉપર જીવાત્મા નામ કર્મના ઉદય પ્રમાણે જુદા જુદા શરીર ધારણ કરે છે અને એક ગતિમાંથી બીજી ગતિમાં પ્રયાણ કરે છે–આમ જીવને સંસાર, ચતુર્ગતિરૂપ પરિભ્રમણ કરાવીને નટભાર્યા (વિદૂષક)ની જેમ વિવિધ રૂપે નચાવે છે.

૪. એકત્વ ભાવના

एष स्वयं तमचलैर्ननु कर्मजालैः
लूतेव वेष्टयति नष्टमतिः स्वमेकः ।
पुण्यात पुनः प्रशमतन्तुकृतावलम्ब-
स्तेद्धाम धावति विधूत समस्त बाधम् ।। (૧૨૨)

હે આત્મન્! તું એકલો જ પ્રગાઢ કર્મોથી તારા આત્માને કરોળિયાના જાળાની જેમ બાંધે છે, અને પછી પુણ્યના પરિપાકથી પ્રશાંત થઈને તું જ સ્વયં એકમાત્ર સુખરૂપ સિદ્ધ ગતિને પ્રાપ્ત કરે છે.

૫. અન્યત્ત્વ ભાવના

आसीदति त्वयि सति प्रतनोति काय:
क्रान्ते तिरोभवति भूपवनादिरूपै:।
भूतात्मकस्य मृतवन्न सुखादि भाव-
स्तस्मात् कृती करवत: पृथगेव जीव: ।। (૧૨૪)

(ગ્રંથકારે અન્યત્ત્વ ભાવનાને પૃથક્ત્વાનુપ્રેક્ષા કહી છે. કારણ અન્યત્ત્વ અને પૃથક્ત્વ એ બંનેની વિવક્ષા તો સરખી જ છે.)

હે આત્મન્! તારી ઉપસ્થિતિથી જ તારું શરીર વૃદ્ધિ પામે છે. અને તારા જવાથી શરીર પંચ મહાભૂતમાં વિલીન થઈ જાય છે ને પછી શબની જેમ તેમાં કોઈ સુખદુ:ખની લાગણી જન્મતી નથી. આથી જ શરીરથી આત્મા તદ્દન સ્વતંત્ર છે–જુદો છે.

૬. અશુચિ ભાવના

योषिद्भि: आदृत करं कृतमण्डनश्री-
र्य: कामचामररुचिस्तवन केशपाश: ।
सोऽयं त्वयि श्रवण गोचरतां प्रयाते
प्रेतावनीषु वन वायस वासगोऽभूत् ।। (૧૨૮)

જે તારા કાળા કેશ કલાપને સુગંધી તેલ વગેરેથી અલંકૃત કરવાથી કામદેવની શોભા ધારણ કરતો હતો – તે તારા મૃત્યુ પછી હવે સ્મશાનમાં કાગડાના કંઠે દેખાય છે.

૭. આશ્રવ ભાવના

अन्त: कलुषोऽशुभ योगसङ्गात्
कर्माण्युपार्जयसि बन्ध निबन्धनोनि: ।
रज्जू: करेणुवशग: करटी यथैता:
त्वं जीव मुञ्ज तदिमानि दुरीहितानि।। (૧૩૧)

હે આત્મન્! તું અશુભયોગના સેવનથી મનમાં કષાયો કરીને કર્મબંધના કારણભૂત કર્મોનું ઉપાર્જન કરી રહ્યો છે. જેમ હાથીણી (સ્ત્રીલિંગ) પાછળ પાગલ થયેલ હાથી દુ:ખી થાય છે તેમ તું પણ તારા દુષ્કર્મોનો ત્યાગ કરીને બંધનમુક્ત થા.

૮. સંવર ભાવના

नीरन्ध्रसंधिरवघीरितनीरपूर:
पोत: सरित्पतिमपैति यथानपाय: ।
जीवस्त था क्षपित पूर्वतम: प्रतान:
क्षीणाश्रवश्च परमं पदमाश्रयेत।। (૧૩૭)

જેમ છિદ્ર-કાણાં વગરની નૌકા (વહાણ, પ્રવહણ, સ્ટીમર) તેની અંદર પાણી ન પ્રવેશવાના કારણે કોઈ પણ વિઘ્ન વગર સાગર તરી જાય છે તેમ જીવ પણ પૂર્વના સંચિત કર્મોનો ક્ષય કરવાપૂર્વક નવા કર્મોના આશ્રવથી અટકી જઈને મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

૯. નિર્જરા ભાવના

आतङ्क पावक शिखा: सरसा वलेखा:
स्वस्थे मनाग मनसि ते लघु विस्मरन्ति।
तत्कालजातमति विस्फुरितानि पश्चाद्
जीवान्यथा यदि भवन्ति कुतोऽप्रियं ते।। (૧૪૪)

હે આત્મન્! તારી સ્હેજ શાતાવસ્થામાં રોગાગ્નિની જ્વાળાનો અનુભવ જલ્દી ભૂલાય જાય છે. જો તે વખતે તારી બુદ્ધિમાં ચમકેલું ડહાપણ (wisdom) ત્યારપછી પણ યાદ રહ્યું હોત તો નવું પાપ તને લાગત નહિ. (અર્થાત્ તું તારા પૂર્વકર્મોની નિર્જરા કરી શક્યો હોત.)

૧૦. ધર્મપ્રભાવ ભાવના

इच्छा: फलै: कलयति प्ररुणद्धि बाधा:
सृष्टेरसाम्यविभुरभ्युदयादिभि र्य:।
ज्योतींषि दूतयति चात्मसमीहितेषु
धर्म: स शर्मनिधिरस्तु सतां हिताय ।। (૧૪૭)

(સર્વજ્ઞ કથિત) ધર્મ સર્વ સુખોનો ભંડાર છે. તે ધર્મ ભવ્ય જીવોના મોક્ષ માટે થાઓ. જે ધર્મ ભૌતિક સુખોને આપવાથી કામપ્રદ છે. પીડા-સંતાપ–વ્યાધિને દૂર કરે છે. પદ-પ્રતિષ્ઠા આપવા પણ સમર્થ છે, અને આત્મિક ગુણોની પ્રાપ્તિ માટે તે નવું સામર્થ્ય પણ મેળવી આપે છે.

૧૧. લોક સ્વરૂપ ભાવના

त्वं कल्मषा वृतमि र्निरये तिरश्चि
पुण्योचितो दिवि, नृषु द्वयकर्मयोगात् ।
इत्थं निषीदसि जगत्त्रय मन्दिरेऽस्मिन्
स्वैरं प्रचारविधये तव लोक एष: ।। (૧૪૦)

હે આત્મન્! આ ચૌદ રાજલોક રૂપ ત્રિભુવનમાં તું યથેચ્છ પરિભ્રમણ કરી રહ્યો છે. તું ક્યારેક પાપો આચરીને નરક અને તિર્યંચ (પશુ) યોનિમાં જન્મ લે છે તો ક્યારેક પુણ્યથી દેવલોકમાં જાય છે–તો ક્યારેક પુણ્ય અને પાપને વશ થઈને મનુષ્યગતિમાં જાય છે.

૧૨. બોધિ દુર્લભ ભાવના

संसारसागरमिमं भ्रमता नितान्तं
जीवेन मानवभव: समवापि दैवात् ।
तत्रापि यद भुवनमान्यकुले प्रसूति:
सत् संगतिश्च तदिहाऽन्धेकवर्तकीयम् ।। (૧૫૩)

હે જીવ! આ ચતુર્ગતિરૂપ સંસાર સાગરમાં પરિભ્રમણ કરતાં કરતાં પુણ્યોદયથી તને મનુષ્યજન્મ મળ્યો છે. વિશેષમાં તને ઉચ્ચ કુલ અને મહાપુરુષોનો સમાગમ પણ મળ્યો છે તેની દુર્લભતા અહીં વિશેષ દૃષ્ટાંતથી સમજાવે છે-

જેમ જન્માંધના હાથમાં વટેર નામનું પક્ષી ઉડીને આવવું મુશ્કેલ છે–એ ન્યાયે દશ દૃષ્ટાંતે દુર્લભ આ મનુષ્ય જન્મ છે.

✷ ✷ ✷

અધ્યાત્મ યોગી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજના સાહિત્યમાં મૈત્ર્યાદિ ભાવના વિશેનું ચિંતન

☐ ડૉ. અભય દોશી

[વિદ્વાન લેખક, પીએચ.ડી.ના ગાઈડ, મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતી વિભાગના સહયોગી અધ્યાપક. જૈન ધર્મ વિષયક પુસ્તકોના કર્તા તેમજ પ્રભાવક વક્તા છે .]

અધ્યાત્મયોગી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજ વર્તમાન જૈનસંઘમાં અત્યંત આદરણીય વ્યક્તિત્વ ધરાવનારા મહાપુરુષ હતા. આ મહાપુરુષે ઘરઘરમાં નવકારમંત્રનો ધ્વનિ ગૂંજતો કર્યો હતો. પાટણની પુણ્યવંતી ભૂમિ પર અવતરેલા આ અજાતશત્રુ મુનિવરે જીવનમાં મૈત્રીભાવની અનોખી સાધના કરી. નવકારમંત્રની સાધના-ઉપાસના માટે ચિત્તશુદ્ધિ અત્યંત આવશ્યક છે. આ ચિત્તશુદ્ધિ માટે હૃદયમાં જામેલા બીજા જીવો માટે તિરસ્કાર-દ્વેષના સંસ્કારો દૂર થવા જોઈએ.

ચાર ભાવનાઓમાં સર્વપ્રથમ ભાવના મૈત્રીભાવના છે. મૈત્રીભાવનાને ચારે ભાવનાના મૂલાધાર તરીકે પ્રસ્થાપિત કરતા અધ્યાત્મયોગી પંન્યાસભગવંત કહે છે;

[૧]'મૈત્રીભાવનાને માતાની ઉપમા આપી છે. માતાને પુત્રના હિતની ચિંતા હોય છે. પુત્રના ગુણનો પ્રમોદ હોય છે. પુત્રના દુઃખની કરુણા હોય છે તથા પુત્રના દોષની ઉપેક્ષા–ક્ષમા હોય છે.'

એટલે કે, માતાને જેમ પુત્ર પ્રત્યે સ્નેહ હોય, એમ સાધક મનુષ્યને સર્વ–જીવો પ્રત્યે અપાર સ્નેહરૂપ મૈત્રી હોય છે. આ મૈત્રી જીવોની વિશિષ્ટતા અને વિશિષ્ટ પરિસ્થિતિ અનુસાર અલગ અલગ રૂપે પ્રગટ થાય છે, તે પ્રમોદ, કરુણા અને માધ્યસ્થને નામે ઓળખાય છે. આ વસ્તુ વ્યવહારમાં કેવી રીતે પ્રગટ થાય છે, તે સ્પષ્ટ કરતા પૂ. પંન્યાસશ્રી કહે છે;

'સ્નેહનું ઉદ્દિપન સુખી પ્રત્યે મૈત્રીરૂપે, દુઃખી પ્રત્યે કરુણારૂપે, પુણ્યવાન પ્રત્યે પ્રમોદરૂપે અને પાપી પ્રત્યે માધ્યસ્થરૂપે અભિવ્યક્ત થાય છે.'

આ જ વાતને બીજી રીતે દર્શાવતાં કહે છે;

'મૈત્રી એટલે પોતાની પાસે જે છે તે બીજાને આપવાનું છે. દુઃખીને દયા, ગુણીને અનુમોદન, પાપીને ક્ષમા અને સમસ્ત જીવરાશિને હિતચિંતાનો ભાવ આપવાનો છે.'

સર્વ ભાવના આધાર સમી મૈત્રીભાવનાની વ્યાખ્યા માટે શ્રી હેમચંદ્રાચાર્યકૃત શ્લોક દર્શાવે છે;

मा कार्षीत् कोऽपि पापानि, मा च भूत् कोऽपि दु:खित:
मुच्यातां जगदप्येषा: मतिर्मैत्री निगद्यते । (યોગશાસ્ત્ર)

કોઈ પાપ ન કરો, કોઈ દુઃખી ન થાઓ, આ જગત મુક્ત થાઓ એવી બુદ્ધિને મૈત્રીભાવના કહેવાય છે.

આ મૈત્રીભાવનાનું મહત્ત્વ દર્શાવતાં કહે છે;

[૩]'સર્વ પ્રત્યે શત્રુભાવ અને ઉદાસીનભાવ નષ્ટ થઈ મૈત્રીભાવ આવવો તે જ ધર્મ માટેની પાત્રતા છે.'

ધર્મની પાત્રતા મૈત્રીભાવ કઈ રીતે? એ વાતને સ્પષ્ટ કરતા તેઓ કહે છે; જીવે અનાદિકાળથી 'સઘળું સુખ મને જ મળે અને મારું સઘળું દુઃખ ટળે' એવો વિચાર કર્યો છે. આ વિચાર અહમ્ સ્વાર્થ-બુદ્ધિથી પ્રેરાયેલો છે. (अहं ममेति मंत्रोयं मोहस्य जगदान्धय कृत् (ज्ञानसार)) જ્યાં સુધી અહમ્ અને મમત્વનું આવરણ આત્માની ઉપર છવાયેલું હોય છે, ત્યાં સુધી તેના આત્માની ભૂમિમાં ધર્મરૂપી બીજાંકુરણ શક્ય થતું નથી. અનાદિકાળનો પરજીવ પ્રત્યેનો દ્વેષ અને સ્વદેહ પ્રત્યેનો રાગ મિથ્યાત્વરૂપ આવરણ બની રહે છે. આ રાગ-દ્વેષરૂપ આવરણને તોડવાનું સામર્થ્ય મૈત્ર્યાદિ ભાવનાઓમાં રહેલું છે.

આ વાતને વધુ સ્પષ્ટ કરતાં તેઓશ્રી કહે છે; જૈનધર્મનો પ્રાણ 'અહિંસા' તરીકે ઓળખાય છે. આ 'અહિંસા'ની પૂર્ણસિદ્ધિ માટે મૈત્રીભાવના અત્યંત આવશ્યક છે. અહિંસા અથવા દયા એ જૈનધર્મનું એક મહત્ત્વપૂર્ણ તત્ત્વ છે. પરમાત્મા મહાવીર અને ચંડકૌશિક, સુદર્શનશેઠ અને અર્જુનમાળી આદિ દૃષ્ટાંતો પ્રસિદ્ધ છે. એ જ રીતે અન્ય દર્શનમાં બુદ્ધ અને અંગુલિમાલનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. જે માનવીના હૃદયમાં પ્રમોદભાવ પ્રગટ થાય છે, તે પોતે સુકૃતરાગી બને છે. તે પરનાં નાનકડાં પણ ગુણની પ્રશંસા કરે છે. હિંસા, ચોરી, જૂઠ આદિ પાપો ભયંકર છે. એવા પાપો કરી આત્માને કલંકિત કરનારા જીવો પ્રત્યે માધ્યસ્થ ભાવને બદલે ઘૃણા યા તિરસ્કાર જાગે છે, તેમાં જીવમૈત્રીનો સ્પર્શ થયો હોતો નથી. નહીંતર પોતાના સંતાનની ભૂલ જે આંખે એની માતા જુએ છે–એ જ આંખે જોવાની સહજ વૃત્તિ જીવમૈત્રીવાસિત હૈયાવાળા જીવને થવી જોઈએ. પાપીમાં પાપી જીવ પ્રત્યે પણ અનુકંપાયુક્ત માધ્યસ્થભાવ હોવો જોઈએ.

આમ, આ ચારે ભાવનાઓ મૈત્રીભાવથી સુવાસિત હોય છે અને ભવ્ય જીવોના રાગ-દ્વેષના પરિણામ મંદ કરી ધર્મમાર્ગમાં પ્રયાણ કરાવનારી હોય છે. સર્વના હિતચિંતનરૂપ મૈત્રી વિના સર્વ આત્મા મારા જેવા જ છે એવી સમદર્શીતાની ભાવના જાગતી નથી. 'બધા જીવો મારા જેવા છે, અને સૌ દુઃખથી મુક્ત બની સુખી થાઓ.' આ ભાવના જ આત્મસમદર્શીત્વનો મુખ્ય આધાર

છે. આ ભાવનાના આધાર પર જ સાધુજીવનનને શોભાવનારા ક્ષમા આદિ દસ યતિધર્મોનું પ્રગટીકરણ થાય છે. આવી જ રીતે તેઓ પુનઃ આ વાતને ભારપૂર્વક જણાવે છે; 'સર્વત્ર હિતચિંતનરૂપ મૈત્રી અને સકલસત્ત્વહિતાશય એ ધર્મમાત્રનો, યોગમાત્રનો અને અધ્યાત્મમાત્રનો પાયો છે.'

આ મૈત્રી આદિ ભાવનાઓને તેમના લખાણમાં જુદી જુદી રીતે વ્યાખ્યિત કર્યા છે. એક સ્થળે તેમણે કહ્યું છે;

'સર્વ જીવો મારે મિત્રસમાન છે, કોઈ જીવ મારું કાંઈ પણ નુકસાન કરતો નથી. દુઃખ આપનારો જીવ પણ મારા અશાતાવેદનીયના ક્ષયમાં નિમિત્તરૂપ હોવાથી, મિત્ર સમાન છે તથા સર્વજીવોનું હિત મારાથી કઈ રીતે થાય? ઈત્યાદિ ચિંતન તે મૈત્રીભાવનારૂપ ધર્મધ્યાન છે અને ધર્મધ્યાનને પુષ્ટ કરવામાં કારણભૂત છે.'

સાધુજીવનમાં અથવા કહો કે મનુષ્યમાત્રના જીવનમાં પ્રાકૃતિક વિપત્તિઓ અને મનુષ્ય કે તિર્યંચ, દેવ આદિથી સર્જાયેલી આપત્તિ-વિપત્તિઓ આવતી જ રહેતી હોય છે. પ્રાકૃતિક વિપત્તિઓના સમયે તો મનુષ્ય 'આ દેહ અનિત્ય છે, ક્ષણભંગુર છે' એવી અનિત્ય આદિ વૈરાગ્યની ભાવનાથી મનને સ્થિર કરી શકે, પરંતુ જ્યારે કોઈ વ્યક્તિ દ્વારા કષ્ટ પડે, ત્યારે તત્કાળ મન તેનો પ્રતિભાવ આપે છે. સામેવાળી વ્યક્તિ પ્રત્યે દ્વેષથી મન રાતુંચોળ થઈ જાય છે. આત્માના સ્વસ્થ પરિણામોનું બાષ્પીભવન થઈ જાય છે. આવા સમયે સાધકને સાધનામાં સ્થિર થવા, આગળ વધવા મૈત્રીભાવના સહાયક બને છે. સામેવાળો આત્મા પણ મારા આત્મા સમાન જ છે. તેના કર્મના ઉદયથી અત્યારે મારા આ દેહને પીડા પહોંચાડી રહ્યો છે. એ મને કર્મક્ષયમાં સહાયરૂપ હોવાથી મિત્ર જ છે. આવા અંતઃકરણના મૈત્ર્યાદિભાવોથી શોભિત ઉજ્જવળ વિચારોથી જ ગજસુકુમાલ, ચિલાતીપુત્ર, દૃઢપ્રહારી, મેતારજમુનિ આદિ મહાપુરુષોએ ક્ષમાધર્મનું પાલન કર્યું હતું, અને આ ક્ષમાધર્મને પ્રતાપે મુક્તિના સુખને પ્રાપ્ત કરનારા થયા હતા. આમ, અનિત્યાદિ ભાવનાઓ રાગક્ષયમાં પ્રાધાન્યથી કાર્ય કરે છે, તો દ્વેષક્ષયમાં મૈત્ર્યાદિ ભાવ પ્રધાન છે.

આ મૈત્રીભાવ સિદ્ધ થતાં 'અપૂર્વ અવસર'માં વર્ણવેલી સ્થિતિ 'બહુ ઉપસર્ગકર્તા પ્રત્યે ક્રોધ નહિ' સાધક માટે સહજ બની જાય છે.

બીજી પ્રમોદભાવનાનું મહત્ત્વ દર્શાવતાં પૂજ્યશ્રી કહે છે;

'ધર્મમાર્ગમાં સૌથી પ્રબળ વિઘ્ન પ્રમાદ છે. પ્રમોદભાવનાથી પ્રમાદદોષ ટળી જાય છે.'

હવે પૂજ્યશ્રી પ્રમોદભાવનાની સાધનાને આપણા હૃદયમાં સ્થિર કરવાનો ઉપાય દર્શાવે છે;

'શ્રી નમસ્કાર મહામંત્રનું ધ્યાન એ પ્રમોદભાવનાની ઉપાસનાનું સર્વશ્રેષ્ઠ સાધન છે. ચૌદપૂર્વનો સાર નમસ્કાર છે (સાચો નમસ્કાર પ્રમોદભાવ અથવા ગુણાનુરાગ સિવાય આવતો નથી.) અર્થાત્ પ્રમોદ ભાવના છે. શ્રી નવકાર સર્વશાસ્ત્રોમાં સમાયેલો છે. તેનો અર્થ એ છે કે, 'પ્રમોદભાવના' સર્વશાસ્ત્રોમાં અનુસ્યૂત (સમાયેલ) છે. 'નમો'ની જેમ પ્રમોદભાવના એ મોક્ષનું બીજ છે. નમસ્કારની જેમ પ્રમોદભાવના પણ સર્વ મંગળમાં પ્રથમ મંગળ છે. અને સર્વ પાપપ્રણાશક છે.'

આપણા સર્વશાસ્ત્રોમાં પ્રારંભે જિનેશ્વરદેવ આદિને નમસ્કાર થતો હોય છે, એ 'પ્રમોદભાવના' જ છે. એ જ રીતે અનુષ્ઠાનનો પ્રારંભ 'ઈચ્છામિ ખમાસમણો'થી થાય છે, વળી કાયોત્સર્ગમાં લોગસ્સ-નવકાર આદિનું ધ્યાન થાય છે, માટે તે સર્વ પ્રમોદભાવનાથી જ થાય છે. આમ, પંન્યાસજી મહારાજ પ્રમોદભાવના જૈન-સાધનામાર્ગમાં કેવું મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે, તે ઉદાહરણો સાથે દર્શાવે છે અને પ્રમોદભાવનાની સાધનાને તેમની સાધનાની મુખ્ય ધરી નમસ્કાર મહામંત્રની સાધના સાથે પ્રત્યક્ષ સંબંધ દર્શાવે છે.

પૂજ્યશ્રી હવે ત્યારબાદ ત્રીજા ક્રમે આવતી કરુણાભાવનાની સાધનામાં ઉપકારકતા દર્શાવે છે. સર્વપ્રથમ કરુણાભાવનાની વ્યાખ્યા કરતાં કહે છે;

'દુઃખીના દુઃખ દૂર થાઓ. બીજાનું દુઃખ તે મારું જ દુઃખ છે, ઈત્યાદિ ભાવના તે કરુણાભાવના છે. તેને અનુકંપા પણ કહેવાય છે.'

બીજાઓના દુઃખ જોઈને હૃદયમાં સ્વાભાવિક પીડાનો અનુભવ થવો, હૃદય આર્દ્ર બનવું તેને 'કરુણા' કહેવાય છે. આ કરુણાના મુખ્ય છ પ્રકારો દર્શાવાયા છે, ૧. લૌકિક ૨. લોકોત્તર ૩. સ્વવિષયક ૪. પરવિષયક ૫. વ્યાવહારિક ૬. નૈશ્ચયિક.

૧. લૌકિક કરુણા એટલે દુઃખી પ્રાણીઓને જોઈ તેના દુઃખ દૂર થાય તે માટે ભોજન, વસ્ત્ર, દવા આદિ આપવા તે.

૨. લોકોત્તર કરુણા એટલે દુઃખનું મૂળ કારણ 'પાપ' છે તેવો વિચાર કરી સર્વેના જીવનમાંથી પાપ દૂર થાય તેવી ભાવના ભાવવી અને તે પાપ દૂર થાય તે માટે 'ધર્મદેશના' અને તીર્થપ્રવર્તન આદિ કરવું.

૩. સ્વવિષયક કરુણા એટલે પોતાના દુઃખો દૂર કરવા ધાર્મિક ઉપાયોનો વિચાર કરવો.

૪. પરવિષયક કરુણા એટલે બીજાઓના સાંસારિક અને આધ્યાત્મિક દુઃખો દૂર કરવા યોગ્ય ઉપાયો કરવા.

૫. વ્યાવહારિક કરુણા એટલે જરૂરિયાતવાળાને અનાજ-પાણી-સ્થાન-ઔષધ આદિ ઉપલબ્ધ કરાવવા.

૬. નૈસર્ગિક કરુણા એ આત્માના શુભ અધ્યવસાય રૂપ છે.

આ કરુણાભાવનાને લીધે અનાદિકાળથી જીવની 'મારા દુઃખ દૂર થાઓ' એવી ભાવના જાગે છે, આથી બીજાનું અશુભ કરવાનો ભાવ ચાલ્યો જાય છે.

વળી, આ કરુણા ભાવનાના પાયામાં 'બધા આત્માઓ આત્મા તરીકે સમાન છે' એવો મૈત્રીભાવ રહેલો હોય છે. એને લીધે કરુણાભાવનાથી મનુષ્યનો દર્પ એટલે કે અહંકાર ચાલ્યો જાય છે અને દુઃખી, રોગી જીવો પ્રત્યેની ઘૃણા પણ દૂર થાય છે.

પરમાત્માએ દર્શાવેલા સાધુધર્મ અને ગૃહસ્થધર્મના પાયામાં કરુણાધર્મ રહ્યો છે. દાનધર્મમાં સ્વ અને પરને સુખી કરવાની ભાવના રહેલી હોય છે. કરુણા અને ઉદારતા જ દાનધર્મના મૂળ તરીકે પ્રસ્થાપિત છે.

કરુણારસનો વિશેષ મહિમા કરતા પૂજયપાદશ્રી કહે છે; આબુના પર્વત પર અનેક ઔષધિઓ રહેલી છે. આ ઔષધિઓમાં તાંબાને સુવર્ણ બનાવવાનું સામર્થ્ય રહેલું છે. પરંતુ એ બહારના તાંબાને સોનું બનાવે, પરંતુ આત્મારૂપી તાંબાને સોનું બનાવવાનું સામર્થ્ય આબુ પર્વત પર આવેલા દેલવાડાના જિનમંદિરોમાં રહેલું છે. આ જિનમંદિરોમાં ચારેબાજુ જિનેશ્વરદેવની પ્રતિમાઓ અને નયનો કરુણારૂપી અમૃતરસના કચોળા સમાન દીપે છે, અને નિરખનારા નયનોને અનહદ આનંદ આપી રહ્યા છે. આ નેત્રોનું ધ્યાન કરનાર પુણ્યશાળી જીવોને કરુણારસની સિદ્ધિ અવશ્ય પ્રાપ્ત થાય છે.

કરુણાભાવનાને પરિણામે જ પરમાત્મા તીર્થની સ્થાપના કરે છે. જિનેશ્વરદેવનો માર્ગ છે, ત્યાં દયા અને કરુણાની સુવાસ અવશ્ય હોય છે.

મધ્યસ્થભાવની વ્યાખ્યા કરતાં સર્વપ્રથમ જ પૂજ્યશ્રી કહે છે; 'રાગ અને દ્વેષની વચ્ચે (સ્થિર) રહે તે મધ્યસ્થ.'

આ મધ્યસ્થભાવનાના અનેક પ્રકારોમાંથી ૭ મુખ્ય પ્રકારો દર્શાવ્યા છે. તેમાં સર્વપ્રથમ પાપીવિષયક માધ્યસ્થ થયો. માધ્યસ્થ એટલે પાપીજીવોને પાપથી અટકાવવા માટે કરુણાભાવનાથી પ્રયત્ન કર્યા પછી પણ પાપથી ન અટકે ત્યારે ચિત્તને ક્રોધથી અપવિત્ર ન બનાવવું. આમ કરવાથી, પાપી જીવ સાથે વેરની પરંપરા ઊભી થતી નથી અને સદ્ભાવ ટકી રહેતો હોવાથી ભવિષ્યમાં સુધરવાની શક્યતા ઊભી રહે છે.

બીજા વૈરાગ્યવિષયક માધ્યસ્થમાં સુખ પ્રત્યે અરૂચિ થાય છે અને વૈરાગ્યપૂર્વક દુઃખોને સહન કરવાની તત્પરતા આવે છે. તેના જ પરિણામે આત્મામાં ત્રીજું સુખવિષયક માધ્યસ્થ પ્રગટ થાય છે. અનુત્તરવિમાનવાસી દેવતાઓ, પૃથ્વીચંદ્ર-ગુણસાગર, અંતિમ ભવમાં તીર્થંકરોના રાજ્યાદિ ભોગ વિશે સુખ વિશે માધ્યસ્થ રહેલું હોય છે. તેઓ પોતે પુણ્યાનુબંધી પુણ્યનો ઉપભોગ ઇચ્છારહિતપણે, કેવળ પહેલાના ઉપાર્જેલા શુભકર્મના ઉદયથી જ કરતા હતા.

દુઃખવિષયક માધ્યસ્થમાં ઉપસર્ગ અને પરિષહોની વચ્ચે પણ મન મેરુની જેમ અડોળ રહેતું હોય છે. પરમાત્મા મહાવીરદેવ, ગજસુકુમાલ આદિ મહામુનિઓના જીવનમાં દુઃખની આંધી આવી ત્યારે પણ તેમનું મન ચલિત થયું નહોતું. પ્રસિદ્ધ સંત ગંગાબાઈના શબ્દોમાં કહીએ તો 'મેરુ રે ડગે રે જેનું મન ન ડગે રે એ હોય પ્રમાણ' એવું આ મહાપુરુષોનું જીવન હોય છે.

પાંચમા ગુણવિષયક મધ્યસ્થતામાં 'ગુણ' શબ્દથી સિદ્ધિઓ એવો અર્થ સમજવાનો છે. સાધનાને પરિણામે લબ્ધિઓ, સિદ્ધિઓ આદિ અનેક ગુણો પ્રગટ થાય છે, ત્યારે સાધકો બાહ્ય સિદ્ધિ-લબ્ધિ આદિ ગુણોમાં અટવાતા નથી, પરંતુ પોતાના આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોના પ્રાગટ્ય માટે જ વિશેષ પુરુષાર્થ કરતા રહે છે. આ સંદર્ભે સનત્કુમાર ચક્રવર્તીનું દૃષ્ટાંત સ્મરણીય છે. મુનિપણામાં રહેલ સનત્કુમારને વિવિધ રોગોની ભયાનક પીડા હતી. તેમની તપશ્ચર્યાને પરિણામે તેમના થૂંકમાં પણ રોગો દૂર કરવાની લબ્ધિ પ્રગટ થયેલી. પરંતુ, દેહના રોગો પ્રત્યે ઉપેક્ષા કેળવી, આત્માની શુદ્ધિ માટે જ પુરુષાર્થ ચાલુ રાખ્યો હતો.

સાધક સાધનાની ઉચ્ચત્તર સ્થિતિમાં પહોંચતાં આત્મામાં રહેલા શુદ્ધ સ્વરૂપનો સાક્ષાત્કાર પામે છે. આ શુદ્ધસ્વરૂપના સાક્ષાત્કાર બાદ તેને સંસારમાં પણ 'મોક્ષ'નો જ અનુભવ થાય છે. આથી તેને કર્મક્ષયના પરિણામે ઉત્પન્ન થતાં મોક્ષની ઝંખના શમી જાય છે. તેને માટે સંસાર અને મોક્ષ પણ સમાન બની જાય છે. આવા સાધકો સમતારૂપ નિજ સહજાનંદના અમૃતસાગરમાં મસ્ત બની જાય છે. તેને 'અસંગ અનુષ્ઠાન' તરીકે પણ ઓળખાવાય છે. આ માધ્યસ્થ સાતમા ગુણઠાણાથી પ્રગટે છે.

સાતમા પ્રકારમાં સર્વવિષયક માધ્યસ્થ દર્શાવવામાં આવ્યું છે. કેવલજ્ઞાનીઓનું મન પૂર્વગ્રહરહિત હોવાથી તેઓ નિષ્પક્ષપણે તત્ત્વોનું દર્શન કરાવે છે. આ તત્ત્વનુ ચિંતન કરનારા મહાપુરુષોના જીવનમાં પણ આવું માધ્યસ્થ પ્રગટે છે. આ માધ્યસ્થના પ્રતાપે કોઈપણ શાસ્ત્રવચનને તેના યોગ્ય નયમાં સમજવાની ભૂમિકા પ્રાપ્ત થાય છે. આથી અન્યદર્શનના વચનોને પણ યોગ્ય ભૂમિકા પર સમજાવી શકે છે. તેઓ કેવળ સત્યના આશ્રયી હોવાથી સ્વદર્શન પ્રત્યે રાગ કે પરદર્શન પ્રત્યેના દ્વેષથી મુક્ત થઈ જાય છે. શ્રી હરિભદ્રસૂરિ, આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજી આદિ મહાપુરુષોના સાહિત્યસર્જનમાં આવા માધ્યસ્થના દર્શન થાય છે.

આ માધ્યસ્થ ભાવનાના પ્રકારો દર્શાવ્યા બાદ તેના ઉપાયરૂપે નયચિંતન તેમજ કર્મપ્રકૃતિના ચિંતનને મહત્વપૂર્ણ ગણાવે છે.

કર્મપ્રકૃતિના ચિંતનથી દોષોનું સેવન કરનાર વ્યક્તિ પણ તેના કર્મના ઉદયે મને હેરાન કરે છે, આવો વિચાર આવતા તેના આત્મરૂપ દર્શનથી મધ્યસ્થભાવ આવે છે. એ જ રીતે નયોના ચિંતનથી સર્વ શાસ્ત્રો અથવા પદાર્થોને યોગ્ય રીતે સમજી શકાય છે.

આ મધ્યસ્થભાવનાની બીજી રીતે વ્યાખ્યા કરતાં કહ્યું છે; મધ્ય એટલે આત્મા અને આત્મામાં સ્થિર થવું, રાગદ્વેષમાં વિચલિત ન થવું તે જ મધ્યસ્થ ભાવના છે.

પરમાત્માની વાણીમાં જીવાદિ નવતત્ત્વો, અનિત્યાદિ બાર ભાવનાઓ તેમજ સર્વશાસ્ત્રો આદિ પણ અંતે સમભાવની સિદ્ધિ માટે એટલે કે રાગદ્વેષથી મુક્તિ માટે એટલે કે મધ્યસ્થભાવની સિદ્ધિ માટે કહેવાયા છે. માટે પરમાત્માની વાણીનો સાર પણ મધ્યસ્થભાવ કહી શકાય.

શ્રી નમસ્કાર મહામંત્રમાં પંચપરમેષ્ઠિઓ તેમના મધ્યસ્થભાવને લીધે સ્થાન પામ્યા છે. તીર્થંકરદેવોની મુદ્રા પણ મધ્યસ્થભાવની પ્રતીતિ કરાવે છે. તેમના પડખે સ્ત્રીનો અભાવ હોય છે, એ રાગરહિતતાનું સૂચન કરે છે. તો હાથમાં શસ્ત્રનો અભાવ દ્વેષરહિતતા દર્શાવે છે. વળી, નેત્રમાં સર્વ જીવો પ્રત્યેની અપાર કરુણા પણ કોઈ એક માટે નહિ, પણ સર્વ માટે હોવાથી મધ્યસ્થભાવનું સૂચન કરે છે.

'મધ્યસ્થ' શબ્દમાં મધ્યનો અર્થ કેન્દ્ર થાય છે. અને ધર્મની બધી જ પ્રવૃત્તિનું કેન્દ્ર આત્મા છે. એ જ રીતે રાત-દિવસ થતી બધી પ્રવૃત્તિનું કેન્દ્ર પણ આત્મા જ છે. આથી ચિદ્‌ઘન અને આનંદઘન આત્માના પ્રકાશનું સ્મરણ એ મધ્યસ્થ ભાવ છે.

મધ્યસ્થભાવ પરિસ્થિતિભેદે જુદા જુદા નામો ધારણ કરે છે. સુખદુઃખ પ્રત્યેનું માધ્યસ્થ તે વૈરાગ્ય છે. વિશ્વની વિચિત્રતાઓ પ્રત્યેનું માધ્યસ્થ એ 'વિવેક' તરીકે ઓળખાય છે. તેઓ માધ્યસ્થ ભાવનાનું મૂલ્ય આંકતા કહે છે;

'જીવમાત્ર પ્રત્યે મૈત્રી, ગુણીમાત્ર પ્રત્યેનો પ્રમોદ, દુઃખી માત્ર પ્રત્યેની કરુણા તે બધા મધ્યસ્થભાવના જ વિશિષ્ટ પ્રકારો છે.'

લેખના પ્રારંભે, ચારે ભાવનાઓને મૈત્રીભાવનામાંથી સ્ફૂરતી બતાવી હતી. લેખને અંતે તે સૌ મધ્યસ્થભાવનાના જ પ્રકારો છે એવું દર્શાવાયું છે તે કેવી રીતે સંગત બને?

આત્મા અનાદિકાળથી 'મારું, મારું' એમ સ્વના સ્વાર્થમાં ડૂબેલો છે. મૈત્રીભાવથી તેની સ્વાર્થની ભાવના ઢીલી પડે છે. નાના-વર્તુળથી મૈત્રીભાવનો ઉદય થઈ ક્રમશઃ વિસ્તરે છે. 'સર્વે જીવો સુખી થાઓ' એવી ભાવનાના સંપૂર્ણ અમલ સમયે પોતાના શત્રુઓ, પીડા દેનારા પ્રત્યે પણ મિત્ર જેવા જ સમભાવની અપેક્ષા છે. અને આ અપેક્ષાની પૂર્તિ માટે મધ્યસ્થભાવ આવશ્યક છે. એ જ રીતે 'સામેનો જીવ મારા જેવો જ છે, અત્યારે સંયોગોને કારણે પીડા પામી રહ્યો છે' એવા ચિંતનને લીધે જ કરુણાની સાથે જ તેના બાહ્યસંયોગોની ઉપેક્ષારૂપ માધ્યસ્થ પ્રવર્તે છે, ત્યારે ઘૃણાનો સ્પર્શ થતો નથી. પ્રમોદભાવનામાં તેની અંદરરૂપ રહેલ ગુણોરૂપ સિદ્ધત્વના પ્રાગટ્યનો હર્ષ હોય છે. આમાં તેના ગુણોને તટસ્થભાવે જોવા, ઈર્ષ્યાનું આવરણ વચ્ચે ન આવવા દેવામાં મધ્યસ્થ દૃષ્ટિ રહેલી હોય છે.

આમ આ ચારે ગુણોના પ્રારંભમાં મૈત્રી અથવા આત્મસમદર્શીત્વ અત્યંત આવશ્યક છે. આ જ આત્મસમદર્શીત્વની ભાવનાનું દૃઢીકરણ થવા અંતે સર્વ ભાવનાઓની પાછળ માધ્યસ્થરૂપે બિરાજમાન હોય છે.

જૈનશાસ્ત્રોમાં વૈરાગ્યપ્રધાન અનિત્યાદિ ભાવનાઓનો મહિમા વિશેષ છે. આ ભાવનાઓમાં વારંવાર કહેવાતું હોય છે;

'આ સંસારમાં કોઈ કોઈનું નથી. આ સંસારમાં મોહમાયા રાખવી નહિ.'

સામે પક્ષે મૈત્રીભાવનાનું સૂત્ર છે;

'આ જગતના સર્વે જીવો મિત્ર છે. કોઈની સાથે વૈર નથી. સર્વેનું કલ્યાણ થાઓ.'

(मित्ति मे सव्वभूएषु, वैरं मझ्झ न केणई। शिवमस्तु सर्व जगतः।)

આ વાતનો ઉત્તર આપતા અનેકાંત દૃષ્ટિકુશળ પૂ. પંન્યાસશ્રી વિવિધ નયોની દૃષ્ટિએ આ બંને વાત કઈ રીતે યથાર્થ છે તે જણાવે છે; જૈનદર્શનમાં સ્યાદ્વાદદૃષ્ટિથી આત્મા અને શરીરનો સંબંધ ભેદાભેદાત્મક છે. એટલે કે નિશ્ચયદૃષ્ટિથી આત્મા અને દેહ ભિન્ન છે, પરંતુ વ્યવહારદૃષ્ટિથી અભિન્ન છે. એ જ રીતે નિશ્ચયથી આત્મા નિત્ય છે, તો વ્યવહારથી અનિત્ય છે. જ્યારે વૈરાગ્યમય અનિત્યાદિ ભાવના દ્વારા વૈરાગ્યનું પોષણ કરવું હોય, અનાદિકાળથી પડેલી સંસારની વાસનાઓનું વિમોચન કરવું હોય ત્યારે અનિત્ય અંશને પ્રાધાન્ય આપવામાં આવે છે. (વેદાંત વગેરેની જેમ કેવળ નિત્ય આત્માની વાત પર વધુ ભાર ન મૂકતા આ દેહપર્યાયમાંની તેની અનિત્યતા પર વિશેષ લક્ષ્ય કેન્દ્રિત કરાય છે.)

એ જ રીતે જીવ અને જીવ વચ્ચેનો સંબંધ પણ ભેદાભેદવાળો છે. આત્માના આત્મદ્રવ્ય તરીકેના સાધર્મ્યના સંબંધથી અભેદવાળો છે. તો વ્યક્તિગત કર્મબંધન આદિની અપેક્ષાએ ભેદવાળો છે. પરંતુ, મૈત્રી આદિ ભાવો વખતે અભેદઅંશનું પ્રાધાન્ય આપવામાં આવે છે.

આ અભેદઅંશના પ્રાધાન્યથી જ અહિંસાધર્મની યોગ્ય રીતે સિદ્ધિ થાય છે. 'અન્યને હણનાર તું બીજાને હણતો નથી, પણ તારા જ આત્માને હણે છે.' એ વાત સ્વીકાર્ય બને છે, અને અહિંસાધર્મનું પાલન નિર્મળ બને છે.

આ ભાવનાઓ પણ અનિત્યાદિ ભાવનાઓની જેમ જ વ્રત અને વૈરાગ્ય સ્થિર કરવા માટે ઉપકારક છે.

આમ, જડપદાર્થ – દેહ અને દેહના સંબંધમાં સુખકારી સંબંધો પ્રત્યે અનિત્યાદિ ભાવના અને આત્માના બીજા આત્મા તરીકેના સંબંધમાં તેમજ જગતના સર્વ જીવો પ્રત્યેના વ્યવહારમાં મૈત્રી ભાવના અત્યંત આવશ્યક છે.

એક અર્થમાં અનિત્યાદિ ભાવનાઓ નકારાત્મક સાધના છે. વૈરાગ્યની સાધના છે. આના પરિણામે સાધક પોતાના દેહ, અર્થસંપત્તિ, કુટુંબ-પરિવાર આદિની અનિત્યતા સમજે છે. ત્યાં જ તેને મૈત્ર્યાદિ ભાવનાઓ આ જગતના અનંત આત્માઓનું સખ્ય ઉપલબ્ધ કરાવે છે. દેહ અને તેની સુખાકારીના સંબંધથી બંધાયેલા સંબંધોથી બંધાયેલા સંબંધો નશ્વર છે, પરંતુ આત્માનો આત્મા સાથેનો આત્મા તરીકેનો સંબંધ મૈત્રીભાવથી પરિપૂર્ણ છે, શાશ્વત છે તેવું ભાન થતા જ આત્માને સકારાત્મકતા (Positiveness) નો અનુભવ થાય છે. અરિહંત ભગવાને જે જીવતત્ત્વ પ્રત્યે અપાર-વાત્સલ્યથી તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું, એ જીવરાશિનો ઉદ્ધાર કરવા અવિહડ પ્રયત્ન કર્યો, એ તીર્થંકરદેવ મારા ધર્મમાર્ગોપદેશક છે, મારા પિતા સમાન છે. તેમના બાળક સમાન સમગ્રજીવસૃષ્ટિ પ્રત્યે સ્નેહ રાખવો એ મારું અવિહડ કર્તવ્ય છે.

સાધનામાર્ગનું પરમગંતવ્ય સિદ્ધપદ છે. આ આત્માઓમાં સિદ્ધપદ સુષુપ્ત રીતે રહેલું છે. આ અપ્રગટ સિદ્ધત્વ સાથે મારો સાધર્મ્યનો સંબંધ છે, માટે મારો એમની સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર મારું કર્તવ્ય બને છે. આચારાંગસૂત્રમાં પણ કહેવાયું છે ; एगो आया। આમ, અનિત્યાદિ વૈરાગ્યપ્રધાન ભાવનાઓથી આત્મા દેહ, ધનસંપત્તિ આદિના મોહથી મુક્તિ પામે છે અને આ ખાલી થયેલો આત્મા મૈત્રી આદિ ભાવનાઓથી સર્વજીવો સાથે સ્નેહપરિણામનો અનુભવ કરતો સકારાત્મક (Positiveness) ભાવથી વિશ્વકલ્યાણની ઝંખના કરતો પોતે આનંદમય બને છે. અને પોતાના અસ્તિત્વથી સમગ્ર વિશ્વને પણ આનંદનો અનુભવ કરાવે છે.

આથી જ જૈનસૂત્રોમાં વારંવાર આ ભાવનાઓને ઘૂંટવામાં આવી છે.

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवंतु भुतगणा ।

दोषाः प्रयान्तु नाशम्, सर्वत्र सुखी भवतु लोकः ।।

આવી રહેલા પર્યુષણા મહાપર્વનો આ મંગલકારી સંદેશ છે. ક્ષમાપના દ્વારા મૈત્રી ભાવનાને અમારિપાલન દ્વારા કરુણા ભાવનાને, ચૈત્યપરિપાટિ, કલ્પસૂત્રવાચન આદિ દ્વારા પ્રમોદને તેમ જ કાયોત્સર્ગ આદિ આરાધના દ્વારા માધ્યસ્થ ભાવનાનું આપણા જીવનમાં મંગલમય આચરણ કરનારા થઈએ.

***

(લેખનો મુખ્ય સંદર્ભ : આત્મઉત્થાનનો પાયો બીજી આવૃત્તિ. પૃ. ૩૦ થી ૭૮, લે. પં. શ્રી ભદ્રંકરવિજયજી મ.સા. પ્ર. ભદ્રંકર પ્રકાશન, અમદાવાદ.)

અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, મુંબઈ વિદ્યાપીઠ, કાલિના,
મુંબઈ-૪૦૦૦૯૮. ફોન નં.: 9892698278. ઈ-મેઈલ : abhaydoshi@gmail.com

કાનજીસ્વામીના સાહિત્યમાં બાર ભાવના (અનુસંધાન પૃષ્ટ ૯૭ થી ચાલુ)

દુર્લભતા બતાવીને તેનો પ્રયત્ન જગાડે છે. દુર્લભતા જાણીને કાંઈ હિંમત હારી જવાનું નથી, કેમકે દુર્લભ છે પણ કાંઈ અશક્ય નથી. દુર્લભ હોવા છતાં તેના સાચા ઉપાય વડે તે સુલભ થઈ જાય છે. દુર્લભ હોવા છતાં અનંતા જીવો તે કરી કરીને મોક્ષે ગયા છે. અત્યારે આ પંચમકાળમાં પણ સમ્યગ્દર્શન થઈ શકે છે, અનેક જીવોએ તે કહ્યું છે. જે ન કરે તેને દુર્લભ છે, પણ કર્યા પછી પોતાને માટે તો તે સુલભ થઈ ગયું ને! આમ વિચારી પોતાના આત્માને રત્નત્રયમાં જોડવો તે બોધિ-દુર્લભ ભાવના છે.

૧૨. ધર્મ ભાવના

બાર ભાવનામાં છેલ્લી ભાવના ધર્મ ભાવના. આત્મસ્વરૂપની આરાધના વડે મોહરહિત ભાવ પ્રગટે તે ધર્મ છે. શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્રરૂપ સારભૂત ભાવો–કે જે મોહ વગરના છે, તે ભાવો ધર્મ છે.

- સમ્યગ્દર્શનધર્મ, મિથ્યાત્વ-મોહથી રહિત છે,
- સમ્યગ્જ્ઞાનધર્મ, અજ્ઞાનભાવથી રહિત છે.
- સમ્યક્ચારિત્રધર્મ, રાગાદિ મોહભાવથી રહિત છે.

આમ ત્રણે ભાવો મોહ વગરના છે એટલે શુદ્ધ છે. આ રીતે જિનશાસનમાં મોહ-ક્ષોભ વગરના નિજ-ચૈતન્ય પરિણમને ધર્મ કહ્યા છે; રાગને ધર્મ નથી કહ્યો. ધર્મ તે સુખ; મોહ તે દુઃખ. ધર્મભાવરૂપે પરિણમેલો આત્મા તે પોતે જ ધર્મ છે.

આ બાર ભાવના ભવ-ભોગથી વૈરાગી મહાવ્રતી-બડભાગી મુનિવરો પણ ભાવે છે, ને એના વડે વૈરાગ્ય વધારીને કર્મોને આવતા રોકે છે.

આ રીતે બાર ભાવના તે સંવર-નિર્જરા-મોક્ષનું કારણ છે ને આનંદજનની છે.

***

મુનિવર જયસોમ મહારાજકૃત બાર ભાવનાની સજ્ઝાયોનું પરિચયાત્મક રસદર્શન

☐ કનુભાઈ શાહ

જૈન મુનિઓએ રચેલા સાહિત્ય-રાસા, બારમાસા, ચૈત્યવંદનો સ્તવનો, સજ્ઝાયો વગેરેથી પ્રાચીન મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ થયું છે. એ સાહિત્યમાં એક મહત્ત્વનો વિષય છે સજ્ઝાય. જૈન મુનિઓએ સજ્ઝાયોની રચનામાં વિવિધ વિષયો ગૂંથી લીધા છે. સજ્ઝાયોમાં હંમેશાં ઉપદેશાત્મક વિષયોનો જ આશરો લેવાય છે. આજે આપણે શ્રી જયસોમ મુનિવર રચિત 'બાર ભાવનાની સજ્ઝાયો' વિષે વાત કરવાની છે.

શ્રી જયસોમ મુનિ : મુનિશ્રીએ પોતાનું નામ પ્રગટ રીતે ક્યાંયે બતાવ્યું નથી. પરંતુ બાર ભાવનાની સજ્ઝાયમાં પ્રાંતે શબ્દાંતર્ગત સૂચવેલું જણાય છે–'શ્રી જશસોમ વિબુધ વૈરાગી' આ. શ્રી જયસોમ મુનિવર ક્યારે થયા તેનો પણ સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી. પરંતુ બાર ભાવનાની સજ્ઝાયની પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે 'શ્રી જયસોમ મુનિવર તે જ જણાય છે કે જેમણે છ કર્મગ્રંથનો બાળાવબોધ કરેલો છે, જે શા ભીમશી માણેકે શ્રી પ્રકરણ-રત્નાકર ભાગ ચોથામાં છપાવ્યો છે.

વિ. સં. ૧૭૦૬ની સાલમાં અષાઢ માસની સુદ તેરસ, મંગળવારે જેસલમેર નગરમાં રહીને જિનશાસનની, માત્ર શ્રી સંઘની ભક્તિને માટે–તેમનું હિત કરવાને માટે આ ભાવનાઓ કહેવામાં આવી છે.

આ બાર ભાવનાની સજ્ઝાયોમાં પ્રથમ દુહા અને ત્યારબાદ ઢાળ એમ રચના શૈલી છે.

પહેલી અનિત્ય ભાવનાની સજ્ઝાયના પ્રથમ દુહામાં પ્રભુ પાર્શ્વનાથની સ્તુતિ કરીને, સદ્‌ગુરુની નિશ્રામાં રહીને ભવ્ય જીવોના હિત માટે અનિત્યના આદિ બાર ભાવનાનું વર્ણન કરવામાં આવ્યું છે :

બીજા અને ત્રીજા દુહામાં બાર ભાવનાઓના નામનો નિર્દેશ કર્યો છે. બારે પ્રકારે તત્ત્વચિંતન એ બારે પ્રકારની અનુપ્રેક્ષા–ભાવના છે. આ ભાવનામાં આત્મહિતની અભિલાષા, કામના કે લાગણીપૂર્વક જે તે બાબતની વારંવાર રટણા, અનુશીલન કે ચિંતવન હોવાથી તેને અનુપ્રેક્ષા પણ કહેવામાં આવે છે.

(૧) અનિત્યતા : કુટુંબ, કંચન, કામિની, કીર્તિ, કાયા વગેરે પદાર્થોની અનિત્યતાનું ચિંતન કરવું એ અનિત્ય ભાવના છે. સંયમના સાધનો શરીર, શય્યા, આસન વગેરે પણ અનિત્ય છે. સંસારમાં જ્યાં સંયોગ છે ત્યાં અવશ્ય વિયોગ છે. આથી સર્વ પ્રકારનો સંયોગ અનિત્ય છે. સંસારના સર્વ સુખો કૃત્રિમ હોવાથી વિનાશશીલ છે. કેવળ આત્મા અને આત્માનું સુખ જ નિત્ય છે.

આ પ્રથમ અનિત્યની ભાવનાના વિચારને મુનિવરે સુંદર દૃષ્ટાંતો વડે નીચેની કડીમાં દર્શાવ્યો છે.

પહેલી ભાવના એણીપરે ભાવિયેજી, અનિત્યપણું સંસાર;
ડાભ અણી જેહનો જલબિંદુઓજી, ઇન્દ્રધનુષ અનુહાર – ૧

આ સંસારમાં બધે જ અનિત્યપણું દેખાય છે. જેવી રીતે દર્ભ ઘાસની અણી પર રહેલ ઝાકળ-પાણીનું ટીપું પવનથી કે તાપથી ક્ષણભરમાં નષ્ટ થાય છે, કે ઊડી જાય છે. આકાશમાં દેખાતું મેઘધનુષ પણ પળવારમાં અદૃશ્ય થાય છે. તેવી રીતે સંસારના સમસ્ત પદાર્થો અનિત્ય હોવાથી ક્ષણભરમાં નષ્ટ થાય છે. માટે હે ભવ્યાત્મા! આ અનિત્ય પદાર્થોનો મોહ છોડી જિનેશ્વર ભગવંતોએ કહેલા ધર્મનો પ્રેમ, આસ્થા અને આદરથી સત્કાર કરી અપનાવવામાં જ જીવનનું શ્રેય છે.

અનિત્યની ભાવનાનો વિસ્તાર કરતાં કવિવર જણાવે છે કે મુંજરાજાને દુશ્મન રાજાના પનારે પડી ઘર ઘર ભીખ માંગી ખાવાનો અવસર આવ્યો, રામચંદ્રજીને બાર વરસ વનવાસ ભોગવવાનો સમય આવ્યો. એમાં રાજ્યની સંપત્તિ વગેરેની સ્થિરતા ક્યાં ટકી? આ બધું સંધ્યાના મનોહર રંગો જેવું છે.

અનિત્યતાનું સામ્રાજ્ય કેવું વિશ્વવ્યાપી અને બળવાન છે કે અતુલબળના સ્વામી મોટા ઈન્દ્ર કે જિનેશ્વર ભગવાન જેવા અથવા ચક્રવર્તી અને વાસુદેવ જેવા અને દેવો, મનુષ્યો અને ક્રોડો રાજાઓ વિશ્વમાંથી નાશવંત થયા.

અતુલબલી સુરવર જિનવર જિસ્યાજી, ચક્રિ હરિબલ જોડી;
ન રહ્યા એણે જુગ કોઈ થિર થઈજી, સુનર ભુપતિ કોડી. – ૯.

(૨) અશરણતા : સંસારમાં પોતાનું શરણ-રક્ષણ કરનાર કોઈ નથી એનું ચિંતન એ અશરણ ભાવના છે. રોગાદિ કે અન્ય કોઈ પણ મહા આપત્તિ આવી પડતાં આ જીવને સંસારના સ્નેહીજનો કે ભૌતિક સાધનો વગેરે બચાવનાર કોઈ નથી. આપણી સંપત્તિ કે સ્નેહીઓના મીઠા બોલથી એ દુ:ખ દૂર થતું નથી ત્યારે શરણું ધર્મનું જ લેવાનું રહે છે અને આ સમયે દેવ-ગુરુ અને ધર્મ જ આપણું રક્ષણ કરે છે. સાંત્વના આપે છે.

મુનિવર અશરણ ભાવનાની સમજણ આપતાં કહે છે કે અંજલિમાં રહેલું પાણી પળે પળે ટપકતું જાય છે તેવી જ રીતે આપણું આયુષ્ય પણ પળે પળે ઓછું થતું જાય છે. તેથી આયુષ્ય ઓછું થાય એ પહેલાં પરલોકનું ભાતું બાંધી લેવું.

લે અચિંત્ય ગણશું ગ્રહી, સમય સીંચાણો આવી;
શરણ નહીં જિનવયણ વિણ, તેણે હવે અશરણ ભાવિ.

બાજપક્ષી જેમ પારેવાનો એકાએક આવીને તેને પકડીને મારી નાખે છે. તેવી રીતે કાળ (મરણ સમય) એચિંતો આવીને આપણો

નાશ કરે છે અને તે સમયે એટલે કે છેલ્લી ક્ષણે સુકૃત કરી શકવાની તક નષ્ટ કરી નાખે છે અને આપણે લાચારીની પરિસ્થિતિમાં મુકાવું પડે છે માટે જ્યાં સુધી જીવન છે ત્યાં સુધી જિનવાણીનું શ્રવણ કરીને સદ્‌કાર્યોનું ભાથું બાંધી લે. આ જગતમાં જિનવચન સિવાય કોઈનું શરણું કામ આવવાનું નથી.

કવિવર કહે છે કે,

માત પિતા સુત કામિની, ભાઈ ભઈણી સહાય રે;
મેં મેં કરતાં રે અજ પરે, કર્મે ગ્રહ્યો જી જાય રે,
તિહાં આડો કો નવી થાય રે, દુઃખ ન લીયે વહેંચાય રે. – ૩

(૩) સંસાર : સંસાર ભાવના એટલે સંસારના સ્વરૂપનું ચિંતન કરવું. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિ એ ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરતાં જીવ અનંત દુઃખો સહન કરે છે. સંસારમાં અને સંસારની કોઈ પણ વસ્તુમાં આંશિક પણ સુખ નથી, કેવળ દુઃખ અને દુઃખ જ છે. સંસાર વિવિધ દુઃખોનું જંગલ છે. કર્મના સંયોગથી જીવને પરિભ્રમણ કરવું પડે છે. કર્મનો સંયોગ રાગ-દ્વેષના કારણે છે. એટલે દુઃખનું મૂળ રાગ-દ્વેષ છે. સંસારના દુઃખોથી બચવું હોય તો રાગ-દ્વેષાદિ દોષોનો વિનાશ કરવો જોઈએ.

સંસારમાં જીવની કેવી કરુણ દશા થઈ છે કે જીવ ક્યારેક પૃથ્વીકાયમાં, તો ક્યારેક ક્યારેક અગ્નિકાય, વાઉકાય અને વનસ્પતિકાયમાં ભમતો રહ્યો, તો ક્યારેક નારકીના દુઃખો સહ્યાં. તો વળી અગણિત કાળ નિગોદમાં વિતાવ્યો. કર્મો ક્યારેક જીવને રૂપાળો કે ક્યારેક કદરૂપો બનાવે, ક્યારેક ધનવાન તો ક્યારેક ભિખારી બનાવે છે. આ સંસાર ભયંકર દુઃખોથી ભરેલો છે.

(૪) એકત્વ : પોતે એકલો જ છે એવો વિચાર કરવો તે એકત્વ ભાવના છે. જીવ એકલો જ હોવાથી પોતાના શુભાશુભ કર્મોનું ફળ એકલો જ ભોગવે છે. અન્ય સ્નેહીજનો તેના કર્મોના ફળને વહેંચીને લઈ શકતા નથી. પરલોકમાંથી આવે છે ત્યારે એકલો જ આવે છે અને અહીંથી પરલોકમાં જાય છે ત્યારે પણ એકલો જ જાય છે. અન્ય તેની સાથે કોઈ આવતું નથી અને જતું પણ નથી. સૌના માટે કરેલાં પાપોનું ફળ તો પોતાને જ ભોગવવું પડે છે. એમાં સંબંધીઓ ભાગ પડાવી શકતાં નથી.

આ જગતમાં જીવ નિઃસહાય અને એકાંકી છે. તેમાં માત્ર પરમાત્મા જ સહાયરૂપ બની શકે છે. એ બતાવતાં મુનિવર એકત્વ ભાવનાની સજ્ઝાયના દુહામાં કહે છે :

ઈમ ભવભવ જે દુઃખ સહ્યાં, તે જાણે જગન્નાથ;
ભયભંજણ ભાવઠહરણ, ન મળ્યો અવિહડ સાથે. – ૧.

અગાઉ સંસાર ભાવનામાં કહ્યા પ્રમાણે જીવે ભવોભવ અસહ્ય ત્રાસ અને દુઃખ સહન કર્યા છે. તે જગતના નાથ પરમાત્મા જાણે છે. આ પરમાત્મા જ સર્વ દુઃખોના ભંજનહાર છે. પરંતુ આપણી અજ્ઞાનતા અને વિષયાસક્તિને લીધે તેમનો સાથ આજ સુધી આપણને મળ્યો નથી. આ જ કારણે આપણો જીવ એકલો, એકાંકી બન્યો છે.

'તેને કારણ જીવ એકલો, છોડી રાગ ગલપાસ'–

જન્મવામાં એકલો, કર્મો બાંધવામાં એકલો, કર્મ ભોગવવામાં એકલો, આધિ-વ્યાધિ-ઉપાધિ, અકસ્માત વગેરે વેઠવામાં એકલો, અકાળે વૃદ્ધ થવામાં એકલો અને અંતે મૃત્યુમાં પણ એકલો. આ બધાંનું કારણ ફક્ત જડ અને ચેતન પદાર્થો પરનો રાગ છે. એ રાગનો ગળપાસ છોડી નાખ અને જગતના બધાં જીવો પ્રત્યે રાગદ્વેષ વિના તારા ચિત્તમાં ઉદાસીન ભાવ ધારણ કર.

(૫) અન્યત્વ : પોતાના આત્મા સિવાય જડ-ચેતન પદાર્થો અન્ય છે, પોતાનાથી ભિન્ન છે. આત્મા સિવાય કોઈ પદાર્થ પોતાનો ન હોવા છતાં અજ્ઞાનતાથી આ શરીરને તથા અન્ય સંબંધીઓને પોતાના માને છે. આથી તેમના ઉપર મમત્વ કરીને તેમના માટે અનેક પ્રકારના પાપો કરે છે. આથી શરીર તથા સ્વજન આદિ ઉપર મમત્વભાવ દૂર કરવા અન્યત્વ ભાવનું ચિંતન કરવું જરૂરી છે.

કવિવર કહે છે કે હે ભવ્યાત્મા! 'આ સઘળો પરિવાર જે તને મળ્યો છે એ આપમતલબી છે, પોતાનો સ્વાર્થ સિદ્ધ થતો હોય ત્યાં સુધી જ એ તારો થઈને રહે છે. માટે હે જીવ, તું તેમની સાચી ઓળખ કરી લે. અર્થાત્ પરિવારને કલ્યાણકારી માનવાની ભૂલ તું ન કરતો.'

મુનિવર વિશેષ દૃષ્ટાંત આપતાં સમજાવે છે કે, અન્યત્વ ભાવના ભાવતાં શ્રી મેરુદેવીમાતા કેવળજ્ઞાન પામ્યાં અને મોક્ષે પહોંચ્યાં.

એ ભાવનાએ શિવપુર લહે રે, શ્રી મરૂદેવી માય;
વીરશિષ્ય કેવળ લહ્યું રે, શ્રી ગૌતમ ગણરાય – ૮

(૬) અશુચિત્વ : શરીરમાં અશુચિપણાનો કે અપવિત્રતાનો વિચાર કરવો એ અશુચિ ભાવના છે. શરીર અશુદ્ધ, અપવિત્ર છે તેનાં મુખ્ય સાત કારણો આ પ્રમાણે છે : (૧) બીજ અશુચિ (૨) ઉપષ્ટંભ અશુચિ (૩) સ્વયં અશુચિનું ભાજન (૪) ઉત્પત્તિ સ્થાન અશુચિ (૫) અશુચિ પદાર્થોનો નય (૬) અશક્ય પ્રતિકાર (૭) અશુચિકારક.

અશુચિ ભાવના પ્રાયઃ કરીને શરીર ઉપર જ કેન્દ્રિત થયેલી છે. આત્મા અને શરીર ભિન્ન છે એ આપણે અન્યત્વ ભાવનામાં જોયું. તો હવે શરીર પર રાગ કેમ ન કરવો એ વાત અશુચિ ભાવના સમજાવતાં કવિશ્રી જણાવે છે કે કાયા અશુચિ, અપવિત્ર પદાર્થોથી ભરેલી છે અને એ પિંડ કાચના જેવો છે. એને ભાંગતા વાર નહિ લાગે. તો પછી આવી અશુચિ અને ભંગશીલ કાયા ઉપર મમતા શી કરવી?

દેખી દુર્ગંધ દૂરથી, તું મુહ મચકોડે માણે રે;
નવી જાણે રે, તિણ પુદ્‌ગલ નિજ તનું ભર્યું એ. – ૩.

હે જીવ! તું દૂરથી દુર્ગંધ આવતી જોઈને બાજુએ ખસી જાય છે, પરંતુ તું એ જોતો નથી કે જાણતો નથી કે તારી કાયા પણ એ જ દુર્ગંધ પદાર્થોથી ભરેલી છે. બહારના અશુચિ પદાર્થોની ઘૃણા

કરનાર તું અશુચિ પદાર્થોને શરીરમાં ભરેલા જાણ્યા છતાં તને તેના પ્રત્યે ઘૃણા કેમ થતી નથી?

(૭) **આસ્રવ:** આસ્રવ એટલે કર્મોનું આત્મામાં આગમન. આસ્રવનું સ્વરૂપ, આસ્રવના કારણો અને આસ્રવથી થતાં દુઃખો વગેરેનો વિચાર કરવો તે આસ્રવ ભાવના. સામાન્યથી મન, વચન અને કાયા–એ ત્રણ યોગ આસ્રવ છે. (આસ્રવનાં કારણો છે.) વિશેષથી અવ્રત, ઈન્દ્રિય, કષાય અને ક્રિયા એ ચાર આસ્રવ છે. કર્મોનું આસ્રવ થતાં કર્મબંધ થાય છે. કર્મના કારણે જીવ અસ્થિર બને છે. સુખ-દુઃખ, આનંદ-ખેદ, સંયોગ-વિયોગ આ બધું કર્મથી જ બને છે અને કર્મ જેના દ્વારા આવે તે આસ્રવ છે.

મુનિવર ઢાળની ત્રીજી કડીમાં જણાવે છે કે વસુરાજા સાચું જાણતો હોવા છતાં 'અજ'નો અર્થ બકરો કર્યો. આ કૃત્ય એને એવું નડ્યું કે એ જ ભવમાં એને દેવતાની લાત વડે સિંહાસન પરથી ભોંય પર પડવું થયું. મંડિક ચોર પારકું ધન ચોરતો હતો. એક વખત રાજાએ ગોઠવેલા છટકામાં સપડાઈ ગયો. એને ભયંકર પીડા સહન કરવી પડી. એમ અબ્રહ્મના આસ્રવે ઈન્દ્ર વગેરે કેટલાય દેવોની ભૂંડી હાલત થઈ.

(૮) **સંવર:** સંવરનું સ્વરૂપ, સંવરના હેતુઓ તથા સંવરથી થતું સુખ વગેરેનું ચિંતવન કરવું એ સંવર ભાવના છે. બીજી રીતે કહીએ તો આસ્રવનો નિરોધ એ સંવર છે. કર્મોના આવવાના દરવાજા બંધ કરવા તે સંવર. ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહ જય અને તપથી સંવર એટલે આસ્રવનો નિરોધ થાય છે. આત્મા જેમ જેમ સંવરનું સેવન કરે છે તેમ તેમ આસ્રવથી થતાં દુઃખોથી મુક્ત બનતો જાય છે.

આઠમી સંવર ભાવનાજી, સમજાવતાં મુનિશ્રી કહે છે:

આઠમી સંવર ભાવનાજી, ધરી ચિત્ત શું એક તાર;
સમિતિ ગુપ્તિ સૂધી ધરોજી, આપોઆપ વિચાર.

હે ભવ્યાત્મા! તું આઠમી સંવર ભાવનાને મનથી એકતાર બની જઈને ચિંતવ. સંવરને ભાવના માટે ૫ સમિતિ, ૩ ગુપ્તિ, શુધ્ધ ધારણ કરજો. આપોઆપ એટલે કે આપમેળે વિચાર કરવામાં આવે તો જીવનમાં સમિતિ અને ગુપ્તિને વ્યવસ્થિત રીતે પાળવાનું પહેલું કર્તવ્ય શ્રેષ્ઠ કર્તવ્ય છે એ સમજાશે. મનને અનેક વિષયોમાં ભટકતું રોકી આત્મામાં રહેલી તૃપ્તિ-અનિચ્છા-ઉદાસીનતામાં સ્થિર કર, આ મનોગુપ્તિ સંવરથી સાધી શકાય.

(૯) **નિર્જરા:** નિર્જરાનું સ્વરૂપ, નિર્જરાના કારણો, નિર્જરાથી થતો લાભ વગેરેની વિચારણા એ નિર્જરા ભાવના છે. નિર્જરા એટલે કર્મોનો ક્ષય. આત્મામાં જે અનાદિ કાળથી કર્મરજ ચોંટી ગઈ છે તેને દૂર કરવી એટલે જ નિર્જરા.

આ ભાવનામાં ચિંતવવાનું કે દૃઢપ્રહારીએ ભારે ઉપસર્ગ વચ્ચે પણ મજબૂત ધ્યાન ધર્યું. ગજસુકુમાલ માથે સળગતી સગડી હોવા છતાં શુભ ધ્યાનમાંથી ડગ્યા નહિ. મેતારજ મુનિના મસ્તકે ધૂપ તાપમાં ચામડાની વાધર વિંટળાયેલી હોવા છતાં શુભ ધ્યાનમાં સ્થિર રહ્યા. તેમજ સુકોશલ મુનિ વાઘણ પોતાના શરીરે બચકાં ભરતી હોવા છતાં શુભ ધ્યાનમાં મસ્ત રહ્યા. એમ અનેક મુનિવરોએ કષાયોના ઉપશમ ભાવ કેળવી સર્વ કર્મ નિર્જર્યા.

(૧૦) **લોકસ્વરૂપ:** લોકના(જગતના) સ્વરૂપની વિચારણા તે લોક ભાવના. લોક સ્વરૂપ એટલે કે ચૌદ રાજલોક અને એમાં રહેલા પાંચ દ્રવ્યનું સ્વરૂપ. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય અને જીવાસ્તિકાય. એ પાંચ અસ્તિકાય સ્વરૂપ લોક છે, અર્થાત્ ધર્માસ્તિકાય આદિ પાંચનો સમુદાય એ જ લોક છે. ધર્માસ્તિકાય આદિ ચાર જડ છે અને જીવાસ્તિકાય ચેતન છે. આ દૃષ્ટિએ જડ અને ચેતનનો સમુદાય એ જગત છે.

કવિએ લોકસ્વરૂપ ભાવનાનું મહત્ત્વ સમજાવતાં કહ્યું છે કે પહેલાં તો આત્માને જે મોહ વળગ્યો છે તેને હતપ્રહત્ કર્યા પછી જ સાચી લોક સ્વરૂપની ભાાવના થાય.

ચૌદ રાજલોકમાં સૌથી ઉપર ઉર્ધ્વલોક, મધ્યમાં તીર્ચ્છાલોક અને નીચે અધોલોકમાં નારકી અને ભુવનપતિ છે. લોકનું સ્વરૂપ જે પ્રાણી યથાર્થ જાણે તે પછી આ અસ્થિર સંસારના પ્રપંચમાં મગ્ન થાય નહિ.

(૧૧) **બોધિદુર્લભ:** અહીં બોધિ એટલે મુક્તિમાર્ગ. મુક્તિમાર્ગની દુર્લભતા વિચારવી એ બોધિદુર્લભ ભાવના છે. અનાદિ કાળથી સંસારમાં રખડતા જીવને મુક્તિનો માર્ગ બહુ દુર્લભ છે. આ ભાવનામાં બોધિરત્ન-સમ્યક્ત્વ-રત્નાદિ રત્નત્રયીરૂપી જૈન ધર્મની પ્રાપ્તિ કેટલી દુર્લભ છે એ વિચારવાનું છે.

ચૌદ રાજલોકમાં એક પ્રદેશ ખાલી નહી હોય કે જ્યાં જીવ અનંતીવાર જન્મ્યો-મર્યો ન હોય! આવા અફાટ સંસાર ભ્રમણમાં અનંતવાર વીતવા છતાં બોધિરત્ન ન મળ્યું એ કેટલી મોટી દુર્લભતા!

મનુષ્ય જન્મ મેળવવો દુર્લભ છે અને તેમાં વળી ઉત્તમ કુળ મળવું અતિ દુર્લભ છે એ સમજાવતાં કવિ ઢાળ અગિયારમીના બીજા દુહામાં કહે છે:

ઉત્તમ કુળ તિહાં દોહિલો, સદ્‌ગુરુ ધર્મ સંયોગો રે;
પાંચ ઈન્દ્રિય પરવડાં, દુલ્હહો દેહ નિરોગો રે. – ૨.

(૧૨) **ધર્મસ્વાખ્યાત:** સમ્યક્‌દર્શન આદિ ધર્મ જિનેશ્વર દેવોએ બતાવ્યો છે. આ વિષયની વિવિધ વિચારણા, ચિંતન કરવું એ ધર્મસ્વાખ્યાત ભાવના છે. આ ભાવનાને–ધર્મદુર્લભ, ધર્મપ્રભાવ, ધર્મભાવના–એમ વિવિધ નામોથી ઓળખવામાં આવે છે.

શ્રી જિનેશ્વર ભગવાને સંસારનો નાશ કરનાર અને મોક્ષ આપનાર સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રરૂપ ધર્મ કેવો સુંદર બતાવ્યો છે. જિનેશ્વર ભગવાને બતાવેલા ધર્મમાં કોઈ

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૧૨૯)

બૌદ્ધ દર્શન અને ભાવના

□ ભારતી બી. શાહ

[પત્રકારત્વ ક્ષેત્રે એવોર્ડ મેળવનાર શ્રીમતી ભારતીબહેન 'આત્મધારા' અને 'મંગલયાત્રા'ના તંત્રી છે. તેમના બે પુસ્તકો પણ પ્રકાશિત થયા છે. તેઓ જૈન ધર્મના ઊંડા અભ્યાસી છે. અનેક સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.]

ભારતીય સંસ્કૃતિ બે મુખ્ય ધારામાં પ્રવાહિત થઈ વહ્યા કરે છે. વૈદિક પરંપરા અને શ્રમણ પરંપરા. આ બે પ્રવાહોએ ભારતીય સંસ્કૃતિને હંમેશાં નવપલ્લવિત રાખી છે. જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ શ્રમણ પરંપરાની ધારામાં પ્રવાહિત ધર્મો છે. બંને ધર્મોના પોતાના અલગ સિદ્ધાંતો અને આચારો છે.

ભગવાન મહાવીર અને બુદ્ધ સમકાલીન હતા અને તેમના સમયે અન્ય દર્શનો તો હતાં જ. વૈદિક, જૈન અને બૌદ્ધ આ ત્રણ દર્શનો મુખ્ય હતા. એનું સ્થાન જૈન ધર્મ, વેદ ધર્મ, અને બૌદ્ધ ધર્મ તરીકે પ્રતિષ્ઠિત થયું હતું. જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ અવૈદિક છે. યજ્ઞયાગની હિંસાના વિરોધી છે. ઊંચનીચના ભેદના વિરોધી છે. બંને મહાપુરુષોના જીવનમાં અને ધર્મોપદેશનામાં ઘણી સમાનતા છે. બંને જ્ઞાનીઓએ લોકભાષાને પોતાના ઉપદેશનું માધ્યમ બનાવી છતાં બંનેની જીવનદૃષ્ટિ અને સાધનામાં તેમજ વ્યક્તિત્વમાં ફેર પણ છે.

તથાગત બુદ્ધે સારનાથમાં પોતાના ભિક્ષુઓ સમક્ષ મધ્યમ વર્ગની વિશેષતા બતાવતાં ધર્મચક્રની પરિવર્તના કરતાં જણાવ્યું કે, 'સંસારમાં જન્મ દુઃખકારક છે, જન્મ ધારણ કરવો એટલે શરીર ધારણ કરવું, અને શરીર ધારણ કરવું એટલે અનેક રોગોને નિમંત્રણ આપવું. રોગો આવે એટલે મૃત્યુ આવે અને સંસારમાં મૃત્યુ કોઈને પણ ગમતું નથી.'

બૌધ્ધ દર્શન શૂન્યવાદી, ક્ષણિકવાદી તરીકે ઓળખાય છે કારણકે એ ચિત્તથી પર રહેલા આત્મા સુધી ન જતાં બીજી ભાંજગડમાં ન પડતાં માત્ર ઉપરની વ્યવહારિક પ્રણાલિકા અખત્યાર કરે છે. આથી ઈશ્વરવાદનો બૌધ્ધ ધર્મમાં સ્પર્શ સુદ્ધાં નથી. બૌધ્ધ દર્શનનું આલયવિજ્ઞાન ક્ષણિક છે. એક ક્ષણે જે જ્ઞાન થયું તે બીજી ક્ષણે નષ્ટ થાય છે. પણ એ જ્ઞાન જે સંસ્કાર મૂકી જાય છે એ પ્રવાહ પરંપરાએ અનાદિ હોઈ એ સંસ્કારોનો સર્વથા નિરોધ કરવાથી જ દુઃખનો નિરોધ થઈ શકે તેમ કરવું અભીષ્ટ છે. એ જ નિર્વાણ છે.

ભગવાન બુધ્ધનાં મુખ્ય ઉપદેશનો સાર 'ચાર આર્ય સત્ય' અને 'અષ્ટાંગ માર્ગ'માં જોવા મળે છે. ચાર સત્યોમાં દુઃખનું રહસ્ય, દુઃખનું કારણ, દુઃખનું નિરાકરણ અને નિરાકરણનાં અષ્ટાંગ માર્ગ – સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાણી, સમ્યક્ કર્મ, સમ્યક્ આજીવિકા, સમ્યક્ પ્રયત્ન, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિનો સમાવેશ થાય છે.

જૈન ધર્મમાં જે રીતે બાર ભાવનાઓનું મહત્ત્વ છે તે જ રીતે બૌધ્ધ ધર્મ ચાર ભાવનાઓને માને છે. તેની મુખ્ય ચાર ભાવનાઓ મૈત્રી, કરુણા, મુદિતા, માધ્યસ્થ (ઉપેક્ષા) છે. આ ચાર ભાવનાઓને બુધ્ધે બુધ્ધ વિહાર કહ્યો છે અને તેમાં જ માણસ જાતનું તેમણે શાશ્વત સુખ જોયું છે. માણસના સુખ-દુઃખનો આધાર તેના મન ઉપર જ છે. આ વ્યવહારુ મધ્યમાર્ગી ધર્મ બુધ્ધના સઆકર્ષણનું મુખ્ય કારણ છે.

જ્યારે પોતાને સુખ મળ્યું હોય, કીર્તિ મળી હોય, અથવા બીજો કોઈ લાભ થયો હોય ત્યારે અહંકાર આવી ન જાય તે માટે 'સર્વ પર્યાયો ક્ષણિક છે' એ ભાવના ઉપયોગી થાય છે. સર્વ પર્યાયો ક્ષણિક હોવાથી વર્તમાન સુખાદિ પર્યાય પણ ક્ષણિક છે તો પછી ક્ષણિક પર્યાયોમાં મોહ શું કામ? આવી ભાવનાથી સમાધિ મળે છે.

બૌધ્ધ દર્શન એકાંત દૃષ્ટિવાળું પણ લાગે છે. બુદ્ધ કહે છે, 'આત્મા ક્ષણિક છે, અનિત્ય જ છે.' સાથોસાથ આત્મા નિત્ય છે જ નહિ તેવો વિરોધ પણ કર્યો. જૈન દર્શનમાં પ્રભુ મહાવીરે આત્માના બધા ગુણોને, આત્માના બધા જ પર્યાયોને જોયા. અને એ રીતે બતાવ્યા કે, 'આત્મા દ્રવ્યથી નિત્ય છે, પર્યાયથી અનિત્ય છે. આત્મા તો ત્યાંનો ત્યાં રહે છે. તેની અવસ્થાઓ બદલાય છે. વસ્તુની અવસ્થાઓ બદલાતી રહેવી એ તેની અનિત્યતા છે.' આમાં કોઈ વિરોધ નથી, કોઈ વિસંવાદ નથી. પરંતુ ધર્મનું સ્વરૂપ, ધર્મનું અનુષ્ઠાન કરવાનું બંને ધર્મોમાં સરખું જ બતાવ્યું છે. ધર્મ કરનાર મનુષ્યનું હૈયું મૈત્રી, કરુણા, પ્રમોદ (મુદિતા) અને માધ્યસ્થભાવથી નવપલ્લવિત હોવું જોઈએ.

ન હિ વેરેન વેરાનિ, સમન્તી કદાચન।
અવેરેન ચ સમન્તિ, એસ ધમ્મો સનાતનો।।– ધમ્મપદ

વેર વડે વૈરો કદી પણ શમતા નથી. મૈત્રીથી જ શમે છે. એ સનાતન ધર્મ છે. – બોધિચર્યાવતાર પંજિકા–

મૈત્રી ભાવના: સર્વજીવો સાથેનો આપણો સંબંધ કેવો હોવો જોઈએ તે બતાવે છે. બૌધ્ધ ધર્મના ગ્રંથમાં કહ્યું છે; એક અવિકસિત અને વિકસિત આત્માની ભાવના વચ્ચે કેવું અને કેટલું અંતર હોય છે તેનું પણ દર્શન કરી લઈએ. અવિકસિત રહેલા આત્માની મૈત્રી (ચિંતા) કેવળ પોતાના આત્મા જેટલી જ સંકુચિત હોય છે. અર્થાત્ એ વખતે આત્મા કેવળ પોતાના જ સુખની ચિંતા કરે છે, જ્યારે વિકસિત અવસ્થાને પામેલો આત્મા વિશ્વનાં સઘળાં જીવોના

હિતની ચિંતા કરે છે. જીવો પ્રતિ સ્નેહ અને સદ્ભાવ રાખવો એ જ મૈત્રી છે. મૈત્રી પરહિતનાં સાધન માટે જ છે. જીવો પ્રતિ ઉપકાર કરવો, તેમના પ્રત્યે સુખની કામના કરવી, દ્વેષ અને વેર-ઝેરનો ત્યાગ કરવો એ મૈત્રીનું લક્ષણ છે. મૈત્રી ભાવનાની સમ્યક્ દૃષ્ટિથી ક્રોધ શાંત પડે છે. રાગ એ તેનું મુખ્ય કારણ છે. રાગ ઉત્પન્ન થવાથી મૈત્રી ભાવનાનો નાશ થાય છે. જીવોમાં સાત્ત્વિકતાનાં ગુણો વડે મૈત્રીનો ગુણ આવે છે. ક્યારેક તેમાં રાગનું પ્રલોભન પણ આવી જાય છે. આ રીતે રાગ અને મૈત્રીની સમાનતા પણ ક્યારેક હોય છે. તેથી ક્યારેક ક્યારેક રાગ મૈત્રીને વિવશ બનાવે છે અને રાગ મૈત્રીનું અપમાન કરીને પણ પ્રવેશ કરી જાય છે. તેથી જો વિવેક અને સાવધાનીથી ભાવના ન કરીએ તો ચિત્ત (મન) રોગગ્રસ્ત બનવાનો ભય રહે છે. તેથી સાધકે હંમેશાં યાદ રાખવું જોઈએ કે મૈત્રી તૃષ્ણાનું કારણ ન બની જાય. મૈત્રી જીવોની હિતસાધના માટે જ છે. રાગ લોભ અને મોહને વશ હોય છે. પરંતુ મૈત્રીનો ભાવ, સ્નેહ મોહના કારણે નથી હોતો; પણ જ્ઞાનપૂર્વક, સમજપૂર્વક હોય છે. મૈત્રીનો સ્વભાવ દ્વેષ વગરનો હોય છે અને એ લોભથી વિમુખ હોય છે. આ રીતે મૈત્રીની બે બાજુઓ છે. વિધેયાત્મક (Positive) અને નિષેધાત્મક (Negative). બીજાં જીવોના હિતની ચિંતા તે પ્રથમ વિધેયાત્મક અને કોઈ પણ પ્રાણીમાત્ર ઉપર પણ વેર-ઝેર, રાગ ન રાખવા તે બીજી નિષેધાત્મક મૈત્રી છે. આ બંને એક જ સિક્કાની બે બાજુઓ જેવી છે. બંને મળીને જ મૈત્રી પરિપૂર્ણ બને છે. આ વિશ્વમાં એવો કોઈ પણ ધર્મ નથી જેણે મૈત્રીનો સ્વીકાર જ ન કર્યો હોય. વિશ્વબંધુત્વ, વિશ્વપ્રેમ (Universal Love), વિશ્વવાત્સલ્ય – આ બધા મૈત્રીના પર્યાયી શબ્દો છે.

મૈત્રી એટલે વિશ્વને મિત્રની આંખે જોવું. સર્વ આત્માઓને વિશે પોતાના આત્મા કરતાં પણ અધિક પ્રેમ-સ્નેહ રાખવો. એક માતાને પોતાના પુત્ર પ્રત્યે જેવો સ્નેહ હોય છે, તેવો જ સ્નેહ સર્વ જીવાત્માઓ પ્રત્યે કેળવવો તે મૈત્રી. એક ગાય પણ પોતાના વાછરડાને કેટલું વાત્સલ્ય આપે છે. તેમ જ પશુ-પંખીની દુનિયામાં પણ આવું જ વાત્સલ્ય જોવા મળે છે. આ વિધેયાત્મક મૈત્રી કહેવાય.

નિષેધાત્મક મૈત્રી એટલે જેનાથી બીજાને કોઈ પણ પ્રકારનું અલ્પ પણ દુઃખ થાય તેવી મન, વચન કે કાયાની કોઈ પણ પ્રવૃત્તિનો ત્યાગ. કોઈના માટે પણ અહિત થાય એવું બોલવું નહિ, કરવું નહિ કે તેવી ભાવના પણ ન રાખવી. આમ કરતાં પહેલાં સ્વના આત્મહિતને કેટલું નુકસાન થાય છે તેનો વિચાર અવશ્ય કરવો.

'જીવનની પ્રત્યેક અવસ્થામાં અમૈત્રી સર્વ રીતે નુકસાન કરનારી છે અને મૈત્રી સર્વ રીતે કલ્યાણ કરનારી છે' એવી ભાવના અત્યંત દૃઢ કરવી જોઈએ. જેમ આપણા જીવનમાં આપણને વાયુ, જળ વિગેરે વિના ચાલી શકતું નથી. તેમ મૈત્રી વિના આત્માના ભાવપ્રાણ નાશ પામી રહ્યા છે એમ આપણી સમજણમાં બરાબર બેસી જવું જોઈએ. મૈત્રીના વિચારોને એટલા બધા દૃઢ કરવા જોઈએ કે કોઈ પણ પ્રસંગમાં આપણા માટે મૈત્રી સહજ બને.

પરમ પાવની મૈત્રીભાવનાની સાધના દ્વારા સર્વ જીવો પરમોચ્ચ મૈત્રીને સમજો. તે ભાવનામાં લીન બનો. એ જ શુભ પ્રાર્થના.

x x x

પ્રમોદ ભાવના

આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરીશ્વરજીકૃત 'ષોડશક'માં, 'પાતંજલયોગસૂત્ર'માં અને 'વિશુદ્ધિમગ્ગ' વગેરે બૌધ્ધ ગ્રંથોમાં આ ભાવનાને 'મુદિતા' એવું નામ આપવામાં આવ્યું છે. 'વિશુદ્ધિમગ્ગ'માં 'પમોદ્દન તાસુરવણા મુદ્દિતા' એવી વ્યાખ્યા કરવામાં આવી છે.

ગુણવાન પુરુષો અને ધર્મના શુભ આલંબનો પ્રત્યેનો આપણો સંબંધ કેવો હોવો જોઈએ તે પ્રમોદ ભાવનામાંથી જાણવા મળે છે.

બૌધ્ધ દર્શનમાં તેની અંતરંગકથામાં જણાવ્યું છે કે 'મુદિતા'નું લક્ષણ છે 'હર્ષ'. જેઓ મુદિતા ભાવ રાખે છે તેઓ બીજાને સુખી-સંપન્ન જોઈને હર્ષ કરે છે. તેની ઈર્ષા કે દ્વેષ કરતા નથી. બીજાની સંપત્તિ, પુણ્ય અને ગુણોનો ઉત્કર્ષ જોઈને તેમના પ્રત્યે અણગમો કે અપ્રીતિ બતાવતા નથી અને તેમનામાં તેવા ભાવ પણ ઉત્પન્ન થતા નથી. મુદિતા ભાવથી જે હર્ષ ઉત્પન્ન થાય છે એ શાંત પ્રવાહ હોય છે, જે ઉદ્વેગ અને ક્ષોભ રહિત હોય છે.

મુદિતા ભાવનાની પ્રથમ શરૂઆત જ તમારી પ્રિય વ્યક્તિથી ન થવી જોઈએ. કેમ કે પ્રિય 'પ્રિય' હોવાથી જ મુદિતાનું પદસ્થાન બનતું નથી. જો આમ જ હોય તો વૈરીની તો વાત ક્યાં રહી? પણ આ વૈરી તમારો પ્રિય મિત્ર બની શકે છે. તેના માટે મુદિતાનું આલંબન બનાવવું જોઈએ. તે જ રીતે કોઈ પ્રિય વ્યક્તિને સુખી અને આનંદિત જોઈને અથવા તેમ સાંભળીને 'આ વ્યક્તિ કેટલી સારી છે!' આવો ભાવ થવો જોઈએ. અવિકસિત અવસ્થામાં મુદિતા કેવળ પોતાના ગુણો પ્રત્યે હોય છે. જ્યારે વિકસિત અવસ્થામાં તે મુદિતાનું કારણ સર્વ ગુણીજનો બને છે. ક્યારેક એમ પણ બને છે કે બીજાઓ તેના ગુણોને જોઈને આનંદ પામે છે. એ તેને ગમે છે, પણ પોતે બીજા ગુણવાનો પ્રત્યે મુદિતા ધારણ કરતો નથી.

તે ઉપરાંત બૌધ્ધ દર્શનમાં કહ્યું છે કે **'મુદિતા ભાવના' અને 'પ્રમોદ ભાવના'ની શબ્દરચનામાં થોડોક જ ફરક છે,** પરંતુ બંનેનો અર્થ સમાન અને સરખો છે. 'પ્રમોદ' પુલ્લિંગ શબ્દ છે 'મુદિતા'

સ્ત્રીલિંગ શબ્દ છે. બંને શબ્દ 'મુદ' ધાતુથી બન્યા છે. બંનેનો અર્થ થાય છે હર્ષ! આનંદ! ખુશી! બીજાના સુખ જોઈને–જાણીને–કે સાંભળીને હર્ષ થયો, આનંદ થયો તે મુદિતા ભાવના છે.

'परसुखतुष्टिर्मुदिता.' – બીજાના સુખમાં સંતુષ્ટ છે.

જૈન દર્શનમાં પ્રમોદ ભાવના બતાવી છે તેમાં અને બૌધ્ધ દર્શનમાં સામ્ય તો છે જ. જેમના ગુણોનું સ્મરણ કરવાથી આપણાં હૈયે હર્ષ ઉછળે, અંતરમાં આનંદ ઉમટે, હૈયું ભાવવિભોર બની જાય એ પ્રમોદ ભાવના છે. ષોડશક નામના ગ્રંથમાં ચાર પ્રકારની 'પ્રમોદ ભાવના' બતાવી છે. જેનો સ્વીકાર બૌધ્ધ ધર્મમાં પણ કરવામાં આવ્યો છે.

૧. સુખ માત્ર પ્રત્યે પ્રમોદ,

૨. ઈહલૌકિક સુખ પ્રત્યે પ્રમોદ,

૩. પરભવ-ઈહભવની અપેક્ષાથી સુખ પ્રત્યે પ્રમોદ,

૪. પરભવ-શાશ્વત સુખ પ્રત્યે પ્રમોદ.

x x x

કરુણા ભાવના

બૌધ્ધ ધર્મના 'વિશુધ્ધમગ્ગ'માં કરુણાનો વ્યુત્પત્તિજન્ય અર્થ પાલીભાષામાં કહ્યો છે કે

'परदुखे सति साधूनं - हृदय कम्पनं करोनीनि करूणा।

किष्पाति वा परदु:खहिंसती बिनासेतित करूणा।

किश्यति वा दुक्खितेसु पसार यतीत करूणा।

બીજાંને દુ:ખ હોય ત્યારે હૃદયનું ધૂનન–કંપન કરે છે. તે માટે કરુણા અથવા જે પરદુ:ખને કાપે છે, પરદુ:ખનો વિનાશ કરે છે તેવી કરુણા અથવા જે દુ:ખીઆઓ પ્રત્યે પ્રસરે છે–વિસ્તરે છે તે કરુણા છે. બીજાનું દુ:ખ જોઈને સાધુપુરુષનું હૃદય કરુણાથી દ્રવિત થઈ જાય છે. તેઓ બીજાના દુ:ખને સહન નથી કરી શકતા.

બુધ્ધે જ્યારે રોગથી પીડિત રોગીને જોયો ત્યારે જ એનું હૃદય કરુણાથી ભરાઈ ગયું અને તેમનું ચિત્ત એ દશામાં દોડી ગયું કે કેવી રીતે એ રોગી સારો બની જાય. તેનું દુ:ખ દૂર થઈ જાય. જે વ્યક્તિ દયનીય છે, અભાગિયો છે, દુર્ગતિગ્રસ્ત છે, ગરીબ છે, નિરાધાર છે, તેના હાથ-પગ કપાયેલા છે. જે અનાથાલયમાં આપણી સામે ભીખ માગવાનો કટોરો લઈને બેઠો હોય, જેના હાથ-પગમાંથી કીડા નીકળી રહ્યા છે. તે દર્દથી, પીડાથી તરફડી રહ્યો છે તેવી વ્યક્તિઓને જોઈને મનમાં એમ થાય કે, 'આ વ્યક્તિઓ કેવા અભાગી છે! કેટલું સારું થાય તે જલદી આ દુ:ખથી, પીડાથી છૂટી જાય.' આમ તેના પ્રત્યે કરુણા ઉત્પન્ન થવી જોઈએ.

જેવી રીતે રંગે હાથ પકડાઈ ગયેલા ચોરને 'આનો વધ કરી દો.' એવી રાજાની આજ્ઞા અનુસાર રાજકર્મચારીઓ તેને બાંધીને રાજમાર્ગના દરેક ચોક પર સો સો કોડા ફટકારે છે. અને વધસ્થળ પર લઈ જતાં પહેલાં એ ચોરને ખાવા પીવા મળે છે, માળા પહેરાવી સુગંધી વિલેપન કરે છે. તાબૂલ (પાન) વિગેરે આપે છે. તો કદાચ આ બધું ખાઈ-પીને સુખી દેખાતો માણસ, ભોગસંપન્ન સમાન લાગતો હોય છે તો પણ એ 'સુખી' નથી હોતો. આવા જીવો પ્રત્યે પણ કરુણા ભાવ થવો જોઈએ.

કોઈ પણ જીવને પોતાનો દુશ્મન ન માનવો. અને કોઈ પણ જીવને દુ:ખી કરવાનો વિચાર ન કરવો એ મૈત્રી અને કરુણાની પ્રથમ શરત છે.

બૌધ્ધ ધર્મની મહાયાન શાખાએ તો લોકકલ્યાણ અને લોકોનું મંગલ ઈચ્છતા આદર્શોને જ પોતાની નૈતિકતાનો પ્રાણ માન્યો છે. અહીં તો લોકમંગલના આદર્શની સાધનામાં પરમમૂલ્ય નિર્વાણની પણ ઉપેક્ષા કરી છે. તેઓને પોતાના વ્યક્તિગત નિર્વાણમાં કોઈ રુચિ નથી. મહાયાની સાધક કહે છે કે–'બીજા પ્રાણીઓના દુ:ખથી છોડાવામાં જે આનંદ મળે છે તે જ બહુ છે. પોતાના માટે મોક્ષ પ્રાપ્ત કરવો તે નીરસ છે. એનાથી અમારે શું લેવા દેવા?'

લંકાવતાર સૂત્રમાં બોધીસત્વમાં તો ત્યાં સુધી કહેવામાં આવ્યું છે કે- 'હું ત્યાં સુધી પરિનિર્વાણમાં પ્રવેશ નહિ કરું જ્યા સુધી વિશ્વના બધાં જ પ્રાણી વિમુક્તિ પ્રાપ્ત ન કરી લે.' સાધક પરદુ:ખ વિમુક્તિથી મળનારા આનંદને જ સ્વના નિર્વાણના આનંદ કરતાં પણ મહત્ત્વપૂર્ણ માને છે અને તેના માટે પોતાના નિર્વાણ સુખને પણ ઠુકરાવી દે છે.

બૌધ્ધ દર્શનની કરુણાભાવનાની દૃષ્ટિ તો આચાર્ય શાન્તિદેવના ગ્રંથ શિક્ષા સમુચ્ચય અને બોધિચર્યાવતારમાંથી મળે છે. તેમાં લખ્યું છે કે 'તારા સુખને બાજુ પર રાખીને, બીજાંના દુ:ખ દૂર કરવામાં લાગી જા.' બીજાના સુખથી આપણા સુખને બદલ્યા વિના બુધ્ધત્વની સિદ્ધિ નહિ થઈ શકે. જે પ્રકારે પૃથ્વી, અગ્નિ, આદિ ભૌતિક વસ્તુઓ સંપૂર્ણ આકાશ (વિશ્વમંડળ)માં રહેતા જીવો સુખનું કારણ બને છે . બસ! તે જ રીતે આકાશની નીચે રહેનારા જીવો બધા પ્રાણીઓ જ્યાં સુધી મુક્તિ પ્રાપ્ત ન કરી લે, ત્યાં સુધી હું તેમના માટે ઉપજીવી બનીને રહીશ.

સાધનાની સાથે સેવાની ભાવના, કરુણાની ભાવનાનો ખૂબ જ સુંદર સમન્વય બૌધ્ધ ધર્મમાં બતાવ્યો છે. જૈન ધર્મમાં પણ તીર્થંકર પરમાત્માઓએ 'સવિ જીવ કરુ શાસન રસી'નો કરુણાભાવ વરસાવ્યો છે. 'માત્ર મારું જ દુ:ખ દૂર થાય એમ નહિ, પરંતુ સર્વનું દુ:ખ દૂર થાઓ' એવી વિશાળ ભાવના પ્રગટાવી છે.

જન્મ, જરા, રોગ અને મૃત્યુથી પીડાતા જીવોને મારે જ્ઞાનનો

પ્રકાશ આપવો જોઈએ. તેમને હું દુ:ખમાંથી બચાવી લઉં. તેમને હું પરમ શાંતિ અને પરમ સુખનો માર્ગ બતાવી દઉં... આવા ઉત્કટ અને ઉગ્ર કરુણાભાવ હૈયામાં છલકાયો ત્યારે સિધ્ધાર્થમાંથી જગતને ગૌતમ બુધ્ધ મળ્યાં. અને આજ રીતે સમગ્ર વિશ્વના જીવોના સુખ અને કલ્યાણ માટે જ પ્રભુ મહાવીરે પણ મહાભિનિષ્ક્રમણ કર્યું. સાડા બાર વર્ષની ઉગ્ર સાધના બાદ કરુણા, મૈત્રી, પ્રમોદનો સંદેશો આપતાં સમગ્ર જીવોને 'જીવો અને જીવવા દો'નો સંદેશો આપ્યો.

x x x

માધ્યસ્થભાવ–ઉપેક્ષાભાવ

'सत्तेसु मज्झत्ताकारप्पवचित्तभकरूणा उपेक्खा।'

જીવો વિશે મધ્યસ્થપણે પ્રવૃત્તિ તે ઉપેક્ષા છે. – વિશુદ્ધિમગ્ગ.

Early Buddhism (પ્રાચીન બૌધ્ધધર્મ)માં અને The Path of Purification (વિસુદ્ધિમગ્ગ)માં ઉપેક્ષા માટે `Equanimity' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

જીવો પ્રતિ ઉદાસીન ભાવ ઉપેક્ષા છે. ઉપેક્ષાની ભાવના કરનાર સાધક જીવો પ્રતિ સમભાવ રાખે છે. તે પ્રિય અને અપ્રિયમાં કોઈ ભેદ નથી કરતો. બધા તરફ એની ઉદાસીનવૃત્તિ હોય છે. તે પ્રતિકૂળ અને અનુકૂળ – આ બંને પરિસ્થિતિને ગ્રહણ નથી કરતા. ઉપેક્ષા ભાવના દ્વારા આ જ્ઞાનનો ઉદય થાય છે કે : 'મનુષ્ય કર્મને આધીન છે.' કર્માનુસાર જ સુખ ઉતપન્ન થાય છે. તે સુખથી સંપન્ન હોય કે દુ:ખથી મુક્ત હોય પણ તે ચલિત થતો નથી. આ જ જ્ઞાન આ ભાવનાનું મુખ્ય કારણ છે.મૈત્રી આદિ ત્રણ ભાવનાઓ દ્વારા જે વિવિધ પ્રવૃત્તિઓ થાય છે તેનો જ્ઞાન દ્વારા પ્રતિવેધ થાય છે.

વિશ્વમાં દુ:ખી જીવોમાં કેટલાંય જીવો એવા પણ હોય છે કે જેમનાં દુ:ખને દૂર કરવાનાં પ્રયત્નો આપણે કરીએ તો તેઓ આપણી સામે થાય છે. આવા જીવો પ્રાય: વિનીત નિર્ગુણ વિપરીત વૃત્તિવાળા અને હિંસાદિ કર્મોમાં નિ:શંક હોય છે. તેવા પ્રત્યે વાણીથી અને કાયાથી કોઈ પણ પ્રવૃત્તિ ન કરવી. આવા ઘાતકી કાર્યો કરનારા જીવો પ્રત્યે ઉદાસીન ભાવ તે માધ્યસ્થ છે.

સંસારની પ્રવૃત્તિઓ કરવા છતાં પણ અંતરથી અલિપ્ત રહેનારો તે મધ્યસ્થ. અમુક સમયે સંસારની પ્રવૃત્તિ કરે, અમુક સમયે તે પ્રવૃત્તિથી દૂર રહે અને તે બંન્ને અવસ્થાઓમાં અંતરથી અલિપ્ત રહે તે તટસ્થ અને કોઈ પણ સંસારની પ્રવૃત્તિ ન કરતાં અંતરથી અલિપ્ત રહે તે ઉદાસીન. આ અપેક્ષાએ વિચાર કરતાં સમ્યક્ દૃષ્ટિ જીવને મધ્યસ્થ, દેશવિરતિને તટસ્થ અને સર્વવિરતિને ઉદાસીન કહી શકાય. કર્મ વિપાકનું ચિંતન કરીને આત્માને મધ્યસ્થ બનાવવો જોઈએ. માધ્યસ્થભાવ ધારણ કરનાર જીવ પછી ખોટી પ્રવૃત્તિ કરવાનો આગ્રહી બનતો નથી. માધ્યસ્થ (ઉપેક્ષા) ભાવનાથી સદ્ભાવ ટકી રહે છે. વૈષયિક સુખ પ્રત્યે ઉદાસભાવ (ઉપેક્ષા) ઉત્પન્ન પછી જોઈએ. 'સર્વ દુ:ખમ્' એ ભાવના સમ્યગ્ દર્શનને પ્રગટાવનારી છે. આવી જ રીતે દુ:ખ ઉપરનો રાગ અનુકૂળતાની બુદ્ધિએ કર્મ નિર્જરાનું કારણ છે એમ માનીને દુ:ખ પ્રત્યે રાગ કેળવવો જોઈએ. આ રાગ પ્રશસ્ત મનોભાવરૂપી હોવાથી, રાગ કે દ્વેષના અભાવને ઉત્પન્ન કરીને, સ્વયં નાશ પામે છે.

દુ:ખ વિષયક માધ્યસ્થની સાક્ષાત્ મૂર્તિ શ્રમણ ભગવાન મહાવીર દેવ હતા. બૌધ્ધદર્શનોક્ત સર્વ પદાર્થને ન્યાય આપવા શ્રી જૈનાગમનો એકલો ૠજુસૂત્રનય બસ છે. મહામાધ્યસ્થનો પ્રત્યેક વિચાર સર્વત્ર અનેકાંતભાવના રૂપ મહા અમૃતથી અતિપવિત્ર બનેલો હોય છે. કથા પ્રસંગે કઈ દૃષ્ટિને (કથા નયને) આગળ કરવામાં સ્વ અને પર હિતનું સતત લક્ષ્ય હોય છે. તેનાં વચનો હૃદયમાં રહેલા ઉપેક્ષાભાવને સાકાર કરતાં પણ ગંભીર અને ચંદ્ર કરતાં પણ સૌમ્ય હોય છે. વિશ્વનાં રહેલાં સર્વ ઝઘડાનું સમાધાન તેના અંત:કરણમાં રહેલું હોય છે. આ માધ્યસ્થની પાસે જતાં જ ચિત્તની સર્વ અશાંતિ શમી જાય છે. વસ્તુઓમાં પ્રિય-અપ્રિય વ્યવહારિક કલ્પનાને તે માધ્યસ્થ દેશવટો અર્પે છે. તેને રાગ-દ્વેષ ઉત્પન્ન થતાં નથી. આત્મજ્ઞાન વિના ઉચ્ચ પ્રકારનું સર્વ વિષયક માધ્યસ્થ કદી પ્રગટ થતું નથી. મધ્યસ્થ બનવા ઈચ્છનાર પ્રત્યેક મુમુક્ષુ માટે આત્મજ્ઞાન અતિ આવશ્યક હોવાથી તેનું થોડુંક સ્વરૂપ જોઈ લેવું જરૂરી છે.

જો બીજી રીતે વિચારીએ – અવિકસિત અવસ્થામાં માધ્યસ્થ (ઉપેક્ષા)નો વિષય ધર્મ, ધર્મના સાધનો અને ધર્માત્માઓ હોય છે, જ્યારે વિકસિત અવસ્થામાં પાપ, પાપનાં સાધનો અને પાપાત્માઓ પ્રત્યે માધ્યસ્થ ભાવમાં પ્રગટે છે.

જો કોઈ જગતમાં પૂજ્યતાને પામ્યા છે તે બધામાં કરુણા અને માધ્યસ્થ ઓછાવત્તા અંશમાં હતાં જ. બીજાઓનાં દુ:ખોને દૂર કરનારા અને તટસ્શ રીતે જીવન જીવનારા આત્માઓ બહુમાનને પામે છે એ આપણે જોઈએ છીએ.

સારાંશ એ છે કે પવિત્રતા, આનંદ અને પૂજ્યતાનાં સાધનો મૈત્રી, મુદિતા, કરુણા અને ઉપેક્ષા છે. આ ચાર ભાવનાઓનાં નિરંતર સેવનથી આપણે આપણાં જીવનને પવિત્ર, આનંદમય અને આદર્શ બનાવી શકીએ. ✷ ✷ ✷

પુસ્તક સૂચિ:
૧. ધર્મબીજ – મુનિ તત્ત્વાનંદવિજયજી મ. સાહેબ
૨. ધમ્મં શરણં પવજ્જામિ – મુનિ ભદ્રગુપ્તવિજયજી મ. સાહેબ
૨. વિશુદ્ધિમગ્ગં, ભાગ ૧, ૨ – અંતરંગ કથાના આધારે

હિંદુ ધર્મદર્શનમાં બાર ભાવનાઓ

☐ ડૉ. નરેશ વેદ

[વેદ અને હિન્દુ શાસ્ત્રોના અભ્યાસી, પ્રખર ચિંતક, પ્રભાવક વક્તા છે. ૪૫ વર્ષની શૈક્ષણિક કારકીર્દિમાં ગુજરાતની કૉલેજોમાં પ્રાધ્યાપક તરીકે, સરદાર પટેલ યુનિવર્સિટીના અધ્યક્ષ તરીકે અને ગુજરાતની એકેડેમિક સ્ટાફ કૉલેજના ડાયરેક્ટર તરીકે સેવા આપી છે.]

જૈન, બૌદ્ધ અને હિંદુ – એ ત્રણેય ધર્મો અને તત્ત્વદર્શનોમાં મનુષ્ય જીવનમાં આધિ, વ્યાધિ, ઉપાધિ, દુઃખ, સંતાપ, શોક શા કારણે છે એની વિચારણા થયેલી છે. આ ત્રણેય ધર્મ અને તત્ત્વદર્શનો એ અભિપ્રાય ઉપર આવ્યા છે કે મનુષ્ય જીવનમાં દુઃખના મૂળ મનુષ્યની મનોવૃત્તિઓમાં રહેલાં છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, માન જેવી વૃત્તિઓ મનુષ્યજીવનમાં અહંતા અને મમતા, રાગ અને દ્વેષ વગેરે પેદા કરે છે, અને એ કારણે મનુષ્ય દુઃખી થાય છે. આ દુઃખનાં કારણોની વધુ મીમાંસા કરતા જૈનધર્મે એના મૂળ મોહવૃત્તિમાં છે એમ કહ્યું, બૌદ્ધધર્મે એ તૃષ્ણાવૃત્તિમાં છે, એમ કહ્યું, એ આસક્તિમાં છે એમ હિંદુ ધર્મે કહ્યું છે. તત્ત્વતઃ ત્રણેય ધર્મો એક જ વાત પર આવે છે, માત્ર સંજ્ઞાઓ જુદી વાપરે છે.

આ મોહ, તૃષ્ણા કે આસક્તિને દૂર કરવામાં જે સમજ અને જે પરિબળો ઉપયુક્ત થાય છે તેમને માટે જે તે દર્શનોમાં જે સંજ્ઞાઓ યોજાઈ હતી, તે કાળક્રમે સંપ્રત્યયો (Concepts)રૂપે વિકસિત થઈ હતી. જૈનદર્શનમાં એમને ભાવનાઓ કહીને ઓળખાવવામાં આવે છે. ભાવના એટલે જે સંજ્ઞાઓ વિશે ગહન તત્ત્વ-વિચારણા થવાથી જેમના ખ્યાલો કે સંપ્રત્યયો વિકસ્યા છે તેવા વિચારો. જૈનદર્શનમાં આવી જે બાર ભાવના વિકસિત થઈ છે, તે છે: (૧) અનિત્ય (૨) અશરણ (૩) સંસાર (૪) એકત્વ (૫) અન્યત્વ (૬) અશુચિ (૭) આસ્રવ (૮) સંવર (૯) નિર્જરા (૧૦) લોક (૧૧) બોધિદુર્લભત્વ અને (૧૨) ધર્મસ્વાખ્યાત્ત્વ. જૈનદર્શનની માફક હિંદુ ધર્મદર્શનમાં આવી કોઈ ભાવનાઓ વિકસિત થઈ છે કે કેમ અને જો વિકસિત થઈ છે તો તે કઈ કઈ છે, એનો ખ્યાલ આપવાનો આ લેખમાં ઉપક્રમ છે.

હિંદુદર્શન અનુસાર જીવાત્માના ચિત્તમાં મલ, વિક્ષેપ અને આવરણ – એ ત્રણ દોષ હોય છે. કુકર્મ અને કુવિચારોથી પડેલા સંસ્કારો મલ કહેવાય છે. ઈન્દ્રિય દ્વારા કે વિષયસ્મરણથી અંતઃકરણનું વારંવાર પ્રબળ વેગથી વિષયભણી ખેંચાવું તે વિક્ષેપ કહેવાય છે અને પોતાના અસલી કૂટસ્થસ્વરૂપને ન જાણવું તેને આવરણ કહેવાય છે. આત્મ-સ્વરૂપના આવરણથી જીવને શરીરમાં હુંપણાની અને જગતમાં સત્યપણાની ભ્રાંતિ થઈ રાગદ્વેષરૂપ વિક્ષેપ ઊપજે છે. રાગદ્વેષથી ધર્મઅધર્મરૂપ પ્રવૃત્તિ દ્વારા જીવ ધર્મઅધર્મના સંસ્કારરૂપ મલદોષને ગ્રહણ કરે છે. એ ધર્માધર્મ વડે જીવ ઘટીકાયંત્રમાંના ઘટની જેમ ઉપર નીચે ભ્રમણ કર્યા કરે છે. કામનાઓનો ત્યાગ કરી લૌકિકવૈદિક શુભ કર્મ કરવાથી ધીરેધીરે ચિત્તના મલદોષની નિવૃત્તિ થાય છે. ચિત્તને કોઈપણ યોગ્ય ધ્યેયમાં દીર્ઘકાળ નિરંતર આદરપૂર્વક સ્થાપવાથી ધીરેધીરે ચિત્તનો વિક્ષેપદોષ દૂર થાય છે અને સત્ શાસ્ત્રવિદ અને પરમતત્ત્વમાં નિષ્ઠાવાળા પરમ કારુણિક ગુરુ કે આચાર્ય દ્વારા શાસ્ત્રોના શ્રવણમનન વડે નિજ સ્વરૂપનું અપરોક્ષજ્ઞાન થવાથી ચિત્તના આવરણ દોષથી નિવૃત્તિ થાય છે. આવરણની નિઃક્ષેપ નિવૃત્તિ થતાં જીવનું ભવાટવિનું દુઃખદ ભ્રમણ દૂર થાય છે.

હિંદુ જીવનદૃષ્ટિ એમ સમજે છે કે આપણાં દુખનું મૂળ આપણી ભ્રાંતિમાં છે. જ્યાં સુધી આપણી આસપાસ રહેલ બહારના જગતની સૃષ્ટિ અને આપણી અંદર રહેલા આત્મારૂપી બ્રહ્મ વચ્ચે ભેદ કરી શકવાને આપણે સક્ષમ નહીં થઈએ, ત્યાં સુધી આપણે શરીર અને સંસારને જ સત્ય અને નિત્ય માનવાની ભ્રમણામાં રહીશું. આપણે જેમાં જીવી રહ્યા છીએ એ સંસાર અને ઘટનાવિશ્વ તો ભ્રાંતિ છે. તે આપણા મનની સરજત છે, તેથી અસત્ય અને મિથ્યા છે, જે નિરંજન, નિરાકાર, નિર્ગુણ, નિર્લેપ અને નિસ્પૃહ હોવાને કારણે બધી ઘટનાઓથી અલિપ્ત અને પર છે તે બ્રહ્મ છે, અને તે જ નિરપેક્ષ સત્ય છે. આપણી આ ભ્રાંતિનું કારણ તપાસતાં ખ્યાલમાં આવે છે કે અજ્ઞાન આ ભ્રાંતિનાં મૂળમાં છે. તેને અવિદ્યા કે માયા પણ કહે છે. આ ભૌતિક જગતમાં જીવતાં જીવતાં આપણે શારીરિક ઝંખનાઓ, માનસિક કામનાઓ અને બૌદ્ધિક વિકૃતિઓથી ઘેરાયેલા હોઈએ છીએ. તેથી આપણે તરતમતો ભેદ કરી શકતા નથી. માટે આપણે આ સંસાર અને સૃષ્ટિ સાથે તદ્રૂપ થઈને જીવીએ છીએ. આપણે જે સંસાર નિહાળીએ છીએ તે સત્ય નથી અને બ્રહ્મ જે સત્ય છે એ આપણે જોતાં નથી. આમ બને છે, અજ્ઞાનને કારણે.

જીવનના ત્રિવિધ તાપનો અજ્ઞાતરૂપ મૂળસહિત ઉચ્છેદ અને સ્વાભાવિક પરમાનંદનો નિત્ય અનુભવ એ પ્રાપ્ત કરવા યોગ્ય હોવાની આપણને પ્રતીતિ થાય છે. એ પ્રાપ્તવ્યની પ્રાપ્તિ આપણને આત્મસ્વરૂપના જ્ઞાનથી થાય છે. આવું જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છતા સાધક પાસે ચાર પ્રકારની લાયકાત હોવા જરૂરી છે. તે છે: (૧) વિવેક (૨) વૈરાગ્ય (૩) ષટ્સંપત્તિ અને (૪) મુમુક્ષુતા.

નિત્યાનિત્ય વસ્તુવિવેક :

ક્ષણે ક્ષણે રૂપાંતર અને પરિવર્તન પામી વિનાશ થવાના સ્વભાવવાળી અનિત્ય જડ વસ્તુઓ તથા જેમાં તે વસ્તુઓનાં

ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ થાય છે એવી ચેતનરૂપ નિત્ય વસ્તુ એ બંને ભિન્ન છે, એમ જાણવું તે વિવેક કહેવાય. સાદી રીતે કહીએ તો, બ્રહ્મ એક જ વસ્તુ નિત્ય છે અને તે સિવાયની બધી વસ્તુઓ અનિત્ય છે, આમ સમજવું તે જ નિત્યાનિત્ય વસ્તુવિવેક છે. આત્મા રૂપરંગરહિત છે, જ્યારે શરીર અને ઈન્દ્રિયોથી માંડીને જગતના તમામ તત્ત્વ-પદાર્થોને નામરૂપ છે. જેને નામરૂપ છે તેનો નાશ છે. આત્માનો નાશ નથી, કેમકે એને રૂપરંગ કશું નથી. એ કેવળ સાક્ષીરૂપ અને દ્રષ્ટા છે. આ વાતની સમજ એટલે વિવેક. જગતના પદાર્થોને આપણે આપણાં શરીર, મન અને બુદ્ધિ વડે અનુભવીએ છીએ. તે બધા અસ્થાયી અને પરિવર્તનશીલ છે. ચૈતન્યરૂપ આત્મા જીવનના બધા અનુભવો ગ્રહણ કરનાર સાક્ષીરૂપ અને દ્રક છે. શરીર, મન અને બુદ્ધિ જેવાં અંગો ગ્રાહ્ય અને દશ્યરૂપ છે. દૃશ્ય હંમેશાં અંતવાળું (સાન્ત) અને નાશવંત (અશાશ્વત) છે. પરંતુ દ્રક અનંત, અપરિવર્તનશીલ અને શાશ્વત છે. જેમને પ્રતીતિ છે કે આત્મા અમર છે, શરીર-સંસાર-પદાર્થો વગેરે બધું ભંગુર છે, એ જાતનો ઔચિત્યપૂર્ણ નિર્ણય કરી શકનાર ખરો વિવેકી છે. જગત અનિત્ય છે. તેમાં જે જન્મેલું છે, તે સ્વપ્નના જગત જેવું અને આકાશના હાથી જેવું મિથ્યા છે. જે ઊગે છે તે આથમે છે. જે ખીલે છે તે કરમાય છે. જે જન્મે છે તે મૃત્યુ પામે છે. આખું જગત વિનાશી છે. સર્વ સંયોગો ક્ષણિક છે, નિત્ય રહેનાર નથી. તેથી કોઈ વ્યક્તિ કે વસ્તુનો મોહ કરવા જેવો નથી.

ઈહામુત્રાર્થફલભોગવિરાગ:

આ લોકના કે પરલોકના વિષયો અથવા ફળ ભોગવવા તરફ વૈરાગ્ય એટલે આ લોકનાં કંચન, કામિની, સત્તા તથા પરલોકના ભોગ ઉપર ઇચ્છા જ ન થવી. બીજી રીતે કહીએ તો આપણને લોભાવતા કે લલચાવતા આ પૃથ્વી કે સ્વર્ગના વિષયો તરફ પૂર્ણ અને સતત ઉપેક્ષાભાવ. સભાનપણે તો ખરી જ, પરંતુ અજ્ઞાનપણે પણ તેનાથી વિલગતા હોવી. જેમ કાગડાની વિષ્ટા તરફ આપણી નજર પડે તો તેથી આપણે નથી તેના તરફ આકર્ષાતા, નથી લલચાતા. આપણે તેને જોયું ન જોયું કરીને તેની ઉપેક્ષા કરીએ છીએ. તેમ વિષયોનો ન તો રાગ, ન તો વિષયોનો દ્વેષ. રાગ પણ નહિ, વિરાગ પણ નહિ, પરંતુ વીતરાગપણું કેળવવું તેને વૈરાગ્ય કહે છે. વિષયો પોતાને વશ છે એવા ભાનવાળા મનુષ્યનો જોયેલા અને સાંભળેલા વિષયોમાં તૃષ્ણાનો અભાવ. મનુષ્યમાં વિવેક જેમ જેમ દઢ થતો જાય છે તેમ તેમ દોષબહુલ ક્ષણભંગુર જડવસ્તુમાં રહેલો રાગ ક્ષીણ થતો જાય છે, ને અંતે હિરણ્યગર્ભના પદમાં પણ દોષદર્શન થવાથી તેમાં લાલસા રહેતી નથી. એવી રીતે આ લોકના વિષયોથી માંડીને હિરણ્યગર્ભના પદપર્યંતના ઐશ્વર્યમાં આરૂઢ થયેલી અસ્પૃહાનો ઉદય થાય તેને વૈરાગ્ય કહેવાય છે. સાવ સાદી રીતે કહીએ તો જગતભાવને હૃદયથી દૂર કરવો એનું નામ વૈરાગ્ય. વૈરાગ્યનું ફળ જ્ઞાન છે, જ્ઞાનનું ફળ ઉપરતિ છે અને ઉપરતિનું ફળ આત્માના આનંદથી પ્રાપ્ત થતી શાંતિ છે.

ષટ્ સાધનસંપત્તિ:

વૈરાગ્યની સ્થિરતા થવાથી શમ-દમ વગેરે છ સંપત્તિ સુલભતાથી સિદ્ધ કરી શકાય છે. શમ, દમ, શ્રદ્ધા, સમાધાન, ઉપરતિ અને તિતિક્ષા એ છ સંપત્તિના નામો છે. દ્રવ્યરૂપ સંપત્તિ વિના જેમ અન્નવસ્ત્ર વગેરે પદાર્થો મેળવી શકાતા નથી, તેમ આ છ સંપત્તિ વિના બ્રહ્મનો અનુભવ થઈ શકતો નથી. મનને નિષિદ્ધ વિષયચિંતનમાંથી રોકવાનું બળ શમ કહેવાય છે. એટલે કે મનને વશ કરવું તેને શમ કહે છે. નિષિદ્ધ વિષયો તરફના ઈન્દ્રિયોના પ્રબળ વેગને રોકવાનું સામર્થ્ય દમ કહેવાય છે. એટલે કે વિષયો તરફ જાગેલી ઈન્દ્રિયોની કામનાને વશ કરવી તેને દમ કહે છે. ટૂંકમાં કહીએ તો આપણા મનને આંતરિક રીતે ક્ષુબ્ધ કરતી કામનાઓને વશ કરવી તે શમ છે અને વાસના જગાડતી ઈન્દ્રિયોને કાબૂમાં લેવી તે દમ છે. વિષયી જીવોને અતિપ્રિય લાગતા વિષયો હળાહળ વિષ જેવા પ્રતીત થઈ તેમાં મનની સ્વાભાવિક ઉપેક્ષા રહે અને સકામ કર્મમાં ફળની ઇચ્છાપૂર્વક પ્રવૃત્તિ ન થાય તે ઉપરતિ કહેવાય. એટલે કે પોતાના ધર્મનું આચરણ કરવું તે ઉપરતિ છે. એટલે કે વિષયો તરફ મનની અગતિને ઉપરતિ કહેવાય. ઉપરતિ શમ અને દમ કરતાં એ રીતે જુદી પડે છે કે શમ અને દમની પ્રવૃત્તિમાં મનની બહાર દોડતી વૃત્તિઓને સંયમમાં રાખવા પ્રયત્ન કરવો પડે છે, જ્યારે ઉપરતિમાં એવો પ્રયત્ન કરવો પડતો નથી; એ સ્વયંભૂ હોય છે. પ્રારબ્ધકર્મથી પ્રાપ્ત થતાં માનઅપમાન, સુખદુઃખ, ટાઢતડકો અને ભૂખતરસ વગેરે સહન કરવાના વલણને તિતિક્ષા કહેવાય. સાદી રીતે કહીએ તો જીવનમાં આવતી યંત્રણાઓ અને પીડાઓને મૂંગે મોઢે સહી લેવાના ગુણને તિતિક્ષા કહે છે. શ્રદ્ધા એટલે પરમ ઈષ્ટમાં વિશ્વાસ. સદ્ગુરુના અને સત્શાસ્ત્રના ઉપદેશમાં સુદૃઢ વિશ્વાસ રાખવો તેને શ્રદ્ધા કહે છે. એટલે કે વેદસંહિતાઓ અને ગુરુવચનોમાં પૂર્ણ અને નિર્વિવાદ આસ્થાને શ્રદ્ધા કહેવાય. જેમ શરીરને માટે ખોરાકની તેમ માણસના મન માટે શ્રદ્ધાની જરૂર હોય છે. મનુષ્ય પોતાની શ્રદ્ધાનું લંગર જ્યાં સુધી રોપે નહીં, ત્યાં સુધી એની જીવનનૌકા હાલક ડોલક થતી રહે. ક્રિયારંભ માટે શ્રદ્ધા જરૂરી છે. કર્મને ગતિ દેવા માટે ય શ્રદ્ધા જરૂરી છે. શ્રદ્ધાથી કર્મશક્તિ પ્રગટ થાય છે. મનુષ્ય પોતે સ્વીકારેલી પ્રવૃત્તિમાં ખંતથી ચોંટી રહે તે માટે તેનામાં આત્મવિશ્વાસ પણ હોવો જોઈએ. આ આત્મવિશ્વાસને પણ શ્રદ્ધા

કહે છે. સર્વોત્તમ વિષયોના અધિષ્ઠાનરૂપ બ્રહ્મમાં મનની સ્થિરતા થવાથી કોઈપણ નિષિદ્ધ વિષયના સ્મરણથી કે સામીપ્યથી મનમાં ક્ષોભ ન થાય તેને સમાધાન કહેવાય. બીજી રીતે કહીએ તો મનની સ્થિરતા થવાથી સત્ એટલે કે બ્રહ્મની ઉપર એકકેન્દ્રી ધ્યાન કરવાના સામર્થ્યને સમાધાન કહે છે. સામાન્ય રીતે ચિત્તમાં વૃત્તિઓનાં વિચિત્ર વર્તુળો ઊઠતાં રહે છે અને તેથી તેમાં વિચ્છિન્નતા રહે છે, પણ જ્યારે ચિત્તમાં એકાગ્રતા આવે ત્યારે એ સ્થિતિને સમાધાન કહે છે.

પોતાનો મોક્ષ થાઓ એવી ઇચ્છા થવી તેને મુમુક્ષુતા કહે છે. આ સંસારનાં જન્મમૃત્યુનાં બંધનમાંથી મુક્ત થવાની ઉગ્ર ઝંખના જાગવી અને એ થશે જ એવી પ્રતીતિને મુમુક્ષુતા કહે છે. વિવેક, વૈરાગ્ય અને શમદમાદિ છ સંપત્તિરૂપ ત્રણ સાધનો પરિપક્વ થયાં હોય તો જ વાસ્તવિક મુમુક્ષુતા એટલે મોક્ષ મેળવવાની તીવ્ર ઇચ્છા ઉપજે છે. આ મુમુક્ષુતા સાધકને શ્રવણમનન વગેરેમાં શીઘ્રપણે પ્રવૃત્તિ કરાવનારી થાય છે.

આત્મસાધના કરવા ઇચ્છતા સાધક માટે આ સાધનચતુષ્ટય છે. આ સાધનો વડે સાધક એવી માનસિક સ્થિતને પામે છે, જેના વડે તે ગુરુના ઉપદેશને આત્મસાત કરી શકે છે અને જીવનના અસલ વાસ્તવના અને આખરી સત્યના સ્વરૂપને જાણવામાં સમર્થ બને છે. સમથી વૈરાગ્ય, દમ અને ઉપરતિથી વિવેક, તિતિક્ષાથી ષટ્-સંપત્તિ અને શ્રદ્ધા તથા સમાધાનથી મુમુક્ષુતા પ્રાપ્ત થાય છે. આવાં સાધનો વડે સાધક સાધના માટે પાત્રતા પ્રાપ્ત કરે છે અને સાધના વડે પોતાનું ઉદિષ્ટ પ્રાપ્ત કરે છે. જ્યાં સુધી પોતે અજ્ઞાનના બંધનમાંથી મુક્ત ન થાય અને પરમાનંદની દશા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી સાધકે જીવન અને સંસારની ભંગુરતા અને આત્માની અમરતા તથા બ્રહ્મની સતતા ઉપર સતત ચિંતનમનન કરી પોતાનું ઉદિષ્ટ પ્રાપ્ત કરવા દૃઢ પુરુષાર્થ કરવો જોઇએ.

અનિત્ય :

દર્પણમાં જેમ શરીર દેખાય છે તેમ બ્રહ્મમાં આ જગતનો ભાસ દેખાય છે. મલય, મહેન્દ્ર, સહ્યાદ્રિ, વિંધ્ય, શક્તિમાન, ગંધમાદન, પરિપાત્ર અને હિમાલય વગેરે આઠ પ્રસિદ્ધ પર્વતો, ક્ષીર, ક્ષાર, ઇક્ષુ, ધૃત, દઝિ, સુરા ને શુફોદક વગેરે સાત સમુદ્રો, બ્રહ્મા, રુદ્ર, ઈન્દ્ર, સૂર્ય વગેરે દેવતાઓ તથા મારા અને તારા સહિત સમગ્ર સંસારમાં કોઈ પણ પ્રાણી અને પદાર્થો શાશ્વત રહેનાર નથી. જેમ કમળના પાન ઉપર પડેલું પાણીનું બિંદુ, શિયાળાની સવારે ઘાસ ઉપર પડેલું ઝાકળનું બુંદ સ્થિર નથી, ચંચલ છે, તેવી જ રીતે આ માનવ જીવન પણ સ્થિરતા વગરનું ચંચળ અને અસ્થિર છે. આપણે ઓઢેલી પિછોડી આવા જૂઠી ઝાકળની પિછોડી છે. એને ઓઢવાનો શો અર્થ છે. એ તો શ્વાસના એક સેજારે ઊડી જાય તેમ છે. તો પછી આવા અનિત્ય અને મિથ્યા જીવનમાં શાનો મોહ અને શાનો શોક કરવાનો હોય? સંસારના મોહ, શોક અને મૃત્યુના ભયથી મુક્ત થવા સત્સંગથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ.

અશરણ :

જીવનમાં આધિ-વ્યાધિ, ઉપાધિ, વૃદ્ધત્વ અને મૃત્યુ આવે ત્યારે જીવને કોઈ બચાવી શકતું નથી. આપદા આવે ત્યારે કોનું શરણું લેવાથી બચી શકાય? સગાં, સ્વજન, મિત્રો, સંબંધીઓ, ધનપતિઓ, સત્તાધીશો વગેરે કોઈનું શરણ લેવાથી બચી શકાતું નથી. સૌ સ્વાર્થ પૂરતાં સગાં-સંબંધી હોય છે. જ્યાં સુધી શરીરમાં શ્વાસ હોય ત્યાં સુધી કુટુંબીજનો અને સ્નેહીજનોનો સાથ હોય છે. પણ જેવા શ્વાસ શરીરમાંથી ચાલ્યા જાય છે, દેહ નિશ્ચેતન થાય છે ત્યારે ખુદ પતિ-પત્ની કે માતાપિતા પણ મૃતકના શરીરને અપવિત્ર સમજીને છોડી દે છે. સૌ જાણે છે કે માણસ જ્યાં સુધી અર્થોપાજન (કમાવા) માટે સક્ષમ હોય છે; ત્યાં સુધી જ તેનામાં પરિવારને રસ હોય છે. પણ જ્યારે તેનો દેહ જર્જરિત થાય, વૃદ્ધાવસ્થા આવે ત્યારે ઘરમાં કોઈ તેનો ભાવ પણ પૂછતું નથી, કોઈ તેની દરકાર કરતું નથી. જીવનનો અંતકાળ નજીક આવે ત્યારે કે જીવનમાં અડીઓપટીના પ્રસંગો આવે ત્યારે વાંચેલી ફિલસૂફી, ગોખેલા વ્યાકરણના નિયમો કાંઈ કામ આવતા નથી. એટલે કે સંસારમાં સ્વજનો, સંબંધીઓ, શાસ્ત્રો વગેરે કોઈનું શરણ કામ આવતું નથી. સાચું શરણું ગુરુ અને ગોવિંદનું છે. ગુરુ આપણું અજ્ઞાન દૂર કરી, સાચું શરણું પરમાત્માનું છે એ વાત સમજાવી, એમની સાથે કેવી રીતે અનુસંધાન સાધી શકાય તે સમજાવશે અને પરમાત્મા એમની કૃપા વડે જીવનો ઉદ્ધાર કરી એને અનંત સુખ આપશે.

અન્યત્વ :

આ શરીર, ઘર, પરિવાર, ધનસંપત્તિ બધું પારકું છે. એમાંનું કાંઈ જીવાત્માનું પોતાનું નથી. આખું જીવન આ શરીર, ઘર, પરિવાર સૌને સંપન્ન અને સમૃદ્ધ કરવા માણસ મથામણ કરી કરીને પૈસો, પ્રતિષ્ઠા, પદ, માન, મોભો મેળવે છે. પરંતુ સૌએ એ બધું અહીં મૂકીને જ જવાનું છે. ખાલી હાથે આ જગતમાં આવવાનું છે અને ખાલી હાથે આ જગતમાંથી જવાનું છે. કશું સાથે લઈ જઈ શકાતું નથી. ત્યારે જીવાત્માએ વિચારવાનું છે કે પોતાનાં પત્ની-બાળકો કોણ છે? તેના પોતાના ક્યારથી છે? ક્યાં સુધી રહેશે? અરે એ તો ઠીક તું પોતે કોણ છે? તારું આ જગતમાં અવતરણ શા કાજે થયું છે? તું ક્યાંથી આવ્યો છે? અહીં ક્યાં સુધી રહેશે? પછી ક્યાં જશે? જશે ત્યાં શું શું સાથે લઈ જઈ શકશે? માના ગર્ભમાં અકળાતો અમળાતો જીવ શું

વિચારતો હશે તેની કલ્પના કરી ગર્ભઉપનિષદ એનો ચિતાર આપે છે. 'અનેકવાર જન્મતો, મૃત્યુ પામતો, ફરી જન્મતો હું દરેક જન્મે મારા પરિવારજનો અર્થે મેં જે શુભ-અશુભ કર્મો કર્યા તેના વિશે વિચારી હું એકલો બળીઝળી રહ્યો છું. એ ભોગોને ભોગવનારા કોણ જાણે ક્યાં ગયા? હું અહીં દુઃખરૂપી સમુદ્રમાં પડ્યો છું. તેમાંથી નીકળવાનો કોઈ ઉપાય મને સૂઝતો નથી.' આ પ્રમાણે વિચારતો તે અતિ કષ્ટપૂર્વક જન્મે છે, પણ જન્મતાંની સાથે જ વૈષ્ણવી વાયુ-માયાનો સ્પર્શ થતાં જ તે પૂર્વ જન્મો અને મૃત્યુઓને ભૂલી જાય છે. આ દુષ્કર સંસાર અને દુસ્તર જીવનમાં જીવને સુખ-શાંતિ આપી શકે છે બે જ બાબતો: ગુરુકરુણા અને ઈશ્વરકૃપા.

અશુચિ:

આ શરીર લોહી, માંસ, પરું, મળ, મૂત્ર, પ્રસ્વેદ, શ્લેષ્મ (લાળ-ગળફો) વગેરે ગંદકીનો ગાડવો છે. અનેક પ્રકારની અશુદ્ધિઓથી ભરેલું હોવાથી અશુચિ છે. આવા અશુચિ કે અપવિત્ર અને વળી નાશવંત શરીર ઉપર મોહ કરવા જેવો કે આસક્ત થવા જેવું નથી. આ શરીર તો માતાપિતાના મેલમાંથી ઉત્પન્ન થયેલું છે. એ અપવિત્ર હોવાને કારણે દિવ્યાત્મા જ્યારે આ શરીરમાં આવે છે ત્યારે એને સુખદુઃખ વેઠવા પડે છે. ખરું જોઈએ તો આ શરીર તો અમર આત્માનું માત્ર રહેઠાણ છે. આ શરીર તો નામરૂપયુક્ત હોઈ નાશવંત છે. એ મરણ પામનાર છે. મૃત્યુ આ શરીર પર ટાંપીને બેઠેલું છે. કહો કે શરીરરૂપી છાલકોચલામાં મૃત્યુનો દાણો પોષાતો રહે છે. બે આંખ, બે કાન, બે નસકોરાં, એક મુખ, ગુહ્યેન્દ્રિય, ગુદા, નાભિ અને બ્રહ્મરંધ્ર જેવા અગિયાર દરવાજાવાળા શરીરમાં આત્મા તો કેદ થયેલો છે. એ શરીરમાંથી છૂટો થઈને મુક્ત થાય છે. તેથી જ્ઞાની લોકો મૃત્યુનો શોક કરતા નથી. વાસ્તવમાં સંસારની માફક સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ – એમ ત્રણેય શરીરો અસત્ છે. તેથી તેનો મોહ કે તેની આસક્તિ રાખવાની હોય નહિ.

એકત્વ:

માણસ એકલો જ જન્મે છે અને એકલો જ મરે છે. કોઈ પણ હાલતમાં એનું કોઈ સાથી નથી. એ રીતે વિચારવું તે એકત્વ ભાવના છે. આવી ભાવનાથી માણસ સ્વાવલંબી અને અનાસક્ત બને. એનો અર્થ એ નથી કે માણસ સ્વાર્થી બની બીજાનું શોષણ કરતો રહે. સૌ એકલા છે, માટે કોઈ અસહાય હાલતમાં દુઃખી ન થાય એ માટે સૌમાં એકજ તત્ત્વનો વિલાસ જોઈ, એની સાથે એકત્વ સાધવું, સખ્ય અને સૌહાર્દના ગુણો વિકસાવી અશાંત સંસારમાં સુખશાંતિ પ્રવર્તાવા મથવું. જીવન એટલે જ સંબંધોનું જાળું. એ સંબંધોમાં અનાસકત રહી, સ્વાવલંબી તથા પરગજુ બનવાની વાતનું સૂચન આ ભાવનામાં છે.

સંસાર :

મનુષ્ય હંમેશાં સંસારલુબ્ધ રહે છે. સંસારી પોતાનું આખું જીવન સંપત્તિ અને સંતતિ મેળવવામાં અને એને સંભાળવામાં પૂરું કરે છે. માણસ વિદ્યા, ધન કે પદની લાલસાથી પીડાય છે અને ક્ષુદ્ર સાંસારિક વિષયોનો આનંદ મેળવવા મથે છે. સંસારનાં બધાં સુખો–માન, પદ, પ્રતિષ્ઠા, વિદ્યા, જ્ઞાન, યૌવન – બધાંને અંતે પણ માણસને એક ખાલીપો પીડે છે. એ અલ્પમાં રાચે છે; એને ભૂમાનો સ્પર્શ નથી હોતો. ભૂમાનો સ્પર્શ ન હોય તો સંસાર મોળો અને ફિક્કો લાગે. સંસારની ભોગવાસના વિષયુક્ત લાડુ જેવી છે. એ ખાય તે પણ પસ્તાય છે અને ન ખાય તે પણ પસ્તાય છે. સંસાર તો દુઃખનો દરિયો છે. તે તપેલી રેતીની માફક માણસોને બાળે-દઝાડે છે. માનવી અનેક જન્મોથી આ સંસારમાં સુખ શોધે છે, પણ તેને ક્યાંયથી સાચું શાશ્વત સુખ મળતું નથી. સંસારમાં સુખ નથી એ સમજવા છતાં આપણે એમાંથી સુખ શોધવાનો મિથ્યા પ્રયત્ન કરીએ છીએ. પરંતુ જે ક્ષણે એને ખ્યાલ આવે છે કે આ સંસારમાં એકઠાં કરેલ જ્ઞાન, વૈભવ કે સંપત્તિ કશું પોતાની સાથે આવવાનું નથી, ત્યારે તેને આ સંસાર મિથ્યા લાગે છે, અસાર લાગે છે. સંસાર વિધ્વંસક અને મારક લાગે છે. આવી સમજ ખીલતાં સંસાર છોડવાની જરૂર નથી પડતી, તે આપોઆપ છૂટી જાય છે. એને સમજાઈ જાય છે કે સંસારને પકડી રાખવામાં તો દુઃખ જ દુઃખ છે, સાચું સુખ અનંતને શરણે જવામાં છે. સાર ભગવાન છે, અસાર સંસાર છે. પણ સંસાર છોડવાની જરૂર નથી. ચિત્ત ભગવાનમાં રહે અને શરીર સંસારના કાર્યો કરે, એમ થવું જરૂરી છે, સંસારમાં આસક્તિ ન રાખવી અને સંસાર ચલાવવો તે સૌથી શ્રેષ્ઠ.

આસક્તિ:

માયા, અજ્ઞાન અને અહંકારને કારણે જીવ સંસારની આસક્તિઓમાં ફસાય છે. સંસારમાં દરેક જણ પ્રેમ જ કરે છે. કોઈ દેહને પ્રેમ કરે છે, કોઈ પ્રતિષ્ઠાને, કોઈ પૈસાને, કોઈ સત્તાને, કોઈ સ્ત્રી-બાળકોને. આ સાંસારિક પ્રેમ એટલે આસક્તિ. એને આપણે મોહ કે લાલસા પણ કહી શકીએ. માણસે પોતાના ચિત્તનો અમુક ભાગ વસ્તુઓમાં, અમુક વ્યક્તિઓમાં, અમુક ભાગ પદ-પ્રતિષ્ઠામાં આસક્ત થઈને રોક્યો હોય છે. થોડો ભાગ ભગવાનને પણ અર્પણ કર્યો હોય છે. તેનો અર્થ એ થયો કે આપણી ચેતના ખંડખંડ થઈ વિખરાયેલી રહે છે. આપણી વૃત્તિઓ અનિષ્ટોમાં રમમાણ રહે તેને જ આસક્તિ કહેવાય. ઈચ્છાઓ, વાસનાઓ, કામનાઓ, લાલસાઓ, લિપ્સાઓ, એષણાઓ, અભિલાષાઓ અને મહત્ત્વાકાંક્ષાઓવાળી આવી અનિષ્ટ વૃત્તિઓ

યુવાન, પ્રૌઢ, વૃદ્ધ, સંન્યાસી સૌમાં રહેલી હોય છે. આસક્તિની ભીંસ અને પકડમાંથી મુક્ત થવા માણસે શરીર, સંસાર, કંચન, કામિની વગેરેના મોહમાંથી છૂટવું જોઈએ. નાદાન મનુષ્યો જ બહારના ભોગોની સ્પૃહા રાખે છે અને મૃત્યુના બંધનમાં જકડાય છે. પરંતુ બુદ્ધિમાન મનુષ્યો અમરપણું શું છે એ જાણે છે અને અહીંની અનિત્ય વસ્તુ-વ્યક્તિઓની કદી પણ સ્પૃહા રાખતા નથી.

કર્મબંધન અને કર્મક્ષય :

કર્મ એટલે ઈન્દ્રિયો વડે કરાતી ક્રિયાઓ. કર્તાપણા અને ભોક્તાપણાના અભિમાનને કારણે એ બંધનરૂપ બને છે. જન્મ અને જીવનનિર્વાહ વગેરેમાં કારણરૂપ એવા આ કર્મોના નિત્ય, નૈમિત્તિક, પ્રારબ્ધદત્ત અને આપાત્‌કાલીન જેવા અનેક પ્રકારો છે. જેઓ માત્ર અવિદ્યારૂપ કર્મની ઉપાસના કરે છે, એટલે કે, જેઓ કર્મમાં જ રચ્યાપચ્યા રહે છે તેઓ ગાઢ અંધારામાં જ જાય છે અને જેમને માત્ર વિદ્યામાં જ રસ પડે છે તેઓ તો જાણે કે તેથી પણ વધારે ગાઢ અંધારામાં ઊતરે છે. પરમતત્ત્વ તો વિદ્યા એટલે જ્ઞાન અને અવિદ્યા એટલે કર્મથી પણ ભિન્ન છે. જેઓ અવિદ્યારૂપ કર્મ અને વિદ્યારૂપ જ્ઞાન બંનેને એકીસાથે જાણે છે તે અમરપણું પામે છે. પોતાના ભલાને માટે જે લૌકિક કર્મો શુભ કર્મો કરીએ છીએ તે ઈષ્ટ કર્મો અને બીજા લોકોના ભલા માટે જે લૌકિક શુભ કર્મો કરીએ છીએ તે આપૂર્ત કર્મોને શ્રેષ્ઠ માનનારા મૂઢોને તે કર્મો સિવાય બીજું કાંઈ શ્રેય દેખાતું નથી. મનુષ્ય કર્મનો આરંભ કર્યા સિવાય સિદ્ધિ મેળવતો નથી, તેમ કર્મોનો ત્યાગ કરવાથી પણ તેને સિદ્ધિ મળતી નથી. આ માનવલોકમાં સૌએ નિષ્કામભાવે પોતાના કર્મોનું પાલન કરવું જોઈએ. મનુષ્યને કર્મો કરવાની સ્વતંત્રતા છે, પણ તેના દરેક કર્મોનું ફળ એને મળતું હોય છે. માટે તેણે પોતાની વિવેકબુદ્ધિ વાપરી ઉચિત કર્મો કરવાં જોઈએ અને એ પણ નિષ્કામ ભાવે કરવાં જોઈએ. કર્મોથી ઊભાં થતાં બંધનોથી બચવાના બે ઉપાયો છે (૧) કર્મતત્ત્વને જાણવું (૨) કર્મના તાત્ત્વિક રહસ્યને પિછાણવું. જેનાં બધાં કર્મો સંકલ્પ અને કામનાથી રહિત હોય છે, તેનાં બધાં કર્મો બળી જાય છે. જે માત્ર કર્તવ્યની પરંપરાને જાળવી રાખવા માટે અને માત્ર શરીરના નિર્વાહ માટે જ કર્મ કરે છે તથા જે કર્મોની સિદ્ધિ-અસિદ્ધિમાં સમતા રાખે છે, તે મનુષ્ય કર્મના બંધનથી રહિત બને છે.

માયા :

માયાનો સાદો અર્થ છે મમતા, સ્નેહ. આ સંસાર માયાવી છે. એમાં માણસને ધનદોલતની, ઘરખેતરની, બોલમોલની, કંચન કામિનીની, પ્રજાતંતુની અને નૈસર્ગિક સૌંદર્યની માયા થઈ જાય છે. માયા મોટી નટી હોવાથી માણસને લલચાવનારાં અનેક રૂપો ધરે છે. માણસ એવા અસ્થાયી સત્યો અને સૌંદર્યો પાછળ પાગલ બને છે. પરિણામે જીવનનું સાચું ધ્યેય ચૂકી જાય છે. મૃગની જેમ એ મૃગજળની પાછળ દોટ મૂકે છે, પણ કશું પ્રાપ્ત થતું નથી. માયાવી સંસારમાં એ ખત્તા ખાય છે, ખુવાર થઈ દુઃખી થઈ જાય છે. આ માયામાંથી ઉગરવા, એની અસરમાંથી મુક્ત થવા માણસે માયાપતિ ઈશ્વરનું શરણું લેવું જરૂરી છે.

સત્સંગ :

ભગવાન પર પ્રેમ શ્રદ્ધા, સત્સંગ અને નામસ્મરણથી આવે છે. આચારનું બીજ વિચાર છે. વિચાર જો શુદ્ધ હશે તો આચાર પણ શુદ્ધ થશે. તેને માટે સત્સંગ રાખવો જોઇએ. જીવનમાં સત્સંગ અને સ્વાધ્યાયનું જોર અને સાતત્ય રાખવું જોઈએ. સજ્જનોનો સંગ અને સદ્‌ગ્રંથોનો સદભિસંગ એટલે સત્સંગ. માણસે સહવાસ સારા અને સત્સંગી માણસોનો રાખવો જોઈએ. સત્સંગમાં દરેક વ્યક્તિ સમાન હોય છે. તેમાં કોઈ કોઈને બોધ આપતું નથી, કારણ કે કોઈ પૂર્ણ હોતું નથી. સત્સંગમાં બધાં જ સાથે મળીને સાધન ભજન, ધૂન-કીર્તન કરે છે. કોઈ કોઈને જેમ સાધુ-સંતના સમાગમથી જાગૃતિ આવે છે, તેમ કોઈ કોઈને સત્સંગથી પણ એ આવે છે. સારો સહવાસ ન મળે તો માણસે સદ્‌ગ્રંથોનું સેવન રાખવું જોઈએ. સદ્‌ગ્રંથોનો સ્વાધ્યાય આપણી સાધનાને પ્રેરણા આપી એને ભગવાન નામસ્મરણ સાથે જોડી દે છે. તેથી સાધકનો અહંકાર નામશેષ થઈ જાય છે અને એનામાં સચરાચર વિશ્વ, જીવજંતુ, પશુપંખી–બધાં ઉપર સમાન ભાવ ઉત્પન્ન થાય છે. સત્સંગનો અને સ્વાધ્યાયનો મહિમા અપાર છે. તે સમગ્ર જીવન ઉપર અસર કરે છે. તે આપણને આ ભૌતિકવિશ્વના ગુરુત્વાકર્ષણમાંથી મુક્ત કરી ચિદાકાશના ઊર્ધ્વાકર્ષણમાં દોરી જાય છે.

બોધિદુર્લભત્વ :

સત્સંગથી મન નિઃસંગ (અનાસક્ત) થાય છે. નિસંગતતા માણસને નિર્મોહી બનાવે છે. નિર્મોહી સ્વ-સ્વરૂપમાં સ્થિર થાય છે ત્યારે તેને અવિચળ સત્ય લાધે છે. અનેક જન્મોનાં પુણ્યો અને પવિત્ર સંસ્કારો હોય તો જ આ અવિચળ સત્યને રસ્તે જવાય છે. સત્સંગ અને સ્વાધ્યાયથી જાગૃત થઈ ગયેલો સાધક ઈન્દ્રિયો અને મનનું નિયમન કરી, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ દ્વારા અથવા અહર્નિશ નામસ્મરણ અને જપ દ્વારા ષડરિપુઓને જીતે છે, અહંકાર અને પરિગ્રહનો ત્યાગ કરે છે, દ્વૈત બુદ્ધિ છોડી અદ્વૈતમાં રાચે છે, સમદર્શન કરે છે. અજ્ઞાનનો નાશ થતાં, સાચા જ્ઞાનનો ઉદય થતાં માણસની વાસનાઓનો ક્ષય થાય છે, મનનો નાશ થાય છે, ચિત્તવૃત્તિઓનો નિરોધ થાય છે અને તે આત્મદર્શન અને આત્મસિદ્ધિ પ્રાપ્ત કરે

(વધુ માટે જુઓ અનુસંધાન પૃષ્ઠ ૧૧૯)

ભગવદ્ગીતા સંદર્ભે બાર ભાવના

☐ નિરંજન એમ. પંડ્યા

[અર્થશાસ્ત્રમાં પીએચ.ડી. ૨૦૦૧માં મ. સ. યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિષયના પ્રોફેસર અને અધ્યક્ષ તરીકે નિવૃત્તિ. અત્યારે ગ્રાહકોના શિક્ષણ અને રક્ષણ માટે કામ કરતી સંસ્થામાં કાર્યરત છે. એક સહકારી બેંકમાં ચેરમેન છે.]

જૈન દર્શન પ્રમાણે 'જેનાથી આત્માને ભાવિત કરવો જોઈએ અને જેમાં આત્માના પ્રશસ્ત ભાવો પ્રગટ થાય તે ભાવના. જેમાં સદાય મન રાખવું, ચિંતન કરવું, શુભ ચિંતવના કરવી તે ભાવના. આવા ગહન અર્થ સાથેની બાર ભાવનાની વાત જૈન દર્શનમાં કરવામાં આવી છે. આમાંની પહેલી ભાવના 'અનિત્ય ભાવના' છે. એમાં કહેવાયું છે કે આત્મા સિવાય કોઈપણ અન્ય વસ્તુ કાયમી નથી. એટલે કે, આપણું શરીર, ઇંદ્રિયો, વૈભવ એમ બધું જ અનિત્ય એટલે નાશવંત છે. બીજી રીતે કહીએ તો ઉપભોગનાં બધાં જ સાધનો પાણીના પરપોટાની જેમ ક્ષણભંગુર છે, માટે આ શરીર, સર્વ ઇંદ્રિયો, ઉપભોગની બધી જ વસ્તુઓ તરફ મમતા અને આસક્તિ રાખવી, એ અજ્ઞાન છે. આ જ વિચાર થોડીક બીજી રીતે 'અન્યત્વ ભાવના' દ્વારા વ્યક્ત થયો છે. એમ સમજાવવામાં આવ્યું છે કે શરીર અને ઇંદ્રિયોથી આત્માની ભિન્નતાનું ચિંતન કરવું. શરીર અનિત્ય છે, હું (આત્મા) નિત્ય છું, શરીર અજ્ઞાનમય છે જ્યારે આત્મા જ્ઞાનવંત છે. આમ જે શરીરને આપણે ખૂબ વહાલ કરીએ છીએ અને અનેક રીતે શણગારીએ છીએ તેનાથી આત્મા ભિન્ન છે, તે જ પ્રમાણે ઈન્દ્રિયોથી પણ આત્મા ભિન્ન છે એમ સમજાય તો માનવ જીવનનો સાચો મર્મ પકડી શકાય.

હવે આ સમજણ પડવાનું કામ સરળ નથી માટે શાસ્ત્રોના વાચન-મનન દ્વારા અને સંતોના સમાગમ દ્વારા આ સમજણ કેળવાય તો શરીર, ઇંદ્રિયો સહિત અન્ય નાશવંત પદાર્થોમાંથી આસક્તિ ઓછી થતી જાય અને મનની શાંતિ પ્રાપ્ત થાય. આ બે ભાવના ઉપરાંત અન્ય દસ ભાવના પર સતત ચિંતન કરતાં અને નિષ્કામ ભાવે કામ કરતાં કરતાં, ગીતામાં જેને સ્વધર્મ કહેવામાં આવ્યો છે તેનું ભક્તિપૂર્વક આચરણ કરતાં મનુષ્ય મોક્ષમાર્ગનો યાત્રી બની શકે.

આમ જૈન ધર્મની બાર ભાવનાનું વાચન કરીને ઊંડી સમજણ મેળવવાનો પ્રયત્ન કરીએ તો એક વિચાર જે તરત આપણા માનસ પટ પર આવે તે ભગવદ્ગીતામાં પ્રબોધાયેલું અને આદિ શંકરાચાર્ય દ્વારા વિસ્તૃત રીતે સમજાવાયેલું અદ્વૈત તત્ત્વચિંતન. આ તત્ત્વચિંતન નીચેના શ્લોક દ્વારા વ્યક્ત થયેલું છે.

श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थकोटिभिः ।
ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः ।।

(કરોડો ગ્રંથો દ્વારા જે ચિંતન વ્યક્ત થયું છે, કહેવાયું છે તે હું અડધા શ્લોક દ્વારા કહું છું, બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે, જીવ એ જ બ્રહ્મ છે અને એનાથી જુદો–અપર–નથી).

જીવ અને બ્રહ્મ (જે માટે ભગવદ્ગીતામાં તેમજ અન્ય ગ્રંથોમાં આત્મા શબ્દ પણ વપરાયો છે) બંને એક જ છે, એક બીજાથી જુદા નથી એટલે કે બંને વચ્ચે અદ્વૈત છે. આમ હોવાથી આ સમગ્ર તત્ત્વચિંતનને અદ્વૈત તત્ત્વચિંતન કહેવામાં આવ્યું છે. પરંતુ સામાન્ય મનુષ્યોને માટે આ સમજવું મુશ્કેલ છે કારણ કે એમને એમ લાગે છે કે પોતાનામાં ઘણી બધી ઉણપો છે, ખામીઓ છે. આ દૃષ્ટિએ તેઓ અપૂર્ણ છે જ્યારે બ્રહ્મ અથવા આત્મા એ સંપૂર્ણ રીતે પૂર્ણ છે, નિત્ય છે, શાશ્વત છે. આ જટીલ વિચારને એવી રીતે સમજાવવામાં આવ્યો છે કે સર્વ મનુષ્યોમાં એક જ આત્મા વિલસી રહ્યો છે માટે બધાં વચ્ચે એકત્વ છે. શંકરાચાર્યના શિષ્યોએ એમના જવાના માર્ગ પરથી એક ચાંડાલને ખસી જવાનું કહ્યું ત્યારે એણે ના પાડી. પછી શંકરાચાર્ય જાતે એની પાસે આવીને ઊભા ત્યારે આ જ અદ્વૈત તત્ત્વચિતંનને આધાર બનાવીને એણે પૂછ્યું કે તમારા અને મારામાં એક જ સનાતન, અવિનાશી તત્ત્વ રહેલું છે તો પછી તમે અને તમારા શિષ્યો મારી સાથે ભેદભાવયુક્ત વર્તન કેવી રીતે કરી શકો? શંકરાચાર્યે તરત જ, ક્ષણના વિલંબ વિના પોતાની ભૂલ સુધારી લીધી, એ સ્થળ પર જ ભગવાન શંકરની સ્તુતિ કરતા, અદ્વૈત ચિંતનનું અને (તે દ્વારા) ચાંડાલની દલીલનું સમર્થન કરતા પાંચ શ્લોકોની રચના કરી જેને માત્ર શાંકરદર્શનના જ નહીં પરંતુ સંસ્કૃત સાહિત્યના મહત્ત્વના પ્રદાન તરીકે ગણવામાં આવે છે. આમ શંકરાચાર્ય તેમજ ઘણા યોગીઓ માટે આ સમજણ સહજ છે. પરંતુ સામાન્ય મનુષ્યોને માટે આ કઠણ છે. માટે એમ કહેવાયું છે કે મનુષ્ય જયારે ઉપાસના કરે છે ત્યારે પોતે પૂર્ણ પુરુષોત્તમની સરખામણીમાં અપૂર્ણ છે અને પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે સતત ઉપાસના આવશ્યક છે. શંકરાચાર્ય જ્ઞાનપ્રધાન યોગી હતા અને જ્ઞાનની શુષ્ક વાતોથી પોતાનું અમૂલ્ય તત્ત્વચિંતન સામાન્ય મનુષ્યોને સમજવામાં મુશ્કેલી પડશે એમ સમજીને એમણે કેટલાંક અદ્ભુત હૃદયંગમ સ્તોત્રોની રચના કરી છે, જે મુખ્યત્વે ભાવપ્રધાન કે ભક્તિપ્રધાન છે. માત્ર જ્ઞાનમાર્ગી જ ઈશ્વર પ્રાપ્ત કરી શકે તેવું નથી. મહાત્મા ગાંધી જેવા કર્મનો માર્ગ પકડીને સાધના કરનારા અને મીરાબાઈ તેમજ નરસિંહ મહેતા જેવા અનન્ય ભક્તોને પણ પરમ તત્ત્વનો સાક્ષાત્કાર થઈ શકે છે એમ ભગવદ્ગીતામાં સમજાવાયું છે.

ગીતાના બીજા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ તત્ત્વચિંતનના ત્રણ મહાન સિદ્ધાંતો સમજાવે છે. જીવનના આ મૂળ તત્ત્વો મનુષ્ય એક વાર સમજી લે પછી આગળનો માર્ગ સરળ બની જાય.

(૧) આત્મા અમર, અખંડ અને શાશ્વત છે. (૨) દેહ ક્ષુદ્ર અને નાશવંત છે અને (૩) આપણો સ્વધર્મ આબાધ્ય છે. આ સ્વધર્મનો સિદ્ધાંત આપણે સૌને માટે કર્તવ્યરૂપ છે અને વ્યવસ્થિત રીતે આચરણમાં મૂકવાનો છે. બાકીના બે સિદ્ધાંતો અદ્વૈત ચિંતનના પાયામાં રહેલા છે અને જ્ઞાન પ્રાપ્ત કરીને સમજવાના છે.

હવે પહેલાં સ્વધર્મની વાત. સ્વધર્મ આપણને સૌને કુદરતી રીતે મળે છે. એના વિના આપણે માટે બીજો કોઈ આધાર કે આશ્રય નથી. સ્વધર્મને ટાળવો એ સ્વથી દૂર ખસી જવા જેવું છે. સ્વધર્મના આચરણમાં બાધા રૂપ મોહનાં અનેક બાહ્ય રૂપો છે. એ બધાંનાં મૂળમાં અત્યંત સંકુચિત એવી દેહબુદ્ધિ છે. મારી સાથે શરીર સંબંધે સંકળાયેલાં અને મારા સ્વાર્થ માટે જેમની સાથે હું સંકળાયેલો છું તેટલા જ મારા છે અને બાકીના બધા પારકા છે એવા સાંકડા વાડાઓમાં આપણે ગૂંચવાઈ ગયા છીએ. આને લીધે અનેક પ્રકારના વિરોધાભાસો તથા સંઘર્ષો ઊભા થાય છે. આમ કરવાથી આપણે જુદી જુદી જ્ઞાતિઓ, ધર્મો અને દેશોમાં વહેંચાઈ ગયા છીએ. જેમ જે કુટુંબમાં આપણે જન્મ્યા તેની સેવા કરવાનો સ્વધર્મ દરેકને જન્મથી જ મળે છે. તે જ પ્રમાણે આપણા બૃહદ્ સમાજની દરેક વ્યક્તિના સુખ માટે આપણી ઈશ્વરદત્ત શક્તિઓ મુજબ કામ કરવાનો મારો સ્વધર્મ બને છે. સંકુચિત રાજકીય અને આર્થિક સ્વાર્થ માટે લડતા ઝઘડતા રહેતા વિશ્વમાં સ્વધર્મરૂપી તંદુરસ્તીનો નાશ થાય છે. વિદ્યાર્થીનો સ્વધર્મ નિષ્ઠાપૂર્વક અભ્યાસ કરવાનો, તે જ પ્રમાણે શિક્ષકનો સ્વધર્મ નિષ્ઠાપૂર્વક શિક્ષણ અને સંસ્કાર આપવાનો, ડૉક્ટર, વકીલ, રાજ્યકર્તા સૌને પોતપોતાનો સ્વધર્મ મળેલો છે. આમ ન થતાં આખો સમાજ અસ્વસ્થ અને અસમતોલ બને છે, જે આજે આપણે સૌ અનુભવી રહ્યા છીએ. સ્વધર્મ અંગેના ગૂંચવાડામાંથી બહાર નીકળવા માટે ભગવદ્ગીતામાં બીજા બે સિદ્ધાંતોની ચર્ચા કરવામાં આવી છે તેની સાંગોપાંગ સમજણ મેળવી લેવી જરૂરી છે. જગત મિથ્યા છે, પરિવર્તનશીલ છે અને તે જ પ્રમાણે એનામાં રહેતા સર્વ પદાર્થો, આપણું શરીર વગેરે નાશવંત છે એમ કહ્યા પછી આ બધાંને ધારણ કરનારો આત્મા અખંડ અને અવિનાશી છે. આ ત્રણે સિદ્ધાંતો સાથે મળીને ભગવદ્ગીતાનું એક સંપૂર્ણ તત્ત્વજ્ઞાન બને છે.

આપણો આ દેહ ક્ષણે ક્ષણે બદલાયા કરે છે. આપણે સૌ બાળપણ, યૌવન અને વૃદ્ધાવસ્થાનું ચક્ર સતત જોયા કરીએ છીએ અને અનુભવીએ પણ છીએ. માટે જ ભગવદ્ગીતા સમજાવે છે કે દેહનો નાશ એ શોક કરવા જેવી વસ્તુ નથી.

वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि।
तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही।।

(અધ્યાય-૨, ૨૨)

જેવી રીતે મનુષ્ય જૂનાં વસ્ત્રો તજીને નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેવી રીતે આત્મા વૃદ્ધ તથા નકામાં શરીરો તજીને નવાં ભૌતિક શરીર ધારણ કરે છે.

હવે આત્માના અમરત્વ અને અખંડપણા અંગેની સમજણ આપતો શ્લોક જોઇએ.

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा भविता वा न भूयः ।
अजो नित्यः शाश्वतोऽयं पुराणो न हन्यते हन्यमाने शरीरे।।

(અધ્યાય-૨, ૨૦)

આત્મા માટે કોઈપણ વખતે જન્મ નથી અને મરણ પણ નથી. તે ક્યારેય જન્મ્યો ન હતો, જન્મ લેતો નથી અને જન્મવાનો પણ નથી. તે અજન્મા, સનાતન, ચિરસ્થાયી તથા પુરાતન છે. જ્યારે શરીર હણાઈ જાય છે ત્યારે પણ તે (આત્મા) હણાતો નથી.

અને હવે આત્માના અવિનાશીપણા માટેનો ખૂબ જાણીતો શ્લોક–

नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ।।

(અધ્યાય-૨, ૨૩)

આ આત્માને કોઈપણ શસ્ત્રથી છેદી શકાતો નથી. અગ્નિથી બાળી શકાતો નથી, પાણીથી ભીંજવી શકાતો નથી કે પવનથી સૂકવી શકાતો નથી.

જન્મ મરણનું ચક્ર સદૈવ ચાલતું રહે છે અને આ નિવારી શકાય એવું નથી.

जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शौचितुमर्हसि ।।

(અધ્યાય-૨, ૨૭)

જેણે જન્મ લીધો છે તેનું મૃત્યુ નિશ્ચિત છે અને મૃત્યુ પછી તેનો પુનર્જન્મ પણ નિશ્ચિત છે. માટે જે નિવારી ન શકાય એવાં તારાં કર્તવ્ય-કર્મ અંગે તું શોક કરે તે યોગ્ય નથી.

આ તત્ત્વજ્ઞાન જેનામાં આત્મસાત્ થયું હોય તેને ભગવાન શ્રીકૃષ્ણ સ્થિતપ્રજ્ઞ કહે છે. ભગવદ્ગીતાના બીજા અધ્યાયના પાછળના અઢાર શ્લોકોમાં આવા મનુષ્યનું ઉદાત્ત અને લોકોત્તર ચરિત્રનું વર્ણન કરવામાં આવ્યું છે. ભગવદ્ગીતા પર ઊંડા અભ્યાસયુક્ત ભાષ્યકારો એમ કહે છે કે આ અઢાર શ્લોકોમાં ગીતાના અઢાર અધ્યાયનો સાર આપી દેવામાં આવ્યો છે.

સ્થિતપ્રજ્ઞ એટલે સ્થિર બુદ્ધિવાળો મનુષ્ય. પણ એ માટે ઈંદ્રિયોનો સંયમ જોઈએ. સંયમનો અર્થ ગીતાકાર એવો કરે છે કે બુદ્ધિ આત્મનિષ્ઠ અને આંતરબાહ્ય બધી જ ઈંદ્રિયો બુદ્ધિના તાબામાં. આમ હોવાથી સ્થિતપ્રજ્ઞ મનુષ્ય બધી ઈન્દ્રિયોને સંયમમાં રાખીને ફળત્યાગની સમજણ સાથે કર્મમાં રોકે છે. સ્થિતપ્રજ્ઞની ઓળખાણ આપતા આ ઉત્તમ અઢાર શ્લોકોમાંથી નીચેના બે દ્વારા એને સમજીએ.

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते।।

(અધ્યાય-૨, ૫૬)

જે મનુષ્ય, ત્રિવિધ સંતાપોમાં પણ મનમાં વિચલિત થતો નથી અથવા સુખ પામી રાજી થતો નથી અને જે આસક્તિ, ભય અને ક્રોધથી મુક્ત છે, તે સ્થિર મનવાળો મુનિ કહેવાય છે.

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्य शुभाशुभम्।
नाभिनन्दति न द्वेष्टि तस्य प्रज्ञा प्रतिष्ठिता ।।

(અધ્યાય-૨, ૫૭)

જે મનુષ્ય આસક્તિથી રહિત છે, જે શુભ પામી હરખાતો નથી તેમજ અશુભ પામી શોક કરતો નથી, તે પૂર્ણ જ્ઞાનમાં દૃઢપણે સ્થિર થયેલો છે.

ભગવદ્‌ગીતામાં સમજાવાયેલા ત્રણ મહાન સિદ્ધાંતોની સંપૂર્ણ સમજણ ભગવાન શ્રીકૃષ્ણે બીજા અધ્યાયમાં કરી છે. ગીતાશાસ્ત્ર બીજા અધ્યાયમાં જાણે કે પૂરું થયું. બાકીના સોળ અધ્યાયોમાં આ વિચારોનો વિસ્તાર કરવામાં આવ્યો છે, એટલા માટે કેટલા ભાષ્યકારો બીજા અધ્યાયને એકાધ્યાયી ગીતા કહે છે.

ગૌતમ બુદ્ધે પોતાનું મૃત્યુ હવે નજીક છે એવું પોતાની આજુબાજુ બેઠેલા શિષ્યોને જણાવ્યું. એમાંનો એક આનંદ એમનો પ્રિય શિષ્ય હતો એ રડવા માંડ્યો. એટલે તથાગતે એને ઉદ્દેશીને કહ્યું કે આપણને જે વસ્તુઓ ખૂબ વહાલી હોય તેમનો એ સ્વભાવ જ છે કે એ એક દિવસ આપણને છોડી જશે. આ સાદી વાત (આમ તો મહાન સિદ્ધાંત છે) મેં તને જીવનભર સમજાવી તો પણ તારી સમજણ કાચી રહી ગઈ છે. માટે હવે મારી વિદાયની વેળાએ એને તું બરાબર સમજી લે, અને પછી આસપાસ બેઠેલા ભિખ્ખુઓને ઉદ્દેશીને કહ્યું – ઓ ભિખ્ખુઓ, હું હવે તમારી વિદાય લઉં છું. તમારી મુક્તિનો માર્ગ તમારે જાતે શોધી લેવાનો છે. (મારા પર ભરોસો રાખીને બેસી રહેશો નહીં.)

આપણું એક મોટું સદ્‌ભાગ્ય છે કે મનુષ્ય જીવનના ગૂઢ પ્રશ્નોની ચર્ચા આપણા દેશમાં સર્વોચ્ચ કોટિના યોગીઓ દ્વારા કરવામાં આવી છે અને તેમણે તેમના ઉદાત્ત આચરણ દ્વારા જીવનને ઉન્નત બનાવવાનો માર્ગ બતાવ્યો છે. ભગવાન મહાવીર, તથાગત બુદ્ધ અને ભગવાન શ્રીકૃષ્ણે મોહ અને આસક્તિમાંથી સમજપૂર્વક બહાર નીકળીને ફળત્યાગની સમજણ સાથે સમ્યક્ કર્મ કરવાનો માર્ગ બતાવ્યો છે. આ માર્ગ મુશ્કેલ છે પરંતુ અસંભવિત નથી એવી શ્રદ્ધા સાથે જીવન જીવવા જેવું છે–આપણા સ્વને માટે અને પરાર્થે. ✷ ✷ ✷

હિંદુ ધર્મદર્શનમાં બાર ભાવનાઓ

(અનુસંધાન પૃષ્ઠ ૧૧૯થી ચાલુ)

છે. આવું બોધિત્વ પ્રાપ્ત કરેલ મનુષ્ય યોગમાં મગ્ન હોય કે ભોગમાં, એકલો હોય કે સૌના સંગમાં હોય, પણ એનું ચિત્ત સતત બ્રહ્મમાં રમમાણ રહેતું હોવાથી તે સદૈવ સર્વત્ર પરમ આનંદમાં રહે છે.

મુક્તિ અને મોક્ષ :

સ્વ-સ્વરૂપમાં સ્થિરતાને મુક્તિ કહે છે. આવી મુક્તિ એટલે માત્ર દુઃખની નિવૃત્તિ જ નહિ, પણ પરમ આનંદની પ્રાપ્તિ પણ ખરી. આવી મુક્તિ પરમાત્મા સાથે સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય, સાયુજ્ય અને સાર્ષ્ટિ પ્રાપ્ત થવાથી મળે છે. જેને આતમજ્ઞાન દ્વારા સંચિત અને સંચીયમાન કર્મોનો નાશ કર્યો છે, પ્રારબ્ધ કર્મો ભોગવતાં જે સાંસારિક પ્રપંચમાં પડતો નથી, શોકમોહ જેને સતાવી શકતા નથી, સંસારનાં દુઃખો જેને સ્પર્શી શકતા નથી તેવો મુક્ત પુરુષ જીવનમુક્તિ પામેલો ગણાય. જીવન યુક્ત એટલે આ જીવનમાં જ, જીવતો હોવા છતાં, દેહ પડ્યો ન હોવા છતાં જીવનના રાગદ્વેષ, અહંતા-મમતાથી જેણે મુક્તિ મેળવી છે તે માણસ. આવા માણસ પોતાનાં કર્મોનો ભોગ પૂરો થતાં સ્થૂળ-સૂક્ષ્મ દેહ છોડે છે ત્યારે તેને વિદેહમુક્તિ કહે છે.

મોક્ષનો અર્થ જ છે, મોહને ખતમ કરવો. 'મો' એટલે મોહ અને 'ક્ષ' એટલે ક્ષય, મોહનો ક્ષય એટલે મોક્ષ. માણસને અનેક પ્રકારના મોહ હોય છે. એ બધા મોહમાંથી છુટકારો મેળવવો એટલે મોક્ષ. બીજી રીતે કહીએ તો જ્યારે મનુષ્યની, સત્‌ચિત્તઆનંદરૂપ આત્મા-પરમાત્મા સાથે એકતા પ્રસ્થાપિત થાય તેને મોક્ષ કહે છે. કર્મ ફળ આપે છે, યોગ સિદ્ધિ આપે છે, જ્ઞાન મોક્ષ આપે છે, ભક્તિ નિર્વાણ એટલે કે નિરંતર સખ્ય અને સૌહાર્દનું સુખ આપે છે.

હિંદુ ધર્મદર્શનમાં પણ આમ બાર ભાવનાઓ વિકસેલી છે. જૈન અને હિંદુ ધર્મના સંપ્રત્યયો આમ બાજુ બાજુમાં મૂકીને જોતાં બંનેમાં કેટલી સમાનતાઓ છે તેનો ખ્યાલ આવે છે. આ જ રીતે કર્મ, પુનર્જન્મ, પ્રારબ્ધ, પુરુષાર્થ જ્ઞાન વગેરે જેવા સંપ્રત્યયો પણ બાજુ બાજુમાં મૂકીને વિચારી શકાય તેમ છે. ✷ ✷ ✷

'કદંબ' બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, સૌરાષ્ટ્ર કોલોની પાસે, મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર. ફોન નં.: 02692-233750. સેલ નં.: 09727333000

જૈન દર્શન અને યોગદર્શનમાં ચાર ભાવના

☐ ડૉ. રશ્મિ ભેદા

જૈન દર્શન પ્રમાણે આત્માનું મહાનન્દમય મોક્ષ સાથે જે સંધાન અર્થાત્ યોજન કરાવે તે યોગ કહેવાય છે. યોગવિશારદ આચાર્ય હરિભદ્રસૂરિ યોગમાર્ગના ભેદને જણાવતાં 'યોગબિંદુ' ગ્રંથમાં કહે છે,

अध्यात्मं भावना ध्यानं समता वृत्तिसंक्षयः।

मोक्षेण योजनाद्योग एष श्रेष्ठा यशोत्तरम् ।।३१।। યોગબિંદુ

અર્થ : જે મોક્ષ સાથે જોડી આપે તે યોગ કહેવાય છે. અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિસંશય આ યોગમાર્ગના પાંચ અંગો છે.

યોગબિંદુ તેમજ ષોડશક ગ્રંથના આધારે આ પંચવિધ યોગનું નિરૂપણ કરેલું છે. પ્રથમ અંગ **અધ્યાત્મ** એટલે ઔચિત્યથી યુક્ત જીવનું જિનવચનાનુસાર થતું તત્ત્વચિંતન કે જે મૈત્રી આદિ ભાવનાઓથી સંયુત હોય તે અધ્યાત્મ છે. ઉચિત પ્રવૃત્તિથી અણુવ્રત કે મહાવ્રતથી યુક્ત જીવનું જિનાગમનને અવલંબીને થતું જીવાદિ પદાર્થોના સમૂહનું ચિંતન એ જ અધ્યાત્મ છે કે જે મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ ભાવનાથી યુક્ત છે. સર્વ જીવો વિશે મૈત્રીનું ચિંતન કરવું, પોતાનાથી અધિક ગુણી જીવો પ્રત્યે પ્રમોદનું ચિંતન કરવું. શારીરિક, માનસિક દુઃખોથી પીડાતા જીવો વિશે કરુણાનું ચિંતન કરવું, હિતશિક્ષા આપવા માટે અયોગ્ય એવા અતિરાગી અને અતિદ્વેષી જીવો વિશે માધ્યસ્થભાવનું ચિંતન કરવું એ અધ્યાત્મ છે.

(૧) મૈત્રી : બીજાના સુખની ઇચ્છા તે મૈત્રી કહેવાય છે. તે ચાર પ્રકારની છે.

(૧) ઉપકારી–પોતાના પર ઉપકાર કરનાર વિશે

(૨) સ્વજન–પોતાના પર ઉપકાર ન કરનાર હોવા છતાં પણ નાલપ્રતિબદ્ધ એવા માતા, પિતા, મામા, કાકા વગેરે સ્વજનો વિશે મૈત્રી. અહીં નાલપ્રતિબદ્ધ એટલે પેટની ડુંટીમાં જે નાળ હોય છે તે જેની સમાન હોય અર્થાત્ એક જ માતાની કુક્ષીએ જન્મેલા એવા કાકા, ફોઈ, માસી, મામા તથા તેનો જે વ્યક્તિ સાથે પરંપરા સંબંધ છે તે ભત્રીજા, ભાણીયા વગેરે તેમજ પૌત્ર, પૌત્રી, દોહિત્ર, દોહિત્રી.

(૩) સ્વાશ્રિત–પોતાના પૂર્વજોને આશ્રયીને રહેલી વ્યક્તિ કે પોતાને આશ્રિત થયેલી વ્યક્તિને વિશે મૈત્રી.

(૪) સર્વ જીવોને વિશે મૈત્રી–જેમાં કોઈ અપેક્ષા નથી તેવા સર્વ જીવો વિશે મૈત્રી.

(૨) કરુણા : બીજાના દુઃખને દૂર કરવાની ઈચ્છા, દુઃખનો પરિહાર કરવાની ઈચ્છા તે કરુણા છે. તેના ચાર પ્રકાર છે.

૧. મોહથી પ્રવર્તતી કરુણા–જેમ કે રોગી વ્યક્તિએ માંગેલ અપથ્ય વસ્તુના દાનની ઈચ્છા.

૨. દુઃખી જીવોને જોવાથી–દીન, હીન, ગરીબ વ્યક્તિને જોવાથી તે વ્યક્તિના દુઃખ દૂર કરવાની ઈચ્છા થાય, આહાર, વસ્ત્ર, શયન (પથારી), આસન વગેરે દુઃખી જીવોને આપવાથી તે કરુણા વ્યક્ત થાય છે.

૩. સંવેગ–સુખી એવા પણ પ્રીતિયુક્ત છદ્મસ્થ જીવોને મોક્ષે પહોંચાડવાની ઝંખનાથી, સાંસારિક દુઃખોથી બચાવવાની, છોડાવવાની ઈચ્છા થવી.

૪. સર્વજીવહિતથી યુક્ત–પ્રીતિનો સંબંધ ન હોય તેવા પણ બધા જીવો ઉપર સ્વભાવથી પ્રવર્તતી કરુણા જેમ કે કેવલજ્ઞાનીની જેમ મહામુની ભગવંતોને સર્વ જીવો ઉપર અનુગ્રહ કરવાનો ભાવ વર્તતો હોય છે. એવી તત્પરતા હોય છે તે કરુણાભાવનાનો ચોથો પ્રકાર છે.

૩. **મુદિતા :** સંતુષ્ટિ, પરિતોષ, આનંદ–આ ભાવનાના ચાર ભેદ છે.

૧. સુખમાત્રામાં–અપથ્ય આહાર કરવાથી થયેલી તૃપ્તિથી ઉત્પન્ન થયેલા સુખનું પરિણામ ખરાબ હોય છે. તે સુખ તત્કાલમાત્ર સારું દેખાય છે. વૈષયિક સુખ આવું હોય છે. પોતાના કે બીજાના, પરિણામે દારૂણ અને પ્રારંભે મનોહર લાગતા એવા વૈષયિક સુખમાં જે આનંદ થવો એ પ્રથમ પ્રકારની કનિષ્ઠ મુદિતા ભાવના છે.

૨. સદ્હેતુવાળા સુખમાં–જેનું કારણ સારું છે તેવા આ લોકના વિશિષ્ટ પ્રકારના સુખમાં આનંદની લાગણી પ્રસિદ્ધ એવા હિતકારી અને પરિમિત એવા આહારના વપરાશથી ઉત્પન્ન થયેલા સ્વાદિષ્ટ રસના આસ્વાદના સુખ સમાન એવા સુખને વિશે જે આનંદની લાગણી થાય તે મુદિતા ભાવનાનો ત્રીજો પ્રકાર છે.

૩. અવિચ્છિન્ન (સાનુબંધ સુખ)–અતૂટ સુખની પરંપરાથી દેવ અને મનુષ્યના જન્મમાં આ ભવ અને પરભવ સંબંધી કલ્યાણની પ્રાપ્તિસ્વરૂપ સાનુબંધ સુખને વિશે જે આનંદની લાગણી થાય તે.

૪. પ્રકૃષ્ટ સુખ–મોહનીય કર્મના ક્ષય વગેરેથી ઉત્પન્ન થયેલ સર્વજીવ સંબંધી અવ્યાબાધ સુખને વિશે પરિતોષ તે મુદિતા ભાવનાનો ચોથો પ્રકાર છે.

આમ ચાર પ્રકારની મુદિતા ભાવના છે. બીજાના ઉત્કર્ષ, અભ્યુદય, પુણ્યોદય, ગુણવૈભવ, ઉજ્જવળ ભવિષ્ય વગેરે જોઈને રાજી થવું એ પ્રમોદ ભાવના-મુદિતા કહેવાય છે.

૪. માધ્યસ્થ ભાવના (ઉપેક્ષા)–કરુણાથી, અનુબંધથી,

નિર્વેદથી તત્ત્વચિંતનથી ક્રમશઃ અહિતમાં, અનવસરે, અસાર સુખમાં અને સર્વત્ર ઉપેક્ષા કરવી તે માધ્યસ્થ ભાવના છે. આ ભાવનાના ચાર પ્રકાર છે-

૧. કરૂણા પ્રધાન–અહિતને વિશે જે ઉપેક્ષા કરૂણાથી થાય તે પ્રથમ ઉપેક્ષા ભાવના છે. જેમ કે 'રોગીને અપથ્ય ખાવા અટકાવીશ તો તેને દુઃખ થશે.' આવું વિચારી તેના પ્રત્યે આંખમીંચામણા કરી તેની ઉપેક્ષા કરવી.

૨. અનુબંધ પ્રધાન–ભવિષ્યમાં સાનુબંધ લાભ થવાનો હોય ત્યારે જે વ્યક્તિ પ્રવૃત્તિ કરનાર હોય અથવા વર્તમાનમાં પ્રવૃત્તિ કરવાથી વિશેષ લાભ ન જણાતો હોય ત્યારે અધિકારી વ્યક્તિ અનુબંધને લક્ષમાં રાખી ઉપેક્ષા કરે તે અનુબંધ પ્રધાન માધ્યસ્થ ભાવના છે. જેમ કે ભવિષ્યમાં ધંધો તેજીનો થવાનો હોય અને હાલમાં ધંધામાં મંદી હોય તો તેવી અવસ્થાને જાણનાર બુદ્ધિમાન માણસ ધંધામાં વર્તમાનકાળમાં આળસ કરનાર પોતાના મિત્રની ઉપેક્ષા કરે, મધ્યસ્થતા રાખે અથવા તો વર્તમાનમાં તપસાધનામાં આળસ કરનાર શિષ્ય ૪-૫ દિવસ પછી ઓળી કે શ્રેણીતપ વગેરે મોટી તપસ્યા કરવાનો છે એમ જાણીને ગુરુ વર્તમાનકાળે શિષ્યને નિત્ય એકાસણું કરવાની પ્રેરણા ન કરે.

૩. નિર્વેદ પ્રધાન–અનેક દુઃખમાં ઘેરાયેલ હોવાથી દુઃખ કરતા જેનામાં બીજો કોઈ તફાવત નથી એવા અસાર સાંસારિક સુખને વિશે નિર્વેદ અર્થાત્ વૈરાગ્ય છે.

૪. તત્ત્વપ્રધાન–'સારી કે નરસી તમામ વસ્તુઓ પરમાર્થથી રાગ-દ્વેષને ઉત્પન્ન કરનાર નથી પણ મોહનીય કર્મના લીધે ઉત્પન્ન થયેલા પોતાના સંક્લિષ્ટ પરિણામથી રાગ-દ્વેષ થાય છે,' આવી વિચારણા, ભાવના કરીને તમામ સંયોગોમાં પોતાના સિવાય કોઈ પણ પદાર્થમાં સુખકારણતા કે દુઃખકારણતા માનવી નહિ, તમામ પદાર્થો પ્રત્યે ઉદાસીનતા ધારણ કરવી તે ચોથો પ્રકાર છે.

આમ મૈત્રી વગેરે ચારેય વિશુદ્ધ પરિણામવાળા ભાવનાના અભ્યાસથી અધ્યાત્મનો લાભ નિર્વિઘ્ને થાય છે. અને અધ્યાત્મયોગના અભ્યાસથી ભવ્યાત્માને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયરૂપ ક્લિષ્ટ કર્મનો નાશ થાય છે. સત્ત્વ વધે છે. ચિત્તની સમાધિ પ્રાપ્ત થાય છે. આ અધ્યાત્મયોગ અમૃત સમાન છે. કારણ એ અતિ ભયંકર એવા મોહના વિષવિકારને દૂર કરે છે.

યોગદર્શન–હવે યોગદર્શનમાં આ ચાર ભાવનાઓ જોઈએ. 'પાતંજલિ યોગદર્શન'માં ચાર પાદ બતાવેલા છે. પ્રથમ 'સમાધિપાદ' છે જે ઉત્તમ અધિકારીઓ માટે છે. અહીં સંપ્રજ્ઞાત સમાધિ અને અસંપ્રજ્ઞાત સમાધિ એમ બંને પ્રકારની સમાધિનું નિરૂપણ કરેલું છે. સમાધિના ચાર પ્રકાર, તેના પ્રાપ્તિના ઉપાયો તથા ચિત્તની અવસ્થાઓનું વર્ણન છે. યોગનું લક્ષણ બતાવ્યું છે-

યોગશ્ચિત્તવૃત્તિ નિરોધઃ ।।૧-૨।। –પાતંજલ યોગસૂત્ર

ચિત્તની વૃત્તિઓનો નિરોધ કરવો એજ યોગ છે.

પ્રકૃતિના સત્ત્વ, રજસ્ અને તમસ્ એમ ત્રણ ગુણોમાંથી પ્રકાશ સ્વભાવવાળા સ્વચ્છ સત્ત્વ ગુણનો પરિણામવિશેષ તે ચિત્ત કહેવાય છે. એ ચિત્તના પરિણામોને વૃત્તિ કહેવાય છે. એ ચિત્તની વૃત્તિઓનો નિરોધ તે યોગ કહેવાય છે. નિરોધ એટલે વૃત્તિના અભાવવાળા ચિત્તની અવસ્થાવિશેષ. અવસ્થાના ભેદથી ચિત્ત પાંચ પ્રકારના થઈ શકે છે. ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત, એકાગ્ર અને નિરૂદ્ધ.

૧. ક્ષિપ્ત–રજોગુણની અધિકતા હોઈ ચિત્ત ચંચળ બનીને બધા વિષયોમાં દોડાદોડ કરતું હોય છે. કદી પણ સ્થિરતા પ્રાપ્ત કરી શકતું નથી.

૨. મૂઢ–તમોગુણપ્રધાન હોય છે. તેથી કૃત્યાકૃત્યને જાણતું નથી અને અધર્મ તેમજ આળસ, પ્રમાદ, ક્રોધ વગેરેમાં મગન હોય છે.

૩. વિક્ષિપ્ત–અહીં રજોગુણના લેશ સહિત સત્ત્વગુણ પ્રધાન હોય છે. આ ચિત્ર કોઈ વાર સ્થિર થાય છે. આ અવસ્થામાં પ્રાપ્ત કરેલા સુખના સાધનોમાં, ભોગમાં ચિત્ત તલ્લીન રહે છે.

૪. એકાગ્ર–અહીં ચિત્ત રજોગુણરૂપ અને તમોગુણરૂપ મેલથી રહિત સત્ત્વગુણ પ્રધાન હોય છે. એક જ વિષયમાં લાંબા સમય સુધી વાયુ વિનાના સ્થાનમાં રહેલ દીપકની જ્યોતની જેમ સ્થિર રહે છે. ચિત્ત પોતાના સ્વાભાવિક સ્વરૂપમાં સ્થિર થાય છે. આને જ સંપ્રજ્ઞાત યોગ અથવા સંપ્રજ્ઞાત સમાધિ પણ કહે છે.

૬. નિરૂદ્ધ–ચિત્તસત્ત્વની સમગ્ર વૃત્તિઓ પોતાનામાં લીન થઈ જાય છે ત્યારે તે વૃત્તિમાનના અભાવવાળું થયેલું ચિત્ત નિરુદ્ધ કહેવાય છે. આ અવસ્થાને અસંપ્રજ્ઞાત યોગ અથવા અસંપ્રજ્ઞાત સમાધિ પણ કહે છે.

આ પાંચ પ્રકારના ચિત્તથી ચિત્તસત્ત્વની પાંચ ભૂમિકાઓ હોય છે. આ પાંચ ભૂમિકામાંથી છેલ્લી બે 'એકાગ્ર' અને 'નિરૂદ્ધ–આ ભૂમિકાનો વૃત્તિનિરોધ જ જીવનમુક્તિ અને વિદેહમુક્તિ પમાડનાર છે. એકાગ્ર ભૂમિકાના જે વૃત્તિનિરોધ છે તેને સંપ્રજ્ઞાત યોગ કહે છે અને નિરૂદ્ધભૂમિકામાંનાને અસંપ્રજ્ઞાત યોગ અથવા અસંપ્રજ્ઞાત સમાધિ કહે છે. સંપ્રજ્ઞાત યોગ યથાર્થ તત્ત્વને પ્રકાશે છે, અવિદ્યાદિ ક્લેશોને ક્ષીણ કરે છે, કર્મબંધનને શિથિલ કરે છે અને ચિત્તને નિરોધની અવસ્થા તરફ લઈ જાય છે. વૃત્તિઓના નિરોધ માટે જે ચિત્ત સંકુચિત રહે છે તથા અસુયાદિ દોષોથી કલુષિત રહે છે તે ચિત્ત સ્થિતિને પામતું નથી. તેથી ચિત્તની પ્રસન્નતા સિદ્ધ કરવા ચાર ભાવનાઓ પાતંજલ યોગદર્શનમાં બતાવી છે.

मैत्रीकरुणामुदितोपेक्षाणां सुखदुःखपुण्यापुण्यविषयाणां भावनातश्चितप्रसादनम्।। ३३।।

અર્થ : સુખી, દુઃખી, પુણ્યશાળી તથા પાપી પુરુષો વિશે અનુક્રમે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાની ભાવના કરવાથી ચિત્ત પ્રસન્ન થાય છે અને તે દ્વારા સ્થિતિને યોગ્ય થાય છે.

અહીં ચિત્રપ્રસાદનમ્ એટલે શુક્લ ધર્મરૂપ સત્ત્વ ગુણવાળા થવું,

જેમ મળના દૂર થવાથી જળ સ્વચ્છ થાય છે તેમ રાગદ્વેષ વગેરે ચિત્તના મળને દૂર કરવાથી ચિત્ત સત્ત્વગુણવાળું થવાથી પ્રસન્ન થયેલું કહેવાય છે. અહીં કહ્યું છે કે સાધકે સુખી માણસ વિશે મૈત્રી કરવી, દુ:ખી વિષે કરુણા કરવી, પુણ્યશાળી વિષે મુદિતા અને પાપી વિષે ઉપેક્ષા કરવી. આ પ્રકારે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષાની ભાવનાથી તેનું ચિત્ત પ્રસન્ન થાય છે. અહીં મૈત્રી એટલે સૌહાર્દ. જે જે પુરુષો સુખી દેખાય છે તે સર્વ વિષે મિત્રભાવના રાખવી. ઘણી વખત અન્યને સુખી જોઈને કલુષિત ચિત્તવાળા લોકોમાં ઈર્ષ્યા તથા અસૂયા થાય છે. ઈર્ષ્યા એટલે પારકાના ગુણો સહન ન કરવા અને અસૂયા એટલે પારકાના ગુણોમાં દોષનો આરોપ કરવો તે. ચિત્તના આ બંને દોષો મિત્રભાવનાથી નિવૃત્ત થાય છે કારણ મિત્રના ગુણો દેખી અદેખાઈ ન થતા પ્રસન્નતા થાય છે. તેથી આ મૈત્રી ભાવનામાં સાધક સર્વ સુખીજનો વિષે મિત્રબુદ્ધિ કરે છે અને સર્વનું સુખ જોઈ પ્રસન્ન થાય છે અને ઈર્ષ્યાદિથી રહિત થાય છે.

બીજી ભાવના તે દુ:ખી વિષે કરુણાની છે જે દુ:ખી જન હોય તેમના પર કરુણા અથવા દયા રાખવી. જેમ પોતાના દુ:ખોનો ક્ષય કરવાની ઈચ્છા સર્વને થાય છે તેમ સર્વ પ્રાણીઓના દુ:ખો નાશ પામો એવી ઈચ્છા સાધક કરે છે. એ ઈચ્છાના બળથી તે સાધક કોઈનો અપકાર કરતો નથી. આ રીતે આ ભાવનાથી પર અપકારની ઈચ્છારૂપ ચિત્તમળ દૂર થાય છે. એવી જ રીતે અયોગી પુરુષોમાં દ્વેષરૂપ મોટો મળ હોય છે. એ દ્વેષ વૈરી પ્રાણી પ્રત્યે હોય છે. તેથી જ્યાં સુધી વૈરી પ્રાણીરૂપ વ્યાઘ્રાદિ હોય ત્યાં સુધી તેને દ્વેષ થયા કરે છે. સમગ્ર વ્યાઘ્રાદિરૂપ વૈરબુદ્ધિના વિષયભૂત પદાર્થોનો નાશ કરવો સંભવ નથી. તેથી દ્વેષ દૂર કરવા તેમના વિષેની વૈરબુદ્ધિનો ત્યાગ કરવો એ જ ઉપાય છે, યોગ્ય છે. અને આ ત્યાગ 'કરુણા' ભાવનાથી થાય છે. જીવનમુક્તિ વિવેકમાં આપેલું સૂત્ર-

प्राणा यथात्मनोऽभीष्टा भूतानामपि ते तथा।

आत्मौपम्येन भूताना दयां कुर्वंति मनवा:।।

અર્થાત્ સર્વ પ્રાણીઓને આત્મવત્ત ગણી સર્વ પ્રાણી વિશે 'સર્વ પ્રાણી સુખી થાઓ, સર્વ નિરામય થાઓ, સર્વ કલ્યાણને પામો, કોઈપણ દુ:ખને ન પામો' એ પ્રકારની કરુણાવૃત્તિનો ઉદય થાય છે, ત્યારે તેમના વિશેની વૈરબુદ્ધિ નાશ પામે છે. આ પ્રમાણે વૈરબુદ્ધિનો ક્ષય થવાથી આ ભાવનાથી દ્વેષરૂપ મળનો ક્ષય થાય છે. એટલે આ ભાવના સાધકે અવશ્ય આદરવા યોગ્ય છે. આ ભાવનાની સિદ્ધિથી ચિત્ત તેના વિરોધી દોષથી રહિત થવાથી પ્રસન્ન થાય છે.

મુદિતા અને ઉપેક્ષા–ત્રીજી અને ચોથી ભાવના મુદિતા અને ઉપેક્ષા છે. મુદિતા એટલે પ્રીતિ અને ઉપેક્ષા એટલે ઉદાસીનપણું. જે લોકો સત્કાર્ય કરીને પુણ્યની પ્રાપ્તિ કરે છે એ લોકો વિશે પ્રીતિની ભાવના તથા પાપકાર્યમાં પ્રવૃત્ત એવા લોકો પ્રત્યે ઉદાસીનવૃત્તિ સાધકે રાખવી. બધા લોકોને પુણ્યની પ્રાપ્તિ અને એનું ફળ ગમે છે પણ એ માટે જરૂરી સત્કાર્ય કરીને પુણ્ય પ્રાપ્ત કરતા નથી અને પાપનું ફળ કોઈને ગમતું ન હોવા છતાં પાપકારી પ્રવૃત્તિઓ ચાલુ રાખે છે. તેથી પાછળથી 'મેં કેમ પુણ્ય કર્યું નહિ અને શું કામ પાપકારી પ્રવૃત્તિઓ કરી' એવો પશ્ચાતાપ થાય છે. પરંતુ મુદિતા અને ઉપેક્ષા આ બે ભાવનાઓથી આ પશ્ચાતાપ કરવાનો વખત આવતો નથી. કારણ જે સાધકને પુણ્યાત્મા લોકો પ્રત્યે પ્રીતિ થાય છે તે સાધકને સ્વભાવથી જ પુણ્ય વિશે અર્થાત્ સત્કાર્ય વિશે પ્રીતિ થવાની તેથી વિઘ્નો આવવા છતાં તેનાથી અડગ રહીને પણ તે પુણ્યકાર્ય કરશે. અને પાપકાર્યમાં પ્રવૃત્ત લોકો વિશે ઉપેક્ષાબુદ્ધિ રાખવાથી પાપપ્રવૃત્તિથી કોસો દૂર રહેશે. ઉપેક્ષા ભાવનામાં યોગના સાધકે પાપી લોકો પ્રત્યે દ્વેષભાવ ન રાખતા માત્ર ઉદાસીનવૃત્તિ રાખવી.

આ પ્રમાણે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા આ ચાર ભાવનાઓ ભાવવાથી ચિત્તના રાજસ્ અને તામસ્ ધર્મો દૂર થાય છે અને સાત્ત્વિક શુક્લધર્મ આવિર્ભાવ પામે છે. જેથી ચિત્ત સ્વચ્છ જલવત્ પ્રસન્ન થઈ સ્થિતિના સાધનથી એકાગ્રતાને પ્રાપ્ત કરે છે. અર્થાત્ રાગદ્વેષાદિ ચિત્તના મળની નિવૃત્તિ થવાથી ચિત્ત પ્રસાદને પામે છે. જેથી ચિત્ત નિરોધની અવસ્થા તરફ જઈ શકે, સમાધિ અવસ્થા પ્રાપ્ત કરી શકે.

સર્વ દર્શનોની અપેક્ષાએ યોગદર્શનનું જૈન દર્શન સાથે સાયુજ્ય ઘણું જોવા મળે છે. યોગનું અંતિમ લક્ષ્ય મોક્ષ બેઉ પરંપરામાં સમાન રૂપથી સ્વીકૃત છે. જૈન દર્શનમાં જેને મોક્ષ કહેવાય છે એને જ પાતંજલે યોગદર્શનમાં 'કૈવલ્ય' કહ્યું છે અને આ કૈવલ્યની પ્રાપ્તિ માટે અભ્યાસ અને વૈરાગ્યનું નિધાન છે.

अभ्यास वैराग्यभ्यां तन्निरोध:।।२।।

અર્થ - પાંચે પ્રકારની વૃત્તિઓનો નિરોધ અભ્યાસ અને વૈરાગ્ય વડે થાય છે. અભ્યાસ એટલે ચિત્તની સ્થિતિને માટે પુન: પુન: કરાતું સાધનોનું અનુષ્ઠાન. ચિત્તની રાજસ્ અને તામસ્ વૃત્તિ રહિત જે અવસ્થા જેને 'પ્રશાન્તવાહિતા' કહે છે તે સ્થિતિ. મૈત્રી, કરુણા...આદિ ચાર ભાવનાઓથી ચિત્ત પ્રસન્ન થાય છે અને તે દ્વારા સ્થિતિને યોગ્ય થાય છે.

જૈન દર્શનમાં પણ આત્મભાવમાં સ્થિરતા લાવવા માટે આ જ ચાર ભાવનાઓ બતાવી છે. જૈન દર્શનમાં મૈત્રી વધારે સૂક્ષ્મ રીતે બતાવી છે. પ્રાણીમાત્ર સાથે એટલે છ કાયના બધાં જીવો સાથે મૈત્રીભાવ કેળવવાનું કહેલું છે. જ્યારે પાતંજલ યોગસૂત્રમાં સુખી પ્રાણી સાથે મૈત્રી બતાવવામાં આવી છે. ✶ ✶ ✶

602, River Heaven, Gulmohar Cross Rd. No. 6,
Near Ecole Mondiale School, Juhu, Vile-Parle (W.),
Mumbai-400 049. Mob. : 09867186440

બાર ભાવના અને ઈસ્લામ

☐ ડૉ. રમજાન હસણિયા

[ડૉ. રમજાન હસણિયા રાપરની ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજમાં ગુજરાતી વિષયના પ્રાધ્યાપક તરીકે ફરજ બજાવે છે. તેમણે 'અર્વાચીન ગુજરાતી કવિતામાં અધ્યાત્મભાવનાનું નિરૂપણ' એ વિષય પર શોધ-નિબંધ લખી પીએચ.ડી.ની પદવી હાંસલ કરેલ છે. પાર્શ્વચંદ્રગચ્છ વરિષ્ઠ પ. પૂ. મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજ સાહેબ પાસે જૈન ધર્મનું જ્ઞાન મેળવી રહ્યા છે. તેમણે 'સાહિત્ય ઝરણું' અને 'રવમાં નીરવતા' પુસ્તકોનું સંપાદન કરેલ છે. જૈન ધર્મ વિષયક વ્યાખ્યાનો આપે છે.]

ભાવ એટલે અસ્તિત્વ. અસ્તિત્વનો બોધ કરવો. તેને સમજવો તેનું નામ ભાવના. અસ્તિત્વનો બોધ નથી માટે જ રાગ-દ્વેષ થાય છે. જે જેવું છે તેવું જોવું અને તેનો સ્વીકાર કરવો. જે જેવું છે તેના સ્વીકાર માટે બાર માર્ગ બતાવ્યા છે. જગતના આ સનાતન સત્યોને સમજવા, દૃઢ કરવા તેને વારંવાર ઘૂંટવામાં આવે તેનું નામ ભાવના. જગતના આ સત્યોને આપણે સમજીએ છીએ. પણ સમય આવે વિસારી દઈએ છીએ. તો આ તથ્યોને મનમાં સ્થિર કરવા, બરાબર સમજી લેવા તેના વિશે વારંવાર ચિંતન કરવું આવશ્યક છે. જૈન દર્શનમાં આવતી બાર ભાવના આ તથ્યોને ઘૂંટવાની પ્રક્રિયા છે.

ઈસ્લામ સાથે બાર ભાવનાના સ્વરૂપનું અનુસંધાન શોધવું થોડું મુશ્કેલ પડ્યું. આ માટે કુરાને શરીફનો અનુવાદ, વિનોબાજીએ તૈયાર કરેલ 'કુરાન સાર', અન્ય કેટલાંક પુસ્તકો તેમજ વિદ્વાન મૌલવી સાહેબનો સંપર્ક કરી જે કેટલીક વિગતો સાંપડી તે આપની સમક્ષ મૂકું છું. તે પહેલાં કેટલીક સ્પષ્ટતા આવશ્યક ગણાશે.

જૈન દર્શનના પાયામાં કર્મનો સિદ્ધાંત છે. જ્યારે ઈસ્લામ કર્મસત્તાથી વિશેષ ઈશની સત્તાને પ્રાધાન્ય આપે છે. ઈસ્લામ ઈશ્વરપ્રધાન ધર્મ છે, જેમાં ખુદા, અલ્લાહ કે પરવરદિગાર જેવા વિભિન્ન નામોથી ઈશ્વરની બંદગી કરાય છે. અલબત્ત ખુદા એ કોઈ દેહધારી વ્યક્તિ નથી. તેનો કોઈ એક રંગ, આકાર, શરીર કે ચહેરો નથી. અગમ-અગોચર એવા આ તત્ત્વને સૃષ્ટિના સર્વશક્તિમાન સર્જક, સંચાલક અને સંહારક તરીકે ઈસ્લામમાં ભજવામાં આવે છે.

આમ, ઈસ્લામ ઈશ્વરને કર્તા માને છે, જ્યારે જૈન દર્શન જગતના સંચાલક એવા કોઈ એક કર્તા ઈશ્વરમાં માનતું નથી. જૈન દર્શન વીતરાગ તીર્થંકર પરમાત્માની પૂજા કરવા કહે છે, પરંતુ તેમાંય પરમ સત્તાધીશને પ્રસન્ન કરવાની વાત આવતી નથી.

આ પ્રાથમિક ભિન્નતાને લીધે કેટલીક પાયાની બાબતોમાં જ સરખાપણું ન જોવા મળે તેવું બને. સૈદ્ધાંતિક ફેરફાર અનુભવાય. પ્રેમ, મૈત્રી, કરુણા, દયા, દાન, શીલ, તપ જેવી સર્વ સામાન્ય બાબતોમાં સામ્યતા જોવા મળે, પરંતુ અહીં કેટલાંક સૈદ્ધાંતિક મુદ્દાઓની ચર્ચા કરવાની હોઈ બધી જ બાબતોમાં સમાનતા ન જોવા મળે તે સ્વાભાવિક છે. આમ, જે કેટલુંક સરખાપણું–આંશિક કે સર્વાંશે જોવા મળ્યું તે અહીં મૂકવા યત્ન કરેલ છે. જૈન દર્શનમાં જે રીતે બાર ભાવનાની વિશદ્ છણાવટ થયેલ છે, તેટલી વિશદ્તાથી ઈસ્લામમાં તેની ચર્ચા નથી થઈ. ભાવનાનો અર્થ જો જગતના સનાતન સત્યોને ઘૂંટવાની પ્રક્રિયા ગણીએ તો એ રીતે ઈસ્લામના કોઈ તથ્યોને વારંવાર ઘૂંટીને દૃઢ કરવાની વાત પણ મારા અલ્પ અભ્યાસમાં આવી નથી. હા, ઈસ્લામની મજબૂત બાબતો તરીકે અલ્લાહ સિવાય કોઈ પૂજનીય નથી ને હજરત મહંમદ પયંગબર સાહેબ તેમના પ્રેષિત દિવ્ય દૂત છે તે બાબત પર શ્રદ્ધા, નમાજ, રોજા (ઉપવાસ), હજ (પવિત્ર યાત્રાધામ મક્કા-મદીના યાત્રા) તથા જકાત (ફરજીયાત દાન)ની ચર્ચા વારંવાર કરવામાં આવી છે. આ બાબતો મૌમિન મુસલમાન-શ્રદ્ધાવાન મુસ્લિમ માટે ફરજિયાત કરવામાં આવી છે. પણ તેને ભાવનાના સ્વરૂપ સાથે સરખાવી ન શકાય. માટે જૈન દર્શન પ્રમાણે જે બાર ભાવના છે તેને મળતી આવતી જે બાબતો ઈસ્લામમાં મળે છે તેની સાથે સરખામણી– તુલના કરવાનો વિકલ્પ જ બાકી રહે છે. આ પૂર્વભૂમિકાને સમજી બાર ભાવનાનો ઈસ્લામ સાથેનો અનુબંધ તપાસીએ.

(૧) અનિત્ય ભાવના: બાર ભાવનાઓ પૈકીની પ્રથમ ત્રણ ભાવનાઓ સંસારના સ્વરૂપને સમજવા માટે ઉપકારક થાય તેવી છે. જિનના માર્ગે ચાલનાર સાધકે સૌથી પ્રથમ સમજીને સ્વીકારવાની વાત હોય તો તે છે જગતની અનિત્યતા. જગતના તમામ જીવો, વસ્તુ કે પદાર્થ-કશું પણ શાશ્વત નથી; બધું જ અનિત્ય છે, ક્ષણિક છે, ક્ષણભંગુર છે. ભગવાન બુદ્ધે પણ અનિત્યતાના સિદ્ધાંતને બહુ સુક્ષ્મતાથી સમજાવ્યો છે. તેમણે 'સર્વમ ક્ષણિકમ્' કહી અનિત્યના સિદ્ધાંતને પ્રસ્થાપિત કર્યો છે. વિપશ્યના સાધના માર્ગનો અભ્યાસ કરનાર સાધકને પણ પ્રથમ આ સત્ય દૃઢ કરાવવામાં આવે છે.

કુરાને શરીફમાં કહેવામાં આવ્યું છે કે, 'કુલ્લોમન અલયહા ફાન્યઉ-વયબકા વજહો રબ્બિકા ઝુલ જલાલે વલ ઇકરામ' અર્થાત્-

'આ દુનિયા પર જે જે છે તે સર્વ ફાની (નાશવંત) છે, અને ઐશ્વર્યવાન-કૃપા વાન ઈશ્વર જ અવિનાશી છે.' ઈસ્લામમાં શાશ્વત સત્તા તરીકે ખુદાના અસ્તિત્વનો સ્વીકાર કરેલ હોઈ તેના સિવાય સર્વ કોઈ નાશવંત છે એવી વાત આવે છે. જગતને ફાની-નાશવંત કહી તેના ફંદામાં ન ફસાઈ ઈશ્વરની ઉપાસના કરવા ઈસ્લામ શીખ આપે છે. વળી, ઈસ્લામમાં અન્ય એક વાત પણ વારંવાર કહેવામાં આવે છે કે આ દુનિયા પરની જીંદગી મર્યાદિત સમય માટે છે. તમે આખિરત-કયામતના દિવસની ચિંતા સેવો. આ જગત પરના સુગમ સુખ કે દુઃખ અલ્પ સમયના છે. જયારે કયામતના દિવસ પછી તમારા કર્મો પ્રમાણે જે ફળ મળશે તે અમર્યાદ હશે; માટે તમે દુનિયાની મોહમાયામાં ફસાયા વિના ખુદાની બંદગી કરો. અહીં આડકતરી રીતે જગતની નાશવંતતા સુચવાઈ જાય છે.

કુરાને શરીફમાં કહેવાયું છે કે 'અલ માલો વલ બનૂના ઝીનતિલ હયાતદ દુનિયા-વલ બાકીયાતુ રસ્વાલિહાતો-ખૈરવ વ અલકા'

અર્થાત્ - આ સંપત્તિ, આ સંતતિ આ દુનિયાની, જીવનની શોભા છે, જે ટકનાર છે તે તો સુકર્મો છે, જે સુંદર છે ને સ્થિર છે. દુન્યવી ઐશ્વર્ય કે કુટુંબ પરિવાર આદિ જયાં સુધી જીવન છે ત્યાં સુધીનો જ વ્યવહાર છે. તેને કાયમી ન માનવાની શીખ ઈસ્લામ આપે છે. મૃત્યુનું સ્મરણ રાખવાની ભલામણ પણ ઈસ્લામમાં ભારપૂર્વક આપવામાં આવી છે. મૃત્યુની સ્મૃતિ વ્યક્તિની જાગૃતતા ટકાવી રાખે છે. 'મૂતુ કબ્લ અન તમૂતુ' સૂત્રને સમજાવતાં ઈસ્માઇલભાઈ નાગોરી ઈસ્લામ દર્શન પુસ્તકમાં લખે છે કે, 'તમે મૃત્યુ પામો તે પહેલાં મરી જાઓ. એટલે કે જીવનની પળેપળનો હિસાબ ભલે રાખો પણ જે અશાશ્વત છે, ફાની છે, જેમાં શુભ નથી, જે નિર્માલ્ય બાબતો તમને ગાફિલ બનાવે છે. (ભ્રમિત કરે છે.) એ વિશે તમે જાણે મરી પરવાર્યા હો તેમ ઉદાસીન બની જાઓ.' જગત અને તેના નાશવંત સુખો પ્રત્યે અધ્યાત્મિક ઉદાસીનતા સેવવાની જે શીખ અપાઈ છે તેમાં અનિત્યના સિદ્ધાંતને આડકતરો ટેકો મળી જાય છે.

(૨) અશરણ ભાવના: જીવની પ્રમુખ વાસનાઓમાંથી એક છે ભયની વાસના, જેનાથી બચવા માટે વ્યક્તિ કોઈ શક્તિવાનની શરણમાં જાય છે. અન્ય ભયથી રક્ષણ આપનાર તો કદાચ મળી શકે પણ મૃત્યુથી રક્ષણ કોઈ આપી શકતું નથી. મૃત્યુની પાસે બધા જ અશરણ થઈ જાય છે. એવી જ રીતે અસાધ્ય રોગોની સામે કે વૃદ્ધાવસ્થાની સામે વ્યક્તિ અનાથ-અશરણ જ બની રહે છે. જૈન દર્શન અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મને જગતના ચાર શ્રેષ્ઠ શરણ ગણાવે છે, જે જીવાત્મા આ ચારના શરણે જાય છે તે પરમ શાંતિ, પરમ સુખ પામે છે. કોઈપણ પરિસ્થિતિમાં આ ચાર તત્ત્વોના શરણ પ્રત્યે દૃઢ શ્રદ્ધા આવશ્યક છે. અશરણ ભાવનામાં આ સત્યનો સ્વીકાર કરવાની વાત થઈ છે.

ઈસ્લામમાં પણ ખૌફ-ભયની વાત આવે છે. મૃત્યુનો ભય સર્વને સતાવે છે. માટે ઈસ્લામ સત્કર્મોથી મોતને સુધારવાની વાત કરે છે. સાથોસાથ જીવન-મરણના સ્વામી એવા ખુદાની શરણ સ્વીકારવાની વાત પણ અહીં આવે છે. 'અઊઝુ બિલ્લાહ'- હું ઈશ્વરનો આશ્રય, એની રક્ષા માંગું છું-એ ખુદાને 'ખૈરૂલ હાફીઝીન-શ્રેષ્ઠ રક્ષક માને છે ને તેના તરફ વળવા, તેના શરણે જવા સૂચવે છે. 'લાઈલાહા ઇલ્લલ્લાહ' સૂચવે છે કે અલ્લાહ સિવાય કોઈ ઈશ નથી, પૂજ્ય નથી. જેમ જૈન દર્શનમાં અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મનું શરણું લેવાની વાત આવે છે તેમ ઈસ્લામમાં સર્વસત્તાધીશ ખુદાની શરણે જવાની સૂચના પ્રત્યેક શ્રદ્ધાવાન મુસ્લિમને અપાય છે. ઈસ્લામમાં ખુદા સિવાય અન્ય કોઈને સિજદા (ઝૂકીને કરાતા વંદન) કરવાની મનાઈ છે. તેમ છતાં ઈશ્વરના પ્રેષિત નબી હઝરત મહોમંદ પયગંબર સાહેબ તેમજ વલીઉલ્લાહ એટલે કે પીર-ઓલિયાના શરણની વાત સ્વીકારાઈ છે. વલી શબ્દનો અર્થ જ થાય છે નજીક થવું. જે ખુદાની નજીક છે તેવી વ્યક્તિઓનું આલંબન લઈ ખુદાને પ્રાપ્ત કરવાની વાત પણ સુચવાઈ છે. સુફી અને સુન્ની પંથની વિચારધારામાં આ વાત વિશેષ રીતે માનવામાં આવે છે. એમાં મુરીદ (શિષ્ય) પોતાના મુરશીદ (ગુરુ)ની શરણે જાય છે ને ઈશ્વરના માર્ગને તેમજ તેના સ્વરૂપને વિશેષ રીતે સમજે છે. આમ, ઈસ્લામમાં પણ ઈશ્વર, ઈશ્વરના પ્રેષિત દિવ્યદૂત, વલીઉલ્લાહ (જેમણે ખરી સાધુતા-ફકીરી સિદ્ધ કરી છે તેવી વ્યક્તિ) તેમજ દીન (ધર્મ)ની શરણ સ્વીકારવા સૂચવાયું છે. જેમ જૈન દર્શનમાં ગમે તેવા વિકટ સંજોગોમાં જે ચાર શરણા છે તેમના પર શ્રદ્ધા ટકાવી રાખવાની વાત આવે છે. તેમ ઈસ્લામમાં પણ 'આમનતુ બિલ્લાહે' (હું અલ્લાહ પર ઈમાન-શ્રદ્ધા લાવું છું) દ્વારા ખુદા પર શ્રદ્ધા રાખવા ને વિપરિત સંજોગોમાં પણ એ શ્રદ્ધાને ટકાવી રાખવા કહેવામાં આવ્યું છે.

(૩) **સંસાર ભાવના :** આ સંસાર ઘનઘોર જંગલ જેવું છે, જ્યાં ભટકી જવાય છે. લોભ, વિષયસુખ આદિની ભીંસમાં વ્યક્તિ અટવાઈ જાય છે ને અનંત સંસાર લંબાતો રહે છે. ભવોભવની ભ્રમણા ચાલતી રહે છે. જૈન દર્શન પ્રમાણે આત્મા ચાર પ્રકારની ગતિ–દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકીમાં ભમતો રહે છે. મોહ એ સંસાર ભ્રમણનું પ્રમુખ કારણ છે–દુઃખનું કારણ છે. સંસાર ભાવનામાં સમજાવવામાં આવે છે કે બધું જ છોડીને જવું પડશે. જેને આપણા સ્વજનો ગણીએ છીએ તે પણ આપણી સાથે નહીં આવે. સાથે આવશે તો માત્ર શુભાશુભ કર્મ. આ સંસારની અસારતા સમજવા ભગવાનની વાણી ઉપકારક થાય છે. જેઓ પોતે સંસારનું ખરું સ્વરૂપ જાણી શક્યા તેવા કેવળજ્ઞાની જ તેને સમજાવી શકે. આવા જિનેશ્વરની વાણીને અનુસરી, સંસારની અસારતા સમજી તેનાથી મુક્ત થવા માટે સંસારભાવનાને

ઘૂંટવાની છે.

જૈન દર્શન પુનર્જન્મમાં માને છે, એટલે અનંત સંસારની વાત ઊભી રહે છે. ઈસ્લામમાં જન્મજન્માંતરનો સ્વીકાર નથી. આત્મા માટે 'રુહ' શબ્દ ઈસ્લામમાં પ્રયોજાયો છે. વ્યક્તિ મૃત્યુ પામે છે, પરંતુ આત્મા અમર છે, ને તેના કર્મો પ્રમાણેની સજા કે સુફળ આત્માને ભોગવવાના આવે છે. પરંતુ તેને બીજો જન્મ લેવાનો આવતો નથી. એટલે જૈન દર્શનમાં જીવની ભવભ્રમણા જે રીતે દર્શાવાઈ છે એ વિચાર ઈસ્લામ સાથે બંધબેસતો નથી. તેમ છતાં સંસારને ક્ષણભંગુર તો બતાવવામાં આવ્યો છે. સંસારની માયામાં ન ફસાવાની વાત ઈસ્લામ કરે છે. કુરાને શરીફમાં દર્શાવાયું છે કે, 'આ ઐહિક જીવન તો મનોરંજન અને ક્રીડા સિવાય કંઈ નથી. વાસ્તવિકતા એ છે કે પરલોકનું ઘર જ જીવન છે. અરે, અરે! આ લોક સમજતા હોત તો! (કુરાનસાર-વિનોબા-પૃષ્ઠ-૪૭) ભવચક્રની વાત ભલે ઈસ્લામમાં ન આવે પણ સંસારની ભ્રમણામાં ન અટવાતા તેનાથી પર રહી પરમની ભક્તિ કરવાનું તો ચોક્કસ સૂચવાયું છે.

(૪) એકત્વ ભાવના: જૈન દર્શન આત્મતત્ત્વ પરના ચિંતન-મનન પર ભાર મૂકે છે. હું આત્મા છું. હું વિશુદ્ધ, અનંત સુખમય, અનંત જ્ઞાનમય અને અનંત ગુણમય આત્મા છું. સિદ્ધશિલા પર બિરાજમાન મુક્ત-સિદ્ધ આત્મા જેવું જ મારું સ્વરૂપ છે, માત્ર તેના ગુણો પ્રકટ છે, જ્યારે મારા પ્રચ્છન્ન. જૈન દર્શન પ્રમાણે આત્મા જ પરમાત્મા છે. હું એકલો છું એવી વાત એકત્વ ભાવનામાં આવે છે. પણ તેનાથી દીનતા અનુભવવાની નથી. જૈન દર્શન તો આનંદ-ચૈતન્યમય આત્મતત્ત્વનું ચિંતન કરવા સૂચવે છે. જે બાબત આત્મવિશ્વાસ જગાવે છે. આત્મા સિવાય બધું જ મિથ્યા છે એવું તો વેદાંતો પણ સ્વીકારે છે. આત્મતત્ત્વની ઓળખ પછી જ અધ્યાત્મયાત્રા આરંભાય છે. શરીરને પોતાનું ખરું સ્વરૂપ માનવાનું નથી. આ રીતે એકત્વની ભાવનાને સમજી લેવાથી જ પરમ સુખનો માર્ગ પ્રાપ્ત કરી શકાય છે.

ઈસ્લામ પ્રત્યેક વ્યક્તિની 'રુહ' સ્વતંત્ર છે તેવું સ્વીકારે છે. તે પોતાના સારા-નરસા કર્મોને આધીન રહે છે, ને પોતાના કર્મો માટે તે પોતે જ જવાબદાર છે. એ રીતે પ્રત્યેક વ્યક્તિ એકલી છે. તે પાપ કે પુણ્ય જે કંઈ કરે છે તે તેને જ લાગુ પડે છે. રુહનો અર્થ થાય છે અલ્લાહની હૂંફ. રુહને ખુદાનું નૂર–તેનો પ્રકાશ કહેવાયો છે. પરંતુ કોઈ આત્મા પોતાનો વિકાસ સાધતા સાધતા આત્મામાંથી પરમાત્મા બની શકશે તેવી શક્યતાને ઈસ્લામમાં કોઈ સ્થાન નથી. પ્રત્યેક આત્મા ખુદાની બંદગી કરે, પણ તે ખુદારૂપ બની શકવા સમર્થ નથી. ઈસ્લામ કહે છે કે, 'કહે: ઈશ્વર એક છે. ઈશ્વર નિરપેક્ષ છે. એ ન તો જનિતા છે ન જન્ય. અને ન કોઈ એના સમાન છે. (કુરાનસાર-વિનોબા-પૃષ્ઠ-૭). આમ, ઈસ્લામમાં આત્માની એકાત્મતાનો સ્વીકાર છે પણ આત્માના પરમાત્મામાં થતા રૂપાંતરને અવકાશ નથી.

(૫) અન્યત્વ ભાવના: એકત્વ ભાવનામાં જે સૂચવાયું કે હું શુદ્ધ આત્મ સ્વરૂપ છું. અન્યત્વ ભાવનામાં એ જ વાત આગળ વધે છે કે જીવ-આત્મા શરીરથી, કર્મોથી જ વાત આગળ વધે છે કે જીવ-આત્મા શરીરથી, કર્મોથી પણ ન્યારો છે, તેવું ભેદજ્ઞાન મેળવો. આ ભેદજ્ઞાન સદ્ગુરુના સંગથી જ થશે. પોતાના શરીરને કે અન્ય પુદ્ગલને પોતાના માનવાથી કે તેના પ્રત્યે આસક્તિ રાખવાથી આત્મા દુઃખમાં પટકાય છે. જૈન દર્શન અન્ય સર્વની માયા છોડી સ્વમાં, વસવાની વાત કરે છે. 'પરથી ખસ, સ્વમાં વસ, એટલું બસ' એ સૂત્ર ખૂબ કામનું છે. આમ, અન્યત્વ ભાવનાને સમજી પોતાના મૂળ સ્વરૂપ આત્માને પામી શકાય છે.

ઈસ્લામ પણ આત્મા અને શરીરની ભિન્નતાનો સ્વીકાર કરે છે. દુન્યવી સંબંધોની અસારતા સમજાવી, અન્યત્વથી પર થવા કુરાને શરીફની આયતમાં વર્ણવવામાં આવ્યું છે કે 'વાસનાઓને આકૃષ્ટ કરનાર વિષયોના પ્રેમે લોકોને આસક્ત કરેલ છે. જેવાં કે સ્ત્રીઓ, બાળ બચ્ચાં, સોના ચાંદીના ઢગલા, અંકિત અશ્વ, પશુ તથા કૃષિ. આ ઐહિક જીવનની દોલત છે, પણ ઈશ્વરની પાસે જ સારો આશ્રય છે.' (કુરાનસાર-વિનોબા-પૃષ્ઠ-૪૭) આ રીતે કુરાનમાં દૈહિક સંબંધો તેમજ માલ-મિલકત આદિ પુદ્ગલની માયા છોડી ઈશ્વરની આરાધનામા રત રહી. અન્યથી પર થવાનું સુચવાયું છે.

(૬) અશુચિ ભાવના: જૈન દર્શનમાં શરીર પ્રત્યેનો રાગ-આસક્તિ દૂર કરવા સમજાવવામાં આવ્યું છે. શરીર પ્રત્યેની આસક્તિ દૂર કરવા અશૂચિ ભાવનાને દૃઢ કરવામાં આવે છે. કોઈપણ મનુષ્યને સૌંદર્ય ગમે છે. અશુચિ, ગંદકી તેને ગમતી નથી. બહારથી સુંદર અને આકર્ષક લાગતું શરીર મૂળે અશુચિનું ઘર છે. શરીરમાંથી દિનભર અશુચિ બહાર આવતી રહે છે. આવા અશુચિરૂપ દેહ પ્રત્યે આસક્ત ન થવા જૈન દર્શન સમજાવે છે. બીજાના તેમજ પોતાના શરીર પ્રત્યે વિરકિત કેળવવા સાધકને સૂચવાયું છે. ધર્મ જ આ જગતમાં પવિત્રતમ છે. અશુચિ ભાવના શરીર પ્રત્યેનો રાગ દૂર કરવા ઉપકારક એવી ભાવના છે.

ઈસ્લામમાં ધર્મની પ્રત્યેક આવશ્યક ક્રિયા માટે પાક (પવિત્ર) શરીર, કપડાં પ્રથમ શરત ગણવામાં આવી છે. શરીરની નાપાકી દૂર કરવા ગુસલ (નિયમાનુસાર શરીરની શુદ્ધિ કરવી તે) તેમજ વજુહ (શરીરના અંગોનું આંશિક શુદ્ધિકરણ) કરવામાં આવે છે. આ બાબત જ શરીરની અશૂચિતા દર્શાવે છે. અલબત્ત જૈન ધર્મ જે રીતે શરીરને અશુચિનું ઘર કહી તેના પ્રત્યે વિરક્તિ સેવવા કહે છે તે પ્રમાણ ઈસ્લામ શરીરને અશુચિરૂપ માની તેનાથી વિરક્ત થવા સૂચવતું હોય તેવી કોઈ વાત જાણમાં આવી નથી.

(૭-૮-૯) **આશ્રવ ભાવના, સંવર ભાવના, નિર્જરા ભાવના:** જીવાત્મા પાપકર્મોના કારણે દુઃખ પામે છે. તે દુઃખને ટાળવા

તો માગે છે પણ પાપના કારણને દૂર કર્યા વિના દુઃખની પરંપરા બંધ શી રીતે થાય? કયા પ્રકારની ક્રિયાથી પાપ થાય છે. પાપ કર્મ કયા દ્વારે આવે છે તેને આશ્રવ કહેવામાં આવે છે. ક્રોધ, માન, માયા, લોભ એ ચાર કષાયો પાપનું મૂળ છે, ને તેનાથી જીવ દુર્ગતિમાં ખેંચાઈ જાય છે. વિષયલોલુપતા પણ પાપકર્મના બંધનું કારણ છે. પાપના કારણને સમજવું તે અગત્યની બાબત છે. પાપના દ્વારને ઓળખ્યા બાદ તેના પર રોક લગાડવી, તેને અટકાવવા તેનું નામ છે સંવર. આશ્રવનો નિરોધ એ સંવર છે. જન્મજન્માંતરની પરંપરા ક્યાંથી આવી? જીવ કઈ રીતે કર્મ બાંધે છે? તેના તમામ કારણ, પ્રયોજનનું ચિંતન આશ્રવ ભાવનામાં કરવામાં આવે છે. કર્મબંધના કારણોની ખબર પડ્યા બાદ તેને કઈ રીતે અટકાવવા તે માટે સંવર ભાવના ઉપકારક થાય છે. આ રીતે નવા કર્મોનું બંધન અટકયું પરંતુ જે સંચિત કર્મો છે તેને કેવી રીતે દૂર કરવા–તે માટે નિર્જરા ભાવનાનું ચિંતન સહાયક બને છે. સંચિત કર્મોના ક્ષય માટે બાર પ્રકારના તપ જૈન દર્શન સૂચવે છે. તપ એ આત્માને અજવાળનારું તત્ત્વ છે. આ ત્રણ ભાવનાઓ કર્મલક્ષી છે.

પાપ અને પુણ્યની સમજ લગભગ પ્રત્યેક દર્શનમાં આપવામાં આવી છે. ઈસ્લામમાં પણ પાપજન્ય કર્મોને ઓળખી તેનાથી દૂર રહેવાની સૂચના અપાઈ છે. કુરાન કહે છે કે, 'હે શ્રદ્ધાવાનો સેતાનના પદ્ચિહ્નોનું અનુસરણ ન કરતા.' (કુરાનસાર-વિનોબા-૮૦) સેતાનનો માર્ગ એટલે અધર્મનો માર્ગ. જે ધર્મમાર્ગથી વિમુખ થઈ દુરિતના માર્ગે જાય છે તે સ્વાભાવિક રીતે પોતાનું અકલ્યાણ કરે છે. કુરાનમાં કહેવાયું છે કે, 'જે સૂક્ષ્મ દોષો સિવાય મોટા પાપોથી અને વૈષયિક વાતોથી બચે છે તો તેમને માટે નિઃસંદેહ તારો પ્રભુ ક્ષમાવાન છે. (કુરાનસાર-વિનોબા-પૃષ્ઠ-૮૦). ઈસ્લામમાં પાપના મૂળરૂપ મદિરા અને જુગાર પર નિષેધ મૂકી દેવાયો છે. કુરાનમાં કહેવાયું છે કે, 'લોકો દારૂ અને જુગાર વિષે મને પૂછે છે. કહેઃ આ બંને મહાપાપ છે. (કુરાનસાર-વિનોબા-૯૦). પાપોથી સાધકને પરિચિત કરાવ્યા બાદ કુરાનમાં કહેવાયું છે કે, 'ખરેખર, અમે તમને એક નિકટવર્તી આપત્તિથી (પાપકર્મોથી) સાવધાન કરી દીધા. જે દિવસે પ્રત્યેક મનુષ્ય પોતાના કરેલ કર્મોને જોશે અને શ્રદ્ધાહીન કહેશેઃ 'અરે, હું ધૂળ થયો હોત તો (કેવું સારું થાત).' (કુરાનસાર-પૃષ્ઠ-૬૦) અહીં પાપકર્મોના કારણને ઓળખવાની વાત-આશ્રવને મળતી થોડી વાત મળે.

મુસ્લિમ વ્યક્તિ જો ખરેખર ધર્મપ્રેષિત માર્ગ પર ચાલે પાંચ વખત નમાજ પઢે, રોજા રાખે, હજ કરવા જાય, જકાત-દાન આપે, કોઈ પાસેથી અણહકનું ન લે, નબળાંને દબાવે નહિ, સૌને મદદરૂપ થાય...તો આપોઆપ તે પાપકર્મોથી અટકી જાય છે, જેને જૈન દર્શન સંવર કહે છે. નેક-નમાજી વ્યક્તિ સ્વાભાવિક રીતે દુરાચાર, ચોરી, હિંસા, નિંદા આદિ પાપોથી અટકી જાય છે. જે વ્યક્તિ રોજા (ઉપવાસ) કરે છે તે માત્ર ખાવાપીવાનું જ બંધ કરે છે એવું નથી. તેને મનથી કુવિચાર પણ કરવાનો નથી. આંખથી ખોટું-ખરાબ જોવાનું નથી. મુખથી કોઈનું ખરાબ બોલવાનું નથી. કાનથી કોઈ નિંદા-કુથલી સાંભળવાની નથી. ટૂંકમાં કોઈ જ ખરાબ કામ કરવાનું નથી. આમ, રોજામાં સંવરની ક્રિયા જ થાય છે. હજ માટે પણ આવી જ સૂચના અપાઈ છે. 'યાત્રામાં વિષય ચિંતન, દુષ્ટ આચરણ અને લડાઈ-ઝઘડા ન કરો.' (કુરાનસાર-પૃષ્ઠ-૬૬) આમ, આશ્રવ અને સંવર ભાવનાને મળતી વાત તો ઈસ્લામમાં આડકતરી રીતે આવે છે, પરંતુ નિર્જરાને મળતી વાત ખ્યાલમાં આવી નથી. રોજા આદિ તપસ્યા કરવામાં આવે છે, પણ તે નિર્જરા-કર્મક્ષયના ઉદ્દેશથી નથી કરાતા; ખુદાના આદેશ અનુસારને તેને પ્રસન્ન કરવા કરાય છે. તે બંદગી-ભક્તિનું એક રૂપ ગણાય છે.

(૧૦) ધર્મ પ્રભાવ ભાવના : આ ભાવનામાં વીતરાગ પરમાત્મા તરફથી મળેલ શ્રેષ્ઠ એવા ધર્મમાર્ગનું ચિંતન કરાયું છે. કેટલો મહાન અને દુર્લભ ધર્મ મને પ્રાપ્ત થયો છે ત્યારે તેના પાલનમાં સહેજ પણ પ્રમાદ ન કરી ધર્મમય બની જવાની વાત આ ભાવનામાં આવે છે. સર્વનો રક્ષક ધર્મ જ છે. જો આ ધર્મ ન હોય તો શું થાય? એમ ધર્મની અગત્યતા સમજાવી જૈન દર્શને દાન, શીલ, તપ, ભાવ એમ ચાર ધર્મ બતાવ્યા છે.

ઈસ્લામ પણ દીન-ધર્મની મહત્તા સ્થાપિત કરે છે. ખુદા દ્વારા તેના પયંગબરો (દિવ્યદૂતો) મારફત કહેવાયેલા ધર્મનું પાલન કરવા ઈસ્લામમાં સૂચવવામાં આવ્યું છે. સાચા ધર્મ તેમજ ધર્મવાનની લાક્ષણિકતાઓ દર્શાવતા કુરાનમાં કહેવાયું છે કે, 'ધાર્મિકતા એમાં નથી કે તમારું મુખ પૂર્વ તરફ રાખો કે પશ્ચિમ તરફ. ધાર્મિકતા તો એ છે કે માણસ ઈશ્વર પર અને અંતિમ દિવસ (કયામત) પર, દેવદૂતો પર, ઈશ્વરીય ગ્રંથો પર અને પ્રેષિતો પર શ્રદ્ધા રાખે; અને ઈશ્વર પરના પ્રેમથી અનાથ, દીન, પ્રવાસી, અકિંચન, યાચક માટે અને લોકોને બંધનમાંથી મુક્ત કરવા માટે પોતાનું ધન વહેંચે. અને તે નિયમિત પ્રાર્થના કરે છે અને નિત્ય દાન કરે છે અને તે લોકોને જે વચન આપે છે તે પૂરું કરે છે અને મુશ્કેલીમાં, દુઃખમાં અને આપત્તિમાં ધૈર્ય રાખે છે. આ જ લોકો સાચા અને આ જ લોકો ભાવિક છે.' (કુરાનસાર-પૃષ્ઠ-૬૧). સમજાશે કે અહીં ઈશ્વર પર શ્રદ્ધાની વાત તો આવી જ સાથોસાથ દાન, શીલ, તપ તથા ભાવ ધર્મની વાત પણ આંશિક રીતે આવી ગઈ. ઈસ્લામમાં ઝકાતના રૂપમાં આવક કે બચતના અમુક ટકા રકમનું ફરજિયાત દાન કરવા આદેશ છો. સુપાત્રે દાનની વાત પણ આવે છે. ચારિત્ર્ય પાલન તો સાચા મુસ્લિની લાક્ષણિકતા

જ છે. રોજા આદિના રૂપમાં તપની વાત આવે છે તો દુઆએ ભાવધર્મનું જ રૂપ છે. કુરાનમાં કહેવાયું છે કે, 'નિસંદેહ, ઈશ્વર આદેશ આપે છે. ન્યાય કરવાનો અને ભલાઈ કરવાનો તથા સંબંધીઓને સહાય દેવાનો. અને નિષેધ કરે છે નિર્લજ્જ અને અનુચિત કર્મોનો તથા અત્યાચારોનો. ઈશ્વર તમને સમજાવે છે કે જેથી તમે સાવધાની રાખો.' (કુરાનસાર-પૃષ્ઠ-૯૦).

(૧૧) લોક સ્વરૂપ ભાવના: જૈન દર્શનમાં ચૌદ રાજલોકની વાત આવે છે, જેમાં ઊર્ધ્વલોક, મધ્યલોક તથા અધોલોકની વ્યવસ્થા છે. આમાં જ દેવલોક, નરકલોક આદિ આવી જાય છે. કેવી રીતે આ લોકના ચક્રમાં જીવ અટવાયા કરે છે તેની વાત સમજી સૌથી ઊર્ધ્વ સ્થિત એવા સિદ્ધશિલા પર કેવી રીતે પહોંચવું તેનું ચિંતન આ ભાવનામાં કરવામાં આવે છે. ટૂંકમાં ષડ્દ્રવ્યનું ચિંતન, દ્રવ્યાનુયોગ, ચૌદ રાજલોક આદિનું ચિંતન આ ભાવનામાં કરાય છે. જેનાથી છુટવું છે તેને પ્રથમ ઓળખવા માટે આ ભાવના ઉપકારક છે.

ઈસ્લામમમાં પણ સાત આકાશ અને સાત જમીનના ઉલ્લેખ મળે છે. ખુદાએ જ આ સૃષ્ટિનું નિર્માણ કર્યું છે. એ વાત પર ઈસ્લામ ભાર મૂકે છે. કુરાનમાં કહેવાયું છે કે, 'જેઓ ઊઠતા-બેસતાં ને સૂતા પરમાત્માનું સ્મરણ કરે છે અને આકાશ અને ભૂમિની રચના વિષે ચિંતન કરે છે તેઓ (કહે છે) હે પ્રભો! તેં આ બધું વ્યર્થ અને નિરુદ્દેશે નથી બનાવ્યું. ખુદાએ પોતાના બંદાઓ માટે આ દુનિયા સર્જી હોવાની વાત ઈસ્લામમાં આવે છે, માટે તેનું સ્વરૂપ સમજી તેમાંથી છુટવાની વાત અહીં નથી આવતી. પરંતુ જગતની વ્યવસ્થા માનવજાતના કલ્યાણ માટે કરાઈ તેવા ઉલ્લેખો કુરાને શરીફમાંથી સાંપડે છે. જેમ કે, 'ઈશ્વર એ જેણે આકાશ અને પૃથ્વી નિર્માણ કર્યા, અને આકાશમાંથી પાણી ઉતાર્યું; પછી તે વડે તમારા માટે ફળ ઉગાડ્યાં, જે તમારાં ખાદ્ય છે...અને નિયમબદ્ધ રીતે ફરનારા સૂર્ય-ચંદ્રને તમારી સેવામાં મૂક્યા, અને રાત્રિ ને દિવસને પણ તમારી સેવામાં લગાડ્યા. (કુરાનસાર-પૃષ્ઠ-૧૬) વળી, પયંગબર સાહેબના જીવન ચરિત્રમાં તેઓ ખુદાને મળવા સાતમા આસમાન પર ગયા હોવાની વાત આવે છે. ફરિસ્તા (દેવદૂતો)ની મર્યાદા અમુક લોક સુધીની જ છે એવી વાત પણ આવે. જૈન દર્શનમાં જેમ સિદ્ધશિલા સૌથી ઉચ્ચ કક્ષાએ સ્થિત છે તે રીતે ખુદાની જાત કણેકણમાં વ્યાપ્ત હોવા છતાં તે સૌથી ઉચ્ચ આસને સ્થિત છે-આવી કેટલીક સામ્યતાઓ લોકસ્વરૂપ ભાવનાના સંદર્ભમાં વિચારી શકાય.

(૧૨) બોધિદુર્લભ ભાવના: બોધિનો અર્થ થાય છે સમ્યગ્દર્શન-સમકિત. સુદેવ-સુગુરુ અને સુધર્મના પ્રતાપે સાચું દર્શન લાધે તો તે જીવના પરમ સદ્ભાગ્ય કહેવાય. આ બોધી–સાચી સમજ પ્રાપ્ત થવી અતિ દુર્લભ છે. આજન્મે આ સમજ મળી છે. ફરી એ મળે કે નહિ માટે સમયગ્દર્શન પ્રાપ્ત થયું છે ત્યારે કામ કરી લેવું. સાચી શ્રદ્ધા-બોધિની અગત્યતા સમજવા માટે બોધિદુર્લભ ભાવના છે.

ઈસ્લામ પણ ધર્મની સમજ મળ્યા બાદ, કલમા પઢી ઈસ્લામને સ્વીકાર્યા બાદ તેના પર કાયમ રહેવાની કરે છે. ઈમાન ટકાવી રાખવાની વાત વજનભેર કહેવાઈ છે. જન્માંતરો બાદ ધર્મની સાચી સમજ મળી હોવાની વાત નથી આવતી. કારણ કે જન્મ-જન્માંતરનો અહીં સ્વીકાર નથી. પરંતુ તેઓ આ ધર્મની સાચી સમજ મેળવી ન શક્યા, તે પ્રમાણે આચરણ ન કર્યું તેમના વિશે કુરાન કહે છે. 'કહે, કર્મોની બાબતમાં જેઓ મોટી ખોટમાં છે, એવા લોકોની વાત અમે તમને કહીએ?-આ એ લોકો છે જેમની બધી દોડધામ ઐહિક જીવનમાં ખોવાઈ ગઈ અને તેઓ એવી કલ્પનામાં છે કે તેઓ ખૂબ સરસ કામ કરી રહ્યા છે. આ જ લોકો છે જેમણે પોતાના પ્રભુના સંકેતો ને એના મિલનનો અસ્વીકાર કર્યો ને તેથી જ તેમનું કર્યું-કારવ્યું એળે ગયું.' (કુરાનસાર-પૃષ્ઠ-૫૯).

ઈસ્લામ ધર્મથી ચ્યુત થનાર કે તેને ખરા અર્થમાં ન સમજનાર માટે 'કાફિર' એવો શબ્દ પ્રયોજે છે. ધર્મ પરથી જેણે શ્રદ્ધા ગુમાવી દીધી તે સૌથી મોટો ગુનેગાર છે. અથવા કહીએ તો પથભ્રષ્ટ છે. આવા લોકો માટે કુરાનમાં દર્શાવાયું છે કે, 'કેટલાંક લોકો એવા હોય છે કે તેઓ પરમાત્માની બાબતમાં ઝગડતા રહે છે–કંઈ જ્ઞાન વિના, માર્ગદર્શન વિના કે વિના કોઈ એવા ગ્રંથ, જે પ્રકાશ છે.

ઘમંડપૂર્વક પરમાત્માના માર્ગથી લોકોને ચ્યૂત કરવા (માટે તેઓ આમ કરે છે) આવા મનુષ્ય માટે જગતમાં અપકીર્તિ છે અને અમે એને પુનરુત્થાન દિને બળતી આગનો દંડ ભોગવાવીશું. (કુરાનસાર-પૃષ્ઠ ૫૬). આમ, ઈસ્લામમાં બોધિ-સાચી સમજ-શ્રદ્ધા એટલે કે ઈમાન પર વિશેષ ભાર મૂકાયો છે; ને સમ્યક્ દર્શનની જેમ ધર્મની પ્રથમ શરત તરીકે જ ઈમાનને પ્રસ્થાપિત કરાયું છે.

આ રીતે બાર ભાવના સાથેનો ઈસ્લામનો અનુબંધ ક્યાંક અલ્પાંશે તો ક્યાંય વિશેષ રૂપમાં જોડી શકાય તેમ છે. ચાર પ્રમુખ ભાવના મૈત્રી, પ્રમોદ, કરુણા અને માધ્યસ્થ સાથે ઘણી સામ્યતાઓ મળી શકે, પણ તેની ચર્ચાને અહીં અવકાશ નથી. ઈસ્લામના કોઈ ઊંડા અભ્યાસુ વિદ્વાન હજુ વધુ સામ્યતા દર્શાવે તેને પૂરેપૂરો અવકાશ રહે છે. ✷ ✷ ✷

અધ્યક્ષ ગુજરાતી વિભાગ, ગવર્મેન્ટ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ
આઈ.ટી.આઈ. કેમ્પસ, રાપર-ચિત્રોડ રોડ, રાપર-કચ્છ,
પીન : ૩૭૦૧૬૫. મો. : ૦૭૫૬૭૦૬૪૯૯૩.
Email : ramjanhasaniya@gmail.com

ખ્રિસ્તી ધર્મ અને ભાવના

□ ડૉ. થોમસ પરમાર

[અમદાવાદના પીએચ. ડી.ના ગાઈડ, એચ. કે. આર્ટ્સ કૉલેજના પૂર્વ પ્રોફેસર, ગુજરાતી વિશ્વકોશ અને જૈન વિશ્વકોશ સાથે સંકળાયેલા, અષ્ટાપદ સંશોધન સમિતિમાં કાર્યરત. એમના ૧૧ પુસ્તકો પ્રકાશિત થયા છે.]

ભાવનાનો સામાન્ય અર્થ થાય છે ચિંતન, મનન, ધ્યાન, અનુશીલન. કોઈ વસ્તુનું વારંવાર ચિંતન કરવું, તે ભાવના. જૈન ધર્મમાં અનિત્ય આદિ બાર પ્રકારની ભાવનાઓ જણાવી છે, જેને અનુપ્રેક્ષા તથા વૈરાગ્ય ભાવના પણ કહેવાય છે. આ ભાવનાઓનું વર્ણન નવતત્ત્વ, તત્ત્વાર્થસૂત્ર આદિના સંવર તત્ત્વની અંતર્ગત કરવામાં આવ્યું છે. દિગંબર સંપ્રદાયમાં આ ઉપરાંત પાંચ ભાવના પણ દર્શાવી છે. ભાવના એટલે મનમાં ભાવ લાવવો. આપણી દરેક ક્રિયાનું કારણ આપણું મન હોઈ, મનના ભાવો સાચવવા માટે જૈન ધર્મમાં આગ્રહ રાખવામાં આવ્યો છે. જૈન ધર્મમાં જણાવેલ ભાવનાઓ અને તેના અનુસંધાનમાં જણાવેલ કથાઓ કે પ્રસંગો ખ્રિસ્તી ધર્મમાં જોવા મળતા નથી. પરંતુ આત્મકલ્યાણ માટે મનના શુદ્ધ ભાવોનો આગ્રહ રાખવામાં આવ્યો છે. જો એને આપણે ભાવના તરીકે સ્વીકારી શકીએ તો ખ્રિસ્તી ધર્મમાં પશ્ચાતાપની ભાવના, ક્ષમા ભાવના, કરુણાની ભાવના અને મૈત્રી ભાવનાનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

પશ્ચાતાપની ભાવના ખ્રિસ્તી ધર્મમાં પશ્ચાતાપની ભાવના પર ઘણો ભાર મૂકવામાં આવ્યો છે. માણસે અવારનવાર પોતે કરેલાં પાપોનું સ્મરણ કરીને પરમેશ્વર સમક્ષ તેની માફી માટે પસ્તાવો કરવો જોઈએ. અધ્યાત્મિક વિકાસ માટે ખ્રિસ્તી ધર્મમાં પાપના પસ્તાવાનું એટલું બધું મહત્ત્વ છે કે તેને સાત સંસ્કારોમાં સ્થાન આપવામાં આવ્યું છે. દરેક વ્યક્તિએ ઓછામાં ઓછું અઠવાડિયામાં એક વાર પુરોહિત સમક્ષ પોતાના પાપોની કબૂલાત કરવી જોઈએ, તે માટે માફી માગવી જોઈએ અને તે પછી ફરીથી તે પાપ નહીં આચરવાની કબૂલાત કરવી જોઈએ. આ વિધિ માટે કેથલિક ચર્ચમાં એક ખૂણામાં કન્ફેશન બૉક્સ ગોઠવેલ હોય છે. સંધ્યાકાળની પ્રાર્થનામાં રોજ વ્યક્તિએ પસ્તાવાની પ્રાર્થના આ રીતે રટવાની અપેક્ષા રાખવામાં આવી છે :

'હે મારા પરમેશ્વર, તમારી વિરુદ્ધ જઈને મેં પાપ કર્યું છે. હું બહુ દુ:ખી છું, કારણ કે તમે મારા અત્યંત ભલા પિતા છો અને મારા પાપને લીધે જ ભગવાન ઈસુ ક્રોસ પર મરી ગયા. હવે હું પાપને ધિક્કારું છું. તમારા પર પ્રેમ રાખવા ઈચ્છું છું અને ફરી પાપ નહીં કરવાનો દૃઢ નિશ્ચય કરું છું.'

ખ્રિસ્તી ધર્મના જાણીતા ચિંતક થોમસ એ. કેમ્પિસ 'ઈમિટેશન ઓફ ક્રાઈસ્ટ (ખ્રિસ્તાનુકરણ)માં પ્રાયશ્ચિત જણાવે છે કે,

'મારા પોતાને માટે તો પશ્ચાતાપની વ્યાખ્યા કરવા કરતાં પશ્ચાતાપની લાગણી અનુભવવાનું પસંદ કરું છું–આપણને દિવ્ય દિલાસો મળતો નથી કેમકે આપણે દિલનો પશ્ચાતાપ શોધતા નથી– જ્યારે માનવી સંપૂર્ણપણે પશ્ચાતાપી બને છે ત્યારે તેને આખી દુનિયા ભારરૂપ ને નીરસ લાગે છે. સારા માણસને તો પશ્ચાતાપ કરવા તથા રૂદન કરવા હંમેશાં કારણો મળે છે–તેથી પ્રભુ ઈસુને નમ્રતાથી પ્રાર્થના કર કે તેઓ તારામાં પશ્ચાતાપની ભાવના જાગૃત કરે. અને પેલા પયગંબર સાથે કહેજે, 'હે ભગવાન, આંસુથી બનાવેલી રોટી મને ખવરાવજો અને આંસુના કૂંડેકૂડાં થકી મારી તરસ છીપાવજો. (સ્તોત્ર ૭૯:૬ અહીં પશ્ચાતાપના આંસુની વાત કરવામાં આવી છે)–આજે તું તારા પાપોનું પ્રાયશ્ચિત કરે છે ને આવતી કાલે એનું એ જ પાપ ફરીથી કરે છે!–આપણાં પાપો તથા દુર્ગુણોને પરલોકમાં ધોઈ નાખવા માટે ભેગા કરવા કરતાં અત્યારે જ તેમનાથી ચોખ્ખા થઈ જઈએ ને તેમને જડમૂળથી ઉખેડી નાખીએ તે વધુ લાભકર્તા છે–માટે અત્યારે કાળજી રાખ, ને તારા પાપો માટે પશ્ચાતાપ કર, એટલે પેલા કયામતના દિવસે તું સ્વર્ગવાસીઓ સાથે કોઈ પણ જાતની બીક વગર જીવી શકશે.

ક્ષમાભાવના ખ્રિસ્તી ધર્મમાં ક્ષમાની ભાવનાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. ઈસુ ખ્રિસ્તે પોતે પોતાના જીવનમાં ક્ષમા આચરી બતાવી હતી. તેમને ક્રોસ પર જડી દેવામાં આવ્યા ત્યારે પણ તેમણે ઈશ્વરને પ્રાર્થના કરી હતી કે, 'હે પ્રભુ તેઓને માફ કર કારણ કે તેઓ શું કરી રહ્યા છે તેની તેમને જાણ નથી.' આમ પોતાને મૃત્યુના મુખમાં લઈ જનાર તેમના વિરોધીઓને પણ તેમણે ક્ષમા આપી હતી. ઈસુએ પોતાના ઉપદેશમાં ક્ષમાભાવના કેળવવાનું જણાવ્યું છે. આપણે પરસ્પર એકબીજાના અપરાધો માફ કરવા જોઈએ. તો જ ઈશ્વર આપણને આપણાં અપરાધોની ક્ષમા આપશે. ખ્રિસ્તી ધર્મની જાણીતી પ્રાર્થના `Our Father' માં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે, 'અમે અમારા અપરાધીઓને ક્ષમા કરીએ છીએ, તેમ તું અમારા અપરાધોની ક્ષમા કર.' આપણાં અપરાધોની માફી માટે આપણે પહેલાં આપણાં અપરાધીઓને માફ કરવા જોઈએ. નવા કરારમાં માથ્થી અને લૂકની સુવાર્તામાં ક્ષમાભાવનાનો ઉલ્લેખ છે.

એક વખતે પીટરે (ઈસુના પટ્ટશિષ્ય) ઈસુને પૂછ્યું, 'પ્રભુ, મારો ભાઈ અપરાધ કરે તો મારે કેટલી વાર ક્ષમા કરવી? સાત વાર? ઈસુએ તેને કહ્યું, 'તારો જવાબ એ છે કે સાત વાર નહિ, પણ, સિત્તેર વખત સાત વાર' (અર્થાત્ અસંખ્યવાર). (માથ્થી: ૧૮, ૨૧-૨૨).

'જો મારો ભાઈ કંઈ અપરાધ કરે તો તેને ઠપકો આપજો, અંતે જો તે પસ્તાવો કરે તો તેને ક્ષમા કરજો. જો તે દિવસમાં સાત વાર તારો અપરાધ કરે અને સાત વાર તારી પાસે આવીને કહે કે 'મને પસ્તાવો થાય છે; તો તેને ક્ષમા આપવી.'

ક્ષમા પામવા ક્ષમા કરી દે એ સાચો ખ્યાલ
કોણ તું ન્યાય કરનારો? મનમાં પૂછ સવાલ.

કરુણાની ભાવના

રોગી, દૃષ્ટિહીન કે શારીરિક ક્ષતિ ધરાવનાર વ્યક્તિ પ્રત્યે કરુણાનો ભાવ રાખીને તેમની સેવા કરવાની છે. ઈસુએ આવી વ્યક્તિઓ પ્રત્યે કરુણા દર્શાવીને તેમને મદદરૂપ બન્યા હતા. જેમ ઈશ્વર દરેક પ્રત્યે કરુણા રાખે છે, તેમ દરેક વ્યક્તિએ અન્ય પર કરુણા રાખવી જોઈએ. ખ્રિસ્તી ધર્મમાં કરુણાની ભાવના એટલી પ્રબળ છે કે તેને લીધે 'જન સેવા એ પ્રભુ સેવા' એ ખ્રિસ્તી ધર્મનો મુખ્ય સિદ્ધાંત બની ગયો. તેને જ કેન્દ્રમાં રાખીને સમગ્ર વિશ્વમાં ખ્રિસ્તીઓ હૉસ્પિટલો, અનાથાશ્રમો, વૃદ્ધાશ્રમો વગેરે સંસ્થાઓ ચલાવે છે. કુદરતી આપત્તિઓમાં પીડિત લોકો, નિર્વાસિતો અને બેઘર લોકોની વહારે જઈને તેમને તત્કાળ સેવા આપે છે. શોષિત અને પીડિતોના ઉત્કર્ષ માટે વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ ચલાવવામાં આવે છે. આ બધાં સેવા કાર્યો પાછળ કરુણા મૂર્તિ ઈસુનો ઉપદેશ રહેલો છે.

મૈત્રી ભાવના

સૌ મનુષ્યો ઈશ્વરના સંતાન છે તેથી પરસ્પર મૈત્રીભાવ-પ્રેમભાવ રાખવો જોઈએ. 'ગિરિ પ્રવચન'માં ઈસુ ઉપદેશે છે કે, 'તારા મિત્ર ઉપર પ્રેમ રાખ અને તારા શત્રુ ઉપર દ્વેષ રાખ' એમ કહેલું છે, પણ હું તમને કહું છું કે, તમારા શત્રુ ઉપર પ્રેમ રાખો અને તમને રંજાડનાર માટે દુઆ માગો તો જ તમે તમારા પરમ પિતાના સાચા સંતાન થઈ શકશો...તમારા ઉપર પ્રેમ રાખે તેમના ઉપર જ તમે પ્રેમ રાખો એમાં બદલો મેળવવા જેવું શું કર્યું?...તમે ફક્ત તમારા સ્નેહી-સંબંધીઓને જ વંદન કરો તો એમાં તમે વિશેષ શું કર્યું? ફાધર વાલેસ તેથી કહે છે કે, 'એ ખાલી દેવું ચૂકવવા જેવું થાય. હિસાબ છે. પુણ્ય નથી. ઈસુએ પડોશી પ્રેમ ઉપર પણ ભાર મૂક્યો છે. 'તું તારી જાત જેમ પડોશી ઉપર પણ પ્રેમ રાખ.' – Love thy neighbour as thyself. -- ઈસુના આ ઉપદેશમાં મૈત્રીભાવનાના દર્શન થાય છે. ફાધર વાલેસ કહે છે: એક પણ માનવ બંધુને છોડીને બીજા ગમે તેટલા ઉપર પ્રેમ રાખે તો એ સાચો માણસ નથી.

મિત્ર ઉપર પ્રેમ, શત્રુ ઉપર પ્રેમ.બધા ઉપર બધાનો પ્રેમ
અને આ બધા ઉપર બધાના પિતાનો આશીર્વાદ.
તને ચાહતું એને ચાહે, એ ક્યાં મોટો ખ્યાલ?
ધિક્કારે એને ચાહીને કરજે થાજે ન્યાલ.

✱ ✱

૨૩, મહાવીરનગર, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૧૫.
Mob.: 9825384623.

મુનિવર જયસોમ મહારાજકૃત બાર ભાવનાની સજ્ઝાયોનું પરિચયાત્મક રસદર્શન (પૃષ્ટ ૧૦૭થી ચાલુ)

સ્ખલના હોય નહિ. કવિશ્રી આ ભાવના માટેના નીચેના બારમી ભાવનાના દુહામાં કહે છે કે; હે જીવ! તું મિથ્યા ધર્મના ઈષ્ટ દેવ તરીકે મનાયેલ વિષ્ણુ, મહાદેવ વગેરે બધા દેવોને માનવાનું છોડી દે અને અઢાર દૂષણ રહિત અરિહંત ભગવાનની હંમેશ ભાવપૂર્વક ભક્તિ કર અને ગુરુ ગણધર મહારાજ સાહેબોની તથા સારા ચારિત્ર્યવાળા સાધુ ભગવંતોની હંમેશાં સેવા કર.

પ્રસન્નચંદ્ર રાજર્ષિના દૃષ્ટાંત દ્વારા કવિશ્રી સૂચવે છે કે તેઓ સંયમની સુંદર આરાધના કરી રહ્યા હતા, ધર્મ-ધ્યાનમાં લીન હતા. પરંતુ પુત્રના મોહને લીધે જ્યારે દિવાને પુત્ર ઉપર દ્રોહ કર્યો ત્યારે એના પર ક્રોધ-ગુસ્સાની અશુભમતિ દિલમાં વહેતી થઈ, તેથી ધર્મભાવના લુપ્ત થઈ અને યુદ્ધભાવના સળીગ ઊઠી. માનવીનું મન રાગદ્વેષ અને બહિર્ભાવમાં ચાલ્યું ન જાય તે માટે મનમાં ધર્મભાવનાનું રટણ ચાલુ રહેવું જોઈએ.

ઢાળ તેરમીમાં કવિ કહે છે :

તમે ભાવો રે, ભવિ ઈણ પરિ ભાવના ભાવો;
તન, મન, વયણ ધરમ લય લાવો, જિમ સુખસંપદ પદ પાવો રે.

હે ભવ્યાત્માઓ! તમો આ પ્રકારે બાર ભાવનાઓ ભાવો, એના પર વિશેષ ચિંતન-મનન કરો, એ ભાવનાથી હૃદયને ભાવિત કરો. અર્થાત્ આ વિચારસરણીથી હૃદયને રંગી નાંખો. મન-વચન-કાયામાં એટલે કે વિચાર-વાણી-વર્તનમાં ધર્મને ગૂંથી લો, એમ કરતાં લૌકિક, લોકોત્તર સુખ સંપત્તિને પામો.

સંદર્ભ સાહિત્ય સૂચિ

૧. જયસોમ મુનિ : બાર ભાવનાની સજ્ઝાય (અર્થ વિવેચન રહસ્ય સહિત) વિ. સં. ૨૦૧૦, પૃ. ૧૭૮.
૨-૩-૪ વિનય વિજયજી મહારાજ: શાન્ત સુધારસ ભા. ૧-૨-૩. પ્રભદ્રગુપ્ત સુરીશ્વરજી મહારાજ, પ્રવચનકાર-કૈલાસસાગર સૂરિ જ્ઞાનમંદિર, કોબા.
૫-૬ વિનય વિજયજી મહારાજ: શાન્ત સુધારસ ભા. ૧-૨ પૂ. રત્નચંદ્રસૂરીશ્વરજી મ. (ડહેલાવાળા), પ્રવચનકાર પુરુષાદાનીય પાર્શ્વનાથ જૈન સંઘ, અમદાવાદ.
૭. સુભાષ શેઠ : જ્ઞાનપૂર્વકના વૈરાગ્યની જનની : બાર ભાવના જૈન સ્વાધ્યાય મંદિર, સોનગઢ.
૮. નેમિચંદ્રસૂરિજી : પ્રવચન સારોદ્ધાર (ગુજરાતી ભાવાનુવાદ) ભા. ૧ અનુ. મુનિ અમિતયશ વિજયજી, સંપા. પન્યાસ વજ્રસેન વિજયજી ગણિવર્ય, શિવ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ-શિવ, મુંબઈ.
૯. ચિત્રભાનુ : જીવન કા ઉત્કર્ષ (હિન્દી) : પાર્શ્વનાથ વિદ્યાપીઠ, વારાણસી. જૈન ધર્મ કી બારહ ભાવનાઓ : અનુ. પ્રતિમા જૈન,
૧૦. ઉમાસ્વાતિ મહારાજ : તત્ત્વાર્થાધિગમ સૂત્ર (ગુજરાતી વિવેચન સાથે) વિવેચનકાર, પ. પૂ. આ. શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ.

કવિકુલકિરીટ રચિત બાર ભાવનાની પૂજાનો રસાસ્વાદ

□ ડૉ. ફાલ્ગુની ઝવેરી

[ડૉ. ફાલ્ગુની ઝવેરીએ જૈન પૂજા સાહિત્ય એ વિષે મુંબઈ યુનિવર્સિટીમાં શોધ-નિબંધ અર્પણ કરી પીએચ.ડી.ની (ઉપાધિ) પદવી પ્રાપ્ત કરી છે. દેશ-વિદેશમાં જૈનશાસનની પ્રભાવના અર્થે કાર્યરત છે. જેમાં અમેરિકામાં પર્યુષણ, દશલક્ષણા, શિબિરો, કોન્ફરન્સમાં રિસર્ચ પેપર ઇત્યાદિ સઘન રીતે સંકળાયેલ છે.]

પૂજા શબ્દ પૂજ્ ધાતુ ઉપરથી આવ્યો છે અને વળી સ્ત્રીલિંગ છે. ભાવ ઉપરથી આવતી ભાવનાઓ આમ જોવા જઈએ તો બન્ને શબ્દો એકબીજાના પર્યાયવાચી છે એમ લાગ્યા વિના રહે નહીં.. પૂજા સાહિત્ય વૈવિધ્યસભર અને બહુ આયામી છે. એટલે અહીંયા ફક્ત બાર ભાવનાની પૂજાઓનો જ રસાસ્વાદ માણવાના છીએ. બુદ્ધિસાગરજી એવમ્ બારભાવનાની પૂજા કવિકુલકીરીટનું બિરુદ પામેલા લબ્ધિસૂરીશ્વરજીએ બનાવી છે. તેમની આ સંપૂર્ણ રચના ઉર્દુ મુસલમાનીય સાહિત્યકાર ગઝલમાં છે. બારભાવનાઓને વિવિધ જુદા જુદા બાર દ્રવ્યો દ્વારા સાંકળી દ્રવ્યપૂજા અને ભાવપૂજાના યુગલ રૂપે રહેલા પૂજા સાહિત્યને અને લૌકિક અને લોકોતર દ્વૈતમાં રહેલી ભાવનાઓનો સાક્ષાત્કાર કરવાનો કવિએ સુંદર પ્રયાસ કર્યો છે.

પ્રથમ અનિત્ય ભાવના : સામાન્યતઃ અનિત્ય શબ્દનો અર્થ થાય છે નિત્ય નથી, જે હંમેશ રહેવાનું નથી.

રહ્યા નહીં રાયન રાણા, મૂરખ શાણા અને કાણા;
રહ્યા છે ક્યાં શ્રી તીર્થંકર, વળી ષટખંડના ધર્તા
ત્રિખંડે રાજ્ય કરનારા પ્રથમ એ ભાવના ભાવો. ૧.

લબ્ધિસૂરીજી મહારાજા ગઝલ નામના સાહિત્ય પ્રકારમાં બાર ભાવનાઓ દ્વારા પોતાના હૃદયગંમય ભાવોને રજૂ કરે છે. મનુષ્યમાં જ કોઈ સર્વોચ્ચ અને સર્વોત્તમ હોય તો એ તીર્થંકર પરમાત્મા છે. પછી બીજા નબરના સ્થાને ષટ્ખંડના ચક્રવર્તીઓ આવે. ત્રણ ખંડમાં રાજ્ય કરનારા બળદેન વાસુદેવ પછી રાજાઓ, રાણાઓ, શાણા, કાણાઓ દરેક પ્રકારના મનુષ્ય પદવીધારીઓ આ સંસારમાં આવે છે અને જાય છે. આત્મા મનુષ્યદેહને ધારણ કરે છે. અવધિ પૂરી થતાં કાળ પુરુષ કોઈનીયે મર્યાદા રાખતા નથી. અનિત્ય એવા શરીરમાંથી આત્માને મુક્ત કરે છે. આ પ્રથમ અનિત્ય ભાવનાની ઢાળમાં ગાતા જાણે કે વેદોની અંદર જે પ્રઘોષ ચાલે છે તેને પ્રાસાનુપ્રાસ દ્વારા દર્શાવ્યો છે.

દ્વિતિય અશરણ ભાવના : આ સંસારમાં સિવાય પરમાત્મા બીજા કોઈનું શરણું નથી.બીજી અશરણ ભાવનામાં જવલ્લેજ જોવા મળતા એવા વિરલ ઉદાહરણ દ્વારા દૃષ્ટાંત અલંકાર યોજીને શબ્દચિત્ર ખડું કર્યું છે.

હિરણના ઝૂંડમાં કોઈ વરૂ આવીને જો પકડે;
બચાવીને નહીં શકે કોઈ,
ઝૂંડ જોતું રહે ભાઈ! તેને તે જેને લઈ જાઈ;
તમોને કાલ તેમ હરશે.

નિર્દોષ હરણાંઓ જંગલમાં ઝૂંડમાં ફરતા હોય અને શિકારી વરુ હુમલો કરે તો હરણાંઓ તો પોતાનો જીવ લઈને નાસે (દોડે) કોઈક પાછળ રહી ગયલું વરુના પંજામાં આવી જાય તો કોઈ હરણાંનું ઝૂંડ વચ્ચે પડી છોડાવે નહીં; એમ કાળ શિકારી આયુષ્ય પૂરું થતાં લઈ જાય. કાળ શિકારીના બાણની કુંવારી કલ્પના દ્વારા બિભત્સ રસને ઉપજાવ્યો છે.

લબ્ધિ વિજયજીકૃત બાર ભાવનાની પૂજા ૧,૨.
પૂજા-સંગ્રહ ભાગ-૧ લબ્ધિવિજયજી મહારાજ વિરચિતપૃ.- ૨,૩,૪.

તૃતીય સંસાર ભાવના :

આ આત્માએ સંસાર સમુદ્રમાં પર્યટન કરતાં કરતાં સર્વ ભવ કીધા છે. એ સંસારી જંજીરથી હું કયારે છૂટીશ? એ સંસાર મારો નથી. વળી સંસાર કેવો છે.

કદી શોકી, કદી રોગી, કદી ભોગી, કદી યોગી!
ખરેખર આ થિયેટર છે. ત્રીજી એ ભાવના ભાવો. ૩.

જ્યારે કવિ કુલ કીરીટે આ પૂજાની રચના કરી તે વખતે અંગ્રેજોનો સમય હતો એટલે થિયેટર શબ્દ ગુજરાતી ભાષામાં આત્મીય થઈ ગયો છે તેની સાક્ષી પૂરે છે.

ચતુર્થ એકત્વ ભાવના : આ મારો આત્મા એકલો છે. એકલો આવ્યો છે. એકલો જશે; પોતાના કરેલા કર્મ એકલો ભોગવશે.

ગઈ મમતા રાક્ષસી ભાગ-હૈડું હરખ્યું રે અરિહંતાજી. ૪.

આ ઢાળમાં ભક્તિરસ તો છે જ પણ આનંદની ઉલ્લાસિતા સાથે હાસ્યરસની નિષ્પતિ થતા હાસ્ય, હર્ષ, કિલ્લોલ પરમાત્મા પ્રત્યેના પ્રેમના કારણે જાણે મુખમાંથી સરી પડે છે. આ કડીને માણીએ. *જામ ન બને તેથી અરિ અરિ પણ બને ખરો હજામ. હૈડું હરખ્યું ૫.* જામ ઈ રાજા, જે રાજા હોય તેની પાસે શીખવા જવાય કે રાજા કેમ બનાય. અરિહંત પરમાત્માને રાજાની ઉપમા આપી છે. એ સિવાય બીજે જાય એટલે કે મોઘમમાં કહ્યું કુદેવ, કુગરુ, કુધર્મ પાસે જાય તો 'જામ' થવાને બદલે હજામ જરૂર થાય.

જામ હજામ શબ્દની રમકઝમક દ્વારા શાંતરસમાં હાસ્યરસ પીરસી એક રમૂજની લહેરી ઊભી કરી છે.

પંચમ અન્યત્વ ભાવનામાં આ સંસારમાં કોઈ કોઈનું નથી.

નહીં છે આ શરીર તારું, તો બીજા શું થવાનું છે; ૬.

જીવ સૌથી વધારે નજીક અને સૌથી વધારે સમય શરીર સાથે રહે છે પણ એને ભેદજ્ઞાન નથી થતું કે તું જીવ છે અન શરીર જડ છે.

સ્વજન સ્વર્ગે નથી મૂકતું ન સ્વારથ તેનો ચૂકતું;
તેમાં કેમ થાય તું ઘેલો, ૭.

જેને જેને આપણે પોતાના માનીએ છીએ તે બધા સંબંધો સ્વાર્થના છે.

એ એક સજ્ઝાયની કડી આ સંદર્ભમાં યાદ આવે છે.

કૂડુ કૂડુ હેત જ કીધું એને તેં સાચું માની લીધું.
કાઢો રે કાઢો સહુ કહે જાણે જન્મ્યો જ નહોતો.
જ્યું શરીર સે ભિન્ન હૈ કપડા, ત્યું હે શરીર ભિન્ન જાનસે

ષષ્ઠી અશુચિ ભાવના: શરીર અપવિત્ર છે. મળમૂત્રની ખાણ છે. રોગ જરાને રહેવાનું ધામ છે. એ શરીરથી હું ન્યારો છું.

અશુચિ આ શરીર છે ત્હારું, વહે છે નવ જ્યાં નારુ.
તને કેમ લાગતું પ્યારું? રાચે જેમ વિટમાં કિટો. ૯.

સડન પડન અને ગલન એ પુદ્‌ગલરૂપી શરીરનો સ્વભાવ છે. જ્યાં નવ દ્વારોથી અશુચિ નીકળે છે તે છતાં શરીરનો અત્યંત મોહ છે. અહીંયા મલ્લિનાથ ભગવાનનું કથાનક યાદ આવે છે. એમનો છેલ્લો ભવ છે. રાજકુમારી તરીકેનો પાંચ યુવાન રાજપુત્રોને પોતે પૂતળીની અંદર અશુચિ બતાડી પ્રતિબોધ કરે છે અને સંયમગામી બનાવે છે. વળી, દુર્ગંધમય શરીરને સુગંધમય કરવું હોય તો સુગંધી દ્રવ્યોથી વિલેપન અને ધૂપ લેવો પડે તેમ અહીંયા પ્રભુની ધૂપપૂજાનું રૂપક મૂકી, દુર્ગંધથી સુગંધ, અશુચિથી શુચિ ભણી જવા માટે માર્ગદર્શન કર્યું છે.

કેશર બરાસ કપૂર કસ્તુરી, આદિ સંગ ધારા
જિણંદા પ્યારા શરીર સંગથી ત્યાગ સુગંધી, હોય દુર્ગંધ અનુકારા. ૧૦.

સપ્તમ આશ્રવ ભાવના: આત્મામાં કર્મનું શ્રવવું એટલે આશ્રવ. રાગદ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ ઇત્યાદિ સર્વ આશ્રવ છે.

રાજી રાજી રાજી થઈને રાજી, પાપ કરમથી લાજી થઈને રાજી
આશ્રવ ભાવના ભાજી થઈને રાજી, કર નર જીંદગી તાજી થઇને રાજી. ૧૧

આશ્રવ ભાવનામાં અંત્યાનુપ્રાસ અને યમક અલંકારને યુગપત યોજીને ગહનબોધ ઢાળમાં ઝલક મલક સાથે ગાયો છે. વિષયોમાં આસક્ત થઈ મનુષ્ય અને અન્ય પ્રાણીઓ મરણને શરણ થાય છે. મહાદુ:ખ પામે છે એટલે એ ઈન્દ્રિયોને વશમાં રાખો. સુભમ્ ચક્રવર્તી રાણીમાં આસક્ત બની ૭મી નરકે જાય છે.

મછ પતંગ મૃગ હાથી ભમરો એક એક વિષયના કાજી. ૧૨

પતંગિયું જ્યોત પર દીવાનગી કરતાં શહિદ થઈ જાય છે. મૃગ સંગીતમાં લયલીન બનતા શિકારીનો ભોગ બને છે. હાથી સ્પર્શનું સુખ પામવા જતા ખાડામાં પડી મહાવ્રતનો ગુલામ બને છે. માછલી રસનેન્દ્રિયથી આહાર લેવા જતા માછીની જાળમાં સપડાય છે. ભમરો ફૂલની સુગંધમાં આસક્ત બનતા ફૂલ બીડાઈ જાય છે. આમ પંચેન્દ્રિયના વિષયના કાજી ન બનતા સ્વમાં એટલે કે આત્મામાં રાજી બનો. પુષ્પથી પૂજા કરી, સમ્યક્‌ત્વને નિર્મળ કરો.

અષ્ટમ સંવર ભાવના: જ્ઞાન, ધ્યાનમાં જીવ પ્રવર્તમાન થઈ નવા કર્મ બાંધે નહિ એવી ચિંતવના કરવી.

સંવરમાં જ્ઞાનનો ભાસો; સંવર સર્વ પૂરશે આસો,
સંવરની ભાવના સાચી, દિલમાં જાય જો રાચી;
સરે કામ જેમ એલાચી; અષ્ટમ એ ભાવના ભાવો-૧૩.

મનુષ્યને ચાર ગતિમાં ભ્રમણા કરાવે છે 'કર્મ'. આ સિદ્ધાંતને સર્વોપરિ રાખીને અષ્ટકરમના રે ઝઘડા જીતવા આઠમા નંબર ઉપર સંવર ભાવના અને એમાંય વળી ખાસમ ખાસ એવી અષ્ટમંગલથી જ પૂજા કરવાની મૂકી.

સમિતિ પાંચ ત્રિ ગુપ્તિદાયક, આપે ધ્યાન અમંદ ।
પરિષહ બાવીશ મિલાવી, દશ યતિ-ધર્મ લહંદ. ૧૪.

સંવર ભાવનાનું પાલન પાંચ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ એવી અષ્ટપ્રવચન માતા (૧) ઈર્યાસમિતિ, (૨) ભાષા સમિતિ, (૩) એષણા સમિતિ, (૪) અદાન સમિતિ, નિક્ખેવણા સમિતિ, (૫) પારિષ્ઠાપનિકા સમિતિ મન ગુપ્તિ, વચન ગુપ્તિ, કાયગુપ્તિ એમ અષ્ટ પ્રવચન માતા પાલનપૂર્વક કરી શકાય છે. વળી બાવીસ પરિષહ સહન કરી અને દશ યતિધર્મને ઉજાળી શકાય.

નવમ નિર્જરા ભાવના: જ્ઞાન સહિત ક્રિયા કરવી. બાહ્ય અભ્યંતર તપનું આલંબન લઈ સકામ નિર્જરા રૂપ અશ્વ પર આરુઢ થવું.

तपसा निर्जरा च । ज्ञानक्रियाभ्यां मोक्ष।

તપશ્ચર્યા, સદા સેવો, મળે જેથી મોક્ષનો મેવો; બધા એથી બન્યા દેવો. ૧૫.

ખરેખર કર્મનું ખરવું, આતમથી નિર્જરા એ છે.

સમયે સમયે સાત કર્મોનો બંધ થાય છે. સમયે સમયે નિર્જરા થાય છે. જ્યાં સુધી ઉપયોગ મૂકી વ્રત, પચ્ચખાણ અને નિયમોની વાડમાં ન આવે ત્યાં સુધી અકામ નિર્જરા થાય જેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. મરુદેવા માતા જેમણે એકેન્દ્રિય એવા કેળના વૃક્ષના ભવમાં બાજુમાં રહેલા કંથેરના ઝાડના કાંટા સહન કરી અકામ નિર્જરા કરી, સકામ નિર્જરાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. પ્રભુ મહાવીરનો નંદનમુનિ તરીકેનો ભવ જેમાં તેમણે સંખ્યાબંધ માસક્ષમણ કરી કર્મોના ભુક્કા બોલાવી દીધા. વળી નિર્જરા માટે આલંબન છ પ્રકારના બાહ્ય છ અભ્યંતર તપનું લેવાય છે. (૧) અણસણ (૨)

મૂણો (૩) અરિઆ (૪) વૃત્તિ સંખેવણ રસચ્ચાઓ (૫) કાયકિલેશો (૬) સંલીણાય બજ્ઝોતવો કોઈ, બાહ્ય તપના છ પ્રકાર. અભ્યંતર તપ (૧) પ્રાયશ્ચિત (૨) વિણએ (૩) વૈયાવચ્ચમ (૪) તહેવસજ્ઝાવો (૫) ઝાણઉવસગવિયો કોઈ. અક્ષત પૂજા કરવાની કીધી છે. ધારાવાહી નિર્જરા માટે શુદ્ધ અખંડ અક્ષત.

દસમ લોકસ્વભાવ ભાવના: લોકની ઉત્પત્તિ, સ્થિતિ, વિનાશ એમ વિવિધ આયામોથી લોકનું સ્વરૂપ વિચારવું.

દર્પણમાં ભાવિ! આપણું રૂપ બધું દેખાય;
તેમજ જ્ઞાન આદર્શમાં, લોક સ્વરૂપ કળાય. ૧૬

લોક શું છે, કેવો છે એના માટે વલ્લભસૂરિજીએ ચૌદ રાજલોકની પૂજાની રચના કરી છે. કેડ (કમર) પર હાથ મુકીને પુરુષ હોય એવી લોક પુરુષની આકૃતિના પ્રતીક દ્વારા સમગ્ર ચઉદ રાજલોકનો પરિચય આપ્યો છે.

લોક-સ્વરુપ પ્રભુ સૂત્રમાં રે, પુરુષાકાર કહાય
તુમ આગમ આદર્શમાં રે, લોક-સ્વરૂપ નિહાલ. ૧૭

અહીંયા લોકસ્વભાવની પૂજામાં દર્પણ પૂજા મૂકી છે. જે ખૂબ જ યથોચિત છે. ઉપાધ્યાય યશોવિજયજી સ્તવનની કડીમાં કહે છેઃ મોટો ગજ દર્પણમાં આવે. મોટું એવું લોક દર્પણમાં પ્રતિબિંબિત થાય. અહીંયા દર્પણમાં બહારનું દર્પણ તો છે જ પણ સાથે સાથે અંદરનું આત્મારૂપી દર્પણમાં જેટલી સ્વચ્છતા થાય તો ચૌદ રાજલોક એમાં ઝળહળે. દર્પણ પૂજાના દુહામાં કહ્યું છે,

પ્રભુ દર્શન કરવા ભણી દર્પણ પૂજા વિશાળ,
આત્મદર્શનથી કરે હોય દર્શન તત્કાળ. ૧૮

લાઘવ શૈલીની અંદર જીવનું જે અભ્યંતર વિશ્વ છે. જેનામાં અનંતી શક્તિ ભરેલી છે. સ્વચ્છતા શક્તિના કારણે ચૌદે ચોદ લોક એમાં ત્રણે કાળની દ્રવ્ય, ગુણ પર્યાય એમાં પ્રતબિંબિત થાય છે.

એકાદશ બોધિ દુર્લભ ભાવના: ભવભ્રમણ કરતા જીવની સમ્યક્ત્વની ઉપલબ્ધિ ખૂબ દુર્લભ અને દુષ્કર છે. આ બોધિ દુર્લભની ભાવપૂજાને દ્રવ્યમાં નૈવેદ્ય પૂજા સાથે સાંકળી છે.

થાળ ભરી લઈ હાથમાં શુભ નૈવેદ્ય રસાલ
બોધિદુર્લભ ભાવતા, ટળે ભવ ભ્રમણજાલ. ૧૯

નૈવદ્યપૂજાના દુહામાં શબ્દો કંઈક આવા છેઃ

અણહારી પદ મેં કર્યા વિગ્ગહ ગઈ અનંત.
દૂર કરી તે દીજીયે અણહારી શિવ સંત.

વિગ્ગહ એટલે કે અનંતી વિગ્રહ ગતિઓ ગઈ, વિગ્રહ ગતિ જીવને એક ભવમાંથી બીજા ભવમાં જવા માટે જ હોય છે. વળી જન્મથી દરેક જીવને આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ–આ ચાર સંજ્ઞા હોય છે. નૈવદ્ય રૂપી દ્રવ્યપૂજા કરતાં અણહારી પદની માગણી કરી.

દુર્લભ દુનિયા છે. બોધિ, ગુણો લે આત્મના શોધી,
કરમનાં વેગને રોધી. ૨૦

બોધિની પ્રાપ્તિ માટે ઉપાદાનની યોગ્યતા કેળવવી પડે છે. જેમ જીવની ક્રમિક યાત્રાને આપણે ગુણસ્થાનક તરીકે ઓળખીએ છીએ. એમાં પ્રથમ મિથ્યાત્વ ગુણસ્થાનથી ચતુર્થ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનની યાત્રાનો પ્રારંભ થાય છે. તેમાં જીવને ઉપશમ સમકિત, ક્ષયોપશમ સમકિત અને ક્ષાયિક સમકિત. આ ત્રણેમાં પોતાના કર્મપુરુષાર્થથી આરૂઢ થવાનો મોકો મળે છે.

જેટલું સમ, સંવેગ, નિર્વેગ, અનુકંપા અને અસ્તિકયતાને પોતાના દૈનિક જીવનનો હિસ્સો બનાવે તેટલું દુર્લભ એવું બોધી તેને સુલભ થતું જાય. પરોપકાર, પરદુઃખભંજનતા, સમતા, જ્ઞાયકભાવ જેમ જેમ કેળવાતો જાય તેમ તેમ સમ્યક્ત્વની નિર્મળતા થતી જાય. અહીંયા ભદ્રબાહુ ગુરુ જે ઉવસગ્ગહરં મહાસ્તોત્રના રચયિતા છે તેમણે કરેલ સંઘમાં મરકી/મારીનું નિવારણ અને પરોપકરિતાના ગુણને ઐતિહાસિક ધરોહરમાંથી એક મોતી ટાંક્યું છે.

ભદ્રબાહુ, ગુરુ તુમ નામ ધારી, સકલ સંઘમાં મારી નિવારી. ૨૧

દ્વાદશ ધર્મ ભાવના: ધર્મના ઉપદેશક તથા શુદ્ધ સુશાસ્ત્રના બૌધક એવા ગુરુ અને એવું શ્રવણ મળવું દુર્લભ છે. ધૃ ધાતુ ઉપરથી આવેલો શબ્દ જે શબ્દનો અર્થ થાય છે (અસ્તિત્વ) ધરવું ગુણધર્મ ધર્મ શું છે? આનંદઘનજી અવધૂતયોગી છે તે પંદરમાં ધર્મનાથ ભગવાનના સ્તવનમાં પોતે ઉદ્ઘોષ કરે છે.

ધર્મ ધર્મ કરતો સહુ ફરે ધર્મનો ન જાણે મર્મ,
ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી કોઈ ન બાંધે હો કર્મ.

જૈન શાસનનો પાયાનો સિદ્ધાંત અનેકાંત અને એને પ્રરૂપવાની શૈલી તે સપ્તભંગી. આ યુગલને આશ્રયી પોતે સ્વાધ્યાય કરે, વાંચના, પૃચ્છના, પરાવર્તના અને અનુપ્રેક્ષા કરે તો બંધ અટકી જાય અને સ્વરૂપમાં સ્થિત થઈ જાય. સાચા ધર્મની ઓળખાણ થાય.

નયો રૂપ સાત આરાનું; ધરમ રૂપી જ્યાં ચક્ર છે;
ધરમ શુદ્ધ કથક અર્હન્, લક્ષણ સહસ અડ ભારે. ૨૨

આમ બાર ભાવનાની પૂજા બાર દ્રવ્યો દ્વારા કરતા બાહ્ય અભ્યંતર તપના બાર ભેદનો ચમકારો થઈ આત્મિક આનંદની અનુભૂતિ થાય છે. ✶✶✶

૩૦૧, રમન પન્ના, સુભાષ રોડ, વિલેપાર્લે (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૫૭.
Mob.: 9930495745.

સાત ચક્ર અને ભાવના

□ ડૉ. ચિંતનમુનિ મ. સા.

આંતરિક દૃષ્ટિએ જોઈએ તો ભાવનાનું સૂક્ષ્મ શરીર કે લિંગશરીર સાથે તાદાત્મ્ય જોવા મળે છે. બીજી રીતે કહીએ તો ભાવના એ મનુષ્યનું અવિભાજ્ય અંગ છે. ભાવનાને મનુષ્યથી પૃથક્ કરી શકાય એમ નથી, તેવી જ રીતે મનુષ્યનો વિચાર પણ ભાવનાથી પૃથક્ થઈ શકે તેમ નથી. ભાવનાઓ જ્યારે અચેતન મન સાથે જોડાયેલી હોય છે, ત્યારે જેમ ધ્યાનાવસ્થામાં ચક્રોની અનુભૂતિ થાય છે, તેવી જ રીતે સૂક્ષ્મ ભાવનાઓની પણ અનુભૂતિ થાય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો ધ્યાનમાં મુખ્યત્વે સાત ચક્રો મળે છે, જ્યારે કેટલીક પરંપરાઓમાં ૮ થી ૧૨ ચક્રોનો ઉલ્લેખ જોવા મળે છે. આમ ચક્રો પણ એક અથવા બીજી રીતે ભાવનાઓ સાથે સંલગ્ન છે, આથી ભાવનાઓને પણ હું ભાવનાચક્ર તરીકે વર્ણવું છું.

ધ્યાનની દૃષ્ટિએ જોતા મુખ્ય જે સાત ચક્રો છે તે આ પ્રમાણે છેઃ

(૧) મૂલાધાર ચક્ર :

આ ચક્ર ભાવના સાથે જોડાયેલું છે. અન્ય રીતે કહીએ તો ભાવનાનું ઉદ્‌ગમ સ્થાન મૂલાધાર ચક્ર છે. મૂલાધાર ચક્રનો રંગ લાલ છે અને તે પૃથ્વી સાથે જોડાયેલું છે. મૂલાધાર ચક્ર કરોડરજ્જુના મૂળમાં આવલું છે અને મનુષ્યજીવનના હોવાપણા સાથે તેનો સીધો સંબંધ છે.

જૈનદર્શને મુખ્યત્વે બાર ભાવનાઓ ઉપર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. તેના મૂળમાં પણ ભાવનાઓ મનુષ્યના આંતરિક તેમજ બાહ્ય જીવન સાથે સંકળાયેલી હોવાના કારણે વિશેષ ભાર મૂક્યો છે. અનાહત ચક્રના નીચેનાં ચક્રો એટલે કે મણિપુર ચક્ર, સ્વાધિષ્ઠાન ચક્ર અને મૂલાધાર ચક્ર સાથે મુખ્યત્વે અશુભ ભાવનાઓ જોડાયેલી છે.

જેમ મનુષ્ય અશુભ તરફથી શુભ તરફ પોતાનાં કર્મો દ્વારા પ્રગતિ કરે તેમ તેમ તે ઊર્ધ્વમુખી ભાવના-ચક્રો તરફ ગતિ કરે છે અને જ્યારે તે અંતિમ ચક્ર જેને આપણે સહસ્સાર ચક્ર કહીએ છીએ, તે તરફ પહોંચતાં ધ્યાનીને પોતાનું પણ ભાન રહેતું નથી. આ અવસ્થા સમાધિની કે ધ્યાનની સર્વોત્તમ અવસ્થા છે.

(૧) સ્વાધિષ્ઠાન ચક્ર :

તેનું સ્થાન મૂલાધાર ચક્રથી ઉપર અને નાભિ ચક્રથી નીચે છે. આ ચક્ર જલતત્ત્વ સાથે જોડાયેલું છે, અર્થાત્ (આ ચક્ર સાથે જલતત્ત્વ જોડાયેલું છે) જે તરલતા અને સ્નિગ્ધતાનું સૂચક છે.

મુખ્યત્વે મનુષ્યની તમામ પ્રકારની લાગણીઓ સાથે આ ચક્રને નિસ્બત છે. તમામ પ્રકારની અનિત્ય ભાવનાઓ જેવી કે લોભ, મોહ, આસક્તિ, કામ, ક્રોધ, આવેગ જેવી તમામ પ્રકારની અશુભ ભાવનાઓ આ સાથે જોડાયેલી છે. સાધકે આ ચક્રને પાર કરીને ઊર્ધ્વગતિ કરી નાભિચક્ર તરફ પ્રયાણ કરવાનું છે અને ત્યારે જ મનુષ્ય તમામ પ્રકારની અનિત્ય ભાવનાઓથી પર એવી નિત્ય ભાવનાઓ વિશે વિચારી ઊર્ધ્વગમન કરી શકે. સ્વાધિષ્ઠાન ચક્રનો રંગ કેસરી છે.

(૩) મણિપુર ચક્ર : (નાભિ ચક્ર)

મણિપુર ચક્રનો રંગ પીળો છે. આ ચક્રનું સ્થાન સેક્સ ચક્રથી ઉપર અને અનાહત ચક્ર કે હૃદયચક્રથી નીચું હોય છે. આ ચક્ર સાથે અગ્નિતત્ત્વ અથવા તેજ તત્ત્વ જોડાયેલું છે. તેનું સ્થાન નાભિ ઉપર આવેલું છે અને મુખ્યત્વે સત્તા અને ઈચ્છાશક્તિ સાથે સંબંધ ધરાવે છે. મણિપુર ચક્ર સુધી તમામ પ્રકારની અશુભ ભાવનાઓ સીમિત રહે છે. આ અશુભ ભાવનાઓ પરથી શુભ ભાવનાઓ તરફ ઊર્ધ્વગતિ કરતાં જે ચક્ર આવે છે તેને અનાહત ચક્ર કહે છે.

(૪) અનાહત ચક્ર :

આ ચક્રનો રંગ લીલો છે અને તે વાયુ તત્ત્વ સાથે જોડાયેલું છે. આનું સ્થાન હૃદયમાં આવેલું છે અને તે સંતુલન તેમ જ પ્રેમ સાથે જોડાયેલું છે. તમામ પ્રકારનાં અન્ય ચક્રો સાથે સંતુલન સાધવાનું કામ અનાહત ચક્રનું છે. ભાવના ચક્રની વાત કરીએ તો તમામ પ્રકારની શુભ તેમજ અશુભ ભાવનાઓ વચ્ચે સંતુલન સાધવાનું કાર્ય અનાહત ચક્રનું છે. માત્ર નશ્વરની જ વાત નહીં, પરંતુ શાશ્વતની વાત અને ભાવનાઓને ઊર્ધ્વમુખી બનાવી ક્રાઉન ચક્ર સુધી પહોંચાડવા માટે તમામ સંતુલનની ક્રિયા અનાહત ચક્ર દ્વારા જ થાય છે.

(૫) વિશુદ્ધિ ચક્ર :

વિશુદ્ધિ ચક્રનું સ્થાન કંઠ છે અને તેને શબ્દ-તત્ત્વ સાથે અથવા વાક્‌તત્ત્વ સાથે સંબંધ છે. આ ચક્રનો રંગ નીલો છે. વિશુદ્ધનો અર્થ જ સંપૂર્ણ પવિત્ર થાય છે. તેનો વાદળ રંગ શાંતિનો દ્યોતક છે. આ ચક્રને સર્જનશક્તિ અને પ્રત્યાયન જેવી ક્રિયાઓ સાથે સંબંધ છે.

(૬) આજ્ઞા ચક્ર :

આજ્ઞા ચક્રનું સ્થાન ભ્રકૂટીમાં છે અને તે તેજ તત્ત્વ સાથે જોડાયેલું છે. આ ચક્રના રંગ વાદળી છે. આ ચક્રમાંથી કલ્પનાશક્તિ અને અંતસ્ફુરણાની ભાવનાઓ ઉદ્‌ભવે છે. માણસની આંતરિક

શક્તિ, ઇચ્છાબળ તેમજ સકારાત્મક અભિગમ આ ચક્રમાંથી નિષ્પન્ન થાય છે.

(૭) સહસ્સાર ચક્ર :

હજાર પટલોથી મંડિત એવું સહસ્સાર ચક્રનું સ્થાન મસ્તિષ્ક પર આવેલું છે, જેનો ચિંતનતત્ત્વ સાથે સંબંધ છે. આ ચક્રમાંથી જ્ઞાન, ડહાપણ અને પરમાર્થિક જ્ઞાન નિષ્પન્ન થાય છે.

(૧) મૂલાધાર ચક્ર: ભૌતિકતાનું સ્તર
(૨) સ્વાધિષ્ઠાન ચક્ર: લાગણીઓનું સ્તર
(૩) નાભિ ચક્ર: બૌદ્ધિક અથવા માનસિક સ્તર
(૪) હૃદય ચક્ર: દૈહિક સ્તર
(૫) વિશુદ્ધિ ચક્ર: આધિભૌતિક સ્તર
(૬) આજ્ઞા ચક્ર: ત્રિનૈત્રીય સ્તર
(૭) સહસ્સાર ચક્ર: પરમાર્થિક સ્તર

આ સપ્ત ભાવનાચક્ર પછી અનુક્રમે ૮-૯-૧૦-૧૧-૧૨ ચક્રો દેહ કે દુનિયાથી પર છે. જેમાં કોઈ પણ જાતના ભૌતિક તત્ત્વનો કે સંબંધોનો સમાવેશ થતો નથી. આ પંચભાવના ચક્રો આભામંડળથી પાર આધિદૈવિક, આધિભૌતિક કે પરમાર્થિક સત્તા સૂચવતાં ભાવના ચક્રો છે. તમામ પ્રકારની શુભ ભાવનાઓનું તે ઉદ્‌ગમ સ્થાન છે. આ ભાવના ચક્રો બાદ કોઈ પણ જાતનાં બંધનો રહેતાં નથી. જ્યાં માત્ર દિવ્ય આનંદ કે પરમાનંદ, વિશુદ્ધ પ્રકારનો પરમાત્માનો આનંદ પ્રસરેલો છે તેવાં આ ભાવના ચક્રો અતિ સૂક્ષ્મ પ્રકારનાં છે.



શતાવધાની રત્નચંદ્રજી મહારાજ તેઓશ્રીના 'ભાવનાશતક'માં શુભ પ્રકારની નિત્ય તેમજ એકત્વ ભાવનાઓ વર્ણવે છે, તેમાં પાંચ ચક્રોની વાત આડકતરી રીતે રજૂ થયેલી જોવા મળે છે. મનુષ્ય જેમ તેની વિચારશક્તિને ઊર્ધ્વમુખી બનાવે છે, તેમ તે અશુભથી શુભ તરફ, નાશવંતથી શાશ્વત તરફ, આર્થિકથી પરમાર્થિક તરફ અને ભૌતિકતાથી આધ્યાત્મિકતા તરફ ઊર્ધ્વગમન કરી શકે છે.

ભાવનાઓના ચિંતન-મનન અને રોજિંદા જીવનમાં તેના આચરણથી મનુષ્યજીવન સર્વાંગ સુગંધિત બને છે. માનવી જુદા જુદા પ્રકારની વ્યાધિઓથી ગ્રસ્ત હોય છે. આ તમામ વ્યાધિઓના મૂળમાં ભાવનાચક્રોનું અસંતુલન જ જવાબદાર છે. જેમ પ્રકૃતિ ગુણગ્રાહી છે, જેમાં સત્ત્વ, રજસ્ અને તમસ્ – એમ ત્રણ ગુણો સંતુલનથી જળવાઈ રહે, તો પ્રકૃતિમાં શાંતિ તેમજ સૌહાર્દ જળવાઈ રહે છે, તેવી જ રીતે ભાવના-ચક્રનો સંતુલનો દ્વારા મનુષ્યની તેમ જ સામાજિક જીવનની વ્યાધિઓને દૂર કરી શકાય છે.

✷ ✷ ✷

THE SEEKER'S DIARY

VAIRAGYA – BAR BHAVNAS

Vairaagya can be roughly translated in English as dispassion, detachment and renunciation from both pain and pleasures of the world. One sees the objects, person, or event as it is and not with any reaction or effect of it upon oneself.

And this ' Going Within' when all we have ever done for infinite lifetimes is roamed wildly. Outside...is a super difficult proposition which required immense focus and hardwork and most importantly an able guide in a *Sadguru* – someone who has walked this path and knows the ups and downs and the pits and shortcuts to hold our hand and motivate, direct and at times push and punish too.

Many confuse *vairagya* as a state where one has renounced their home, business, loved ones, some food item or moved on to an ashram or a far off place where there is no one – but that might not be vairagya – that's merely renunciation.

Pujyashri Rakeshbhai's given example comes to my mind which helped me to understand this concept – inculcating the concept is not something that I have even come close to even begin.

A child grows up attached to its rubber suckle. The Mother gives it to the child to keep the child quiet. The child sucks upon it constantly and continuously. If someone tries to take it off the child cries until its given back to him. The child sucks on it and is actually getting no nutrition or nourishment and on the contrary he is tiring his own mouth and muscle. Not only that he is becoming so attached to it that it cannot live without it. Even in his sleep he sucks upon it. For him – the suckle is his life.

However once the same child reaches adulthood and if someone wans to offer him the same suckle – would he take it? No. Because he has outgrown this. He now has the right gnyaan that the suckle is of no use to him and therefore he doesn't like it or dislike it since he doesn't relate to it anymore. This is vairagya – state of no feeling – not of repression or suppression, which will eventually lead to depression.

This is where a constant and continuous thinking deeply of, pondering, reflecting and studying the 12 *Bhavnas* or states could truly assist us in developing this state of *Vairagya* from the world which our Masters have and are experiencing leading ultimately to moksha.

The first is

Anitya Bhavna: Nothing is permanent and everything has an end.

No matter how beautiful or youthful we are, it will pass.

No matter how much wealth and fame we acquire, we will have to leave it and go.

No matter how much we love our family, friends, objects, we will have to part .

ParamKripaluDevShrimadRAJCHANDRAJi's most heart tugging lines sum it:

Vidyut Lakshmi, Prabhutapatang

Aayushya a to, jalnaTarang

Purandarichaapanang rang...

Shun raachiyetyan, kshan no prasang...

It gives me goosebumps every time I think of these lines and it instantly makes me aware of the fleetingness of the moment, fleetingness of any of life's experience then how can I be so entrenched into anything at all knowing that it is so temporary and non lasting.

2) **Asharan Bhavna – No other person can help us. We are alone in living as per own karma**

In the time of death, illness, any kind of mental physical pain one can not get shelter from anyone, no matter how much our loved ones wish to and desire to and are willing to yet we have to bear our own karmas. No matter how much powerful one is people cannot protect you from your own pleasure or pain. So where does our arrogance of wealth and power come from? Why do we walk in life and do things thinking we are going to remain immortal.That money or fame or even goodness can protect us from suffering and death.

3) **Sansar Bhavna – The purposelessness of repeated and innumerable life cycles**

I have been wandering in and out of this life – death cycle for infinite years / lives. Do I wish to continue within this unending roller coaster of being born and

die or do I want to come out of it and stay put in my permanent and ever joyful state which is the Soul. To constantly getting back one's attention to the profound truth of this thought that do we just wish to be thrown into varied births or take charge and cut the umbilical chord for once and for all with this life and death cycle.

4) **Ekatva Bhavna – Realising ourself as the soul**

We are completely and utterly alone always. No matter how much we wish to comfort others or someone wants to take our pain away, someone wants to help us or protect us from illness and death, no one can take away our share of punya and paap, our share of pain and pleasure. We are akhand, avinaashi, shuddh and all knowing poorna soul while we get stuck in our roles feeling exactly opposite of this leading to all the problems we face from people, situation or objects.

5) **Anyatva Bhavna - Realising ourself as the soul and not the role**

This body, this house, this husband / wife / child none of them are me. This very identification is not me... This youth, this state of being is not me. A false misconception that we are the projection of our own mind or someone else's and not even realizing who or what we are. And this misconception makes us hold on to things outside of our permanent soul to temporary things and pine for them. So the constant studying and recalling that this is not me will some day internaliseus within this belief.

6)**Ashuchi Bhavna – Seeing the worthlessness of all that we pride upon**

ParamKripaluDevShrimadRajchandraji's heart touching and thought provoking couplet

"Khaanmootra ne mal ne, rogjara nu nivas nu sthan,
Kaayaevigani ne, maantyaji ne karsaarthakaam."

Beauty is literally skin deep. Below the skin is flesh, blood, veins, marrow, urine, vomit, stools and what not. If one goes beyond the skin there is nothing to like forget love below. We see with our eyes and see on the surface and this hair thin beauty possesses us so much that it's the reason for our raag'sdvesh and vaasna. What about ageing? How are we so intoxicated and blind that we forget that scratch the surface, and death and disease and so much junk is there just behind this body, and how do we get so attached to it, Remembering this constantly and being alert to our temporariness by keeping in mind an expiry date, we will be less likely to get so embroiled in the cravings and aversions, in lust and love and hate, in the temporary pleasures and pain.

7)**Aashrav Bhavna – Protect the within**

Aho Jain Dharam! for giving such words, concepts to us and making us even think in this way.

Aashrav are the doors. Guard the doors to protect the within. Paap, or entry points for anger, lust, pride, manipulations, greed.

PujyaGurudevshriRakeshBhai had recently in a discourse mentioned that the technique is to locate and find and cut our 'dosh' in the bud stage because if we left unchecked, it will grow on to possess and control us then it would be difficult and impossible to break even if we tried. He had given the example of a plane which is proceeding towards the runway – it is easier to stop. However once it has gained momentum and is on the runway in full speed then its impossible to stop without casualty.

So basically when we realise that we are faltering, getting attracted to a par stri, or finding a short cut to amass wealth, or giving in to our murderous rage and anger, if we can just take a step back, and not open the doors by crossing maryadas (boundaries).

8)**Sanvar Bhavna – Clean and purify within**

આર્થિક સહાય માટે આ વર્ષે

'શ્રી દત્ત આશ્રમ જૈન સેવા ટ્રસ્ટ–ખેરગામ'ની

પસંદગી કરેલ છે.

૧૯૮૫ થી અત્યાર સુધી ગુજરાતની ૩૧ સંસ્થાઓને
રૂા. ૫,૪૫,૧૧,૭૬૪નું અનુદાન પહોંચાડ્યું છે.

શ્રી દત્ત આશ્રમ જૈન સેવા ટ્રસ્ટને આર્થિક

સહાય કરવા દાતાઓને નમ્ર વિનંતિ.

Aashrav is liken to not letting the dust come in the house by shutting the doors and windows. Sanvar is cleaning the dust already present inside the house. What a beautiful state of conviction, devotion and determination. This is the 'No matter what State' – there are no minutest cracks, or slight openings. The alertness and the awareness of this bhavna is complete. Here no temptation can lure you, no weakness can weaknen you. It is a decision and a path that you fiercely guard and walk on without any distractions or deviations.

9) **Nirjara Bhavna – Complete previous karmas with sahajta**

After staying in the states of the above eight and shutting all doors to sin, this state is the easy effortless state of Nirjara. The state where one is doing the actions and is part of the play but is not involved. There is action but no reaction.

A state where we are not getting into sticky muck, where we are not leaving any unfinished business, where our log books of life have no more entries. Only a deep meditative state completing past unfinished karmas yet not getting involved with them and creating a new one.

10) **LokSwaroop Bhavna – Our position and importance in this universe.**

To reflect and grasp the mechanisms of this universe, human beings, animals, plants and trees, the gods and godesses, heaven and hell. Among the billions and zillions of life forms and vast unending universe to actually think about this will make us come closer to the realization of how really miniscule we are in this whole universe and how much we believe the opposite. We feel that the universe starts and ends with us. This will make us realize that we are nothing in the large equation of this world.

11) **BodhiDurlabh Bhavna – the rarity of coming across the right teachings**

In this great vast and endless universe where we exist along with zillions of souls – forget that – billions of human beings – forget even that – thousands of people around us, we actually have the great fortune to come across this samyakgnyan is a miracle. We could have been not there at the right place time or moment and miss this knowledge and would have continued to languish aimlessly in this continuous life and death cycle. To get the true spiritual path, the opportune moments is rarer than the most rarest of jewels. The sheer blessing that we are atleast able to listen to this and able to have a chance to grasp this if we wish is so rare by itself.

12) **Dharma Durlabh Bhavna – Inclination towards Dharma.**

PujyashriRakeshbhai had explained – *Manushya Bhav* is d*urlabh*. In this durlabhbhav to get satsang is even atidurlabh and to have ruchi (interest) in satsang is rarest of rare. What we are reading now, these words, thoughts, the presence of great saints and Masters, these Scriptures are all extremely precious and rare to come by. Just look around us- there are millions of people who will not even have a chance to read or think this way because they don't have these concepts. We are so blessed, to have this absolute once in many lifetime opportunity. We don't know when again or if ever again so why not now truly embrace this knowledge, this wisdom and make our human life *saarthak*, make it worthwhile.

The above are not linear stages which one follows one step at a time. One can begin by taking any and all at once and working on increasing one's vairagya through these means constantly on daily basis.

The subject of 12 Bhavana's is very deep and only a samyakgnyaani can propound on this. I write this article by bowing down and offering micchhamidukkkadam – If I have myself or lead anyone to say, think or act anyway that in any way is with *avinay* or *ashadana* then I seek forgiveness from my Dev Guru.

Reshma Jain
The Narrators
Email :
reshma.jain7@gmail.com

'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.
'પ્રબુદ્ધ જીવન'ના ખાસ અંક માટેના સૌજન્યનું અનુદાન રૂપિયા ચાલીસ હજાર છે.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

TWELVE BHAVNA ...A ROUTE TO AN ENLIGHTENMENT!!

❑ PRACHI DHANVANT SHAH

"Bhavna" the word itself articulates its meaning. - Reflections or Contemplations. That is, one's action and expression through his thought process. Or to put it, in other words, it's just not the action what matters but the thought process and the intentions behind this action that matters the most. There are no boundaries and limits to our thoughts. Our thoughts can encompass a swirl of emotions within oneself. We may feel happy, angry, sad, jealous etc., and how we react to these passions is what leads to our karma.

Jain philosophy puts emphasis on this thought process through twelve bhavnas in order to attain enlightenment and purify our soul. And when the path to illumination is flaunted in front of us, which is not so grim to follow, then why not be strongminded and pursue it? As it is known that karma philosophy is a key protagonistin Jainism, and in order to indulge with the minimum karmic cycle, these bhavnas if practiced superlatively, a route to enlightenment is not incomprehensible.

It is believed in Jainism that pure thoughts lead to the pure soul, and if your soul is pure, you would surely spearhead spiritual enlightenment. One of the ways to this is by implementing twelve bhavna within oneself. Understanding the same in its true essence through meditation and irrevocably persuing them in our day to day life. Precisely, welcome virtuous contemplations to our soul and discard obnoxious thoughts from within oneself.

Bequeathed with the platform, I would like to express my views on ***Anitya Bhavna…..***

Anitya bhavna explains that nothing is permanent in this world. In spite of the universe being eternal, each and everything on this earth has an expiry date and will perish. The only thing that is enduring is our soul and our spirit. So ***Anitya bhavna*** reflects the fact that we need to thrive to keep our soul and spirit uncontaminated and beautiful without worrying much about other materialistic objects including our body.

Every happiness that you experience has an end and so does every bereavement has. Hence it is not ideal to feel extremely contented when you are rewarded with any materialistic resource, and at the same time, mourning over a loss is not veracious too. The same is applicable to a body. Our soul who is an invitee to our body is perpetual, but the body in which this soul resides will perish one day. One day, this body will stop functioning and will succumb. We tend to forget this fact and land up clinging to things that are transitory, which are bound to change and perish one day. We overlook the mere verity that our spirit is the only veracity that is permanent. And during this process, we land up entering karmic cycle and be bonded to bad karma.

On the same note, allow me to express my own experience. I presume, it might not be much appropriate to put my heart talks herewith through Prabhudh Jeevan and for the same, please forgive me if I surpass your valued time.

The loss of my father four months back was the transient phase of my life. When I was made aware of the fact that he is no more alive and will never be physically present around us, it was like my world came to an end. I was blank and I felt my life was not worth living anymore. I felt like a loser and incomplete without him. At that point of time, my mind was not just ready to acknowledge this datum of life. The reflection of ***Anitya bhavna*** did not appeal me at that time. I knew he had to go one day. I knew his soul had to leave his body one day, but when it happened on one alarming day, my cognizance was just not ready to swallow the truth. But there was no escape. I had no choice nonetheless to accept it eventually. I kept struggling with my mind and heart, and finally, yearning of ***Anitya Bhavna*** subjugated my struggling soul. Had I pursued this reflection of ***Anitya Bhavna*** earlier with meticulous contemplation, dealing with this situation of my life would have been much tranquil.

Hence ***Anitya Bhavna*** can be practiced by

constantly telling oneself that change is the universal rule and clinging to changing modes is certainly an ignorant act and leashes to a deleterious karmic cycle.

Relatively, when all the twelve bhavnas are perpetually incorporated into our cognizance, our soul, the path to serenity is certain! The true kernel of Jainism lies within oneself. The tangible practice of Jainism is through our heart and soul.

Hence veritable essence of Jainism can be practiced by keeping our thoughts (***bhavna***) pure, unsullied and unmixed. So during these devout days of ***Paryushan***, besides fasting and performing all the indispensable rituals, let us not forget to discipline the twelve bhavna of Jainism…and propel ourselves to spearhead on this route to enlightenment!

"Your beliefs become your thoughts,
Your thoughts become your words,
Your words become your actions,
Your actions become your habits,
Your habits become your values,
Your values become your destiny."

– ***Mahatma Gandhi***

49, Woodave, Edison, N.J-08820. U.S.A.
(+1-917-582-5643)

પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો

રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

ક્રમ	પુસ્તકના નામ	કિંમત રૂા.
	ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિતગ્રંથો	
૧	જૈન ધર્મ દર્શન	૨૨૦
૨	જૈન આચાર દર્શન	૨૪૦
૩	ચરિત્ર દર્શન	૨૨૦
૪	સાહિત્ય દર્શન	૩૨૦
૫	પ્રવાસ દર્શન	૨૬૦
૬	શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ	૩૨૦
૭	જ્ઞાનસાર	૧૦૦
૮	જિન વચન	૨૫૦
૯	જિન તત્ત્વ ભાગ-૧ થી ૯	૫૪૦
૧૦	વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩	૫૦
૧૧	વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ)	૨૫૦
૧૨	પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩	૫૦૦
૧૩	સાંપ્રત સહચિંતન ભાગ-૧૬	૧૮૦
૧૪	પ્રબુદ્ધ ચરણે	૧૦૦
૧૫.	આપણા તીર્થંકરો	૧૦૦
૧૬.	સંસ્કૃત નાટકોની કથા ભા. ૧.	૧૦૦
	ડૉ. કલાબેન શાહ લિખિત	
૧૭.	ચંદ્ર રાજાનો રાસ	૧૦૦
	ડૉ. રશ્મિ ભેદા લિખિત	
૧૮.	અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની	૨૫૦
	ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત	
૧૯.	જૈન પૂજા સાહિત્ય	૧૬૦
	ડૉ. રેખા વોરા લિખિત	
૨૦.	આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ	૨૮૦
	ડૉ. રમેશભાઈ લાલન લિખિત	
૨૧.	જૈન દંડ નીતિ	૨૮૦
	સુરેશ ગાલા લિખિત	
૨૨.	મરમનો મલક	૨૫૦
૨૩.	નવપદની ઓળી	૫૦
	ઈલા દીપક મહેતા સંપાદિત	
૨૪.	**સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ	૩૫૦
	ડૉ. કે. બી. શાહ લિખિત	
૨૫.	જૈન કથા વિશ્વ	૨૦૦
	ડૉ. કલાબેન શાહ સંપાદિત	
	ડૉ. ધનવંત શાહ લિખિત	
૨૬.	વિચાર મંથન	૧૮૦
૨૭.	વિચાર નવનીત	૧૮૦
	આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત	
૨૮.	જૈન ધર્મ	૭૦
૨૯.	ભગવાન મહાવીરની આગમવાણી	૪૦
૩૦.	જૈન સજ્ઝાય અને મર્મ	૭૦
૩૧.	પ્રભાવના	૧૨
૩૨.	સુખ તમારી પ્રતિક્ષા કરે છે	૩૯
૩૩.	મેરુથીયે મોટા	૧૦૦
	ડૉ. કુમારપાળ દેસાઈ કૃત	
૩૪.	અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન	૩૦૦
	પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિજી સંપાદિત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વર રચિત	
૩૫.	શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન	૩૫૦
	નવાં પ્રકાશનો	
	સુરેશ ગાલા લિખિત	
૪૧.	ભગવદ્ ગીતા અને જૈન ધર્મ	૧૫૦
	ગીતા જૈન લિખિત રમજાન હસણિયા સંપાદિત	
૪૧.	રવમાં નીરવતા	૧૨૫
	પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત	
૪૧.	પંથે પંથે પાથેય	૧૨૫

ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.
રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

TWELVE BHAVANA (Reflections or Anupreksas)

☐ Prof. Dr. Kokila Hemchand Shah

`Anityasharanasamsariktvanyatvaschuchyasrasamvara nirjaralokabothidurlabhabhadharmasvathyatattvanuhintmanupresksa.' (T. S. 9.7)

अनित्याशरणसंसारकत्वान्यत्वाशुच्यास्त्रनसंवरनि:र्जरा।
लोकबोधिदुर्लभधर्मस्वाख्यातत्त्वानुचिंतनमनुप्रेक्षा।।
(तत्त्वार्थ सूत्र ९७)

Jainism is a system of philosophy, a religion and a way of life. It is a spiritual tradition par execellence. Jaina concept of anupreksa or Bhavana is unique. The Jaina perspective of Twelve Bhavana is based on the teachings of Mahavira who himself had practised this type of meditation and became an omniscient.

Bhavana means deep reflection. The twelve Bhavanas are reflections on fundamental facts of life. They prepare ground for meditation on the nature of things as they are. They are described or essential factors in the process of auspious meditation.

Bhavanas are known as Anupreksas. The tern Anupreksa means to think repeatedly, to contemplate. In early Jain texts, Anupreksa is connected with scriptural study as well as with reflection and doctrine of salvation. Goal of liberation can be achieved by Bhavanas as the entire teaching of Jainsm is condensed in it. It is contemplative meditation which consists in contemplating upon twelve themes like transitory nature of things, refugelessness, nature of mundan objects, separateness of the soul from the body and the like for the attainment of equanimity. Acharya Hemchandra recommends these reflections for the attainment of equanimity and nonattachment. According to Kartikeya, anupreksa means reflection on the right principles. The doctrine of Twelve Bhavanas is a powerful instrument for eradicating passions.

Exposition of Twelve Bhavanas

1. Anitya Bhavana-

Reflection on the impermanent character of all phenomena - things is Anitya Bhavana. Everything is transient. It is subject to change and decline. The bodies as well as the objects of pleasure of senses are transient like bubbles. Association with loved ones, wealth, property, youth or in fact, existence itself is impermanent. Acharya Kundakunda says - `All that originates is destroyed invariably. Nothing lasts for ever. That which is of the world will be destroyed invariably like bubble of water, beauty of a rainbow, flash of lightening and coloured clouds.' Umaswati says - `Wealth and riches are short-lived like lightening in the sky which perishes. The same thought is presented by Rajcandraji when he says - `Vidhuta laxmi, Prabhuta patanga...' When everything is impermanent what is the use of getting attached to them ! Hemcandracarya in his Yogassastra says - `That which is seen in the morning is not seen at noon, that which is seen in noon is not seen at night.'

2. Asarana Bhavana

The second Anupreksa consists in reflection upon the truth that in the world beset with miseries, there is no refuge except the Dharma-teachings of the great Jina. All living beings are utterly helpless in the face of death. The wealth obtained after the great struggle does not come with us at the time of death. In the presence of death everything becomes powerless. No one can provide protection at the time of old age, disease and death. One must reflect upon this fact and work out one's salvation. The soul is its own saviour ultimately. Hence one should take refuge in the religion preached by omniscients. There is no resort except the word of great Jina. The fact of asarana is illustrated by the interesting simile in Jain text. Just as there is no escape for the young one of a deer pounched upon by hungry tiger, similarly, there is no escape for the living beings from old age, disease and death.

3. Samsara Bhavana

It is contemplation on the nature of Samsara, that is, soul's transmigration in worldly existence which is full of sufferings. The miserable course of existence–in flux–is samsara. The Jaina texts usually enumerate these four states of existence (gati) –namely, gods, humans, animals and beings–which are surrounded by misery–(Devata, Manusya, Tiryaka and Naraka)–samsara in where the beings suffer is nothing but suffering. According to Jaina view, Samsara is the process of leaving one body and embracing another body by the soul accroding to Karmas. Wandering across the cycle of births and deaths, one assumes different forms of relationship such as father, son & so on being forced by technology of Karmas.

4. Ekatva Bgavana

The fourth Bhavana is contemplation on solitariness in which one reflects upon the solitary nature of soul. The soul is all alone while being born and departs alone when he dies. Even this body will not accompany the soul at he time of death. Thus this

reflecton consists of repeated meditation on the themes such as nobody partakes of disease, old age, suffering, death etc. Whatever fruition of karmas one has bound has to be endured by oneself. No one else accompanies an individual soul in its course of traversing across millions of embodied existences. The soul transmigrates alone. One has, therefore, to act alone for permanent happiness without depending upon others. Jain monk Anathimuni got initiated by thinking this that every soul is ultimately utterly lonely is the theme of this Anupreksha.

5. Anyatva Bhavana

The fifth bhavana is Anyatva Anupreksa. It is contemplation on distinctness of soul from body. Soul and body are separate and fundamentally different. Soul is consciousness while body is matter (Ajiva). Soul is without origin and without end. By nature, it is pure and endowed with infinite power and knowledge. Body is material, unconscious, is transitory and subject to change and decay. Soul does not perish upon a death of a living being while body does. The concept of distinctness implies that one should meditate on this Bhavana by thinking that one's own soul is separate from other objects or living beings of the world. The soul therefore should not develop attachment for worldly objects and his own body. It is said in Kartikeya Anupreksa that all other individuals, relations of father, mother etc. are not of soul. When we realize this disctinction, we will attain peace of mind and genuine happiness.

6. Asuchi Bhavana

It is reflecton on impurity of body. One should reflect upon the impure–filthy nature of the body. Body is a storage of filthy things like blood, stool, urine ect. Most attractive body is also full of dirt and filth inside. The body is home to various waste products. No amount of bathing and cleaning can give the body a lasting purity. Jain literature describes impurity of body and recommends its worthlessness. Therefore one should have no attechment for such body. Body should just be considered as a vehicle for spiritual progress one should meditate or this bhavana by thinkig about the constituent elements of one's body.

7. Asrava Bhavana

Reflection on influx of Karma

One should contemplate upon the causes of influx of karma. Asrava Bhava consists in repeated reflection upon the nature of Asrava – the inflow of karma. The causes such as wrong belief (Mithyatva), Vowlessness (Avirati), Spiritual carelessness (Pramod), Passions (Kasayas), and activities of body, speech and mind (Yoga) that create inflow of karmas should be discarded. This reflection develops self control. Influx of Karma, leads to bondage.

8. Samvaranupreksa

Samvara Bhavana is the eighth Bhavana which is contemplation on the stoppage of the influx of Karma. Samvara means blocking of the inflow of the Karmas. One must contemplate on Samiti, Gupti, Yati-Dharma etc. for stoppage of the entry of Karma. The term Samvara covers the whole of Jaina Ethics. It is the `way of self-restraint.' The process of influx of new Karma by the self is obstructed by the conscious ethical effort and it is of great importance for stopping of the bondage of Karmas.

9. **Nirjara Bhavana**

It is the ninth Bhavana which consists in repeated reflection of shedding Karma from the soul. One must think of the benefit produced from each of the twelve kinds of Tapas internal and external, austerities which lead to Nirjara. When karmic particles are shed by the soul after fruition it is Akaam Nirjara. Intentional shedding off karma is Skaam Nirjara which is brought about through the practice of penance such as fasting, meditation etc. mere stoppage of karma is not enough. Already accumulated karmas are to be eradicated. Reflection on Nirjara Bhavana inspires the spiritual aspirant to annihilate the seeds of wordly existance & leads one on the path of liberation.

10. Lokswarup Bhavana

It is the tenth Bhavana – contemplation on the nature of the universe. One should meditate about the real nature of universe. Judging from the standpoint of substance it is eternal but from the standpoint of modificaton it is transitory. This thought makes us to understand the true nature of reality & existence. Universe is not created. It is beginningless and eternal. It is self-existent.

11. Bodhidurlabh Bhavana

It means rarity or difficulty in attaining enlightenment. One should contemplate how difficult it is to attain Right belief, Samyakdarsan. According to Jain tradition, souls are wandering aimlessly in four destinies (gatis) without right belief, one cannot begin the process of liberating the soul from worldly misery. It is difficult to attain Right knowledge. In the first place one should know that human birth is extremly rare. Only humans have the ability to attain enlightenment.

12. Dharma Bhavana

It is reflection on the well expounded theory of religion. One Should conptemplate on the greatness and glory of Dharma–Righteousness propounded by

(Continued on Page 145)

PRAMOD BHAVANA

☐ Sangita Bipin Shah

Introduction :

The FOUR PARA BHAVANAS, also termed as Anusandhana (conjoining) Bhavana or Yoga Bhavana are directed at the external behaviour towards the others; unlike 12 Anupreksha which are directed inwards-towards the self.

Para-bhavanas bridge the gap between the spiritually developing self and the world. These bhavanas serve as a connection to the soul.

Maitri (Friendliness), Pramod/Mudita (appreciation/adoration of virtues), Karuna (compassion) and Madhyastha (equanimity/indifference) propunded by the Jain saints have a direct impact on the behaviour of humans in relation to other living beings. Adoption of these reflections culminate into constructive conduct of humans towards all life forms.

The second in the line of four *Para-bhavanas* supreme reflections) after *Maitri* and before *Karuna* and *Madhyastha*, *Pramod Bhavana* in an antidote to jealousy and pride, the devastating extension of Raag-Dvesh (attachment-aversion).

Jealousy is an emotion erupting from the basic tendency to possess which in turn is influenced by greed one of the last but most gripping of the four *Kasaya*. The non acceptance of the fact that others possess and `I don't', again is influenced by pride or ego the second *Kasaya* which gives rise to anger and deceit.

The world is not devoid of either – the virtues and the vices. Virtues are virtues and vices are vices. They will remain in this world of existence. They are universal. These are also recognized as *Punya-paap*, good-bad, auspicious-inauspicious *bhavas* and activities.

Otherwise self-and conceit for others will lead to hypocrisy. This would steer away the person from progress in spirituality dragging down into a deep pit of delusion, a state that would drastically increase cycles of birth-death.

Pramod, a state of experience of earnest joy and zeal for those who possess higher and superior qualities is a measure of spiritual maturation. Whenever one comes across virtuous persons, one should sincerely respect, honour, and admire thier virtues.

Human nature is such that it engulfs oneself in the fire of pride and jealousy even towards the sucess of near and dear ones. The flames of this fire result in cheating, lying, and hurting others. The extinguisher of this fire here is the *Pramod bhavana*. If one learns to identify and praise virtues in others it leaves no room for pride, jealousy and conceit.

Pramod Bhavana in the scriptures is conceptualized with a primary objective of cognizing the supreme virtues of Shri Jineshwara Bhagwan. Shri Vinayvijayji in Shri Shant Sudharas granth further accomodates categories of renounciated monks, the worthy house-holders, women folk, the mithyatvi (non-believers), aminals and even the non-living in cognition of virtues keeping in accordance with the scriptural concept and interpretation.

Shri Tirthankara Bhagwan

Jain religion emphasizes on virtues and not individuals. It is more of a `virtue-glorifying' path rather than `individual praising' path. The foremost revered `Namaskara Mahamantra' is nothing but paying obeisance to the virtues in Arihant, Siddha, Acharya, Upadhyaya and Sadhu. No names are given in this prayer. It marks only worship of virtues and not individuals.

Tirthankars are role models. All the virtues that they possessed have to emerge in us. The first step towards achieving those virtues is their acknoweldgement and veneration.

They are divine abodes of virtues which are the right faith, the right knowledge, the right conduct, and the right penance. These should be praised with highest possible honour and respect to Tirthankars who showed the path of liberation.

धन्यास्ते वीतरागः क्षपकपथतिक्षिणकर्मोपरागा-
स्त्रैलोक्ये गन्धनागाः सहजमुदित... नजाग्रद्विरागाः ।
अध्यारुह्यात्मशुद्ध्या सकलशशिकलानिर्मलध्यानधारा-
मारान्मुक्त्वेः प्रपन्नाकृत सुकृतशतोपार्जितर्हन्त्योलक्ष्मीम् ।।१।।

Fortunate are the Vitraag who like a Gandhnaag of the three worlds have annihilated the attachment from karmas by ascending the sequence of Khshpak (the 14 step measure of liberation), who have witnessed the stimulation of the conscious abstinence through acquisition of knowledge in the natural course. They are the ones who have been endowed with the boon of Arihant hood and have acquired a place very close to liberation after accomplishing ample good deeds through purification of soul medi-

tating in purest of thoughts as radiants as that fo full moon.

Arihanta and Siddha are `Jitaksha' – those who have conquered their five sense based inclination. They have infinite virtues but of them seven are to be primarily revered as described in Shri Shant Sudharas. *(1) Vitraarga Bhava, (2) Destruction of Karmas, (3) Sahaja Vairagya, (4) Nirmala Dhyandhara, (5) Atma Shuddhi, (6) Arhantya Laxmi and (7) Muktipad in prapti.* Except *Arhantya laxmi* all the other six are related to the internal prosperity. [1]

Abundant virtues emerge on annihilation of the *Ghati* Karmas. These virtues are unparallel and cannot be compared with any living or non-living being. The awakening of virtues result in infinite faith (*darshana*), infinite knowledge, infinite conduct and infinite energy. No amount how so ever these virtues are praised or Glorified they are never complete. [2]

Singing praises of these virtues require all the connected faculties of human biology. Every virtue that is praised finds its abode in the worshiper. The more virtues are praised the more is the impact on the devotee. Glorification of virtues is a sure short way to inculcate the same virtues in oneself. [3]

The Tirthankars are embodiment of the virtues and the virtuous. Both merge into one. Someone may ask -- is it the virtues or the virtuous we veneer? The answer is that at one point both of them converge. No differentiation remains between the virtues and the virtuous. The valuation of virtues and virtuous do not remain independent of each other. Veneration of the virtuous and the virtues both serve the same purpose, achievement of *Samyaktva*.

Also, if one looks through the Jaina metaphysical lens one realizes that qualities and substance are not different.

गुणपर्यायवद् द्रव्यम् ।।३७।।

The dravya (substance or matter) is that which comprises qualities and modes. (Tattvartha Sutra gatha 37 of fifth chapter)

Qualities are not different from *dravya*. A substance is recognized because of its qualities. These qualities may vary according to its *paryaya* (mode) but still they are inherent in a substance.

Thus, the worship has to be that of both the virtuous and the virtues of the *Sarvjna* (omniscient). But it has to be remembered that it is the virtues that makes a person virtuous. Nobody can be termed virtuous in the absence of virtues.

Awakening of vitues lead to liberation and thus for a spiritually inclined being the spiritual journey is to attain Siddha hood. This can be achieved through the means of Pramod Bhavana because veneration of virtues is like magnet.

The Nirgranthas (monks)

निर्गन्थास्तेऽपि धन्या गिरिगहनगुहागह्वारान्तनिर्विष्टा,
धर्मध्यानवधानाः समरससुहिताः पक्षमासोपवासाः ।
येऽन्येऽपि %९९नवंतः श्रुतविततधियो दत्तधर्मोपदेशा,
शान्ता शान्ता जिताक्षा जगति जिनपतेः शासनम् भासयन्तिः ।।३।।

The Nirgranthas (monks) who may be utilising their upayoga in the confluence of dharmadhyan atop a mountain, deserted woods, in the caves or deep forests and other uninhabited areas, who are immersed in equanimity, who are fasting for 15 days and beyond are worthy. (gatha 3 of Pramod Bhavana from Shant Sudharas).

Those monks who are knowledgeable, who have sharp intellect because of scriptural studies, who are giving sermons of the true Dharma, those are at peace, suppressor and conqueror of the five senses and who are glorifying the reign of Jineshwara Bhagawan are also eually worthy of praise).

Nirgrantha means the one who is devoid of any granthi (i.e. free of knots or lumps of blockages hindering spiritual growth). Those who have renounced all kinds of mundane attachments are also called Nirgranths.

The great sages who have embraced qualities of strict renunciation, mortification and tranquility are the fortunate ones deserving high respect and are worthy of being praised. Their virtues should be cherished and tributes should be paid because such nirgranthas are the role models to be emulated

The Worthy Śrāvakas (Lay-men)

दानं शिलं तपो ये विद्धति गृहिणो भावनां भावयन्ति,
धर्म धन्याश्चतुर्या श्रुतसमुपचितश्रद्धायाऽऽराधयन्ति।
साध्व्यः श्राद्ध्यश्च धन्याः श्रुतविशदधिया शीलमुद्भावयन्त्य-
स्तान सर्वान मुक्तगर्वाः प्रतिदिननमसकृद् भान्यभाजः स्तुवन्ति ।।४।।

The gruhasthas (house-holder) who are knowledge driven faith hloders performing the four kinds of Dharma by being charitable, chaste and pious, indulging in Tapa (penance) and basking in the Bhāvanas are the fortunate folks. The Sādhvis (nuns) and Shrāvikas (women) who embellish piousness through chaste intellect are propitious. Modest fortunate persons sing praises of the worthy household-

ers every day (Gatha No. 4, of Shant Sudharas-pramod bhavana)

Four types of Dharma (pious duties) are described in the scriptures. These are Dān (charity), Shila (chastity), Tapa (penance) and Bhāva (positive mental and emotional inclinations/assertions).

Charity includes abhaydān (grant freedom from fear), supātradān (donations to the worthy), anukampādān (donation to the needy) etc and many others. Shila or chasity can either be in totality or by practicing restriction. Chastity in totality is practicing celibacy while censuring sexual activities limited to only the lawfully wedded spouse is practicing restriction.

Tapa includes penitence and abstinence with an aim to destruct the karmas and purify one's soul. It also includes the 12 vratas, limited vows for the house-holders.

Bhavas are inclinations of mind towards obtaining knowledge, devotion, achieving bliss, criticism of the samsar (the worldly life) etc for oneself as well as others.

The house-holders who adhere to these four dharmas by donating huge sums (in kind included) for the cause of benefit of the reilgion and its followers, who do not even glance at other women except the lawful spouse, practice penance and abdication and who regularly are immersed in the positive inclinations are fortunate.

Such sadhvis and house-holders should be admired and praised. People who praise such sadhvis and house-holder men and women display their modesty and interest in the virtues. Adoration leads to attraction which ultimately lends benefits to a perrson for spiritual advancement.

Mithyatvi (False faith holders)

मिथ्यादशामप्युपकारसारं, संतोषसत्यादिगुणप्रसारम्।
वदान्यतावैनयिकप्रकारं, मार्गानुसारीत्यनुमोदयान।।५।।

We also praise those who do not have the right faith but have the prime virtues such as propitiousness, truthfulness, contentment, generosity, politeness, restraint of sorts etc. because they are on th right path (Marganusari). (Gatha 5 from pramod chapter of shant Sudharas).

Those who possess the virtue are commendable and worthy of respect even when they do not understand the broad principles of Jain religion and are not yet progressing spiritually. Actual admirers of virtues are never confined by the narrow boundries of sects and sub-sects.

They adore the contenment when they see in others. They are overwhelmed by the truthfulness and become joyous when they see generosity in others. True admirers applaud politeness irrespective of caste and creed.

Though only a few are mentioned in the shloka, scriptures detail 35 qualities of a person who traverse the right path. Honesty, fairness and justness are among the prime virtues recognized by the scriptures. All these virtues are worthy of acclamation.

Patience, kindness, compassion and poise also appeal to the hearts and such attributes always spread happiness in their surroundings. Endurance, fortitude and self-restraint also attract attention. Religion is never a barrier to recognize such dispositions.

Conclusion

Jaina canons stipulate that soul goes through transmigration of births and deaths in broadly four categories of existence. Deva, Manushya, Tiryancha and Naraka because of the Karma principle. This cycle goes on till one accumulates enough Punya Karma to be reborn as a human and achieve liberation in that birth.

Veil of karmas do not allow a being to remember all his previous births. Just as there is mother, father and other relatives, freinds, associates in the present birth so would there be in the previous births of human and animal kingdom . (relatives are non-existent in the dev and narak lives).

There may be a strong possibility that the kith and kin of this birth may be different from other births. Family and friends of those births may re-emerge as adversaries in the present birth. Permutation and combination of all the fellow beings differ from one another depending on the karmas that are attached to a beings.

The only way to annihilate karmas is nullifying them either through Tapa or natural way. Annihilation of karma can happen when they rise to give the fruits (good or bad) and once the fruits ripen and are enjoyed they fall off. Another way is to prematurely force the karmas to shed away through conscious penance. However, penance should be with a view to obtain Moksha and not worldly benefits.

Pramod Bhavana can easily be classified under category of Tapa in a subtle manner. Tapa means going against the instinct. Appreciation of virtues in

others require a strong effort to overcome the existent pride and ego. The second most important Kasay–Maan can be crushed with the inculcation of Pramod Bhavana.

Normally, humans tend to appreciate others only when they find affectionate affiliation. Ego and pride are larger when beings move beyond their immediate circle. The tendency to be critical increases when self interest comes to the fore with more distant beings. If one assumes that these very distant beings may have been mother, father, spouse, childen or relatives in the previous birth immediately the hostility subsides and appreciation emerges because hostility and appreciation are two sides of the same coin.

Practicing Pramod Bhavana attracts uchcha gotra karma (getting birth in a noble/royal family). Socially if one evaluates, people born in noble families enjoy the entailing benefits and conducive surroundings to undertake the efforts for achieving liberation.

Pramod Bhavana stands second in the line of four bhavanas. It becomes significant if looked at it from the descending order.

Those who are happy when they see virtues in others increase their patience and forbearance leading to decline in volatility of emotional surges. Such a person embarks on the journey of peace forever bringing him closer to salvation. The journey thus marks from a being (mundane) to becoming (vitraag).

Bibliography :

(a) [1] to [7] ...1938 January, Motichand Girdharlal Kapadia, Shri Shant Sudharas of Vinayvijayji, Jain Dharma Prasaraka Sabha, Bhavnagar.

(b) 2003, Panyas, Dr. Arunvijayji Ganivarya Maharaj, Bhavana Bhav Nashini, Shree Mahaveer Researh Foundation.

(c) 2012, Commentry by Dhirajlal Mehta, Tattvarthadhigam Sutra of Shri Umaswati, Jain Dharma Prasan Trust Surat.

(d) 1991, Commentary by Monila Shirishbhai Vakhariya, Tattvartha Sutra of Shri Umaswami, Veer Vidya Sangh, Ahmedabad.

(e) 1977, Jnanarnava of Shri Shubhcandraji, Jain Sanskruti Sanrakshan Sangh, Solapur

(f) 2014, Shri Uttardhyayan Sutra, PM Foundation Trust, Rajkot.

(g) 2003, Shri Vijay Kesarsurishwarji, Yoga Shashtra of Shri Hemcandracarya, Shri Mukticandra Shraman Aradhana Trust, Palitana.

TWELVE BHAVNAS (Reflections or Anupreksas)

(Continued from page 141)

Jina. It is Dharma which leads individual to the ultimate goal. One should know true nature and essence of religion or Dharma. Dharma is the true nature of a thing. It is non-violence. It consists of three jewels -- Right faith, Right knowledge and right conduct. Dharma rescues souls from lower states of existence. It helps individuals to attain the supreme state of omniscience. Religion consists of ten-fold virtues like forgivness, humility, penance, chastity renunciation, straightfor- wardness etc. The auspicious path of Dharma propounded by Jina's who have conquered their passions enables the soul to cross the ocean of worldly existence. Meditation Dharma Bhavana is reflection on power & attributes of Dharma.

Four Supplementary Bhavana

Besides the twelve Bhavanas described above, Jainism has laid great importance on the four suplementary Bhavanas. These four Bhavanas are supporting twelve Bhavanas and shape our attitude & outlook towards the world. These four Bhavanas are defined in Tattvartha Sutra as : (ch.VII verse 6).

`Maitri-Pramoda-Karunya-madhyasthyani,
ca sattva-gunadhika-klissyamana vineyesu.'

It means friendship to all beings, sentient or nonsentient in general a feeling of gladness in relation to those superior to oneself in merits, a feeling of compassion for those in misery, a feeling of neutrality in relation to those who in an idiot-like fashion are unworthy of instructon. Four Bhavanss thus are-

1. Freindliness (mairtri)
2. Appreciation of Merits (Pramoda)
3. Compassion (Karuna)
4. Equanimity (Madhyastha)

These four supplementry Bhavans are precribed by Jain Acharyas : Chitrabhanuji as described them in his immortal Song-`Maitribhavanu Pavitra Zaranu'... which runs a follows :

`May the sacred stream of amity flow forever... May the universe prosper... May my heart sing with ecstasy at the sight of the virtuous-My the compassion flow from my heart... May the spirt of good will enter all our hearts.'

In the end, these Bhavanas have great moral and spiritual significance. They are like the flight of steps to climb up the palace of release ✷ ✷ ✷

THE STORY OF MALLINATHA

The nineteenth Tirthankara Mallinatha was a female according to Svetambara and male as per Digambara canons. Her life and preaching is a very good example of explaining *Ashuchi-bhavana*. Our body is full of unwanted wastage material so we must concentrate only on our soul (atma). Thus she clarified the necessity of meditation on pure soul which leads to salvation.

Mallinatha was born as Rajkumari at Mithila in Bharatksetra. Her parents King Kumbha and Queen Padmavati were very happy to receive the charming beautiful child. Devas and Indras took her to Merushikhara for Abhisheka after giving Avasvapini-nidra to her mother. All celestial beings celebrated her birth. She earned Tirthankara-nama-karma after severe austerity performed in last birth. The story of her last birth is very interesting.

In previous birth, Mallinath was a king named Mahabal ruling in Veetashoka region of Jambudvipa. King Mahabal had six childhood friends, all were very close and doing everything together without hiding from one another. Once all friends went to hear sermons of a well-known Jain Acharya. They realised that the world is full of misery and pain so renounced the world and became ascetics. All friends started performing severe austerities and meditation. Mahabal had extreme wish to free all living beings from pain and misery. This wish lead him to acquisition of Tirthankara-nama-karma. Sometimes he observed longer austerities without knowledge of his friends. This secrecy followed with the binding of karma, would cause him to take birth as a female. All friends including Mahabal continued performing austerities throughout their lives and attained heavenly abode. After completing celestial life span all friends were born as Rajkumaras except Mahabal's jiva who became a Rajkumari named Malli.

Malli, the Rajkumari grew up to be a very attractive girl and his six friends became powerful kings of Hastinapur, Ayodhya, Champa, Kashi, Kampilyapur and Shravasti respectively.These six kings(previous birth's six friends) heard about the beauty of the Mallikumari and decided to marry her. Mallikumari was observing penance and austerity to reach Moksa in that life. While meditating on *paramatma* she came to know the reason behind above kings' will. She recollected past life and recognised her friends. She wanted to make them free from the cycle of birth-death and attain moksa, so invited them. She thought of a plan, accordingly she made very appropriate statue of herself and kept it open from top. The maid servant was advised by her to put little food daily inside the statue. That food became rotten and spread foul smell when opened.

Now Malli called her friends. All entered the drawing room from different doors and were shocked to see the charming Mallikumari statue as it was looking real. Malli entered the hall secretly and open the top cover of the statue. The whole room was smelling dirty. Now, she explained to them the difference between body and soul. Our body is made up of blood, flesh bones, etc. which is mortal while our soul is immortal. The human life is very important as one attains *moksa* in the same *Manushya-gati* only. She elucidated that they were friends in previous births and why she was born as a female. All friends were convinced with her explanation, performed meditation and became Siddha. Mallikumari took diksa and destroyed her*ghati-karma* in a very short period and received kevaljnana. She attains liberation at Sametshikhara.

Though Mallinatha was a female Jina as per Svetambara tradition, her image is carved as other Jinas because Tirthankara images represent the qualities of Arihanta not their physical bodies. Though one of her image from 10th century with feminine features is found in U. P. now in Lucknow Museum.

* * *

'પ્રબુદ્ધ જીવન' કોર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો

The Nineteenth Tirthankara Mallinatha Prabhu

- By Dr. Renuka Porwal, Mob.: 098218 77327

King Kumbha and Queen Padmavati were very happy to receive the charming child Malli. Devas and Indras took her to Meru-shikhara for Abhisheka.

In previous birth, Mallinath was a King Mahabal having six close friends, who became ascetics together. Mahabal's extreme wish to free all Jivas from sufferings caused in binding Tirthankara-nam-karma. But performing secret austerities from friends resulted in female birth in future life.

In next birth six friends were born as Rajkumaras while Mahabal's jiva as Malli. To show them transitory life, she commissioned her own statue with a hole on the top. Daily a servant put food inside. She called her friends through separate doors. Malli secretly opened the top cover resulting in foul smell. She explained that our body is made up of blood, bones, etc. which is mortal but our soul is immortal and could attain moksa.

Mallikumari renounced the world and received kevaljnana. She attained liberation at Sametshikhara.



Licence to post Without Pre-Payment No. MR/TECH/WPP-36/SOUTH/2016, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month o Regd. No. MCS/147/2016-18

સેવન્તીલાલ કાંતિલાલ ટ્રસ્ટ આયોજિત પર્યુષણ વ્યાખ્યાનમાળા - ૨૦૧૬

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી પ્રત્યેક વર્ષે યોજાતી વ્યાખ્યાનમાળા આ વર્ષે ૮૨મા વર્ષમાં પ્રવેશે છે

સોમવાર તા. ૨૯-૮-૨૦૧૬ થી સોમવાર તા. ૫-૯-૨૦૧૬ સુધી રોજના બે વ્યાખ્યાનો

સ્થળ : પાટકર હૉલ, ન્યૂ મરીન લાઇન્સ, મુંબઈ-૪૦૦ ૦૨૦

પ્રથમ વ્યાખ્યાન : સવારે ૮.૩૦ થી ૯.૧૫, દ્વિતીય વ્યાખ્યાન : સવારે ૯.૩૦ થી ૧૦.૧૫.

પ્રમુખ : નીતિન સોનાવાલા

દિવસ	તારીખ	સમય	વ્યાખ્યાતાનું નામ	વિષય
સોમવાર	૨૯-૮-૨૦૧૬	૮.૩૦ થી ૯.૧૫	ડૉ. કુમારપાળ દેસાઇ	પર્યુષણને પ્રેમપત્ર
		૯.૩૦ થી ૧૦.૧૫	શ્રીમતી શૈલજાબહેન શાહ	ભયથી અભય
મંગળવાર	૩૦-૮-૨૦૧૬	૮.૩૦ થી ૯.૧૫	સુરેશ ગાલા	શાંત સુધારસ: આત્મ સાધનાની દૃષ્ટિએ
		૯.૩૦ થી ૧૦.૧૫	સોનલ પરીખ	મહાત્મા ગાંધીના એકાદશ વ્રત અને જૈન ફિલોસોફી
બુધવાર	૩૧/૮/૨૦૧૬	૮.૩૦ થી ૯.૧૫	ભારતીબેન મહેતા	પરમ ભદ્રંકર શ્રી નવકાર
		૯.૩૦ થી ૧૦.૧૫	ડૉ. છાયાબહેન પી. શાહ	શબ્દો બન્યા શિલાલેખ
ગુરૂવાર	૧/૯/૨૦૧૬	૮.૩૦ થી ૯.૧૫	ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની	અહિંસા–ગઈકાલે અને આજે
		૯.૩૦ થી ૧૦.૧૫	ભાવેશ ભાટિયા	ઋણાનુબંધ મુક્તિનો અવકાશ
શુક્રવાર	૨/૯/૨૦૧૬	૮.૩૦ થી ૯.૧૫	ડૉ. સર્વેશ વોરા	ઉવસગ્ગહરમ્ સ્તોત્ર: મંત્ર અને તંત્ર
		૯.૩૦ થી ૧૦.૧૫	ડૉ. રમજાન હસણિયા	સાધકનું સંકલ્પ સૂત્ર: જયવીયરાય સૂત્ર
શનિવાર	૩/૯/૨૦૧૬	૮.૩૦ થી ૯.૧૫	યદુનાથજી	ભક્તિની શક્તિ
		૯.૩૦ થી ૧૦.૧૫	ડૉ. નરેશ વેદ	ગુરૂત્વાકર્ષણ વિરૂધ્ધ ઉર્ધ્વાકર્ષણ
રવિવાર	૪/૯/૨૦૧૬	૮.૩૦ થી ૯.૧૫	ભાગ્યેશ જહા	સ્થિતપ્રજ્ઞતાના અને જૈન ચિંતન
		૯.૩૦ થી ૧૦.૧૫	પુરૂસોત્તમ રૂપાલા	રાષ્ટ્રની એક્તામાં ધર્મનો ફાળો
સોમવાર	૫/૯/૨૦૧૬	૮.૩૦ થી ૯.૧૫	ડૉ. સેજલ શાહ	નથી હું મારામાં તો ક્યાંથી આવું પ્રભુ તારામાં..
		૯.૩૦ થી ૧૦.૧૫	રાહુલ જોશી	નમુંથ્થણ પર સંગીતમય રજુઆત

સંચાલન : ડૉ. અભય દોશી

ભક્તિ સંગીત : સવારે ૭-૩૦ થી ૮-૧૫. સંચાલન : નીરૂબેન એસ. શાહ અને ડૉ. રેણુકા પોરવાલ

ભક્તિ સંગીત રજૂ કરશે : અનુક્રમે ૧. શ્રીમતી શર્મિલા શાહ, ૨. શ્રીમતી ઉષા ગોસલીયા, ૩. શ્રીમતી કાનન કોટેચા, ૪. શ્રીમતી અલ્પા કોઠારી, ૫. શ્રીમતી કૈલાસ ઠક્કર, ૬. શ્રીમતી વિપુલા શાહ, ૭. શ્રી ગૌતમ કામત (૮) શ્રીમતી જાહનવી શ્રીમાનકર.

પ્રત્યેક દિવસના બન્ને વ્યાખ્યાતાઓ તેમજ ભક્તિ સંગીતનું પ્રસારણ યુ ટ્યુબ ઉપર **શ્રી ધવલ ગાંધી** દ્વારા બીજા દિવસે ઉપલબ્ધ થશે.

સંપર્ક: શ્રી ધવલ ગાંધી મો. નં. ૯૦૦૪૮૪૮૩૨૯.

યુ ટયુબના સૌજન્ય દાતા શ્રી પીયૂષભાઈ કોઠારી છે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, સમાજ અને સાહિત્યના સંવર્ધન માટે અનેકવિધ પ્રવૃત્તિ કરે છે. અનાજ રાહત ફંડ, પ્રબુદ્ધ જીવન નિધિ ફંડ, સ્કોલરશીપ ફંડ, જેવા અનેક કાર્યો માટે આર્થિક ઉપાર્જન આવશ્યક છે. પર્યુષણ પર્વના દિવસોમાં સંઘને સધ્ધર બનાવવા અને કાર્યોને વેગ આપવા માટે દાતાઓને નમ્ર વિનંતી છે

ઉપરોક્ત સર્વ વ્યાખ્યાનો અને ભક્તિ સંગીત સંસ્થાની વેબ સાઈટ પર www.mumbai-jainyuvaksangh.com આપ સાંભળી શકશો.

સંપર્ક : હિતેશ માયાણી-મો. નં. ૯૮૨૦૩૪૭૯૯૦.

આ વ્યાખ્યાનોનો લાભ લેવા સંઘના સર્વ શુભેચ્છકો અને મિત્રોને ભાવભર્યું નિમંત્રણ છે.

જગદીપ જવેરી	નીતિન સોનાવાલા	ચંદ્રકાંત ડી. શાહ	નીરૂબેન એસ. શાહ	વર્ષાબેન શાહ
કોષાધ્યક્ષ	ઉપપ્રમુખ	પ્રમુખ	મંત્રી	સહમંત્રી

To,

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor: Sejal M. Shah.